Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુખસાગર ગ્રંથમાળા પુષ્પ ૪

પરમપૂજ્ય યોગનિષ્ઠ બુદ્ધિસાગર સૂરીશ્વરજી વિરચિત :-

# પ્રેમ ગીતા

[ ગુર્જર ભાષા બદ્ધ બુદ્ધિપ્રકાશ વિવરણ સહિતા ]



: વિવરણકાર :

પ. પૂ. આચાર્યદેવ ઋદ્ધિસાગર સૂરીશ્વરજી મહારાજસાહેબ

શ્રી રામ પ્રિ. પ્રેસ, ૪૭૦૧/A, ભદ્ર, અમદાવાદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**શ્રી સુખસાગર ગ્રન્થમાળા પુષ્પ ચોથું**

પરમપૂજ્ય યોગનિષ્ઠ બુદ્ધિસાગરસૂરીશ્વર વિરચિત

# પ્રેમગીતા

[ ગુર્જરભાષાબદ્ધ બુદ્ધિપ્રકાશ વિવરણ સહિતા ]

વિવરણકારઃ
**પ. પૂ. આચાર્ય ઋદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

સંપાદકઃ
**પંડિત મફતલાલ ઝવેરચંદ**
ખેતરપાળની પોળ–અમદાવાદ.

**પ્રકાશકઃ**
શ્રી બુદ્ધિસાગરસૂરિ જૈન જ્ઞાનમંદિર તરફથી
**શા ભોગીલાલ અમથાલાલ વખારીયા.**
મુઃ વિજાપુર

બુદ્ધિ સંવત ૨૧ વીર સં. ૨૪૭૮
વિ. સંવત ૨૦૦૭ સને ૧૯૫૧

**કિંમત રૂા. ૪–૦–૦**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુદ્રક:- પંડિત મફતલાલ ઝવેરચંદ, નથન પ્રીન્ટીંગ પ્રેસ,
ઠે. ઢીંકવાની વાડી, ફરનાન્ડીઝ પુલ નીચે–અમદાવાદ.

## આ ગ્રંથમાં સહાય કરનાર ભાઈઓની શુભ


## ના મા વ લી.

१०००) પાટણનિવાસી શ્રી વાડીલાલ કેવલચંદના પુત્રવધુ બેન જીવીબાઇ તરફથી
४००) મુંબઈનિવાસી શેઠ જગજીવનદાસ પ્રાગજીભાઇ (મુનિરાજશ્રી જયસાગરજીના સ્મરણાર્થે) શ્રી મુળજીભાઇ તથા તુલસીભાઇ તરફથી.
२५०) માણસાનિવાસી શેઠશ્રી વાડીલાલ દોલતરામ તરફથી. હઃ ભાઇશ્રી મુળચંદભાઇ તથા મણિલાલભાઇ તથા ભોગીલાલભાઇ.
२५०) શ્રી મહેસાણા જૈન સંઘ તરફથી હઃ હઠીભાઇ.
२००) સાધ્વીશ્રી અમૃતશ્રીજીની પ્રેરણાથી.
१००) સાલડીનિવાસી વાડીલાલ મંછારામભાઇએ પોતાની પુત્રીના દીક્ષા પ્રસંગે યોગબિંદુની ૨૫ બુકો લઇને સાધુઓને ભેટ કરી.
१००) સાલડીનિવાસી નથુભાઈ તરફથી યોગબિંદુની ૨૫ બુકો લઇ સાધુસાધ્વીને ભેટ કરી.
१००) સાલડીનિવાસી શા દેવચંદભાઈ જેઠાભાઇ તરફથી.
१००) કંથારવીના સંઘ તરફથી હઃ પ્રેમચંદ શેઠ
६३) શ્રી જયપ્રભાશ્રીની દીક્ષા પ્રસંગે.
५०) સાલડીનિવાસી શા મૂળચંદ અમથારામ તરફથી.
५०) સાધ્વીશ્રી હિમ્મતશ્રીની પ્રેરણાથી.
५०) સાધ્વીશ્રી જયપ્રભાશ્રીની પ્રેરણાથી.
५०) લાંઘણુજ શ્રીસંઘ તરફથી હઃ વીસાભાઇ.
२८) વિજાપુરના શેઠ કેશવલાલ તરફથી.
२५) લાંઘણુજનિવાસી શેઠ ખોડીદાસ છગનલાલ તરફથી.

પ્રાપ્તિસ્થાન:
વિજાપુર બુદ્ધિસાગરસૂરિ જૈન જ્ઞાનમંદિર
વિજાપુર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાસ્ત્રવિશારદ યોગનિષ્ઠ જૈનાચાર્ય ૧૦૮ ગ્રંથપ્રણેતા

## શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ

**જન્મ:**
વિક્રમ સંવત ૧૯૩૦ માહા વદિ ૧૪, વિજાપુર

**દીક્ષા:**
વિક્રમ સંવત ૧૯૫૭ માગસર સુદિ ૬, પાલનપુર


**આચાર્યપદ:**
વિક્રમ સંવત ૧૯૭૦ માગશર સુદિ ૧૫, પેથાપુર

**નિર્વાણ:**
વિક્રમ સંવત ૧૯૮૧ જેઠ વદિ ૩, વિજાપુર

દીપક પ્રિન્ટરી · અમદાવાદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ. પૂ. આચાર્યદેવ ઋદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

જન્મ : વિ. સં. ૧૯૪૧, વૈશાખ વદી ૧૩, વઢવાણ    દીક્ષા : વિ. સં. ૧૯૬૪, મહા વદી ૬, લોદ્રા

વડીદીક્ષા : વિ સં. ૧૯૬૪, વૈશાખ વદી ૬, ઊંઝા    ગણિપદ તથા પંન્યાસપદ : વિ. સં. ૧૯૭૯, આસો વદ ૬ જામનગર

આચાર્યપદ : વિ. સં. ૧૯૯૦, મહા વદી ૬, ઇંદ્રોડા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમર્પણ

सर्वविश्वैकसाम्राज्यं शुद्धप्रेम्णा प्रवर्त्तते
यस्याग्रे कालचक्रस्य भयं किञ्चिन्न वर्त्तते

**પરમપૂજ્ય પ્રાતઃસ્મરણીય પરમ તપસ્વી ગુરુદેવ પં. રવિસાગરજી ગણિવર**
**પરમપૂજ્ય મહાભદ્રિક ચારિત્ર ચૂડામણિ ગુરુદેવ પં. સુખસાગરજી ગણિવર**
**પરમપૂજ્ય યોગનિષ્ઠ જ્ઞાનદિવાકર ૧૫૦ ગ્રંથ પ્રણેતા ગુરુદેવ બુદ્ધિસાગર, સૂરીશ્વરજી મહારાજ**

તપ ક્રિયા અને જ્ઞાનથી જૈન શાસનની પ્રભાવના કરનાર તથા જગતના તમામ જીવો ઉપર 'आत्मवत् सर्वभूतेषु' ની ભાવના રૂપ ગુરૂત્રયીને પ્રેમના સ્વરૂપને પૂર્ણપણે દેખાડનાર આ પ્રેમગીતા ગ્રંથ બુદ્ધિપ્રકાશ વિવરણ સહિત પૂજ્ય ગુરૂદેવોના પવિત્ર ચરણારવિંદમાં સપ્રેમ ભક્તિવડે

**સમર્પણ કરૂં છું.**

સદ્ગુરુદેવના ચરણકમળનો દાસ
**ઋદ્ધિસાગર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્ર સ્તા વ ના

'પ્રેમગીતા' શબ્દ સાંભળતાં આ જૈન ગ્રંથ કયો અને કોણે રચ્યો તે જાણવા સ્હેજે વાંચક લલચાય તેમ છે કારણકે જૈનોમાં કલ્પસૂત્ર બ્રાહ્મણોમાં ગીતા અને મુસલમાનોમાં કુરાન તેમના ધર્મગ્રંથ તરીકે અતિપ્રસિદ્ધ ગ્રંથો છે. આ ગીતા શબ્દથી ઉલ્લેખિત પ્રેમગીતા જૈન ગ્રંથ કયાંથી આવ્યો? કયારે રચાયો? તે જાણવા સ્હેજે વાંચક ઉત્સુક બને તેમ છે.

આ ગ્રંથના રચયિતા યોગનિષ્ઠ બુદ્ધિસાગરસૂરીશ્વરજી યોગ અને ગ્રંથ પ્રણયનમાં આ કાળમાં અપૂર્વ સ્થાન ધરાવે છે. તેમણે તેમના જીવનકાળમાં લગભગ ૧૫૦ ગ્રંથો રચ્યા હતા. જે પ્રસિદ્ધ થઇ ગયા છે અને હજી અમુદ્રિત પણ તેમના બનાવેલા ઘણા ગ્રંથો છે. યોગની સિદ્ધિ તરીકે તો વર્તમાન કાળમાં તેમનું સ્થાન અગ્રગણ્ય ગણાય છે. યોગ એ ચિંતવન કે રટણ દ્વારા આત્મામાં નૈસર્ગિક ક્રિયા લાવે છે. ગીતા એ પણ એક રટણનો પર્યાયવાચક શબ્દ છે.

આ પ્રેમગીતામાં ગ્રંથકારે એકજ વાતનું જોરશોરથી ઉચ્ચારણ કર્યું છે કે જગતના તમામ જીવો પ્રત્યે મૈત્રી કેળવી સર્વ જીવોને આત્મસમાન માનો અને આ ભાવના જ્યારે જીવનમાં દઢ બનશે એટલે જીવ દ્વેષમાંથી છુટો થશે અને તે દ્વારા સર્વ જીવમાત્રમાં મૈત્રી રાખનાર બની કોઇ ઉપર પક્ષપાતથી રાગી ન બનતાં સર્વનો સમાન ભાવે પ્રેમી બનશે. અને તે અવસ્થા જ્યારે જીવનમાં આવે ત્યારે આત્મા જીવમાંથી શિવ–સિદ્ધ બને છે.

આ વીસમી સદીમાં પ્રેમના નામે કેટલાક મતો અને પંથોએ જનતાને ખોટે માર્ગે દોરી હતી અને તેથી ભોળી જનતા ધર્મ માની ઉંધે રસ્તે દોરાઇ અકલ્યાણ સાધતી હતી તેની કરૂણાબુદ્ધિથી આ ગ્રંથ સ્વર્ગસ્થ પરમ પૂજ્ય ગુરૂદેવ બુદ્ધિસાગરસૂરિએ બનાવ્યો છે.

આ ગ્રંથમાં શુદ્ધ અશુદ્ધ પ્રેમનું સ્વરૂપ, પ્રેમના ફળો, પ્રેમ અને ધર્મની એકતા વિગેરે અનેક રીતે પ્રેમનું પૃથક્કરણ કરી આ ગ્રંથમાં વિશદ રીતે પ્રેમને સમજાવ્યો છે.

આ ગ્રંથકર્તાના જીવન આલેખન સંબંધી અહિં અમે માત્ર તેમના જીવન કવનને પૂર્ણ રીતે દર્શાવનાર મહાકાય યોગનિષ્ઠ આચાર્ય બુદ્ધિસાગરસૂરિ નામનો ગ્રંથ બહાર પડયો છે તેનો નિર્દેશ કરી અહિં સંતોષ માનીએ છીએ.

આ ગ્રંથની રચના સ્વર્ગસ્થ પૂ. આચાર્યદેવે વિજાપુરના ચોમાસામાં ઘણા ભાવુકોના આગ્રહથી યશોભદ્રસૂરિ વિગેરે પૂર્વપુરૂષોના રચેલ પ્રાચીન પૂર્વગ્રંથોના આધારથી કરી અને પ્રેમના સાચા માર્ગે જીવોને દોરી ઉપકાર કર્યો.

આ ગ્રંથ ઉપર બુદ્ધિપ્રકાશ નામનું વિવરણ તેમના મુખ્ય પટ્ટધર પૂ. આચાર્યદેવ ઋદ્ધિસાગરસૂરીશ્વરજીએ કર્યું છે. આ ગ્રંથનું વિવરણ પૂજ્ય આચાર્યદેવે ૧૩૦થી ૧૫૦ ફર્મા થાય એટલું દળદાર વિવેચન કર્યું હતું. પરંતુ આ અસહ્ય મોંઘવારીમાં તે ગ્રંથ ખુબ મોંઘો પડી જાય એ આશયે ગાથાર્થ અને ટુંકું વિવેચન કરી મુદ્રિત કરાવ્યો છે. આ મુદ્રિત ગ્રંથ વાંચકને પ્રેમગીતા સમજવામાં ખુબજ ઉપયોગી નિવડે તેમ છે. વિવરણકારનું વિસ્તૃત જૈન અને જૈનેતર શાસ્ત્રોનું ખુબ વાંચન આપણને ડગલે પગલે સાક્ષિપાઠોથી જણાયા વિના રહેતું નથી.

આવા અણુખેડાયા વિષયો ઉપર ગ્રન્થો લખવા કે તેમના ઉપર વિવેચન કરવું એ સામાન્ય માણસના ગજા બહારની વાત છે. પૂજ્ય આચાર્યદેવે સરળ સંક્ષિપ્ત અને સમજાય તેવું ગુજરાતીમાં વિવરણ કરી આ ગ્રંથને સુબોધ બનાવી ખુબજ ઉપકાર કર્યો છે. તે વાંચકો વાંચન કરી સફળ કરે એજ વિજ્ઞપ્તિ.

પંડિત મફતલાલ ઝવેરચંદ.
ખેતરપાળની પોળ, અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ૐ હ્રીँ શ્રીँ અર્હँ શ્રી મહાવીરાય નમઃ

પરમપૂજ્ય યોગનિષ્ઠ ગુરુવર બુદ્ધિસાગર સૂરીશ્વર વિરચિતા

# પ્રેમગીતા

## આચાર્યદેવ ઋદ્ધિસાગરસૂરિ વિરચિત શ્રી બુદ્ધિપ્રકાશ નામક વિવરણ સહિતા

### વિવરણકારનું મંગળ.

**ॐ नमोऽर्हते श्री वीराय, सर्वभाववभाषिणे ।**
**विघ्नवृन्दविनाशाच्च, त्रैलोक्यपूजिताय च ॥ १ ॥**
**प्रणम्य परया भक्त्या, बुद्धयब्धिश्रीसूरीश्वरम् ।**
**श्री प्रेमगीताग्रन्थस्य विवरणं करोम्यहम् ॥ २ ॥**

આ સંસારમાં નાનાથી મોટા તમામ જીવો કોઇને કોઈ પ્રકારે આનંદ અનુભવે છે. આ આ આનંદના અનુભવમાં પ્રેમ કારણરૂપ હોય છે. પ્રેમ વિના આનંદનો અનુભવ થતો નથી. જો કે આ પ્રેમ જીવોમાં ભિન્ન ભિન્ન રીતનો દેખાતો હોય છે. વિષયાસક્ત જીવો ઇંદ્રિયોના વિષયોના અનુભવથી જે આનંદ મેળવે છે તેમાં તેઓનો ઇંદ્રિયોના વિષયો પ્રત્યેનો પ્રેમ છે. અને યોગીઓ પરબ્રહ્મ અને તત્વચિંતનમાં મશગુલ બની જે આનંદ મેળવે છે, તેમાં તેને તત્વચિંતન પ્રત્યેનો પ્રેમ હોય છે. આમ દરેક પ્રકારના આનંદમાં કોઇને કોઈ પ્રકારનો પ્રેમ રહ્યો છે. છતાં બધા પ્રેમનું કે આનંદનું સ્થાન તો આત્મા જ છે.

આ પ્રેમનું સ્વરૂપ અમારા ગુરૂદેવ પરમપૂજ્ય પ્રાતઃ સ્મરણીય આધ્યાત્મયોગ દીવાકર શાસ્ત્ર વિશારદ યોગનિષ્ઠ **જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીએ** પ્રેમગીતા નામના ગ્રંથમાં અદ્ભૂત રીતે પ્રતિપાદન કર્યું છે. તે ગ્રંથ સંસ્કૃત ભાષામાં હોવાથી બધા ન સમજી શકે માટે તેનું હું ( ઋદ્ધિસાગર ) ગુજરાતીમાં **બુદ્ધિપ્રકાશ નામક** વિવરણ કરૂં છું

**ગ્રંથની શરૂઆત કરતાં ગ્રંથકાર પૂજ્ય ગુરૂદેવ મંગળ અભિધેય પ્રયોજન અને સંબંધ જણાવતાં પ્રથમ શ્લોક આ પ્રમાણે રજુ કરે છે.**

**प्रणम्य श्री महावीरं, लोकानां हितकाम्यया ।**
**शुद्धप्रेमस्वरूपं यत् किञ्चित् वच्मि विवेकतः ॥ १ ॥**

અર્થ—શ્રી મહાવીર પરમાત્માને પ્રણામ કરીને ભવ્ય લોકના હિતને માટે વિવેકથી શુદ્ધ પ્રેમના સ્વરુપને ( પ્રેમગીતાને ) કાંઇક સંક્ષેપથી કહીશ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વિવેચન**—દરેક ગ્રંથકાર ગ્રંથની શરૂઆત કરતાં મંગળ અભિધેય પ્રયોજન અને સંબંધરૂપ ચાર વસ્તુઓ કહે છે.

મંગળ શાસ્ત્રની આદિમાં જણાવવાનાં ચાર કારણો છે ૧ આસ્તિકતા ૨ નિર્વિઘ્ન સમાપ્તિ ૩ શિષ્ટાચાર અને ૪ આચારની પરંપરા. મંગળ તે જ ગ્રંથકાર કરે છે કે જેને કોઈને કોઈ ઇષ્ટદેવ હોય છે. આ ઇષ્ટદેવને કરાતા મંગળથી ગ્રંથકાર આસ્તિક છે તે સહેજે સમજાય છે તેમજ મંગળ કરવાનું બીજુ કારણ ગ્રંથની નિવિંઘ્ન સમાપ્તિ થાય તે છે અને તે નિર્વિઘ્ન સમાપ્તિ હંમેશાં શુભાનુબન્ધથી બને છે. આ શુભાનુબન્ધ ઇષ્ટદેવના સ્મરણ પૂજનમાં હોય છે આથી પણ ગ્રંથકાર ગ્રંથની આદિમાં મંગળ કરે છે. મંગળ કરવાના ત્રીજા કારણમાં શિષ્ટાચાર છે. સજ્જન પુરૂષો હરહંમેશાં કોઈ પણ પ્રવૃત્તિમાં ઇષ્ટદેવને સંભારે છે આ ગ્રંથકાર પણ શિષ્ટ હોવાથી ઈષ્ટદેવના સ્મરણરૂપ મંગળ કરે છે તેમજ ચોથા કારણમાં શિષ્યાદિકમાં આચારની અખંડિતતા જળવાઇ રહે તે છે. આ ગ્રંથમાં ગ્રંથકારે ' પ્રણમ્ય શ્રી **મહાવીરં** ' એ પદથી મંગળ કર્યું

ગ્રંથમાં શું કહેવાનું છે તે જણાવવું તે અભિધેય છે ' **શુદ્ધપ્રેમસ્વરૂપં** ' એ શબ્દથી પ્રેમગીતારૂપ અભિધેય જણાવ્યું. અભિધેય જાણ્યા વિના વાંચક ગ્રંથમાં પ્રવૃત્તિ કરતો નથી. તેની સ્હેજે જિજ્ઞાસા રહે છે, કે આ ગ્રંથ શું કહેવા માગે છે. ગ્રંથનું કહેવાનું જાણ્યા પછી વાંચકની જિજ્ઞાસા હોય તો ગ્રંથમાં પ્રવૃત્તિ કરે છે અગર અટકે છે.

અભિધેય ભલે જણાવ્યું પણ તે અભિધેય જણાવવા પાછળ ગ્રંથકારનું શું પ્રયોજન છે. તે પણ વાંચક જાણવા ઇંતેજાર હોય છે. વાંચક જેનો અર્થી હોય તેને અનુરૂપ પ્રયોજન હોય તો તો તે પ્રવૃત્તિ કરે છે પણ તેની પાછળનું પ્રયોજન તે ન હોય તો અટકે છે. અગર વાંચક તેમાંથી પોતાને ઉપયોગી પ્રયોજન ન મેળવી શકે તો તે ગ્રંથમાં પ્રવૃત્તિ કરતો નથી, આ ગ્રંથ રચવાની પાછળ ગ્રંથકારનું પ્રયોજન એ છે કે 'પ્રેમ' 'પ્રેમ' શબ્દથી માત્ર ભડકવાનું નથી પણ 'પ્રેમ'નો સાચો મર્મ અને રહસ્ય શું છે તે સમજવાની આવશ્યકતા છે. શુદ્ધ પ્રેમનું સ્વરૂપ જીવને ખ્યાલમાં આવે તો તે પુદગલાનંદમાં કદાપિ રાચતો નથી. પણ તે આત્માના શુદ્ધ સ્વરૂપમાં રાચે છે અને તેથી પરંપરાએ મુક્તિને વરે છે. ગ્રંથકારનું પ્રયોજન આ ગ્રંથની પાછળ પ્રેમનું શુદ્ધ સ્વરૂપ શ્રોતાને સમજાવી તેને હિત માર્ગે દોરી મુક્તિ તરફ લઇ જવાનું છે તે વાત **લોકાનાં હિતકામ્યયા** શબ્દથી જણાવી.

સંબંધ તો વાચ્ય વાચક પ્રગટ જ છે. શબ્દથી અર્થનો બોધ તે વાચ્ય વાચક છે ગ્રંથમાં જણાવેલ શબ્દો ગ્રંથકારના હૃદયમાં રહેલ બોધના વાચક છે અને તે વાચક શબ્દો શ્રોતાના હૃદયમાં પરિણમતાં ગ્રંથકારના વાચ્યને પરિણમન કરનારા બનશે.

આ ચાર અનુબંધ આદિ ગાથામાં જણાવેલ હોવાથી આ ગ્રંથ વાંચકને નિ:શંક આદરણીય થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'પ્રણમ્ય શ્રી મહાવીર"—આ પદથી મહાવીર પરમાત્માની સ્તુતિરૂપ મંગળ છે. તેમાં મહાવીર શબ્દનો અર્થ શું તે પહેલાં સમજવો જોઇએ. વિશેષે કરીને કર્મોનો ક્ષય કરે તે 'વીર'

विदारयति यत्कर्म, तपसा च विराजते ।
तपोवीर्येण युक्तश्च तस्माद्वीर इति स्मृतः ॥ १ ॥

અથવા જે કર્મોને વિદારે છે મહાન્ તપસ્યાથી શોભે છે. તપ વીર્યવડે યુક્ત હોવાથી વીર નામથી જેનું સ્મરણ કરાય છે. આ રીતે વીર શબ્દનો લક્ષણ અને વ્યુત્પત્તિ અર્થ છે.

તેમજ જગત્માં દાનવીર, યુદ્ધવીર, કર્મવીર અને ધર્મવીર આ ચાર પ્રકારે પણ વીર પુરૂષોની ગણના થાય છે. કર્ણ વિગેરે પુરૂષો દાનવીરની ઉપમાને પામેલા છે તે એટલા માટે કે તેમની પાસે આવનાર યાચક માગતાં ભૂલે. જે માગ્યું તે સર્વસ્વ આપવામાં તેમનો હાથ અચકાયો નથી તેથી દાનવીર તરીકે ગણાયા છે. લક્ષ્મણ અર્જુન હનુમાન વિગેરે યુદ્ધવીર પુરૂષો તરીકે ગણના પામેલા છે. કારણકે હજારો માણસોની સામે પણ એકાકીપણે ઝુઝુમતા તે કદાપિ અચકાયા નથી કૃષ્ણ ભીષ્મ વિગેરે પુરૂષો કર્મવીર પુરૂષો છે કે જેઓ કર્તવ્ય-પરાયણ રહી ઇચ્છિત વસ્તુને પાર પાડનારા હતા. ગજસુકુમાળ વિગેરે મહાપુરૂષો તે ધર્મવીર પુરૂષો છે.

ચરમ તીર્થંકરભગવાન મહાવીર પરમાત્મા દાનવીર, યુદ્ધવીર કર્મવીર અને ધર્મવીર એમ ચારે પ્રકારના વીર હોવાથી મહાવીર છે. વરસીદાન વખતે સેંકડો સોનૈયાનું દાન છૂટે હાથે આપેલ હોવાથી ભગવાન દાનવીર હતા. રાગદ્વેષરૂપ મોહના શત્રુઓને ઉખેડી નાંખવાથી તે યુદ્ધવીર હતા. અને કેવળજ્ઞાનની પ્રાપ્તિના કારણરૂપ આશંસા રહિત દુસ્તપ તપ કરવાથી ભગવાન ધર્મવીર હતા. તેમજ કર્મોનો નાશ કરવાથી ભગવાન કર્મવીર પણ હતા આમ ચારે પ્રકારની ભગવાનમાં વીરતા દેખી દેવોએ ચરમ તીર્થપતિ વર્ધમાનસ્વામીનું સગુણ મહાવીર નામ પાડયું છે.

આ મહાવીર પરમાત્માને મસ્તક, બે હાથ, બે ઢીંચણ એમ પંચાગપૂર્વક કાયશુદ્ધિથી સ્વર વ્યંજનના ભેદોના સ્પષ્ટ ઉચ્ચારણરૂપ વચનશુદ્ધિથી અને રાગ દ્વેષને ત્યજી નિર્મલ ભકિતપૂર્વક ભગવંતના ગુણોના સ્મરણરૂપ ભાવ મનશુદ્ધિથી પ્રણામ કરીને તીર્થંકર ભગવંતે આપેલ ત્રિપદીને અનુસરી ગણધરભગવંતે ગુંથેલ દ્વાદશાંગીરૂપ શાસ્ત્રસમુહનો અનુસરી આપણા પરમપૂજ્ય પ્રાતઃ સ્મરણીય પૂર્વ જૈનાચાર્ય શ્રીમાન્ યશોભદ્ર સૂરિપ્રવરે ભકિતયોગ નામનું પ્રકરણ રચતાં પ્રેમસ્વરૂપને જણાવનારૂં પ્રેમયોગ નામે પ્રકરણ રચીને આપણા ઉપર મહાન ઉપકાર કર્યો છે. આ ગ્રંથ આ દુઃષમકાળના ઝંઝાવાતમાં થયેલી ઉથલપાથલમાં નષ્ટપ્રાયઃ થયેલો હતો, તેનો સમ્યગ્ રીતે પુનરુદ્ધાર કરીને પ્રેમગીતા નામનું આ વાઙ્ગમય વિસમી સદીના જીવોના હિતને ધ્યાનમાં રાખીને મોક્ષ માર્ગમાં પ્રવૃતિ થાય તેવા ભાવથી ગ્રંથકાર પરમ-ગુરૂદેવ યોગનિષ્ઠ શાસ્ત્રવિશારદ યોગદીવાકર બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ કહે છે કે લોકોના હિત માટે શુદ્ધપ્રેમના સ્વરૂપરૂપ 'પ્રેમગીતાને કંઇક સંક્ષેપથી વિવેક પૂર્વક કહીશ.'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રેમનું લક્ષણ સમજવા પૂર્વે પ્રેમના જે પર્યાય શબ્દો હોય તેનું સ્મરણ આવશ્યક છે. તેથી પ્રેમના પર્યાયો શ્રીમાન્ ઉમાસ્વાતિવાચક વર પ્રશમરતિમાં આ પ્રમાણે જણાવે છે—

**इच्छा मूर्च्छा काम, स्नेहो गार्ध्यं ममत्वमभिनन्दः ।**
**अनुग्रह इत्यनेकानि, रागपर्यायवचनानि ॥ १ ॥**

જગતમાં જે જે બાહ્ય પદાર્થો ઉપર પ્રેમ એટલે રાગ પ્રગટે તેને ગ્રહણ કરવાની સામાન્ય વૃત્તિ તે **ઈચ્છા** કહેવાય છે, અતિગાઢ તેવી જે વૃત્તિ કે જેમાં સત્યનું ભાનભુલાવાની સાથે એક રૂપ રસ ગંધ સ્પર્શમય પુદ્ગલ પદાર્થમાં એકત્વ ભાવની જે વૃત્તિ થવી તે **મૂર્છા** કહેવાય છે. તેના ભોગની વૃત્તિ તે **કામ** કહેવાય છે, સ્નેહ અને પ્રેમ માત્ર દેવ ગુરૂ અને સમાન ધર્માત્માઓ પ્રત્યે આદરથી હર્ષોલ્લાસનો હેતુ થાય છે તે સ્નેહ તથા પ્રેમ કહેવાય છે, આ શબ્દ પ્રશસ્ય અને અપ્રશસ્ય બંને પ્રકારના હોય છે, ગાર્ધ્ય, એ ભોગ્ય પદાર્થોમાં અત્યંત આસકિત હોય ત્યાં વપરાય છે, **મમત્વ** શબ્દ તે ચેતન કે જડ પદાર્થોમાં મારાપણાની ભાવનાથી ઉપજેલ વૃત્તિમાં બોલાય છે. **અભિનંદ** જે જે પદાર્થોને દેખી જાણી ભોગવતાં આનંદ થાય તે અભિનંદ કહેવાય છે જેમકે ભોગાભિનંદિ મોક્ષાભિનંદિ વિગેરે રાગ અથવા પ્રેમના પ્રાયઃ સમાન અર્થ જણાવનારા પદાર્થો છે. તેમજ રાગરૂપે પ્રેમ અનુગ્રહમાં ઉપકારક થાય છે તેથી **અનુગ્રહ** પણ પ્રેમરૂપ ગણાય છે, સમ્યગ્ તત્વ ઉપર જે પ્રીતિ દેવગુરૂ ધર્મ ઉપર જે રાગ ધર્મિબંધુને દેખીને જે પ્રમોદ થાય તે બધા પ્રેમના પર્યાય શબ્દો છે.

ગ્રંથકારને પ્રેમનું સ્વરૂપ એટલા માટે કહેવું પડે છે કે જગત્માં 'પ્રેમ' 'પ્રેમ' શબ્દનો પ્રચાર વધી પડયો અને લૌકિકમાર્ગમાં તો ત્યાં સુધી વધ્યું છે કે પ્રેમમાર્ગથી જ વૈકુંઠ પ્રાપ્તિ થાય છે આ પ્રેમને સાચી રીતે નહિ ઓળખવાથી ધર્મ કરતાં વધુ અધર્મ થતો હોવાથી સાચો પ્રેમ શું છે તે કેવળ કરૂણા બુદ્ધિથી લોકોને સમજાવવા આ ગ્રંથ બનાવ્યો છે. અને લોકોને જણાવ્યું કે શબ્દમાત્ર ને વળગી અથડાઓ નહિ 'પ્રેમ' 'પ્રેમ' માં પણ વિવેકને જોડો પુદ્ગલપ્રેમ જીવને સંસારમાં રખડાવનાર છે અને આત્મશુદ્ધ પ્રેમ ઉન્નત દશા પમાડી મુકિતને અપાવનાર છે માટે વિવેકથી પ્રેમસ્વરૂપને સમજી પોતાના ચિત્તને શુદ્ધપ્રેમ સ્વરૂપમાં જોડો. પ્રેમનું ચિન્હ શું ? પ્રેમ શાથી ઉત્પન્ન થાય ? શુદ્ધ પ્રેમનું શું ફળ વિગેરે પ્રેમનો વિવેક છે.

## શુદ્ધ પ્રેમનું લક્ષણ ગ્રંથકાર જણાવે છે

**यत्रात्मा दृश्यते शुद्धः, सच्चिदानन्दलक्षणः ।**
**आसक्तिः यत्र नैवास्ति, शुद्धप्रेमाऽस्ति तत्र हि ॥ २ ॥**

અર્થ—જ્યાં સચ્ચિત્ આનંદ રૂપ ગુણોથી તેમજ લક્ષણથી યુકત શુદ્ધ આત્માનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વરૂપ દેખાય, જ્યાં પુદ્ગલમય વિષયોમાં આસક્તિ (મોહ) જરા પણ ન હોય ત્યાં જ શુદ્ધ પ્રેમ રહેલો છે તેમ જાણવું.

**વિવેચનઃ**—સાચા શુદ્ધ પ્રેમનું સ્વરૂપ કેવું હોય છે તે જણાવતાં કહે છે કે જ્યાં આત્મામાં પૂર્ણ શુદ્ધતા એટલે કષાય રૂપ મોહનો અભાવ હોય તે પ્રેમની શુદ્ધતા જાણવી. સદ્-શશ્વતભાવે અવિનાશી હોય તેમજ ચિદ્—જ્ઞાન સ્વપર પદાર્થોનું યથાસ્વરૂપે અનુભવ યુક્ત જાણવાપણું હોય અને આનંદ–ચારિત્ર એટલે સ્વસ્વરૂપમાં રમણતા. આવા સદ્ચિદ્ અને આનંદરૂપ આત્મસ્વભાવના લક્ષણો પ્રગટ ભાવે અનુભવાતા હોય; પુદ્ગલ ભાવના ભોગની લાલસા જરા પણ ન હોય, સર્વ આત્માઓનું હિત કરવાની ઇચ્છા રૂપ મૈત્રી ભાવના હોય, ગુણવંત પ્રત્યે પ્રમોદ–આહ્લાદ અનુભવાતો હોય, ત્યાં જ શુદ્ધ પ્રેમ રહેલો છે. તેમ અવશ્ય માનવું. કારણ કે તે જ આત્માનો સત્ય ધર્મ છે. એમ સમજવું.

## આવો પ્રેમ કોના પ્રત્યે હોય તે જણાવે છે.—

**सर्वजातीयदेहेषु, जीवा देवा स्वभावतः ।**
**तत्सार्द्धमात्मवत् प्रेम, पूर्णानन्दप्रकाशकम् ॥ ३ ॥**

**અર્થઃ**—સર્વ જાતિના દેહને ધરનારા જીવોમાં સ્વભાવથી દેવત્વ છે તેથી જીવો દેવ છે તેમ સમજીને તેઓ પ્રત્યે પોતાના આત્મા જેટલો પ્રેમ લાવવો કારણકે તેઓ પૂર્ણ આનંદનો પ્રકાશ કરનારા છે.

**વિવેચનઃ**—આ જગતમાં પરાધીન એવા જીવાત્માઓને તેવા તેવા કર્મોના વિપાકોના ઉદયો ભોગવવા માટે તેવા તેવા દેહો (શરીરો) ધારણ કરવા પડે છે. તે કર્મ મદારી જેમ નચાવે તેમ નાચવું પડે છે. તેમ છતાં પણ તે જીવાત્માઓનો સહજ આત્મસ્વભાવ નષ્ટ થતો જ નથી કર્મના બળવાન આવરણથી દબાઇને તે જીવાત્માઓ પોતાના આત્મસ્વરૂપને વિસરી ગયેલા હોય છે **अनादिनिधनज्ञानधनं पार्श्वे न पश्यति ॥** આત્માની પાસે જ્ઞાનાદિ અનંત જ્ઞાન ધન સત્તાએ રહેલું છે છતાં કર્મના આવરણથી પોતે જોઇ શકતો નથી. તો પણ યોગ્ય કાળ, નિમિત્ત, ભવિતવ્યતા, પુરૂષાર્થ આદિની સામગ્રીને પામતાં સ્વસ્વરૂપનું ભાન થાય છે તેથી સત્તાએ સિદ્ધપરમાત્મદેવના સમાન સ્વભાવ સર્વજીવોનો છે, તેથી હે આત્મા! તું સર્વ જીવો જે ચોરાશી લાખ યોનીમાં ભમતાં તેવા તેવા આકારને ધરતા છતાં તે શરીરોમાં રહેલા જીવો ભાવિકાલીન સિદ્ધ પરમાત્મા રૂપ દેવો છે તેમ માની તે સર્વેની પ્રત્યે સાધર્મિકભાવ, મૈત્રીભાવનારૂપ પ્રેમ પ્રગટાવ. તેવો પ્રેમ પ્રગટ થવાથી તું સહજભાવે પૂર્ણ સ્વરૂપ યુક્ત શાશ્વતો આનંદ પ્રકટાવી શકીશ ॥ ૩ ॥

**जिनेन्द्राः सर्वजीवाः स्यु–स्तत्रात्मैक्येन वर्त्तनम् ।**
**परप्रेम विबोधव्यं, शुद्धब्रह्मरसात्मकम् ॥ ४ ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**—સર્વ જીવો જીનેન્દ્રો છે તેમ જાણવું તેથી તેઓ પ્રત્યે આત્મભાવનું એકત્વ રાખીને વર્તવું એટલે તેમની ઉપર પરમ પ્રેમ રાખવો તેથી આત્મા શુદ્ધ બ્રહ્મરસમય થઈને પરમાનંદનો ભોક્તા થાય. ॥ ૪ ॥

**વિવેચનઃ**—હે ભવ્યાત્મન ! તું જો પરમાનંદનો અભિલાષિ હોય તો સંસારમાં રહેલા સર્વ જીવાત્માઓને તું જીનેન્દ્ર પરમાત્મ સ્વરૂપ માનીને તેમની સાથે પ્રેમથી વર્તન ચલાવજે કારણકે સર્વ જીવો સંગ્રહનયની અપેક્ષાથી જીનેન્દ્રો છે જેમ ભગવાન સમવસરણમાં સર્વ પ્રાણિગણને સદુપદેશ આપીને મોક્ષ માર્ગમાં ગમન કરનારા બનાવે છે તે પરમ પૂજ્ય જિનેશ્વર તિર્થંકર પરમાત્માની સમાન માનજે, કારણ પૂજ્ય તીર્થંકરોએ સર્વ ઘનઘાતિ કર્મ સમૂહનો નાશ કરીને કેવળ જ્ઞાન કેવળ દર્શન, યથાખ્યાત ચારિત્ર, પૂર્ણ આત્મશકિતરૂપ વીર્યને પ્રગટભાવે કર્યું છે. તેથી આત્માસ્વરૂપને પ્રત્યક્ષ કરી અનુભવે છે. તેવો સ્વભાવ સર્વ જગતના સર્વ પ્રાણીગણમાં તીરોભાવે અપ્રગટપણે રહેલો છે—"**अर्हतोऽभिन्न आत्मैव, सोहं मोक्षमयः**" આત્મસ્વભાવથી અરિહંતથી અભિન્ન સોહં સ્વરૂપ છે. હું પણ આત્મસ્વરૂપે અરિહંત રૂપ છું તેમના અને મારામાં ભેદ નથી. જેવું અરિહંત પરમાત્માનું સ્વરૂપ છે તેવું જ મારૂં છે. મોહ સ્વરૂપ પણ હું જ છું. (૪૩ ગાથા આત્મપ્રદીપ પૂજ્ય ગુરૂદેવ બુદ્ધિસાગરસૂરિ પ્રણિત) તેથી અરિહંત–તિર્થંકરની સમાન સંગ્રહનયની અપેક્ષાએ સર્વસંસારીજીવોનું સહજ સ્વરૂપ રહેલું હોવાથી સર્વ જીવોને તું તીર્થંકર સમાન ગણી કોઇ પણ આત્મા કે જે તારા કરતાં હીણ અવસ્થામાં હોય તો પણ તેનું અપમાન, તિરસ્કાર ન કરવો, તેઓ પ્રત્યે ઉપેક્ષાભાવ પણ ન કરવો પણ તેઓ પ્રત્યે આત્મભાવનું એકત્વ–અભેદતા રાખીને સન્માન, સત્કાર, આદર લાવીને પ્રેમપૂર્વક કરવો જોઇએ, કારણકે તેજ આત્મા યોગ્ય દેશકાલ સ્વભાવ ભવિતવ્યતા પુરૂષાર્થ આદિની અનુકુળ ઉપાદાન નિમિત્તાદિ કારણ રૂપ સાધન સામગ્રી પામીને સર્વઘાતિકર્મનો ક્ષય કરીને કેવલી બનીને અનેક જીવોના તારણહાર પણ થનારા હોય છે. માટે કોઇ જીવની અવજ્ઞા ન કરવી કારણ કે છ ખંડ પૃથ્વીના ધણી ચક્રવર્તી ભરતરાજ સમ્રાટે પરમાત્મા ઋખભદેવના ઉપદેશથી સાધુદશાથી પણ પડેલા અને વિપરીત આચારવાળા એવા મરિચી સંન્યાસીને ભાવી તિર્થંકરનો જીવ છે તેમ પ્રભુમુખથી જાણીને આદર બહુમાનથી ત્રણ પ્રદક્ષિણા આપીને વંદના સ્તુતિ કરી છે. તેથી ભરત રાજાને ગુણાનુરાગ પ્રગટેલો છે. તે કારણે "**एगे आया**" આત્મા એક છે એટણે સંગ્રહનયના તિર્યક્ સામાન્ય ભાવે સમાનત્વને યાદ કરી સર્વ આત્માઓ સાથે મૈત્રી ભાવે પ્રેમ રાખવાથી આત્મ ગુણોની ખીલવણી થાય છે, અને આત્મા યથાપ્રવૃત્તિ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ, સમ્યગદર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ ચારિત્રને પ્રગટાવે છે.—

શ્રી મારૂદેવી માતાની પેઠે સર્વ આત્માઓને સ્વ આત્મવત્ માનતા શુદ્ધ બ્રહ્મરસમય આત્મસ્વરૂપને ક્ષાયિકભાવે પરમ શુદ્ધ કરીને મોક્ષની પરમાનંદ દશાનો અનુભવ આત્મા કરે છે. તે સત્ય પ્રેમ–પરમ પ્રેમ જાણવો. ॥ ૪ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વર્તમાન પાંચમા આરામાં તો પ્રેમથીજ ધર્મ થાય છે તે વાત જણાવતાં પૂજ્ય ગુરૂદેવ જણાવે છે.**

**कलौ प्रेममयो धर्मः सर्वत्र मुक्तिदायकः ।**
**रागेण संयमो ज्ञेय्य–श्चारित्रिणामपि ध्रुवम् ॥ ५ ॥**

**અર્થ**:—આ કલિકાળમાં તો ધર્મને પ્રેમવડેજ આરાધી શકાય છે. તેમજ તે પ્રેમમય ધર્મ મુકિતને આપનારો થાય છે. સર્વ વિરતિ મુનિઓને પણ સંયમ માર્ગમાં જે પ્રવૃત્તિ થાય છે તે રાગવડેજ થાય છે તેમ જાણવું ॥ ૫ ॥

**વિવેચન**:—આ કલિકાળમાં એટલે પાંચમા આરામાં જીવાત્માઓ જે ધર્મ કે સંસાર હેતુક ક્રિયાઓ કરે છે તે સર્વે પ્રેમ–રાગથીજ કરે છે: તેમાં શુભક્રિયા પુણ્ય હેતુ માટે થાય છે અને અશુભ ક્રિયા પાપહેતુ માટે થાય છે. તે તો સર્વ કોઇને વિદિતજ છે. તેમાં આ કલિકાળમાં જે જે ધર્મના અનુષ્ઠાનો પરમાત્માની પૂજા, ગુણ સ્તવન, ભાવના થાય છે, તેમજ પૂજ્ય ગુરૂઓનો ઉપદેશ સાંભળવો તેમને જ્ઞાન ભણવા માટે સાધન પૂરાં પાડવાં આહાર, કપડાં આપવાં તે સર્વ આ અમારા દેવ અને અમારા ગુરૂ છે. તેમની ભકિત કરવી જોઇએ તેવા રાગથી જ પ્રવૃત્તિ કરાય છે. તેમજ તપ કરવો, સામાયિક, પૌષધ કરવા, શ્રાવકનાં વ્રતો ગ્રહણ કરવાં, તે સર્વ અનુષ્ટાનો રાગથી—પ્રેમથી જ થાય છે. તેમજ સંસારના વિષયભોગનો ત્યાગ કરી વીતરાગ થવાની પ્રવૃત્તિ કરતા પૂજ્ય મુનિરાજો પણ સદા તપ, સ્વાધ્યાય, દયા, કરૂણા, ધ્યાન વિનય,–વૈયાવૃત્ય, અધ્યયન વિગેરે ક્રિયા અનુષ્ઠાનો પણ શુદ્ધ પ્રેમ–રાગથી જ કરનારા થાય છે તો પણ ધર્મ, ગુરૂ, દેવ ઉપર રાગ–પ્રેમ હોવા છતાં પણ મોક્ષમાર્ગમાં ગૌતમસ્વામિની પેઠે પ્રવૃત્તિ કરનારા થઇ શકે છે. આમ રાગ–પ્રેમથી સંયમ પણ કર્મોની નિર્જરાનો હેતુ અવશ્ય થાય છે અને વિતરાગ ભાવની મુકિત પણ તે પૂજ્ય મુનિવરો સાધી શકે છે. કારણ કે મોક્ષ તથા તેના કારણરૂપ જે અંગો તપ, સંયમ, જીવદયા પણ રાગ–પ્રેમથી કરાય છે, તે અવશ્ય મોક્ષનો હેતુ થાય છે. માટે શુદ્ધ દેવ, ગુરૂ, ધર્મ, શ્રાવક, શ્રાવિકા સમ્યકત્વી ઉપર પ્રેમ–રાગથી સેવા ભકિત કરવી તે મોક્ષની ઇચ્છાવાળા પ્રેમી ભકતો સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા વિગેરેનું કર્તવ્ય છે.

## પ્રેમથી જ પૂજા વિગેરે થાય છે

**प्रेम्णा धर्मस्य संवृद्धिः, प्रेम्णैव देवपूजनम् ।**
**प्रेम्णैव सद्गुरोः पूजा, प्रेम्णा विश्वं रसात्मकम् ॥ ६ ॥**

**અર્થ**:—પ્રેમથી જ ધર્મની વૃદ્ધિ થાય છે. પ્રેમથી દેવની પૂજા થાય છે તેમજ પ્રેમથીજ સદ્ગુરુની પૂજા સેવા ભક્તિ થાય છે. વસ્તુતઃ પ્રેમથી જ વિશ્વ [જગત્] એક–આત્મરસમય અનુભવાય છે ॥ ૬ ॥

**વિવેચન**:—સત્યપ્રેમ–રાગથી જ માનવો દેવો સમ્યગ્ દર્શન પામે છે: ધર્મ પ્રેમના આલંબનથી ગજસુકુમાળ બાળવયમાં જ રાજભોગ અને વિશાળવૈભવનો ત્યાગ કરીને પૂજ્ય પરમાત્મા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અરિષ્ટનેમિપ્રભુપાસે ચારિત્ર લેઇને દેહ સંબંધનો મમત્વ મુકીને શ્મશાન ભૂમિમાં કાઉસગ્ગ કરનારા થયા અને મસ્તક ઉપર ખેરના અંગારાની સગડીથી થતી વેદનાઓ સહન કરી તે આત્મ પ્રેમને લીધે જ. આ પાંચમા આરામાં તો ધર્મની બુદ્ધિ માટે જે પ્રયત્ન થાય તે ધર્મ રાગથીજ બને તેમ છે વીતરાગભાવે તેવો પુરૂષાર્થ આ કલિકાળમાં બને તેમ નથી જણાતું. ધર્મ ઉપર અનન્ય પ્રેમ રાગથીજ ધર્મની વૃદ્ધિ થાય તે માટે પુણ્યવંત મહાનુભાવો જિન મંદિરો, ઉપાશ્રયો, દાનશાળાઓ કરાવે છે. પરમાત્માની સુંદર પ્રતિમાઓ કરાવે છે અને મહાન મહોત્સવપૂર્વક પૂજાઓ કરે છે. ભગવાન શ્રી સુહસ્તિગિરિ મહારાજના ઉપદેશથી મહારાજા સંપ્રતિએ અનેક જિન મંદિરો કરાવ્યાં અનેક જુનાં જીર્ણ જીનમંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો, અનેક ઉપાશ્રયો કરાવ્યા, અનાર્ય દેશમા પણ પગાર આપી ધર્મનો ઉપદેશ કરનારા હોંશિયાર માણસોને મોકલ્યા અને પવિત્ર આચારવાળા સાધુઓ વિચરીને લોકોને ધર્મ, કર્મ, ક્રિયા અનુષ્ઠાન માટે ઉપદેશ કરીને ધર્મ પ્રવૃત્તિ કરાવે તેવી સગવડ કરી તે સર્વ સત્ય ધર્મના રાગમય પ્રેમથીજ કરી હતી. ધર્મરાગથીજ શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી મહારાજે રાજા, મહારાજાને સર્વ પ્રાણીવર્ગ ઉપર પ્રેમથી દયા રાખવાનો, શિકાર ત્યાગ કરવાનો, ન્યાયથી પ્રજાનું પાલન કરવાનો ઉપદેશ કરી સત્ય ધર્મપ્રેમી બનાવ્યા છે અને તેમણે સદ્જ્ઞાનમય ગ્રંથ લખીને કલ્યાણ માર્ગે વાળવા માટે સર્વ જીવોને ઉપદેશ કર્યો હતો. રાગથીજ જીન મંદિરો વિગેરે ધર્મસ્થાનોના ઉધ્ધાર કરાવાય છે, પરમાત્માની મહાપુજાઓ કરાય છે. કુમારપાળ રાજાની પેઠે જીનેશ્વર તીર્થંકર મહારાજાઓની રથયાત્રા મહોત્સવપૂર્વક કરાય છે. ધર્મપ્રેમથીજ સમ્રાટ્ અશોકચંદ્ર કુણીકરાજે ઉદયનની પેઠે ગુરૂ મહારાજાઓના નગર પ્રવેશ મહોત્સવ કરાવ્યો હતો. દશાર્ણભદ્રે પ્રેમથી સર્વ રાજ્યની સામગ્રી વડે પરમ ગુરૂ મહાવીર દેવને વંદન કરવારૂપ પ્રવૃત્તિ કરી હતી. પ્રેમથી જ પૂજ્ય ગુરૂઓને નિત્ય વંદન, પૂજા. સત્કારયુક્ત ધર્મ શ્રવણ કરાય છે. રાગથીજ પૂજ્ય સાધુ મહાત્માઓને જ્ઞાન, દર્શન, ચારિત્ર ગુણમાં ઉપકરાક ધર્મ ઉપકરણોના દાન કરાય છે. તેમજ જ્ઞાનમાટે પુસ્તક આગમોના લખાણ કરાય છે. તેજ ધર્મ પ્રેમથી જ સર્વ જગતના જીવો પ્રત્યે મૈત્રી ભાવનારૂપ એકરસમય હિત કરવારૂપ દૃષ્ટિથી જોવાય છે અને તેઓના હિત માટે ભાવના પૂર્વક પ્રવૃત્તિ થાય છે. તેમજ તે પ્રેમ જ મોક્ષ માર્ગને દેખાડનાર ભોમિયો થાય છે. ॥ ૬ ॥

## પ્રેમ વિના બાહ્ય અને અભ્યન્તર જીવન નિષ્ફળ બને છે.

**जगच्छून्यं विना प्रेम्णा, नीरसं बहिरन्तरम् ।**
**लोकानां सर्वदा प्रेम, स्वान्तरबाह्यजीवनम् ॥ ७ ॥**

**અર્થ:—** પ્રેમ વિના સર્વ જગત્ શૂન્યમય લાગે છે. પ્રેમ વિના બાહ્ય ભોગોના રસ પણ સ્વાદ વિનાના જણાય છે. આત્મામાં પ્રેમ વિના ધર્મજીવન પણ લૂખું રસવિનાનું જ લાગે છે. કારણ કે લોકોનું અભ્યંતર તથા બાહ્ય જીવન પ્રેમમય હોય તો જ તેઓ જીવી શકે છે ॥ ૭ ॥.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વિવેચન:—** જે જીવાત્માઓ બાહ્ય એટલે સ્વકુટુંબ માતા, પિતા, ભાઈ, બ્હેન, સ્ત્રી, પુત્ર, પુત્રી, મિત્ર આદિ સાથે પ્રેમરૂપ મારાપણાનો સંબંધ નથી રાખતા, તેઓના દુઃખમાં દુઃખરૂપ લાગણી ધરતા નથી, તેઓના ઉદયમાં આનંદ માનતા નથી. તેમને પ્રસંગ આવે જગત આખું શૂન્ય લાગે છે. તેઓને દુઃખમાં કોઈ મદદ કરવા આવી શકતું નથી. તે માટે જૈનકથાશાસ્ત્રમાં **મમ્મણ** નામના એક શેઠનું દૃષ્ટાંત છે. તે આ પ્રમાણે:—

આ ભારતવર્ષમાં ગંગા નદીના તટ ઉપર એક ચંપા નામની સુંદર નગરી આવેલી છે. તેમાં અનેક જીન મંદિરો, બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવનાં મંદિરો આવેલાં છે. અનેક લક્ષ્મીનંદનોના ત્યાં વાસ છે. ત્યાં જીતશત્રુ નામનો રાજા રાજ્ય કરે છે, તે રાજા પ્રજાનું સારી રીતે પાલન કરે છે. ત્યાં અત્યંત કૃપણ મમ્મણ નામનો શેઠ રહે છે. તે વૃદ્ધાવસ્થાને પામ્યો છે. તે શેઠને બંધુમતી નામની ભાર્યાથી ચાર પુત્રો થએલા છે. તે પુત્રોનાં નામ અનુક્રમે ધર્મદેવ, ધર્મદત્ત, ધર્મબંધુ અને ધર્મપ્રિય છે. તેઓના લગ્ન ઉંચ્ચકુળની વિનય, વિવેક, કલા, ગુણ અને રૂપવાળી કન્યાઓ સાથે કરવામાં આવ્યાં છે. કન્યાઓનાં નામ પણ રૂપવતી, ગુણવતી, ધર્મવતી અને કલાવતી અનુક્રમે છે. ચારે ભાઇઓ પોતાની સ્ત્રીઓ સાથે આનંદથી પોતાનું જીવન ગાળે છે. પણ પુત્રવધૂઓને પોતાના સસરાની પ્રકૃતિની જાણ થવાથી ઘણું દુઃખ થવા લાગ્યું કારણ કે સસરાજી ખાદ્ય પદાર્થો, ઘી, ગોળ, ખાંડ આદિ વસ્તુઓ હંમેશા તાળાકુચીમાં રાખતા. અને ઉપયોગ કરવા દેતા નહીં. પોતાને ત્યાં આવેલા અતિથી તથા સાધુ સંતોને પણ સારી રીતે વહોરાવી શકાતું નહીં આથી સર્વે કંટાળી ગયા. પુત્રોએ તથા પુત્રવધૂઓએ તેમની રીત બદલવા ઘણી વિનંતી કરી છતાં પણ શેઠનું હૃદય જરા પણ પિગળ્યું નહી. એવામાં કોઇ એક સિદ્ધ યોગી ભિક્ષા માટે તેમને ઘેર આવી ચડયા. તેમની સારી રીતે પુત્રવધુઓએ ભકિત કરી તેથી પ્રસન્ન થઇ યોગીએ તેમને આકાશ ગામિની વિદ્યા આપી. આ વિદ્યાની વિધિપૂર્વક આરાધના કરી તે પુત્રવધૂઓ દરરોજ રાત્રે પોતાની ઇચ્છા પ્રમાણે ગામ બહાર રહેલા એક સુકા વૃક્ષના થડ ઉપર બેસીને વિદ્યાના બળથી શત્રુંજય, ગિરનાર, આબુ, અષ્ટાપદ, સંમેતશિખર; સિંહલદ્વીપ, લંકા, હંસદ્વીપ, માનસસરોવર, વૈતાઢય, સિદ્ધાયતન વિગેરે સ્થળોએ યાત્રા કરવા લાગી અને પોતાના ચિત્તને આનંદમાં રાખવા લાગી. એક દિવસ પોતાના ઘરમાં કામ કરવા માટે રાખેલા નોકરને લાગ્યું કે આ સ્ત્રીઓ દરરોજ રાત્રે બહાર જાય છે તેની તપાસ કરવી. બીજે દિવસે તે નોકર ઝાડના થડના પોલાણમાં અગાઉથી આવી સંતાઈ ગયો. અને ત્યાર પછી સ્ત્રીઓ તે થડને વિદ્યા બળથી આકાશ માર્ગે ઉડાડી સુવર્ણદ્વીપમાં આવી. બધી સ્ત્રીઓ ત્યાં જીનેશ્વરભગવાનનાં ચૈત્યનાં દર્શન કરવા ગઇ એટલે પેલો નોકર પોલાણમાંથી બહાર નીકળી પૃથ્વી પર આમતેમ ફરવા લાગ્યો. ત્યાં તેણે જ્યાં ત્યાં સુવર્ણના ઢગલા જોયા. તે તેમાંથી થોડું લઇ પાછો પોલાણમાં છુપાઇ ગયો. બધી સ્ત્રીઓ દર્શન કરી પાછી ફરી અને થડને પાછું પોતાના નગરમાં લાવીને પોતાને ઘેર જઇ સર્વે સુઇ રહી. નોકર પણ પાછો આવીને સુઇ ગયો. રાત્રિનો ઉજાગરો થવાથી નોકર સવારે સમયસર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉઠી શક્યો નહીં. તેથી શેઠે તેને ધમકાવ્યો. તેથી તેણે સર્વે હકીકત શેઠને કહી સંભળાવી. શેઠ તો ધનના લોભી હતા તેથી તેમણે પણ આ પુત્રવધૂઓથી છુપી રીતે જઈને ધન લઇ આવવાનો વિચાર કર્યો. ત્રીજે દિવસે રાત્રે શેઠ અગાઉથી તેજ લાકડાના થડના પોલાણમાં આવી છુપાઇ ગયા. પુત્રવધૂઓ ઘેરથી નીકળી તેજ થડ ઉપર બેસી રત્નદ્વીપમાં આવી. બધી સ્ત્રીઓ પોતાના નિત્ય નિયમ પ્રમાણે જીનેશ્વરભગવાનના ચૈત્યનાં દર્શન કરવા ગઈ એટલે શેઠ થડની બહાર નીકળી જુએ છે તો ઠેર ઠેર રત્નોનાં ઢગલા ઝળહળી રહેલા દેખ્યા. તેમાંથી પોતાનાથી લેવાય તેટલા લઇ થડના પોલાણમાં ભરી દીધા અને પોતાને પરાણે બેસી શકાય તેટલી જગા રાખી પોતે અંદર છુપાઇ ગયો. બધી સ્ત્રીઓએ દર્શન કરી થડ ઉપર બેસી થડને ઉપાડયું. આજે હંમેશ કરતાં વજન ઘણું વધી જવાથી ઝાડની ગતિ બહુ ધીમી થઇ ગઇ હતી. તેથી તેઓમાંની એક સ્ત્રીએ કહ્યું કે ચાલો આપણે ઝાડના ઠુંઠાને આ નીચે રહેલા સમુદ્રમાં નાંખી દઇ એમને એમ ચાલ્યાં જઇએ. આ શબ્દો સાંભળીને મરણની બીક લાગવાથી છુપાઇ રહેલા શેઠ બોલ્યા "હે! પુત્રવધૂઓ મેં આ રત્નદ્વીપમાંથી સારાં સારાં રત્નો ઝાડના પોલાણમાં સાથે લઇ લીધાં છે. માટે તમો આ થડને ફેંકી દેશો નહીં." ત્યારે તે સ્ત્રીઓએ અંદર વિચાર કરી નિશ્ચય કર્યો કે 'જો આ શેઠ જીવતા હશે તો આપણને કલંક આપશે. વળી આ ધનના લોભી શેઠ આપણને સુખે રહેવા દેતા નથી. તેમ વિચારી તેમણે તે લાકડાને સમુદ્રમાં છોડી દીધું તેથી મમ્મણ શેઠ પોતાને ત્યાં અઢળક ધન હોવા છતાં પણ ધનના લોભને લીધે સમુદ્રમાં થડ અને રત્નો સાથે ડુબી ગયો. ડુબતી વખતે તેમને કોઈ આશ્વાસન આપનાર રહ્યું નહીં. પોતાના પુત્રો, પુત્રવધૂઓ કુટુંબીજનોનો પ્રેમ તેમના ઉપર નહીં હોવાથી અંતે અકાળ મૃત્યુને વશ થવું પડયું. તેથી ધન, પુત્ર, પરિવાર આદિ હોવા છતાં જો પ્રેમ ન હોય તો શૂન્ય અંધકાર જ માલમ પડે છે. તેથી બાહ્ય જીવન પણ પ્રેમથી જ રસમય અનંદમય થાય છે. -તેમ સદ્ગુરૂની સેવા નહીં કરવાથી જેમને જ્ઞાન પ્રાપ્ત થયું નથી. તેવા આત્માઓ પણ અસહાયતા અને શૂન્યતાજ અનુભવે છે. તેથી નિશ્ચય થાય છે કે પ્રાણિમાત્રનું બાહ્ય જીવન પુત્ર, મિત્ર, કલત્ર, કુટુંબીનાં સહકાર રૂપ પ્રેમથીજ જીવી શકાય છે, અને યોગીઓનું આંતરીક જીવન પણ પરમાત્મા, પરબ્રહ્મરૂપ તીર્થંકર તથા સિદ્ધ પરમાત્મા અથવા તેમના સમાન ગુણો ધારણ કરનાર આત્મબ્રહ્માની સાથે શુદ્ધ ભાવનો પ્રેમ-રાગ કરવાથીજ અભ્યંતર આનંદ અનુભવાય છે. માટે તેવા પ્રકારના પ્રેમથીજ જીવો સુખનો અનુભવ કરે છે.

## પ્રેમના પ્રકાર.

**बाह्यनिमित्तको रागो, वैषयिको विनश्वरः।**
**आत्मज्ञानविहीनानां, भवत्येव जडात्मनाम् ॥८॥**

**અર્થ:**—બાહ્ય નિમિત્તથી થનારો રાગ વિષયવાળો હોવાથી વિનશ્વર-નાશ પામનારો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, અને તે આત્મજ્ઞાન વિનાના પ્રાણીઓ કે જે સ્વપર સ્વરૂપનો ભેદ નથી જાણતા તેવા જડ લોકોનેજ હોય છે. ॥ ૮ ॥

**વિવેચનઃ—**પ્રેમ-રાગ બે પ્રકારનો છે એક નિત્ય રહેનારો શાશ્વતો રાગ-પ્રેમ છે, અને બીજો નાશ પામનારો ક્ષણિક છે. આ વિનિશ્વર રાગ સંસારમાં રહેલા ભવાભિનંદિ જીવોને હોય છે. આ રાગ આત્મસ્વરૂપના યોગથી ઉપજતો નથી, પણ બાહ્ય ઇંદ્રિયોના બળથી ગ્રહણ કરાતા રૂપ, રસ, ગંધ. શબ્દ રૂપ ગુણધર્મવાળા પદાર્થ વિષેનો છે, તે આ પ્રકારે-કંચન, કામિની, પુત્ર, પુત્રી, દાસ, દાસી, રત્ન માણિક્ય હીરા વિગેરે ઝવેરાત; સેંન્ટ સુગંધમય અત્તર, તેલ, કોમળવસ્ત્રો, આભૂષણો, બાગ, બગીચા, બંગલા, હવેલી, સંગીત, નૃત્ય, નાટક સીનેમા, અન્ય દીન દુઃખી મનુષ્યોને ધીક્કારવા, પશુ પક્ષી ઉપર તીર, બંદુક, તલવાર ચલાવવી, સુકોમળ શય્યામાં સુવું, સ્વ-પર સ્ત્રી દાસી આદિ સાથે વ્યભિચાર કરવો આ સર્વ રાગ-પ્રેમ બાહ્ય ઇંદ્રિયોને ફક્ત અલ્પકાળ આનંદ આપે છે. અને જે બાહ્ય નિમિત્ત પુરૂં થતાં નષ્ટ થાય છે. આ બાહ્ય નિમિત્તક રાગ જે જીવો જડ અને આત્મજ્ઞાન વિનાના હોય છે તેમનેજ હોય છે. જેને સારાસારનો હિતાહિતનો વિવેક ન હોય તેને જડ કહેવામાં આવે છે. જેમને પરભવ, પુણ્ય, પાપ, આત્મા, પુદ્દગળ વિગેરે પદાર્થોને વિવેક નથી જાણ્યો તે આત્મજ્ઞાન વિનાના પુરૂષો છે. ॥૮॥

## સત્ય પ્રેમ કેમ મળે ?

**ऐक्यं सर्वात्मभिः सार्द्धमनुभूयेत वस्तुतः ।**
**तत्प्रेमैव महाब्रह्म रसानुभवदायकम् ॥ ९ ॥**

**અર્થઃ—**સર્વ આત્માઓની સાથે જ્યારે ઐક્યતા અનુભવાય છે ત્યારે સત્ય પ્રેમરૂપ મહા પરંબ્રહ્મના આનંદરૂપ રસનો આસ્વાદ આત્મા પ્રાપ્ત કરે છે. ॥ ૯ ॥

**વિવેચનઃ—**આ સર્વ જગતમાં રહેલા સ્થાવર, જંગમ, સૂક્ષ્મબાદર વિગેરે નાના મોટા પ્રાંણિયોમાં પોતાના આત્મ સમાન ઐક્યતાનો પ્રેમ આવે ત્યારે આત્મા સત્ય જ્ઞાની બને છે માટે હે મુમુક્ષુઆત્મા તું જગતના સર્વ પ્રાણીઓને પોતાના આત્મ સમાન ગણી પોતાને જેથી દુઃખ થાય તેવું આચરણ અન્ય પ્રાણીઓ પ્રત્યે આચરીશ નહિં. બીજા જીવોને દુઃખ થાય તેવું મનથી તારે વિચારવું જોઇએ નહીં અને વચનથી તેવું બોલવું જોઈએ પણ નહીં. કાયાથી તારે જીવોને પીડા થાય તેવી આચરણા પણ કરવી જોઇએ નહીં. પરંતુ સર્વ જીવો ઉપર પોતાના આત્માની માફક પ્રેમ રાખીને તેઓના હિતને માટે વર્તન કરવું. તે સર્વ જીવો અને હું ચૈતન્યરૂપ જ્ઞાન દર્શન ચારિત્ર વીર્ય અનેઉપયોગરૂપ ગુણ સ્વભાવથી સમાન છીએ તેમ જાણવું અને માનવું. **પરમ પૂજ્ય શ્રી યશોવિજયજી વાચકવર** કહે છે કે " **नित्यं विज्ञानमानन्दं ब्रह्म यत्र प्रतिष्ठितं । शुद्धबुद्धस्वभावाय नमस्तस्मै परमात्मने ॥ २ ॥** (પરમાત્મ દર્શન) " આત્મા સત્તાથી નિત્ય જ્ઞાનદર્શન અને આનંદરૂપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચારિત્રથીયુક્ત બ્રહ્મરૂપ ચૈતન્યમય સ્વભાવથી સિદ્ધ છે તે નિશ્ચય નયથી શુદ્ધ જ્ઞાનરૂપ સ્વભાવવંત બુદ્ધજ્ઞાની છે. તે પરમાત્માને નમસ્કાર થાવ." સર્વ આત્માઓમાં સમાન સ્વભાવ સહજ હોવાથી તે પ્રત્યે ઐકયતાભાવ રાખીને મૈત્રી ભાવે જે આત્મા અનુભવ કરે છે વર્તનમાં ભેદ રાખતો નથી તે આત્મા સત્યપ્રેમી જાણવો. તેમજ તેજ આત્મા સર્વ જીવો પ્રત્યે અભેદભાવની દૃષ્ટિથી ઐક્યતાથી જોઈ શકે છે. અન્યને પીડા થાય તેવું કદાપિ કરતો નથી- પણ હિત થાય તેવી પ્રવૃત્તિ ઉપયોગ પૂર્વક કરે છે. તે જ આત્માનું સાચું સ્વરૂપ ઓળખી શકે છે. અને પરમ મહાબ્રહ્મરૂપ શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિના ઉપાદાન કારણરૂપ ભાવ ચારિત્રને પ્રાપ્ત કરીને કર્મના આવરણોને દૂર કરી પરબ્રહ્મરૂપ પરમાનંદનો પૂર્ણ રસ ચાખી શકે છે. એટલે પરમ આનંદનો અનુભવ કરે છે. અને તેજ સત્ય પ્રેમરૂપ પરમ બ્રહ્મ સમજવો ॥ ૯ ॥

## સત્યપ્રેમી મુમુક્ષુઓએ કેવી પ્રીતિ કરવી તે જણાવે છે.

**सर्वे जातीयजीवानां, देहमन्दिरवासिनाम् ।**
**आत्मवद्दर्शनं, नित्यं विशुद्धप्रेमतो भवेत् ॥१०॥**

**અર્થ:**—સર્વ જાતના જીવો કે જે દેહરૂપ મંદિરમાં વાસ કરનારા છે. તેઓને પોતાના આત્મા સમાન જાણવાપણું વિશુદ્ધ પ્રેમ લઈને જ થાય છે. ॥ ૧૦ ॥

**વિવેચન:**—આ જગતમાં જીવો કર્મના યોગથી ચોરાસી લાખ જીવાયોનિમાં ભમે છે. જુદા જુદા આકારના શરીરને ધારણ કરે છે તેમજ કંગાલતા, પરાધીનપણું, ભૂખ. તરસ, તાપ ટાઢ, મહાન વૈભવ, સુખ, દુઃખ વિગેરે ભોગવે છે તે કર્મને લઈને છે. કેટલાક જીવોને પહેરવા કપડાં અને ખાવા માટે અન્ન પણ મળતું નથી ત્યારે કેટલાક જીવોને નવા નવા પોષાક દિવસમાં ત્રણ વખત બદલવા મળે છે. મોજમઝા માણવા મોટર, ગાડી, બલુન વિગેરે અને ખાવા માટે જાત જાતની રસોઈ તૈયાર મળે છે. કેટલાક જીવો જુગટું, વેશ્યાગમન, આદિ પાપાચરણો કરી આબરૂનો નાશ કરે છે. કેટલાક પરસ્ત્રીગમન, ચોરી કરે છે આ બધું મોહરાજાના બળવડે થાય છે. એટલે મોહરાજા જેમ નચાવે તેમ જીવો નાચે છે.

**" विषमा कर्मणः सृष्टिर्दृष्टकर्मउष्ट्रपृष्ठवत् ।**
**जात्यादिभूतिवैषम्यात् करोति तत्र योगिनः ॥**

જાતિ, કુળ, જ્ઞાતિ, સ્વભાવ સંગતિ વગેરેની ઉત્પત્તિનું વિષમપણું એટલે ઉંટની પીઠની જેમ વાંકાપણું કરનાર કર્મરાજાની સૃષ્ટિને જોઇ કયો માણસ ખુશી થાય, કેમકે યોગીઓ તો તેને જોઈને દુઃખ ધારણ કરે છે. આ સર્વ જીવો અને પોતાનો આત્મા સમાન ચૈતન્યવાળો છે. સર્વે પોતાના કરેલા કર્મને યોગે પ્રાપ્ત થએલા દેહમંદિરમાં વાસ કરી રહ્યા છે. આમ છતાં પોતાના તથા બીજાના ચૈતન્યમાં બીલકુલ ભેદ નથી. સર્વ જીવાત્માઓને પોતાના આત્મા સમાન જાણી પોતાના હિત માટે જેમ પ્રયત્ન કરવામાં આવે છે તેવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ રીતે તે સર્વ આત્માઓના હિત માટે હિતબુદ્ધિથી અવશ્ય પ્રયત્ન કરવો જોઈએ. પુણ્યવંત આત્માઓ નિરંતર શુદ્ધ પ્રેમદષ્ટિથી સર્વ જીવોના હિતને માટે પ્રવૃત્તિ કરે છે. ॥ ૧૦ ॥

## પ્રેમનું ફળ.

**सर्वदोषा लयं यान्ति, शुद्धप्रेमप्रभावतः ।**
**यत्र यत्र भवेत्त प्रेम, तत्र तत्र न दुष्टता ॥११॥**

**અર્થ:**—શુદ્ધ પ્રેમના પ્રભાવથી આત્માના સર્વ દોષો નાશ પામે છે. જ્યાં જ્યાં શુદ્ધ પ્રેમ પ્રગટ થાય છે. ત્યાં ત્યાં દુષ્ટતા રહેતી નથી. ॥ ૧૧ ॥

**વિવેચન:**—અહો શુદ્ધ પ્રેમનો કેવો પ્રભાવ છે, કે જે ભવ્ય મહાનુભાવોને તપ, સંયમ, ધ્યાન, અને સમાધિયોગથી પરમ શુદ્ધ પ્રેમ પ્રગટ થએલો હોય તે મહાયોગીને અંતરના અશુભ કર્મ રૂપી સર્વ દોષો લય-ક્ષય પમાડે છે. તેઓનો આત્મા પરમાનંદનો અનુભવ કરાવે છે અને સર્વ જીવાત્માઓના કલ્યાણ માટે દેશો દેશ વિચરીને ભવ્યાત્માઓને મોક્ષ સુખનો પરમ હિતકારી માર્ગ ઉપદેશીને કલ્યાણમય ધર્મમાર્ગમાં પ્રવૃત્તિ કરાવે છે. એટલુંજ નહિ પણ તિર્યંચ પશુ પક્ષિઓ પણ બોધ પામીને પોતાથી શકય પ્રવૃત્તિ આત્મહિત માટે કરે છે. તે શુદ્ધ પ્રેમને લીધે પશુઓ પણ પરસ્પર જન્મથી આવતા જાતિય વૈરો પણ ભૂલી જઇ એક બીજાને સ્નેહ દૃષ્ટિથી દેખનારા થાય છે. તે પ્રત્યક્ષ પ્રભાવ ભગવંત તીર્થંકર, ગણધર, તથા અન્ય લબ્ધિધારી મુનિવરોને હોય છે. જ્યાં આ મહાયોગિવરોને આવો પરમ શુદ્ધ પ્રેમ પ્રગટ થાય છે, ત્યાં માયામય, લોભમય, ક્રોધમય, માનમય કામમય, હિંસામય, ચૌર્યમય, અસત્યમય અને ભયમય દોષો રહેતા નથી. શ્રીમાન્ બલભદ્ર મુનિવર જ્યાં ધ્યાન ધરી રહ્યા હતા ત્યાંના પશુ પક્ષિ હિંસા, ક્રોધ, વૈરનો ત્યાગ કરી મુનિની પાસે બેસી રહેતા હતા. જ્યારે વાઘ અને હરણ પાસે બેસે છે ત્યારે અંતરની દુષ્ટ ભાવના ચાલી ગએલી હોય છે તે સિવાય હરણ જેવું પ્રાણી નિર્ભયતાપૂર્વક વાઘ પાસે બેસી શકેજ નહિં. તે પ્રભાવ શુદ્ધ પ્રેમવંત યોગીમહાત્માના વસ્તુતઃ શુદ્ધ પ્રેમનોજ છે. ॥૧૧॥

## શુદ્ધપ્રેમ પુણ્ય અને મોક્ષ માટે છે.

**सर्वव्यापकरागेण, निन्दादिदोषसंक्षयः ।**
**प्रशस्यप्रेमपुण्याय, मोक्षाय च मनीषिणाम् ॥१२॥**

**અર્થ:**—જે આત્મા પ્રેમ-રાગ ને સર્વ જગત્વ્યાપી બનાવે છે તેને કોઇની નિંદા કે વિકથા કરવાનો દોષ હોતો નથી. તે દોષ તેવા યોગી આત્મામાંથી ક્ષય પામી જાય છે. તેથી તે પ્રેમ પ્રશસ્ય એટલે વખાણવા યોગ્ય હોવાથી પુણ્ય વૃદ્ધિ માટે અને મોક્ષ સુખ માટે પંડિતોને થાય છે ॥ ૧૨ ॥

**વિવેચન:**—જે ભવ્યઆત્માઓને મોહનીય કર્મનો ક્ષય અથવા ઉપશમ જેટલે અંશે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થએલો હોય તેટલા અંશે ગુણગ્રાહકતા પ્રગટ થવાથી સર્વત્ર સમભાવરૂપ મૈત્રીભાવ પ્રગટ થાય છે અને ત્યારેજ સત્ય પ્રેમ–રાગ સર્વ જગત્વ્યાપી બને છે: અને તેથી તે આત્મા કોઇના દોષોને જોતો નથી અને લોકદૃષ્ટિથી નિંદતા પદાર્થમાં પણ ગુપ્ત રહેલા ગુણને દેખે છે.

## શ્રી કૃષ્ણનું દૃષ્ટાંત.

જેમકે કોઈ એક વખત સૌધર્મ ઇંદ્ર પોતાની દેવ પર્ષદા સન્મુખ કૃષ્ણવાસુદેવના ગુણગ્રાહક સ્વભાવની પ્રશંસા કરતા હતા ત્યારે એક દેવને તે શબ્દોની પ્રતિતી ન થવાથી તેણે પરીક્ષા કરવા માટે દ્વારિકાના રાજમાર્ગમાં એક અત્યંત બીભત્સ રૂપવાળું, શરીરમાં કીડાથી ખદબદતું એક કુતરાનું મુડદું બનાવીને મુક્યું. તે સમયે કૃષ્ણમહારાજા પોતાના કુટુંબ પરિવાર, માતાપિતાદિ અને ચતુરંગી સેના સહિત મોટામહોત્સવ પૂર્વક ભગવાન શ્રી નેમિનાથનાં દર્શન માટે જઇ રહ્યા હતા. ત્યાં રસ્તામાં આ કુતરાના મૃત કલેવરને દેખીને કૃષ્ણ મહારાજા તે કલેવર પાસે આવીને કલેવરને જોઈ પોતાના ગુણગ્રાહક સ્વભાવને લીધે કલેવરમાં રહેલા દાંતની શ્રેણિને જોઇ કહેવા લાગ્યા કે આ કુતરાના દાંતની શ્રેણિ કેવી સુંદર છે? જાણે કે દાડમના દાણાની શ્રેણિ જોઇ લો. તેમણે તેમાં ગુણ જોયા અને અન્ય પ્રજાજનોએ દુર્ગંધ આદિ દોષોને જોયા. તેમ સત્યપ્રેમી જગતના સર્વ પદાર્થોમાં જે જે ગુણો હોય તે જોવાની પ્રવૃત્તિ કરે છે. તેથી તેમનામાં દોષ આવતાજ નથી. દોષનો મૂળમાંથીજ ક્ષય થાય છે. અન્યમાં દોષ ન દેખવાથી પોતાનામાં દોષ આવતા નથી અને પૂર્વના દોષો હોય તો તે નાશ પામે છે. આથી તેમને જગતના સર્વ ચેતન અને અચેતન પદાર્થોમાં સમાનભાવ વ્યાપકરૂપ પ્રેમભાવ પ્રગટે છે. અને દોષોનો ક્ષય થાય છે. અને તે વિચક્ષણ મનુષ્યોને પ્રશંસવા યોગ્ય પુણ્યનો હેતુ થાય છે. તેમજ તે પ્રેમ પરમયોગીપુરૂષ પ્રવરોને પ્રાચીન કર્મના ક્ષય માટે થઇને મોક્ષનો લાભ આપે છે. ॥ ૧૨ ॥

## અપ્રશસ્યપ્રેમનું ફળ.

**अप्रशस्येन रागेण, भवे दुःखपरंपरा ।**
**सर्वदुःखविनाशाय, शुद्धप्रेम कुरुष्व भोः ? १३**

**અર્થ**:—નહિં વખાણવા યોગ્ય પ્રેમરાગથી જીવો સંસારમાં દુ:ખપરંપરાને પામે છે. માટે તે સર્વ દુ:ખનો વિનાશ માટે હે આત્મા! તું સર્વત્ર પ્રેમનેજ પ્રગટ કર.

**વિવેચન**—હે! ભવ્યાત્મા તું પુણ્યયોગે માનવનો અવતાર પામ્યો છે. તેમજ તેને યોગ્ય સર્વ સામગ્રી પામ્યો છે. આમ છતાં પણ જો તું હવે ધનસંપત્તિ, સત્તા, વિષયભોગની પ્રાપ્તિ માટે ખોટો રાગ રાખીને અનેક પ્રકારના પાપકર્મ કરીશ; હિંસા, અસત્ય, ચોરી, વ્યભિચાર, અનેક પ્રકારની ઠગાઇઓ, ગરિબોને હેરાનગતિ, માયાવી વ્યાપાર, વિગેરે કરીશ; કન્યા, વારાંગના વિગેરે સેવીશ; અભક્ષ્ય વસ્તુનો આહાર કરીશ; અગમ્ય ગમન કરીશ અને તે ઉપર મોહ–રાગથી પ્રેમ કરીશ તો તારા આત્માને અનેક ભવમાં તિર્યંચ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વનસ્પતિ, ઇયળ, પતંગીઆં, વીંછી, સર્પ, ભૂંડ, કુતરા, બિલાડા, કાગડા, ઘૂવડ, ઇત્યાદિ યોનિઓમાં અવતાર લઇ પરાધીન ભાવે અવાચ્ય અનેક દુઃખો ભોગવવાં પડશે. જો કે આવા દુઃખવાળા અવતારો પૂર્વકાળમાં પ્રાયઃ ઘણી વખત અજ્ઞાનના યોગે પામ્યો હોઇશ. પણ હવે જો તે અવતારો ન ધારણ કરવાની ઇચ્છા હોય તો નહિં વખાણવા યોગ્ય રાગનો ત્યાગ કરી, સર્વ દુઃખોનો અંત લાવનારા શુદ્ધ પ્રેમને પ્રગટ કર. ગુણવંત ગુરુ તેમજ માતા પિતા વિગેરેનો પૂજ્યભાવથી વિનય કરવો, સંત સાધુ, જ્ઞાની આદિનો વિનય બહુ-માન કરી તેમની આજ્ઞા પ્રમાણે આત્મહિત માટે પ્રયત્ન કરવો. ગુણીઓના ગુણના અનુ-મોદન કરવું, પ્રમોદભાવ કેળવવો, દીન દુઃખી પર કરૂણાભાવે દયા કરી તેમના ભલા માટે પ્રવૃત્તિ કરવી. કોઇ ઉપર શત્રુતાથી દ્વેષ ધારણ ન કરવો. આવા શુદ્ધપ્રેમ પૂર્વક ધર્મક્રિયા, અનુષ્ઠાન વિગેરે કરવાથી સર્વ દુઃખ નાશ પામે છે માટે તેવા શુદ્ધ પ્રેમમાં પ્રયત્ન કર. ॥ ૧૩ ॥

## પ્રેમ એજ તપ યોગ વિગેરે છે.

**प्रेम्णा गुणाः प्रजायन्ते, सत्प्रेमैव महातपः**
**सत्प्रेमैव महायोगो, मैत्र्यादिभावमूलकम् ॥१४॥**

**અર્થઃ**—સાચા પ્રેમથી ગુણોની ઉત્પત્તિ થાય છે. સાચો પ્રેમ તેજ મહાતપ છે તેમજ સત્ય પ્રેમ જ મહાયોગ છે. અને તેવો પ્રેમ મૈત્રી આદિ ભાવોનું મૂળ છે. ॥ ૧૪ ॥

**વિવેચનઃ**—ભવ્યાત્માઓમાં ક્ષમા, સરળતા, ત્યાગ, તપ, સત્ય, શૌચ, બ્રહ્મચર્ય, સંયમ, નિર્લેપતા વિગેરે ગુણો આત્મપ્રેમ વિના સંભવતા નથી. તેથી તેવો સાચો પ્રેમ આત્મામાં જીવે પ્રગટ કરવો. તે પ્રેમજ એક પ્રકારનો મહાન તપ છે. કહ્યું છે કેઃ— "**ज्ञानमेव बुधा प्राहुः कर्मणां तापनात्तपः**" મનની વાસનાઓ કે જે આનાદિ કાળથી જીવાત્મા સાથે ચોટેલી છે. તેની ઉપર વિજય મેળવવો અને મનને તેવા પ્રલોભનથી બચા-વવું ઘણું કઠીન છે. આ મનને પ્રલોભનથી બચાવવાથી મલિનતાનો જે રોગ જાય છે તેને પૂજ્યો ભાવ તપ કહે છે. આ પ્રલોભનથી બચવાનું જ્ઞાન તેજ મહાન ભાવતપ છે, સત્ય પ્રેમ એટલે માયા વિનાનો પ્રેમ તે મહાન યોગ પણ છે. કહ્યું છે. "**मोक्खेण जोयणाओ जोगो**" મોક્ષ સાથે ઉપાદાન સંબંધ રૂપે બનીને એકત્વભાવે સંબધ કરાવે તે યોગ. અને તે યોગ આત્માની સત્ય પ્રતીતિ વિના સંભવી શકતો નથી. જ્યારે સત્ય પ્રતીતિ થાય ત્યારે સંસારના ભોગમય વિષયોની રૂચિ ઉડી જાય છે અને પરમાત્મા તથા આત્માને એક-ત્વભાવે કરવા ધર્મધ્યાનરૂપ યોગની પ્રવૃત્તિ સત્યપ્રેમમય બને છે. તેજ પ્રેમ જગતના સર્વ પ્રાણીઓને આત્મવત્ માની તેમના હિત માટે પ્રવૃત્તિ કરાવે છે. "સવિજીવ કરૂં શાસન રસી. એસી ભાવદયા (મૈત્રી) મન ઉલ્લસી" તેથી તે પ્રેમમૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને મા-ધ્યસ્થ ભાવનાને ઉત્પન્ન કરે છે. તેથી તે પ્રેમ તે ભાવનાનું મૂળ ઉપાદાન કારણ છે ૧ ૧૪ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## હવે ઉપમા અને ઉપમેયભાવે પ્રેમસ્વરૂપને જણાવે છે.

शुद्धप्रेमैव सीताऽस्ति, स्वात्मारामः सनातनः ।
आत्मा कृष्णो हरिर्वीरो,:राधा प्रेमैव भास्वती ॥१५॥

**અર્થ**:—સનાતન આત્માને રામ માનો તો શુદ્ધ પ્રેમને સીતારૂપે સમજવી. જો આત્માને કૃષ્ણ માનો તો રાધાને પ્રેમસ્વરૂપે સમજો. જો આત્માને હરિ માનો તો લક્ષ્મીને પ્રેમસ્વરૂપે સમજજો અને તે આત્માને વીર માનો તો જ્ઞપ્તિરૂપ ભાસ્વતી જ્યોતિરૂપ યશોદા પ્રેમસ્વરૂપે સમજજો ॥ ૧૫ ॥

**વિવેચનઃ**—સત્ય પ્રેમ અને આત્માના સંબંધને ઉપમા, ઉપમેયભાવે વિચાર કરતાં ચેતનના સ્વામિ આત્મા જે શુદ્ધ સ્વરૂપ આત્મગુણોમાં રમણતા કરે તે "રામ" કહેવાય અને સર્વસત્વો પ્રત્યે આત્મભાવનો જે પ્રેમ તે "સીતા" કહેવાય. આવું આત્મરૂપ રામ અને સત્ય પ્રેમરૂપ સીતાનું સ્વરૂપ સ્વભાવથી પવિત્ર છે. એટલે સનાતન શુદ્ધ છે. જો આત્માને કૃષ્ણ કહેવો હોય તો અનાદિકાળથી લાગેલા કર્મસમૂહરૂપ શત્રુને કાપી નાખે તે આત્મા "કૃષ્ણ" કહેવાય. તેમજ સર્વ સત્વો ઉપરની મૈત્રિભાવના રૂપ જે પ્રેમ તેને સનાતન સ્વરૂપની રાધા માનવી. અને આત્માને જો વીર મહાવીર પરમાત્મા માનવા હોય તો આત્મામાં રહેલ નિરાવર્ણરૂપ જે સનાતન શુદ્ધજ્ઞપ્તિ કે જે સર્વ સત્વને પ્રબોધન કરનારી પ્રકામાન ભાસ્વતી યશોદા દેવી રૂપ પ્રેમમય ચૈતન્ય શક્તિ જાણવી. અને જો હરિ આત્મરૂપ માનો તો સર્વ જીવોના અપાય (દુઃખ) ના હરનારા જે હરિ તેની જ્ઞાન દર્શન, ચારિત્ર, વીર્ય ઉપયોગમય પ્રેમપરિણતિ લક્ષ્મી સત્ય ઉપર પૂર્ણ ઉપકાર કરતી હોવાથી પ્રેમલક્ષ્મી સમજવી. એમ વિવેકથી વસ્તુ સ્વરૂપ આત્મા અને પ્રેમસ્વરૂપનો કથંચિત્ ભેદાભેદભાવે પુરુષ પ્રકૃતિભાવે સંબંધ ઘટાવવો પણ યોગ્ય છે. ॥ ૧૫ ॥

पृथ्वीरूपाऽस्ति सत्प्रीति–र्धर्मयोनिर्हि शाश्वती ।
नभोरूपः सदात्माऽस्ति, ज्ञानलिङ्गः सनातनः ॥१६॥

**અર્થ**:—પૃથ્વી રૂપે તમે સત્ય પ્રીતિને જાણો અને ધર્મ શાશ્વતયોનિ રૂપ જાણો. તેમજ નભ–આકાશરૂપ શુદ્ધ આત્માને જાણો અને તે આત્મજ્ઞાનથી સમજાય તેવો સનાતન છે.

**વિવેચન**—જેમ પૃથ્વી અનેક જડી, બુટ્ટી, હીરા, મોતી, માણેક, પ્રવાલ વનસ્પતિ વગેરેને જન્મ આપે છે તેમ જ્ઞાનલિંગવાળા આત્માની રાણીરૂપ સત્પ્રીતિ અનેક ભાવ ધર્મને પ્રકટાવે છે તેમ જાણવું. ॥ ૧૬ ॥

## હવે શ્રી મહાદેવ પાર્વતીની ઉપમા વડે આત્મા અને પ્રેમસ્વરૂપને જણાવે છે.

शुद्धात्मा महादेवः, सत्प्रीतिः पार्वती शुभा
जीवानां देहरूपेषु, मंदिरेषु विराजते ॥१७॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ:**—શુદ્ધ આત્મા તેજ શ્રી મહાદેવ સમજવા અને સત્પ્રીતિ તેને ભગવતી પાર્વતી માનવી તે બન્ને જીવોના દેહરૂપ મંદિરમાં વસી રહ્યા છે. ॥ ૧૭ ॥

**વિવેચનઃ**—મહાદેવે ત્રીજા લોચનને ઉઘાડી કામદેવ અને સંસારને બાળી નાંખ્યો તેમ જે લોકોમાં કહેવાય છે. તે મહાદેવને શ્રી પાર્વતી નામની દેવી છે. તેમ આત્મા પણ સદ્‌વિવેક રૂપ ત્રીજા લોચન વડે અનંતાનુબંધીકષાયરૂપ ચોકડીને અપૂર્વકરણરૂપ વિવેક-વડે—કરણવડે ભેદીને સમ્યગ્દૃષ્ટિ પામે છે. આ આત્મારૂપ મહાદેવ સર્વ જગતના આત્માઓ ઉપર સમાનભાવરૂપ પ્રીતિરૂપ પાર્વતીને પ્રાપ્ત કરે છે. આત્મામાં આવું મહાદેવત્વ અને પાર્વતીત્વ સર્વ દેહધારી સંસારી જીવોમાં સત્તાથી સહજભાવે આનાદિકાળથી રહેલું છે. આત્મા મહાદેવ થવા યોગ્ય છે અને તેની જ્ઞાનચેતના સર્વપ્રાણી પ્રત્યે વાત્સલ્ય ભાવ રાખનારી હોવાથી પાર્વતીરૂપે છે, કહ્યું છે કે **"जीवो वै शिवो जायते"** જે જીવ છે તેજ શિવ થાય છે અને ચેતનારૂપ જ્ઞાનશકિત જગત ઉપર વાત્સલ્યભાવવાળી ભવાની =પાર્વતી ભગવતી બને છે તેમ નિશ્ચયથી સમજવું. ॥ ૧૭ ॥

### આ પ્રેમયોગનું ફળ કહે છે.

**स्वार्पणं प्रेमयोगेन, मुक्तिसात्त्विकरागतः।**
**शुद्धप्रेमविहीना ये, निर्जीवा नीरसा जनाः ॥१८॥**

**અર્થ:**—સાત્વિક રાગ—પ્રેમયોગથી જે આત્મા પૂજ્ય દેવ ગુરુઓને પોતાના આત્માનું સમર્પણ કરે છે. તે આત્મા મુક્તિ મેળવે છે. પણ જેઓ તેવા પ્રેમ વિનાના છે તે રસ વિનાના હોવાથી, વસ્તુતઃ જીવન વિનાનાજ સમજવા. ॥ ૧૮ ॥

**વિવેચનઃ**—જે આત્મા પૂજ્ય ગુરુઓના ગુણને જોઇ, તેમને પ્રમોદ પૂર્વક પોતાના આત્માનું શુદ્ધ પ્રેમભાવ પૂર્વક સમર્પણ કરે છે. અને જે ગુરુભકિતમાં તલ્લીન રહે છે. ગુરૂ આજ્ઞાને જ મહાસત્ય સમજે છે. પોતાના જ્ઞાનનું અભિમાન ત્યાગ કરી ગુરૂ આજ્ઞાનેજ 'તહત્તિ'રૂપ સ્વીકાર કરે છે. તેવા આત્માઓ ગૌતમસ્વામિની પેઠે પરમપદ રૂપ આઠ કર્મના ક્ષયથી પ્રાપ્ત થનારી કૈવલ્યમય મુકિતને અલ્પ પ્રયાસે પામે છે. આના ઉપર ભગવાન ગૌતમ ઇંદ્રભૂતિનું દૃષ્ટાંત વિચારવું. તેમનો પ્રેમ એવો હતો કે પોતે મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવજ્ઞાનવંત છે. શ્રુતજ્ઞાનના તો પૂર્ણ પારંગત હોવા છતાં પણ જ્યારે અને જે જે સંશય ઉત્પન્ન થાય ત્યારે તેનો ઉત્તર ભગવાન મહાવીર પાસેથી જ મેળવે. નાના બાળક જેવી સરળતા અને મૃદુતા તેમનામાં હતી. જ્ઞાન કે ચારિત્રનું અભિમાન જરા પણ નહોતું, ગુરૂ આજ્ઞા ઉપર સંપૂર્ણ વિશ્વાસ અને આજ્ઞા મળતાની સાથે તે કાર્ય કરવા માટેની અત્યંત ઉત્કંઠા. ગુરૂસેવાનો તેમની પાસે અપૂર્વ કર્મયોગ હતો. ગુરૂ ઉપર પ્રેમ પણ એટલો કે જ્યારે મહાવીર સ્વામિ ભગવાન મોક્ષ ગમન કરી ગયા ત્યારે ગૌતમસ્વામિ ભગવંતને તેમનો વિરહ સહેવાણો નહિં. પણ તેજ ગુરૂના વિરહનો ખેદ કરતાં પોતાને કૈવલ્યજ્ઞાન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાપ્ત થયું અને અંતે મુક્તિસુખને પામ્યા, તેમનાંમાં સાત્વિક પ્રેમ હતો. માટેજ રાજસ્, તામસ, વિકારમય જે પ્રિતી ન હોય અને સત્ય ગુણના રાગમય જે પ્રીતિ હોય તે સાત્વિકી પ્રીતિ કહેવાય છે અને તેજ પ્રીતિ ગૌતમ સ્વામિની પેઠે મોક્ષ માર્ગમાં ગમન કરાવે છે. આવા ગુણાનુરાગ વિના શુદ્ધ પ્રેમ વિના જે જીવો જગતમાં છે તે પશુમયજ જીવન જીવે છે. તેમના જીવનમાં કાંઈ અધ્યાત્મ ભાવનો રસ–આનંદ નથી હોતો. તેથી તેમનું જડતા-વાળું જીવન હોવાથી તે નિર્જીવ:જીવો જાણવા. ॥ ૧૮ ॥

**प्रेमरूपा सद्भक्ति--रात्मवद् विश्वदर्शिका ।**
**पिण्डब्रह्माण्डयोरैक्यं, जायते नैव संशयः ॥ १९ ॥**

**અર્થ:**—પ્રેમરૂપ સદ્ભક્તિ જે આત્મામાં હોય તે આત્મા સર્વ વિશ્વને આત્મા સમાન દૃષ્ટિથી જુએ છે. તેથી આત્માપિંડ અને બ્રહ્માંડને ઐક્ય ભાવે સંશયવિના નિશ્ચયથી અનુભવે છે ॥ ૧૯ ॥

**વિવેચન:**—જે યોગીઓ મૈત્રી, પ્રમોદ, માધ્યસ્થ અને ઉપેક્ષારૂપ ભાવથી યુક્ત થઈને સર્વ ગુણથી પૂર્ણ વિકસ્વર થઈને જીનેશ્વરો, ગણધરો, કેવલીઓ, પૂર્વધરો, આચાર્ય, ઉપાધ્યાય, સાધુઓના ગુણ, અનુષ્ઠાન, ક્રિયા, ક્ષમા, આર્જવ, માર્દન આદિ ગુણની અનુમોદના કરતા સદ્ભક્તિ યુક્ત પ્રેમભાવ પ્રગટાવતા હોય છે તે સર્વ ચરાચર જગતરૂપ વિશ્વને પોતાના આત્માસમાન ભાવે લેખે છે. કારણ કે તેમને પોતાના આત્મ પ્રદેશ રૂપ જે પિંડ છે તેમાં જે જે સહજ ભાવથી શક્તિ રહેલી છે તેવીજ શક્તિ સર્વ ચેતન બ્રહ્માંડમાં પણ નિશ્ચય થી અવશ્ય રહેલીજ છે. તેમ અનુભવાય છે. ॥ ૧૯ ॥

**आत्ममनःशरीरेषु, प्रेमाविर्भावता भवेत् ।**
**आनन्दोल्लासरोमाञ्चो--द्भवस्तेन प्रजायते ॥ २० ॥**

**અર્થ:**—આત્મા મન અને શરીરમાં જે પ્રેમનો પ્રગટ ભાવ થાય છે તેનાથી એવો આનંદનો ઉલ્લાસ પ્રગટે છે કે જેથી શરીરમાં રૂંવાડાં વિકસ્વર થાય છે કે જાણે તે દ્રવ્ય-આનંદ બહાર આવતો હોય તેમ જણાય છે. ॥ ૨૦ ॥

**વિવેચન**—જે ભવ્યાત્મા યોગી પુરૂષને આત્માના સહજ ભાવથી મન; વચન અને કાયામાં પરમાર્થિક શુદ્ધ પ્રેમ પ્રકટે છે તેઓને પરમ પૂજ્ય વિતરાગ પરમાત્મા, શુદ્ધ આત્મભાવના ચારિત્રવંત પૂજ્ય ગુરુઓ, સત્યદેવ, ગુરુ, ધર્મની શ્રદ્ધાવાળા શ્રાવક, શ્રાવિકા તેમજ ભદ્ર સ્વભાવના અન્ય ધર્મવંત આત્માઓ પ્રત્યે અત્યંત પ્રેમ પ્રકર્ષ વધે છે. તેથી સર્વ સામાન્ય જીવાત્માઓ પર મૈત્રી અને કરૂણાભાવમય પ્રેમ જાગે છે. તેના યોગે પોતાથી તેઓનું જેટલે અંશે ભલું થાય છે તેટલે અંશે તેમને આનંદનો ઉલ્લાસ હ્રદયમાં જાગે છે. ભગવંત તિર્થંકરોને પૂર્વન ત્રીજા ભવમાં જ્યારે પ્રમોદપૂર્વક મૈત્રીયુક્ત પ્રેમ પ્રગટ થાય છે. ત્યારે તે મહાનુભાવોને આખા ચરાચર જગતને સર્વ પ્રકારે હું સુખમય કેમ કરૂં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓના દુઃખોનો અંત કેમ લાવું. "**माकार्षी–कोऽपि पापानि, मा च भूत्कोऽपि दुःखितः**" એવી ભાવના પરમશુદ્ધપ્રેમથી પ્રકટે છે. તેઓને તે વખતે હર્ષનો એવો અવિર્ભાવ થાય છે કે તેના પુણ્યવડે તિર્થંકરનામગોત્રરૂપ કર્મને નિકચિતભાવે પ્રકટાવે છે. અને તેના ઉદયથી સર્વ જગતના પ્રાણીઓને પરમ કરૂણામય ભાવ મૈત્રીરૂપ પ્રેમથી પરમ સુખમય મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ કરાવે છે. તે પરમશુદ્ધભાવ પ્રેમના યોગે તેમના વચન શ્રવણ, અને મુખ દર્શનથી લોકોને પરમ આહ્લાદ પ્રકટે છે. તે દીલમાં સમાતો ન હોવાથી રોમહર્ષ વડે બહાર આવે છે. જેમકે કદંબના પુષ્પને મેઘધારાના સીંચનથી પ્રફુલ્લતા આવે છે તેમ હર્ષવંત આત્માને શરીરના રોમ રૂપ કુપસ્થંભો ખીલીને ઉભા થઈ જાય છે. તેવો આનંદ સત્ય પ્રેમના પ્રભાવથી થાય છે. ॥૨૦॥

## જગતમાં પ્રાણીઓને વિષમય પ્રેમ હોય છે અને વિવેકવંત ધર્મી આત્માઓને નિર્વિષ પ્રેમ હોય છે- તે જણાવે છે.

**प्रेममूलं सुदाम्पत्यं, मित्रत्वं धर्मभावना ।**
**सम्बन्धाश्च विबोद्धव्याः, सम्यक्त्वधर्महेतवः ॥२१॥**

**અર્થઃ**—સંસારીઓને સારૂં દંપતિ જીવન તે બાહ્ય પ્રેમના મૂળરૂપ છે અને મિત્રતા, ધર્મભાવના, અને સંબંધો સમ્યગ્ ધર્મની પ્રાપ્તિના હેતુરૂપ જાણવા. ॥ ૨૧ ॥

**વિવેચનઃ**—પરસ્પર એક બીજાને આત્મભાવનો અભેદ પ્રેમ હોય, એક બીજાને સુખે સુખી અને દુઃખે દુઃખીનો ભાવ આવતો હોય, ત્યાં વિષયમય અશુદ્ધ પ્રેમ સેવવા છતાં પણ દામ્પત્ય ગણાય. અને તેમાં વ્રત, નિયમ, તથા ચારિત્ર સ્વભાવનો યોગ્ય અનુકુળ મેળ આવતો હોય તો સુદામ્પત્ય જાણવું. અને તે સાચા પ્રેમથી સંભવે છે. તે પ્રેમ યાવત્ જીવ સુધી રહે છે એટલુંજ નહિં પણ ભવાંતરમાં પણ એકબીજાને પ્રેમ–સ્નેહથી મળવા ઇચ્છે છે સત્ય પ્રેમમય મિત્રત્વપણું એક બીજા આત્માઓ સુખ દુઃખમાં ભાગ લઇને મિત્રને દુઃખ મુક્ત કરવા આત્મ સમર્પણ કરે છે. જેમકે લંકાપતિ વિભિષણ રામ લક્ષ્મણને માટે રાવણ જેવા બળવાન ભાઇનો ત્યાગ કરી ભાઇથી વિરૂદ્ધ થઇ શ્રીરામ લક્ષ્મણની સેવામાં હાજર થયો. તેમજ રાજા રાવણને પણ રામ લક્ષ્મણ સાથે નહીં લડવા માટે સમજાવ્યો અને તેને કહ્યું કે 'તમો સીતાને પાછી રામને સોંપી દો. નહિંતર હું તમારો ભાઇ નથી.' તે મિત્રતાનો પ્રેમ સમજવો, ત્રીજો ભેદ ધર્મભાવના રૂપ પ્રેમ નિશ્ચયથી ધર્મ એટલે આત્મસ્વરૂપ આત્માનું ચૈતન્ય ગણાય તે ઉપર સર્વ સમ્યક્ત્વવંતને નિશ્ચયથી અવશ્ય પ્રેમ હોય છે, વ્યવહારથી ધર્મમાં જાગૃતિ કરવા માટે જે સંકલ્પ થાય તે ધર્મભાવના કહેવાય. તેમજ સમાન દેવ, ગુરૂ ધર્મતત્વ વિચાર જેઓમાં હોય, વ્રત પચ્ચક્ખાણમાં સમાનતા હોય, તે સાધાર્મિક કહેવાય. તેમનું સન્માન, સત્કાર, બહુમાન કરાય, તેમના ઉદય માટે જે પ્રયત્ન તે ધર્મ સંબંધનો વધારો કરનારો થાય છે. સમ્યક્ત્વ ગુણની શુદ્ધતા કરનારો થાય છે. તેથી આવો સાધર્મિક ભાવનો જે સત્યપ્રેમ તે પણ સમ્યક્ત્વમાં અવશ્ય હેતુ બને છે. ॥ ૨૧ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



दयादिधर्मभावानाम्, मूलं प्रेमास्ति भूतले ।
देवगुर्वादिषु प्रेम, जायते भव्यदेहिनाम् ॥२२॥

**અર્થ**:—દયાદિધર્મની ભાવના જે જગતમાં ભવ્યાત્માઓમાં અનુભવાય છે. તેનું મૂળ પ્રેમ જ છે તેના યોગે દેવ, ગુરુ અને ધર્મ ઉપર ભવ્યજીવોને પ્રેમ ઉત્પન્ન થાય છે. ॥ ૨૨ ॥

**વિવેચન**:—જગતના સર્વ જીવો પ્રત્યે અહિંસારૂપ દયા રાખવી, સત્ય વચન બોલવું, ચોરી ન કરવી, વ્યભિચારનો ત્યાગ કરવો, પરિગ્રહ ઉપર નિયમન કરવું. રાત્રિ ભોજન અને અભક્ષ્યનો ત્યાગ કરવો. કારણ વિના પાપમય કાર્યોનો આરંભ ન કરવો, ચોરીનો માલ વેચાણ લેવો નહિં તથા સંઘરવો નહીં, ચોરી કરવા માટેનાં સાધનો ભાડે આપવાં નહિં તેમજ વેચવાં નહીં. નિત્ય સામાયિક કરવું. આત્મશુદ્ધિ માટે યોગ્ય નિયમો પાળવા, પોષધ વ્રત કરવું. સાધુ સાધ્વીને યથાશક્તિ દાન કરવું, શ્રાવક શ્રાવિકાની સત્કારપૂર્વક ભક્તિ કરવી. પૂજન કરવું અને સર્વ તિથીએ બ્રહ્મચર્યને ધારણ કરવું, એકાશણું, નિવી, આંબિલ, ઉપવાસ આદિ યથાશક્તિ તપ કરવો, તીર્થયાત્રા કરવી, વેપાર લેવડદેવડમાં પ્રામાણિક્તા રાખવી, નિત્ય દેવપૂજા, ગુરૂભક્તિ કરવી, ગુરૂ ઉપદેશ સાંભળવો. વગેરે મૂલવ્રત, ગુણવ્રત, શિક્ષાવ્રત આદિ જે નિયમો લેવાય છે તે બધા ભાવો ભવ્યાત્માઓને આત્મ પ્રેમથી જ થાય છે. ॥૨૨॥

**આ પ્રેમનું પ્રાગટ્ય સત્યજ્ઞાન રૂપ વિવેક વિના ન સંભવે માટે જ્ઞાનનું સ્વરૂપ બતાવે છે.**

शुद्धप्रेम तथा ज्ञानं, सर्वदोषनिवर्तकम् ।
ज्ञानं शुष्कायते प्रेम्णा, विना सर्वत्र सर्वदा ॥२३॥

**અર્થ**:—શુદ્ધપ્રેમ તથા જ્ઞાનથી સર્વે દોષો નાશ પામે છે. તે જ્ઞાન જો પ્રેમવિનાનું લુખું હોય તો તે જ્ઞાન સુકું રસ વિનાનું થઇ જાય છે. એટલે કે અજ્ઞાન રૂપે પરિણમી જાય છે. ॥ ૨૩ ॥

**વિવેચન**:—આત્મા સ્વપર વસ્તુનો ભેદ જાણી શકવાને સમર્થ બને અને જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષરૂપ તત્વોના સ્વભાવને સમજે તેમજ આત્માને જેથી સંસારમાં રખડવાનું થાય છે તેવા પાપારંભમય કર્મના જે બંધરૂપ હેતુઓને જાણે અને તેથી સ્વપરના ભેદની વહેંચણીરૂપ વિવેકને આદરે આવું જ્ઞાન ભવ્યાત્માઓને અવશ્ય વખાણવા યોગ્ય થાય છે. પરંતુ તેવા જ્ઞાનયુક્ત હોવા છતાં જો તેમાં આત્મા પ્રત્યે સત્ય તાત્વિક પ્રેમ હોય તોજ તે પોતાની શક્તિ અનુસારે વ્રત નિયમ લઇ અન્યજનોનો પણ દયાભાવથી ઉદ્ધાર કરે છે. પશુપંખીની હિંસા બંધ કરાવે છે અને તેઓને દુઃખત્રાસથી મુકાવે છે. તેવા આત્માનો પ્રેમ સત્યજ્ઞાનયુક્ત છે તેમ સમજવું. પણ તે જ્ઞાન જો ફક્ત ચર્ચા માટેજ હોય તો તેનું કોઇ પણ ફળ ન હોવાથી કંઠનો શોષ કરનારૂં જ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિવડે છે. તેવા બકવાદ માત્રના જ્ઞાનથી કોઇ પણ કામમાં કોઇને પણ ફાયદો થતો નથી. ॥ ૨૩ ॥

**कृत्रिमं प्रेम संतज्य, सत्यप्रेम भजस्व भोः !।**
**सात्विकं प्रेम लब्ध्वा त्वं, यास्यसि शाश्वती गतिम् ॥२४॥**

**અર્થ**:—તેથી હે ભદ્ર? તું બનાવટી પ્રેમનો ત્યાગ કરીને સત્ય પ્રેમને ધારણ કર, કારણકે સાચો સાત્વિક પ્રેમ જેને પ્રાપ્ત થાય છે તેઓજ પરમ આનંદમય શાશ્વતી મોક્ષગતિને પ્રાપ્ત કરે છે. ॥ ૨૪ ॥

**વિવેચન**:—હે ભવ્યાત્માઓ તમે અવ્યાબાધ, સત્ય આનંદ મેળવવા ઇચ્છતા હો તો અન્યને છેતરવારૂપ બનાવટી સ્નેહ સંબંધ કરશો નહીં. કારણકે બનાવટી પ્રેમ સત્ય સુખ અને શાંતિ આપવા સમર્થ નથી. જેમ રાજકુટુંબોમાં રાજા તથા પોતાના ભાઇઓ એક બીજાનો નાશ કરવાની ભાવનાવાળા હોવા છતાં પણ ઉપરથી અત્યંત પ્રેમ વિનય દેખાડે છે પણ તેઓને સત્ય શાંતિ આપનાર (સાચો પ્રેમ ) થતો નથી. તેવી રીતે તમો જો સદ્ગુણ સંપન્ન પરમ ઉપકારક પૂજ્ય ગુરૂઓ તથા પરમ વીતરાગ પરમાત્મા તિર્થંકરદેવો અને તેમનાથી ઉપદેશ કરાએલા પારમાર્થિક ધર્મ ઉપર અંતરમાં કપટ રાખી બાહ્યભાવે વિનય ભકિતનો દેખાવ કરશો અને હૃદયમાં સત્ય પ્રેમ નહિં હોય તો આત્માના કરેલા તપ, જપ, ક્રિયા, અનુષ્ઠાન પરમાર્થીક સત્ય પ્રેમને આપી શકશે નહીં. માટે તેવા કૃત્રિમ પ્રેમનો ત્યાગ કરી શુદ્ધપ્રેમ ધારણ કરી, દેવપૂજા, ગુરૂભકિત, તપ, સંયમ, ત્યાગ, દાન, સન્માન, વિનય, વૈયાવૃત્ય જ્ઞાનાભ્યાસ શ્રદ્ધાપૂર્વક કરવાથી અવશ્ય મોક્ષ પ્રાપ્તિમાં ઉપાદાનભાવે નિમિત્તભાવે મોક્ષ પ્રાપ્તિના હેતુમાટે થશે તેથી હે ભવ્યાત્મા! કપટનો ત્યાગ કરી સત્ય સાત્વિકભાવ યુક્ત પ્રેમને પ્રગટાવી દેવ ગુરૂ ધર્મને માટે આત્માને સમર્પણ કરી સર્વ જીવો પર મૈત્રીભાવ ધારણ કરી દેવ ગુરૂ પર પ્રમોદભાવ કરી મોક્ષનું શુદ્ધ ધ્યેય રાખી અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરવા પુરૂષાર્થ વાપરો તેથી શાશ્વતી મોક્ષની સુખસંપદા પ્રગટ કરનારી ગતિને પ્રાપ્ત કરશો. ॥ ૨૪ ॥

**अगम्यः प्रेमधर्मोऽस्ति, केचिज्ज्ञानन्ति योगिनः ।**
**जानतामपि लोकानां, कश्चितं याति वस्तुतः । २५**

**અર્થ**:—મનુષ્ય લોકમાં જીવોને પ્રેમ ધર્મ સમજી શકાય તેવો નથી, કોઇક યોગી લોકોજ તેને જાણે છે. તેમાં પણ–જાણનારામાં પણ કોઇકિ જ યોગી તે પ્રેમધર્મના સ્વરૂપને પ્રાપ્ત કરે છે ॥ ૨૫ ॥

**વિવેચન**:—આ સંસારમાં વસતા સર્વ પ્રાણીઓમાં કોઇ પણ પ્રકારના રાગ તો અવશ્ય રહેલાજ છે. દેવ અને મનુષ્યો પણ પ્રેમની ચાહના કરે છે પશુ પક્ષીઓમાં પણ પ્રેમ હોય છે. પ્રેમ એટલે વસ્તુને મેળવવાની તીવ્ર ઇચ્છા. પ્રેમ એટલે સ્ત્રી પુરૂષોનો વ્યભિચાર, પ્રેમ એટલે તે વસ્તુનું વહાલાપણું આવો અર્થ કુત્સિત ભાવે અજ્ઞાની આત્માઓ કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેટલાક પ્રેમ શબ્દનો અર્થ સમાન આચાર વિચારવાળા મનુષ્યોનું સંગઠ્ઠન કરવું તેવો કરે છે. તે પ્રાયઃ સ્વાર્થમયજ હોય છે. ત્યારે આત્મયોગીઓ પરમાત્મા અને આત્માનું અભેદભાવે એકત્વ કરવું તેવો પ્રેમનો અર્થ કરે છે. તેથી તે પ્રેમ શબ્દના અનેક પર્યાય વાચક શબ્દ થાય છે.**શ્રીમાન્ હેમચંદ્ર સૂરીશ્વરજી મહારાજ અભિધાન ચિંતામણિ કોષમાં જણાવે છે કેઃ— आल्हादः प्रमोदः प्रमदो मुत् प्रीत्यामोदः संमदः ॥**

**एवं आनन्दो नन्दस्तु हर्षश्चित्तप्रसन्नता** ૩૧૫–૩૧૬ ॥

**અર્થ**:—આહ્લાદ, પ્રમોદ, પ્રમદ, મુદ્, પ્રીતિ, આમોદ, સંમદ, આનંદ, નંદ, હર્ષ, ચિત્તની પ્રસન્નતા વગેરે પ્રેમના પર્યાયો છે. તેમજ ૧૩૭૭મા શ્લોકમાં **"स्नेहः प्रीतिः प्रेम हार्दं"** "સ્નેહ, પ્રીતિ, પ્રેમ, હાર્દ" પણ પ્રેમનાજ પર્યાયો છે. તે સિવાય લોકમાં પ્રેમના અર્થમાં રાગ, માયા અને મોહ પણ વપરાય છે. આમ પ્રેમ શબ્દનો તેના પ્રેમી લોકો જેવી વિષય પ્રવૃત્તિ કરતા હોય તેવો અર્થ કરે છે. તેથી પૂજ્યપ્રવર ગુરૂદેવે પ્રેમધર્મનું એટલે પારમાર્થિક પ્રેમધર્મનું સ્વરૂપ અગમ્ય જણાવ્યું છે તે યોગ્ય છે. જગતમાં લોકો પ્રેમ પ્રેમ કરે છે. વિષયલીલાના વચનો પણ પ્રેમ કહેવાય છે. વ્યભિચારમાં પ્રવૃત્તિ તેને પણ પ્રેમ કહે છે, ધન પ્રાપ્તિ માટે સમુદ્રમંથન કરે તેને પણ પ્રેમ કહેવાય છે, રૂપ, રસ, ગંધાદિ વિષયોમાં પ્રવૃત્તિ, નાટક, ચિત્ર, નૃત્યદર્શનમાં પણ અલ્પ વિચારશક્તિવાળા મનુષ્યો પ્રેમ કહે છે. પરંતુ વાસ્તવિક પ્રેમ સ્વરૂપને ઓળખી શકતા નથી. કોઇક યોગી મહાત્માઓ આત્મા, પરમાત્મા અને પર પુદ્ગલના સ્વરૂપને યથાર્થ જાણે છે સર્વ જીવોને પોતાના સમાન માની પ્રેમના પાત્ર ગણે છે. કર્મ પુદ્ગલોના સહકારથી પરણિતિ ભેદ હોવા છતાં ક્રિયા ભેદ પણ સંભવે છે તો પણ આત્માના ગુણોનું સમાનત્વ હોવાથી પોતાના સમાન ગણે છે, તેઓના પ્રત્યે મૈત્રીભાવ માને તેવા યોગીઓ પ્રેમના સત્ય સ્વરૂપને યથાર્થરૂપે જાણે છે. પણ તેમાંથી કોઇ ઉચ્ચ કક્ષાને પામેલ યોગી પરમાત્મ સ્વરુપ આત્માની ઉપર પ્રેમ પ્રગટ કરી પુરૂષાર્થ યુક્ત આચરણા કરી અન્ય આત્માઓને તેવી મોક્ષ માર્ગની આચરણામાં જોડીને સત્ય પ્રેમને થોડાકજ યોગીઓ પ્રાપ્ત કરી શકે છે, તેથી તે સત્ય પ્રેમનું પરમાર્થિક ફળ સર્વ કર્મમળથી રહિત થવું તે છે અને તેવા ફળને થોડાકજ પામે છે. ॥ ૨૫ ॥

**शुद्धानन्दो न यत्राऽस्ति तत्र प्रेमविकारता ।**

**विशुद्धप्रेम यत्राऽस्ति तत्रानन्दः स्फुटो भवेत् ॥२६॥**

**અર્થ**:—જ્યાં શુદ્ધ આનંદ નથી ત્યાં પ્રેમમાં પણ વિકારીપણું આવે છે પણ જ્યાં શુદ્ધ આત્મિકભાવનો નિર્વિકાર યુકત પ્રેમ હોય છે ત્યાં પ્રકટભાવે આનંદ અનુભવાય છે. ॥૨૬॥

**વિવેચનઃ**—આત્મામાં ગુરૂ શિષ્ય ભાવનો અથવા પ્રભુસેવક ભાવનો, પિતા પુત્રભાવનો, પુરૂષ સ્ત્રીભાવનો, બંધુત્વ, મિત્રભાવનો, પરસ્પર શુદ્ધ કપટ વિનાનો, સ્વાર્થ સાધકતા વિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાનો, સેવ્ય સેવકભાવમય હાર્દિક આનંદ અનુભવાતો ન હોય ત્યાં વસ્તુતઃ તેઓના પ્રેમમાં વિકારતા સ્વાર્થતા રહેલી સમજવી. જો કે સંસારમાં તેઓનું વ્યવહારિક ગાડું ચાલે છે તો પણ ખરે સમયે જો વાતચિત્તમાં વિચારભેદ પડે અથવા પરસ્પર કુશંકા ઉત્પન્ન થાય તો તે બનાવટી પ્રેમ ટકી શકતો નથી અને તેમાંથી ઝઘડાની ભયંકર હોળી સળગી ઉઠે છે. પણ જ્યાં સત્ય પૂજ્ય પૂજકભાવનો અભેદભાવ રૂપ નિર્વિકાર પ્રેમ હોય. મન, વચન, કાયાની નિર્વિકારતા યુક્ત શુદ્ધતા હોય, પરસ્પર સ્વાર્થ ન હોય, તેવો શુદ્ધ પરમ શુદ્ધ પ્રેમ નિરંતર આનંદની વૃદ્ધિ કરતો છતો પરમાનંદતા માટે નિમિત્ત કારણ પણ થાય છે. શ્રી મહાવીરદેવ ઉપર શ્રી ગૌતમસ્વામિનો અને પરમપુરૂષાદાની શ્રી અરિષ્ટનેમિ પ્રભુ ઉપર શ્રીમતી રાજેમતીનો પ્રેમ વિશુધ્ધ પ્રેમ મોક્ષનો હેતુ બન્યો. ॥ ૨૬ ॥

**विशुद्धप्रेमतानस्य, प्राकट्यं प्रेमयोगिनाम्**
**हृत्सु संजायते:रूप–वित्तदिमोहमन्तरा ॥२७॥**

**અર્થ**:—પ્રેમ યોગીઓના હૃદયમાં વિશુદ્ધ પ્રેમ પ્રકટે છે કે જે પ્રેમમાં રૂપ, વિત્ત આદિ વસ્તુઓ પર જરા પણ મોહ હોતો નથી. ॥ ૨૭ ॥

**વિવેચનઃ**—જગતમાં સાચા પ્રેમયોગીઓને મન, વચન, કાયાની પરમ શુદ્ધતા હોવાથી મનમાં સ્ત્રી, ધન, ઘર, પુત્ર પરિવાર વગેરેના રૂપ, રંગમય શૃંગાર રસમાં વિકારમય ભાવનો અભાવ હોય છે. વચન પણ મિષ્ટ ભાષાનાં અને ધર્મ પ્રેરક હોય છે. કાયામાં બ્રહ્મચર્યનું તેજ હોવાથી સર્વત્ર રાગદ્વેષના કારણોનો અભાવ હોય છે. તેમજ માયાનું નામ પણ હોતું નથી. તેવા પ્રેમ યોગીઓ જગતના સર્વ જીવો ઉપર હિત ભાવનામય મૈત્રીને ધારણ કરતા હોવાથી તેમનામાં રહેલો વિશુદ્ધ પ્રેમના તાનમય રસને પ્રગટપણે અનુભવાય છે. ॥ ૨૭ ॥

**परस्परं हि लोकाना–मैक्यं भवति रागतः ।**
**आत्मपरमात्मनोरैक्यं भवेत् प्रेम्णा सुयोगिनाम् ॥२८॥**

**અર્થ**:—જગતમાં લોકોને પરસ્પર એકતા રાગવડેજ થાય છે અને સારા આચારવંત પવિત્ર યોગીઓને આત્મા પરમાત્માનો ઐક્યભાવ પ્રેમવડેજ થાય છે ॥૨૮॥

**વિવેચનઃ**—સંસારના કાર્યો જેવાં કે ખાવું, પીવું, ઉડવું, રમવું, વ્યાપાર કરવો, નાટક, નૃત્ય, સંગીત પણ પ્રાયે એકલાને ગમતાં નથી. તેમાં પણ અન્યના સહકારની જરૂર પડે છે. તે જેનો સહકાર લે છે તેઓ પ્રત્યે મોહદૃષ્ટિ રાગ, કામરાગ સ્નેહરાગ ધારણ કરે છે. તે કામરાગથી વૈષયિક મૈત્રીરૂપ ઐક્ય પરસ્પર થાય છે. તેમાં વ્યવહારથી પ્રમાણિકતા પૂર્વક જીંદગી સુધી ઐક્ય સાચવે છે અને કેટલાક સ્વાર્થી જીવો પોતાનો સ્વાર્થ સરે ત્યાં સુધી ઐક્યતા સાચવી પાછા કેટલાક શત્રુરૂપે પણ બની જાય છે. દૃષ્ટાંત તરીકે યુરોપની રાજસત્તાનો દાખલો લઇ શકાય. આ લૌકિક ઐક્યતાની વાત થઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ પરમાર્થિક ઐક્ય યોગીપુરુષો સારા જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધના કરી પૂર્ણ ક્રિયા યોગને સાધી અપ્રમત્તભાવે ધર્મધ્યાનમાં પ્રવૃત્તિ કરી, પિંડસ્થ, પદસ્થ; અને રૂપસ્થ ધ્યાન વડે આત્મા અને પરમાત્માના સ્વરૂપની સમાનતા અને અસમાનતાના હેતુઓને જ્ઞાનયોગથી અવગાહીને ક્રિયાયોગવડે અપૂર્વ કરણમાં આવી ગુણશ્રેણીએ ચડતાં સર્વ જગતના આત્માઓ પ્રત્યે મૈત્રી ભાવથી ઐક્ય જોડીને પ્રમોદથી પૂજ્ય અરિહંત, સિદ્ધ પરમાત્માના ગુણ સ્વભાવને વિચારતાં રૂપાતીત ધ્યાન વડે,ધ્યાના ધ્યેયભાવમય ઐક્યભાવનું યુગલ બનાવે છે. તેમાં પણ આત્મા અને પરમાત્માનો સંબંધ પૂજ્યભાવના સંબંધથી સાધ્ય કરી સિદ્ધ કરે છે અને અક્ષય આનંદનો અનુભવ મેળવે છે. ॥૨૮॥

**सत्यप्रेम्णा भवेच्छ्रद्धा, सामर्थ्यं जायते हृदि ।**
**सर्वयोगेषु सत्प्रीतिः श्रयते सर्वसद्गुणान् ॥२९॥**

**અર્થ**—સત્યપ્રેમથી સાચી શ્રદ્ધા જાગે છે, અને તે વડેજ સામર્થ્ય યોગયુક્ત શુદ્ધ ચારિત્ર પણ પ્રગટે છે. આમ સર્વયોગોમાં જો સત્યપ્રીતિ હોય તો– આત્મા સદ્ચારિત્ર-ગુણોનો ગ્રાહક બને છે.

**વિવેચન**—મોક્ષને માટે યોગ્ય તે ભવ્ય, આ ભવ્ય જીવને પણ મનુષ્યપણાની પ્રાપ્તિ ધર્મશ્રવણની ઇચ્છા વિગેરે થવું તે અતિદુર્લભ છે. આ દુર્લભ વસ્તુઓની પ્રાપ્તિ થતાં, સદ્ગુરૂનો સમાગમ દુર્લભ છે અને દુર્લભ ગુરૂયોગ ભાગ્યવશાત્ મળે તો યથાપ્રવૃત્તિકરણ વિગેરે દ્વારા સમ્યક્ત્વ અને ચારિત્રની પ્રાપ્તિ થાય છે. હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ યોગ-વિંશિકામાં જણાવે છે કે

**एवं च पीइभत्तागमाणुगंतह असंगयाजुत्तं ।**
**नेयं चउव्विह खलु, एसो चरमो हवइ जोगो ॥१८॥**

એવી રીતે પ્રીતિ, ભક્તિ આગમ વડે ચોથો અસંગત યોગ એટલે નિરાલંબન ધ્યાન યોગ અથવા રૂપાતીત ધ્યાન યોગ શુદ્ધ ધ્યાનથી આત્માને પ્રાપ્ત થાય છે. એમ સર્વ આત્મ ગુણો પરમ પ્રીતિયોગવડે ગ્રહણ કરાય છે. માટે પ્રેમ એ અવશ્ય આદરણીય ધર્મયોગ છે. ॥૨૯॥

**सत्यप्रेमिजनानां स्यात् स्वार्पणं तु परस्परम् ।**
**मत्तद्भेदो न संबन्धे सोऽहं सोऽहं परस्परम् ॥३०॥**

**અર્થ**—જે મનુષ્યો સત્ય પ્રેમને ધારણ કરે છે તે એક બીજાને પરસ્પર આત્મ સમર્પણ કરે છે તેઓને મારા તારાનો ભેદ હોતો નથી. તેઓ તું તે હુંજ અને હું તે તુંજ એમ એક બીજા જીવો (આત્માઓ) પ્રત્યે કથંચિત્ અભેદભાવે માને છે. ॥૩૦॥

**વિવેચન**—જગતમાં જે મનુષ્યો પોતાને પ્રેમી ગણાવે છે. તે સર્વ પ્રેમીઓ જો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાચા પ્રેમીજનો હોય તો પરસ્પર તેમણે આત્મ સમર્પણ કરેલું હોવું જોઇએ. જો આત્મ સમર્પણ ન હોય તો એક બીજાથી જુદા પડી એક બીજાને ભૂલી પણ જાય છે અને સત્ય-પ્રેમિઓ પોતાના મિત્ર ઉપર પણ આવેલી આફતોને પોતે પોતાને માથે લઇને આફતમાંથી બચાવે છે. દૃષ્ટાંત તરીકે રામાયણમાં વર્ણવેલ મહાયુદ્ધ વખતે રાજા રાવણે પોતાના ભાઇ બિભિષણને મારવા માટે અમોઘ વિજયા નામની દિવ્ય મહાશક્તિ છોડી ત્યારે સત્ય પ્રેમી એવા શ્રી રામચંદ્રજીના ભાઇશ્રી લક્ષ્મણે પોતાના શરણે આવેલા અને મિત્ર બનેલા બિભિ-ષણનું રક્ષણ કરવા માટે તે ભયંકર શક્તિ પોતાની છાતી ઉપર ઝીલી મિત્રનું રક્ષણ કર્યું. તેમ સત્ય પ્રેમીઓ બીજા આત્માઓ માટે પોતાના આત્માનું સમર્પણ કરે છે. ગુરૂ પ્રેમી શિષ્ય પોતાના ગુરૂ ઉપર આવેલી આફતો અને ધર્મપ્રેમી મનુષ્યો પોતાના ધર્મ ઉપર તથા ધર્મિ બંધુઓ ઉપર આવેલી આફતોને પોતાના શિર પર લઇ લે છે. શ્રીમાન્ આચાર્ય ભગવંત હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજે પણ સ્વધર્મ પ્રેમી મહારાજા કુમારપાળ ઉપર ક્રોધાયમાન થએલી વ્યંતર દેવી કંટકેશ્વરીએ પોતાને પશુ બળી નહીં આપવાથી ત્રિશુળને ભોંક્યું તેના પ્રભાવે કુમારપાળને આખા શરીર પર કોઢનો વ્યાધિ ઉત્પન્ન થયો. તે વખતે હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજે મંત્રબળ વડે તે રોગને પોતાના શરીરમાં ખેંચી લઈ કુમાર-પાળને નિરામય કર્યો. તેવીરીતે સત્ય પ્રેમીઓએ પરસ્પર મિત્રતા અભેદભાવે રાખીને એક બીજાને દુઃખથી મુક્ત કરવા જોઇએ. સાચા પ્રેમીઓને મન, વચન, કાયાથી જરાપણ મારા તારા પણાનો ભેદભાવ હોતો નથી. સત્ય મિત્રતામાં તે મિત્ર તે જ હું અને તેને દુઃખ તો મને પણ દુઃખ તે સુખી તો હું પણ સુખી એવો ભાવ હોય છે. પરમાત્મા ઉપર શુદ્ધ પ્રેમને ધારણ કરનાર પ્રેમીને પરમાત્મા તે જ હું છું અને હું તે જ પરમાત્મા તેવો અભેદભાવ ધ્યાન યોગમાં સોહં સોહં ભાવે જાગે છે. કારણ કે તેઓમાં જે ગુણ, શક્તિ, સ્વભાવ છે તે મારા આત્મામાં પણ છે. તે પરમાત્મામાં પૂર્ણ પ્રેમથી પરમાત્મા અને આત્માની ઐકયતા પ્રેમયોગી અવગાહી શકે છે. ॥ ૩૦ ॥

## શુદ્ધપ્રેમીઓ નિર્વિકલ્પ પ્રેમરસનો અનુભવ કરે છે.

**त्वमेवाहमहं त्वं च, स्वार्पणं तु परस्परम् ।**
**शुद्धप्रीत्या पराणां तु, निर्विकल्परसोदधिः ॥३१॥**

**અર્થ**:—શુદ્ધપ્રીતિવંત મહાનુભાવો તું તે હું અને હું તે તું તે પ્રકારે માને છે તેઓમાં મારા તારા પણાનો ભેદભાવ જરાપણ હોતો નથી. અને તેવી શુદ્ધપ્રીતિમાં પરાયણ થઈને સંકલ્પ, વિકલ્પ વિનાના નિર્વિકલ્પ રસના મહાન સમુદ્રનો અનુભવ કરે છે.

**વિવેચન**:—જે આત્માઓમાં પાંચ ઇન્દ્રિયજન્ય વિષય વિકાર નાશ પામ્યો છે તેવા શુદ્ધ-પ્રેમી મહાનુભાવો શુદ્ધપ્રેમમાં પરાયણ બની પરસ્પર અભેદભાવે એકબીજાને દેખે છે. એટલે તું તે હું અને હું તે તું. લોકદૃષ્ટિથી કહેવાતું મારૂં તે બધું તારૂં છે. અને તારૂં તે મારૂં

૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે તેમ માને છે. મારા તારાનો ભેદ તેઓમાં રહેતો નથી. જો કે શરીર તથા આત્માના પ્રદેશમાં જુદાપણું છે. છતાં પણ આત્મધર્મસ્વભાવે આપણું એકજ સાધ્ય હોવાથી આપણામાં એકત્વ છે. એટલે ભેદભાવ રાખવાનું કોઈ પ્રયોજન નથી. તેથી મારા તારાની ભેદભાવવાળી વહેંચણી આપણે કરવાની હોતી નથી. તેવી પરાયણામતિ શુદ્ધપ્રેમીઓને હોવાથી સંકલ્પ, વિકલ્પ યુક્ત પુદ્ગલ સ્વરૂપના ભોગવાળી પરિણતિનો અભાવ હોવાથી. સર્વત્ર પ્રકૃષ્ટ મૈત્રીભાવ હોવાથી નિર્વિકલ્પ આનંદના રસયુક્ત મહાન સ્વયંભૂરમણ સમુદ્રનો ઉલ્લાસ તેમના હૃદયમાં ઉછળે છે. ॥ ૩૧ ॥

## નિર્વિકલ્પ પ્રેમ પ્રાપ્ત થતાં કાંઇ બાકી રહેતું નથી.

**निर्विकल्पमहाप्रेम—रसानुभवयोगतः ।**
**साक्षाच्छुद्धात्मसंवेदात्, प्राप्तव्यं नाऽवशिष्यते ॥३२॥**

**અર્થ**:—યોગીઓને નિર્વિકલ્પ એવા મહાન પ્રેમરસનો અનુભવ પ્રગટે છે તેથી આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રત્યક્ષભાવે જાણે છે તેથી તેમને બીજું કાંઈ પ્રાપ્ત કરવાનું બાકી રહેતું નથી.

**વિવેચનઃ**—સાચા પ્રેમીઓ નિર્વિકલ્પ પ્રેમરૂપ રસનો અનુભવ કરતાં ધર્મધ્યાન અને શુકલ ધ્યાનના યોગથી આત્મસ્વરૂપને આવરણ કરનારા સર્વ કર્મમળનો ક્ષય કરીને પરમ આત્મસ્વરૂપના અનુભવમય સંવેદન–કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. તેથી પરમ આનંદમય આત્મસુખનો અનુભવ કરતાં પરમપદ મોક્ષને પ્રાપ્ત કરે છે. તેથી તેઓને કાંઇ પણ મેળવવાનું બાકી રહેતું નથી. તેઓ પૂર્ણ કૃતકૃત્ય થએલા હોય છે. ॥ ૩૨ ॥

## શુદ્ધ પ્રેમથી નિર્ભયતા પ્રગટે છે.

**शुद्धप्रेमरसास्वादे, कृते निर्भयताऽऽत्मनि ।**
**जायतेऽनुभवः साक्षा—द्वेद्यते प्रेमयोगिभिः ॥३३॥**

**અર્થ**:—પ્રેમયોગી આત્માઓ શુદ્ધ પ્રેમરસનો આસ્વાદ કરીને નિર્ભયતા ઉત્પન્ન કરે છે. અને તે પ્રેમરસનો પ્રત્યક્ષ અનુભવ સાક્ષાત્ પ્રેમયોગીઓ અનુભવે છે. ॥ ૩૩ ॥

**વિવેચનઃ**—સાચા પ્રેમયોગીવરો સર્વ જગતના જીવો પ્રત્યે શુદ્ધ મૈત્રિભાવ ધરતા હોવાથી તેમને લગાર પણ વૈરવિરોધ જાગતો નથી અને તેમની પ્રત્યે બીજા આત્માઓ પણ વૈરવિરોધ રાખતા નથી તેથી તેમને મારી નાખવાની વૃત્તિ કોઇ આત્મા કરી શકતો નથી. તેમજ તે જ્યાં વિચરતા હોય ત્યાં રોગ, શોક, દુઃખ, ખેદ, તેમને તથા અન્યને ખલભદ્રની પેઠે પીડી શકતાં નથી. આમ શુદ્ધપ્રેમરસનું તેઓ પાન કરતા હોવાથી પોતે સ્વયં અજાતશત્રુ બનીને નિર્ભય થાય છે. તેથી શુદ્ધ પ્રેમરસનો અનુભવ પૂર્ણસુખમય પ્રેમયોગીઓ પ્રત્યક્ષભાવે સાક્ષાત્ વેદે છે–અનુભવે છે. ॥ ૩૩ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સાચા પ્રેમી લોકસંજ્ઞા અને શાસ્ત્રસંજ્ઞાને ઉલ્લંઘીને પણ શોભે છે.

**लोकसंज्ञामपाकृत्य, शास्त्रसंज्ञां तथा पराम् ।**
**शुद्धप्रेमणि संलीनः, प्रेमवान्राजते सदा ॥३४॥**

**અર્થ:**—પ્રેમયોગીઓ લોકસંજ્ઞા તથા શાસ્ત્રસંજ્ઞાને ઓળંગીને શુદ્ધ પ્રેમરસમાં લીન બનીને સદા આનંદમાં રહી સત્યપ્રેમી તરીકે શોભે છે. ॥ ૩૪ ॥

**વિવેચનઃ**—સાચા પ્રેમયોગીઓને જગતના સર્વ પ્રાણીવર્ગ ઉપર આત્મા સમાન પ્રેમ હોવાથી તેઓના હિતમાટે તેઓ પ્રયત્ન કરતા હોવાથી તેમને લોકસંજ્ઞા એટલે આ મારૂં, આ મારો સગો, આ મારી જ્ઞાતિનો અને આ મારા કાર્યમાં અનુકુળ તથા આ પારકો, આ પરગોત્રી, પરજ્ઞાતિનો, અને આ વિરોધી છે તેવી સંજ્ઞા કે જે કેવળ સ્વાર્થમય હોય છે તે શુદ્ધ પ્રેમીઓને હોતી નથી. વળી નાનામાં નાના ક્ષુદ્ર જંતુથી લઈ મોટામાં મોટા ઈન્દ્રના આત્માઓ પ્રત્યે તથા પોતાનાપર વૈર રાખનાર અનાર્ય પ્રકૃતિવાળા પ્રત્યે તેમજ ભક્તિભાવે રાગ રાખનાર પ્રત્યે પણ હિતકરવાની વૃત્તિવાળા હોવાથી ઉંચ, નીચના ભેદ છોડીને સર્વ જીવોને હિતકર ઉપદેશ આપે છે. તેથી લોકસંજ્ઞાનું બંધન તેવા પૂજ્ય પરમ પ્રેમયોગીઓને હોતું નથી. તેમજ શાસ્ત્રસંજ્ઞા એટલે પરમ વીતરાગ, કેવલી પરમાત્માઓએ ઉપદેશ કરેલા અને ગણધર, સ્થવિર અને પૂર્વધર પુરૂષોએ સૂત્રરૂપે ગુંથેલી વાણી તે "આગમ શાસ્ત્ર" કહેવાય. તેમજ વ્યાસ, પતંજલિ, ગૌતમ, અક્ષપાદ વિગેરેના ગુંથેલા તથા વેદ, પુરાણ, ઉપનિષદ્, સ્મૃતિ, રામાયણ, મહાભારત વિગેરે શાસ્ત્રો કહેવાય છે. તે સર્વના અર્થના અભ્યાસ વડે સ્વાધ્યાયથી પૂર્ણ અનુભવ થએલો હોવાથી તેમાં કહેલા ઉત્સર્ગ માર્ગ, અપવાદ માર્ગનો પણ સમ્યગ્ પ્રકારે અનુભવ થએલ હોવાથી સર્વ શાસ્ત્રના પારંગત એવા પ્રેમયોગીઓને આમજ કરવું. આજ એક આજ્ઞા છે, તેથી અન્ય કાંઇ નજ બને એવો એકાંત ભાવનો ખોટો આગ્રહ બાંધી શકતો નથી. તેઓ દેશ, કાળ, સ્વભાવ, યોગ્યતા, લાભાલાભના યોગ્ય વિચારપૂર્વક જે યોગ્ય લાગે તે પ્રમાણે કરે છે. તેઓને શાસ્ત્ર આજ્ઞારૂપ સંજ્ઞા એકાંત બાંધી રાખી શકતી નથી. તેવા પરમ પ્રેમયોગીઓ શુદ્ધપ્રેમમાં પરાયણ થઈને સર્વ જીવાત્માઓના હિત માટે સર્વદા પ્રવૃત્તિ કરતા શોભી રહ્યા હોય છે. અને આત્માના આનંદમાં વર્તીને આત્માનંદનો સ્વાદ ભોગવે છે. ॥ ૩૪ ॥

## ઉન્મની ભાવને પામી શુદ્ધાત્મદશા પમાય છે.

**सत्यप्रेमिजने कृत्वा, नामरूपसमर्पणम् ।**
**उन्मनीभावमारुह्य, प्रेमी शुद्धात्मतां श्रयेत् ॥३५॥**

**અર્થ:**—સત્યપ્રેમી મનુષ્યોમાં નામરૂપ સમર્પણ કરીને પ્રેમી આત્મા ઉન્મની ભાવરૂપ યોગ ભૂમિકાએ ચડીને શુદ્ધ આત્મસ્વરૂપને પ્રાપ્ત કરે છે. ॥ ૩૫ ॥

**વિવેચનઃ**—જે સાચો પ્રેમયોગી હોય છે તે પોતાના નામની ખ્યાતિ, યશ, કીર્તિ, કુલ, જાતિ, વંશ, સત્તા, શેઠાઇ, માન, મરતબો, વૈભવ, મોજ શોખ વિગેરે બાહ્ય લૌકિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસ્તુઓ પણ પરમપૂજ્ય નિર્વિષય પ્રેમીજનની પ્રાપ્તિ માટે ત્યાગ કરે છે. તે ઉપરની માયા-મમતા છોડી દઇને પારમાર્થિક સત્યપ્રેમી એવા પરમપૂજ્ય યોગીન્દ્રોના ચરણમાં અભેદભાવે આત્મ સમર્પણ કરે છે. તે પ્રેમી પુરુષરૂપ પૂજ્યના ચરણની સેવા કરતાં સંસારવાસના કે જે અનાદિ કાળની આત્માની સહચરી હોવા છતાં તેનો ત્યાગ કરીને આત્માની પૂર્ણ અપ્રમાદી અવસ્થાને ધારણ કરીને અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ, સૂક્ષ્મસંપરાય. તથા યથાખ્યાતચારિત્રમય ગુણશ્રેણિની પ્રાપ્તિમય જે ઉન્મનીભાવને અવલંબી કર્મથી આત્મા નિરાવરણ ભાવને પામે છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર વીર્યની સંપૂર્ણ પરમ શુદ્ધતાયુક્ત આત્મસ્વરૂપને સત્યપ્રેમી આત્મા ભજનારો થાય છે. (આ ઉન્મનીભાવનું સ્વરૂપ **પૂજ્યશ્રી હેમચંદ્રસૂરિ** પ્રવર જણાવે છે. તે આ પ્રમાણે છે.

यदीदं तदेति न वक्तुं साक्षाद्, गुरुणाऽपि हंत शक्यते ।
औदासीन्यं परस्य, प्रकाशते तत् स्वयं तत्वम् ॥२१॥

**અર્થઃ**—ગુરૂઓ પણ આ વસ્તુ આમજ છે કે તેમજ છે તેવો ભાવ અક્ષર યોગથી-વાણી વડે કહેવામાં શક્તિમાન બનતા નથી. તો પણ પરમ વિશ્વાસુ શિષ્ય ગુરૂભક્તિના યોગે ઉદાસીનભાવમાં પરાયણ કરતા છતાં આત્મ અનુભવ યોગે સ્વયં પોતાના અભ્યાસના બળથી સત્યતત્વને પ્રકાશ કરનારો થાય છે. તે ઔદાસીનવડે જે શ્રેષ્ઠ તત્વ પ્રગટ થાય છે તે ઉન્મની ભાવ કહેવાય છે તે ઉન્મનીભાવને પ્રગટ કરતા પૂજ્ય શ્રી જણાવે છે કેઃ—

एकान्तेऽतिपवित्रे रम्ये देशे सदा सुखासीनः ।
आचरमाग्रशिखाग्रायच्छिथिलीभूताखिलाऽवयवः ॥२२॥

रूपं कान्तं पश्यन्नपि श्रृण्वन्नपि गिरं कलमनोज्ञाम् ।
जिघ्रन्नपि च सुगन्धीन्यपि भुञ्जानोऽपि रसान् स्वादून् ॥२३॥

भावान् स्पृशन्नपि मृदुन्न वारयन्नपि चेतसो वृत्तिम् ।
परिकलीनौदासीन्यः प्रणष्टविषयभ्रमो नित्यम् ॥२४॥

वहिरन्तरश्च समन्तात्, चिन्ता चेष्टा परिच्युतो योगी ।
तन्मयभावं प्राप्तः कलयति भृशमुन्मनीभावम् ॥२५॥

**અર્થઃ**—નિર્જન એટલે એકાંતમાં અત્યંત સુંદર પ્રદેશમાં ચરણના નખથી માંડીને મસ્તકની શિખા સુધીના શરીરના સર્વ અવયવોને શિથિલ કરીને સુખાસને આસન કરીને સદા સ્થિર રહે છે. ત્યાં સ્ત્રી આદિના દેદિપ્યમાન કાન્તિવાળા સ્વરૂપો જોયા છતાં તેઓના સુંદર સ્વર યુક્ત સંગીતમય મનોજ્ઞ ગાયનો સાંભળવા છતાં તેમજ દિવ્ય સુગંધમય પવનને નાસિકાથી સુંઘતા છતાં તેમજ ષડ્રસમય સ્વાદિષ્ટ વસ્તુઓના સ્વાદ જીહવાથી લેતા છતાં તેમજ અત્યંત કોમળ એવા સ્પર્શ્ય વિષયોનો સ્પર્શ કરવા છતાં ચિત્તવૃત્તિને તેથી પાછો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહીં વાળતા છતાં પણ તેમને આ વિષયો સુખમય છે નિત્ય સારા લાગે છે તેવો ભ્રમ નષ્ટ થએલ હોવાથી બાહ્ય ભાવથી તેમાં આનંદ લેતા નથી. તેમ મનથી પણ તેમાં આનંદનો ભાવ લાવતા નથી એવો યોગી ચારે તરફ ઇષ્ટ કે અનિષ્ટ ભાવની ચિંતા વિનાનો થયો છતાં ઉન્મનીભાવને પ્રાપ્ત થાય છે ॥૨૨ થી ૨૫॥ અહિં કદાચિત્ શંકા થાય કે ઇન્દ્રિયોના વિષયોને તે યોગીઓ કેમ રોકતા નથી. તેના ઉત્તરમાં જણાવે છે કે:—

गृहणन्ति ग्राह्याणि, स्वानि स्वानीन्द्रियाणि नो रुन्ध्यात् ।
न खलु प्रवर्तयेद्वा प्रकाशते तत्त्वमचिरेण ॥२६॥

**અર્થ**:—ઇન્દ્રિઓ પોતે પોતાને ગ્રહણ થાય તેવા વિષયોને ગ્રહણ કરે છે તે ઇન્દ્રિઓને યોગી નિવારતા નથી. તેમજ તેમાં મનોયોગથી પ્રવૃત્તિ પણ કરાવતા નથી. પણ ઉદાસીનતા વડેજ ઉદાસીન ભાવે રહીનેજ તેવા યોગીઓ ઉન્મનીભાવને તૂર્ત પ્રગટ કરનારા થાય છે.) તેમજ વિતરાગ સ્તોત્રમાં આચાર્ય પ્રવર જણાવે છે કે:—

संयतानि न चाक्षाणि, नैवोच्छृङ्खलितानि च ।
इति सम्यक् प्रतिपक्ष–त्वयेन्द्रियजयकृतः ॥१॥

ઉન્મનીભાવવાળા પ્રેમયોગીઓ ઇન્દ્રિય અને મનનો સંબંધ યોગ બળથી ભિન્ન કરતા હોવાથી ઇન્દ્રિઓની વિષયોમાં થતી પ્રવૃત્તિનો સંયમ કરતા નથી તેમ ઉન્માદિ પણ બનવા દેતા નથી તે વાત નિશ્ચયથી સત્ય છે કારણ કે તેવા યોગીઓને મન અને ઇન્દ્રિઓ ઉપર તેવા તેવા સ્વરૂપનો કાબુ હોય છે.) ॥ ૩૫॥

## પરબ્રહ્મ અપરબ્રહ્મનું સ્વરૂપ

निर्विकल्पं परब्रह्म, शुद्धप्रीत्याऽनुभूयते ।
अशुद्धाः प्रेमसंबन्धा–यत्र यान्ति लयं ध्रुवम् ॥३६॥

**અર્થ**:—નિર્વિકલ્પ અવસ્થા :યુક્ત જે પરબ્રહ્મ છે તે શુદ્ધપ્રીતિવડે અનુભવાય છે. તેમજ આનાદિ કાલીન અશુદ્ધ ભાવવાળા જે પ્રેમ સંબંધો હોય તે પણ નિશ્ચય શુદ્ધ પ્રેમ અવસ્થા પ્રગટતાં નાશ પામે છે. ॥ ૩૬ ॥

**વિવેચન**:—આ જગતરૂપ બ્રહ્માંડના બે વિભાગ થાય છે પરબ્રહ્મ અને અપરબ્રહ્મ. પરબ્રહ્મ એટલે આવરણ વિનાનું પરમ શુદ્ધ જ્ઞાન, દર્શન, ચારિત્ર વીર્ય રૂપ સ્વરૂપ ચતુષ્ટય ગુણ સ્વભાવનું પ્રાગટય તે પરબ્રહ્મ અને જ્ઞાનદિક આત્મગુણ ઉપર આવરણ હોવાથી આત્મ ચૈતન્ય ઢંકાયેલું જેમને હોય તે અશુદ્ધ બ્રહ્મ અપર બ્રહ્મ કહેવાય છે. તેવું ચૈતન્ય સંસારી સર્વ જીવાત્મામાં રહેલું છે.

## શુદ્ધપ્રેમીને પ્રત્યક્ષ દર્શન થાય છે

शुद्धसिद्धात्मदेवस्य, प्रत्यक्षं दर्शनं भवेत् ।
निर्विकल्पमहाप्रेम–योगेन प्रेमयोगिनाम् ॥३७॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**:—પ્રેમયોગીઓને નિર્વિકલ્પ પ્રેમયોગવડે પરમ શુદ્ધ સિદ્ધ પરમાત્મા રૂપ દેવના પ્રત્યક્ષભાવે દર્શન થાય છે. ॥૩૭॥

## સાચો પ્રેમી શંકા રહિત હોય છે.

**सत्यप्रेमणि संप्राप्ते, शङ्का नास्ति परस्परम् ।**
**देहवित्तादिसंमोहो यत्र तिष्ठति नो कदा ॥३८॥**

**અર્થ**:—આત્માઓમાં જ્યારે સત્યપ્રેમ પ્રાપ્ત થાય છે ત્યારે તે પ્રેમી આત્માઓમાં પરસ્પર શંકા નથી રહેતી, તેમજ શરીર ધન વિગેરે વસ્તુઓનો મોહ પણ પ્રેમીઓમાં રહી શકતો નથી ॥૩૮॥

**વિવેચનઃ**—જ્યારે સત્યપ્રેમ આત્મામાં પ્રગટે છે ત્યારે એક બીજાને પરસ્પર અભેદ પ્રેમ-ભાવ હોવાથી એક બીજાને અમારૂં બગાડનાર છે વગેરે કુશંકાઓ થતી નથી અને સર્વદા નિઃશંકતા રહે છે. કારણ તેવા પ્રેમીયોગીઓને શરીર, ધન, સ્ત્રી, ઘર વિગેરે ભોગ્ય વસ્તુઓમાં મારી, અને પારકાપણાના મમતાભાવ રૂપ મોહ કદાપિ પણ રહેતો નથી. ॥ ૩૮ ॥

## સાચા પ્રેમ વિનાનું લગ્ન કાયા લગ્ન છે.

**सत्यप्रेम विना लग्नं, जायते न परस्परम् ।**
**कायलग्नमहत्ता तु, यत्र किञ्चिन्न विद्यते ॥३९॥**

**અર્થ**:—સત્ય પ્રેમ વિના સ્ત્રી પુરૂષના સાચા લગ્ન સંબંધ પરસ્પર થઇ શકતા નથી અને કાયાના તેવા પ્રકારના લગ્ન થાય છે તેમાં વસ્તુતઃ મહત્તા હોતી નથી ॥૩૯॥

**વિવેચનઃ**—સંસારમાં વ્યવહાર ચલાવતા મનુષ્યોમાં સ્ત્રી પુરૂષો જો એક બીજાને ન ચાહતા હોય, એક બીજાને સ્વભાવ ભેદથી ધિક્કારતા હોય તો તેમનાં લગ્ન તે સત્ય લગ્ન કહેવાય નહીં. પણ એક ફક્ત પશુવૃત્તિજ પરસ્પર રહે છે. સત્ય પ્રેમ વિનાના લગ્નો સંસારમાં શાન્તિના હેતુ માટે નથી થતા તેમ સ્વર્ગ મોક્ષ માટે પણ ઉપયોગી નથી. સત્ય પરસ્પર પ્રેમ ન જ હોય તો કાયાથી થતાં લગ્નો સાચાં લગ્ન નથી. કારણ કે તેનું કાંઇપણ સંતોષકારક સારૂં સત્યફળ મલતું જ નથી. ॥ ૩૯ ॥

## પ્રેમમાં પ્રતિજ્ઞાઓ કરવી પડતી નથી

**प्रेम्णस्तु मौनभावोऽस्ति, हृद्द्वारेण प्रकाशते ।**
**दिव्यप्रीत्या प्रतिज्ञाया, अभावोऽस्ति निसर्गतः ॥४०॥**

**અર્થ**:—પ્રેમ જો કે મૌન ભાવવાળો હોય તો પણ હૃદયના દ્વારથી પ્રગટે છે, જ્યાં દિવ્ય પ્રેમ નિસર્ગ ભાવથી જ પ્રગટે છે. ત્યાં પ્રતિજ્ઞાની જરૂર રહેતી નથી. ॥૪૦॥

**વિવેચનઃ**—નિસર્ગ ભાવનો-સહજ સ્વભાવનો શુદ્ધ દિવ્ય પ્રેમ જ્યાં પ્રગટ થયો હોય છે ત્યાં તેઓને તે પ્રેમરૂપ સહકાર ભાવ માટે પ્રતિજ્ઞાના લેખો લખવા પડતા નથી, કોઇ લૌકિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આચાર વિધિઓ કરવી પડતી નથી. જ્યાં આવો દિવ્ય પ્રેમ પ્રગટે છે. ત્યાં પ્રેમરૂપ પરમાત્મા અને પ્રેમી રૂપ ધ્યાતાનું પ્રેમમય ધ્યાન દ્વારા એકત્વરૂપ અભેદ ભાવ પ્રગટે છે ત્યાં પ્રતિજ્ઞા કરવા કરાવવાનો સંભવજ નથી હોતો. ॥૪૦॥

## સાચા પ્રેમમાં હુકમની જરૂર નથી

**सत्यप्रित्याच यात्राऽस्ति, भेदाद्याः सन्ति नो हृदि ।**
**आज्ञां विनाभवेत् कृत्यं, द्वेषाद्या यान्ति नष्टताम् ॥४१॥**

**અર્થ**:—સત્ય પ્રેમમાંજ યાત્રાની સફળતા થાય છે પણ ત્યાં હૃદયમાં ભેદાદિની કલ્પના ન હોવી જોઈએ. સત્ય પ્રેમમાં આજ્ઞાની આવશ્યક્તા વિના યાત્રાની સફળતા થાય છે અને દ્વેષાદિનો નાશ થાય છે ॥૪૧॥

**વિવેચનઃ**—હે ભવ્યાત્માઓ! તમે જો પરમ પ્રભુ વીતરાગ પરમાત્મા તીર્થંકર દેવની યાત્રા કરવા માગતા હો તો તે યાત્રા તમારા હૃદયમાં શંકા, કંખા, વિતિગચ્છા રૂપ અનાદરતામય ભેદ જો તમારા મનમાં નહિ હોય તો અવશ્ય સફળ જ છે. જ્યાં આત્મ ભાવની અભેદતા હોય ત્યાં આજ્ઞા માગવાની જરૂર રહેતી નથી સર્વદા તેવા ભક્તોને દેવ ગુરૂઓની આજ્ઞા હોયજ છે. સત્ય પ્રેમીઓ સદા આજ્ઞાના આરાધકજ હોય છે. કારણુ કે તેમના મનમાં દ્વેષ, અભાવ, અરૂચિ, અનાદર, અભિમાન, ભય, વિહ્વલતા હોતાં જ નથી. કદાચિત પૂર્વે જે અજ્ઞાન દશામાં હોય તે સત્ય પરમાર્થિક પ્રેમી અવસ્થામાં આવતા નષ્ટ થાય છે. તેથી આત્મા પરમ પૂર્ણાનંદનો ભોકતા બને છે ॥૪૧॥

## વૈર વૈરથી શમતું નથી પણ પ્રેમથી શમે છે

**शाम्यति नैव वैरेण, वैरं प्रत्युत वर्द्धते ।**
**प्रेम्णैव वैरनाशोऽस्ति, सर्वथा प्रत्ययः सताम् ॥४२॥**

**અર્થ**:—વૈરનો વૈરભાવથી નાશ થતો જ નથી. પણ ઉલટું તીવ્રભાવે વધતુ જ જાય છે પણ પ્રેમ વડે તો અવશ્ય વૈરનો નાશ જ થાય છે એમ આપણાં સંતોને પરમ વિશ્વાસ છે. ॥૪૨॥

**વિવેચનઃ**—વૈરથી વૈરની શમતા કોઇપણ કાળે આવી શકતી નથી. પણ ઉલટી વધારે ને વધારે ઝેરની વૃત્તિ વધતી જાય છે. આપણા પરમ પૂજ્ય પરમાત્મા તીર્થંકરો ગણધરો, પૂર્વધરો, આચાર્યો વગેરે આપ્ત સંત પુરૂષ પ્રવરો જણાવે છે કે પ્રેમથી વૈરીનું હિત કરતાં તેનું સન્માન સત્કાર કરતાં, દોષોની માફી કરતાં તે વૈરી આત્મા પણ વૈરનો ત્યાગ કરી સાચો મિત્ર બને છે. સેવક બને છે. તે વાત આપણુને અનુભવ ગમ્ય છે. તેમ પૂજ્ય સર્વ સન્તોને પણ એ વાતનો વિશ્વાસ થએલો છે. તેથી મોક્ષ સુખના અર્થિઓએ સર્વ જીવો ઉપર વૈર, વિરોધ, ઇર્ષ્યા, દ્વેષનો ત્યાગ કરીને સર્વત્ર મૈત્રીભાવથી પ્રેમને ધરવો. ॥૪૨॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## આ વાતને દૃષ્ટાંતથી સમજાવે છે

**शुद्धप्रेमिमहावीर–देवेनाऽहिः प्रबोधितः ।**
**क्रूरा अपि क्षमां यान्ति, शुद्धप्रेमप्रभावतः ॥४३॥**

**અર્થઃ—**શુદ્ધ પ્રેમી શ્રી મહાવીર દેવથી ભયંકર મહાસર્પ પ્રતિબોધ પામીને શાન્ત થઇ ગયો હતો. વસ્તુતઃ શુદ્ધ પ્રેમના પ્રભાવથી અત્યંત ક્રૂર પ્રાણીઓ ક્ષમાને ધરનારા શાંત સંત બની જાય છે ॥૪૩॥

**વિવેચનઃ**—સર્વ જગતના જીવો પ્રત્યે હિત કરવા રૂપ મૈત્રી ભાવમય–પરમશુદ્ધપ્રેમનો પ્રકાશ કરવાવાળા શુદ્ધ પ્રેમ યોગી પરમાત્મા શ્રી મહાવીર દેવ ભયંકર વિષમય દૃષ્ટિવાળા ચંડ કૌશિક સર્પને પ્રતિબોધ કરીને ક્ષમાવાન બનાવ્યો. તેમ શુદ્ધ પ્રેમયોગના મહાપ્રભાવથી ભયંકર ક્રોધયુક્ત એવા વાઘ, સિંહ, સર્પ, રીંછ, જેવા પ્રાણીઓ પણ જાતિરૂપ વૈરનો ત્યાગ કરી ક્ષમા દયાને ભજનારા થાય છે. અહિંયાં **ચંડ કૌશિક સર્પ** પરમાત્મા મહાવીરથી બોધ પામીને ક્ષમાવાન થયો તેનું દૃષ્ટાંત આ પ્રમાણે છે.

**"पन्नगे च सुरेन्द्रे च, कौशिके पादसंस्पृशि ।**
**निर्विशेषमनस्काय,:श्रीवीरस्वामिने नमः ॥२॥**

**અર્થઃ—**પન્નગ સર્પ સર્વ દેવોના મહારાજા સુરેન્દ્ર કે જે બન્નેના નામ કૌશિક ગણાય છે. તેઓ પરમાત્મા મહાવીર દેવના ચરણ કમળનો સંસ્પર્શ કરી પાવન બન્યા છે. તેમાંનો તેમાંનો એક કૌશિક નામનો સર્પ જે ચંડ–ભયંકર કૌશિક કહેવાય છે કારણ કે તેની દૃષ્ટિ અત્યંત ક્રૂર ઝેરથી અને ઝેર અગ્નિથી ભરેલી છે તેણે પરમાત્મા શ્રી મહાવીર દેવને દુષ્ટ રીતે કરડવાની બુદ્ધિથી સ્પર્શ કર્યો અને ભગવાનના પગે દંશ માર્યો તે વિષને વમતો સર્પ અને બીજો કૌશિક ઇન્દ્ર પરમાત્માને ભક્તિથી પ્રમોદ ભાવે નમન કરતો ઇન્દ્ર સર્વ દેવોનો સ્વામિ તે બન્ને ઉપર સમાન ભાવની મૈત્રી કરૂણાભાવમય ભાવ દયા ભગવાન ધારણ કરે છે. તેવા વીર પરમાત્માને નમસ્કાર થાઓ. એમ હેમચંદ્રસૂરીશ્વર કહે છે.

અહિંયાં ચંડકૌશિક સર્પ કે જેમાં પરમાત્માને દંશ દેવાની ક્રુર બુદ્ધિ હોવા છતાં પણ પરમાત્માની જે ભાવ કરૂણારૂપ મૈત્રીમય શુદ્ધપ્રેમ ભાવનાથી તે ક્રુર ઝેરથી ભરેલા દૃષ્ટિવિષ સર્પને પણ "**बुबुज्झज्झ चंडकोसिअ** એ શબ્દ કાને પડતાં પૂર્વના ચાર ભવનું જાતિ સ્મરણ જ્ઞાન થયું. અને પશ્ચાતાપથી સર્વ પાપનો નાશ કરવા પરમાત્માને શુદ્ધ ભક્તિભાવે વિનવતાં તેના મનનો ભાવ જાણનારા પરમાત્માએ વસ્તુ સ્વરૂપનો બોધ કરી હવેથી નવા પાપ ન કરવાની પ્રતિજ્ઞા કરાવી અને જુના પાપ પંકનો નાશ કરવા અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ તત્વ વિગેરે તેને યોગ્ય પાળી શકાય તેવા અગીઆર વ્રત લેવરાવ્યાં અને તેણે આહાર પાણીના ત્યાગપૂર્વક અણશણ કર્યું. અને પોતાની દૃષ્ટિથી બીજા પ્રાણીનો નાશ ન થાય તેવા ભાવને લીધે પોતાનું મુખ બીલ (દર)માં રાખી આંખો મીંચી રાખી. તે સર્પને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેટલાક ગોવાળ બાળકોએ લાકડી, પત્થર વિગેરેના દૂરથી ઘા કર્યા પણ તેણે પોતાનું મુખ બહાર ન જ કાઢયું. તેથી તે માર્ગ ઉપદ્રવ રહિત થએલો જાણી શહેરમાં ગમનાગમન કરનારી દહીં, દુધ ઘીનો વિક્રય કરવા જનારી આહિરીણીઓએ ઘી, દુધ, દહીંના છાંટણા કરી તે સર્પની પૂજા કરી. તેવા ચીકણા સ્નેહવાળા દ્રવ્યથી કીડીઓનો સમૂહ એકઠો થઇને સર્પને પોતાના મુખથી અણીથી ચાલણીના જેવો કરી આરપાર નીકળવા લાગી, સર્પે તેવા ઘોરઉપસર્ગને પણ સમતા ભાવે સહન કરી પરમાત્માના એક ધ્યાનના બળથી ભગવાનની કૃપામય દૃષ્ટિના બળથી પંદર દિવસ તમામ વેદના સહન કરી. તે સર્પ મરીને સહસ્રાર દેવલોકમાં દેવ થયો. આવા શુદ્ધ પ્રેમના પ્રભાવના બળથી ભયંકર પ્રાણીઓ પણ સમતા ક્ષમામય ભાવને પામે છે ॥ ૪૩ ॥

## દુષ્ટવૈરી પ્રેમથી મિત્ર બને છે.

**दुष्टवैरिजने ये तु, कुर्वन्ति प्रेमभावनाम् ।**
**प्रान्ते संत्यज्य वैरं ते, भवन्ति प्रेमबन्धवः ॥४४॥**

**અર્થ**:—દુષ્ટ બુદ્ધિવાળા વૈરી મનુષ્યો ઉપર જે સત્ય પ્રેમીજનો જે પ્રેમ ભાવના રાખે છે તેના યોગે અંતે તે વૈરીજન વૈરભાવનો ત્યાગ કરીને સત્ય પ્રેમબંધુઓ બની જાય છે ॥૪૪॥

**વિવેચનઃ**—પ્રેમથી ભયંકર વિરોધી પણ પોતાના વૈરનો ત્યાગ કરી, શુદ્ધ હૃદયવાળો પ્રેમીબંધુ બની જાય છે. તે ઉપર ચાલુ સમયનું એક દૃષ્ટાંત નીચે પ્રમાણે છેઃ—અમદાવાદ શહેરમાં સંઘના કાંઇક કાર્ય માટે અમદાવાદના શ્રીમાન્ નગરશેઠને ત્યાં સંઘ ભેગો થયો. તેમાં ઘણા શેઠીયાઓ આવેલા, વળી સર્વ જ્ઞાતિના આગેવાન પણ હતા. તેઓમાં વિચારભેદ જાગવાથી કોઇક વ્યકિતએ નગરશેઠનું અપમાન થાય તેવા શબ્દો બોલીને તેમનું અપમાન કર્યું. તેથી સર્વે આગેવાન વ્યકિતઓએ સંઘના આગેવાનનું અપમાન તે સંઘનું અને સર્વનું અપમાન થયેલું જાણી, તે વ્યકિતને સંઘબહાર કર્યો. તો પણ શ્રીમાન્ નગરશેઠે થોડા વખતમાં તે વ્યકિતને સંઘમાં લેવા વિનંતિ કરી અને પોતાનું અપમાન કરનાર વ્યકિતને સંઘમાં લેવરાવ્યો. તેથી તે વ્યકિતના મનનું ઝેરવેર સર્વ શાંત થઈ ગયું અને તે તેમનો પરમ મિત્રબંધુ બની ગયો. માટે સુજ્ઞ અને સજ્જન પુરૂષોએ શત્રુ ઉપર પણ પ્રેમ ભાવ રાખવો તેના હિતને માટે બનતો પ્રયત્ન કરવો જોઇએ. ॥ ૪૪ ॥

## પ્રેમનું બળ.

**प्रेमशक्तिसमा शक्ति–र्परा न जगत्त्रये ।**
**प्रेमाकर्षणयोगेन, स्वकीयं जायते जगत् ॥४५॥**

**અર્થ**:—સત્ય પ્રેમની જે અપૂર્વ પ્રેમશકિત છે, તેવી અપૂર્વ શકિત અન્ય કોઇ પદાર્થોમાં રહેલી જણાતી નથી, ત્રણે જગતમાં પ્રેમજ એક વશીકરણ છે. તેના યોગે ત્રણેય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જગત વશ થાય છે. જેમ લોહ આકર્ષણ શકિતથી લોઢું ખેંચાય છે તેમ પ્રેમથી આખું જગત વશ થાય છે. ।। ૪૫ ।।

**વિવેચનઃ**—આ ત્રણે જગતમાં જે પ્રાણીઓ રહેલા છે તેઓમાં સત્તાએ તીરોભાવે સર્વ શકિતઓ ગુપ્ત રહેલી છે. તે સર્વ શકિતઓમાં એક પ્રેમશકિત અત્યંત ચમત્કારવાળી અત્યંત બળવાળી છે. દેવ, દાનવો, રાક્ષસો વિગેરેમાં સર્વ જગતનો નાશ કરવાની શકિત રહેલી છે. ચક્રવર્તિમાં છ ખંડ જીતવાની અને વસુદેવમાં ત્રણ ખંડ જીતી શકે તેટલી શકિત હોય છે. તેઓમાં કોટીશિલા કહેતાં આખાને આખા પર્વતો બેહાથ ઉપર ઉંચા કરી શકે તેવી શક્તિ છે. જ્ઞાતિનાઆગેવાન શેઠીઆઓ જ્ઞાતિજનોને પોતાની કળાથી નચાવી શકે છે. કવીઓ સંગીતકળા વડે જગતને રંજન કરી શકે છે. વકતાઓ મોટી સભાઓમાં વકતૃત્વને લીધે સભાજનોને પોતાના વિચારો પ્રમાણે હાજી હા કરાવે છે. એમ અનેક પ્રકારની શકિતઓ જગતના જીવો ને તેવા પ્રકારના શુભાશુભ કર્મના ક્ષયોપશમના યોગે પ્રગટે છે. તે શકિતઓ અપરમાર્થિક હોવાથી સત્ય પ્રેમશકિત વિના અન્ય શકિત ત્રણ જગતને વશ કરી શકતી નથી, તે સાચી શકિતનો જેટલે અંશે ક્ષયોપશમભાવ પ્રગટે છે તેટલા અંશે તે પ્રેમયોગી કે જે અરિહંત બીતરાગી હોય; ગણધર અથવા આચાર્ય હોય તેઓ સત્યધર્મપ્રવર્તક તે પ્રેમ શકિત વડે અન્યને અધર્મ માર્ગેથી પાછા વાળી ધર્મમાર્ગે પ્રવૃત્તિ કરાવે છે. સર્વ જીવોને સુખમય તે પ્રેમશકિત બનાવે છે. આવી પ્રેમશકિત અન્ય પશુપક્ષીથી અનંતગણી બલવાન છે. તેથી તે પૂજ્ય પ્રેમિયોગીશ્વરોના પ્રેમથી તથા ઉપદેશથી ત્રણ જગતના જીવો દેવ, મનુષ્ય, પશુ, પક્ષીઓ, અસુરો, આર્ય અને અનાર્ય પણ વશ થાય છે. તેમની આજ્ઞા વડે સર્વસ્વ ઈષ્ટભોગોનો ત્યાગ કરી પરમ બ્રહ્મત્વ પ્રાપ્ત કરવા તૈયાર થાય છે. તેમજ પરસ્પરના જન્મથી ઉપજતા વશપરંપરાથી ચાલ્યા આવતા વૈર વિરોધનો ત્યાગ કરી પરસ્પર મિત્ર–બંધુ બની જાય છે. આવી બીજી કોઇ બળવાન શકિત જગતમાં નથી, જેમ કે આકર્ષણ શકિતવાળું લોઢું અન્ય લોહને પોતાની સામે ખેંચી લે છે તેમ પ્રેમશકિત પણ જગતજંતુઓને આકર્ષણ કરી પોતાની આજ્ઞામાં લાવી શકે છે. અને તેઓને પોતાના વહાલા વફાદાર બનાવે છે. ।। ૪૫ ।।

## પ્રેમના ભેદ.

**राजसं तामसं प्रेम, सात्त्विकं च निबोधत ।**
**सात्त्विकं हृदि संधृत्य, पूर्णानन्दं भजस्व भोः ! ।।४६।।**

**અર્થઃ**—રજસ્, તામસ્, સાત્વિક એમ પ્રકૃતિ પ્રમાણે પ્રેમ ત્રણ પ્રકારનો સમજવો- તેમાં હિતકર એક સાત્વિક પ્રેમ હોવાથી તેને મનમાં ધારણ કરીને હે આત્મબંધુઓ તમે પૂર્ણ આનંદને ભોગવો. ।। ૪૬ ।।

**વિવેચનઃ**—ત્રણ જગતના જે પ્રાણીઓ છે તેઓ બધા કર્મના યોગે ચાર ગતિ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને ચોરાસી લાખ યોનિમાં નિરંતર ભમે છે, અને અવાચ્ય દુઃખોને પણ ભોગવે છે; તેનું કારણ મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને અશુભયોગ છે. તેઓજ દુઃખના મૂળ કારણો છે. તેને દૂર કરવા આત્મા પુરૂષાર્થ કરે તો જ સાચા સુખને પામે છે. તેમાં રાજસ તામસ અને સાત્વિક ત્રણ પ્રકૃતિરૂપે તે કષાયના પરિણામોને સાંખ્યદર્શન વહેંચી નાખે છે. ક્રોધ અને માનને એ તામસ પ્રકૃતિ રૂપે ગણે છે; અને માયા અને લોભ રાજસ રૂપે છે; અને દેવપૂજા ગુરૂભકિત, દીન અનાથનું રક્ષણ કરવું, દયા, અનુકંપા, તપ જપ ધ્યાન વગેરે સાત્વિક પ્રકૃતિ રૂપે છે. રાજસ પ્રકૃતિવાળો પ્રેમ આળસુ, એશઆરામ કરનારો, વિષયભોગ કરનારો અભક્ષ્ય ભક્ષણ કરનારો, અપેય પીનારો, વ્યભિચારીપણું કરનારો પ્રાયઃ હોય છે. તેના યોગે તેઓ કિંનર, પિશાચ, પશુ વગેરે કિલ્બીષક યોનિમાં જન્મ ધારણ કરે છે. અને તામસ પ્રકૃતિના પ્રેમવાળાને ક્રોધ, માન, વિગેરે હોય છે. અન્યને મારવું, તેનું પડાવી લેવું, તેવી લોભ પ્રકૃતિ અને અન્યને છેતરવા વિગેરે માયા તેમાં હોય છે. તેના યોગે પ્રાયઃ પશુ અને તિર્યંચ યોનિમાં સિંહ, વાઘ, બિલાડા, કુતરા અને પરમધામીપણેજ જન્મ ધારણ કરવો પડે છે. પ્રાયઃ રાજ્યના કર્મચારીઓ માયા ભાવરૂપ તામસ પ્રેમવાળા હોવાનો સંભવ થાય છે. તેના યોગે પશુ યોનિમાં અવતરવાનો સંભવ વધારે હોય છે. તેથી પૂજ્ય ગુરૂવર કહે છે તે બે રાજસ તામસ પ્રેમ દુરગતિનો હેતુ હોવાથી તેનો ત્યાગ કરવો જોઇએ; અને ધર્મભાવને પ્રગટાવનારને, જગતના સર્વ જીવાત્માઓ પ્રત્યે મૈત્રિભાવ કરનારને, ઉત્તમ ગુણવંત પુરુષોત્તમ મહાત્માના દર્શન સેવા ભકિત કરનારને પ્રમોદભાવ પ્રગટ થાય છે; તેમજ દુઃખીને દુઃખથી ઉદ્ધરવારૂપ કરૂણા ભાવ ધરનાર તે સર્વસ્વ સાત્વિક પ્રેમ સમજવો. આ પ્રેમ જેના હૃદયમાં હોય તે ભાવ ચારિત્રરૂપ જ્ઞાનક્રિયા યોગવડે પૂર્ણાનંદને પામે છે. ॥ ૪૬ ॥

## શુદ્ધ પ્રેમીને દાનના બદલાની ભાવના થતી નથી.

**प्रतिदानस्य संकल्पो, जायते न कदाचन ।**
**उच्चनीचादयो भेदा, लयं यान्ति समत्वतः ॥४७॥**

**અર્થ**:—શુદ્ધપ્રેમી આત્માઓને દાન દેતાં તેનો બદલો લેવાની સંકલ્પ ભાવના કદાપિ થતી નથી. તેમજ શુદ્ધ પ્રેમીજનો પ્રત્યે આ ઊંચ આ નીચ એવા ભેદનો સંકલ્પ વિકલ્પ નષ્ટ થઈને સમાન સાધર્મિક ભાવ પ્રગટે છે. ॥ ૪૭ ॥

**વિવેચન**:—સત્ય, પરમાર્થિક પ્રેમ જેને પ્રગટ થયો છે, તેવા પ્રેમયોગીને જગતના સર્વ ચેતન અને અચેતન દ્રવ્યો પ્રત્યે સમત્વ–સમાન ભાવ હોવાથી ઇષ્ટ સંયોગે આસકિત અને અનિષ્ટ સંયોગમાં તિરસ્કાર ભાવના નથી જાગતી. તેમજ આ વસ્તુ મારી આ વસ્તુ પારકી તેવા ભેદનો સંકલ્પ પણ નથી આવતો; તેવા નિર્મમત્વતાના યોગથી પોતાના સાધર્મિ બંધુઓને અન્ય સાધુ સન્યાસી ફકીર ગૃહસ્થ વિગેરેને યોગ્ય દાન કરે છે. સત્કારે છે. તેમજ જે વસ્તુનું દાન કરે છે તેનો બદલો એટલે મૂલ્ય લેવાની ઇચ્છા તે પ્રેમયોગી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મ નથી રાખતો. પોતાની પાસેનું દ્રવ્ય તે સૌના ભલામાં ખર્ચાય એવીજ એક નિશ્ચય ભાવના કાયમ રહેલી હોય છે. તે આત્મા પૂણ્યક્રિયા કરતાં પુણ્યના ફળની ઇચ્છા પણ કદાપિ કાલે મનથી કે વચનથી નથીજ કરતો. તેમજ આ બ્રાહ્મણ ઊંચ કુલના છે, આ વણિક્, આ ક્ષત્રિય મધ્યમ કુળના છે, આ વણકર, આ ચમાર, આ ચંડાલ, આ અત્યંજ નીચ કુળનો છે એવી સમાનધર્મી આત્મા પ્રત્યે ભેદરૂપ અકલ્પ વિકલ્પની ભંગ જાળ નથી લાવતો, બધા સાધાર્મિક આત્માઓ મારા આત્મબંધુ પ્રિયજન છે, તેઓ સર્વ પૂજ્ય છે, સત્કાર્ય છે એવી સમાન સમત્વ ભાવના તે શુદ્ધ પ્રેમીજનોમાં પ્રેમયોગીને હોય છે ॥૪૭॥

**પ્રતિજ્ઞા પાલન પ્રેમથી થાય છે.**

**प्रतिज्ञापालनं पूर्णं, प्रेम्णैव जायते सताम् ।**
**निरवधिमहाप्रेम, पूर्णब्रह्म सदुच्यते ॥४८॥**

**અર્થ**:—સત્પુરુષોની જે પ્રતિજ્ઞાઓનું પાલન થાય છે, તે પ્રેમવડેજ પૂર્ણ છે. અને નિરવધિ મહાપ્રેમ તેજ પૂર્ણ પરમબ્રહ્મ કહેવાય છે. ॥૪૮॥

**पूर्णप्रेम परब्रह्म, पूर्णज्योतिर्मयः स्वयम् ।**
**निर्विकल्पात्मनावेद्यो–विरागेण निजात्मनि ॥४९॥**

**અર્થ**:—પૂર્ણ પ્રેમરૂપ પરમ બ્રહ્મ પોતેજ પૂર્ણ જ્યોતિઃમય છે, તે વૈરાગ્ય વડે સંકલ્પ વિકલ્પથી રહિત એવી આત્માની સ્થિરતાવાળી અવસ્થામાં આત્મા તેનો અનુભવ કરી શકે છે. ॥૪૯॥

**વિવેચનઃ**—આત્માનો જે સહજ સ્વભાવ છે તે જ બ્રહ્મ કહેવાય છે. તે જ્ઞાનદર્શન, ચારિત્ર તપ, વીર્ય ઉપયોગમય ગુણોરૂપ બ્રહ્મયુક્ત છે તેના યોગે આત્માઓ, સર્વ અન્ય આત્માઓમાં પોતાના સમાન ધર્મ હોવાથી તેઓ મારા બંધુઓ છે એવો પૂર્ણ પ્રેમભાવ જાગૃત્ થાય છે. તેથી આત્મા અભિન્ન હોવાથી તે પ્રેમ પૂર્ણ પરમ બ્રહ્મ છે."**अहं ब्रह्मास्मि**" હું પરમ બ્રહ્મ છું; એવો અનુભવ આત્માને અનુભવાય છે તેમજ તે પૂર્ણ જ્યોતિ તેજમય હોવાથી પોતાના સ્વભાવથી સ્વયંપૂર્ણ પ્રકાશક છે. તેવીજ રીતે સર્વે આત્માઓ સત્તાથી મારાજેવા બ્રહ્મસ્વરૂપજ છે. ॥૪૯॥

**अज्ञानिना न संवेद्यः, संवेद्यः प्रेमयोगिना ।**
**शुद्धप्रेममयं ब्रह्म, स्वेनानुभूयते स्वयम् ॥५०॥**

**અર્થ**:—પ્રેમમય બ્રહ્મ અજ્ઞાની આત્મા અનુભવતો નથી. પણ પ્રેમ યોગીથીજ અનુભવાય છે. એટલે આત્મા પોતાના પ્રયત્નવડે જ પ્રેમમય એવા બ્રહ્મસ્વરૂપ આત્માનું સંવેદન કરે છે. ॥ ૫૦॥

**વિવેચનઃ**—આ પરમપ્રેમ બ્રહ્મસ્વરૂપ આત્મસ્વરૂપ, સદા અબાધિતભાવે સર્વ આત્મમાં શાશ્વત છે, આત્માથી અભિન્ન છે, છતાં અજ્ઞાની આત્મા તેનો પ્રત્યક્ષભાવે અનુભવ કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકતો નથી; તેનું કારણ એ છે કે જ્યાંસુધી જીવાત્મા મિથ્યત્વમય, ક્રોધ, માન, માયા, લોભ, રાગદ્વેષ કામ, ઈર્ષાદિ કર્મમય દોષથી દુષિત હોય ત્યાંસુધી અજ્ઞાનરૂપ અંધકારના યોગે પોતે પોતાના સ્વરૂપનું સત્ય સંવેદનરૂપ અનુભવ જ્ઞાન કરી શકતો નથી. પણ શુદ્ધ પ્રેમયોગી આત્મસચ્ચિદાનંદરૂપ, પૂર્ણ પ્રેમમય, પરમ બ્રહ્મરૂપ આત્મસ્વરૂપનું પ્રત્યક્ષ સંવેદન, જ્ઞાનરૂપ અનુભવ પોતેજ હોતાના આત્માના સહજ બલથી કરે છે. કારણ કે પોતાના સ્વરૂપની પ્રાપ્તિમાં પોતેજ ઉપાદાન કારણ હોય છે અને પરમાત્મા વીતરાગદેવ, ઉપદેશક પૂજ્ય ગુરુ વગેરે તેમાં સહાય કરનારા પુષ્ટાલંબન નિમિત્ત કારણ બને છે. કહ્યું છે કેઃ—
"સાલંબનમાં પ્રભુ તું વડો નિરાલંબન પોતે બુદ્ધિસાગર ધ્યાનમાં નિજને નિજગોતે, અજીત જીનેશ્વરની સેવા સુખકારી." ॥ ૫૦ ॥

**परब्रह्म परंज्योति–र्महावीरो जिनेश्वरः ।**
**स्वयमात्मा वपुःस्थोऽयं, शुद्धप्रेम्णा प्रकाशते ॥५१॥**

**અર્થઃ**—પરમાત્મા શ્રી મહાવીર જીનેશ્વરદેવ પરમ બ્રહ્મ પરમ જ્યોતિર્મય છે. તેવીજ રીતે આ આત્મા પોતે પણ પરમ બ્રહ્મ મહાવીરના સમાનજ છે. તે શરીરમાં રહ્યો છે છતાં પણ શુદ્ધ પ્રેમ વડે અનુભવાય છે. ॥ ૫૧ ॥

**વિવેચનઃ**—જેમ પરમપૂજ્ય પ્રાતઃ સ્મરણીય પરમાત્મા મહાવીરદેવ સર્વ કર્મમલનો નિર્મૂલથી નાશ કરીને પરમ શુદ્ધ પરમ બ્રહ્મ–જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ સદ્ચિદાનંદ અવસ્થાનવાળા પરમ તેજમય પરમ જ્યોતિ સ્વરૂપ થયા છે. તેવોજ તું પણ સત્તાથી સહજ ભાવના આત્મસ્વરૂપથી પરમબ્રહ્મ જ્યોતિસ્વરૂપે છે. તે પરમાત્મામાં અને તારામાં આત્મભાવના લક્ષણથી જરા પણ જુદાપણું નથી. છતાં પણ તું આજે પરાધીનતા ભોગવે છે. નટને આધીન રહેલું માંકડું નટ જેમ નચાવે તેમ નાચે છે, તેવીજ રીતે તું પણ અદશ્ય એવા કર્મના બળથી જેવા તે વેશ કરાવે, નચાવે તેમ તું પણ સંસાર રૂપ રંગમંડપમાં અનાદિ કાલથી વેષ સજી નાચી રહ્યો છે. તો પણ તેં તારા સત્યસ્વરૂપનો ત્યાગ કર્યો નથી, તેજ એક આશ્ચર્ય છે. વસ્તુતઃ તું પરમાત્મા મહાવીર દેવ સમાન શુદ્ધ સત્તાએ છે. તારા જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, ઉપયોગ રૂપ ગુણો તારામાં કાયમજ છે. તારામાં તે ગુણો પ્રકટ કરવાની યોગ્યતા પણ છે; પરંતુ તું જ્યાં સુધી સ્થિરતા નહિ પામે, ઈન્દ્રિય વિષયભોગથી દૂર નહિ થાય સર્વ જીવાત્માઓની સાથે પ્રેમમય મિત્રભાવના નહિ પ્રગટાવે ત્યાં સુધી તો તને તે સ્વરૂપનો બોધ થઈ શકવાનો જ નથી. ॥ ૫૨ ॥

## પ્રેમયોગ આકર્ષણ રૂપ છે.

**आकर्षकं महाप्रेम, सर्वग्रहप्रवर्त्तकम् ।**
**लयसर्गकरं प्रेम, स्वयं स्वेनानुभूयते ॥५२॥**

**અર્થઃ**—મહાન પ્રેમયોગ આકર્ષણ સ્વરૂપ છે; કારણ કે તે પ્રેમી આત્મા પોતાની પાસે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વ ગ્રહોને ખેંચીને પોતાના ઈચ્છા પ્રમાણે પ્રવૃત્તિ કરાવે છે. તેમજ પ્રેમ આત્માને સ્વસ્વરૂપમાં લય-એક સ્વરૂપમય કરનારો છે. તે પોતે પોતાની શકિતથી અનુભવાય છે.

**વિવેચનઃ**—શુદ્ધ મહાપ્રેમ જે પ્રેમયોગિમાં પ્રગટ થાય છે તેની શક્તિથી નવગ્રહો આકર્ષણ ભાવે ખેંચાઇ દાસતત્વ કરનારા થાય છે. એટલે યોગીરાજ ગ્રહોની ક્રિયા સ્વાનુકુલમાં પ્રવર્તાવે છે. એટલુંજ નહિ પણ લય સર્ગકર એટલે જગત વ્યાપક એવા શુદ્ધ નિર્વિકલ્પ પ્રેમયોગમાં રૂપસ્થ ભાવે ધ્યાનમાં લય થવાથી આત્મા પોતાને પરમાત્મા રૂપ પરમ બ્રહ્મરૂપ જે મહાપ્રેમમય સચ્ચિદાનંદ સ્વરૂપ પોતાને પોતાની મેળેજ સ્વયં ઉપજાવે છે-અનુભવ કરે છે અને બાહ્યકર્મના પ્રપંચોનો નાશ કરે છે. કહ્યું છે કે—

"ऐन्द्रं तत्परमं ज्योति-रुपाधिरहितं स्तुमः
उदिते स्युर्यदंशेऽपि संनिधौ निधयो नव ॥१॥

ઉપાધિ વિનાની જે ऐन्द्र આત્માની પરં જ્યોતિ અંશથી જેને જાગે છે ત્યારે નવ નિધિઓ આઠ સિદ્ધિઓ તે યોગીન્દ્રની સેવામાં હાજર થાય છે. ॥૧॥ તે આપણા પરમ શુદ્ધ પ્રેમનો જ પ્રભાવ છે.

## ત્રણ દેવોનો સ્થાપક પ્રેમજ છે.

शुद्धात्मा श्रीमहाब्रह्म, प्रेम्णैव व्यज्यते प्रभुः ।
ब्रह्माविष्णुमहेशानां पूर्णप्रेमनियामकः ॥५३॥

**અર્થ**—શુદ્ધ આત્મારૂપ શ્રી. મહાબ્રહ્મ પ્રભુ પ્રેમથી પ્રગટ થાય છે. તેમજ બ્રહ્મા વિષ્ણુ મહેશ્વરને પણ પૂર્ણ પ્રેમજ સ્થાપન કરે છે. ॥૫૩॥

**વિવેચનઃ**—લોકમાં મહાન દેવ ગણાતા શ્રી બ્રહ્મા વિષ્ણુ મહેશ્વરનો તે આત્મા જ પૂર્ણ પ્રેમથી યોગ્ય સ્થાનમાં નિયત કરી શકે છે. લોકોત્તર દૃષ્ટિથી બ્રહ્મા તે જ કે જે સર્વ જીવાત્માઓના મોહને નાશ કરી સમ્યક્ભાવે સત્ય આત્મ સ્વરૂપમાં સ્થાપન કરે છે. તે તીર્થંકર પરમ બ્રહ્મા સમજવા. સર્વ જીવાત્માનું ધર્મ સ્વરૂપમાં રક્ષણ કરતા હોવાથી તે તીર્થંકરો જ્ઞાન દર્શનથી સર્વ જગતમાં વ્યાપકભાવે લાયક હોવાથી વિષ્ણુદેવ સમજવા. તે ભવ્યાત્માને મોક્ષ સ્થાનમાં પહોંચાડીને તેના સંસારનો નાશ કરતા હોવાથી તે જ મહેશ્વર સમજવા હવે નિશ્ચય નયથી આત્મા પોતે બ્રહ્મા છે કારણ કે અપૂર્વ કરણ વિગેરે કરીને મોક્ષમાર્ગીપણે પોતાના આત્માને બનાવે છે. તેમજ આત્માને દુર્ગતિના દુઃખથી બચાવવા માટે વ્રત, નિયમ, શૌચ રૂપ ક્રિયા અનુષ્ઠાન કરી આત્માનું યોગ ક્ષેમ કરે છે તેથીજ પોતેજ વિષ્ણુ બને છે. પોતાના ઉપજાવેલા સંસારનો ત્રીજા લોચનરૂપ જ્ઞાન, ચારિત્રરૂપ યોગ અને ક્ષેમ વડે કરીને નાશ પણ પોતેજ કરે છે- તેથી તે પોતેજ મહેશ્વર શિવ છે. તે સર્વ પૂર્ણ પ્રેમ યોગથી સાધ્ય હોવાથી પ્રેમ જ તે ત્રણ મહાન દેવોનો નિયામક એટલે યથાયોગ્ય સ્થાને સ્થાપન કરનારો છે. ॥૫૩॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પ્રેમ આત્મામાં વ્યાપક છે.

**व्यापकः सूक्ष्मरूपेण, प्रेमैव स्वान्तरप्रभुः ।**
**अविश्वासो न यत्राऽस्ति, निश्चयप्रेमतः स्वयम् ॥५४॥**

**અર્થ**:—પ્રેમરૂપી પ્રભુ આત્મામાં વ્યાપક ભાવે અદૃશ્ય સૂક્ષ્મરૂપે રહેલ છે. પરંતુ જ્યાં તે પ્રમાણે અવિશ્વાસ ન હોય ત્યાં અવશ્ય નિશ્ચયથી આત્મપ્રેમ ભાગ્યવંતોને સ્વયં પ્રગટ થાય છે. ॥ ૫૪ ॥

**વિવેચન**:—જયાંસુધી આત્મામાં મિથ્યાત્વ, મોહ, માયા, રાગ, દ્વેષ, માન, અભિમાન, કામ, ક્રોધની પ્રબલતા હોય ત્યાંલગી અશુદ્ધ પ્રેમથી આત્મા વિષયભોગની સંજ્ઞારૂપ રાગથી અન્ય પુદ્‌ગલોના ભોગોને ચહાય છે પણ તે રાગરૂપ પ્રેમ નિશ્ચલ નથી; ક્ષણિક છે ત્યારે પરમબ્રહ્મ સ્વરૂપનો શુદ્ધપ્રેમ:જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને મોહનીય કર્મના તેવા પ્રકારના ક્ષયોપશમભાવે આવરણ વિગેરે નાશ પામતાં તેટલા અંશે સત્ય,, શુદ્ધ પ્રેમ અંતરમાં પ્રગટ થાય છે. તે રૂપી ન હોવાથી આપણી ઇન્દ્રિઓ જોઇ જાણી શકતી નથી તેથી સૂક્ષ્મ છે. પરંતુ આપણો સર્વ જગતના જીવાત્માઓ પ્રત્યે મિત્રભાવ પ્રગટે તેઓને આપણા સમાન માની આપણા જેવા સુખી કરવા ઇચ્છા થાય, તેવી કાયાથી પ્રવૃત્તિ કરાય તેટલા અંશે આપણા અંતઃકરણમાં વ્યાપક ભાવે તે પરમ બ્રહ્મ પ્રેમપ્રભુ સૂક્ષ્મભાવે સ્થાન કરી રહેલા છે એમ સમજવું. પરંતુ જ્યાં તેવી મૈત્રિ આદિ ભાવના પ્રત્યે સફળતાનો વિશ્વાસ ના હોય ત્યાં તે પ્રેમનું સ્થાન જાગતું નથી. જ્યાં પૂર્ણ વિશ્વાસ હોય ત્યાં પ્રેમપ્રભુ નિશ્ચયપૂર્વક પ્રેમયોગ વડે યુક્ત આત્મામાં પોતે પ્રગટ થાય છે. તેથી તે પ્રેમયોગીને સર્વ ચર અચર જગત જંતુમાં મૈત્રી ભાવે પ્રેમપ્રભુ વ્યાપક થઇને તે સર્વનું હિત કરવા આત્માને પ્રેરણા કરે છે. ॥ ૫૪ ॥

## ધૂર્તપ્રેમ એ સાચો પ્રેમ નથી.

**धूर्त्तानां प्रेमचेष्टासु, सत्यप्रेम न विद्यते ।**
**नास्तिकैर्मूढलोकैश्च, सत्यप्रेमी न ःवञ्च्यते ॥५५॥**

**અર્થ**:—ધૂર્ત લોકોની પ્રેમચેષ્ટામાં સત્ય પ્રેમ નથી હોતો. તેઓ તો ભોળા લોકોને છેતરીને પોતાની જાળમાં ફસાવવાની જ એક માયાજાળ કરતા હોય છે. તેવા નાસ્તિક મૂઢ લોકોથી સત્યપ્રેમી જરાપણ ઠગાતો નથી. ॥૫૫॥

વિવેચન:—જગતમાં ધૂર્ત લોકો- જૂઠા પ્રપંચ કરનારા, લોકોને છેતરનારા પ્રપંચી ચમત્કાર કરીને ભોળા લોકોને પોતાની માયામાં ફસાવીને ઉન્માર્ગ ગમન કરાવીને પોતાની પાપી અનીતિમય વાસનાને પોષે છે અને વ્યભિચારરૂપ પ્રવૃત્તિને પ્રેમધર્મના નામે ફેલાવે છે. પરંતુ ત્યાં મોહનોજ ઉન્માદ હોય છે. પણ સત્ય પ્રેમધર્મ જરાપણ હોતો નથી તેવાથી ભલે મૂર્ખા લોકો છેતરાય પણ સત્ય ધર્મપ્રેમી કે જે જગતમાં કલ્યાણમય ધર્મપ્રેમ પ્રગટાવવા સતત પ્રવૃત્તિ કરે છે તેઓ તો જરાપણ અધર્મથી છેતરાતા નથી. ॥ ૫૫ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પ્રેમયોગીઓ જ પ્રેમની પરીક્ષા કરે છે.

**प्रेम परीक्ष्यते प्रेम–योगिना परया विदा ।**
**परायां भासते सत्यं, सत्यप्रेम्णैव सद्धृतिः ॥५६॥**

**અર્થ**:—પ્રેમયોગીઓ પરા શ્રેષ્ઠ ભાવના વડે સત્યપ્રેમની પરીક્ષા કરી શકે છે. શ્રેષ્ઠભાષામાં સત્ય પ્રેમમય વચનો બોલાય છે. સત્યપ્રેમથી આત્મામાં સાચી સ્થિરતા આવે છે. ॥ ૫૬ ॥

**વિવેચનઃ**—ઉપરના શ્લોકમાં જણાવ્યું કે સાચો પ્રેમયોગી ઠગારા લોકના પ્રપંચથી મુંઝાતો નથી. છેતરાતો નથી. વસ્તુતઃ તેઓ વેવલા અવિચારી અવિવેકી નથી. પણ જે સત્યપ્રેમીઓ પરા એટલે શ્રેષ્ઠ જ્ઞાન–જ્ઞપ્તિરૂપ, બુદ્ધિવડે પરમ બ્રહ્મસ્વરૂપ પ્રેમની યથાર્થતાની વિવેક વિચારપૂર્વક પરીક્ષા કરીને અનુભવ કરે છે. જુઠો બનાવટી પ્રેમ જે શઠ લોકો વાપરે છે તેને પણ ઓળખીને તેઓથી છેતરાતા નથી. તેથી પરા એટલે શ્રેષ્ઠ અંતઃકરણની પૂર્ણ શુદ્ધતાયુક્ત ભાષા વડે પ્રેમપૂર્વક સત્યભાવથી બોલે છે, તેમાં અસબંધતા કટુતા નથી જ આવતી. તેમજ પ્રેમયોગીએ સત્ય પ્રેમવડે ધીરજ યુક્ત થઈને સર્વત્ર પ્રેમરૂપ મૈત્રી ભાવ-ભાવવાથી આત્મસ્વરૂપને એકત્વભાવે–પરમાત્માના સ્વરૂપને એકત્વભાવે અનુભવી તે પરમાત્માના સ્વરૂપમાં સ્થિરતા કરાવે તે પ્રેમપ્રભુનો પ્રતાપજ જાણવો ॥ ૫૬ ॥

## સેવા વૈયાવચ્ચ પ્રેમથી થાય છે.

**सेवाभक्तिर्भवेत् प्रेम्णा, वैयावृत्यं तथा शुभम् ।**
**प्रवृत्तीनां महामन्त्रो, निवृत्तिनां तथा ध्रुवम् ॥५७॥**

**અર્થ**:—જગતના સર્વ જીવાત્માઓની સેવા ભકિત વૈયાવૃત્ય વિગેરે શુભ અનુષ્ઠાનની પ્રવૃત્તિ પ્રેમથીજ થાય છે, તેમજ પ્રેમ પ્રવૃત્તિ અને નિવૃત્તિનો નિશ્ચયે મહામન્ત્ર છે. ॥ ૫૭ ॥

**વિવેચનઃ**—પ્રેમધર્મનું બળ ખરેખર અપૂર્વજ છે. જે યોગી પ્રેમધર્મથી યુકત થઈને જગતના સર્વ પ્રાણિઓની સેવા કરવા કટિબદ્ધ થાય છે ઉપદેશ કરીને પશુવૃત્તિનો ત્યાગ કરાવે છે અને માનવતાના શુભ સંસ્કારો આપીને મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ કરાવે છે. તેમજ દીનદુઃખીઓને શાંતિ આપી તેમને સુખી કરવા પ્રવૃત્તિ કરે છે. ધર્મમાર્ગથી પડતાને હિંમત આપી સત્ય વૈરાગ્ય ભાવની શ્રેણી-એ ચડાવીને મોક્ષ માર્ગરૂપ ચારિત્ર ધર્મમાં સ્થિરતા કરે છે. મિથ્યાત્વ વાસનામાં ગૃદ્ધ થયેલાને સમ્યગ્ આત્મસ્વરૂપની શ્રદ્ધા કરાવી સમ્યગ્ દર્શનમાં સ્થિર કરે છે. તે ભક્તિ સત્ય પ્રેમરૂપ મૈત્રી ભાવ વિના નથી થતી. તેમજ પૂજ્ય તીર્થંકરો ગુણધરો, આચાર્ય, ઉપધ્યાય, સાધુ, સાધ્વી, દેશવિરતિ શ્રાવક શ્રાવિકાની પૂજ્ય ભાવનાપૂર્વક પૂજા કરવી. તેમજ તેઓના ગુણ સ્તુતિ કરવા રૂપ પ્રમોદ ભાવનારૂપ ભકિત પણ પ્રેમધર્મથીજ થાય છે, તેમજ ધર્મિઓને જ્ઞાન ભણવાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપકરણો ચારિત્ર પાલનમાં ઉપયોગીરૂપ કરણી, આહાર, પાણી, વસ્ત્રપાત્ર વિગેરે ભક્તિ સેવા જે પૂણ્યવંતો કરવા પ્રવૃત્ત થાય છે તે સત્ય મહાપ્રેમ ધર્મરૂપ પ્રભુનો અંતઃકરણમાં વાસ થયા વિના નથી જ બનતું. તેવા અનન્ય પ્રેમયોગથી ધન સાર્થવાહ તથા નયસારની પેઠે જીવ મહાન ફલ આપનારૂં સમ્યગ્ દર્શન પ્રાપ્ત કરે છે. તેમજ ધર્મપ્રવૃત્તિવાળા મહાત્માઓની વૈયાવૃત્ય કરતા તથા મહાત્માઓના શરીરનો પરિશ્રમ દૂર કરતા શ્રી બાહુબલજીએ શરીરમાં મહાન બલની પ્રાપ્તિ કરી હતી તે સર્વ સત્ય પ્રેમનોજ પ્રભાવ છે. તે શુદ્ધ માર્ગમાં જે સત્યપ્રેમ યોગીઓ પ્રવૃત્તિ કરે છે તેના બલથી સર્વ સંસારની વાસનાની નિવૃત્તિ કરવા રૂપ ચારિત્ર ધર્મની પ્રાપ્તિ માટે પ્રેમ મહામંત્ર છે, તે પ્રેમ વડેજ આત્મા મનુષ્યત્વ સમ્યગ્ દર્શન, ચારિત્ર, અપ્રમાદિત્વ, અપૂર્વ આદિ ગુણશ્રેણિમાં ગમનને પ્રાપ્ત કરી પૂર્ણ પ્રેમરૂપ મહાન આનંદનો અનુભવ કરે છે. ॥ ૫૭ ॥

**धर्मप्रचारकं प्रेम, सर्वजातीयजीवनम् ।**
**जीवेत् प्रेम विना नैव, जैनधर्मः सनातनः ॥५८॥**

**અર્થ:**—ધર્મનો જગતમાં પ્રચાર કરવો તે પ્રેમથીજ થાય છે. તેમજ સર્વ જાતીય લોકોનું જીવન પણ પરસ્પર પ્રેમથીજ વહન થાય છે. સત્ય પ્રેમ વિના સનાતન જૈનધર્મ ટકે નહિ ॥ ૧૮ ॥

**વિવેચનઃ**—જગતમાં સર્વ પ્રાણીઓ શુદ્ધ ધર્મવડે પુણ્ય ઉપાર્જન કરે છે અને અધર્મથી પાપ ઉપાર્જીને દુઃખી થાય છે. તેથી તેવા પાપથી તેઓને બચાવવા માટે સત્ય હિતકર ધર્મની સમજણ આપવાની જરૂર રહેલી છે તે કારણે તે દેશની ભાષા સમજનારા સત્યપારમાર્થિક તત્વને સર્વ લોકો સહેલાઈથી સમજી શકે, દુર્ગુણનો ત્યાગ કરી શકે તેવો ઉપદેશ તે ભવ્યાત્માઓના મળવો જોઇએ તેથી ધર્માચાર્યો અને સદ્ગૃહસ્થો એ તે દેશની ભાષાના જ્ઞાતા, અન્ય ધર્મના જ્ઞાતા, સુચારિત્ર શ્રદ્ધાવંત ઉપદેશકો તૈયાર કરી તે તે દેશમાં મોકલીને ધર્મ પ્રચાર કરવો જોઇએ. તેમજ તેવી ભાષામાં તેઓને રોચક થાય તેવારૂપે પવિત્ર ધર્મગ્રંથોના અનુવાદ વિવેચન વિગેરે તૈયાર કરાવીને વિનામૂલ્યે તેવા ભવ્યાત્માઓને ગ્રંથ ભેટ કરવા જોઈએ. તેમજ તેઓને ધર્મપાલન માટે યોગ્ય સગવડ કરી આપવી જોઈએ. પ્રમથી સર્વ લોકોનું જીવન ટકી શકે છે. જે ધર્મસિદ્ધાંતો દયા, અહિંસા, ક્ષમા, પ્રેમ, વિનય, ભક્તિ વિવેક જેમાં હોય તે જગતમાં સત્ય ધર્મના સ્થાનને યોગ્ય છે. તેવા સત્ય અહિંસા આદિ વ્રતો, પવિત્રતા આદિ નિયમો, મૈત્રી આદિ ભાવનાઓથીયુક્ત સદા શાશ્વતો અભેદભાવે સર્વવર્ણના, જાતિકુળના મનુષ્યો પશુ પક્ષિઓ વિગેરેનું કલ્યાણ કરનારો સનાતન પ્રેમમૂર્તિ જૈનધર્મ વિજયવંત વર્તે છે. ॥ ૫૮ ॥

## ધર્મરુચિ વિગેરે પ્રેમના પર્યાય શબ્દો છે.

**धर्मरुच्यादिपर्यायाः, प्रेम्णो वाच्या विवेकतः ।**
**व्यभिचारादिलाम्पटयं, काममोहोद्भवं खलु ॥५९॥**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**:—પ્રેમરૂપ એક પદાર્થના વાચક શબ્દોના ધર્મ રૂચિ વિગેરે શબ્દ વિવેકથી બને છે, અને વ્યભિચાર આદિ શબ્દ પર્યાયો લંપટપણાવાળા કામમોહના વાચક બને છે. ॥ ૫૯ ॥

**વિવેચન**—પ્રશંસવા યોગ્ય શુદ્ધ પ્રેમશબ્દના વાચક અર્થના પર્યાયો જેવા કે ધર્મ-રૂચિ, ધર્મનિષ્ઠા, ધર્મસ્નેહ, પ્રેમ ધર્મ, ધર્મ શ્રદ્ધા, ધર્મ રાગ, ધર્મ–પ્રાપ્તિ, ધર્મપ્રતિજ્ઞા, ધર્મશકિત, સમ્યગધર્મ દર્શન વગેરે છે તેમજ નિંદવા યોગ્ય પ્રેમના વાચક પર્યાયો જેવાકે વ્યભિચાર, મૈથુન, કામના, સ્નેહ રાગ, દષ્ટિરાગ, વિષયરાગ, શ્રૃંગારરાગ, માયા, વિષયદષ્ટિ, કામલંપટત્વ, મોહદષ્ટિ, વિષયાશકિત, વગેરે છે જે મોહથી ઉદ્ભવતા હોવાથી અશુભ અશુદ્ધ પ્રેમશબ્દના વાચક પર્યાયો છે. ॥૫૯॥

## દેહ અને લક્ષ્મીમાં સત્યપ્રેમ નથી.

**देहवित्तादिके स्वार्थे, सत्यप्रेम न संवसेत् ।**
**विद्यारूपादिके शुद्ध–प्रेमवासो न संभवेत् ॥६०॥**

**અર્થ**:—શરીર ધન આદિ સ્વાર્થને પ્રાપ્ત કરવામાં જે પ્રેમ હોય છે તે સત્યપ્રેમ નથી હોતો તેમજ વિદ્યારૂપ આદિમાં જે આસકિતભાવ હોય ત્યાં પણ શુદ્ધ–સાચો પ્રેમ હોય તેવો સંભવ નથી. ॥ ૬૦ ॥

**વિવેચન**:—સંસારમાં સર્વ મનુષ્યો વસે છે પશુ પક્ષિઓ પણ પ્રેમનુંજ સરણ કરે છે. કોઇ શરીર ઉપર પ્રેમ રાખીને તેને ખુબ નવરાવે, ધોવરાવે છે. અને પુષ્ટિકારક પદાર્થ ભક્ષ્યાભક્ષ્યના વિવેકને છોડી દઇને વાપરે છે. શરીરને હીરામાણેક મોતી સુવર્ણ આદિ આભુષણોથી શણગારે છે. તેમજ ઉંચી જાતના વસ્રો પહેરાવે છે તે પણ સ્વાર્થમય પ્રેમ માટેજ કરે છે. કોઇ ધન માટે પ્રેમરાખીને અનીતિમય, અપ્રમાણિક વ્યાપાર કરે છે. પંદર કર્માદાનને કરે છે. સમુદ્રમાંથી મોતી કઢાવે છે. ખાણો ખોદાવે છે. હીરામાણેક પ્રવાલને કઢાવે છે. એમ અનેક રીતે રાત્રિદિવસ પરિશ્રમ કરીને રાજગહીના મમ્મણશેઠની પેઠે ખુબ ધનનો સંચય કરે છે. વિષયભોગના ગૃદ્ધિભાવે કુમારનંદિ પાંચસો સ્ત્રી સમુહનો સંગ્રહ કરે છે તે પણ વિષય પ્રેમથીજ કરે છે. તેમજ પુત્ર–પુત્રી પરિવારમાં મારાપણાનો પ્રેમ હોય છે. માતાપિતા વિગેરે ઉપર પણ મારાપણાનો મોહજન્ય પ્રેમ સ્વાર્થ જનક હોવાથી અપારમાર્થિક છે. કહ્યું છે કે "સ્રી, ધન, ભાઇ, ભગિનીને; પુત્રપુત્રી હો, કુટુંબ પરીવાર કે તેના સંગે રાચીઓ મોહે મુંઝાયો હો, દુઃખ પામ્યો અપાર કે, જીનવાણી ચિત આણીએ. ॥૧॥ વસ્તુતઃ સર્વ જનોની રક્ષા કરવી, તેઓને દુઃખથી મુકત કરવા, ધર્મમાં જોડાયા હોય તો તેમાં તેમને ધર્મમાં સ્થિરતા કરાવવા માટે યોગ્ય અનુકુળતા આપવી એજ સત્ય પ્રેમીની ફરજ છે. પણ તેથી અન્ય બીજું કર્તવ્ય નથી, તેમજ શૃંગારિક કાવ્યરસમાં પ્રેમ ધરવો તે સ્રી આદિની કામવાસનામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉન્માદ કરાવનારો હોવાથી તે પણ સત્ય પ્રેમ નથીજ. સર્વ જગત જંતુપ્રત્યે હિતભાવના વિનાનો જે પ્રેમ હોય ત્યાં શુદ્ધ પ્રેમનો વાસ હોય તે નથી સંભવતું ॥ ૬૦ ॥

### જ્યાં કામવાસના ન હોય ત્યાં સાચો પ્રેમ છે.

**दुष्टकामो न यत्राऽस्ति, तत्र प्रेमप्रकाशता ।**
**धर्म्यप्रेम जगद्धर्म–स्थापकं सर्वशक्तितः ॥६१॥**

**અર્થઃ**—જ્યાં દુષ્ટ કામવાસના ના હોય ત્યાં સત્યપ્રેમનો પ્રકાશ થાય છે. જ્યાં ધર્મ સંબંધી પ્રેમ હોય તે આત્મા સર્વ સાત્વિક શકિતથી યુકત થઇને જગતમાં પ્રેમ યુક્ત ધર્મની સંસ્થાપના કરે છે ॥ ૬૧ ॥

**વિવેચનઃ**—વિષયપ્રેમ જ્યાં ન હોય પણ સત્ય આત્મસમાન ધર્મની આરાધનાયુક્ત ધર્મપ્રેમ હોય ત્યાંજ આત્મપ્રેમ પ્રગટ થાય છે. તે પ્રેમથી સર્વ આત્માઓને સહાય કરાય તે પરમાનંદ હેતુ થાય છે. તે સત્ય ધર્મસંબંધી પ્રેમનું જે પ્રાગટય છે તે આત્માની સર્વ શકિતને જાગૃત કરીને સર્વજગતમાં પ્રેમમય શુદ્ધધર્મનો ફેલાવો કરે છે. ॥ ૬૧॥

**दोषाः सन्ति न सत्प्रीत्यां, नैवास्ति कामवासना ।**
**कामादयस्तु मोहेन, पुंवेदात्संभवन्ति यत् ॥६२॥**

**અર્થઃ**—સત્ય પ્રીતિમાં દોષ નથી હોતો ત્યાં કામભોગની વાસના જરા પણ ન હોતી. જ્યાં કામવાસના હોય ત્યાં મોહનો ઉદય હોવાથી પુંવેદાદિનો સંભવ રહે છે, અને ત્યાં સત્ય પ્રેમનો અભાવજ સમજવો. ॥ ૬૨ ॥

**વિવેચનઃ**—કામવાસના તે સત્ય પ્રેમ નથી, પણ મોહમાયા રૂપ અશુભ કર્મના હેતુ રૂપ મોહરાગ સમજવો. ॥ ૬૨ ॥

### પ્રેમથી વેદનો નાશ થાય છે.

**पुंवेदादिकमोहस्य, नाशोऽस्ति प्रेमशक्तितः ।**
**मनोवाक्काययोगानां, पावित्र्यं प्रेमयोगतः ॥६३॥**

**અર્થઃ**—સત્યપ્રેમની શકિતથી પુરૂષાદિ વેદરૂપ મોહનો નાશ થાય છે. અને મન વચન કાયના યોગની પવિત્રતા સાચા પ્રેમયોગથી થાય છે. ॥ ૬૩ ॥

**વિવેચનઃ**—અરિષ્ટ નેમિભગવાને રાજીમતીને મોહમય પ્રેમથી વાળી સત્યપ્રેમને માર્ગે દોરી અને રાજીમતીએ રહેનેમિને પ્રતિબોધ કરી વૈરાગ્યમાર્ગે વાળ્યાં તેમાં સત્યપ્રેમનોજ ખરેખર પ્રભાવ છે. ॥ ૬૩ ॥

### પ્રેમમાં ગુણોનું દર્શન અને દુર્ગુણનું અદર્શન છે.

**गुणानां दर्शनं यस्माद्–दुर्गुणानां न कर्हिचित् ।**
**सद्गुणानां प्रचारोस्ति, तस्मात् प्रेम भजस्व भोः ? ॥६४॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ:**—જે પ્રેમયોગીને જગતમાં ગુણોનું દર્શન થાય છે અને દુર્ગુણોનું જરા પણ જોવાનું ન થાય તે પ્રેમનોજ પ્રભાવ છે, પ્રેમથી ગુણોનો પ્રચાર થાય છે. તે કારણથી હે ભવ્યાત્મા પ્રેમયોગને ભજ ॥ ૬૪ ॥

**વિવેચન:**—સત્ય પ્રેમયોગીંદ્રો પ્રેમયોગની મહાન શક્તિવડે જગતના ચરાચર સર્વ પદાર્થમાં જે જે ગુણ દેખાય તેને જ ગ્રહણ કરે છે. પણ દુર્ગુણ એટલે દોષોને કદાપિ જોતા નથી જેમ કૃષ્ણદેવે મરેલા, ગંધાતા કીડાથી ખદબદતા કુતરાના કલેવરમા રહેલી દાંતની સુંદર પંક્તિની પ્રસંશા કરી હતી, તેમજ શ્રીમાન રામચંદ્રદેવે શ્રીમતી સીતાદેવીનું ક્રુરતાપૂર્વક હરણ કરનારા બળવાન ભયંકર શત્રુને માર્યા પછી પણ તેમાં રહેલી શૌર્યતાના વખાણ કર્યા હતા પણ દોષને ગણ્યા નહોતા. તેથી પ્રેમયોગીઓ જ્યાં જ્યાંથી ગુણ દેખાય ત્યાં ત્યાંથી ગ્રહણ કરીને જગતમાં ગુણોનો પ્રચાર કરે છે. તેથી હે મોક્ષાર્થી તું પ્રેમયોગને ગ્રહણ કર. ॥ ૬૪ ॥

## પ્રેમથી આરોગ્ય વિગેરે થાય છે.

**प्रेम्णा शारीरमारोग्यं, शोकभीत्यादिसंक्षयः ।**
**प्रेम्णा प्रभुकृपासिद्धिः, सद्गुरूणां तथा भवेत् ॥६५॥**

**અર્થ:**—પ્રેમથી શરીર નિરોગી રહે છે. શોક અને ભયનો ક્ષય થાય છે. પ્રેમથી પરમાત્માની કૃપા થાય છે. તેમજ પ્રેમથી સદ્ગુરૂઓની કૃપા પણ સિદ્ધ થાય છે. ॥૬૫॥

**વિવેચન:**—પ્રેમયોગની ઉપાસના કરનારા ભવ્યાત્માઓને જે પુણ્યોદય પ્રગટ થાય છે તેના બળથી શરીરના રોગો નાશ પામે છે. આરોગ્ય અને પુષ્ટિથી શરીર સશકત બને છે; સર્વ જીવોને શાંતિ આનંદ આપવાની ભાવના કરવાથી શોક સંતાપનો ક્ષય થાય છે. સર્વત્ર પ્રેમનુંજ સામ્રાજ્ય સ્થાપવાથી આત્મા ભયભીત નથી રહેતો. ભય કે જે સાત પ્રકારના ગણાય છે તે મરણ ભય (૧) અપયશભય (૨) આજીવિકાભય (૩) ઇહલોક ભય (૪) પરલોક ભય (૫) રાજભય (૬) ચોરભય વિગેરે સાત પ્રકારનો ભય પ્રેમયોગીઓને નથી હોતો. સર્વ આત્માઓ પ્રત્યે મૈત્રીભાવના હોવાથી શત્રુના ઉપદ્રવનો ભય એવા અજાતશત્રુ પ્રેમીઓને નથી હોતો. તેમને સર્વ ભયનો સંપૂર્ણ ક્ષય થયેલો હોય છે. પ્રેમયોગીઓને પરમ પ્રભુપ્રત્યે ગુણગ્રાહક રૂપ પ્રમોદ ભાવ અને ભક્તિભાવ રૂપ પ્રેમ સદા જાગતો રહેતો હોવાથી ચિત્તની આહ્‌લાદતા રૂપ કૃપા પરમાત્માની કૃપાથી પ્રાપ્ત થાય છે. તેમજ પૂજ્ય સદ્ગુરૂઓની પણ પ્રેમયોગી ઉપર અપાર કૃપા પ્રગટભાવે હોય છે જ, કે જેના યોગે આત્મસ્વરૂપ ચારિત્રયોગમાં આગળ વધતો સુંદર ગુણશ્રેણિનું અવલંબન કરી શકે છે. ॥ ૬૫ ॥

## પ્રેમથી કલેશ વિગેરે નાશ પામે છે.

**प्रेम्णा क्लेशविनाशोऽस्ति, मनः साम्यं भवेत् सनाम् ।**
**सत्यप्रेम न यत्राऽस्ति, तत्र शुष्कं मनः खलु ॥६६॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થઃ**—પ્રેમવડે ક્લેશ નાશ પામે છે. સત્પુરૂષનું મન સમતાભાવમાં પ્રેમથી આવે છે. સત્ય પ્રેમ જ્યાં ન હોય ત્યાં મનની શુષ્કતા એટલે લુખાપણું જાણવું. ॥ ૬૬ ॥

**વિવેચનઃ**—જગતમાં જે જે સત્પુરૂષો હોય છે, તે સર્વત્ર પ્રેમ રાખનારા હોય છે. એમનો એવોજ મનનો સ્વભાવ હોય છે કે, **"आत्मवत् सर्वे भूतेषु यः पश्यति स पश्यति"** જે પોતાના આત્મા સમાન સર્વ ભૂત-સત્વ જીવ પ્રાણી છે, તેમને જુએ છે તે ખરા દેખનારા છે, તે વિનાના ભલે બાહ્યોપભોગ પદાર્થો નિરંતર ભોગવે, દેશ અને દેશાંતરનો અનુભવ કરે, સર્વ વિજ્ઞાનના અનુભવી થાય તો પણ વિવેકથી અંધ હોવાથી આંધળાજ સમજવા. તેથી પ્રેમી સર્વ ઉપર એકાત્મભાવે પ્રેમ રાખીને સર્વ લોકમાં રહેલા કલેશનો નાશ કરે છે. તેમજ તે લોકોના મત પરસ્પર સમતાભાવવાળા બની પ્રેમયુક્ત થાય છે. આવો સત્ય પ્રેમ જ્યાં નથી હોતો તેઓ બોલવામાં જુદી વાત અને વર્તવામાં જુદી વાત કરતા હોવાથી તેમનું હૃદય પ્રેમના અભાવવાળું હોવાથી લુખું-કોરૂં હોય છે. તેથી તેઓ બાહ્યપ્રવૃત્તિ તો માત્ર લોકોને છેતરવા માટે જ કરે છે એમ સમજવું. ॥ ૬૬ ॥

## જ્ઞાતીનો પ્રેમ પ્રાણાન્તે પણ નાશ પામતો નથી.

**ज्ञानिनां प्रेम संबन्धः, प्राणान्तेऽपि न भिद्यते ।**
**देहवित्तादिनाशेऽपि, सत्यप्रेम न नश्यति ॥६७॥**

**અર્થઃ**—જ્ઞાનીપુરૂષો જેની સાથે પ્રેમસંબંધ બાંધે છે તે પ્રાણનો નાશ થાય ત્યાં સુધી પણ નાશ નથી પામતો. શરીર ધન વિગેરેના નાશથી પણ સત્યપ્રેમ નાશ પામતોજ નથી. ॥ ૬૭ ॥

**વિવેચનઃ**—આ જગતમાં જેને આત્મા પરમાત્માના સ્વરૂપનો વિશેષ પ્રકારે ભેદ અને અભેદનો સંપૂર્ણ વિવેક થયો છે તેવા સત્યજ્ઞાની પુરૂષો સર્વ જગતના જીવો ઉપર સામાન્યભાવે ઉપકારક પ્રેમસંબંધ કરે છે. સર્વ સાથે મૈત્રીભાવનો સંબંધ સામાન્યથી સરખો હોય છે, તો પણ જે પ્રત્યક્ષ સંબંધમાં આવે, જેની સાથે કાંઇક વાતચીત થાય તેની સાથે વિશેષભાવે પ્રેમવાળી મૈત્રી ભાવના પૂર્વક સંબંધિત થાય છે. તેવી રીતે અકસ્માતભાવે પણ જે સંબંધ બંધાય છે તેને પ્રેમયોગીઓ પ્રાણના અંત સુધી નભાવનારા હોય છે, જેની સાથે સંબંધ થયો હોય તેની વિચિત્ર કુટતાને જાણતા હોવા છતાં પણ ઉપકાર કરવાની સહજ સજ્જનતા પરમાર્થજ્ઞાનીઓ છોડતા નથી. જેમકે શ્રીપાલનરેશ્વરને મહાન કુડકપટના ભંડાર, લોભી, નિર્દય કૃતઘ્ની, મહાન શઠ એવા ધવલશેઠની સાથે સહજ મેળાપ થતાં સંબંધ બંધાણો હતો તેમજ તેનાજ કુટપ્રયોગથી સમુદ્રમાં પતન થયું હતું. ચંડાળકુળનું કલંક માથે મુકાણું હતું. મરણની અવસ્થાએ પહોંચાડવામાં જરા પણ બાકી રખાયું ન હતું તો પણ ઉદાર ચરિત્ર શ્રીપાલ બધું જાણતા હોવા છતાં પણ ધવલશેઠને બચાવવા માટે પાછી પાની કરી ન હતી. પ્રેમને જરા ઢીલો પણ નહોતો કર્યો. તેવીજ રીતે પરમાર્થથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમ્યગ્જ્ઞાની પ્રેમયોગીઓ શરીરધન વિગેરે સર્વસ્વના નાશ પ્રસંગમાં પણ સત્ય પ્રેમનો ત્યાગ નથી કરતા. ॥ ૬૭ ॥

**पूर्णदुर्भाग्यसंप्राप्तौ, मृत्युकालेऽपि सज्जनाः ।**
**सत्यप्रेम न मुञ्चन्ति, धूर्त्तकोटिप्रलोभनैः ॥६८॥**

**અર્થ:**—કદાપિ સજ્જન પુરૂષોને સર્વ પ્રકારના પાપના ઉદયથી પૂર્ણ દુર્ભાગ્યતા આવે મૃત્યુકાળ પણ સામો દેખાય તો પણ સત્યપ્રેમનો ત્યાગ કરતા નથી, આટલુંજ નહિ પણ ધૂર્તભાવવાળી કરોડો પ્રકારની લાંચ મળે તો પણ લોભાતા નથી ॥ ૬૮ ॥

**વિવેચન:**—આ સર્વ જગતમાં જે સત્ય પ્રેમવાળા સજ્જનો છે તેઓ ભયંકર વિપત્તિ સામે જોયા છતાં તેમજ દુષ્ટજનો હાંસી કરતાં છતાં, સર્વ લોકોના તીરસ્કાર મળતા છતાં, ભૂખ્યા પેટને અન્નનો ટુકડો નહિ મળવા છતાં કોઇ પણ આપણને શરણ આપીને બચાવે તેવુંસ્થાન નહિ મળવા છતાં, આવા અનેકદુર્ભાગ્ય પ્રાપ્ત થયા છતાં તેમજ મૃત્યુ નજદીક દેખાયા છતાં, ફાંસી કે શૂલી ઉપર ચડાવવા છતાં સુદર્શનશેઠની પેઠે જે સત્ય પ્રેમનો ત્યાગ કરતા નથી, તેમજ કરોડો કે અબજોની લાંચ મળવા છતાં, ચક્રવર્તીનું સામ્રાજ્ય મળવા છતાં, જે સત્યપ્રેમને છોડતા નથી, તે મહારાજા હરિશ્ચંદ્રની પેઠે જગતમાં જય પ્રવર્તાવે છે. અન્ય પ્રેમીલોકો એક સત્ય વચનને સર્વસ્વ માને છે. અન્યને અસાર, કુટ, જુઠુંજ જાણે છે, એવા સત્યપ્રેમીઓ લાખો કે કરોડોની લાલચમાં લોભાતા નથી, સત્ય ન્યાયમાંજ એક પ્રેમ રાખે છે. ॥ ૬૮ ॥

### પ્રેમથી મન વચન કાયની એકતા થાય છે.

**मनोवाक्कायसंमेलः, सत्यप्रेम्णा परस्परम् ।**
**सर्वत्र सत्यलोकानां, जायते नैव संशयः ॥६९॥**

**અર્થ:**—સર્વ લોકોના આત્માઓની સાથે સાચા પ્રેમવડેજ મન, વચન, કાયાનું સંમેલન–મિત્રતા પરસ્પર થાય છે. તેમાં જરા પણ સંશય નમી. ॥ ૬૯ ॥

**વિવેચન:**—જ્ઞાતિ, જાતિ–કુળનો ભેદ રાખ્યા વિના સત્યપ્રેમથી સત્યપ્રેમી મનુષ્યો પરસ્પર ગુરૂ શિષ્ય, મિત્ર બંધુભાવનો સંબંધ–સંમેલન કરે છે. કારણ કે જે વ્યવહારમાં એક બીજાથી દૂર હોય તો પણ સત્યપ્રેમથી અરસપરસ મળે છે. એક બીજાના સુખદુઃખ દૂર કરવા પ્રવૃત્તિ કરે છે. મોક્ષની સાધના કરવામાં, સમ્યક્જ્ઞાનની આપલે કરવામાં જ્ઞાતિ-વ્યવહાર આડો આવતો નથી. કહેવત છે કે "લોક મળે ત્યાં લોકાચાર, સંત મળે ત્યાં એકાકાર" અહીંયા સંતોનો પરસ્પર જ્ઞાનની આપલે કરવાનો સંબંધ એકાકાર રૂપે છે. પણ વ્યવહાર સંસ્કાર જેમ પૂર્વકાળથી લોક વ્યવહાર ચાલ્યો આવે છે તેમાં બાધ આવતો નથી. અહીંયા એક બીજાના અંગનો સ્પર્શ, સંબંધ, ભોજન સંબંધ કે અન્ય લેવડદેવડનો સંબંધ છે તે પરંપરાગત લોકવ્યવહાર મનુ–સ્મૃતિ, આચાર દિનકર, વિવેકવિલાસ, શ્રાદ્ધવિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધિમાં જણાવ્યો છે તેને અનુસારે સમજવાનો છે. પ્રેમથી સર્વનું કલ્યાણ કરવું તે પ્રેમયોગ રૂપ પ્રેમીનું કર્તવ્ય છે તેમ સમજવું. તેમાં જરા પણ સંશય ન રાખવો. ॥ ૬૯ ॥

## પ્રેમથી અહિંજ સ્વર્ગ મળે છે.

**मनोवाक्काययोगाना–मैक्यं नृणां परस्परम् ।**
**दिव्यस्वर्गस्य संप्राप्तिः, प्रेम्णाऽत्र भवति स्वयम् ॥७०॥**

**અર્થ**:—મન, વચન, કાયના યોગનું મનુષ્યોમાં પરસ્પર ઐક્ય સત્યપ્રેમભાવથી જ થઈ શકે છે અને તેમાં દેવલોકના સ્વર્ગ સમાન આનંદનો અનુભવ પ્રેમથી અનુભવાય છે. ॥ ૭૦ ॥

**વિવેચનઃ**—જગતમાં સાચા પ્રેમયોગીઓ જ્યાં જ્યાં વિચરતા હોય ત્યાં ત્યાં અધ્યાત્મભાવથી ત્યાં રહેલા પ્રેમયોગીઓ કે જે જ્ઞાતિ જાતિકુળથી જુદા પડતા હોય તેમની સાથે પરસ્પરના શુદ્ધ મન, વચન, કાયના યોગથી પ્રેમભાવના પૂર્વક જ્ઞાન સંબંધિ, દર્શન સંબંધિ, ચારિત્રયોગ સંબંધિ પરસ્પર વાર્તા કરતા, એક બીજાના અનુભવનું સમતોલપણું કરતા, વિવેક, વિનય, સરલતા, મૃદુતા પૂર્વક જે અભેદભાવે પ્રેમથી મિમાંસા કરતાં, જે આનંદ તેમનાથી અનુભવાય છે તે જાણે અહીંયાં જ દિવ્યસુખનું સ્વર્ગ પોતેજ ઉત્તરી આવ્યું ન હોય, અથવા સ્વર્ગમાં શરીર જે દિવ્યભોગ કરતું હોય છે તેથી પણ અપૂર્વ ચડિયાતો આનંદ પ્રેમયોગીઓ પ્રેમ વડે એક બીજાને મળતાં અનુભવે છે. ॥૭૦॥

## પ્રેમ એ પારિણામિકભાવે છે.

**पारिणामिकभावस्तु, शुद्धप्रेमैव देहिनाम् ।**
**चारित्रमान्तरं ज्ञेयं, प्रेमैव रसनायकैः ॥७१॥**

**અર્થ**:—દેહને ધારણ કરનારા પ્રાણીઓમાં જે શુદ્ધ પ્રેમ પ્રગટે છે તે પરિણામિકભાવરૂપ અંતરભાવનું ચારિત્ર છે તેમ પ્રેમરસના અધિકારીઓએ અવશ્ય જાણવું. ॥ ૭૧ ॥

**વિવેચનઃ**—આ અખંડ બ્રહ્મરૂપ જગતમાં જેટલા શરીર, કર્મ, ઇંદ્રિય વગેરે પ્રાણો ને ધારણ કરે છે તે સર્વ દેહધારી પ્રાણીઓમાં સિદ્ધ પરમાત્મા સમાન અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર વીર્ય ઉપયોગ રૂપ ગુણો અને પર્યાયોથી યુક્ત ચૈતન્ય હોય છે. સર્વ ચેતન-આત્મા સમાનધર્મ સ્વભાવયુક્ત છે, તો પણ અનાદિકાળથી પ્રવાહ રૂપ ચાલ્યા આવતા કર્મ-દલથી નવા નવા વિચિત્ર આકારના શરીર, શકિત અને પ્રકૃતિ અનુસારે સ્વભાવમાં ભિન્નતા દેખાય છે. તે સર્વ કર્મનો પ્રભાવ છે. આમ કર્મયોગે વિચિત્રતા હોવા છતાં તેમાં જે કોઇક અવસરે પ્રેમભાવ દેખાય છે. તે કાંઈ બહારથી નથી આવતો પણ તે ચૈતન્યનો સહજ સ્વભાવ જ છે. જૈનપરિભાષામાં તેને પારિણામિક ભાવ કહે છે. ભાવ પાંચ પ્રકારના છે તે આ પ્રમાણે (૧) ઔપશમિકભાવ, ૨ ક્ષાયિકભાવ, ૩ ક્ષાયોપશમિકભાવ, ૪ ઔદયિક-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવ. ૫ પારિણામિકભાવ. આ પાંચ ભાવ આત્માના ગુણસ્વભાવ છે. તે આઠ પ્રકારના કર્મના યોગે દબાયેલા હોય છે. તેને જેટલા યોગે ક્ષય થાય તેટલા અંશે આત્માને જ્ઞાન, દર્શન, ચારિત્ર, તથા વીર્ય ઉપયોગાદિ ગુણો પ્રગટે છે. તેમજ પ્રેમરૂપ પરિણામોને ધારણ કરનાર પારિણામિકભાવ પણ ખીલે છે. એટલે આત્માઓ અન્ય આત્માઓ પ્રત્યે મૈત્રી પ્રમોદ ભાવનાયુકત બને છે. આથી એમ સમજવાનું કે પ્રેમરૂપ મૈત્રી તે આત્માનોજ અભ્યંતર પરિણામ છે. અને સર્વ સ્થાવર અને જંગમ પ્રાણીઓમાં સ્વભાવધર્મના ગુણ રૂપે સદા સર્વદા વિદ્યમાન હોય છે. ॥ ૭૧ ॥

**आनन्दं परमप्रेम, रागद्वेषविवर्जितम् ।**
**पूर्णरसं तु सत्प्रेम, प्राप्याऽन्यन्नावशिष्यते ॥७२॥**

**અર્થ**:—આનંદરૂપ જે પરમ પ્રેમ છે, તે રાગદ્વેષના ત્યાગથી ઉપજે છે તેવા સત્યપૂર્ણ રસથી પરિપૂર્ણ પ્રેમને આત્મા પ્રાપ્ત કરે છે ત્યારબાદ તેને બીજી કોઈ ઇચ્છા રહેતી નથી. ॥૭૨॥

**વિવેચન**:—રાગ, દ્વેષ. ક્રોધ, માન, માયા, લોભ, કામ, ઇર્ષાનો ત્યાગ કરવાથી આત્માને અંતરમાં જે આનંદ ચારિત્ર રૂપ પ્રેમ પ્રગટે છે. તે આનંદ એટલે પ્રેમરસ પૂર્ણ ભાવે પ્રાપ્ત કરીને તેનું પાન કરતા એને આહ્‌લાદ પ્રગટે છે. તેથી આત્માને અન્ય પુદ્‌ગલ રૂપ વસ્તુને એટલે સ્ત્રી, ભૂષણ, બાગ, બગીચા, ભોગ વૈભવને પ્રાપ્ત કરવા ઇચ્છા રહેતી નથી. એટલે પ્રેમરસને પામીને અન્ય પ્રાપ્ત કરવાનું પ્રેમયોગીને રહેતું નથી. ॥ ૭૨ ॥

**સત્યપ્રેમનું વ્યવહારુ લક્ષણ જણાવતાં કહે છે કેઃ—**

**दृष्ट्वा परस्परं नृणां, यत्सुखं जायते हृदि ।**
**प्रेमैव तत्तु संबोध्यं, निरपेक्षं सदाऽभवम् ॥७३॥**

**અર્થ**:—મનુષ્યોને એક બીજાને જોઈને–મળીને હૃદયમાં જે સુખ ઉપજે છે, તેનેજ પ્રેમ જાણવો. તેવા પ્રેમને પ્રાપ્ત કરીને હું સદા અપેક્ષા વિનાનો થાઉં. ॥૭૩॥

**વિવેચન**:—આત્મા પરમાત્માના સ્વરૂપની, સ્વપરસ્વરૂપની વિચારણા થતાં એક બીજાના ચારિત્ર, તપ, સ્વાધ્યાય, ધ્યાન, સમાધિ વગેરેનો પરસ્પર અનુભવ લેતાં જે અપૂર્વ આનંદ, સુખનો ઉલ્લાસ આપણા હૃદયમાં ઉપજે છે, તેથી રોમહર્ષ વિકસે છે. તેને તત્વજ્ઞાનીઓ–પ્રેમયોગીઓ સત્ય શુદ્ધ પ્રેમના અભિધાનથી સંબોધે છે. હું પણ તેવા શુદ્ધપ્રેમરસનું આસ્વાદન કરૂં અને અનાદિકાલીન મોહમમતાવાળી, કામરાગ, સ્નેહરાગ, દૃષ્ટિરાગરૂપ વાસના છોડીને તેવા શુદ્ધ પ્રેમરસનો સર્વ બંધુઓ સાથે ભોકતા થાઉં વ્રતો ગ્રહું સર્વ સાધર્મિકોની પૂજા કરૂં એવી ભાવના આત્મસુખના અર્થી, મોક્ષના કામી ભવ્યાત્માને અવશ્ય જાગે છે. ॥૭૩॥

**શુદ્ધપ્રેમરસ એજ આત્મા છે.**

**शुद्धप्रेमरसः स्वात्मा, यं प्राप्य प्रेमयोगिनः ।**
**आनन्दाऽद्वैतभावेन, तिष्ठन्ति निर्भयाः सदा ॥७४॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**:—આત્મા તેજ શુદ્ધ પ્રેમરસ સ્વરૂપ છે, તે પ્રેમરસને પામીને પ્રેમયોગીઓ અદ્વૈતભાવમય આનંદને અનુભવતા છતાં સદા નિર્ભય રહે છે. ॥ ૭૪ ॥

**વિવેચનઃ**—સર્વ જગતના પ્રાણીઓ ઉપર મૈત્રીભાવના રાખીને સમતા રસના—આત્મ-સ્વરૂપના રસીયા કરવા નિરંતર પ્રવૃત્તિ કરનારા સાચા પ્રેમયોગીઓ છે. તેઓને પુદ્‌ગલભાવ યુક્ત જે ભોગ તેની અનુકુળતામાં આનંદ નથી હોતો અને પ્રતિકુળતામાં ખેદ પણ નથી હોતો. કહ્યું છે કે **"का अरइ के आणंदे ? इत्थं अग्गहे चरे मुणि"** ચારિત્ર યોગી મુનીવરો અરતિ શું છે? આનંદ શું છે? અર્થાત્ અરતિ અને આનંદ એવી કાંઇ પણ વસ્તુ આત્માની નથી. એવા આગ્રહથી રહિત મુનિઓ વિચરે છે. સાચા પ્રેમીઓને સર્વ જીવો પર પ્રેમભાવમય કરુણામય મૈત્રી હોવાથી સર્વના કલ્યાણ અર્થે પ્રવૃત્તિ કરનારા તેઓ સત્ય પ્રેમનું સ્વરૂપ સમજાવીને સાચા મનુષ્ય બનાવે છે. શુદ્ધ પ્રેમ તેજ આત્મસ્વરૂપ છે. શાશ્વત્ આનંદમય છે. સચ્ચિદાનંદ રૂપ આત્મસ્વરૂપ છે. તેથી તે સત્યપ્રેમ અને આત્મા અભેદજ છે. **"गुणं गुणिनोरैक्यम्"** આવરણના ગમનથી ગુણ ગુણીને સહજ ઐક્યભાવ હોવાથી આત્મા પરમાનંદને પ્રત્યક્ષ અનુભવ કરે છે. એટલે અદ્વૈતભાવે અભેદભાવે અનુભવ કરતા સર્વ સંસારનો, જન્મમરણનો, સાતા અસાતાનો એમ સર્વ ભયનો ત્યાગ કરી પરમ સ્વતંત્ર થયેલો આત્મા નિત્ય અખંડ આનંદ ભોગવી વિચરે છે. ॥ ૭૪ ॥

### હવે સર્વજનોને ઉદ્દેશીને ગુરુદેવ જણાવે છે કેઃ—

**उत्तिष्ठत जनाः ? प्रेम्णा, सर्वत्र प्रेमभावनाम् ।**
**भावयन्तु विवेकेन, सर्वमङ्गलदायिकाम् ॥७५॥**

**અર્થ**:—હે સર્વજનો તમે ઉભા થાવ. અને સર્વત્ર પ્રેમપૂર્વક પ્રેમભાવનાને વિવેક પૂર્વક ભાવો, તેથી તે તમને સર્વ મંગલને આપનારી થાય. ॥૭૫॥

**વિવેચનઃ**—આળસ ત્યાગ કરી બેઠા થાવ. અને આત્મા ઉપર સત્ય પરમાર્થિક પ્રેમ લાવીને સર્વે જીવો પ્રત્યે મૈત્રીભાવ યુકત પ્રેમભાવના પ્રવર્તાવો; દુઃખી, દીન પ્રત્યે દયાભાવે અપરાધીની પ્રત્યે પણ પ્રેમનજરથી જુઓ. તેમજ પૂજ્ય દેવગુરુ સાધર્મિક જીવાત્મા પ્રત્યે પ્રમોદપૂર્ણ ભકિત સહિત પ્રેમયોગને ધરો; તેવી ભાવના નિરંતર ભાવો. તેથી તમો સુંદર ગુણ સમુહને પૂર્ણ પુણ્યવડે પ્રાપ્ત કરીને વિવેકજ્ઞાનથી કર્તવ્ય અકર્તવ્યનો ભેદ જાણી શુદ્ધ પ્રેમમય બની સર્વના સ્વપર કલ્યાણ મંગળમય ઉંચા સ્થાનને પ્રાપ્ત કરશો. કારણ કે વિવેક યુકત સત્ય પ્રેમભાવના સર્વત્ર મંગલમય આનંદને પ્રગટાવનાર છે. ॥ ૭૫ ॥

### પ્રેમયોગીને જગત સ્વાધીન થાય છે.

**शुद्धात्मैव महाप्रेम, ज्ञायते येन योगिना ।**
**तेन प्राप्तं जगत्सर्वं, विश्वब्रह्मविलोकिना ॥७६॥**

**અર્થ**:—જે યોગીથી આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત થયું છે તેજ શુદ્ધ મહા-

૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રેમને યથા સ્વરૂપે જાણે છે જે સર્વ વિશ્વને બ્રહ્મસ્વરૂપ જાણે છે, તેને સર્વ જગતની સત્તા પ્રાપ્ત થયેલી સમજવી. ॥ ૭૬ ॥

### દ્રવ્ય ગુણપર્યાયની અપેક્ષાએ પૂર્ણ બ્રહ્મ છે.

**पूर्णप्रेममयं ब्रह्म, जानन्ति सद्व्यपेक्षया ।**
**योगिन आत्मभावेन, साकारं च निरञ्जनम् ॥७७॥**

**અર્થ**:—પ્રેમયોગીઓ સત્ય દ્રવ્યગુણ વગેરે નયની અપેક્ષાથી પૂર્ણ પ્રેમમય બ્રહ્મને જાણે છે. તેમજ આત્મભાવવડે આત્માની સાકાર અને નિરાકાર દશા પણ જાણે છે. ॥૭૭॥

**વિવેચન**:—આત્મા એક અપેક્ષાથી સાકાર છે અને બીજી અપેક્ષાથી નિરાકાર પણ છે. તેમજ સાત્વિક, રાજસ, તામસ ગુણમય જ્યાં સુધી હોય ત્યાં સુધી વેદાંત અદ્વૈત મત પ્રમાણે સાકાર બ્રહ્મ ગણાય. તે ત્રણ ગુણનો ત્યાગ કરી, સ્વરૂપમાં સદ્, ચિત, આનંદ ભાવે અવસ્થિત થયેલો હોય, શરીર મન, વચન, કાયાનો વ્યાપાર સર્વથા ત્યાગ કરી સર્વ બાહ્ય અભ્યંતર ક્રિયાથી રહિત કૃત-કૃત્ય થયો હોય તે આત્મા નિરાકાર સિદ્ધ પરમાત્મા પરબ્રહ્મરૂપ સમજવો. શરીર, ઇંદ્રિય, મન અને કર્મના સંબંધયોગે જીવાત્મા સાકાર છે. અને શરીર ઈંદ્રિય તથા કર્મનો સંબંધ ન ગણીએ તો શુદ્ધાત્મસ્વરૂપ નિરાકાર અને નિરંજન પણ કહેવાય છે. આવી રીતે પૂર્ણ પ્રેમ અપેક્ષાએ સાકાર નિરંજન-નિરાકારભાવે સમજવો. ॥૭૭॥

### પ્રેમયોગીઓ સર્વ જગતને પ્રેમમય દેખે છે.

**प्रेमरूपं जगत्सर्वं, पश्यन्तु प्रेमयोगिनः ।**
**नाऽप्रियं विद्यते किञ्चि-च्छुद्धप्रेमात्मयोगिनाम् ॥७८॥**

**અર્થ**:—શુદ્ધ પ્રેમવાળા આત્મયોગીએ સર્વ જગતને પ્રેમરૂપથી પ્રેમમય દેખે છે. તેમજ જગતમાં કોઇ વસ્તુ અપ્રિય છે તેવું નથી દેખતા ॥ ૭૮ ॥

### પ્રેમયોગીને બધા પ્રિય હોય છે.

**सर्वं प्रियं सतां हृत्सु, नाऽप्रियाः केऽपि देहिनः ।**
**प्रेमाग्निपक्वलोकानां, दशेयं जायते स्वतः ॥७९॥**

**અર્થ**:—સદ્પુરુષોના હૃદયમાં સર્વ જીવો સદા પ્રિયજ હોય છે. કોઇપણ જીવ તેમને કદાપિ અપ્રિય નથી લાગતો કારણ કે તેઓ પ્રેમરૂપ અગ્નિમાં તપાઇને પાકા થઇ ગયા હોવાથી તેઓની તેવી સાહ્ય દશા સ્વભાવમય બની જાય છે. ॥ ૭૯ ॥

### પ્રેમીઓ જગતને પ્રભુમય દેખે છે.

**मनोवाक्काययोगेषु, प्रेमाविर्भावयोगतः ।**
**प्रभुरूपं जगत्सर्वं, दृश्यतेऽनुभवः स्वयम् ॥८०॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થઃ**—મન વચન કાયાના યોગમાં જ્યારે પ્રેમનો પ્રગટભાવ થાય છે ત્યારે તે વડે પ્રેમયોગીઓ સર્વ જગતને પ્રભુસ્વરૂપ દેખે છે. આવો અનુભવ પોતાને સ્વયં થાય છે. ॥ ૮૦ ॥

**વિવેચન**—મહાત્મા પ્રેમયોગીઓ સર્વ સચેતન અચેતન જગતને પ્રેમયોગના બળથી પોતાના ધ્યાન અનુભવના બળથી પણ પ્રભુ સ્વરૂપે જુવે છે. તેઓને **'સોડહં'** સર્વ જગત હુંજ છું. સર્વ જીવો સત્તાએ પરમાત્મા કહેવાય છે. આ સર્વ દેહધારીઓજ છે. એવો સમરસભાવ પ્રગટે છે. ॥૮૦॥

**દેહભાવ નષ્ટ થતાં સાક્ષાત્કાર થાય છે.**

**देहभावे विलीने हि, प्रेमाविर्भाविता भवेत् ।**
**साक्षात्कारं प्रभोरूपं, सर्वत्र दृश्यते तदा ॥८१॥**

**અર્થ**—જ્યારે દેહ તે હું છું એવી ભાવના નાશ થાય ત્યારે પ્રેમસ્વરૂપ પ્રગટ થાય છે અને તે પ્રેમયોગે કરીને સર્વ બ્રહ્માંડમાં સાક્ષાત્ પ્રગટ પ્રભુનું સ્વરૂપ જોઈ શકે છે.

**વિવેચન**—જગતના સર્વ આત્મામાં સત્તાભાવે પરમબ્રહ્મ સ્વરૂપતા એટલે સચ્ચિદાનંદ સ્વરૂપ જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય ઉપયોગરૂપ જે આત્મધર્મ તિરોભાવે (અપ્રગટ) ભાવે રહેલો છે તેનો કંઈક અંશે અનુભવ થાય છે. તેથી પોતાના જે સ્વભાવ તેજ સર્વ જગતના આત્માઓના સ્વભાવ છે. તેથી સમાન ધર્મયોગે મૈત્રિભાવના વડે પ્રેમની પ્રગટતા થાય છે અને સત્તાએ રહેલી પ્રભુતા અનુભવાય છે. તેથી ધ્યાન સમાધિ યોગમાં સ્થિરતામાં આવતા સર્વ જીવાત્માઓને પ્રત્યક્ષભાવે પ્રભુરૂપે જુવે છે. ॥૮૧॥

**स्वाभाविकं भवेत्प्रेम, मोहस्तु कृत्रिमो भवेत् ।**
**आत्माकर्षकरूपेण, प्रेमाविर्भावता भवेत् ॥८२॥**

**અર્થ**—સ્વાભાવિક પ્રેમ થાય તે સત્યપ્રેમ સમજવો અને સ્વાર્થભાવે જે સ્નેહ કરવામાં આવે છે તે કૃત્રિમ પ્રેમ–મોહ સમજવો. આત્માને એક બીજા પ્રત્યે સ્નેહનું જે સહજ આકર્ષણ થાય તેથી–સત્ય પ્રેમ પ્રગટે છે. ॥૮૨॥

**મૈથુન એ મોહોદય છે પ્રેમ નથી.**

**काममैथुनरूपेण, काममोहोदयो भवेत् ।**
**आत्मस्वैक्यस्वरूपेण, प्रेम सर्वत्र राजते ॥८३॥**

**અર્થ**—કામ અને મૈથુનરૂપ પ્રેમ વડે કામમોહનો ઉદય થાય છે. તેમજ પરસ્પર સહજ ભાવથી આત્મામાં જે એકત્વ ભાવે મિલન થાય તેથીજ શુદ્ધ પ્રેમ શોભી ઉઠે છે. ॥૮૩॥

**વિવેચન**—આ સંસારમાં સર્વ પ્રાણીઓમાં જ્યાં સુધી અજ્ઞાન મિથ્યાત્વ, અવિરતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને કષાયો હોય ત્યાં લગી મૈથુનવાસના રૂપ વેદનો ઉદય સંભવે છે. તેથી પ્રાયઃ સર્વ અસંજ્ઞી અજ્ઞાનિ ગણાતા એવા સ્થાવર પ્રાણીઓ પૃથ્વી, પાણી, તેજ, વાયુ વનસ્પતિ અને બે ઇંદ્રિયવાળા, ત્રણ ઇંદ્રિયોવાળા, ચાર ઇંદ્રિયોવાળા પ્રાણીઓમાં પણ મોહથી ઉદયમાં આવનારી વિષય-કામ સંજ્ઞા પ્રગટ દેખાતી નથી તો પણ અવ્યક્તભાવે રહેલીજ છે.

નારકી, દેવ મનુષ્ય અને તિર્યંચો (પશુપક્ષી)ઓમાં તે મોહજનિત કામ, ભોગ, વાસનાની સંજ્ઞા પ્રગટ અનુભવાય છે. તે કોઇ પણ રીતે આત્માનો ગુણ ધર્મ નથી પણ અશુભ કર્મથી ઉપજતી વિષયભોગરૂપ વાસના, મોહનીય કર્મના પ્રબળ ઉદયથી કામ મૈથુનરૂપ સ્ત્રી પુરૂષના મૈથુનરૂપ એકત્વભાવે મળતાં ભોગવાય છે. યુગલમાં એકની ઇચ્છા ન હોય તો બીજો બળાત્કાર કરી પશુતા વડે કામમૈથુન કરે છે. તેથી અજ્ઞાન જન્ય મોહનીયકર્મનો ઉદયજ સમજવો. પરસ્પર તેવી મૈથુનભાવના જાગતાં પણ મોહનો ઉદય બન્નેને થયેલો સમજવો. તેમાં સત્ય પ્રેમનો અંશ નથી. પણ મોહ જન્ય મૈથુનરૂપ કામરાગજ છે. આવી અવસ્થા જ્યાં સુધી આત્માની સહચારી હોય ત્યાં સુધી આત્મા સત્ય પ્રેમધર્મના સ્વરૂપને ઓળખી શકતો નથી. તે અજ્ઞાનતાથી તેને પ્રેમધર્મ માને છે. અને તેવા વિષય ભોગને કેટલાક રામસ્નેહ આદિ પંથવાળા ધર્મનું નામ આપે છે તે અયોગ્ય છે.

તેઓને મહામોહનો પૂર્ણ ઉદય મહામિથ્યાત્વનો ઉદય સમજવો. તે સંસાર ભ્રમણમાં નવા નવા જન્મરૂપ કર્મબંધનમાં હેતુ થાય છે. તે માટે પૂજ્ય શ્રી યશોવિજય વાચકવર જણાવે છે કેઃ—

**शरीररुपलावण्य ग्रामारामधनादिभिः ।**
**उत्कर्षः परपर्यायैश्चिदानंद धनस्य कः ॥**

**અર્થ**—શરીરરૂપ સૌંદર્ય ગામ, આરામ, બાગબગીચા, બંગલા, હવેલી, સ્ત્રી, દાસ, દાસી, પુત્ર, પુત્રી ધન વિગેરે સર્વ પુદ્‌ગલની સમૃદ્ધિ, ઋદ્ધિઓ કદાચિત પુણ્ય યોગે બ્રહ્મદત્ત અને સુભૂમની પેઠે મનુષ્યોને મળે તો પણ તે વિનશ્વર એટલે ક્ષણિક હોવા સાથે આત્માથી પર—અન્ય જુદી હોવાથી પરભવમાં સાથે ન જતી હોવાથી આ ભવમાં પણ કારણ મળ્યે આપણો ત્યાગ કરી એકલા મૂકીને જનાર હોવાથી તેઓની ઉત્કૃષ્ટતા ચક્રિપણા જેવી ઋદ્ધિ હોય તો પણ આપણને તે ફરજીઆત છોડવી પડે તેવી છે. તે કારણે આપણો ગુણ પર્યાય રૂપ ધર્મ તેમાં નથી. તેથી પૂજ્યો જણાવે છે કે એ બધી વસ્તુનો આપણને લાભ થાય તેથી પણ આત્માને શો લાભ થયો? અને તેવા ભોગની સામગ્રી આપણને ન મળી તો શું હાની થવાની છે? તેનાથી આપણું કોઇ વળવાનું નથી તેથી શુદ્ધ ચિદ્‌ઘન સ્વરૂપ અનંત, જ્ઞાન, દર્શન, ચારિત્ર ગુણના શાશ્વતા સમુદ્રરૂપ આત્માને બાહ્યભોગમાં શું લાભ થાય?

હવે સાત્વિક પ્રેમને જણાવતાં પૂજ્ય કહે છે કે જ્યાં ભવ્યાત્માઓ એક બીજાને પરસ્પર પ્રેમ મૈત્રી ભાવે ચાહે છે. એક બીજાને કલ્યાણ હિત માટે ચાહે છે. એક બીજાને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાધર્મિક ભાવે બંધુત્વ પ્રેમ વધારે છે. તેઓને દુઃખમાં સહાય કરી દુઃખ દૂર કરવા પ્રેમથી મદદ કરે છે. પૂજ્ય ભાવે સેવા ભક્તિ કરે છે. પણ તેમાં તેની પાસેથી અન્ય પુદ્‌ગલભાવ રૂપ પૈસા, ધન, સેવા કે લાભની ઇચ્છા ન રાખતાં ધર્મ ભાવનાનો પ્રેમ રાખે છે અને મોક્ષરૂપ પરમ પંથના સાથી ધર્મબંધુ માની તેમની સાથે જ્ઞાન, દર્શન, ચારિત્ર યોગની જ્ઞાન અનુભવ રૂપ ગોચરી એટલે વિચારણા કરે છે. તેમજ તેમાં એક બીજાને સ્નેહભાવનું પરસ્પર એકત્વ ભાવે મળવાની તેની આકાંક્ષા કાયમ રહે છે. તે પ્રેમયોગ અવશ્ય આદરણીય હોવાથી શોભાને વધારતો નિત્ય જયવંતો વર્ત્તે છે. ॥૮૩॥

## સત્ય પ્રેમાધીન દેવ છે. મોહધીન રાક્ષસ છે

**प्रेमाधीना हि देवाः स्यु-र्मोहाधीनास्तु राक्षसाः ।**
**मोहाधीनास्तु बाह्याः स्यु-रान्तराः प्रेमयोगिनः ॥८४॥**

**અર્થઃ**—જે સત્યપ્રેમને આધીન થાય છે. તેઓને દેવ સમજવા. અને જે મોહને આધીન થાય છે તેને રાક્ષસો જાણવા. જે મોહથી ચહાય તે બાહ્યપ્રેમ છે. અને અંતઃકરણથી આત્મભાવે ચાહે છે તે સાચા પ્રેમયોગી છે.

**વિવેચનઃ**—સત્યપ્રેમથી જે ચાહના રાખવી તે દિવ્યપ્રેમ છે અને તે દિવ્યપ્રેમવાળા સ્વભાવથી દેવ સમજવા. વિષય વાસનાની બુદ્ધિથી ચાહના રાખવી તે આસુરીવૃત્તિ છે અને તે વૃત્તિવાળા ભાવરાક્ષસો સમજવા. મોહાધીનપ્રેમ બાહ્યપ્રેમ છે. સાચોપ્રેમ તે આંતરપ્રેમ છે. ॥૮૪॥

## પ્રેમના પ્રકારો

**स्थूलं सूक्ष्मं भवेत्प्रेम, स्वार्थिकं पारमार्थिकम् ।**
**दैशिकं व्यापकं बोध्यं, मूर्तामूर्तमपेक्षया ॥८५॥**

**અર્થઃ**—પ્રેમમાં અપેક્ષાથી અનેક પ્રકાર થાય છે. સ્થુલ, સૂક્ષ્મ, સ્વાર્થિક, પારમાર્થિક, દૈશિક, વ્યાપક, મૂર્ત અમૂર્ત વગેરે અનેક પ્રકારે પ્રેમના ભેદો થાય છે.

**વિવેચનઃ**—આત્માના પરિણામરૂપ પ્રેમ હોવાથી એક સ્વરૂપનો હોવો જોઇએ, પણ આત્માઓ કર્મના વિચિત્ર સંબંધ ધરતા હોવાથી પ્રેમમાં તેના અનેક ભેદો થાય છે. તે અહિં ગ્રંથકાર જણાવે છે. (૧) સ્થૂલપ્રેમ તે બહારથી ખુબ સ્નેહ સત્કારનો દેખાવ થાય, વિનય વૈયાવૃત્ય થાય. તે સ્થૂલપ્રેમ કહેવાય; ૨ સૂક્ષ્મ અંતરમાં સ્નેહ રાગ–પ્રેમ હોય તે સ્થૂલરૂપે દેખાવમાં બહાર ન આવે તે જંતરંગ પ્રેમને સૂક્ષ્મપ્રેમ જાણવો. ૩ સ્વાર્થ માટેનો જે પ્રેમ હોય તે સ્વાર્થિકપ્રેમ કહેવાય. સંસારિ વિષય ભોગ તથા ધન ધાન્ય માટે જે પ્રેમ દેખાડવો તે સ્વાર્થિકપ્રેમ છે. ૪ હિતકલ્યાણની ભાવનાથી સ્વપર સાધર્મિક પ્રત્યે પ્રેમચાહના કરવી તે પરમાર્થિક શુદ્ધપ્રેમ જાણવો ૫. એક, બે કે ત્રણ વ્યક્તિ પ્રત્યેનો પ્રેમ તે દેશપ્રેમ અથવા મહેલો, પોળ, ગામ અમુક દેશ પ્રત્યેનો જે પ્રેમ તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેશપ્રેમ એટલે અંશ પ્રેમ જાણવો. ૬ સર્વ જીવો પ્રત્યે સ્નેહ રાખવો તે વ્યાપકપ્રેમ જાણવો. ૭ એવીજ રીતે શુદ્ધપ્રેમ, અશુદ્ધપ્રેમ, માનસિકપ્રેમ, વાચિકપ્રેમ કાયિકપ્રેમ વિગેરે પ્રકારનો પ્રેમ જીવના પરિણામના સંબંધથી અનેક પ્રકારનો થાય છે. તેમજ જે મૂર્તરૂપે પ્રત્યક્ષદેહની ચેષ્ટા કે વચનથી-ભાષાથી અનુભવાતો પ્રેમ તે મૂર્ત પ્રેમ અને મનમાત્રમાં જે વિચારણા આવવી, પૂજ્ય દેવગુરૂનું સ્મરણ થવું તેમના ગુણને સંભાળવા તે અમૂર્ત પ્રેમ કહેવાય છેઃ એમ અપેક્ષાએ પ્રેમના અનેક પ્રકારો થાય છે. ॥૮૫॥

## શુદ્ધ પ્રેમથી સર્વ પ્રાણિઓમાં પોતાની સરખી ગણના હોય છે.

शुद्धप्रेमानुभावेन, स्वात्मवत् सर्वदेहिनाम् ॥
भवेत् सेवा स्वभावेन, तत्र किञ्चिन्न भेदता ॥८६॥

**અર્થ**—શુદ્ધ પ્રેમના પ્રભાવથી પ્રેમીજનો સર્વદેહિ જીવો પ્રત્યે પોતાના આત્મા સમાન ભાવ રાખીને સહજ ભાવે સેવા ભક્તિ કરે છે તેમને સ્વ અને પરમાત્મામાં ભેદતા નથી દેખાતી. ॥૮૬॥

## શુદ્ધ પ્રેમ થાય ત્યારે પરમાત્માનું પ્રાગટ્ય બને છે.

शुद्धप्रेमणि संजाते, समः सर्वत्र जायते ।
आत्माऽभिन्नं भवेत्तत्र, प्राकट्यं परमात्मनः ॥८७॥

**અર્થ**—જ્યારે આત્મામાં શુદ્ધ પ્રેમ પ્રગટ થાય છે ત્યારે સર્વત્ર જગત જંતુ ઉપર સમભાવ જાગે છે અને ત્યારેજ આત્માથી અભિન્ન એવું પરમાત્માનું સ્વરૂપ પ્રગટ ભાવે આત્મા પોતાનામાં અનુભવે છે. ॥૮૭॥

**વિવેચન**—આત્મામાં અનાદિકાલિન મિથ્યાત્વ છે. તેને દૂર કરીને અનંતાનુબંધિ ક્રોધ, માન, માયા લોભનો નાશ કરીને જ્યારે આત્મા સમ્યક્ત્વને પામે છે. ત્યારે તેના યોગે શત્રુ મિત્રને સમ જાણીને સર્વ ઉપર બંધુત્વ ભાવવાળો સાચો પ્રેમ પ્રગટે છે. અને સર્વ જીવો ઉપર વૈર વિરોધ નષ્ટ થાય છે. તેથી સમત્વ-સમભાવ પૂર્ણરૂપે ખીલે છે, આવા શુદ્ધ પ્રેમ યોગીઓને સર્વ આત્મામાં પ્રભુતાનું સ્વરૂપ દેખાય છે. સર્વપ્રત્યે વાત્સલ્ય ભક્તિ કરવાની ભાવના જાગે છે. ॥૮૭॥

## પ્રેમમાં દાસપણું કે પ્રભુત્વપણું નથી.

प्रेमणि नैव दासत्वं, प्रभुत्वं नैव देहिनाम् ।
ऐक्यं समं प्रियं सर्वं, भासते निर्विकल्पकम् ॥८८॥

**અર્થ**—પ્રેમમાં આરુઢ થયેલા લોકે એક બીજાને દાસ રૂપે કે પ્રભુ રૂપે નથી જોતા બધામાં એકત્વભાવ, સમત્વભાવ, પ્રિયત્વભાવ અને સંકલ્પ વિકલ્પ વિનાના નિર્વિકલ્પ ભાવને દેખે છે. ॥૮૮॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વિવેચન**—ઉપર જે પ્રેમયોગીઓ જણાવ્યા છે તે સર્વ જગતના આત્માઓ કે જે દેહધારીઓ છે તેઓને મનમાં કોઇ પોતાનો દાસ કે સેવક છે તેમ નથી લાગતું. કોઇના પોતે શેઠ કે પોતાનો કોઇ શેઠ કે રાજા છે એમ નથી લાગતું, સર્વ સમાન ધર્મસ્વભાવના હોવાથી ઉંચત્વ કે નીચત્વના ખોટા સંકલ્પ વિકલ્પોને નહી કરતાં એક નિર્વિકલ્પ ભાવે સર્વ દેહધારી આત્માઓમાં સમાન ભાવ રૂપ એકત્વ રૂપ સ્વભાવ છે. તેથી તેઓ સર્વ લોકો મારા પ્રિય છે, બંધુ છે, પ્રેમી છે એવું પ્રત્યક્ષભાવે અનુભવે છે. તેથી પ્રેમયોગીઓ પરમાત્મભાવને અનુભવે છે. ॥૮૮॥

## પ્રેમથી રાગદ્વેષના વિકલ્પો નાશ પામે છે.

**रागद्वेषविकल्पास्तु, नामरूपादिसंश्रिताः ।**
**अज्ञानेन समुत्पन्नाः, प्रेम्णा यान्ति लयं रयात् ॥८९॥**

**અર્થ**—રાગદ્વેષ આદિ વિકલ્પો નામ રૂપ આદિનો આશ્રય કરીને રહેલા છે અને તે અજ્ઞાનતાથી ઉપજેલા છે. તે સર્વ પ્રેમ વડે નાશ પામે છે. ॥૮૯॥

**વિવેચન**—આ સર્વ સંસાર રૂપ બ્રહ્માંડમાં રહેલા સર્વ પ્રાણી માત્રમાં કર્મના યોગે વિચિત્ર સ્વરૂપવાળા રાગ, દ્વેષ, કામ, ક્રોધ, માન, માયા, લોભ, ઈર્ષા, અહંકાર, મમતા વિગેરે દોષ યુક્ત સંકલ્પ વિકલ્પોની પરંપરા ચાલુજ હોય છે તેની સાથે નામરૂપ શરીર, ઇંદ્રિય, શેઠાઈ અધિપતિત્વ વિગેરે વ્યવહારથી મળેલાં કારણો અત્યંત દુઃખના હેતુ થાય છે. આ બધાની ઉત્પત્તિમાં જો કોઈ મૂળ કારણ તપાસીએ તો મિથ્યાત્વમય કષાય યુક્ત અનાદિકાલની ભયંકર અજ્ઞાનતા છે. જ્યારે તેવી અજ્ઞાનતા સમ્યગ્જ્ઞાન પૂર્વક સદ્વિવેક યુક્ત સમ્યગ્દર્શન આત્માને પ્રાપ્ત થાય અને સમ્યગ્ચારિત્ર યુક્ત ધ્યાન સમાધિપૂર્વક આત્મસ્વરૂપનો અનુભવ કરવામાં આવે તોજ નાશ પામે છે. તેના યોગે સર્વ આત્માઓને પોતાના બંધુ ભાઇ માને છે. તેવી પ્રેમમય મૈત્રી ભાવના યોગે સર્વ દોષોરૂપ સંકલ્પ વિકલ્પનો એકદમ નાશ થતા પૂર્ણ પ્રેમનો આત્મામાં પ્રકાશ થાય છે અને અખંડાનંદનો ભોકતા પ્રેમયોગી મહાત્મા બને છે. ॥૮૯॥

## પ્રેમથીજ માણસો સર્વ પદાર્થોમાં સૌંદર્યતા દેખે છે.

**सर्वपदार्थसौन्दर्यं, पश्यन्ति प्रेमतो जनाः ।**
**सर्वसौन्दर्यसौन्दर्यं, प्रेम्णः सर्वत्र राजते ॥९०॥**

**અર્થ**:—મનુષ્યો સર્વે જડ ચેતન પદાર્થોમાં રહેલા પ્રેમવડે સર્વ પદાર્થોમાં સુંદરતા દેખે છે. સર્વ પદાર્થોમાં રહેલું સુંદરપણુંજ પ્રેમથી સુંદરપણાનો અવશ્ય **અનુભવ** કરાવે છે. ॥ ૯૦ ॥

**વિવેચન**:—જડ ચેતન રૂપ સર્વ પદાર્થો પોતાના સહજ ભાવના ગુણ દોષને ધારણ કરી રહ્યા હોય છે. સર્વ પદાર્થો સર્વથા સર્વ પ્રકારે એકાંત–સુંદર કે અસુંદર નથી હોતા તેમ છતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ તે પદાર્થોમાં જે મનુષ્યોને રાગ બંધાયો હોય ત્યાં દોષો નથી જણાતા. પણ રાગથી ગુણનેજ દેખે છે. સંદરતાનેજ જુએ છે. અહિં એક અલૌકિક દૃષ્ટાંત તપાસો.

સર્વ દેવોનો મહારાજા ઇંદ્રદેવ અસુરોથી હાર પામીને મનુષ્યલોકમાં આવી, અસુરોથી બચવા માટે એક સુકર-ભુંડનું શરીર ધારણ કરી ગંદા તલાવડા પાસે રહેલી ગુફામાં સંતાઇ ગયો. ભુખ તરસથી અકળાઇને તેણે ખાબોચીઆનું ગંદુ પાણી પીધું. અને ત્યાં માણસ આદિની પડેલ વિષ્ટા ખાધી. તેના યોગે આવેલ અજ્ઞાનતારૂપ આવરણથી હું ઇન્દ્ર દેવોનો રાજા છું તે વાત ભુલી ગયો. પોતાને ભુંડ માની વિષયની પ્રબલતાને લઇ ભુંડણ સાથે મોહમાં પડી અનેક બચ્ચાંઓનો તેણે વધારો કર્યો. કેટલોક કાળ તેનો તેવી ભુંડદશામાં ગયો. દેવલોકમાં જે અસુરો હતા તેઓ પણ અનેક તોફાનો કરી કેટલા કાળે પાછા તે સ્થાનને છોડીને પોતાના જુના સ્થાનમાં ચાલ્યા ગયા. એટલે દેવો પોતાના સ્વામી ઇન્દ્રની શોધ કરવા લાગ્યા. મેરૂ નંદનવન વિગેરે સ્થાનમાં તેને નહિ જોતાં મનુષ્યલોકમાં અનેક સ્થાનને તપાસ કરતા છેવટે આ ગંદા તલાવડા નજદીક કોતરોની એક નાની ગુફામાં, અને ભુંડણની સાથે રહેલા મોટા ભુંડને તાકી તાકીને જોતાં પોતાના જ્ઞાનબળથી તે અધિકારીઓએ ભુંડ થયેલા ઇંદ્રને ઓળખી કાઢયો; તેથી તે ભુંડને વિનયપૂર્વક વિનંતી કરવા લાગ્યા પણ તેને પોતાના સત્ય સ્વરૂપનું ભાન નથી તે કેમ સમજે? ત્યારે તે દેવાધિકારીઓ ભુંડના નાના બચ્ચાંને તેની સન્મુખ કાપી નાખ્યાં તેમજ ભુંડણને પણ મારી નાખી તેવું દેખતાંછતાં તેનો નિષેધ કરવાની શકિત ન હોવાથી ભુંડ આંખમાંથી આંસુ કાઢતો રોવા લાગ્યો પરંતુ તે દેવાધિકારીઓએ તેને છોડયો નહિ. તે ભુંડના શરીરને પણ વિદાર્યું. તે શરીર દુર થતાં ઇંદ્રનું મોહાવરણ દૂર થતાં પોતાને સત્યસ્વરૂપે ઓળખ્યો અને અધિકારી સાથે આનંદ કરતાં દેવલોકે ગયો. અહીં આપણે એ વિચાર કરવાનો છે કે ઇંદ્રજેવો પણ મોહથી ભુંડ બનીને ભુંડણને ઇષ્ટ પ્રેમી માની તેમાં પ્રેમ કરી ભુંડણને સર્વ કરતાં વધારે સુંદર માનતો હતો તેમ આપણે પણ અજ્ઞાનતા વડે મોહના ઉદયથી સુંદરતા ન હોય, સુખનો હેતુ ન હોય, દુઃખમય હોવા છતાં ખોટા પ્રેમને પ્રેમ માનીએ છીએ. તેમજ સમ્યગ્ જ્ઞાનવંત, પવિત્ર ચારિત્રવંત, સમતા શ્રદ્ધાવંત એવા યોગીઓને મનના કષાય નષ્ટ થયેલા હોવાથી ભોગ વાસના દુર થયેલી હોવાથી સર્વ વસ્તુઓમાં સમત્વભાવ રહે છે, તેથી સર્વ પ્રાણી તથા વસ્તુમાં માધ્યસ્થતા હોવાથી સર્વ ઇષ્ટ અને સુંદર લાગે છે. સર્વ જન ઉપર પ્રેમ હોવાથી સુંદરતાનોજ અનુભવ થાય છે આત્મસ્વરૂપમાં નિર્વિકલ્પ ભાવ જાગેલો હોવાથી આત્મામાં જે સુંદરતા છે તેના બળથી સર્વ વસ્તુઓમાં તે પ્રેમયોગીઓ સુંદરભાવને અનુભવતાં છતાં સહજાનંદમાં શોભી રહ્યા છે. ॥૯૦॥

## ૐકાર સર્વ વર્ણમાં પ્રેમરૂપ છે

**ॐकारः सर्ववर्णेषु, प्रेमरूपोऽस्ति सर्वथा ।**

**ह्रीँ श्रीँ क्लीँ मन्त्रवर्णास्ते, प्रेमव्यञ्जकशक्तयः ॥९१॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ:**—ૐકાર સર્વ વર્ણોમાં પ્રેમ (પ્રણવ) રૂપ મંત્ર સર્વથા પહેલો છે, અને હ્રીંકાર, શ્રીંકાર, ક્લીંકાર, વર્ણમંત્ર સ્વરૂપ હોઇ પ્રેમનો પ્રકાશ કરનાર શકિત સ્વરૂપ છે ॥ ૯૧ ॥

**વિવેચન:**—સર્વ ચૈતન્ય સ્વરૂપ આત્માઓમાં પ્રેમ પારિણામિકભાવે અવ્યકત રહેલો છે, તેને પ્રગટ થવામાં ઉપાદાન કારણો અને નિમિત્ત કારણોની આવશ્યકતા રહેલી છે. તે પણ આપણે જાણવા યોગ્ય છે. તેમાં પ્રથમ ઉપાદાન કારણ આત્મા રહેલો છે અને તેને લાગેલા અનાદિકાલિન જ્ઞાનવરણીય, દર્શનાવરણીય, અને અંતરાયરૂપ કર્મસમુહરૂપ જે આત્મશકિતને રોકનારૂં આવરણ છે તેનો જેટલા અંશે વિલય થાય તેટલા અંશે આત્માની સહજ શકિત પ્રગટ થાય છે તેમાં આત્મા ઉપાદાન કારણ સમજવો, જ્ઞાન, દર્શન, વીર્ય ઉપયોગ તેના સહજ ભાવના ધર્મરૂપ ગુણો છે. કર્મને દૂર કરી આત્મા, તે શકિતનો વિકાશ કરે છે તેથી તે ઉપાદાન કારણ છે, તેમજ તેવી શકિત પ્રગટ થવામાં કાલસ્વભાવ નિયતિ ભવિતવ્યતા વિગેરે નિમિત્તો છે. તેમજ આત્મામાં રહેલ પ્રેમસ્વભાવરૂપ પરિણામને પ્રગટ થવામાં ૐકાર નામનો મંત્ર સર્વ વર્ણરૂપ ઉચ્ચારણીય જે અક્ષરો છે તેમાં મુખ્યમંત્ર સ્વરૂપે છે. તે ૐ કાર પ્રેમરૂપ આત્મદેવ તને આમંત્રણ આપે છે એટલે આત્મશકિત જે ઊંઘી ગઇ છે તેને આ ૐકાર જગાડવા માટે આમંત્રણ કરે છે. તું હવે જાગ અને તારો સહજાનંદ ભોગવ એમ પ્રેમાત્મા દેવ તને આમંત્રે છે. તેથી તે નિમિત્ત કારણ છે. તેમજ હ્રીઁ, શ્રીઁ, ક્લીઁ વગેરે એક મંત્ર શકિત છે. મંત્રશકિતઓ પણ આત્મપ્રેમને પ્રગટ કરી જગતમાં વ્યાપક બનાવે છે. અને તે તેથી આત્મા સર્વ આત્માઓને બંધુભાવે આમંત્રણ કરી તેમની સાથે પ્રેમ સંબંધથી વ્યકતભાવે જોડાય છે ॥ ૯૧ ॥

## જે મૂર્ખને અપ્રિય તે પ્રેમીને પ્રિય છે

**प्रियं यत्तत्प्रभो रूपं, सर्वत्र सर्वथा सदा ।**
**अप्रियं यत्तु मूढानां, तत् प्रियं प्रेमिणां हृदि ॥९२॥**

**અર્થ:**—જેને જે પ્રિય છે તે તેને પ્રભુસ્વરૂપ છે. એમ સર્વ સ્થાને સર્વ કાલે-સદા રહેલું સમજવું. એટલે જે મૂર્ખલોકને અપ્રિય હોય છે તે પ્રાયઃ પ્રેમીઓના મનમાં સર્વદા પ્રિય હોય છે. ॥ ૯૨ ॥

**વિવેચન:**—આ સર્વ જગતમાં જડભાવ અને ચેતનભાવે અનંત વસ્તુઓ સદા સર્વદા વિદ્યમાનજ છે. જો કે તેમાં પરિણામિકભાવ હોવાથી આકાર, રૂપ, રંગ ગુણોનું પલટપણું થયાજ કરે છે. તેથી કથંચિત્ કથંચિત્ નિત્યાનિત્ય તેને માનવામાં આવે છે તે વસ્તુઓ સર્વથા અપ્રિય એટલે એકાંત અનિષ્ટ પણ નથી, તે સર્વદા એકાંત પ્રિય પણ નથી. તેમાં લોકોને પ્રિયત્વ અને અપ્રિયત્વ જોવામાં આવે છે. તે માત્ર જીવોની તેવી વિચિત્ર કર્મજન્ય પ્રકૃતિના કારણે વિચિત્રભાવે વસ્તુઓ જોવાય છે. જે વસ્તુ અમુકને પ્રિય હોય તે અન્યને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અપ્રિય લાગે છે તેથી અહીં જણાવે છે કેઃ—તમને જે જે પ્રિય લાગતું હોય તેને તમે પ્રભુસ્વરૂપ માનો અને તેની ભક્તિ, સેવા, ઉપાસના કરો. અને જે અપ્રિય હોય તેને વિષે મધ્યસ્થતા રાખો. કારણ કે જે આપણને અપ્રિય છે તે આપણા તેવા પ્રકારના કાલ દેશ સ્વભાવ અને તેવા પ્રકારના કર્મના યોગે અપ્રિય થાય છે. આપણને જે જે પ્રિય હોય તે સર્વ કોઇને પ્રિયજ થવું જોઇએ એવી જે લોકો માન્યતા રાખે છે તેઓ ભૂલાવામાં પડેલા છે તેમ સમજવું. ॥૯૨॥

## પ્રેમયોગીઓ પ્રેમથી સર્વ જગતને પ્રિય ગણે છે

प्रेम्णा प्रियं जगत्सर्वं, पश्यन्तु प्रेमयोगिनः ।
रागाऽभावाद्विरागत्वं, तदा संजायते सताम् ॥९३॥

**અર્થ**:—પ્રેમયોગીઓ પ્રેમથી સર્વ જગતને પ્રિયસ્વરૂપે જુવે છે. તેથી તેમને રાગ દ્વેષનો અભાવ થાય છે. અને તેથી તે સંતોને વૈરાગ્ય ભાવ પ્રાપ્ત થાય છે. ॥ ૯૩ ॥

## લોકો પ્રેમી બની શાશ્વત જીવન જીવો

भवन्तु प्रेमिणो लोका–भवन्तु नैव मोहिनः ।
शुद्धप्रेमाऽमृतं पीत्वा, जीवन्तु विश्वजीवनाः ॥९४॥

**અર્થ**:—હે ! લોકો ! સાચા પ્રેમીજનો બનો. મહામોહને આધીન કોઇ થાશો નહિ. સર્વ લોકો શુદ્ધ પ્રેમરસનું–અમૃતનું પાન કરીને વિશ્વ જીવન જીવવાવાળા થઈને સર્વ કાળ શુદ્ધાનંદમાં જીવો. ॥ ૯૪ ॥

## પરમાત્મા એ શુદ્ધપ્રેમ છે.

परात्मैव भवेच्छुद्ध–प्रेम विश्वस्य जीवकः ।
प्रभुप्रेम विदित्वैवं, भवन्तु विश्वजीवनाः ॥९५॥

**અર્થ**—પરમાત્માજ પરમ શુદ્ધપ્રેમ છે અને તે પ્રેમ સર્વ વિશ્વને જીવન આપનારો છે, આવો પ્રભુનો પ્રેમ છે, તેને જાણીને હે લોકો વિશ્વજીવન જીવનાર થાઓ ॥ ૯૫ ॥

**વિવેચનઃ**—કર્મમેલ દૂર થતાં આત્મા શુદ્ધ પરમાત્મા થાય છે. તેમજ સર્વ જીવાત્માઓ પોતાના સમાન ધર્મવાળા અનુભવાતા હોવાથી તેઓ સત્તાએ પરમાત્માઓ છે. સર્વ જીવો પર વિશ્વવ્યાપક શુદ્ધ પ્રેમ વડે ઉદ્ધાર કરી સર્વને પૂર્ણ સુખી કરૂં તેવી ભાવનાથી જગતમાં યા દેશવિદેશ વિચરે છે. તેવો જે ઉપકારી પ્રભુઓનો જે પ્રેમ છે તે વિશ્વને જીવાડનારો સત્ય પ્રેમ જાણવો. તેવા પ્રભુનો પ્રેમ તમારા ઉપર ઉતરીને તમો પણ તેવા સ્વરૂપવંત બની જગતને શુદ્ધ પ્રેમથી ઓળખીને અવશ્ય શુદ્ધ પ્રેમી બનો. ॥૯૫॥

## આત્મા એજ પરમાત્મા છે

आत्मैव परमात्माऽस्ति, प्रेमयोगी प्रभुर्महान् ।
देहस्थोऽपि न यो देही, तं सर्वत्र विलोकय ॥९६॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**:—આત્મા તેજ પરમાત્મા છે, તેજ પ્રેમયોગી મહાન પ્રભુ છે, જો કે દેહમાં વાસ કરવા છતાં વસ્તુતઃ દેહી નથી એવા તેને હે? ભવ્યાત્મા નિરખો. ॥ ૯૬ ॥

**વિવેચનઃ**—" **जीवो वै शिवो जायते** " જે કર્મકલંકથી ખરડાયેલો જીવ છે તેજ પરમગુણ ધરનારો પરમાત્મા થાય છે. ત્યારે સર્વ જીવોને પરમાત્મસ્વરૂપના માર્ગમાં લાવવા મહાપ્રયત્ન કરનાર પરમ પ્રેમયોગી મહાપ્રભુ તેજ પરમાત્મા બને છે. તે જો કે કર્મના થોડાક દલને ભોગવતો હોવાથી દેહ-શરીરમાં સ્થુલ છે. તો પણ કાયમ-નિત્ય છે. આવું તે આત્માનું આશ્ચર્યકારક સ્વરૂપ હોવાથી હે ભવ્ય પ્રેમયોગીઓ સાચા પ્રેમનો વિચાર કરતાં પ્રેમની મિત્રતાનો વિચાર અવશ્ય કરશો તો સર્વત્ર આત્મા ઉપર પ્રેમ કરવાનું તમોને આવશ્યક છે તેવું મન થઇ જશે. કોઇ શત્રુ કે મિત્ર આવો ભેદ તમને નહિ લાગે. ॥૯૬॥

## પ્રેમમય આત્મા હોય તોજ જગતની વસ્તુ માત્રમાં પ્રીતિ થાય છે.

**यस्मिन्सति प्रियं सर्व-मप्रियं यदभावतः ।**
**पश्यन्तु तं प्रियं लोका-आत्मानं प्रेमरूपकं ॥९७॥**

**અર્થ**:—હે ભવ્ય લોકો તમે વિચાર કરી જુઓ કે જે વસ્તુ તમારી પાસે હોવાથી તમને સર્વ કોઇ પ્રિય લાગે છે અને તે ન હોય તો વસ્તુ અપ્રિય લાગે છે તે પ્રિય આત્મા જ પ્રેમરૂપ હોવાથી આખું જગત તમને પ્રિય લાગે છે. ॥ ૯૭ ॥

**વિવેચનઃ**—આત્મા પારિણામિક ભાવે પ્રેમમય છે. તેના યોગે વિષયવાસનામય-યૌવન કાળમાં વિષય ઉપર પ્રેમરૂપ રાગ મોહ હોવાથી તેમાં સહાયક જે વિષય રૂપ વસ્તુ છે તે તમને પ્રિય થાય છે. અને જ્ઞાનમય વિવેક યુક્ત આત્મસ્વરૂપ થતાં મોક્ષમાર્ગના સહાયકો ઉપર તમારો તાત્વિક સત્ય પ્રેમ પ્રગટ થાય છે. તેથી આત્માજ પ્રેમરૂપ છે. ॥૯૭॥

## આત્માની ભક્તિના પ્રકારો

**आत्मनो नवधा भक्तिं, प्रेमरूपां सनातनीम् ।**
**कुर्वन्तु प्रेमिणो बाह्या-मान्तरां सर्वशक्तितः ॥९८॥**

**અર્થ**—આત્માની નવ પ્રકારે જે ભક્તિ થાય છે તે સનાતન પ્રેમ રૂપજ છે. માટે હે પ્રેમી પુરૂષો તમે અંતરભાવથી અને બાહ્ય ભાવના વિચારથી સર્વ જીવો તમારા સમાન છે તે ધર્મિજનોની ભક્તિ કે જે નવ પ્રકારની છે તે કરો. ॥ ૯૮ ॥

**વિવેચનઃ**—સત્યધર્મના ઉપદેશકો અરિહંત, ગણધર, આચાર્ય વિગેરે પૂજ્ય પુરૂષો ઉપર ચાહના રૂપ, પ્રેમભાવ રૂપ, સનાતની પવિત્ર ભાવના રૂપ જે ભક્તિ જાગે છે તેના યોગે બાહ્યભાવે શુદ્ધ આહાર આપવો. શુદ્ધ પાણી આપવા. જ્ઞાન, ધ્યાન ને યોગ્ય વસતિ-ઉપાશ્રય આપવા. શ્રમિત સાધુઓની સેવા કરવી, દવા કરવી, પરિશ્રમ ઉઠાવવો તે બાહ્ય ભક્તિ અને તેઓના ગુણ ઉપર રાગ કરવો, તેમની અંતરમાં ચાહના કરવી, અવગુણની કલ્પના ન થવી એ અભ્યંતર. એમ બાહ્ય અને અભ્યંતરતામય ભક્તિ રૂપ પ્રેમ પ્રેમયોગીઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરો. આ ભક્તિ આપણા પૂજ્ય મહર્ષિપુરૂષોએ નવ પ્રકારની જણાવી છે. શ્રવણ, કીર્તન, સેવન, આદર, વચન, વંદન, ધ્યાન, લઘુતા અને સમતા એમ નવ પ્રકારે જણાવી છે

**"अर्हदादिष्ट नवधा भक्ति- कर्तव्या प्रेमिभिः ॥ श्रवणं कीर्तनं चैव सेवनं, वचनं तथा ॥१॥ वंदनं लघुता ध्यानमैक्यं च समता तथा । एताभिः प्राप्यते मुक्तिरध्यात्मध्यानयोगिभिः ॥२॥**

અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, સાધ્વી, શ્રાવક શ્રાવિકા, શ્રદ્ધાવંત સમ્યક્ દૃષ્ટિ વગેરે સર્વ સંઘ તથા પ્રભુ, પ્રતિમા, આગમ તેમજ મહાન ધર્મ પ્રભાવના કરનારા પૂજ્ય પુરુષોની પ્રેમયોગીઓએ ભકિત કરવી.

૧ પ્રથમ શ્રવણ ક્રિયા ભકિત છે. તે આ પ્રમાણેઃ

"શ્રવણ કરે જે શાસ્ત્રને, તે પામે શ્રુતજ્ઞાન ॥
માટે શ્રવણક્રિયા વડે, પૂજો પ્રભુ ભગવાન્" ॥૧॥

અર્થ—અરિહંતના વચનો, ગુરુઓ દ્વારા શ્રવણ કરવાથી પ્રેમયોગીઓ સત્ય શાસ્ત્રનું રહસ્ય પૂર્ણ સમ્યગ્જ્ઞાન પામે છે. તેથી શ્રવણ ક્રિયારૂપ ભકિતથી પરમાત્મા તથા ગુરૂઓની ભકિત પૂજા કરવી. ॥૧॥

૨ બીજી કીર્તન ભક્તિ આ પ્રમાણે છે.

અર્હત્ સિદ્ધ ને સૂરિની, કીર્તિ કરો નરનાર; વાચક સાધુ આદિ નવપદ, સ્તવતાં હોય સુખસાર ॥૧॥

"ગુરૂ આદિના ગુણ ગાવતાં, ખરે અનંતા કર્મ,
અનંત ગુણ પ્રગટે દિલે, અનંત પ્રગટે શર્મ" ॥૨॥

અર્થ—અરિહંત સિદ્ધ, આચાર્ય ઉપાધ્યાય, સર્વ સાધુ, દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ એ નવ પદનું સ્તવન કીર્તન કરતા પ્રેમયોગીઓ આત્મામાં અનંત ગુણોને પ્રગટ કરીને અનંત શાશ્વતા સુખને ભોગવે છે. ॥૨॥

૩ ત્રીજી સેવન ક્રિયા ભકિત.

"અરિહંત આદિની કરો, દ્રવ્યભાવથી સેવ,
સેવક બની ઉપયોગથી, સેવ્ય બનો સ્વયમેવ" ॥૧॥

"સાત નયોથી સેવના, આત્મશુદ્ધિના હેત,
ગુર્વાદિકની સેવના, આત્મમુકિતસંકેત" ॥૨॥

"શ્રવણ અને કીર્તનથકી, સેવા ભાવ સુહાય,
સેવાથી સહુ સિદ્ધિઓ, પ્રગટંતી ઘટમાંહ્ય" ॥૩॥

અર્થ—પ્રેમયોગના અભ્યાસીઓએ અરિહંત, સિદ્ધ, આચાર્ય ઉપાધ્યાય અને સાધુ આદિ ચતુર્વિધ સંઘની દ્રવ્ય અને ભાવથી બાહ્ય અભ્યંતર યોગથી સેવા કરવી જોઇએ. તેમાં દ્રવ્યથી નમસ્કાર, સત્કાર, અભ્યુત્થાન વિગેરે સામાન્ય ભકિત ક્રિયા સર્વ પૂજ્યોની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવા યોગ્ય છે. તેમાં અરિહંત પરમાત્માની મૂર્તિની સિદ્ધ ભગવંતોની મૂર્તિની અષ્ટ પ્રકારે દ્રવ્ય પૂજા કરવા યોગ્ય છે. અને આચાર્ય આદિ ગુરૂ પુરૂષોની આહાર પાણી વસ્ત્ર પાત્ર સિદ્ધાંતાદિક પુસ્તકરૂપ જ્ઞાન દર્શન ચારિત્રના પુષ્ટાલંબન આપનારા ધર્મોપકરણોનું વિનય ભકિત યુક્ત પ્રેમથી આદરપૂર્વક દાન કરવું તે દ્રવ્ય ભકિત છે. અને ભાવથી મન, વચન, કાયાની શુદ્ધતા પૂર્વક ગુણ સ્તુતિ કરવી, મનમાં તેમના ઉપકારક ગુણો સાંભળતાં હર્ષનો ઉદ્‌ભવ થવો. તે ભાવ સેવન ભકિત જાણવી. આવી રીતે દ્રવ્યભાવથી સેવા કરતાં સેવક બનેલો આત્મા ઉપયોગથી પોતેજ સેવ્ય બને છે. તે સેવાભાવથી આઠ સિદ્ધિઓ અને નવ નીધિઓ આત્મામાં પ્રગટ થાય છે. ॥૩॥

૪ હવે ચોથી વચનક્રિયા ભકિત તે આ પ્રમાણે:

"વાચિક શકિતએ પૂજીએ, પ્રભુ મહાવીરજીણંદ;
વીરે વાચિક શક્તિથી, ટાળ્યા ભવના ફંદ" ॥૧॥

પ્રભુવાણીને પૂજીએ, સેવીએ સુખકાર,
પ્રભુવચન સમજ્યા થકી, પામો ભવ પાર" ॥૨॥

"સત્ય અસત્ય જે વચન છે, સમજો તેના ભેદ,
નિશ્ચયને વ્યવહારથી સમજે નાસે ખેદ ॥૩॥

**અર્થ**—પરમાત્મા મહાવીર દેવ જીનેશ્વરને વાચિક શક્તિમયભક્તિ વડે ૐ **अर्हं महावीराय नमः** ઇત્યાદિ વચન શકિતથી પૂજવા. કારણ કે ભગવાન વીર પરમાત્માની વાચિક શકિતથી ભવભ્રમણના દુઃખદાયિક ફંદોનો નાશ થાય છે. ॥૧॥ પ્રભુની વાણી આત્માનો ઉદ્ધાર કરનારી હોવાથી અવસ્ય સેવનીય જ છે, બહુ માનથી પૂજવા યોગ્ય છે કારણ કે જે પ્રભુની ઉપદેશમય વાણી સાંભળે છે તે રાજગૃહીના રોહિણેયક ચોરની પેઠે ભવસમુદ્રનો પાર પામે છે, ॥૨॥ આ વચન શકિતમાં સત્યવચન અને અસત્ય વચનનો જે ભેદ છે તે અવશ્ય વિવેકથી સમજવો જોઈએ; નિશ્ચય અને વ્યવહારથી વચનની સત્યતા અને અસત્યતાનો જે આત્મા વિવેકથી ભેદ સમજીને પ્રવૃત્તિ કરે છે તે આત્મા ભવના ખેદ વા કલેશનો નાશ કરે છે. ॥૩॥

૫ પાંચમી વંદન ભકિતને જણાવતાં કહે છે કે,

"અરિહંતાદિક વંદતા ભાવથી મુકિત થાય,
નવ પદને વંદન કરે અપકીર્તિ, દુઃખ જાય" ॥૧॥

"દ્રવ્યને ભાવથી વાંદીએ ગુરૂને ધરી બહુપ્રેમ,
જ્ઞાનચરણઆનંદ ગુણ પ્રગટે યોગને ક્ષેમ" ॥૨॥

"સાત્વિક વંદન શ્રેષ્ઠ છે, મોહની કરે ચકચુર,
વંદક વંદ્યપણું વરે સુખ પામે ભરપૂર" ॥૩॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**:—અરહંત આદિ નવપદને મન, વચન, કાયાની પૂર્ણશુદ્ધતાયુક્તભાવથી વંદન કરતા આત્મા મુક્તિપદને પામે છે. અને અપકીર્તિ તથા ભવભ્રમણના દુઃખનો નાશ થાય છે. પૂજ્ય ગુરૂ એટલે આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુઓ સાધવીઓ વગેરે જે ગુરુપદમાં રહેલા છે, શુદ્ધ મોક્ષમાર્ગનો કલ્યાણમય ઉપદેશ આપે છે તે ગુરુઓને દ્રવ્યથી પંચાંગ પ્રણિપાત્પૂર્વક ભાવથી આત્મા બહુમાન આદર પ્રેમપૂર્વક વંદન કરતાં સમ્યક્દર્શન તથા આત્માના સાચા જ્ઞાનથી યુકત ચારિત્રમાં આનંદ યુકત રમણતામય જે શુદ્ધાત્મ ગુણસ્વરૂપ પ્રગટે છે તેમજ નવા નવા આત્મધ્યાન સમાધિના યોગનો લાભ તથા આ ભકિત સ્વરૂપનું રક્ષણરૂપ ક્ષેમશકિત પ્રગટે છે. ॥૨॥ તે કારણોને લઇ સાત્વિકભાવથી વંદન સર્વથી કલ્યાણમય શ્રેષ્ઠ છે. કારણ કે તે આત્મસ્વરૂપનું આવરણ કરનાર મોહનીય કર્મ તથા જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય કર્મ અને અજ્ઞાન, મિથ્યાત્વ તથા વીર્યાંતરાય કર્મનો નાશ કરનાર છે, તેથી વંદન કરનાર (વંદક) વંદ્યત્વ (વંદનાયોગ્ય) પદને પ્રાપ્ત થાય છે. અને સર્વ કર્મનો ઘાત કરવાને સમર્થ બનીને પરમ આનંદમય સુખને સંપૂર્ણ ભોગવનારો થાય છે.

"**इक्को वि नमुक्कारो, जिनवरवसहस्स वद्धमाणस्स ॥ संसारसागराओ, तारेई नरं वा नारीं वा ॥१॥** મોક્ષમાર્ગમાં પ્રવૃત્ત થયેલા ધર્મસ્વરૂપના મહાન ધોરી વૃષભ સમાન શ્રી તીર્થંકર જીનવર વર્દ્ધમાન સ્વામિ આદિ પરમાત્માઓને પૂર્ણ ત્રિકરણની શુદ્ધતાપૂર્વક કરાયેલો ભાવમય નમસ્કાર સંસારમાં રહેલા સર્વ સ્ત્રી–પુરૂષોને સંસાર સાગરમાંથી ઉદ્ધરીને મોક્ષના અભય સ્થાનમાં પહોંચાડીને તારે છે. ॥ ૩ ॥ આમ પાંચમી વંદનક્રિયા ભકિતનું સ્વરૂપ છે. ॥ ૫॥

૬ હવે છઠ્ઠી લઘુતાભકિત જણાવતાં કહે છે;

"લઘુતાથી પ્રભુતા મળે, ટળે દોષ અભિમાન;
બાહુબલિ લઘુતા ધરી, પામ્યા કેવલજ્ઞાન ॥૧॥
લઘુતા ગુણની વેલડી, લઘુતા મુકિતદ્વાર,
ભવોદધિપર તુંબીવત્, તરતાં નરને નાર ॥૨॥
કર્મભાર હલકો થતો, આત્મા નહિ લેપાય,
લઘુતાપૂજાથી પ્રભુ, પૂજંતાં સુખ થાય." ॥૩॥

અર્થ—પ્રેમયોગના અભ્યાસીઓ આઠ પ્રકારના અહંકારને છોડીને લઘુતા ભજે છે. તેના યોગે પરમાત્માના દર્શન થાય છે. અને સર્વ મોહાદિ આત્માના દોષ નાશ પામે છે. જેમકે બાહુબલિ મહારાજ જ્યાં લગી મોટાઇના અભિમાનમાં હતા ત્યાં લગી સાધુ થઇને કઠણ તપસ્વી હોવા છતાં કેવલજ્ઞાનને પ્રાપ્ત નહોતું કરી શકયા. પરંતુ જ્યારે અંતરમાં લઘુતા ભાવતા પોતાની પૂર્વે સાધુ કેવલી થયેલા પોતાના જ લઘુબંધુઓને વંદના કરવા ભાવ લઘુતા ભાવતા ઉદ્યમવંત થઇને પ્રવૃતિ કરવા લાગ્યા તેજ સમયે કેવલજ્ઞાનને પામ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥૧॥ આથી પૂજ્યો જણાવે છે કે લઘુતા તે જ ગુણરૂપ ફલને ઉપજાવનારી ગુણવેલડી છે. અને તે કષાયનો ઘાત કરવા સમર્થ હોવાથી તે જ લઘુતા મુક્તિમંદિરનું બારણું થાય છે. આથી લઘુતા અભિમાન રૂપ સમુદ્રને પાર પમાડનાર તુમડીના સમુહ સમાન છે. તેથી તેના લઘુતારૂપ તુંબડાના સમુહથી નર અને નારી પાર પામે છે. ॥૨॥ લઘુતા ભાવથી નવા કર્મનો લેપ નહિ લાગતો હોવાથી લઘુતાવડે પ્રભુની ભાવ પૂજા કરતા નિશ્ચયપૂર્વક આત્મા મુકિતના અનંતસુખનો ભોકતા થાય છે. ॥૩॥

૭ સાતમી ધ્યાનક્રિયા ભક્તિને જણાવે છે.

"આત્મશુદ્ધિ જેહથી થતી, તે છે ઉજ્વલ ધ્યાન,
ધર્મ શુકલ બે ધ્યાનથી પ્રગટે કેવલજ્ઞાન ॥૧॥

મનથી ધ્યાનક્રિયા થતી, ધ્યાનથી કર્મ વિનાશ,
કર્મ વિનાશથી મુક્તિ છે, મુક્તિ અનંત સુખવાસ ॥૨॥

પિંડસ્થાદિકધ્યાનથી, અક્રિય થાવો ભવ્ય,
રાગદ્વેષાદિક વિના અક્રિયતા કર્તવ્ય" ॥૩॥

અર્થ—જે ક્રિયાથી આત્માની શુદ્ધિ થાય છે તે એક માત્ર ઉજ્વલ પરિણામનું ધ્યાન છે. તેના શાસ્ત્રોમાં મુખ્ય બે ભેદ કહેલા છે. એક ધર્મધ્યાન અને બીજું શુકલધ્યાન છે. તે ધ્યાન ક્રિયાથી આત્મા કેવલજ્ઞાનને પ્રાપ્ત કરે છે. ॥૧॥ ધ્યાનક્રિયા એ એકલી કાયા દ્વારા નથી થતી પણ મનની ક્રિયા વડે જ પ્રગટ થાય છે; તે ધર્મધ્યાન અને શુકલ-ધ્યાનથી ઘાતિ આદિ કર્મનો વિનાશ થાય છે. કર્મ વિનાશથી કેવલજ્ઞાન અને મુક્તિ પ્રાપ્ત થાય છે. અને મુકિતથી અનંત અવ્યાબાધ સુખમાં વાસ થાય છે. તેથી હે ભવ્યાત્માઓ તમો પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ, ધ્યાનવડે પરમાત્માના ધ્યાન રૂપ ભકિત કરો કે જેથી આત્મા સ્વભાવિક ધ્યાન-આર્ત અને રૌદ્ર ધ્યાનનનો ત્યાગ કરીને ધર્મધ્યાન શુકલ-ધ્યાનરૂપ રૂપાતીત ધ્યાનેજ અક્રિયભાવ દશાને પામે એટલે રાગદ્વેષની વિકારિક ક્રિયા નષ્ટ થતાં આત્મા અચલ અક્રિય બને છે. માટે હે ભવ્યાત્માઓ તેવી ધ્યાનક્રિયા ભક્તિ તમે પ્રેમપૂર્વક કરો. આમ સાતમી ધ્યાનક્રિયા ભકિત પૂર્ણ થઇ.

૮ હવે આઠમી એકતા ક્રિયા ભકિતનું સ્વરૂપ કહે છે.

"વીરપ્રભુથી એકતા, ભાવો નરને નાર,
ઐકય કરી પ્રભુ સાથમાં, લહો ભવોદધિપાર ॥૧॥

સંગ્રહનયસત્તા વડે, સર્વ જીવો છે એક,
આત્મસત્તા ધ્યાવતાં પ્રગટે વ્યકિત વિવેક ॥૨॥

જડથી ન્યારો આત્મા, ગુણપર્યાયાધાર,
એકતા ભાવે ભાવના, કર્મ કહે ન લગાર" ॥૩॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ:—હે ભવ્ય આત્માઓ તમારે સત્ય સુખનીજ એક અદ્વૈત ઇચ્છા હોય તો પરમાત્મા મહાવીર દેવની સાથે ધ્યાન વડે ધ્યાતા રૂપે તમે ધ્યેય સ્વરૂપ પરમાત્મા મહાવીર દેવની સાથે અભેદ એકતા સિદ્ધ કરો; કે જેથી સ્ત્રી હો કે, પુરૂષ હો તો પણ પરમાત્માના સ્વરૂપની સાથે એકતા થવાથી તમો સંસાર સમુદ્રનો પાર અવશ્ય પામશો ॥ ૨ ॥ નય સંબંધી વિચાર કરતાં સંગ્રહનય કે જે પદાર્થમાં રહેલી સત્તા ભાવી પરિણામની શક્તિ. તે સત્તા વડે સર્વ જગતના આત્માઓમાં ચૈતન્યસ્વરૂપ સત્તાથી, અથવા આઠ રૂચક પ્રદેશની પૂર્ણ નિર્મલતાથી, અથવા મોક્ષ પ્રાપ્તની યોગ્યતા વડે સર્વ જીવોમાં સમાન સ્વભાવ ધર્મ હોવાથી સંગ્રહનયની અપેક્ષાથી ઐકયતા રહેલી છે, તે એકત્વભાવથી સર્વ જીવાત્માઓમાં સમાનતાથી એકત્વનો અનુભવ થાય છે એટલે સર્વ જીવોમાં એકાત્મભાવ પ્રગટે છે. આવી એક્તાની ભાવના વડે આત્માની સહજ શકિતનું સ્મરણ થતાં ચૈતન્ય ધર્મ અને પુદ્ગલ ધર્મનો વ્યક્તિધર્મનો વિવેકવાળો બોધ થાય છે. એકાત્મસ્વરૂપનો સમ્યગ્ બોધ થાય છે. તેના યોગ્ય સમાન ધર્મવંત આત્માઓના સ્વરૂપનો બોધ થવાથી સર્વ આત્માઓમાં સામાન્ય ધર્મથી એકત્વભાવ જોવાય છે અને આત્મધર્મથી અન્ય પુદ્ગલનો જડ ધર્મ સડણ પડણ, વિધ્વંસણ ધર્મ અવબોધ વિવેકથી આત્મા કરે છે તેથી જડ પદાર્થોના ધર્મથી આત્માના ચૈતન્યધર્મ જુદા છે તેથી આત્મા જડપદાર્થથી જુદો છે એટલે ઇંદ્રિય, મન, કર્મ, ધર્મ, અધર્મ આકાર પુદ્ગલપદાર્થથી આત્મા જુદો—ન્યારો છે. જડતા ધર્મરૂપ રસાદિક પાંચ ઇંદ્રિયોથી ગ્રાહ્ય થાય છે. અને સમયે સમયે નાશ પામી નવા નવા વિકારોને પામે છે. ત્યારે આત્મા આત્મસ્વરૂપના ચૈતન્યાદિક જ્ઞાનદર્શન, ચારિત્ર, વીર્ય ઉપયોગ વગેરે ગુણો શુદ્ધાશુદ્ધ, શુભાશુભ પર્યાયોને ધારણ કરે છે. તે અનંત ગુણો અને અનંત પર્યાયોને એક આત્મામાં એકત્વભાવે સમાવવાનું ધ્યાન કરતા સર્વ કર્મમલનો વિગમ આત્મા કરે છે. આ એકત્વ ધ્યાનને એકત્વ વિતર્ક પ્રવિચાર શુકલધ્યાન કહેવામાં આવે છે. તે એકત્વ ધ્યાન વડે જ્ઞાનાવરણ, દર્શનાવરણ મોહનીય, અંતરાય રૂપ ઘાતિકર્મનો ક્ષય થતાં કેવલજ્ઞાન, દર્શન, અનંત બલ વીર્ય વગેરે આત્મગુણો પ્રગટ થાય છે. ॥ ૩ ॥ એકત્વ ક્રિયા ભક્તિ જાણી.

૯ હવે નવમી સમતા ક્રિયા ભક્તિનું સ્વરૂપ જણાવે છે.

"સમતાથી પૂજો પ્રભુ, વિભુ મહાવીર જીનેશ,
જ્યાં સમતા પ્રગટી ખરી, ત્યાં નહિ રાગ ને દ્વેષ ॥૧॥
સકલ સાધના સિદ્ધતા, સમતા પ્રગટે થાય,
ક્ષાયિક સમતા પ્રગટતાં, બાકી ન કાર્ય રહાય. ॥૨॥
આતમને પરમાતમા સમભાવે પ્રગટાય,
આપો આપની પૂજના એકતાએ અનુભવ થાય" ॥૩॥

**અર્થ**:—સમતા એટલે અનુકુળ સાધન મલતાં હર્ષ અને પ્રતિકુળ સાધન મળતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્વેષ, ખેદ, તીરસ્કાર ન આવે એવી સમાનભાવમય સ્થિરતાને સમતા કહેવાય છે. તેવી સમતા એ તીર્થંકરદેવ ભગવાન મહાવીર તથા પૂજ્ય ગુરુઓ અને ધર્મના અનુષ્ઠાન તપ, જપ જે કરાય તેમાંજ સમતા સાચી સમજવી. કે જેથી રાગ, દ્વેષ, હર્ષ ખેદ ન આવે, શુકલધ્યાન સાધ્ય સર્વ સિદ્ધિઓ સમતાભાવે જ થાય છે. એટલે ક્ષાયોપશમભાવની ચારિત્રની આરાધના પરમાત્માની પૂજા કરતાં આત્મા આઠ મહા અણિમાદિ સિદ્ધિઓ પ્રગટાવે છે. અને નવ નિધિઓ પ્રગટાવે છે. તેમજ ક્ષાયિકભાવે ચારિત્રયોગમાં સમતાભાવ પ્રગટે છે એટલે સર્વ શત્રુ અને મિત્રો રૂપ સમાન ભાવ પ્રગટે છે, જેમ મહાવીરદેવનો પૂજા મહિમા કરનારા ઇન્દ્રાદિ દેવો અને ભક્તિવંત મનુષ્યો ઉપર જેટલો વાત્સલ્યભાવ વર્તે છે તેટલોજ સંગમ દેવ અને પ્રભુના કાનમાં ખીલા નાખનારા ગોપાલક ઉપર પણ સમાન ભાવ યુક્ત વાત્સલ્ય હતું. તેવો સમતા ભાવ હોય છે. તેના યોગે સ્વર્ગના સુખ ઉપર આસકિત પણ નથી તેમ નરક ઉપર દ્વેષ પણ નથી તેવો સમતાભાવ લાવવા જે ક્રિયા થાય તે સમતા ભકિત જાણવી. તે જો પૂર્ણભાવે પ્રગટ થાય તો કોઇ પણ કર્તવ્ય બાકી રહેતું નથી. આત્મા કૃતકૃત્ય થાય છે. તેથી શાસ્ત્ર કહે છે કે આત્મા તેજ સત્તાએ પરમાત્મા છે કહ્યું છે કે, " **एगो अप्पा परमप्पा** " હે ભવ્યાત્માઓ તમે એજ નિશ્ચયથી સમજો કે જે આ દશ પ્રાણ, પાંચ ઇંદ્રિય મન ધરનારો અને ચારિત્રમાં અધિષ્ઠાન કરનારો આપણો આત્મા છે તેજ સત્તાએ પરમાત્મા છે કારણ કે તે શુદ્ધ બ્રહ્મમય જ્ઞાન, દર્શન, આદિ ગુણનો સ્વામી છે. પણ કર્મના યોગે પરવશ થઇને સંસારમાં જન્મમરણ કરતો ભમે છે. શરીરમાં જે અદૃશ્ય જ્ઞાનદર્શન ઉપયોગ શકિત દેખાય છે તે જીવ પોતે જ સ્વયં દેવ છે. તેજ પરબ્રહ્મ પરમાત્મા છે. તેથી સર્વત્ર સમતાભાવે સ્થિર થઇને આત્મસ્વરૂપને પરમાત્મા સમાન જાણી તેનું જ ધ્યાન કરવું તેથી પરમાત્મા સાથે ઐકયતાનો પ્રેમમય અનુભવ થાય છે. આ સમતા ભકિતયોગ જાણવો. આવી નવ પ્રકારની ભકિત કે જે પૂર્ણ પવિત્ર અને શાશ્વતભાવે આત્મામાં રહેલી છે તે વસ્તુતઃ આત્મિક પ્રેમસ્વરૂપે જ છે. તેથી સત્ય પ્રેમના અભ્યાસીઓએ સ્વવીર્યના ઉલ્લાસથી તે ભકિત, બાહ્ય ક્રિયારૂપે અને અભ્યંતર પરિણામ રૂપે પ્રગટાવી તમે સૌ સત્ય પ્રેમયોગી બનો. ॥૯૮॥

## આત્માને પુરૂષ સમજો અને પ્રકૃતિને સ્ત્રી સમજો

**आत्मानं पुरुषं विद्धि, प्रकृतिं तु स्त्रियं शुभाम् ।**
**प्रकृतिः प्रीतिरूपेण, विश्वात्मन्येत्र संवसेत् ॥९९॥**

**અર્થ:**—આત્મા પુરૂષ છે એમ તમે સમજો. અને પ્રકૃતિને સારી સ્ત્રી રૂપે માનો હવે પ્રકૃત્તિ તે પ્રીતિ સ્વરૂપ વડે વ્યાપક આત્માને વિષેજ રહે છે ॥ ૯૯ ॥

**વિવેચન:**—આત્મા તે અસંખ્ય પ્રદેશમય છે. તેમાં ગુણ સ્વભાવમય પ્રકૃત્તિ તે સ્ત્રી રૂપે જાણવી. સાંખ્યશાસ્ત્રમાં પુરૂષ અને પ્રકૃત્તિના સંયોગથી સંસારની પ્રવૃત્તિ થાય છે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને વિયોગમાં સંસારનો અભાવ થાય છે. છે બન્નેનો અનાદિ કાલીન સંયોગ સંબંધ થયેલો છે. આત્માનો પોતાનાથી અન્ય પુદ્‌ગલ સમુહથી બનેલ રૂપ, રસ, ગંધમય વસ્તુની ચાહના કરવાનો સ્વભાવ રહેલો હોવાથી તે પ્રકૃત્તિ પ્રીતિ રૂપ બનીને આત્મ પુરૂષમાં વ્યાપક રૂપે અભેદભાવે રહીને વસેલી છે. ા ૯૯ ા

**सर्वजीवेषु सौन्दर्य-माकर्षकं विराजते ।**
**तत्तु प्रेमैव संबोध्य, भवन्तु प्रेमिणो जनाः ॥१००॥**

**અર્થ**:—સર્વ જીવોમાં સૌંદર્ય કે જે આકર્ષક ભાવવાળું શોભે છે તેને તમો પ્રેમજ જાણો. તેવું પ્રેમનું સ્વરૂપ જાણીને તમો સર્વજનો પરસ્પર પ્રેમીજનો બનશો. ા૧૦૦ા

**सर्वत्र विलसद्यत्तु, सौन्दर्यं प्रेमजीवनम् ।**
**व्यक्तं कुर्वन्तु भो लोकाः ? आत्मज्ञानेन तद्धृदि ॥१०१॥**

**અર્થ**—હે ભવ્ય લોકો સર્વ જગ્યાએ વિલાસ પામતું સૌંદર્ય યુક્તજીવન આત્મજ્ઞાન વડે તમારા હૃદયમાં પ્રગટ કરો.

**વિવેચન**—જગતમાં સર્વ જગ્યાએ સૌંદર્યપ્રેમ વખાણવા યોગ્ય ગણાય છે, પણ જ્યાં ચામડી આભૂષણ, વસ્ત્ર, ટાપટીપવાળું સૌંદર્ય બાલ-અજ્ઞ જીવોને ઉન્માદી બનાવે છે. તેવા સૌંદર્યના આકર્ષણતામાં શુદ્ધપ્રેમ નથી હોતો. ત્યાં કેવલ કામરાગરૂપ મોહ જ છે, તેવા જીવનને યોગીલોકો પ્રેમજીવન નથી કહેતા. એવું જીવન તો પશુ જીવન છે. ત્યારે પ્રેમ જીવન કોને કહેવું ? તો જણાવે છે કે આત્માના સત્યસ્વરૂપ કે જે સમ્યગ્જ્ઞાન, દર્શન ચારિત્રરૂપે સદ્‌વર્તનમાં પરિણામ પામીને સર્વ જીવો ઉપર બંધુત્વભાવે તેમની ઉન્નતિ માટે પ્રયત્ન થાય, તેમના આત્માને પોતાના આત્મા સમાન માનીને જે ચાહના કરાય તે શુદ્ધપવિત્ર પ્રેમમય જીવન જાણવું. તેવા પવિત્ર જીવનમાં સત્ય સુંદરતા અનુભવાય છે, જો કે તેમાં રાજકીય સત્તાનું અભિમાન નથી. પૈસાનું અભિમાન નથી, સૌંદર્યતાયુક્ત આકર્ષક શરીરની સંપદા નથી પણ આત્મસ્વરૂપનું સુંદરપણું જ આકર્ષણ કરે છે. તે માટે હે ભવ્યાત્માઓ આત્માના જ્ઞાનવડે સાચા સુંદરત્વયુકત પ્રેમસ્વરૂપને તમે પ્રાપ્ત થાવ. તેમાં જ સ્થિરતા કરો. તેથી સચ્ચિદાનંદના ભોકતા બનશો. ા૧૦૧ા

**भाव एव महाप्रेम, रुचिरेव न संशयः ।**
**गुणस्थानाऽधिरोहेषु, प्रेमैव प्रगतिप्रदः ॥१०२॥**

**અર્થ**—ભાવ તે જ મહાન પ્રેમ છે. તે વસ્તુતઃ આત્માની રૂચિરૂપજ છે. તેમાં જરાપણ સંશય નથી. તેવી રૂચિવડે ગુણસ્થાનકની શ્રેણિમાં ચડવામાં શુદ્ધપ્રેમ પ્રગતિ કરનાર બને છે.

**વિવેચન**—આત્મામાં જે પાંચ પ્રકારના ભાવ પ્રગટ થાય છે તેમાં પારિણામિક ભાવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે આત્માની તેવા પ્રકારની રૂચિરૂપ સમજવો. તેમાં અનાદિ કાળનાપુદ્ગલ રૂચિનો પરિણામ મોહ કે રાગ નામથી ઓળખાય છે. તે અપ્રશસ્ત રાગ સંસારના દુઃખજનક છે ત્યારે ધર્મનો રાગ, દેવનો રાગ, ગુરુ ઉપરનો રાગ, સદ્વર્તન સદાચારની પ્રાપ્તિરૂપ રાગ તે પ્રશંસવા યોગ્ય છે. પ્રેમયોગીઓ ભાવની શુદ્ધતાયુક્ત ભાવસ્વરૂપ રૂચિને જ મહાનપ્રેમ કહે છે. કારણ કે તે પ્રેમ આત્માના સત્યસ્વરૂપનું સાચું ભાન કરાવે છે.

### શુદ્ધ પ્રેમથી શુદ્ધભાવ થાય છે.

**शुद्धभावो भवेत्सद्यः, शुद्धप्रेमैकभावतः ।**
**आत्मरमणरूपेण, शुद्धप्रेमैव बोधत ॥१०३॥**

**અર્થ**—એક શુદ્ધ પ્રેમમય ભાવથી આત્મા જલદી શુદ્ધભાવ યુક્ત થાય છે. કારણ કે તે શુદ્ધ પ્રેમજ સત્યબોધવાળો પ્રગટ થઇને આત્મસ્વરૂપમાં રમણુતારૂપે આત્મસ્વરૂપમાં પ્રત્યક્ષ પ્રકાશ કરે છે. ॥૧૦૩॥

### સાચો યોગી પ્રાણીઓમાં અનેક રીતે આનંદને અનુભવે છે.

**लसत्यनेकरुपेण, आनन्दः सर्वदेहिषु ।**
**हर्षोल्लासादिरूपेण, सर्वत्र ब्रह्ममूर्तित् ॥१०४॥**

**અર્થ**—બ્રહ્મસ્વરૂપની મૂર્તિને આત્મસ્વરૂપમાં અનુભવ કરનારો યોગી સર્વ દેહવાળા આત્માઓને વિષે હર્ષના ઉલ્લાસપૂર્વક અનેક પ્રકારનો આનંદ અનુભવે છે॥૧૦૪॥

**વિવેચન**—શુદ્ધ પ્રેમયોગીઓ પરમ બ્રહ્મમય આત્મસ્વરૂપને પ્રાપ્ત કરીને કષાય અજ્ઞાન મિથ્યાત્વરૂપ મોહની સત્તાને છેદીને પરમબ્રહ્મ સ્વરૂપ પ્રેમમય આત્મમૂર્તિને બનાવનાર વિવિધ પ્રકારની શુભાશુભ ચેષ્ટા કરનારા પ્રાણીઓ હોવા છતાં પણ તેમના દર્શનથી તેમના સમાગમમાં પણ અનેક પ્રકારનો, અનેક સ્વરૂપનો પ્રેમમય આનંદ ગ્રહણ કરે છે. એટલે હર્ષથી ઉલ્લાસપૂર્વક તેઓનું જેટલા અંશે કલ્યાણ થાય તેવી પ્રવૃત્તિ ઉલ્લાસપૂર્વક કરે છે. તેમાં સત્યાનંદનો અનુભવ કરે છે. કહ્યું છે કે:

**सर्वभूतस्थमात्मानं, सर्वभूतानि चात्मनि ।**
**इक्षते योगयुक्तात्मा, सर्वत्र समदर्शनः ॥२९॥** (ગીતા)

**અર્થ**—સર્વ પાંચ ભૂતો, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, આકાશ, વનસ્પતિ, વિગેરેમાં જીવો છે. તેમાં મારો વાસ છે. હું તેમાં વસેલો હતો તે ભૂત યોનીવાળા જીવો પણ મારામાં વસેલા છે એમ સમતા ભાવથી સર્વ જીવોને મિત્રભાવે જોતાં સર્વના હિત માટે પ્રવૃત્તિ કરતાં સર્વને પોતાના આત્મા સમાન ગણે. કોઇ શત્રુ યા સગાના રૂપે નહિ જોતાં સર્વને ચૈતન્યભાવે જોવે છે. તેવા બ્રહ્મમૂર્તિસ્વરૂપ આત્મા સર્વ આત્માને જોતાં આનંદ ભોગવે છે. ॥૧૦૪॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## મોહના વિકારોમાં પ્રેમ નથી

**मोहमानविकारेषु, प्रेम किञ्चिन् न विद्यते ।**
**आत्मप्रेमोज्ज्वलं मन्त्रं, केचिज्जानन्ति पंडिताः ॥१०५॥**

**અર્થ**:—મોહ માન આદિના વિકારોમાં જરાપણ સત્યપ્રેમ હોતો નથી. તેમજ આત્મ-પ્રેમરૂપ ઉજ્જવળ મંત્રને કોઈક પંડિતોજ જાણે છે. ॥૧૦૫॥

**વિવેચન**:—આ જગતમાં સર્વ આત્માઓમાં સામાન્યભાવે અન્યમાં આકર્ષણ ભાવ ઉપજે તેવો પ્રેમ રહેલો છે. પણ તે અજ્ઞાન, મિથ્યાત્વ, મોહ, માયા, ક્રોધ, રાગ ઈર્ષારૂપ વિકારથી અશુદ્ધ હોવાથી તેમને તત્વદર્શન કરનારા પંડિતો રાગપ્રેમ કહે છે. સત્યપ્રેમ તેઓમાં જરાપણ નથી તેમ જણાવે છે. ત્યારે શુદ્ધપ્રેમ સદ્‌ગુરૂની કૃપા અને ઉપદેશ દ્વારા સમજાય તેમ છે. તે વાત અજ્ઞાનીઓ નથી જાણતા કહ્યું છે કે, "**यतो वा यो निवर्तते, न यत्र मनसो गतिः शुद्धानुभवसंवेद्यं तद्रूपं परमात्मनः**" **શ્રી યશોવિજય મહોપાધ્યાય ભગવંત જણાવે છે** કે જ્યાં વાણી પહોંચી શકતી નથી, મન પણ તેને જોઈ શકતું નથી પરંતુ શુદ્ધ દશાવાળા આત્માના અનુભવથી તેનું સત્યસ્વરૂપ અનુભવ યુક્ત થાય છે. તેને તમે પરમાત્માનું સ્વરૂપ જાણો. ઉપર જણાવ્યું તેવું પરમાત્માનું સ્વરૂપ હોવાથી તે સર્વને પણ તમારા આત્મા સમા ગણીને વિકાર વિનાનો, સ્વાર્થ વિનાનો શુદ્ધ પ્રેમ સર્વ ઉપર રાખવો, શ્રી ભગવત્ ગીતામાં આત્મસંયમ યોગ અધ્યાયમાં કહે છે કે, "**आत्मौपम्येन सर्वत्र, समं पश्यति योऽर्जुन । सुखं वा यदि वा दुखं, सयोगी परमो मतः** ॥ સર્વત્ર જીવોમાં આત્મા સમાન ચૈતન્યને માનીને તેમના સુખ દુઃખમાં સહાય કરનારો સર્વને સમાન દૃષ્ટિથી જોનારો યોગી, હે અર્જુન તારે પરમયોગી જાણવો. ॥ આમ સમાન ભાવથી સર્વ આત્મા ઉપર ઉજ્જવલ નિર્દોષ પ્રેમ કરવો તેથી આત્મપ્રેમની સફલતા છે. આવા શુદ્ધ પ્રેમનો મંત્ર સદ્‌ગુરૂની ઉપાસના કરનારા પ્રેમયોગી પંડિતજનો જ જાણે છે. ॥૧૦૫॥

## સર્વ પ્રાણીયોમાં સાચો પ્રેમ વિસ્તારો

**विकासयन्तु सत्प्रेम, सर्वत्र सर्वदेहिषु ।**
**अमृता येन जायन्ते, लोका आत्मस्वभावतः ॥१०६॥**

**અર્થ**:—સર્વ જગ્યાએ સર્વ જીવોમાં સત્યપ્રેમનો વિકાશ થાવ કે જેથી લોકો આત્મ સ્વભાવથી અમૃત જીવન જીવનારા થાય.

**अन्तरात्मा भवेत्प्रेमी, पश्चाद्याति परात्मताम्, ।**
**ज्ञानिषु तारतम्येन, शुद्धप्रेमसमुद्भवः ॥ १०७ ॥**

**અર્થ**:—અંતરાત્મ દશાવાળો આત્મા સત્ય પ્રેમી થાય છે તેના યોગે પછી તે પરમાત્મ દશાને પ્રાપ્ત થાય છે. સમ્યગ્જ્ઞાનીઓમાં તારતમ્યભાવે શુદ્ધ પ્રેમની ઉત્પત્તિ થાય છે. ॥૧૦૭॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વિવેચન**—આત્માની ત્રણ અવસ્થા જાણવી જોઈએ. એક બાહ્ય આત્મદશા, બીજી અંતરાત્મદશા ત્રીજી પરમાત્મ દશા તેના યોગે તેમાં રહેલા પ્રેમના પણ ત્રણ પ્રકાર થાય છે તેનું સ્વરૂપ જણાવતાં પરમ ગુરૂવર શ્રી બુદ્ધિસાગરસૂરિપ્રવર આત્મ–પ્રદીપ ગ્રંથમાં કહે છે કે "**आत्मानं तु त्रिधा, विद्धि, बाह्योपाध्यादिभेदतः। आत्मबुद्धिशरीररादौ, बहिर्धीमान् नरः स्मृतः ॥ ८१ ॥** આત્માને તમે ત્રણ પ્રકારે જાણો. જે બાહ્ય, અંતર, પરમ એમ ઉપાધિના ભેદથી સમજો. તેમાં બાહ્યઆત્માનું લક્ષણ કહેતાં જણાવે છે કે શરીર, ઇંદ્રિય, મનરૂપ જે પુદ્‌ગલોના સ્કંધો છે તેને હું રાજા, હું શેઠ, હું સ્ત્રી, હું પુરુષ, રૂપરંગ, રસ, શબ્દ, ગંધ વિગેરે મારા છે. હું તેનો સ્વામી છું ,હું યોગી, હું સન્યાસી, હું રૂપાળો હું દારિદ્ર, હું ધનવાન એવી જે જે કલ્પનાઓ થાય છે, આ બધું મારૂ છે, આ સ્ત્રી આ પુત્ર, આ પુત્રી મારી છે. આ દેશનો હું રાજા અને આ રાજ્ય મારૂં છે તે બાહ્યાત્માનું લક્ષણ જાણવું, "સ્ત્રી, ધન, ભાઇ, ભગીનીને પુત્ર પુત્રી કે કુટુંબ પરિવાર કે, એના સંગે રાચીયો મોહે દુઃખ પામ્યો અપાર કે, જીનવાણી; ચિત્ત આણીએ ॥ ૧ ॥ દેહાદિકને મારો માનતો ભેદ સમજે નહિ, એહ અજાણ કે, બહિરાતમ તે જાણજો, ભેદ પહેલો હો છંડો સુજાણકે જીનવાણી ચિત્ત ધારીએ. ॥ ૨ ॥ આવો બાહ્યાત્મભાવ સંસારમાં જ રાખનાર છે. "**बहिर्धिया भयभ्रान्ती, रागादिक्लेशसन्ततिः। त्यक्त्वा देहात्मबुद्धिं त्वं, देहादभिन्नं विभावय ॥ ८२ ॥** દેહાદિકમાં મારાપણાની જે બુદ્ધિ છે તે રાગ દ્વેષ મોહ, માયા મિથ્યાત્વ અજ્ઞાનતાથી યુક્ત હોવાથી ભય કલેશથી યુક્ત ભવમાં એટલે સંસારમાં અનંત કાલ ભમાવે છે તેનો ત્યાગ કરી હે આત્મા તું એમ નિશ્ચય માન કે હું, દેહ, ઇન્દ્રિય, મન, અને કર્મરૂપ નથી. તેથી ભિન્ન જૂદો છું. ॥ ૮૨ ॥

**देहस्थोपि न देही यो, वाचाभिन्नस्तथाऽमृतः।**
**दुग्धे नीरं तथा देहे, आत्माऽसंख्यप्रदेशकः ॥ ८३ ॥**

**અર્થઃ**—દેહમાં રહેલો છતાં પણ તું દેહી સર્વદા કે સર્વથા નથી. વાણીથી પણ અગોચર ભિન્ન છે અને અમૃત એટલે જન્મમરણથી રહિત છે. પાણી અને દૂધ મળ્યા છતાં સ્વભાવથી જુદા છે એમ દેહ; ઇંદ્રિય. મન અને કર્મથી ઘેરાયા છતાં તેથી જૂદો અસંખ્ય આત્મપ્રદેશ આત્મક તેવા બોધવાળો તે અંતરાત્મા સમજવો. ॥ ૮૨ ॥

આ અંતરાત્મા પરમાત્મદશાને પ્રાપ્ત કરે છે કહ્યું છે કે "**रूपिस्थोऽपि न रूपी यः सो ऽरूप्यात्मा निरञ्जनः ॥ निर्लेपोऽनश्वरः साक्षात्, कैवल्येन प्रकाशते ॥ ८४ ॥ सच्चिदानंदरूपेण, स्थितिर्यस्य स्वभावजा ॥ परिज्ञाय परमात्मानं, सन्तस्तद्‌गतिभाजका. ॥ ८५ ॥** તે અંતરાત્મા ઘાતિકર્મના ક્ષયથી કૈવલ્યજ્ઞાન દર્શન યુક્ત છે તે પરમાત્મા રૂપી શરીરમાં રહેલા છતાં વસ્તુતઃ આત્મસ્વરૂપે અરૂપી છે. કર્મ બંધન રૂપ લેપ, અંજનનો અભાવ હોવાથી નિરંજન નિર્લેપ છે. આત્મસ્વરૂપ શાશ્વતું હોવાથી અનશ્વર ભાવે છે. પ્રત્યક્ષ કેવલજ્ઞાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દર્શન, ચારિત્રરૂપે સદા પ્રકાશે છે. શોભે છે. આવી શાશ્વતી અવસ્થાવાળા પરમાત્માને જાણીને સંત યોગીઓ પ્રેમથી તેનું ધ્યાન કરે છે. ॥૮૫॥ પ્રેમયોગીઓ પરમાત્મ દશાને ભજનાર થાય છે. તેથી તેવા અંતરાત્મા અને પરમાત્મારૂપ ભેદને સમજીને હે પ્રેમયોગીઓ શુદ્ધપ્રેમને તમે વિવેક પૂર્વક પ્રગટ કરો. ॥ ૧૦૭ ॥

## સર્વ જીવ પ્રત્યે પ્રેમવિના ઉદ્ધાર નથી

**सर्वजीवोपरिप्रेम, यस्य जातो न वस्तुतः ।**
**तस्योद्धारो भवेन्नैव, विना प्रेम न पात्रता ॥१०८॥**

**અર્થ:**—સર્વ જીવો પર જે આત્મા વાસ્તવિક પ્રેમ નથી કરતો તેનો ઉદ્ધાર કદાપિ કાળે થતો નથી. કારણ કે સત્યપ્રેમ વિના ઉદ્ધાર થવા યોગ્ય પાત્રતા આત્મામાં નથી આવતી. ॥૧૦૮॥

**વિવેચન:**—હે ભવ્યાત્માઓ તમો જ્યાંસુધી સર્વજીવો ઉપર પ્રેમભાવ નહિ પ્રગટાવો ત્યાંસુધી તમારામાં સત્યધર્મને પ્રાપ્ત કરવાની યોગ્યતા નથી જ આવવાની એટલે પરમાત્મા અરિહંત વીતરાગ તીર્થંકર વા સામાન્ય કેવલી, ગણધર, આચાર્ય, પૂર્વધર, ઉપાધ્યાય, સાધુ, સાધ્વી વિગેરે પૂજ્ય દેવગુરૂ ઉપર પૂજ્યભાવે, ઉપકારભાવે ગુણાનુંરાગભાવે પ્રમોદ લાવીને પૂજન સેવન ભકિત કરતાં આહ્લાદતાવાળો પ્રેમભાવ લાવવો.; અને સર્વ શ્રાવક શ્રાવિકા સમ્યગ્દ્રષ્ટિ આત્મા ઉપર સાધર્મિભાવનો મૈત્રીપ્રેમ લાવવો. તથા ધર્મરહિત એવા સર્વ મનુષ્ય દેવો, નારકો, તિર્યંચો હોય, આપણા ઉપર વૈરવિરોધ રાખતા હોય તો પણ તમારે મોક્ષાર્થી થવા માટે તે સર્વ ઉપર કરુણામય દયાયુકત પ્રેમ લાવવો. પણ કોઈ ઉપર દ્વેષ ઈર્ષા કે વેર રાખવા યોગ્ય નથી.

**अहिंसा प्रेमयोगेण, भवत्येव न संशयः ।**
**गुणाधारमहाप्रेम, सर्वस्वार्पणकारकम् ॥१०९॥**

**અર્થ:**—અહિંસારૂપ વ્રત પ્રેમ યોગથીજ પ્રાપ્ત થાય છે. તેમાં જરાપણ સંશય રાખવો નહિ. સર્વ ગુણની પ્રાપ્તિનો આધાર મહાન પ્રેમજ છે. આથી પ્રેમ માટે સર્વસ્વની અર્પણા કરવી. ॥૧૦૯॥

**વિવેચન:**—સર્વ જગતના જીવોને અવશ્ય આપણને જે પ્રિય હોય તે સર્વ વસ્તુ પ્રિય હોય છે. તમને જેમ દુઃખ અપ્રિય છે તેમ બધાને છે. નિર્વિકાર આત્મબંધુત્વવાળો મહાન બળવાન પ્રેમ તે જ આત્મામાં સર્વ ગુણને ગ્રહણ કરવાનું પાત્ર છે. આત્મપ્રેમથી અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અકિંચનત્વ, દાન, શિયળ, તપ, જપ સ્વાધ્યાય સંતોષ વગેરે ગુણો એ આત્મપ્રેમ રૂપ પાત્રમાં ભરાય છે. તેમજ એવા પ્રેમથી પરમાત્મા વીતરાગ તીર્થંકર તથા પવિત્ર સત્યોપદેશક પૂજ્ય ગુરૂવરોને આત્મ સ્વાર્પણ કરવારૂપ કાર્ય થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે પરમાત્મા મહાવીર દેવને ઇંદ્રભૂતિ ગૌતમ ગણધરે આત્મ સમર્પણ કરી આત્મસ્વરૂપ કેવલજ્ઞાન દર્શનને પામ્યા તે સત્ય મહા પ્રેમનોજ પ્રભાવ છે. ॥૧૦૯॥

**येषु प्रेम भवेत् सत्यं, स्वकीयांस्तान्निबोधत ।**
**मौनभावेन कर्त्तव्यं, भवत्येव न संशयः ॥११०॥**

**અર્થઃ**—જેઓમાં સત્યપ્રેમ હોય, તેઓને પોતાના સમજો. કેમકે તે મૌનભાવથી આત્મ હિતમય હોય છે. તેમાં જરાપણ સંશય રાખવાનો નથી. ॥૧૧૦॥

## પ્રેમ વિના સંસારીને ડગલે ડગલે દુઃખ થાય છે.

**संसारिणां विना प्रेम, भवेद्दुःखं पदे पदे ।**
**सर्वसम्बन्धशून्यत्वं, शून्यत्वं चात्मनस्तथा ॥१११॥**

**અર્થ**—સર્વ સંસારી જીવાત્માઓ જો સર્વ જીવોપર પરસ્પર પ્રેમ ન રાખે તો તેઓ પગલે પગલે ક્ષણે ક્ષણે દુઃખનોજ અનુભવ કરે છે. જેઓ જીવો સાથે સર્વથા સંબંધથી રહિત હોય છે તેઓને સર્વત્ર શુન્યત્વ લાગે છે. મન અને આત્માને પણ શૂન્યત્વ લાગે છે. ॥ ૧૧૧ ॥

**વિવેચનઃ**—સત્ય પ્રેમ મુકિતનો હેતુ થાય છે, તે વાત બાજુએ રાખીએ તો પણ સંસારમાં રહેલા સર્વ જીવોને પોતાનું જીવન ટકાવવા માટે પરસ્પર એકબીજાને મળવું પડે છે. તેઓની સાથે અવશ્ય સ્નેહમય મૈત્રી પ્રેમ કરવોજ પડે છે. જો તેવો પ્રેમ ન રાખવામાં આવે તો તાવ આવે, અશકિત થાય, બળવાન તરફથી ભય ઉભો થાય ત્યારે પ્રેમભાવે જે મિત્ર થયો હોય તેની સહાય મલે છે, અથવા તેનો ઉપાય શોધાય છે. જો તેવો પરસ્પર સહકાર રૂપ પ્રેમ જેણે કોઈની પણ સાથે કર્યો હોતો નથી તેવા જીવાત્માઓને પગલે પગલે ક્ષણે ક્ષણે અનેક પ્રકારના દુઃખો, ઉપાધિયો ભોગવવી પડે છે. માતાપિતા ઉપરનો પ્રેમ ત્યાગ કરનાર આત્મા અધમજ ગણાય છે. તેને પશુની ઉપમા અપાય છે! સ્ત્રી સાથે પ્રેમ નહિ રાખનારો આત્મા સંસારમાં વિષય સુખનો સંતોષથી ભોગ કરી શકતો નથી. કુટુંબમાં જો પરસ્પર પ્રેમ ન હોય તો તેથી સુખપૂર્વક નિન્દ્રા પણ લઈ શકાતી નથી. એટલે સંસારી આત્માઓને પણ પરસ્પર પ્રેમ વિનાના ક્ષણે ક્ષણે અને પગલે પગલે દુઃખનો જ ભેટો થાય છે. જેમ લૌકિક પ્રેમ વિના શુન્ય છે, તેમ દેવ, ગુરૂ, ધર્મ સાધર્મિક બંધુ વગેરે સાથે જેઓને સત્ય પ્રેમસંબંધ નથી તેઓને સમ્યક્જ્ઞાનના અભાવને કારણે પ્રેમસંબંધ હોતો નથી તેથી તેઓના મનમાં આત્મધ્યાન ન હોવાથી અંતે સર્વત્ર શુન્યકાર ભાસે છે. અને મરણ સમયે હાથ વરાળ કરતો સુભૂમની પેઠે નરેકના દુઃખો ભોગવનારો થાય છે. ॥ ૧૧૧ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સત્યપ્રેમ વિના મોહસાગરમાં જીવો ડુબે છે.

**सत्यप्रेमविना जीवा–ब्रुडन्ति मोहसागरे ।**
**शुद्धप्रेमाऽर्हतां सेवा, कर्तव्याऽतो विवेकतः ॥११२॥**

**અર્થ**:—સત્ય શુદ્ધ પ્રેમ વિના જીવો મોહ સમુદ્રમાં ડુબે છે, તેથી વિવેકપૂર્વક શુદ્ધ સાચા પ્રેમથી અરિહંત આદિની સેવા અવશ્ય કરવી જોઈએ. ॥ ૧૧૨ ॥

**વિવેચનઃ**—જે સાચા સત્યપ્રેમને નથી સમજતો અને સર્વ જીવો ઉપર આત્મવત્ પ્રેમ નથી કરતો તે અવશ્ય મોહમાયાના ભયંકર સમુદ્રમાં ડુબતા છતાં અવાચ્ય ભયંકર દુઃખને ભોગવે છે તેથી ગુરુદેવો જણાવે છે કે પુદ્‌ગલનો અસત્ય માયામય પ્રેમનો ત્યાગ કરીને આત્મસ્વરૂપના પ્રેમી બનીને સર્વ જીવોને પોતાના સમાન માનીને બંધુત્વભાવે શુદ્ધ પ્રેમ કરો, તેમજ પૂર્ણ સત્યનો ઉપદેશ કરનારા પરમ સુખનો અને શાંતિનો માર્ગ દેખાડનારા વીતરાગી શ્રી અરિહંત પરમાત્માઓ તથા શ્રીમાન્ ગણધરો, આચાર્યો, ઉપાધ્યાયો, તથા ધર્મનું આચરણ કરનારા સર્વ સાધુ સાધ્વીઓ ઉપર સત્ય શુદ્ધ પ્રેમ લાવીને તેઓની સેવાપૂજા ભકિતમય ઉપાસના વિવેકથી કરો. જેથી કર્મનો ક્ષય થતાં પૂર્ણાનંદના ભોકતા થવાય. ॥ ૧૧૨ ॥

**मनोवाक्काययोगाना–मर्पणं प्रेमदेहिनाम् ।**
**परस्परं भवत्येव, सर्वत्र सर्वथा सदा ॥११३॥**

**અર્થ**:—સત્ય પ્રેમને ધારણ કરનારા આત્માઓએ મન વચન કાયાના યોગોનો પરસ્પર સંબંધ સર્વત્ર યા સદા પ્રેમપૂર્વક અર્પણ કરવો જોઈએ. ॥૧૧૩॥

**વિવેચનઃ**—જગતમાં જે જે સાચાં પ્રેમયોગીઓ છે તેઓને મન વચન અને કાયાની નિર્વિકારતા હોવાથી પરસ્પર ભય કે દ્વેષનો અભાવ હોય છે. તેના યોગે સર્વ જીવો પ્રત્યે અને વિશેષે પ્રેમયોગીઓ પ્રત્યે સમાનતા હોવાથી આત્માને તેઓના માટે સમર્પણ કરે છે. સાચા પ્રેમયોગીઓને સર્વકાલ સર્વ દેશમાં સર્વ વસ્તુને આપી દેવાની ભાવના કાયમ જ રહે છે. જેમ એકલવ્યે સદ્‌ગુરૂ શ્રી દ્રોણાચાર્યને આત્મસમર્પણ કર્યું હતું. ॥૧૧૩॥

## લેખ કે પ્રતિજ્ઞામાં પ્રેમ છુપાયેલો નથી હોતો

**एकान्तं नैव लेखेषु, प्रतिज्ञासु न वर्त्तते ।**
**ज्ञानी जानाति हृत्प्रेम, प्रेमी प्रेम परीक्षते ॥११४॥**

**અર્થ**:—લેખોમાં કે પ્રતિજ્ઞાઓમાં પ્રેમ એકાંતે હોતો નથી પરંતુ જ્ઞાનીઓ હૃદયમાં રહેલા પ્રેમને જાણે છે અને સત્ય પ્રેમીજન પ્રેમની પરીક્ષા કરી જાણે છે. ॥૧૧૪॥

**વિવેચનઃ**—જગતમાં રહેલા સર્વ સંસારી દેહધારી આત્માઓ કાર્ય પ્રસંગ પામીને માતા–પિતા વગેરેને લખાતા પત્રોમાં પોતે સર્વનો પ્રેમી છે. તેમજ પ્રતિજ્ઞાઓ લઈને કેટ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાક વકતાઓ પ્રેમ જાહેર કરે છે. તોપણ તે બધું આચરણ કરતી વ્યક્તિઓમાં સત્ય આત્મસમર્પણનો પ્રેમ છે જ. એવી એકાંતે નિશ્ચયપૂર્વકની સિદ્ધિ થતી નથી. તેમજ તે સર્વ વ્યક્તિઓમાં સ્વાર્થી પ્રેમની પણ અસ્તિતા છે કે કેમ ? તે પૂર્ણ જ્ઞાનીઓજ જાણી શકે છે. બીજાને તેઓના હૃદયની પરીક્ષા થાય તેમ નથી. સાચા પ્રેમયોગીઓ તેઓના પ્રેમની ચેષ્ટાની પરીક્ષા કરીને તેમના આચરણથી તે પ્રેમની સ્થિતિનો નિશ્ચય કરી જાણે છે. તે વિના અન્ય પ્રાકૃતજનો સત્યપ્રેમને જાણી શકતા નથી ॥૧૧૪॥

## હાવભાવ કે મીઠા બોલામાં પ્રેમ નથી.

**हावभावेषु नैकान्तं, नैकान्तं मिष्टभाषणे ।**
**प्रेम नैसर्गिकं नृणा–मगम्यं वर्त्तते स्वयम् ॥११५॥**

**અર્થ**:— હાવભાવ રૂપ ચેષ્ટામાં પ્રેમ હોય તેવી એકાંતતા હોતી નથી. તેમજ મીઠા વચનમાં પણ પ્રેમ હોવાની એકાંતતા નથી. પરંતુ મનુષ્યોમાં સહજ સ્વભાવે રહેલો પ્રેમ સ્વયં સમજવો અગમ્ય છે ॥૧૧૫॥

**વિવેચનઃ**—મનુષ્યોમાં સ્વભાવથી પ્રેમરૂપ સ્નેહભાવનું જો કે અસ્તિત્વ છેજ. પણ સવિકારી અને નિર્વિકારી એવા પ્રેમના ભેદ છે. સવિકારી પ્રેમ વિષયભોગની અભિલાષાથી પ્રગટે છે. તેમાં સ્ત્રીપુરૂષ પરસ્પર એક બીજાને આંખ અને હાથપગની ચેષ્ટાઓ કરે છે. આળસ અને બગાસા ખાય છે વિગેરે હાવભાવ તે પ્રેમીને આકર્ષવા કામીજનોથી કરાય છે. પરંતુ તેમાં સત્યપ્રેમજ છે. માયા નથી :એવો એકાંતિક નિશ્ચય થઇ શકે તેમ નથી જ. તેવી જ રીતે મીઠા મધુર વચનોમાં દેખાતો પ્રેમ પણ સાચોજ હોય તેમ એકાંતે સંભવતું નથી.

## પ્રેમ પૂર્વભવના સંસ્કારથી થાય છે.

**एकान्तेन न विद्वत्सु, सत्यप्रेमोद्भवो भवेत् ।**
**पूर्वभवस्य संस्कारा–ल्लोकेषु तस्य संभवः ॥११६॥**

**અર્થ**:—વિદ્વાનોમાં પણ સત્યપ્રેમનો ઉદ્‌ભવ એકાંતથી નથી સંભવતો, પરંતુ પૂર્વભવ પરિચિત સંસ્કારોવડે લૌકિક અને લોકોત્તર એવા પ્રેમનું થવું જગતમાં સંભવે છે ॥૧૧૬॥

**વિવેચન**:—જગતમાં સર્વ પ્રાણીઓ રહેલા છે તેઓમાં પોતાના સુખ માટે પ્રેમઅવસ્થા રહેલી જ છે. આમ પ્રાકૃત મુઢ મનુષ્યોમાં પ્રાયઃ પશુ જેવો પ્રેમ રહેલો હોય છે. તેમજ જે સર્વભાષાના પંડિતો હોય, કાવ્યસંગીતના પંડિતો હોય, સાહિત્ય તથા શ્રૃંગાર આદિ નવરસના પંડિતો હોય, તર્ક, ન્યાય અને છ દર્શનના પંડિતો હોય, છતાં તેમાં સર્વ પ્રાણીઓ ઉપર પારમાર્થિક સાચો પ્રેમ હોય જ એવો એકાંત નિશ્ચય નથી. લોકોમાં સ્ત્રીપુરૂષનો જે પરસ્પર સંબંધ હોય, ભાઇભાઇનો હોય, પિતાપુત્રનો હોય, સાસુ–વહુનો હોય, ભાઇબેનનો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય, કે મિત્રમિત્રમાં જે સંબંધ હોય, તે ઘણું કરીને પૂર્વજન્મના સંસ્કારની પરંપરાનો હોય છે. તેમજ સત્ય પ્રેમ કે જે શુદ્ધ મિત્રમય ચાહનારૂપ તથા ગુરુ શિષ્યનો પ્રેમ તે પણ પૂર્વભવના સંસ્કારની પરંપરાથી આવેલો હોય તેમ સંભવે છે. શ્રી ઇંદ્રભુતિ ગૌતમને ભગવાન મહાવીરદેવ ઉપર થયેલ પ્રેમ તથા રાજેમતિનો ભગવાન નેમીનાથ ઉપર જે પ્રેમ હતો તે પરમાર્થિક પ્રેમ અને તે પૂર્વભવના સંસ્કારથી જન્મ્યો છે. ॥૧૧૬॥

**ભગવાન સાચા પ્રેમ વિના પ્રસન્ન થતા નથી.**

**सर्वदेवेश्वरो वीरो, विना प्रेम न रज्यति।**
**अतः सत्प्रेम निष्कामं, प्रकाशयन्तु मानवाः ॥११७॥**

**અર્થ**:—સર્વ દેવોમાં પરમદેવ વીરપ્રભુ સાચા પ્રેમ વિના પ્રસન્ન નથી થતા. તેથી સર્વ માનવગણ સત્ય નિષ્કામ પ્રેમને પ્રગટ કરો. ॥૧૧૭॥

**વિવેચન**:—સત્ય શુદ્ધભાવ યુકત પ્રેમ વિના આપણે અમૃતાનુષ્ઠાન રૂપ પરમાનંદનો અનુભવ પ્રાપ્ત કરી શકતા નથી. તે કારણે હે ભવ્યાત્માઓ કામ, ક્રોધ, માન, માયા લોભ રૂપ પુદ્દગલ ભોગમય વાસનાઓ--ઇચ્છાઓનો ત્યાગ કરીને નિષ્કામ--સંકલ્પ વિકલ્પ વિનાના થઇને સત્ય શુદ્ધ મહાપ્રેમનો તમે પ્રકાશ કરો. ॥૧૧૭॥

**કલિકાલમાં પ્રેમવડે પ્રભુ મળે છે.**

**ૐ अर्हं प्रेमरूपाय, नमो वीराय तायिने।**
**प्रभुप्राप्तिः कलौ प्रेम्णा, सत्यं तथ्यं वदाम्यहम् ॥११८॥**

**અર્થ**:—આ કલિકાળમાં પ્રેમથી પ્રભુની પ્રાપ્તિ થાય છે. પ્રેમના અર્થીઓએ આથી 'ૐ અર્હં નમો વીરાય તાયિને' મંત્રનું ધ્યાન ધરવું તે હું સત્ય કહુછું. ॥૧૧૮॥

**વિવેચન**:—આત્મપ્રભુના પ્રત્યક્ષ દર્શન આ કાળમાં પણ થાય છે. તેથી પ્રેમની પ્રાપ્તિ માટે **'ॐ अर्हं प्रेमस्वरूपाय महावीरस्वामिने नमः'** તેવા તારક પ્રભુમંત્રનું સમતા ભાવે ધ્યાન કરતાં, જપમાલા ગણતાં પરમાત્માના દર્શન ભવ્યાત્મા ભકતોને આ કલિકાળમાં થાય છે. આત્મા તે વડે આત્મસ્વરૂપના દર્શન બોધથી પરમાનંદનો ભોકતા થાય છે. ॥૧૧૮॥

**वार्ता कुर्वन्ति चित्तानि, मौनेन यत्र जल्पनम्।**
**नम्रीभूताः सदात्मानो, भवन्ति प्रेमशक्तितः ॥११९॥**

**અર્થ**:—પ્રેમશક્તિથી ચિત્તો વાર્તા કરી લે છે. મૌનપણે જલ્પન થાય છે અને આત્માઓ નમ્રભાવે એકબીજાને ભેટે છે. ॥૧૧૯॥

**વિવેચન**:—ભાવથી મનોમનવડે પ્રેમમય શુદ્ધસ્વભાવથી કુશળ સમાચાર યુક્ત વાર્તાલાપ કરે છે. તે સર્વ સાચા પ્રેમનો મહાન પ્રભાવ છે. તેથી એક બીજાના વચનોના ઉચ્ચાર વિના એક બીજાના મનના અભિપ્રાયરૂપ ભાવને પરસ્પર જાણે છે. ॥૧૧૯॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## કામભોગમાં પ્રેમ કહેવો તે તો ખરેખર લુંટ છે.

**कामभोगादि चेष्टासु, प्रेमशब्दोपयोगिता ।**
**कृता मूढजनैर्मोहा–द्धा हा ? ? तैर्लुण्ठितं जगत् ॥१२०॥**

**અર્થ**:—કામભોગ આદિની જે ચેષ્ટાઓમાં મૂર્ખ લોકોએ મોહના ઉદયથી પ્રેમ શબ્દ નો ખોટો ઉપયોગ કરીને પ્રેમને અભડાવ્યો છે. તે દોષવડેજ આ જગત્ લૂંટાયું છે. ॥૧૨૦॥

**વિવેચનઃ**—પરમાર્થ દષ્ટિએ વિચાર કરતાં ભયંકર મૂર્ખ લોકો પ્રેમ રૂપ અમૃતના નામનો ભયંકર વિષમય વિષયજનક કામની ચેષ્ટામાં પ્રેમ શબ્દનો ઉપયોગ કરી મોહરાજાના પાશમાં પડી અત્યંત છેતરાયેલા છે. હા ! ખરેખર આ અત્યંત ખેદની વાત છે. ॥૧૨૦॥

## મોહથી કામોદય થાય છે.

**कामोदयो भवेन्मोहात्, पुंवेदादिप्रचारकः ।**
**पुंस्कामादिवियोगे तु, भवेत्प्रेमोदयो हृदि ॥१२१॥**

**અર્થ**:—મોહથી જીવોને કામભોગનો ઉદય થાય છે અને તે ઉદય તે પુરૂષ વેદ આદિને પ્રગટાવે છે. અને તે વેદોદયનો જ્યારે અભાવ થાય છે ત્યારે મનુષ્યોના હૃદયમાં સત્ય પ્રેમનો ઉદય થાય છે. ॥૧૨૧॥

**વિવેચનઃ**—કામભોગની જે તીવ્ર અભિલાષા થવી તેને કામનો ઉદય કહેવાય છે. આ કામનો ઉદય સર્વ કર્મવશવર્તિ જીવાત્માઓને હોય છે. પરંતુ જ્યારે જીવ પંચેન્દ્રિયત્વ અને સંજ્ઞીત્વને પામે છે ત્યારે તેઓમાં વ્યકત ભાવે દેખાય છે. એટલે તેવી ભોગની ચેષ્ટાઓ તેમાં થતી જોવાય છે. તે કામરૂપ મોહ મનુષ્યોને પશુ બનાવે છે. દેવતાઓને દાસ બનાવે છે. આ પુરૂષવેદાદિના અભાવ વખતેજ હૃદયમાં વિવેક વિનયની મર્યાદામાં સત્યપ્રેમનો ઉદય પ્રગટે છે. તેના યોગે શુદ્ધ અપ્રમાદભાવમય ભાવચારિત્ર ગૌતમાદિના જેવું પ્રગટે છે. ॥૧૨૧॥

## પ્રેમ એ પરમ તેજ છે.

**प्रेमैव परमं तेजः, सर्वत्र व्यापकं परम् ।**
**तल्लीनः सर्ववृत्तीनां, जेता भवति सर्वथा ॥१२२॥**

**અર્થ**:—પ્રેમ તે જ સર્વ જગતમાં વ્યાપક પરમ તેજ છે. કારણ કે તે પરમપ્રેમના શ્રેષ્ઠ તેજમાં સર્વ વૃત્તિઓ લય પામી જાય છે. તે પ્રેમ તેજ સર્વ ચિત્તવૃત્તિઓને જીતી લેનાર છે. ॥૧૨૨॥

**વિવેચનઃ**—સત્ય પ્રેમના તેજ રૂપ અગ્નિમાં કામાદિક દુષ્ટ વૃત્તિઓ વિલય પામી જાય છે. તેમજ સર્વ ચિત્તની સંકલ્પ વિકલ્પ રૂપ માનસિક વૃત્તિઓ પણ સર્વથા જીતાઈ જાય છે. ॥૧૨૨॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પ્રેમ શબ્દથી શુદ્ધાત્મ માનવો.

**शुद्धात्मा प्रेमशब्देन, वाच्य-आनंदरूपकः ।**
**प्रेमशब्दस्य वाच्यत्वं, ज्ञातव्यं नैव मैथुने ॥१२३॥**

**અર્થ**:—શુદ્ધ આત્મા આનંદરૂપ હોવાથી તેજ પ્રેમ શબ્દનો વાચ્ય બને છે. તેમ અવશ્ય જાણવું. પણ તેજ પ્રેમ શબ્દનું મૈથુનમાં વાચ્યત્વ નથી સંભવતું. ॥૧૨૩॥

**વિવેચનઃ**—સંત સાચા પ્રેમયોગીઓ તે શુદ્ધ પ્રેમ રસના ભોકતા થાય છે. કાય કામી ચામડીઆઓ પ્રેમના અધિકારી નથી બનતા. એમ અવશ્ય વિવેકીઓએ જાણવું.

## મૈથુન તે પ્રેમ નથી.

**मैथुनं न सदा प्रेयः, क्षणिकं कामवृत्तिजम्।**
**आत्मरूपं भवेन्नित्यं, प्रेम सम्मेलनं परम् ॥१२४॥**

**અર્થ**—મૈથુન સર્વદા પ્રિય હોતુંજ નથી. તે તો માત્ર ક્ષણિક વૃત્તિથીજ ઉપજેલું હોય છે. અને આત્માનું સ્વરૂપ જ સદા નિત્ય હોવાથી પ્રેમનો સંમેલન કરાવનારૂં તેજ થાય છે. ॥૧૨૪॥

**વિવેચનઃ**—જગતમાં મોહથી ઘેરાયેલા જીવાત્માઓ મૈથુન એટલે ચામડી ઉપરના ગોરત્વ પીનત્વને દેખીને એક બીજાને પ્રિય માની એકાંતમાં મોહ રાગ, કામ રાગથી પ્રેમ—પ્રેમ કરવા યોગ્ય ભ્રમણાથી માનીને સંબંધ કરે છે. તેમાં સુખની કલ્પના કરે છે તે તો ખરેખર ચામડી ચુંથનારા ચામડીયા જ કહેવાય પણ સત્ય પ્રેમી નજ કહેવાય, કારણ કે ચામડીનું મોહકત્વ જન્ય સુખ કાંઇ કાયમ રહેતું નથી. તે પણ ક્ષણક્ષયી છે. થોડા કાલમાં આવેશ ઉપજાવીને નષ્ટ થાય છે. વસ્તુતઃ અનંતગુણા દુઃખનું તે નિદાનજ થાય છે. તેથી વ્યભિચાર રૂપ મૈથુનના સુખમાં અજ્ઞાની મહામૂર્ખ ભલે સુખની કલ્પના કરે પણ આત્મદર્શી સત્યપ્રેમના અભિલાષી પ્રેમયોગીઓ તેવી મૈથુનવૃત્તિમાં પ્રેમ નથીજ માનતા પણ મોહજ માને છે. સાચા પ્રેમયોગીઓ આત્મદર્શી હોવાથી આત્મા કે જેનું સ્વરૂપ સચ્ચિદાનંદ પૂર્ણ બ્રહ્મમય નિત્ય શાશ્વત છે તેવા આત્મસ્વરૂપને પિંડસ્થ પદસ્થ, રૂપસ્થ ભાવથી પ્રત્યક્ષ કરી તેની પ્રાપ્તિમાં પ્રેમ રાખે છે. તેમજ અન્ય તેવા અધ્યાત્મયોગીની સાથે મૈત્રી પ્રમોદભાવથી પ્રેમસંબંધ બાંધી તેમનું સંમેલન સદા ઇચ્છે છે. ॥૧૨૪॥

## પ્રેમ એ અલૌકિક અને વચનાતીત છે

**मन्मयस्तन्मयो भावो-मत्तद्भेदविनिर्गतः ।**
**अलौकिकं भवेत्प्रेम, वाचातीतं समाधिजम् ॥१२५॥**

**અથ**:—જે યોગીઓ આત્મસ્વરૂપમાં તન્મય ભાવે થયા છે તેઓમાં મારા તારાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવ નીકળી ગયો હોવાથી અલૌકિક પ્રેમને પામે છે. તે સમાધિથી ઉત્પન્ન થયેલ પ્રેમ વાણીથી અકથનીય જ હોય છે. ॥૧૨૫॥

**વિવેચનઃ**—પદાર્થોમાં મારા તારાનો ભેદભાવ ચાલ્યો ગયો હોય છે. એટલે આ મારૂં, આ તારૂં તેવો ભેદ ન ગણતા હોવાથી તે પ્રેમયોગીઓના સંમેલનમાં આત્માના સ્વરૂપની વિચારણા કરતાં, અરસપરસ અનુભવની આપલે કરતાં, શાસ્ત્રના ભેદને પણ કોરે મૂકીને સર્વ શાસ્ત્રના પ્રમાણ અને સ્વાનુભવનો અનુભવ આપતા અને લેતાં જે પ્રેમમય આનંદને આસ્વાદન કરે છે તેમજ સમાધિમય આત્મસ્વરૂપનો રસમય પ્રેમાનંદ ભોગવે છે તેનું સ્વરૂપ કવિઓ કે સાક્ષરો પણ કોઇ ભાષામાં લખી શકતા નથી, કે બોલી શકતા નથી. એટલે તેવો પ્રેમાનંદ તો માત્ર યોગીથી સમજાય તેવો વાણીથી અગોચર છે ॥૧૨૫॥

## હું અને તું નો ભેદ નથી ત્યાં પ્રેમ છે

**अहं त्वं वृत्तिभावना–माविर्भावो न जायते ।**
**परप्रेम भवेत्तत्र, पूर्णादनंस्य भोगतः ॥१२६॥**

**અર્થઃ**—જ્યાં હું અને તું નો ભેદવાળો વૃત્તિભાવ નથી થતો ત્યાં પરમશ્રેષ્ઠ પ્રેમનું પ્રાગટ્યભાવ થાય છે. તેમજ પૂર્ણ આનંદના ભોગથી પરમપ્રેમ પ્રગટે છે.

**વિવેચનઃ**—સાચા પ્રેમયોગીઓમાં હું મોટો, તું નાનો, હું રાજાનો ચાકર, તું શેઠનો ગુમાસ્તો. હું ગુરૂનો શિષ્ય તેમજ આ ઘર, દુકાન એવી ભેદમય ચિત્તવૃત્તિનો વિચાર પ્રગટ નથી થતો. પરંતુ સર્વત્ર એકભાવરૂપ તત્વમય આત્માની એકત્વવૃત્તિનો પ્રાગટ્યભાવ થાય છે અને નિર્વિકલ્પ સહજાનંદમય સમાધિયોગ યુકત અખંડાનંદનો અનુભવ અરસપરસ વિચારની આપલે કરતાં લોકોત્તર પ્રેમને પ્રગટાવે છે. ॥૧૨૬॥

## પૂર્ણ આનંદથી પૂર્ણતા.

**पूर्णानन्देन पूर्णत्वं, प्रेमाऽवधूतयोगिनः ।**
**प्रेमाऽवधूतचेष्टासु, निर्दोषत्वं स्वभावतः ॥१२७॥**

**અર્થઃ**—પ્રેમમય જે અવધુત યોગીઓ છે તે પૂર્ણાનંદથી સંપૂર્ણપણે હોય છે. તેથી તેવી પ્રેમમય ચેષ્ટાઓમાં સ્વભાવથીજ નિર્દોષપણું છે. ॥૧૨૭॥

## પ્રેમમાં મહાન આકર્ષણ છે.

**आकर्षकं महाप्रेम्णि, पूर्णवीर्यमलौकिकम् ।**
**संवेद्यं प्रेमिभिः पूर्णं, यत्र तत्र यदा तदा ॥१२८॥**

**અર્થ**—મહાપ્રેમમાં પૂર્ણ બળવાળું અલૌકિક આકર્ષણ હોય છે અને તે આકર્ષણને જ્યારે અને જ્યાં ઇચ્છે ત્યારે અને ત્યાં તેને પ્રેમયોગીઓજ પૂર્ણરીતે અનુભવે છે. ॥૧૨૮॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વિવેચન**--અલૌકિક ખેંચાણવાળી ચમત્કારવાલી શકિત પૂર્ણ શુદ્ધ પ્રેમમાં રહેલી હોય છે. તેનો પૂર્ણભાવ પ્રેમયોગીઓજ જાણે છે. અન્યને તેમાં ગમ પડે તેવી તે વસ્તુ હોતી નથી. ॥૧૨૮॥

## પ્રેમયોગીના બધાં અંગો દિવ્ય તેજમય હોય છે.

**प्रेमिणां चक्षुषि ज्योति-रलौकिकं प्रकाशते ।**
**दिव्यतेजोमयं सर्वं, सात्त्विकप्रेमयोगिनाम् ॥१२९॥**

**અર્થ**--પ્રેમયોગીની આંખોમાં જે જ્યોતિ હોય છે તે અલૌકિક પ્રકાશ આપનારી હોય છે, એટલે સાત્વિક પ્રેમયોગીઓના સર્વ શરીરના સર્વ અવયવો પૂર્ણ દિવ્ય તેજોમય જ હોય છે. ॥૧૨૯॥

**વિવેચન**--સાચા પ્રેમયોગીઓમાં કેટલીક અત્યંત આશ્ચર્યકારી અપૂર્વ શકિતઓ હોય છે. તેમની આંખોમાં અપૂર્વ જયોતિમય તેજ હોય છે. તેથી તેમની પાસે યા દૂર જે જે વસ્તુ અત્યંત સૂક્ષ્મ-ઝીણી હોય તો પણ તે યોગીંદ્ર જોઇ શકે છે. એટલુંજ નહિ પણ પ્રેમયોગીઓના સર્વ અંગના અવયવો પણ અપૂર્વ તેજોમય દિવ્યભાવે પ્રકાશે છે. ॥૧૨૯॥

## પ્રેમની અવસ્થાઓ.

**प्रेमावस्थासु सर्वासु, निर्विकल्पा परा स्मृता ।**
**मध्यमा सविकल्पाऽस्ति, जघन्या दोषमिश्रिता ॥१३०॥**

**અર્થ**—સર્વ પ્રેમની અવસ્થાઓમાં જે નિર્વિલ્પ અવસ્થા તે શ્રેષ્ટ-પરમ જાણવી. મધ્યમ અવસ્થામાં વિકલ્પ સંકલ્પનો સંબંધ જાણવો. અને જઘન્ય અવસ્થા અનેક દોષવાળી જાણવી. ॥ ૧૩૦ ॥

**વિવેચનઃ**--પ્રેમયોગીઓની પ્રેમઅવસ્થા અનેક પ્રકારની હોય છે, જે પ્રેમ અવસ્થામાં સર્વ સત્વ ઉપર પ્રમોદ મૈત્રી અને કરૂણાભાવમય પ્રેમ જામેલો હોય, તેમાં સંકલ્પ, વિકલ્પ, ભય, માયા, મોહ, અને વિષયભોગની ઇચ્છા ન હોય, તે પ્રેમની સર્વ શ્રેષ્ટ પરા અવસ્થા જાણવી. જ્યાં કંઈ સંકલ્પ વિકલ્પો ઉપજે તે મધ્યમા અવસ્થા, અને જ્યાં સંકલ્પ વિકલ્પ અવસ્થા વધારે પ્રમાણમાં થાય, તે અધમા એટલે જઘન્ય અવસ્થા પ્રેમીની જાણવી. ॥૧૩૦॥

## અસંખ્ય યોગથી મુકિત થાય છે

**मुक्तिरसंख्ययोगेन, भाविता सर्वदर्शिभिः ।**
**शुद्धप्रेममयैर्योगैः, शीघ्रं सर्वत्र देहिनाम् ॥१३१॥**

**અર્થઃ**—સર્વજ્ઞ ભગવાનોએ આત્માની મુક્તિ અસંખ્ય યોગોદ્વારા થાય છે તેમ જણાવ્યું છે. તેમાં પણ શુદ્ધ પ્રેમભાવ યોગથી જલદી મુકિત પ્રાણીઓને મળે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વિવેચનઃ**—અસંખ્ય યોગો મુકિતની પ્રાપ્તિમાં કહેલા છે. જેમકે તીર્થંકરદેવ તથા ગુરુઓની ભકિત કરવી. ધાર્મિકોનું વાત્સલ્ય કરવું, સર્વ પ્રાણી ઉપર અનુકંપા રાખવી, તપ તપવું, ઇંદ્રિય ઉપર વિજય મેળવવો, કષાયને જીતવો, સર્વ કોઇ આત્મા પારમાર્થિક ધર્મ સમજે તે માટે ઉદ્યમ કરવો. શાસ્ત્રશ્રવણુ વાંચન આદિ કરવું. જ્ઞાનયોગવડે સર્વ તત્ત્વનું સ્વરૂપ સમજીને આત્માના સ્વરૂપનો વિચાર કરવો, ચારિત્રયોગથી પાંચ મહાવ્રત પાળવાં, સર્વ જીવોના શરીરની રક્ષા કરવી. મન વચન અને કાયાથી બ્રહ્મચર્ય પાળવું. દશવિધ યતિધર્મનું પાલન કરવું. આ બધું આત્મપ્રેમી વિના ન પાળી શકાય. એટલે તેમાં પ્રેમઅવસ્થા કારણુ થાય છે. તે પ્રેમ આત્માના સ્વરૂપમય પરિણામ છે. તેથી પ્રેમ એ મુકિતને જલદી મેળવી આપે છે.

## શુદ્ધ પ્રેમ ઉપાદાન કારણુ છે

**शुद्धप्रेम्णैव सम्यक्त्व--प्राप्तिपूर्वकमोक्षता ।**
**प्रेमपूर्वकचारित्रं, तत्पूर्वा मोक्षलाभता ॥१३२॥**

**અર્થ**:—શુદ્ધપ્રેમથી જીવાત્મા સમ્યક્ત્વ પામે છે. તેથી સમ્યક્ત્વયુકત મોક્ષપણું આવે છે. એટલે સમ્યક્ત્વપૂર્વક જે પ્રેમ તે વડે ચારિત્રલાભ, અને તેથી મોક્ષની અવસ્થા પ્રાપ્ત થાય છે. ॥૧૩૨॥

**सर्वयोगोपरि प्रेम, योगस्य मुख्यता कलौ ।**
**यं प्राप्य देहिनः सर्वे, जायन्ते सरसा जनाः ॥१३३॥**

**અર્થ**:—કલિયુગમાં સર્વ યોગો છે તેમાં પ્રેમયોગ મુખ્ય છે. જે પ્રેમયોગને પામીને સર્વ દેહધારી મનુષ્યો પ્રેમ રસવાળા થઈને મોક્ષના અનુષ્ઠાનરૂપ જે યોગો છે તેની સાધના કરી શકે છે॥૧૩૩॥

**વિવેચનઃ**—આ પાંચમા આરામાં ભવ્યાત્માઓને પરમાનંદની પ્રાપ્તિનો ભાવ આપનારા જ્ઞાનયોગ, દર્શનયોગ, નવધાભકિતયોગ, ચારિત્રયોગ, ક્રિયાયોગ, ધ્યાનયોગ, સમતાયોગ, વૃતિસંક્ષેપયોગ, વિગેરે જે છે તેમાં આ પ્રેમયોગ સર્વમાં મુખ્યતાપણે રહેલ છે. કારણ એ છે કે પ્રેમવિના વીતરાગ તીર્થંકરો કે જે સર્વ પુજ્યોમાં મુખ્ય પરમપુજ્ય પ્રેમયોગી છે. તેમજ તેમના ચરણુની ઉપાસના કરનારા સાધુ મુનિરાજો પ્રેમયોગના ઉપાસક છે. તેમના દર્શનનો લાભ પ્રેમ વિનાના જનો પ્રાપ્ત કરી શકતા નથી.

## પ્રેમયોગથી દુર્ગુણુ નાશ પામે છે

**प्रेमाविर्भावयोगेन, दुर्गुणानां क्षयो भवेत् ।**
**अतः प्रेमरसं पीत्वा, भवन्तु सुखिनो जनाः ॥१३४॥**

**અર્થ**—જ્યારે પ્રેમયોગનો પ્રગટભાવ થાય છે, ત્યારે દુર્ગુણોનો ક્ષય થાય છે; તે કારણે હે ભવ્યાત્માઓ પ્રેમરસનું પાન કરીને સર્વજનો સદા સુખી થાવ ॥૧૩૪॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



आत्मन्येव वसेत्प्रेम, स्वात्मरूपं प्रचक्षते ।
जडेषु प्रेम नास्त्येव, जानन्ति प्रेमयोगिनः ॥१३५॥

**અર્થ:**—પ્રેમ આત્મામાંજ વસે છે. અને આત્મસ્વરૂપે જ કહેવાય છે. જડ પદાર્થોમાં પ્રેમનું સ્થાન જ નથી. એમ પ્રેમયોગીઓ જાણે છે. ॥૧૩૫।

**વિવેચનઃ**—જે પ્રેમ છે તે સર્વ જગતમાં સર્વ પ્રાણિમાત્રમાં સહજ સ્વભાવથી રહેલો છે, તે રૂપ, રસ, ગંધ, સ્પર્શ, શબ્દ આદિ પુદ્ગલ ગુણ જેવો ન હોવાથી ઇન્દ્રિઓથી ગ્રાહ્ય થાય તેમ નથી. પણ આત્માના અનુભવથી ગ્રાહ્ય છે. કારણ કે પ્રેમનું સ્થાન આત્માજ છે તેમાંજ પ્રેમ વસે છે. "**गुण पर्यायानामाश्रयं द्रव्यम्**" ગુણ અને પર્યાયનો આધાર દ્રવ્ય જ છે. તે દ્રવ્યનો ત્યાગ કરીને અન્ય સ્થાનમાં નથી રહેતા. જે દ્રવ્યનું સ્વરૂપ વા ધર્મ હોય તે તે દ્રવ્યમાં તાદાત્મ્યભાવે અભેદભાવે કથંચિત્ રહે છે. પ્રેમ તે પણ આત્માનો ધર્મ સ્વભાવ પરિણામ હોવાથી આત્મ સ્વરૂપે જ રહે છે એમ સર્વજ્ઞો કહે છે. અને આત્મસ્વરૂપની સમાધિમાં ધ્યાન કરતા યોગીઓ અનુભવી શકે છે. તે પ્રેમને કેટલાક જીવો કહે છે કે મારો પ્રેમ સ્ત્રીમાં છે, ધનમાં છે, તે વાસ્તવિક સત્ય નથી. ખોટું છે. વસ્તુતઃ જડ વસ્તુ કે જે પુદ્ગલ દ્રવ્ય છે તેમાં પ્રેમનું સ્થાન જ નથી એમ સાચા પ્રેમયોગીઓ અનુભવ જ્ઞાનથી જાણે છે. ॥૧૩૫॥

प्रकृतेर्यत्र सौन्दर्यं, तत्र प्रेमविलासता ।
ज्ञानिनां ज्ञानतो वेद्या, मूढानां तत्र भोगता ॥१३६॥

**અર્થ**:—જ્યાં પ્રકૃતિનું સૌન્દર્ય અનુભવાય છે ત્યાં પ્રેમનો વિલાસ સમજવો તે જ્ઞાનીઓ જ્ઞાનથી અનુભવે છે અને મૂઢ લોકો તેમાં વિષયભોગપણું જાણે છે ॥૧૩૬॥

**વિવેચનઃ**—અહીં જોવાનું એ છે કે ભોગ્ય યા દ્રશ્ય વસ્તુ તેના સહજ પરિણામોને ધરે છે. તેમાં જ્ઞાનીઓ તે વસ્તુઓમાં શુદ્ધ પ્રમોદ આનંદનો અનુભવ કરે છે ત્યારે ભોગી એવા મૂર્ખ–અજ્ઞાની જીવો પાંચ ઇન્દ્રિયોના વિષયભોગની ભાવનામય કુરાગરૂપ પ્રેમનો અનુભવ કરે છે. ॥૧૩૬॥

### દેહમાં જીવના સબંધથી પ્રેમ થાય છે

देहादौ जीवसम्बन्धा–त्तत्र प्रेमसमुद्भवः ।
मृतदेहेषु न प्रेम, तत्रात्मनां वियोगतः ॥१३७॥

**અર્થ**:—દેહાદિકમાં જે પ્રેમ ઉત્પન્ન થાય છે તે જીવનો સંયોગ સંબંધ હોવાથી થાય છે. પણ મૃત દેહાદિકમાં પ્રેમ રહેતો નથી તેનું કારણ આત્માનો તેથી વિયોગ થયેલો છે. ॥૧૩૭॥

**વિવેચનઃ**—દેહ, ઇન્દ્રિઓ અને તેમાં રહેલી સુન્દરતા ઉપર પ્રેમ થાય છે. તેનું વસ્તુતઃ કારણ એ છે કે તેમાં દશ પ્રાણને ધારણ કરનાર અને લેવા આપવાની, ખાવા,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પીવાની, તથા રંજન કરવાની ક્રિયા કરનાર આત્મા રહેલો છે પણ આત્મા વિનાના મૃતદેહ ઉપર કોઇ પ્રેમ કરતું નથી. કારણ કે તેમાંથી આત્માનો વિયોગ થએલો છે. અને તેથી ત્યાં પ્રેમનો ઉદ્‌ભવ નથી તે અનુભવગમ્ય છે. ।।૧૩૭।।

## આત્મજ્ઞાનથી જડ ચેતનમાં સૌન્દર્યતા પ્રગટે છે

**आत्मज्ञानेन सौन्दर्यं, जडेषु चेतनेषु च।**
**तत्राऽद्वैतस्वरूपेण, प्रेम संजायते स्वतः ।।१३८।।**

**અર્થઃ**—આત્માના સમ્યગ્જ્ઞાનથી જ જડ અને ચેતન પદાર્થોમાં સુંદરતાનો અનુભવ થાય છે ત્યાં અદ્વૈત સ્વરૂપવડે સ્વયં અભેદ પ્રેમ ઉપજે છે. ।।૧૩૮।।

**आत्माद्वैतस्वरूपस्य, सापेक्षातो विवेकिनाम् ।**
**जडात्मैक्यस्वरूपेण, प्रेम सर्वत्र राजते ।।१३९।।**

**અર્થઃ**—વિવેકવંત પંડિતો અપેક્ષા વડે આત્માનું પ્રેમસ્વરૂપ અદ્વૈત અને દ્વૈત ભાવે સંગ્રહ તથા વ્યવહારની દૃષ્ટિથી માને છે અને જડવાદીઓ અકાંતથી ઐક્યરૂપે પ્રેમને માને છે. આવા સ્વરૂપવડે પ્રેમ સર્વત્ર શોભે છે ।। ૧૩૯ ।।

**વિવેચનઃ**—આત્મામાં પ્રેમ ધર્મ અભિન્ન રૂપે તાદાત્મ્ય પરિણામ સ્વરૂપે રહેલો છે. તે પ્રેમ આત્માના અનેક ધર્મસ્વભાવ માંહેનો એક સ્વભાવ રૂપ ધર્મ પરિણામિક ભાવે વર્તે છે. હવે જો આત્માને અદ્વિતીય એકજ વ્યકિત રૂપે માનો તો એક વ્યકિત રૂપે અનુભવાતો નથી. કદાચિત એક વ્યકિત રૂપે છતાં ચંદ્રની જેમ અનેક દેહમાં પાણીમાં પડતા પ્રતિબિંબ રૂપ અનેકતા અનુભવાય છે. તે રીતે પંડિતો અદ્વૈત માનતા હોય તો સર્વ જગમાં પડેલા પ્રતિબિંબો સરખા જણાય છે તેમ દેહોમાં રહેલા આત્માના પ્રતિબિંબો સમાન આકાર, સ્વભાવ, પ્રવૃત્તિઓવાળાં અનુભવાવાં જોઇએ, તેમ નથી દેખાતું. તેથી એકાંત સ્વરૂપ અદ્વૈત આત્મા તથા પ્રેમમાં ઘટી શકતું નથી. તેમજ અનેક આત્મામાં સમાન ધર્મ ચૈતન્યરૂપ નિત્ય હોવાથી સત્તાએ પરબ્રહ્મમય થવાની શકિત દરેકમાં હોવાથી ઉર્ધ્વતા સામાન્ય સત્તા વડે જેમ સુવર્ણના જુદા જુદા ઘાટ બદલાય છે પણ સુવર્ણ તો દરેકમાં હોય છે. તેમ આત્મામાં ઉર્ધ્વતા સામાન્યભાવે નવા નવા શરીરોના પરિણામોમાં તે આત્મત્વનું અનુગતત્વ રહેલું છે. આમ સર્વ આત્મામાં કર્મની વિવિક્ષા છોડીને સામાન્યભાવે-સહજ સ્વભાવે ચૈતન્ય સ્વરૂપ જ્ઞાનાદિ ધર્મો તથા પ્રેમનું પરિણામ સરખું રહેલું હોવાથી "**एगे आया**" એક અદ્વૈત પરમ બ્રહ્મરૂપ આત્મા એકજ છે એમ સામાન્ય સંગ્રહનયની અપેક્ષાથી સમજાય છે. તેથી સાચા વિવેકવંત પંડીતો આત્મા અને પ્રેમને ઉપર કહી તેવી અપેક્ષાના યોગે દ્વૈતભાવે અને અદ્વૈતભાવે માને છે અને જડ વિવેક વગરના મનુષ્યો વ્યવહારના પ્રત્યક્ષ અનુભવનો તિરસ્કાર કરી આત્મપ્રેમને અદ્વૈતરૂપ કહે છે. ।। ૧૩૯ ।।



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સત્યપ્રેમ એજ મહાબ્રહ્મ છે.

सत्प्रेमैव महाब्रह्म, सर्वजीवेषु वर्त्तनात् ।
हिरण्यगर्भदेवेशः, प्रेमात्मसंघशक्तितः ॥१४०॥

**અર્થ:**—સત્ય પ્રેમજ એક સર્વવ્યાપક મહાબ્રહ્મ છે કારણ કે સર્વ જીવાત્માઓમાં વ્યાપકભાવે સર્વદા વર્તી રહેલ છે. તેજ હિરણ્યગર્ભ દેવેશ–બ્રહ્મા પ્રેમ સ્વરૂપે સંઘની શકિતથી પ્રગટ થાય છે. ॥ ૧૪૦ ॥

प्रेमात्मनां महासंघ–रूपोऽस्ति भगवान्स्वयम् ।
तदिच्छातो जगत्सर्वं, वर्त्तते कर्मचक्रवत् ॥१४१॥

**અર્થ:**—પ્રેમમય જગતના સર્વ આત્માનો જે સંઘ છે તે પોતેજ સ્વયં શકિતમય ભગવાન છે. કર્મચક્રની પેઠે સંઘની ઇચ્છાને આધિન સર્વજગત્ પ્રવૃત્તિ કરે છે. ॥૧૪૧॥

**વિવેચન:**—જગતમાં કર્મચક્ર જે મોહરાજાનું ચક્ર છે. તેને વશ પડેલા જીવાત્માઓ ચારગતિમાં ભમે છે. ત્યારે પ્રેમમય સંઘની આજ્ઞામાં વર્તતા જીવાત્માઓ આત્માને સત્ય શુદ્ધ પ્રેમ સ્વરૂપ કરી પરમાનંદના ભોકતા થાય છે. ॥૧૪૧॥

विश्वप्रेमस्वरेणैव, विश्वचक्रं प्रवर्त्तते ।
शुद्धप्रेमस्वरेणैव, रसः सर्वत्र देहिषु ॥१४२॥

**અર્થ:**—વિશ્વપ્રેમના સ્વરોનું ઉચ્ચારણ કરતાં અક્ષરોમાં સર્વ વિશ્વનો ચક્રરૂપ સમુદાય પ્રવૃત્તિ કરી રહ્યો છે. તેમ શુદ્ધપ્રેમના સ્વરમય ઉચ્ચારણમાં સર્વ જગતના પ્રાણીઓમાં પ્રેમરસની પ્રવૃત્તિ વ્યાપક થાય છે ॥૧૪૨॥

## પ્રેમથી રુચિ ઉત્પન્ન થાય છે

मातापेम पिताप्रेम, प्रभुः प्रेम जगद्गुरुः ।
मित्रप्रेम कुटुम्बं च, पुत्रः प्रेम वधूस्तथा ॥१४३॥
सर्वत्र रुचिता प्रेम्णा, सर्वजीवेषु जानताम् ।
प्रेमरूपं जगत्सर्वं, जातं तस्य न शून्यता ॥१४४॥

**અર્થ:**—માતા, પિતા, જગતગુરૂ પરમાત્મા, મિત્ર, કુટુંબ, પુત્ર બંધુ વિગેરે ઉપર જે પ્રેમભકિત કે વાત્સલ્ય હોય છે તે પ્રેમવડે સર્વ જીવો ઉપર રૂચિતા ઉપજે છે. તેમ જાણવું. તેથી સર્વ જગત પ્રેમમય થએલું લાગે છે તે યોગીને કયાંય શૂન્યતા કે વિકળતા નથી લાગતી ॥૧૪૩॥૧૪૪॥

**વિવેચન:**—જગત્માં સર્વ પ્રાણીઓમાં સ્વભાવથી પ્રેમનું પરિણામવર્તિ રહ્યું છે, તેમાં માતામાં તથા પિતામાં પોષણ તથા રક્ષણભાવે વાત્સલ્યકારક પ્રેમ પ્રગટે છે. પ્રભુ ઉપર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મગુણની પ્રાપ્તિ અર્થે પ્રેમ પ્રગટે છે. જગતમાં રહેલા જડ ચેતનમાં અનેક શુભાશુભ અનુભવ મેળવીને તે ઉપર માધ્યસ્થભાવે પ્રેમ પ્રગટે છે. ગુરૂ પાસેથી આત્મના સ્વરૂપનો, જગતના સ્વરૂપનો યથાર્થ બોધ મલે છે તે ઉપકારકભાવે ગુરૂપ્રેમ જામે છે. મિત્ર, કુટુંબ બંધુઓ ઉપર નિરંતર સહકાર હોવાથી સુખદુઃખમાં રાહત મલે છે. તેથી પ્રેમ પ્રગટ થાય છે. પુત્ર ઉપર વાત્સલ્યતાથી પ્રેમ જામે છે. આમ સર્વ પ્રકારના પ્રેમવડે તે તે વ્યક્તિઓ ઉપર તેવી રુચિને જીવો પ્રાપ્ત કરે છે, અને પ્રેમયોગીઓ સર્વ જીવોરૂપ જગત ઉપર માધ્યસ્થભાવે જોતાં સર્વ જગતને પ્રેમ સ્વરૂપ જાણનારા હોવાથી જગતમાં તેમને લૂખાશ લાગતી નથી, શૂન્યપણું લાગતું નથી. સર્વ જગત સ્નેહનું પ્રેમમય સામ્રાજ્ય તેઓને ભાસે છે. ॥૧૪૩॥૧૪૪॥

## પ્રેમના અભાવમાં ગુરુશિષ્યપણું રહેતું નથી.

प्रेमाऽभावान्न शिष्यत्वं, गुरुत्वं च कदाचन ।
प्रेमाऽभावात्प्रभोर्भक्ति–र्जायते नैव देहिनाम् ॥१४५॥

**અર્થઃ**—પ્રેમનો જો પરસ્પર અભાવ હોય તો શિષ્યત્વનો અને ગુરૂત્વનો પણ અભાવ જ સમજવો, પ્રેમના અભાવમાં જીવોને પ્રભુની ભક્તિ થઈ શકતી નથી. ॥ ૧૪૫ ॥

## પ્રેમથી શ્રદ્ધા થાય છે.

यत्र प्रेम भवेत्तत्र, श्रद्धा संजायते सताम् ।
प्रेमाऽभावात्सुकार्याणां, प्रवृत्तिर्नैव संभवेत् ॥१४६॥

**અર્થ**—જ્યાં પ્રેમ હોય ત્યાં અવશ્ય સજ્જન માણસોને શ્રદ્ધા પ્રગટ થાય છે. અને પ્રેમ જો ન હોય તો સારા કાર્યોમાં સજ્જનોની પ્રવૃત્તિનો સંભવ હોતો નથી. ॥ ૧૪૬ ॥

**વિવેચનઃ**—જ્યારે ભવ્યાત્મામાં પ્રેમનો પ્રાદુર્ભાવ થાય છે. ત્યારે પૂજ્ય ગુરૂ આદિ ઉપર શ્રદ્ધા થાય છે તેના યોગે દેવ ગુરૂ ધર્માનુષ્ઠાનમાં શ્રદ્ધા થાય છે પરમાત્માની પૂજા કરવી, સાધુ, શ્રાવક આદિને દાન સન્માન કરવું. સાધ્વી શ્રાવિકાની યોગ્ય પૂજા સન્માન, દાન વિગેરેની રૂચિમય શ્રદ્ધા ગુરુ ઉપાસના પ્રેમ વડે થાય છે. તેથી આત્માની ઉન્નતિ તે ભવ્યો સાધી શકે છે, તેવો પ્રેમ જો ન થાય તો સમ્યગ શ્રદ્ધા વિના ધર્માનુષ્ઠાન દાન, શિયળ, તપ, સ્વાધ્યાય સામાયિક, પૌષધાદિક શુભ કાર્યો બની શકતા નથી. માટે સાચા પ્રેમની આવશ્યકતા છે. ॥ ૧૪૬ ॥

## પ્રેમના અભાવથી જ ભેદપણું થાય છે

प्रेमाभावाद्भवेद्भेदा–यत्र तत्र स्वभावतः ।
प्रेम्णा नित्यात्मसंबन्धे, प्राणान्तेनैव भेदता ॥१४७॥

**અર્થઃ**—જ્યાં જ્યાં સત્ય પ્રેમનો અભાવ હોય છે ત્યાં ત્યાં સ્વભાવથી જ ભેદતા થાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે અને પ્રેમથી નિત્ય આત્માની સંબંધતા થાય છે. તે પ્રાણોના અંત સુધી પણ નાશ પામતી નથી. ॥૧૪૭॥

**વિવેચનઃ**—એક પક્ષીય પ્રેમ થાય છે. તે સુખશાન્તિનું કારણ થતો નથી. કહ્યું છે કે "એક પખ્ખો પ્રેમ કેમ પરવડે ઉભય મલ્યા હોય સંધિ જીનેશ્વર" **શ્રીમાન્ યશોવિજયજી વાચકવર.**

એટલે સ્વભાવથી ભિન્નતા આવવાથી પ્રેમમાં ભેદ થાય છે. ત્યારે પ્રેમથી સ્વભાવની અનુકુળતા થતાં આત્મત્વરૂપ અભેદભાવે પરસ્પર સુરૂચિમય એક બીજાના હિતકરના પરસ્પર ઉદય ઉન્નતિ સાધવામાં મૈત્રીભાવમય શુદ્ધ પ્રગટ થાય છે. તે પ્રેમ પ્રાણોના અંત સુધી કાયમ રહે છે. તૂટતો નથી.

**यस्य प्रेममयी वाचा, पूर्णप्रेममयं मनः ।**
**पूर्णप्रेममयो देह—स्तस्यात्मा स्वर्गदेवराट् ॥१४८॥**

**અર્થઃ**—જેમની વાણી પ્રેમમયી હોય જેમનું મન પ્રેમથી પૂર્ણ ભરેલું હોય, જેઓનો દેહ પૂર્ણપ્રેમથી વ્યાપ્ત હોય તે આત્મા સ્વર્ગના રાજા સમાન સુખનો ભોક્તા થાય છે ॥૧૪૮॥

**વિવેચનઃ**—જે પ્રેમયોગી મહાત્માઓ હોય છે તેઓમાં એટલો બધો શુદ્ધપ્રેમનો પ્રવાહ હોય છે કે તેઓ કોઇની સાથે સામાન્ય વાત કરતા હોય, પ્રકૃતિથી ભદ્રલોકને હિતમાર્ગ બતાવતા હોય, સર્વ દર્શન વિશારદ પંડિતો સાથે તત્વની ચર્ચા કરતા હોય, તે સર્વ વખતે તેમની વાણીમાં પ્રેમરસનો ફૂવારો વહે છે. તેઓના મનમાં સર્વ આત્માઓનું કલ્યાણ ચિંતવાતું હોય છે. "**सर्वे लोकाः सुखिनः सन्तु**" એવી માનસિક ભાવના સર્વદા સતત્ હોય છે, તે સર્વ સત્ય આત્મપ્રેમી વિના નથી સંભવતું પ્રેમીઓની કાયા એટલે દેહમાંથી પણ સત્યપૂર્ણ પ્રેમનો પ્રવાહ બહાર પડે છે. તેમજ એવા ત્રણ યોગથી પ્રેમનો શુદ્ધતાપૂર્વક અભ્યાસ કરતા એવા સાધુપુરૂષો તપ જપ ધ્યાન સમાધિમાં વર્તતા છતાં દેવેંદ્રો કરતા પણ અધિક આનંદનો અનુભવ કરે છે. ॥૧૪૮॥

**जागृतिं प्रेमभावस्य, कुर्वन्तु सर्वदेहिषु ।**
**स्वर्गरूपो हि संसारो, जायते येन सत्वरम् ॥१४९॥**

**અર્થઃ**—સર્વ પ્રાણીઓના હૃદયમાં સાચો પ્રેમભાવ જગાવો જેથી આ સંસાર એકદમ સ્વર્ગ સમાન સુખદાયી બની જાય. ॥૧૪૯॥

**વિવેચનઃ**—આ જગતમાં રહેલાં સર્વ પ્રાણીઓ વૈર, વિરોધ, ઝઘડા ટંટાનો ત્યાગ કરીને પરસ્પર એકબીજાને પોતાના આત્મા સમાન ગણીને મિત્રભાવે જાણીને નિખાલસ ભાવનો પ્રેમ જાગ્રત કરે તેને કાયમ ટકાવે તો અહિંયાં દેવભૂમિ ન હોવા છતાં પણ દેવભૂમિ જેટલા સુખ અનુભવે છે. એટલે સર્વ સંસારી જીવો એકદમ સ્વર્ગના દેવોના સમાન થાય છે. અને પરસ્પર વ્યવહાર સંપીલો થવાથી તમામ જીવોને મૈત્રી ભાવયોગે સુખશાતા અને સ્વર્ગમય સુખ પામે છે. ॥૧૪૯॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## મીઠામાં મીઠી ચીજ પ્રેમ છે

**मिष्टान्मिष्टतरं प्रेम, यत्र तत्राऽस्ति देहिनाम् ।**
**अलौकिकं भवेत्सर्वं, प्रेमिणां सर्वकर्मसु ॥१५०॥**

**અર્થ**:—પ્રાણીઓને જ્યાં અને ત્યાં સર્વ બાબતમાં જો કોઇ મીઠામાં મીઠી વસ્તુ હોય તો તે પ્રેમ છે. કેમકે પ્રેમીઓને પ્રેમને લઇને સર્વ કાર્યોમાં આનંદ આવે છે. ॥૧૫૦॥

## પ્રેમ એ જ્ઞાનરસ છે.

**प्रेम्णो ज्ञानरसोऽस्त्येव, ज्ञानात्पूर्णरसोदयः ।**
**अतो ज्ञानरसप्राप्तिः, कर्त्तव्या प्रेमदेहिभिः ॥१५१॥**

**અર્થ**:—પ્રેમથી જ્ઞાનનો રસ પ્રગટ થાય છે. જ્ઞાનથી પૂર્ણ પ્રેમરસનો ઉદય પ્રગટે છે તેથી સાચા પ્રેમયોગીઓએ જ્ઞાનરસની પ્રાપ્તિ અવશ્ય કરવી જોઇએ. ॥ ૧૫૧ ॥

## જ્ઞાનથી વસ્તુમાં સૌન્દર્ય ભાસે છે.

**ज्ञानतः सर्वसौन्दर्यं, भासते सर्ववस्तुषु ।**
**ज्ञानरूपं हि सौन्दर्य–मात्मनि प्रेमरूपकम् ॥१५२॥**

**અર્થ**:—સાચા જ્ઞાનથી સર્વ વસ્તુઓમાં સર્વ પ્રકારનું સુંદરપણું અનુભવાય છે, તે આ અનુભવાતું સૌંદર્ય આત્માના જ્ઞાનરુપજ છે, તેથી આત્મા સર્વદા પ્રેમ રૂપેજ અવસ્થિત છે. ॥ ૧૫૨ ॥

**વિવેચન**:—સર્વત્ર સામાન્યભાવે અનિષ્ટ કે ઇષ્ટના વિકલ્પના અભાવ યુકત પ્રેમનો શુદ્ધ અનુભવ થાય છે. તેથી તત્વજ્ઞો કહે છે કે વસ્તુઓમાં અનુભવાતું સુંદરપણું આત્માના અનુભવ જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાન અને આત્માનું તદાત્મ્યભાવનું એકત્વ હોવાથી આત્મા અને જ્ઞાન પણ પ્રેમ રૂપજ છે. અને તેના સંયોગ સંબંધી જડ વા ચેતન દ્રવ્ય પદાર્થો કે જે જ્ઞાનમાં જ્ઞેયરૂપે થતા હોવાથી તેમાં પ્રેમસ્વરૂપત્વ પ્રેમયોગીઓના આત્મામાં અનુભવાય છે. ॥ ૧૫૨ ॥

## સર્વ કર્ત્તવ્યમાં પ્રેમ એ મહા કર્ત્તવ્ય છે.

**परस्परोपकाराय, सत्प्रेमैव प्रियंकरम् ।**
**प्राकटयं तस्य कर्त्तव्यं, सर्वकर्त्तव्यकर्मसु ॥१५३॥**

**અર્થ**:—પરસ્પર એકે બીજાને ઉપકાર કરવા માટે સત્ય પ્રેમજ પ્રિયંકર છે. માટેજ સર્વ કરવા યોગ્ય કાર્યોમાં તે પ્રેમનું પ્રગટભાવે કરવું તેજ મહાન કર્તવ્ય છે. ॥ ૧૫૩ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પ્રેમમાં મૃત્યુ થાય તો સારૂં.

**सत्प्रेमणि वरं मृत्युः, प्रेमाऽभावेन जीवनम् ।**
**अमृतत्वं परं प्रेम, आत्मज्ञानेन लभ्यते ॥१५४॥**

**અર્થ**:—સત્યપ્રેમમાં જો કદાપિ મૃત્યુ થાય તો પણ તે સારૂં છે. પણ પ્રેમવિનાનું જીવન મૃત્યુ કરતાં પણ વધુ દુઃખદાયક થાય છે તેથી અમૃતપણાનો પ્રાગટ્યકારક પ્રેમ અત્યંત શ્રેષ્ટ છે તે શ્રેષ્ટપ્રેમ આત્માના સ્વરૂપમય જ્ઞાનથી પ્રાપ્ત થાય તે છે. ॥ ૧૫૪ ॥

**વિવેચનઃ**—સર્વ કોઇ જીવાત્માને જીવવું પ્રિય હોય છે. પણ સંસારની અનેક ઉપાધિ–આધિ–વ્યાધિનો સંયોગ થતાં જીવાત્માઓ જીવનનો ત્યાગ કરવા એટલે મૃત્યુને વહાલું ગણવા તૈયાર થાય છે. અહીં વિચારવાનું કે મૃત્યુને ઇચ્છવું અને જીવન ઉપર કંટાળો લાવવો તે સમજુ જ્ઞાનીને લાયક નથી. પરંતુ સત્ય તત્વજ્ઞાનની પ્રાપ્તિ માટે તેમજ ધર્મના સત્ય અનુષ્ઠાનોના પાલન માટે પ્રેમ રાખવો તે અવશ્ય યોગ્ય છે. આત્મ ધ્યાનમાં ધ્યેય ઉપર શુદ્ધ પ્રેમ રાખતાં કદાપિ મરણ આવે–દશ પ્રાણનો ત્યાગ કરવાનો પ્રસંગ પણ આવે તો પણ તેવા ધર્મના સાચા પ્રેમમાં આનંદથી સમાધિસ્થ–મરણ થાય તે અવશ્ય શ્રેષ્ઠ મરણ છે. ધર્મપ્રેમ વિનાનું જીવન જીવવું તે મૃત્યુ કરતાં પણ ભયંકર છે. કારણ કે લોકમાં હાંસી થાય છે અને વ્રત પ્રતિજ્ઞા કે શ્રદ્ધા ઉપર પ્રેમનો અભાવ–અરૂચિવાળું જીવન મરણ કરતાં પણ ભયંકર દુ:ખ અપનારૂં થાય છે, અને કર્મમળથી આત્માને દુર્ગતિમાં પાડનારૂં બને છે. અમૃતરસ સમાન લોકોત્તર પ્રેમ જ્ઞાન વિના સંભવતો નથી માટે પ્રેમપૂર્વક જ્ઞાનનો અભ્યાસ કરવો અને ગુરુજનોની પ્રેમ પ્રમોદપૂર્વક સેવા કરવાથી સમ્યગ્જ્ઞાન અને દર્શનનો આત્મપ્રકાશ મળે છે. ॥ ૧૫૪ ॥

## પ્રેમથી મૈત્રી અને મૈત્રીથી સમાધિ થાય છે

**सर्वजीवैः सह प्रेम, मैत्रीभावाय जायते ।**
**ततः समत्त्वसंलाभात्, समाधिर्जायते सताम् ॥१५५॥**

**અર્થ**:—સર્વ જીવો સાથે જે પ્રેમ થાય તે મૈત્રીભાવને માટેજ થાય છે. તે મૈત્રીભાય સમત્વની પ્રાપ્તિ માટે થાય છે- સમત્વથી સંતપુરુષો સમાધિ પામે છે. ॥ ૧૫૫ ॥

**વિવેચનઃ**—ભવ્યાત્મા જીવ સર્વ જીવોની સાથે આત્મભાવનાના પ્રેમથી મૈત્રી સંબંધ બાંધે છે. તેના પ્રેમ સંબંધથી સર્વ જીવોનું હિત ચિંતવતાં ઉંચત્વ અને નીચત્વનો ભેદ નષ્ટ થતાં મૈત્રીભાવ જાગે છે. તે મૈત્રીભાવથી સમભાવ સર્વ જીવો ઉપર થવાથી દ્વેષનો અને વૈર વિરોધનો નાશ થાય છે. તે વીતરાગભાવથી સર્વથા સર્વ પ્રકારના ક્લેશનો નાશ થવા રૂપ સમાધિધ્યાનયોગ સંત પુરૂષો પામે છે. કહ્યું છે કેઃ— " **मैत्रीभावो यतो नित्यं, शुभो भावः प्रजायते । ततो भावोदकाज्जन्तोर्द्वेषाग्निरुपशाम्यति ॥ ८ ॥** (શાસ્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાર્તા સમુચ્ચય) અર્થઃ–સર્વ આત્માઓની સાથે મૈત્રીભાવ થવાથી નિરંતર આત્મામાં શુભ અને ક્રમે કરીને શુદ્ધભાવ પ્રગટ થાય છે. તેવા શુદ્ધ અને શુભ ભાવ કે જે રાગ દ્વેષના અભાવવાળા હોય છે તે સમભાવ રૂપ સમત્વમય હિમાચળના જળપ્રવાહ સમાન શિતળતા યુક્ત હોવાથી તે સમત્વથી દ્વેષરૂપ જે અગ્નિ–રાગદ્વેષ ક્રોધ રૂપ જે અગ્નિ હોય તેને નાશ કરે છે. જ્યારે રાગદ્વેષ રૂપ અગ્નિનો આત્માથી વિયોગ થાય છે ત્યારે મમત્વના અભાવ રૂપ સમાધિ–આત્માની સ્વરૂપ રમણતામાં સ્થિરતા પ્રાપ્ત થાય છે. ॥ ૧૫૫ ॥

## તે સમાધિથી જે લાભ થાય છે તે કહે છે.

**यत्रात्मैव परात्माऽस्ति, वेद्यतेऽनुभवः स्वतः ।**
**शुद्धप्रेम्णः समाधिस्तु, जायते नाऽत्र संशयः ॥१५६॥**

**અર્થ**:—જ્યાં આત્મા તેજ પરમાત્મા છે એવો અનુભવ આત્મા સ્વ સ્વરૂપથી વેદે છે. ત્યાંજ શુદ્ધપ્રેમ પ્રગટ થયેલો હોવાથી સમાધિ થાય છે. તેમાં જરા પણ સંશય રાખવાનો નથી. ॥ ૧૫૬ ॥

## પૂર્વ સંસ્કારથી ઉત્પન્ન થયેલ પ્રેમ છાનો રહેતો નથી.

**पूर्वसंस्कारजं प्रेम, गुप्तं नैव कदा भवेत् ।**
**दृष्ट्वा परस्परं शीघ्रं, प्रेमी प्रेम्णोपलक्ष्यते ॥१५७॥**

**અર્થ**:—પૂર્વના સંસ્કારથી ઉપજેલો પ્રેમ કદાપી ગોપાવી શકાતો નથી. પ્રેમીઓ પરસ્પર જોઈને એકદમ પ્રેમવડે ઓળખી લે છે. ॥૧૫૭॥

**વિવેચનઃ**—જીવાત્માઓમાં અનેક પૂર્વનાભવપરંપરાથી પ્રેમસ્નેહના સંસ્કારોરૂપે થયેલી વાસનાઓ વડે મેળાપ થતો હોવાથી એકબીજાના સુખદુઃખમાં ભાગ લેવાતો હોય છે ત્યાં પ્રેમના સંસ્કાર પડે છે અને તેથી તેમાં દૃઢતરતા થાય છે. તે એટલા સુધી દૃઢ થાય છે કે એકબીજાનો વિયોગ એકબીજા સહન કરી શકતા નથી. આવો પ્રેમ કદાપિ કાળે ગુપ્ત છાનો રહી શકતો નથી. કારણ કે પ્રેમના પરસ્પર જે ગાઢ સંસ્કારો પડેલા હોય છે તે એકબીજાની દૃષ્ટિ પરસ્પર પડવાથી તેઓ પ્રેમના બળથી વિનાવિલંબે એકદમ ઓળખી કાઢે છે. કારણ કે પૂર્વ પ્રેમની જે સંસ્કારમય સાંકળ હોય છે તે એકબીજાને ઉદ્બોધન કરી અકસ્માત પ્રેમીજનો બનાવે છે. જેમકે અનાર્ય દેશમાં જન્મને ધારણ કરનાર આર્દ્રકુમાર જ્યારે પોતાના પિતાની પાસે બેઠેલા છે ત્યારે ભરતખંડના રાજવી શ્રેણિકરાજાના રાજ્યના વેપારીઓ કેટલીક ભેટ ધરવા માટે વસ્તુઓ લઈને આવ્યા તેમના મુખેથી અભયકુમાર કે જે શ્રેણિકમહારાજાના પાટવી કુવર અને અમાત્ય હતા તેમનું વર્ણન સાંભળી અર્દ્રકુમારને અભયકુમાર ઉપર બહુજ પ્રેમ ઉભરાઇ આવવાથી તેમના માટે હીરા માણેક મોતી વિગેરે ભેટ વસ્તુઓ મોકલે છે. અને કહેવરાવે છે કે હું આજથી અભયકુમારનો પરમ મિત્ર છું. નજર સમક્ષ પણ માણસ કદી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવ્યો નથી છતાં પણ આટલો પ્રેમ નામ સાંભળવા માત્રથી ઉત્પન્ન થાય છે. તે પૂર્વ ભવના સંસ્કારથીજ થયો છે. પછી વ્યાપારીઓ બધા પોતાને દેશ પાછા આવ્યા અને અભય કુમારને ભેટ મોકલેલી વસ્તુઓ સોંપી દીધી. ત્યારે અભયકુમારે વિચાર્યું કે આર્દ્રકુમારે મને જોયો પણ નથી. છતાં પ્રેમનું કારણ પૂર્વભવના સંસ્કાર જાણી વિચારવા લાગ્યા કે જરૂર આ આત્મા ભવ્યાત્મા છે અને ચારિત્ર વિરાધનાને લીધે અનાર્ય દેશમાં જન્મેલ છે. તેને સત્ય સ્વરૂપનું જ્ઞાન કરાવવા માટે અભયકુમારે એક સુવર્ણમય જિનપ્રતિમા તૈયાર કરાવી હીરા માણેક મોતી વિગેરે આભૂષણોથી અલંકૃત કરી અને તે દેશમાં જનારા વ્યાપારીઓ સાથે આર્દ્રકુમારને ભેટ મોકલી આપી અને કહ્યું કે 'મારી ભેટ એકાંતમાં આર્દ્રકુમારને આપશો.' વ્યાપારીઓએ પણ ભેટ વસ્તુ એકાંતમાં આર્દ્રકુમારને સોંપી. જ્યારે આર્દ્રકુમાર ભેટ વસ્તુને દેખે છે ત્યારે મુંઝાય છે કે આ કોઇ આભૂષણ છે કે શું છે? પણ ઘણા વિચારો અને મંથન પછી તેમને લાગ્યું કે આ વસ્તુ મેં ક્યાંક જોઇ છે એમ ઉહાપોહ થતાં અપાય (અવાય) રૂપે પૂર્વના ત્રીજા જન્મની મર્યાદા સુધીનું જાતિ સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું અને પોતાની પૂર્વભવની અવસ્થા પ્રત્યક્ષ અનુભવાણી તેથી નિશ્ચય કર્યો કે આર્ય દેશમાં જઇ મારે દિક્ષા અંગીકાર કરવી. પછી પોતે ત્યાંથી નીકળી આર્ય દેશમાં ભરૂચ બંદરે આવ્યા અને પ્રતિમાની યોગ્ય વ્યવસ્થા કરી સ્વયંદીક્ષા લીધી. આવો પ્રેમ પૂર્વના સંસ્કારો લીધેજ જાગ્રત થાય છે. આવી રીતે પ્રેમ સ્વરૂપ ગુપ્ત રહેતું નથી ॥૧૫૭॥

## મન કાયા અને ધન ઉપરનો પ્રેમ એ તુચ્છપ્રેમ છે

**मनोवाकायवित्तादि, तुच्छं नासामलादिवत् ।**
**स्वतन्त्रं सर्वदोत्कृष्टं, शुद्धप्रेम सदा स्तुमः ॥१५८॥**

**અર્થઃ**—મન વચન કાયા અને ધનાદિકની ઉપર જે પ્રેમ કરાય છે તે નાસિકાના મેલ જેવો તુચ્છ છે. અને જે શુદ્ધપ્રેમ તે સ્વતંત્ર અને સદા ઉત્કૃષ્ટ હોવાથી અમે તેની સ્તુતિ કરીએ છીએ. ॥૧૫૮॥

## પ્રેમમાં જગત્ નિર્દોષ છે.

**शुद्धप्रेमणि निर्दोषं, विश्वं सर्वं स्वभावतः ।**
**वस्तुतस्तु स्वभावेन, ज्ञायते प्रेमयोगिभिः ॥१५९॥**

**અર્થ**:—સાચા પ્રેમયોગીઓને શુદ્ધપ્રેમમાં આખું જગત સ્વભાવથી નિર્દોષ છે કારણ કે વસ્તુતઃ તેઓ નિર્દોષ અને શુદ્ધ છે.

**વિવેચનઃ**—જગતમાં જે પ્રેમયોગીઓ રહેલા છે તેઓ વિષય કષાયથી મુક્ત હોવાથી સર્વ જગતના પ્રાણીઓ ઉપર રાગ કે દ્વેષ વિનાના છે તેના યોગથી સમભાવ વડે સર્વને મિત્રભાવે જાણે છે. શુદ્ધપ્રેમમાં સર્વની સાથે ઉપકાર માટે પ્રવૃત્તિ કરતાં સર્વ ઉપર સમાનતાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેખે છે. અને સર્વ વિશ્વને સ્વભાવથી સત્તામાં રહેલા ગુણધર્મવડે શુદ્ધ પ્રેમમયજ જાણે છે. કારણ કે સર્વ જગતની વસ્તુઓ કે જે ચૈતન્યધર્મમય છે. અને અચૈતન્ય-જડ સ્વભાવમય છે. તે પોતાના સહજ સ્વભાવથી વર્તી રહેલી હોવાથી પર એટલે અન્ય ધર્મ સ્વભાવને ભજતી જ નથી તેથી સ્વભાવથી શુદ્ધ છે. તેથી નિર્વિકલ્પ શુદ્ધ સ્વભાવને પ્રાપ્ત થએલા પ્રેમયોગીઓ આત્માના પ્રેમમય અનુભવમાં સર્વ જગતને નિર્દોષ સ્વભાવથી જાણે છે. કારણ કે વસ્તુઓનો જે સ્વભાવ છે તે સ્વભાવની સહાયતાથી પ્રેમયોગીઓવડે સર્વ જગત નિર્દોષ અનુભવાય છે અને સ્વાર્થીઓની દૃષ્ટિમાં વિકાર હોવાથી જગતને વિકારી માને તેમાં કાંઈ આશ્ચર્ય નથી. કહેવાય છે કે, "**यथा दृष्टिः तथा सृष्टिः**" જેની જેવી દૃષ્ટિ હોય તેવા રૂપે જગતને દેખે. શુદ્ધ પ્રેમયોગીઓની દૃષ્ટિમાં કામ ક્રોધ માન માયા લોભ વિગેરે વિકારના યોગનો અભાવ હોવાથી સર્વ જગત પ્રેમમય જ ભાસે છે ॥૧૫૯॥

## પ્રેમીએ પરસ્પરના દોષ જોવા નહિ.

**सर्वत्र प्रेमिभिर्दोषा, द्रष्टव्या न परस्परम् ।**
**एक एव प्रभुर्वीरो, विज्ञाय सर्वदेहिनाम् ॥१६०॥**

**અર્થઃ**—સર્વ સ્થાને પ્રેમીજનોએ પ્રેમીઓના પરસ્પર દોષો જોવા જોઇએ નહીં કારણ કે સર્વ પ્રેમીઓના હૃદયમાં એકજ વીર પ્રભુ વ્યાપકભાવે રહ્યા છે તેમ સમજવું. કોઇની ઉપર દોષ જોવા પ્રવૃત્તિ ન કરવી. ॥ ૧૬૦ ॥

**વિવેચનઃ**—જગતમાં સર્વત્ર પ્રેમીજનોથી કોઇ પણ દોષ જોવાયજ નહીં. તો પછી જેઓ આત્મપ્રેમી હોય, પરમાત્મપ્રેમી હોય અને સર્વ જગત ઉપર પ્રેમ રાખનારા હોય. તેઓમાં દોષ-પાપની શંકા કરાયજ કેમ? જેઓ વિશ્વપ્રેમીઓ હોય તેઓમાં દોષ હોયજ નહીં. તેમજ તેઓ કોઇનામાં દોષ જોતા નથી. તેઓ સર્વ જીવાત્માઓમાં આત્મપ્રદેશની સાથે હૃદયકમલ મધ્યમાં પરમાત્મા મહાવીર વસેલા હોય છે એટલે સર્વ જીવાત્માના આઠ રૂચક પ્રદેશ પરમ શુદ્ધ નિરાવરણ હોવાથી પરમાત્માના સ્થાન રૂપે છે. તેમ માને છે. આ કારણે સર્વ આત્મા સમાન હોવાથી સર્વ પ્રત્યે પ્રેમયોગીઓ સરખો પ્રેમ વિકસાવે છે તેથી સર્વ આત્માઓને પરમાત્મા સમાન માની તેઓની ઉપર પૂજ્યત્વભાવે શુદ્ધ પ્રેમ કરવો જોઇએ. સર્વના હિતમાટે પ્રયત્ન કરવો જાઇએ. ॥ ૧૬૦ ॥

## નીતિના પ્રેમથી માણસ કામવાસનાને જીતે છે.

**कामादिवासनाजेता, प्रेमपात्रं भवेज्जनः ।**
**नीतिप्रेमप्रभावेण, मर्यादा प्रेमतां श्रयेत् ॥१६१॥**

**અર્થઃ**—કામાદિની વાસનાઓને જીતનારા વસ્તુતઃ પ્રેમ કરવા યોગ્ય પાત્ર સ્વરૂપે સમજવા, અને નીતિમય જે પ્રેમ છે તેના પ્રભાવથી પ્રેમની મર્યાદા ધરાય છે. ॥૧૬૧॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વિવેચનઃ**—કામાદિવાસના જીવોમાં અનાદિકાળથી ચાલી આવે છે તેથી જીવો તેના ભોગમાં અત્યંત આસક્ત હોય છે. તે પણ અનાદિ કાળથી આત્મા સાથે મોહરૂપે રહેલી વાસના છે. તેને જ્ઞાનચારિત્રના શ્રદ્ધામય અભ્યાસથી, ગુરુની કૃપાથી જીવો જીતે છે અને મોક્ષ માર્ગમાં ગમન કરવાની અભિલાષાવાળા કામાદિક સર્વ વાસનાને જીતવા તથા ક્રોધાદિક કષાયવાસનાને જીતવા પ્રયત્ન કરી રહ્યા હોય છે અને તેના અભ્યાસથી વિજયને પ્રાપ્ત કરે છે. કહ્યું છે કે " **बिभेषि यदि संसाराद्, मोक्षमार्गं च कांक्षसि। तदेन्द्रियजयं कर्तुं स्फोरय स्फारय पौरुषम् ॥ १ ॥** જો તું સંસારથી ભય પામ્યો હોય, મોક્ષના સુખની અભિલાષાવાળો હોય, મોક્ષમાર્ગમાં ગમન કરવા તૈયારી કરવી હોય તો પ્રથમ તું ઉન્માદતાને પમાડવામાં પ્રવીણ એવી પાંચ ઇંદ્રિઓને જીતવા માટે મહાન પરાક્રમ વિકસાવ. ॥ ૧ ॥ આવી કામાદિકની વાસનાને ત્યાજ્ય જાણી જે તે ઉપર વિજય મેળવે છે તે માણસ જ વસ્તુતઃ પ્રેમ કરવા યોગ્ય–પાત્ર બને છે. એટલે નીતિમય જે પ્રેમ હોય તેના પ્રભાવથી યુક્ત જે મર્યાદા તેજ સત્ય પ્રેમને આશ્રય આપે છે. ॥ ૧૬૧ ॥

## પરિપક્વ પ્રેમથી વ્યાપક પ્રેમ થાય છે.

**परिपक्वमहाप्रेम्णो, व्यापकप्रेम जायते ।**
**व्यापकप्रेमलाभेन, भवेत्प्रेमी रसेश्वरः ॥१६२॥**

**અર્થઃ**—પરિપક્વ મહા પ્રેમથી, વ્યાપક પ્રેમ થાય છે તે વ્યાપક પ્રેમના લાભથી પ્રેમયોગી રસેશ્વર બને છે. ॥ ૧૬૨ ॥

**વિવેચનઃ**—પ્રેમયોગી રસેશ્વર બને છે એટલે શાંત સુધારસમય પૂર્ણ પ્રેમથી વ્યાપક બને છે. ॥ ૧૬૨ ॥

## પ્રેમથી આસ્તિકભાવની વિચારણા પ્રગટે છે.

**वैराग्यस्याऽपि वैराग्य–मास्तिकस्य विचारणा ।**
**प्रेमैव व्यापकं ब्रह्म, स्तुवे पूर्णरसेश्वरम् ॥१६३॥**

**અર્થઃ**—પ્રેમયોયોગીને વૈરાગ્યના વૈરાગ્યરૂપ આસ્તિકયભાવની વિચારણા પ્રેમવડે પ્રગટે છે આ કારણથી અમે સર્વત્ર વ્યાપક પ્રેમમય બ્રહ્મ તે રૂપ જે રસેશ્વર છે તેની સ્તુતિ કરીએ છીએ. ॥૧૬૩॥

**વિવેચનઃ**—જગતમાં પ્રેમયોગીનો વ્યાપકભાવે વિસ્તારાતો પ્રેમ વૈરાગ્યનો પણ વૈરાગ્ય છે. એટલે સંસારમાં દુઃખના કારણે દુઃખગર્ભિત વૈરાગ્ય સર્વ સંજ્ઞિ પંચેન્દ્રિય, તિર્યંચ, મનુષ્ય, દેવ તથા નારક જીવોને થાય છે કારણ કે કોઇને દુઃખ પ્રિય નથી. તે પ્રથમ પગથીઆરૂપ છે. તેવા વૈરાગ્યથી રંગાએલા જીવને સુખના સાધન પ્રાપ્ત થતાં વૈરાગ્ય ઉડી જાય છે. પરંતુ વૈરાગ્યયોગે જ્ઞાની સદ્‌ગુરૂની ઉપાસના કરતાં દુઃખના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કારણો અને સુખના કારણોનો અનુભવ જ્ઞાનપૂર્વક થતાં ભવ્યાત્માઓને જ્ઞાનગર્ભિત વૈરાગ્ય થાય અને સંસારના સ્વરૂપનો વાસ્તવિક બોધ થાય તેના યોગે જે સંવેગ નિર્વેદમય જ્ઞાન-ગર્ભિત વૈરાગ્ય થાય તે સત્ય શુદ્ધ વ્યાપક પ્રેમમાં ઉપાદાન કારણ અવશ્ય બને છે, કહ્યું છે કે,

સુરનર સુખ જે દુઃખ કરી લેખવે, વંછે શીવસુખ એક સુગુણનર.
બીજું લક્ષણ તે અંગી કરે, સાર સંવેગ શું ટેક સુગુણનર.

**શ્રી જીનવર વચન વિચારીએ.** ॥૧॥

નારક ચારક સમ ભવ ઉભગ્યો, તારક જાણીને ધર્મ સુગુણનર,
ચાહે નીકળવું નિર્વેદ તે, ત્રીજુ લક્ષણ મર્મ સુગુણનર.

**શ્રી જીનવર વચન વિચારીએ.** ॥૨॥

શ્રી યશોવિજયજી મહારાજ સમ્યકત્વની ઉપરની સજ્ઝાયમાં જણાવે છે કે સંસારમાં રહેલા પ્રાણીઓ સુખના અભિલાષી છે. તેઓમાં અજ્ઞાનતા મિથ્યાત્વરૂપ વિપરીત બુદ્ધિથી વિષય ભોગની અભિલાષા વર્તે છે. તેથી દેવેન્દ્રો ચક્રવર્તી તથા વાસુદેવ વિગેરેના પાંચ ઇન્દ્રિયોના વિષય ભોગોમાં સુખ માની રહ્યા છે પણ તે સુખ ક્ષણિકતાધર્મવાળું હોવાથી નાશવંત છે અને તે સુખની અભિલાષામાં જે પાપકર્મનો બંધ જીવોને પડે છે.;તે અનંતગણા દુઃખપૂર્વક ભોગવવો પડે છે. તેનું જ્ઞાન ગુરૂની ઉપાસના કરતાં આત્માને જ્યારે થાય છે ત્યારે સહજે મળેલા સુખો પણ જ્ઞાનયોગીને દુઃખરૂપજ ભાસે છે અને એક અવ્યાબાધ નિર્વિકલ્પ નિત્યા-નંદમય મોક્ષ (શિવ) સુખની જ અભિલાષા રહે છે. આવી અભિલાષા તે સંવેગરૂપ જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય કહેવાય છે. બીજો નિર્વેદ નામનો ભાવ વૈરાગ્ય છે તે એવો છે કે સંસા-રમાં પ્રાણીમાત્રને કર્મ સંબંધના યોગે દેવત્વ, મનુષ્યત્વ, તીર્થંકરત્વ નારકત્વની ગતિ અને તેવા તેવા કર્મ વિપાકોદય અનુસારે સુખ અને દુઃખનો સંયોગ સંબંધ અવશ્ય ભોગવવો જ પડે છે. તેથી તે સંસાર બંધીખાના સમાન (જેલ સમાન) દુઃખમય અને પરતંત્રતાવાળો છે. આવો વિવેકમય બોધ ગુરૂની ઉપાસના કરતાં ભવ્ય જીવાત્માઓને થાય છે. તેથી સંસાર ઉપર અભાવ અને મોક્ષ ઉપર પ્રેમભાવ જાગે છે. જગતના સર્વ જીવો ઉપર પક્ષપાત વિનાનો સરખો બંધુમય પ્રેમભાવ જાગે છે તે નિર્વેદ મહાવૈરાગ્ય કહેવાય છે. તેવા મહાન વૈરાગ્યથી આત્માને પરોક્ષ એવા પરમાત્માના ઉપદેશમાં પ્રેમમય શ્રદ્ધારૂપ આસ્તિકયતા પ્રગટે છે. તેનું લક્ષણ આ પ્રમાણે શાસ્ત્રોમાં જણાવ્યું છે.

"જે જિન ભાખ્યું તે નહિં અન્યથા, એહવો જે દૃઢ રાગ સુગુણનર.

તે આસ્તિક્તા લક્ષણ પાંચમું, કરે કુમતિનો એ ભંગ. સુ. શ્રી જીનવર વચન વિચારીએ. ॥ ૩ ॥ જે કેવલી ભગવંત જીનેશ્વરોએ કહ્યું છે. ઉપદેશ્યું છે તે જરા પણ ફેરફાર વિના અવશ્ય થવાનું છે આવો જે નિશ્ચય કરવામાં આવે તે શુદ્ધ આસ્તિ-કયતા (શ્રદ્ધા) રૂપ સમ્યકૃત્વ કહેવાય છે. આવી શ્રદ્ધા આપણી કુમતિ (અજ્ઞાનતા)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અથવા મિથ્યાત્વનો સમૂળથી નાશ કરે છે. આવા આસ્તિકયભાવવડે સર્વ જગતના જીવો પ્રત્યે સમાન ધર્મના સંબંધથી બંધુત્વભાવે મિત્રતામય શુદ્ધ પ્રેમથી યુકત આત્મ સ્વરૂપ જે બ્રહ્મમય છે, તે સર્વ અખિલ બ્રહ્માંડ જગતમાં વ્યાપકભાવે પ્રકાશે છે. આવો જે તારક ભાવનો જગતના કલ્યાણમય પ્રેમયોગ છે તેને અમે વારંવાર કાયાથી વંદના પૂર્વક સ્તુતિ કરીએ છીએ. ॥ ૧૬૩ ॥

## વ્યાપક પ્રેમને અને સર્વ જીવોને નમસ્કાર.

**एकेन्द्रियादि जीवेषु, व्यापकाय नमो नमः ।**
**सर्वजातीयजीवेभ्यो–नमः प्रेमविलासतः ॥१६४॥**

**અર્થ**:--એકેંદ્રિયાદિ જીવોમાં નિત્ય વ્યાપકભાવે રહેલા પ્રેમને અમારો વારંવાર નમસ્કાર થાઓ. કારણ કે સર્વ જાતના જીવોથી વ્યાપક એવા પ્રેમનો વિલાસ પ્રગટ થાય છે તેથી તે જીવોને પણ નમસ્કાર થાઓ. ॥ ૧૬૪ ॥

## સર્વ જીવો પ્રેમરૂપી હોવાથી પરમાત્મા છે.

**सर्वजीवाः परात्मानः, सत्तया प्रेमरूपिणः ॥**
**अतस्तेषां नमस्कारो, भवत्वेव मुदा सदा ॥१६५॥**

**અર્થ**:--સર્વ જીવો સત્તાથી પ્રેમ રૂપી પરમાત્માઓજ છે. તેથી તેઓને કરાતો નમસ્કાર સદા સર્વદા આનંદ આપનારો થાઓ એમ યોગીઓ માને છે. ॥ ૧૬૫ ॥

**વિવેચનઃ**--જગતમાં જે પ્રાણિઓ છે તે સર્વે ચૈતન્યસ્વરૂપ જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, ઉપયોગ વિગેરે ગુણ સ્વભાવ યુકતજ છે. તે ચૈતન્ય જો તેમાં ન હોય તો જડ પુદ્ગલ જેવા ગણાય. આ ચૈતન્ય આત્માનો પરમ શુદ્ધ સહજ સ્વભાવજ છે અને તે જીવોમાં તાદાત્મ્યભાવે નિત્યરૂપે સર્વદા વિદ્યમાનજ છે. તે ચૈતન્ય સ્વરૂપથી આત્મા કદાપિ ભિન્ન થતો જ નથી, ગુણ સ્વભાવો જે જે દ્રવ્યમાં રહેલા હોય તે યાવદ્ દ્રવ્યભાવિ ભાવે રહેલા હોય છે, એટલે તે દ્રવ્યની અવસ્થાનતા સુધી કાયમજ રહે છે, આ આત્મસ્વરૂપ જ્યારે સર્વ કર્મમળ દૂર થાય છે ત્યારે પૂર્ણભાવે સ્વયં ચૈતન્યરૂપ ગુણો જ્ઞાન, દર્શન, ચારિત્ર વીર્ય ઉપયોગરૂપે પ્રકાશિત થાય છે. તેના યોગે તે શુદ્ધ પરમબ્રહ્મ પરમાત્મા કહેવાય છે વળી તેવું સ્વરૂપ સર્વ જીવોમાં રહેલું છે. પરંતુ કર્મમળથી અવરાયું હોવાથી અપ્રકાશક છે એટલે સત્તાએ મૂળ સ્વભાવે રહેલું છે. કહ્યું છે કે, “ **आकाररहितं शुद्धं, स्वस्वरूपे व्यवस्थितम् ॥ सिद्धमष्टगुणोपेतं । निर्विकारम् निरंजनम् ॥ २१ ॥ तत्समानं निजात्मानं, रागद्वेषविवर्जितम् । सहजानन्दचैतन्यम्, प्रकाशयति महायशा ॥ २२ ॥** ( પરમાનંદપંચવિંશતિ ) શ્રી **યશોવિજયજી વાચકવર** રૂપ રસ ગંધ સ્પર્શ શબ્દ તથા આકાર રહિત અને પરમ શુદ્ધ આત્મસ્વરૂપે વ્યવસ્થાવંત સિદ્ધ પરમાત્માના આઠ ગુણોથી યુકત, વિકાર વિનાના નીરં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જન એવા જે સિદ્ધ પરમાત્મા સમાન સત્તાએ જેમનું સ્વરૂપ રહેલું છે તેમજ સ્વભાવથી રાગ, દ્વેષ, મોહમાયાથી રહિત સહજ સ્વરૂપ છે તેમજ સહજ ભાવે આનંદમય સ્વાધીન જ્ઞાનમય ચૈતન્યવંત સર્વ આત્માઓ છે એમ મહાન યશવાળા પરમાત્મા તીર્થંકર કેવળી ભગવંતોએ પ્રકાશ્યું છે. તેવું પરમ સ્વરૂપ જીવોમાં સત્તાએ અવિચ્છિન્નભાવે, સર્વ આત્મામાં રહેલું છે. તેમજ પરમ શુદ્ધ એવો પ્રેમ સ્વભાવનો પરિણામ પણ સત્તાથી તીરોભાવે આત્મામાં રહેલો છે તેથી અવશ્ય સર્વને વંદનીય છે. આમ સર્વ આત્મા સ્વાત્મગુણો વડે યુક્ત હોવાથી તેમને કરાતો નમસ્કાર સદા આનંદ માટે થાય છે.

## સર્વ જીવોને નમસ્કાર.

**नमोऽस्तु सर्वजीवेभ्यः, प्रेम्णा सर्वत्र सर्वदा ।**
**आत्मैक्यं निर्विकल्पं य–त्तद्भूयाज्जैनशासनम् ॥१६६॥**

**અર્થ:**—સર્વ સ્થાનમાં રહેલા સર્વ જીવાત્માઓને પ્રેમવડે સર્વકાળમાં મારો નમસ્કાર થાઓ. કારણ કે જ્યાં નિર્વિકલ્પ ભાવથી સર્વ આત્માઓનું એકત્વ મનાય છે. તે વિજયવંત જૈનશાસન સમજવું. ॥૧૬૬॥

**વિવેચનઃ**—આ આખાએ ચરાચર બ્રહ્માંડ જગતમાં અવસ્થિત રહેલા સર્વ જીવાત્માઓ કે જે સત્તાએ સ્વભાવથી ચૈતન્યમય પ્રાણોને સદા ધારણા કરનારા છે શાશ્વત પ્રાણોને ધારણ કરનારા છે તે સર્વ બ્રહ્મસ્વરૂપ આત્માઓને શુદ્ધ પ્રેમયુકતભાવવડે સર્વ કાળમાં જ્યાં જ્યાં અવસ્થિત હોય ત્યાં ત્યાં મારો નમસ્કાર થાઓ. કારણ કે તે સર્વ આત્માઓનું સ્વરૂપ સ્વભાવના કારણે એકત્વભાવમય સમાનપણાવાળું હોવાથી નિર્વિકલ્પ ધ્યાનવડે એટલે સંકલ્પ વિકલ્પના ત્યાગપૂર્વક ધ્યાન કરતાં શાસ્ત્ર અનુભવ વિચારતાં સમજાય છે તેવા સ્વરૂપે સર્વદા વિજયવંત વિદ્યમાન પરમાત્માએ પ્રકાશ કરેલું જૈનશાસન એટલે જૈનાગમ શાસ્ત્ર દ્વાદશાંગરૂપ વિજયવંત છે. તેની આજ્ઞાવડે સર્વ આત્માઓને આપણા આત્માસમાન એક સ્વરૂપે માનીને પરમાત્મ સ્વરૂપ આત્માઓને નમસ્કાર કરો. ॥૧૬૬॥

## પ્રેમથીજ ચારિત્ર ધર્મનું અસ્તિત્વ છે.

**प्रेमपूर्वकचारित्र–धर्मास्तित्वं कलौ मतम् ।**
**अतः प्रेम्णैव चारित्रं, प्राप्यते सर्वसाधुभिः ॥१६७॥**

**અર્થઃ**—આ કલિકાળમાં ચારિત્રધર્મનું અસ્તિત્વ પ્રેમપૂર્વક જ પ્રાપ્ત થાય છે. તેથી સર્વ સાધુઓવડે પ્રેમવડેજ ચારિત્રધર્મ જ્ઞાનધર્મ શ્રદ્ધાધર્મ પાળી શકાય છે ॥૧૬૭॥

**વિવેચનઃ**—આ ભયંકર કલિકાલરૂપ પાંચમા આરામાં જીવોને વિતરાગભાવે ચારિત્ર પરિણામ થઈ શકતા નથી. તેથી દેવગુરૂ અને ધર્મ ઉપર આ અમારા હિતકર છે એવા પ્રેમ રાગથી તે જીવો વીતરાગદેવ તથા ગુરૂની ઉપાસના કરે છે, પરિચય કરે છે, તે રાગરૂપ પ્રેમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂર્વક સંભવે છે. ગુરૂ ઉપર હિતકર ભાવનો પ્રેમ જો જીવાત્માને થાય તો ગુરૂની સેવા કરી ગુરૂ પાસેથી શાસ્ત્ર શ્રવણ કરી વીતરાગ પરમાત્માને ઓળખે, ધર્મ સ્વરૂપને જાણે, સામાયિક, પૌષધ, દેવપૂજા ભકિત કરે, જ્ઞાન ભણે, તત્વનો બોધ મેળવે, યથાશકિત તપ જપ નિયમ કરે અને વિષયભોગના ત્યાગ કરવારૂપ પંચ મહાવ્રતમય ચારિત્ર્ય પણ ગુરૂની દાક્ષિણ્યતાથી પ્રેમથીજ લઈ શકે અને પાળી પણ શકે. આ કલિકાળમાં ચારિત્ર્ય ધર્મ, સમ્યકત્વ ધર્મ, ઉપાસનાધર્મ, ભકતિધર્મનોયોગ પ્રેમથીજ સંભવે છે. તેથી આ સમયમાં સરાગ સંયમજ હોય છે. સાધુઓ વીતરાગ ઉપર પ્રેમ રાખી તેમની ઉપાસના ધ્યાનવડે કરે ગુરૂ ઉપર પ્રેમ રાખી ભકિત ઉપાસના કરતાં નવું નવું જ્ઞાન મેળવે અને શિષ્યો તથા શ્રાવકો ઉપર પ્રેમ રાખી તેમને ધર્મમાર્ગમાં પ્રવૃત્તિ કરાવે તેથી એ સિદ્ધ થાય છે કે પ્રેમવડેજ ચારિત્ર્ય સાધુ સાધ્વીઓ આ પાંચમા આરાના સમયમાં પાળી શકે છે. કલિકાળમાં જીવોને પ્રાયઃ મોહ માયા લોભની અધિકતા હોય છે. તેથી ધર્મની પ્રાપ્તિ ગુરૂઓ શિષ્યોને પ્રેમથી જ કરાવી શકે છે. તેમજ શિષ્યો એટલે સાધુઓ તથા શ્રાવકો પણ ગુરૂ ઉપર પ્રેમ ઉપજાવી તેમની ભકિત ઉપાસના કરતાં શ્રાવકત્વ સાધુત્વની ધર્મ પ્રવૃત્તિને આરાધી સંયમ ધર્મ ભકિતધર્મ, દાનધર્મ તપધર્મ યા જ્ઞાન ઉપાસના ધર્મને પ્રાપ્ત કરી શકે તેમ છે. ॥૧૬૭॥

## વિચાર કરતાં આચારના અધિક પ્રેમથી લાભ.

**विचारादधिकं प्रेम, यस्याचारे प्रवर्त्तते ।**
**तस्य प्रेमात्मनः शुद्धि-र्जायते कृपया गुरोः ॥१६८॥**

**અર્થ**—જે આત્માઓમાં વિચાર કરતાં આચરણામાં અધિક પ્રેમ પ્રવૃત્તિમાન હોય છે. તેવા પ્રેમયોગી આત્માઓની શુદ્ધિ ગુરૂની કૃપાથી પૂર્ણરીતે થાય છે. ॥ ૧૬૮ ॥

## ગુરુકૃપા વિના પ્રેમ સંભવતો નથી.

**गुरोः कृपां विना नास्ति, हृदि प्रेमोद्‌भवः कदा ।**
**अतः स्त्रीपुरुषैः सेवा, कर्त्तव्या सद्‌गुरोः सदा॥१६९॥**

**અર્થ**—ગુરૂની કૃપા વિના હૃદયમાં કદાપિ પ્રેમનો ઉદ્‌ભવ થતો નથી. તેથી સ્ત્રીઓ તથા પુરૂષોએ સર્વદા સદ્‌ગુરૂની સેવા ઉપાસના અવશ્ય કરવી જોઈએ. ॥ ૧૬૯ ॥

**વિવેચન**—જ્યાં સુધી આત્માઓ સત્ય પ્રેમ પ્રાપ્ત કરી શકે નહીં ત્યાં સુધી તેઓ માનવતાની સફળતાને પ્રાપ્ત કરાવનારા ગુણો પ્રગટ કરી શકતા નથી. ॥ ૧૬૯ ॥

## ગુરુના આશીર્વાદથી પ્રેમ, અને જ્ઞાન, દર્શન, ચારિત્ર મળે છે.

**गुरोः कृपाशिषा प्रेम-प्राप्तिर्भवति देहिनाम् ।**
**दर्शनज्ञानचारित्र-प्राप्त्या मोक्षो भवेत्ततः ॥१७०॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**—ગુરૂની કૃપા–આશિષથી પ્રેમની પ્રાપ્તિ પ્રાણીઓને થાય છે તે પ્રેમથી સમ્યગ-દર્શન જ્ઞાન ચારિત્રની પ્રાપ્તિ અને તે દ્વારા મોક્ષ અવશ્ય થાય છે. ॥ ૧૭૦ ॥

**વિવેચન**—જ્યારે જીવો ઉપર સદ્‌ગુરૂની કૃપા ઉતરે છે ત્યારે ગુરૂઓ શિષ્યોને હૃદયથી આશિષ આપે છે કે તમારા મોહમાયાના આવરણો નષ્ટ થાઓ. ત્યારે શિષ્યો તે ગુરૂના પ્રેમયુકત આશિષ યોગે ઉપકારક પ્રેમ તેમનામાં પ્રગટ થાય છે. તેમજ સર્વજીવોનું કલ્યાણ કેવી રીતે કરાય તેવી ભાવદયામય પ્રેમભાવના તેના મનમાં પ્રગટ થાય છે. આ ભાવનાના યોગે સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન અને શુદ્ધચારિત્રની પ્રાપ્તિ થાય છે. આમ સદ્ ગુરૂદેવોની પૂર્ણ કૃપાવડે કર્મ મળને દૂર કરી સર્વ મોહાદિકના આવરણોનો મુળમાંથી ક્ષય કરી પ્રેમયોગી મહાત્માઓ જીવન મુકત યોગી થાય છે અને સર્વ કર્મ ઇન્દ્રિય, મન અને અને શરીર સંબંધનો ત્યાગ કરી અંતે મોક્ષને ભજે છે. ॥ ૧૭૦ ॥

## શુદ્ધપ્રેમ એજ સદ્ધર્મ છે.

**शुद्धप्रेमैव सद्धर्मः, सर्वत्र व्यापकः सदा ।**
**प्रत्यक्षो ज्ञानिभिर्वेद्यो, महानभेद आन्तरः ॥१७१॥**

**અર્થ**:—શુદ્ધ પ્રેમ એજ સત્ય ધર્મ છે અને તે સર્વદા સર્વત્ર વ્યાપક છે. આ શુદ્ધ પ્રેમ આત્મામાં અભેદભાવે રહેલો છે. પણ સમ્યગ્જ્ઞાની પુરૂષોજ અનુભવ કરે છે. ॥૧૭૧॥

## સત્યપ્રેમમાં સર્વ ધર્મ લય પામે છે.

**सर्वधर्मा लयं यान्ति, सत्यप्रेमणि वस्तुतः ।**
**तत्प्राकट्यं प्रकर्तव्यं, जैनैः प्रेमाऽनुयायिभिः ॥१७२॥**

**અર્થ**—જ્યાં શુદ્ધ પ્રેમનું પ્રગટભાવે થવાપણું હોય છે ત્યાં સર્વ ધર્મો વસ્તુત: તે પ્રેમમાં એકાકારે લય પામે છે. તેથી તે પ્રેમનું પ્રગટપણું અવશ્ય કરવું જોઇએ. જે જૈનો છે તે તો શુદ્ધ પ્રેમધર્મનાજ અનુયાયિઓ છે. ॥ ૧૭૨ ॥

**વિવેચન**—સત્યપ્રેમના ઉપાસકો પરમાત્મા તીર્થંકર વીતરાગનાજ સાચા ભકતો **જૈનો** સંભવે છે. તેઓ સત્યપ્રેમના પૂર્ણ અનુસરનારા યોગીઓ હોઇ શકે છે. તેઓ પ્રેમને પ્રગટ ભાવે કરવા સમર્થ બને છે. એટલે કોઇપણ જ્ઞાતિ જાતિમાં જન્મ પામેલા આત્માનો તે જૈન ધર્મના સત્ય અનુભવીઓ પ્રેમથી ઉદ્ધાર કરે છે. તેમને ઉચ્ચદશામાં લાવી પરમાત્માના માર્ગમાં પ્રવૃત્તિ કરાવે છે.

## બ્રહ્મપ્રેમના પ્રતિકોનું સેવન રાખવું.

**ब्रह्मप्रेमप्रतिकानि, सेव्यानि प्रेममार्गिभिः ।**
**प्रेममयं च सद्रूपं, प्रतिकं शर्मकारणम् ॥१७३॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**—બ્રહ્મપ્રેમના પ્રતિકોનું પ્રેમમાર્ગના ઉપાસંકોએ સેવન કરવું જોઇએ, કારણકે તેથી સત્ય આત્મસ્વરૂપ જે પ્રેમ છે. તેનો અનુભવ થાય છે તેથી પ્રેમનું પ્રતિક અવશ્ય સુખનું કારણ બને છે. ॥૧૭૩॥

**વિવેચન**—પ્રેમીઓની ઉપાસનાથી આત્મા અવશ્વ પ્રેમી બને છે. "ઇયળ ભ્રમરી સંગથી ભ્રમરી પદ પાવે" "ઈયળ ભ્રમરી સંગથી પામે હો, ભ્રમરી પદ જ્યમ કે, પરમાતમ પદ સેવતાં, બુદ્ધિસાગર હો નિત્ય શિવ સુખ મેવકે, જીનવાણી ચિત્ત આણીએ"

એવી રીતે શુદ્ધ પરમ બ્રહ્મરૂપ જગત વ્યાપક પ્રેમને ધારણ કરનારા પરમાત્મારૂપ એ પ્રતિક આદર્શની ઉપાસના કરવાથી આત્મા અવશ્ય પ્રેમયોગી બને છે માટે બ્રહ્મપ્રેમના આદર્શરૂપ શ્રી અરિહંતો, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય તથા સર્વ સાધુઓની પ્રેમના અર્થિઓએ. પ્રેમમાર્ગના અભ્યાસીઓએ સેવા કરવી જોઇએ, તે વડે પ્રેમમય સ્વરૂપ યુક્ત જે પ્રતિકો એટલે પૂજ્ય પરમાત્માની પ્રતિમાઓની ઉપાસના સર્વ શાશ્વતા સુખનું ઉપાદાન કારણ થાય છે. ॥૧૭૩॥

## ગીતાર્થગુરૂની આજ્ઞા હંમેશાં માનવી.

**शुद्धप्रेममहाभक्तै-र्गीतार्थ-प्रेमिसद्गुरोः ।**
**आज्ञा सदैव मन्तव्या, सर्वस्वार्पणयोगतः ॥१७४॥**

**અર્થ**:—શુદ્ધ પ્રેમવંત મહાન ભકતપુરૂષોવડે પૂજ્ય ગુરૂઓ કે જે ગીતાર્થ અને શુદ્ધ પ્રેમી છે, તેમની આજ્ઞા સદૈવ માનવી જોઇએ અને તે આત્માનું સર્વસ્વ અર્પણ કરવા પૂર્વક આચરવી જોઇએ. ॥ ૧૭૪ ॥

## પ્રેમ એજ મહાભક્તિ છે.

**सत्प्रेमैव महाभक्ति-र्व्यापकदेवसद्गुरोः ।**
**कर्तव्या प्रेमिभिर्लोकैः, सद्गुरूक्तप्रबोधतः ॥१७५॥**

**અર્થ**:—સત્ય પ્રેમ એજ દેવગુરુની વ્યાપક મહાન ભક્તિ છે. તે સદ્ગુરૂના ઉપદેશ કરેલા બોધથી જાણીને સાચા પ્રેમયોગી આત્માએ અવશ્ય કરવી જોઇએ. ॥ ૧૭૫ ॥

## પ્રેમીના સમાગમમાં પ્રેમ છુપો રહેતો નથી.

**सत्यं नैसर्गिकं प्रेम, सत्यप्रेमिसमागमे ।**
**गुप्तं नैव भवेत्कुत्र, प्रत्यक्षं वेद्यते जनैः ॥१७६॥**

**અર્થ**—સાચો સહજભાવે ઉપજતો પ્રેમ સાચા પ્રેમયોગીઓને સમાગમ થયે છતે કોઇથી ગુપ્ત રહેતો નથી. પણ પ્રેમયોગી મનુષ્યો તો પ્રત્યક્ષ રૂપે પ્રેમીના પ્રેમને જાણે છે. ॥ ૧૭૬ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વિવેચનઃ**—પ્રેમનું એવું તો આકર્ષણ હોય છે કે તે કોઇ પણ રીતે ગુપ્ત એટલે છાનું રહી શકતું નથી. જેમકે

"ઢાંકી ઇક્ષુ પરાળશુંજી ન રહે લહી વિસ્તાર. વાચક યશ કહે પ્રભુતણો જી. તે મુજ પ્રેમ પ્રકાર, સોભાગી જીવ શું લાગ્યો અવિહડ રંગ"

એટલે પ્રેમીઓના નિખાલસભાવનો પ્રેમ કયાંય ગુપ્ત–છાનો રહેતો નથી. પ્રત્યક્ષ રૂપે આત્મજ્ઞાનવડે વેદાય છે. ॥ ૧૭૬ ॥

## પ્રકૃતિને પાર પામેલા યોગી પ્રત્યક્ષ દર્શન પામે છે.

**प्रकृतिपारगन्तॄणां, योगिनां प्रेमवेदनम् ।**
**शुद्धब्रह्मतया साक्षा–द्भवत्येव न संशयः ॥१७७॥**

**અર્થઃ**—જે યોગીઓ પ્રકૃતિનો પાર પામેલા હોય છે તેઓના પ્રેમનું વેદન શુદ્ધ બ્રહ્મમય જ્ઞાનના અનુભવથી પ્રત્યક્ષ થાય છે. તેમાં જરા પણ સંશય નથી થતો. ॥૧૭૭॥

**વિવેચનઃ**—તામસ, રાજસ, અને સાત્વિક એ ત્રણ પ્રકારની પ્રકૃતિઓ જીવાત્માને વરેલી હોય છે. તેના યોગે રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, નિન્દા, આળસ વગેરે અનેક દુઃખવેદના ભોગવે છે. તેમાં રાજસ પ્રકૃતિથી વિષયભોગ અને નિન્દા તથા આળસમાં જીવન વીતાવે છે. અને તિર્યંચ યોનિમાં ગમન કરે છે. તેઓનો પ્રેમ વિષયભોગમાં વધારે હોય છે. તેઓને કુટુંબ ઉપર મોહજન્ય મમતા હોય છે. તામસ પ્રકૃતિવાળો ક્રોધ, માન, માયા લોભથી પરિગ્રહમાં સંગ્રહવૃત્તિવડે પ્રવૃત્તિ કરતો. રૌદ્રધ્યાન વડે નરકગતિ ભજનારો થાય છે અને સાત્વિક વૃત્તિવંત મનુષ્ય અહિંસા, સત્ય, ઐશ્વર્ય, બ્રહ્મચર્ય અને અલ્પપરિગ્રહવાળો હોવાથી સ્વર્ગને પામે છે. ॥ ૧૭૭ ॥

**प्रकृतिप्रीतिमातृत्वं, यस्यात्मनि प्रकाशते ।**
**कामभोगादिसंकल्प–नाशस्तस्य प्रजायते ॥१७८॥**

**અર્થઃ**—પ્રકૃતિઓમાં પ્રીતિનું માતૃત્વ જેના આત્મામાં પ્રકાશી રહેલું છે. તેવા પ્રેમના અભ્યાસીઓના કામાદિના ભોગની કલ્પનાઓ નાશ પામે છે. ॥૧૭૮॥

**વિવેચન**—રાજસ, તામસ અને સાત્વિકરૂપ જે પ્રકૃતિઓ છે તે પ્રેમની માતાઓ છે. એટલે તેથી પ્રેમ (પ્રીતિ) જન્મ આપે છે તેથી એમ સમજવું કે જેવી પ્રકૃતિ તેવી પ્રીતિ તેનાથી ઉપજે છે. રાજસથી વિષયભોગની પ્રીતિ થાય ઉંઘ આળસ અને એશઆરામમાં પ્રીતિ થાય. તેમજ તામસથી લોભની વૃદ્ધિ થવાથી ધન, કંચન કામિની, ભૂમિ, રત્ન હીરા માણેકનો સંગ્રહ કરવાની પ્રવૃત્તિ થાય, અનાચારમય રાક્ષસી વૃત્તિઓને ધારણ કરાય તેમજ તેવી વસ્તુમાં પ્રેમ કરાય. સાત્વિક પ્રકૃતિવંત મનુષ્ય ત્યાગ, સંયમ, દાન, તપ, ધ્યાનમાં પ્રેમ જન્માવે છે. તેના યોગે મૈત્રી પ્રમોદ માધ્યસ્થ અને કરૂણાભાવનો પ્રેમ પ્રગટ કરાવીને પાંચ ઇંન્દ્રિયના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેવીસ વિષયોરૂપ કામભોગની વાસનાનો નાશ કરે છે. લોભ, માયા, તથા ઇર્ષાવૃત્તિનો નાશ કરે છે અને પ્રેમયોગના અભ્યાસથી સર્વત્ર ગુણાનુરાગરૂપ પ્રેમનો પ્રાગટ્યભાવ થાય છે કહ્યું છે કે ॥ अविद्याजनितैः सर्वैर्विकारैरनुपद्रुतः ॥ व्यक्त्या शिवपदस्थोसौ, शक्त्या जयति सर्वगः ॥३॥ (પરમાત્મ દર્શન) **અર્થ**–અવિદ્યારુપ જે મોહમય પ્રકૃતિથી વિકારો જીવાત્માઓમાં ઉત્પન્ન થાય છે. તે આત્મસ્વરૂપના પ્રકાશવાળા પ્રેમયોગીને ઉપદ્રવ કરી શકતા નથી. એવો પ્રેમયોગી વ્યક્તિભાવે સ્વરૂપ રમણતા કરતા શિવપદમાં રહેલા પરમાત્માની પેઠે શકિતવડે સ્વસત્તાવડે પ્રેમસ્વરૂપ જગતમાં સર્વ વ્યાપક થયા છતાં જયવંતો વર્તે છે ॥૧૭૮॥

## જે વ્યાપક પ્રેમ હોય તે રખડતો નથી

सर्वत्र व्यापकप्रेम, नैवाऽन्यत्र परिभ्रम ।
आत्मन्येव परप्रेम–प्रकाशो जायते सताम् ॥१७९॥

**અર્થ**:—જે આત્મામાં સર્વત્ર વ્યાપક પ્રેમપ્રગટ થએલો હોય તેને અન્યત્ર પરિભ્રમણ નથી હોતું. સદ્દપુરૂષોના આત્મામાં ઉપજેલો પરમપ્રેમ પ્રકાશમાન થાય છે.

## સર્વ પ્રાણીઓમાં સર્વ તીર્થમય પ્રેમ હોય છે

सर्वतीर्थमयं प्रेम, विद्यते सर्वदेहिषु ।
भक्त्या सर्वत्र जीवानां, प्रेमब्रह्म प्रकाशते ॥१८०॥

**અર્થ**—સર્વ દેહધારી જીવોમાં સર્વ તીર્થમય પ્રેમ રહેલો છે. ભક્તિવડે તે પ્રેમ બ્રહ્મ સર્વ જીવાત્માઓમાં પ્રગટ થઇને પ્રકાશમાન થાય છે. ॥૧૮૦॥

**વિવેચનઃ**—જીવોમાં પ્રથમ વિકારમય સ્વાર્થમય પ્રેમ હોય છે. જેમજેમ જીવોમાં જ્ઞાન દર્શન ચારિત્રની ખીલવણી શ્રદ્ધાયુકત પ્રગટ થાય તેમ તેમ શુદ્ધતા થતાં સર્વત્ર આત્મભાવની શુદ્ધતામય તારકભાવમય જે તીર્થો છે તે ઉપર શ્રદ્ધાયુક્ત પ્રેમ સત્તામાં અવ્યક્ત રહેલો છે તે પ્રગટ થાય છે. એટલે પૂજ્ય દેવાધિદેવ, પૂજ્ય ગુરૂઓ તેમના વિહારસ્થાન જન્મસ્થાન, દિક્ષાસ્થાન, જ્ઞાનપ્રાપ્તિસ્થાન નિર્વાણસ્થાન તેમજ તે પૂજ્યોની પ્રતિમાઓ, સમાધિને આપવાના સ્થાનો તીર્થો કહેવાય છે. તેમાં લોકદષ્ટિથી પ્રેમ પ્રગટે છે. અને ધર્મભાવનાથી આત્મશુદ્ધતાનું અવલંબન મલે તે લોકોત્તર તીર્થ સમજવું તેવા તીર્થમાં યાત્રા માટે આત્મકલ્યાણ ભાવનાથી પ્રેમમય પ્રવૃત્તિ કરવી તે તીર્થ ભકિતવડે સર્વ જીવાત્માઓમાં શુદ્ધપ્રેમ બ્રહ્મસ્વરૂપ વ્યાપકભાવે સર્વત્ર પ્રકાશ પામે છે. ॥૧૮૦॥

## મહાવીર ભગવંતને પ્રેમનામથી સંબોધી પૂજા કરવી,

वीरस्य प्रेमनामैव, संबोध्य भक्तिभाजनैः ।
महावीरार्हतः पूजा, कर्त्तव्या सर्वकर्ममिः ॥१८१॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**—ભક્તિની યોગ્યતાવાળા જીવોએ ભગવાન વીરનું નામ પ્રેમ રાખીને સર્વ સારી શુભ ક્રિયાઓ વડે અરિહંત ભગવાન મહાવીરની પૂજા કરવી જોઇએ. ॥ ૧૮૧ ॥

### પ્રેમ ઇચ્છિત આપનાર છે.

**दयावात्सल्यरूपाणि, प्रेम्णः सर्वत्र बोधत ।**
**सर्वत्र सर्वलोकेषु, प्रेम चिन्तामणीयते ॥१८२॥**

**અર્થ**:—દયા, વાત્સલ્યરૂપ વિગેરે પ્રેમના સ્વરૂપો સમજો. તેથી સર્વત્ર સર્વ લોકોમાં પ્રેમ ચિંતામણિની માફક વાંછિત અર્થ અપનાર થાય છે. ॥ ૧૮૨ ॥

**વિવેચનઃ**—દયાભાવ તથા વાત્સલ્યભાવ પ્રેમનોજ પરિણામ છે તેથી પ્રેમસ્વરૂપ જ સમજવા. દયા તથા વાત્સલ્યમય શુદ્ધ પ્રેમ જગતના સર્વ આત્માઓ ઉપર પ્રગટાવવામાં આવે તો તે વ્યાપક પ્રેમયોગ આત્માને ચિંતામણિ રત્નની પેઠે વાંછિત ફળદાયક થાય છે. દૃષ્ટાંત તરીકે હરિબળમાછીમાર દયાની પ્રતિજ્ઞાથી ચક્રવર્તીના જેવું વિશાળ રાજ્ય વૈભવ વિગેરે પામ્યા. વાત્સલ્યભાવે મેઘરથ રાજાએ તીર્થંકર નામ કર્મનું ઉપાર્જન કર્યું. આ બે વાત શાસ્ત્રોમાં જાણીતી છે. ॥ ૧૮૨ ॥

### પ્રેમ વિના વૈયાકરણીઓ અને નૈયાયિકો શુષ્ક છે.

**शाब्दिकास्तार्किकाः शुष्काः, शुद्धप्रेम विना हहा ।**
**शुद्धप्रेम विना ब्रह्म, कस्य नैव प्रकाशते ॥१८३॥**

**અર્થ**:—વૈયાકરણીઓ તથા તાર્કિક પંડિતો જો શુદ્ધ પ્રેમ વિનાનાજ હોય તો ખેદથી કહું છું કે તે શુષ્ક–લુખાજ સમજવા. શુદ્ધપ્રેમ વિના કોઇને આત્મસ્વરૂપ બ્રહ્મ પ્રગટ થતું નથી. ॥ ૧૮૩ ॥

### પ્રેમ વિનાની બુદ્ધિ નિરસ છે

**शुद्धप्रेम विना बुद्धि–र्नीरसा खेददायिनी ।**
**ज्ञात्वैवं हृद्य सत्प्रेम, सेव्यं भक्तैः स्वभावतः ॥१८४॥**

**અર્થ**:—હૃદયમાં જો શુદ્ધપ્રેમ નજ હોય તો તે મનુષ્યની બુદ્ધિ ચતુરાઇ નીરસ હોવાથી માત્ર ખેદ આપનારીજ થાય છે. એવું સમજીને પ્રેમ ભક્તોએ સ્વભાવથી શુદ્ધ એવા હૃદ્ય એટલે સુંદરપ્રેમ સેવવો તેજ યોગ્ય છે. ॥૧૮૪॥

**વિવેચનઃ**—જ્યાંસુધી મનુષ્યમાં શુદ્ધ નિર્વિકારી પ્રેમ પ્રગટ ન થાય ત્યાંસુધી તેઓમાં જે વિચારશક્તિ હોય, તાર્કિકશકિત હોય તે વડે પોતાની ઇષ્ટ વાતોની સિદ્ધિઓ બકવાદથી ભલે કરે, જ્ઞાતિ, સંઘ મંડળ જનતાના નાયક અને દેશ કે રાજ્યના અમલદાર બને તોપણ સત્યપ્રેમ વિનાના હોવાથી જગતનું કલ્યાણ તેઓથી નથી થતું પણ દુઃખ દરિદ્રતા વધારવા-માંજ તેઓની બુદ્ધિનો ઉપયોગ થાય છે. આથી હે પ્રેમભક્તો તમો સર્વ જગતના જીવ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્માઓ પ્રત્યે મૈત્રી ભાવમય હૃદ્ય-સુંદર નિર્દોષ વ્યાપકભાવે પ્રેમને પ્રગટ કરીને સહજ ભાવે આત્મસ્વરૂપ જે પ્રેમ છે તેને સફળ બનાવો.

## શુદ્ધ પ્રેમથી ચિત્તની એકાગ્રતા થાય છે

**शुद्धप्रेमप्रभावेण, चित्तैकाग्र्यं भवेद्द्रुतम् ।**
**ध्येयस्य स्थैर्यभावाय, शुद्धप्रेमैव कारणम् ॥१८५॥**

**અર્થ**:—શુદ્ધપ્રેમના પ્રભાવથી ચિત્તની એકાગ્રતા જલ્દીથી થાય છે તેથી ધ્યેયની પ્રાપ્તિ માટે જે સ્થિરતા થવી જોઈએ તેને માટે પ્રેમજ એક કારણ છે ॥૧૮૫॥

**વિવેચનઃ**—પરમાત્મા અને ધ્યાન કરનારો પ્રેમયોગી અભેદભાવે એકરૂપ બને છે કહ્યું છે કેઃ-

**अनन्यशरणीभूय, स तस्मिन् लीयते तथा । ध्यातृध्यानोभयाभावो, ध्येयेनैक्यं यथा व्रजेत् ॥ ३ ॥** અર્થ-અન્ય સર્વે વસ્તુના આવલંબનને છોડી દઈને એક પરમાત્માના સ્વરૂપ રૂપ ધ્યેયમાં લીન થાય છે તે એવી રીતે કે તેમાં ધ્યાન કરનારો આત્મા અને ધ્યાન બન્નેનો અભાવ થાય છે એટલે તે ધ્યેયમાં એકત્વભાવ થાય છે. તેમાં શુદ્ધભાવ યુક્ત નિર્વિકલ્પ એક સત્યપ્રેમ જ ઉપાદાન થાય છે, તે પ્રેમની પ્રાપ્તિ અર્થે વિષય કષાયોને અને સ્વાર્થોને છોડવા પડે છે અને આત્માનો સંયમ રાખવો પડે છે ॥૧૮૫॥

## પ્રેમ-મેઘ ચંદ્ર સૂર્ય બધું છે

**प्रेम मेघायते विश्वे, प्रेम सूर्यायते स्वयम् ।**
**प्रेम चंद्रायते सम्यग्, प्रेम सर्वायते सदा ॥१८६॥**

**અર્થ**—પ્રેમવિશ્વમાં મેઘસમાન આચરણ કરે છે, પ્રેમ સૂર્યના સમાન પણ સ્વયં આચરણ કરે છે, પ્રેમ ચંદ્રસમાન સારીરીતે આચરણ કરે છે, એટલે પ્રેમ સર્વ પ્રકારના સર્વદા આચરણો કરે છે.

**વિવેચનઃ**—પ્રેમ ભવ્યઆત્માઓના ચિત્તને પ્રફુલ્લ કરે છે અને પ્રેમથી ભવ્યઆત્માઓના ત્રિવિધ તાપો નાશ પામે છે. સર્વદા પ્રેમીઓને પ્રેમીનું મિલન સુખ આપનારૂં થાય છે **"क्व सरसि वनखण्डं, पङ्कजानां क्व सूर्यः, क्व च कुमुदवनं वा कौमुदीबन्धुरिन्दुः, दृढपरिचयबद्धा प्रायशः सज्जननां नहि विचलति मैत्री दूरतोऽपि स्थितानाम् ॥ १ ॥** અર્થઃ- જુઓ તો ખરા કે પૃથ્વી ઉપરના સરોવરોમાં રહેલા વનના ખંડોમાં પદ્મ પંકજો રહેલા છે અને દૂરથી પણ દૂર આકાશમાં તેજસ્વી સૂર્ય રહેલો છે તે બંન્નેનું સ્થાન કેટલું દૂર છે, છતાં પણ તે પદ્મો દૂર રહેલા સૂર્ય ઉપર કેટલો પ્રેમ કરે છે. તે સૂર્યના દેખવા માત્રથી આખું પદ્મ વનખંડ પૂર્ણભાવે વિકસ્વર બને છે તેવીજ રીતે કુમુદ વનમાં રહેલાં કુમુદો પણ કુમુદીબંધુ ચંદ્રમાને જોતાં કેવાં ખીલે છે તે પણ જુઓ તેવીજ રીતે દઢ પરિચ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યવાળા સ્નેહથી બંધાએલા સજ્જનોમાં પ્રાય, તેવીજ સર્વદા પ્રીતિ કાયમ જામેલી હોય છે, એટલે એક બીજા કર્મયોગથી દૂર દેશમાં વસતા હોય તો પણ તે પ્રેમમૈત્રીનો ત્યાગ કરતા નથી એક બીજાને ભૂલતા નથી એટલે પ્રેમથી ચલાયમાન થતા નથી. તેવીરીતે ભવ્ય આત્માઓમાં દેવ ગુરૂ ધર્મ તથા જગતના સર્વ પ્રાણીવર્ગ ઉપર જે સત્ય પ્રેમ પ્રગટે છે તેના સુંદર સુંદરતર ફળોનો આસ્વાદ લેતાં પ્રેમનો વધારો થાય છે અને દઢ બને છે. અને સર્વત્ર વ્યાપક બનેલો પ્રેમ સૂર્ય ચંદ્ર અને મેઘની પેઠે સર્વત્ર વ્યાપક બને છે. ॥ ૧૮૬ ॥

## પ્રેમમાં ઇષ્ટતા અને મિષ્ટતા છે.

**सर्वमिष्टपदार्थेभ्यः प्रेमणि मिष्टताऽधिका ।**
**इष्टत्वं चैवमिष्टत्वं, सत्यप्रेमिषु सर्वदा ॥१८७॥**

**અર્થ**:—સર્વ મીઠા પદાર્થોથી પણ સત્ય પ્રેમમાં અધિક, મીઠાશ રહેલી છે કારણ કે સર્વ ઇષ્ટ-વહાલા પદાર્થો સર્વ કોઇને મીઠા લાગે છે તેવી રીતે સત્ય પ્રેમીઓમાં સર્વદા મીઠાશ હોય છેજ. ॥ ૧૮૭ ॥

**વિવેચનઃ**—જગતમાં સર્વ પદાર્થોમાં જે મિષ્ટત્વ રહેલું છે, તે કાયમ રહેતું નથી. પણ જે આત્મામાં પરસ્પર શુદ્ધતા પૂર્વક નિર્વિકલ્પ પ્રેમ હોય છે તેમાં જે મીઠાશ હોય છે તેવી જગતના કોઇ પણ પુદ્‌ગલ પદાર્થોમાં મિઠાશ નથી અનુભવાતી એટલે સત્ય શુદ્ધ પ્રેમની મીઠાશ સર્વ પદાર્થો કરતાં અધિકતર છે. કારણ કે તે પ્રેમમાં પરસ્પરમાં એક બીજાનું ઇષ્ટત્વ એટલે ચાહનાપણું રહેલું છે. ॥ ૧૮૭ ॥

## સાચા પ્રેમ આગળ જગત્ નમે છે.

**विश्वं सर्वं नमत्येव, पुरः प्रेम्णः स्वभावतः ।**
**सर्वत्र प्रेमसाम्राज्यं, पूर्णानन्दं प्रवर्त्तते ॥१८८॥**

**અર્થ**:—સાચા પ્રેમ આગળ સમગ્ર જગત્ નમી પડે છે. જગત્‌ભરમાં બધે ઠેકાણે પૂર્ણાનંદ પ્રેમનું સામ્રાજ્ય વર્તે છે. ॥૧૮૮॥

## મન વચન અને કાયાને પ્રેમમય કરીને વિચરો

**मनःप्रेममयं कृत्वा, वाचं प्रेममयीं तथा ।**
**देहं प्रेममयं कृत्वा, प्रेमिन्? सर्वत्र संचर ॥१८९॥**

**અર્થ**:—મનને પ્રેમમય કરીને વાણીને પ્રેમમય કરીને તથા દેહને પ્રેમમય બનાવીને હે પ્રેમી આત્માઓ તમે જગતમાં સર્વ સ્થાને વિચરો. ॥ ૧૮૯ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પ્રેમી જીવનમુકિત બન્ને દેહમાં અનુભવે છે

**मृत्वा पुनर्ममहाप्रेम्णा, जीवन्तः प्रेमयोगिनः**
**जीवन्मुक्तिः सदेहेऽपि प्रेम्णाऽनुभूयते स्वयम् ॥१९०॥**

**અર્થ**:—પ્રેમયોગીઓ પ્રેમથી મરણ પામીને પ્રેમમાંજ જીવે છે.તેથી પોતાના શરીરમાં રહેવા છતાં જીવનમુકિત પ્રેમયોગીઓ સ્વયં અનુભવે છે. ॥ ૧૯૦ ॥

**વિવેચનઃ**—જગતમાં સાચા પ્રેમયોગી શુદ્ધ નિર્વિકલ્પ પ્રેમમાં સર્વ જીવો ઉપર મૈત્રીભાવ કરૂણાભાવ પ્રમોદભાવમય પ્રેમ યુકત જીવે છે અને તેવા સ્નેહ–પ્રેમમાંજ દશ પ્રાણના ત્યાગ રૂપ મરણ પામે છે એટલે તે પ્રેમયોગીઓના સાચા પ્રેમમાં જરા પણ વિકાર પામતોજ નથી જીવવામાં આનંદ અને મરણમાં ખેદ સામાન્ય લોકો અનુભવે છે. ત્યારે સાચા પ્રેમયોગીઓને જીવન અને મરણમાં સમાનતા–સરખો પ્રેમ–આનંદ અનુભવાય છે. **दुःखं प्राप्य न दीनः स्यात् सुखं प्राप्य न विस्मितः। मुनिः कर्मविपाकस्य जानन्परवशं जगत् ॥ १ ॥** શ્રીમાન યશોવિજયજી વાચક વર જણાવે છે કે સાચો પ્રેમયોગી મુનિવર શરીરનાં દુઃખો પામીને ઉદ્વેગ ખેદ કે દીનતા નથીજ ધારણ કરતો. તેમજ શરીર નિરોગી હોય, લોકો સત્કાર સન્માન કરે, અનુકુળ આહાર પણી આગ્રહપુર્વક આપે તો પણ વિસ્મય –અભિમાન ન ધારણ કરે અને વિચારે કે આ બધું શુભાશુભ કર્મોના વિપાકનું જ પરિણામ છે. ॥ ૧૯૦ ॥

## અહિંજ પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે

**अत्रैव परमब्रह्म–साक्षात्कारोऽनुभूयते ।**
**शुद्धप्रेमिजनैः सद्यः, कृपां प्राप्य प्रभोर्ध्रुवम् ॥१९१॥**

**અર્થ**—પ્રેમીજનો અહિંયાજ સાક્ષાત્કારરૂપ પરમબ્રહ્મનો અનુભવ કરે છે. એટલે તેમાં પ્રેમીઓને પરમાત્માનું પ્રત્યક્ષ દર્શન થવામાં પરમાત્માની કૃપા નિશ્ચયથી કારણ છે ॥૧૯૧॥

**વિવેચનઃ**—માત્ર એક શુદ્ધ નિર્વિકલ્પ પ્રેમમય ધ્યાનના અનુભવથીજ સમજાય તેવું જેનું સ્વરૂપ છે તે પરમાત્માની કૃપાથી પરમાત્માનું સ્વરૂપ તથા આત્માનું સ્વરૂપ અનુભવાય છે. એટલે પરમાત્માની ઉપર જે શુદ્ધ પ્રમોદમય ભકિતભાવરૂપ કૃપા છે તેના બળથી મોહના આવરણનો નાશ થવાથી પરમાત્માના સ્વરૂપનું તથા આત્માના સ્વરૂપનું પ્રત્યક્ષભાવે સાક્ષાત્ સંવેદન નિશ્ચયથી થાય છે. **॥ अस्मिन् हृदयस्थे तिष्ठति तत्वतो मुनीन्द्रे इति। हृदय स्थिते च तस्मिन् नियमात् स्वार्थसिद्धिः ॥१॥** શ્રી **સિદ્ધસેન દિવાકરસૂરિ** કહે છે કે જે ભવ્ય આત્માઓના હૃદયમાં પરમાત્માએ કહેલી શાસ્ત્ર આજ્ઞા પ્રેમપૂર્વક બહુમાન યુકત સ્થિર થઈ છે તેના હૃદયમાં વસ્તુતઃ પરમાત્મા જ અવશ્ય બેઠેલા છે એમ સમજવું આવીરીતે પ્રેમથી જેમના હૃદયમાં પરમાત્મા બેઠેલા છે તેવા ભકિતવંત પ્રભુભકતને પરમાત્મા પ્રત્યે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્ષજ હોય છે. તેમજ તેવા પ્રેમયોગીને સર્વ બાહ્ય અભ્યંતર જેજે પદાર્થોની વાંચ્છા થાય છે તે સર્વ સંપૂર્ણ સિધ્ધ થાય છે. આવીરીતે પ્રેમયોગીયો ઉપર પરમાત્માની અપૂર્વ કૃપા છે, એમ સમજવું. ॥૧૯૧॥

## ગુરૂ તેજ સાક્ષાત્‌ભાવે પરમાત્મા છે.

गुरुरेव प्रभुःसाक्षा–च्छ्रद्धायां यस्य विद्यते ।
शुद्धप्रेमोद्भवस्तस्य, जायते नात्र संशयः ॥१९२॥

**અર્થ**:—ગુરૂ તે જ સાક્ષાત્‌ભાવે પરમાત્મા છે એવી જેનામાં શ્રદ્ધા હોય તે વડે શુદ્ધ પ્રેમનું પ્રાગટ્ય થાય છે. તેમાં જરાપણ સંશય રાખવાનો નથી. ॥૧૯૧॥

**વિવેચનઃ**—ગુરૂદેવ તેજ પરમાત્મા છે. તેવી મન વચન કાયયોગથી શ્રદ્ધા થાય તેનેજ શુદ્ધપ્રેમી જાણવો, તેવો પ્રેમી આત્મા પરમાત્મ સ્વરૂપને પ્રત્યક્ષરૂપે અનુભવે તેમાં જરાપણસંશય નથી. ભગવાન શ્રી ઇંદ્રભૂતિ ગૌતમ ગણધર પરમાત્મા મહાવીરદેવની અનુમતિ પામીને અષ્ટાપદ પર્વત ઉપર પરમાત્માના દર્શન કરવા ગયા ત્યારે પાછા ફરતી વખતે પંદરસોને ત્રણ તાપસ વૃંદને ઉપદેશ આપીને દીક્ષા દીધી. એ સર્વ તાપસોને ગૌતમસ્વામિ ઉપર શુદ્ધ પ્રેમ–શ્રદ્ધા ભકિતનો ઉલ્લાસ થયો તેના યોગે કેવલજ્ઞાન રૂપ પરમાત્મ સ્વરૂપનો સાક્ષાત્કાર થયો, તેવીરીતે ગુરૂઓ ઉપર જે સત્યશુદ્ધ પ્રમોદપૂર્વક પ્રેમ શ્રદ્ધા કરે છે તે પ્રેમયોગીઓને શુદ્ધ આત્મસ્વરૂપ અને પરમાત્મ સ્વરૂપનો પ્રત્યક્ષ બોધ થાય છે તેમાં જરાપણ સંશય નથી. ॥૧૯૨॥

## સત્ય પ્રેમથી પ્રાણીઓ એક બીજાને આકર્ષણ કરે છે

सत्यप्रेमबलेनैव, सर्वत्र सर्वदेहिनाम् ।
परस्परं मनः पूर्ण–भेदाऽभावेन वर्त्तते ॥१९३॥

**અર્થ**:—સર્વ પ્રાણીઓને સર્વ જગ્યાએ સત્યપ્રેમના બળથી પરસ્પર એક બીજાને પૂર્ણ સ્નેહથી જોવે છે તેઓમાં ભેદનો અભાવ હોવાથી પૂર્ણપ્રેમથી જોવાય છે ॥૧૯૩॥

## સત્યપ્રેમ ન હોય ત્યાં શંકા કે વિતર્ક થાય છે

सत्यप्रेम न यत्राऽस्ति, तत्र शङ्का प्रवर्त्तते ।
संशयात्मा भवेन्नष्ट–आत्मनः सर्वशक्तितः ॥१९४॥

**અર્થ**:—જ્યાં આત્માઓમાં સત્યપ્રેમ હોતો નથી ત્યાં પરસ્પર એકબીજા પ્રત્યે શંકાઓજ રહે છે. સંશયવાળા આત્માઓ સર્વ શકિતઓનો નાશ કરે છે અને પોતે પણ આત્મ શકિતથી ભ્રષ્ટ થઇને સંસારમાં ભ્રમણ કરે છે. ॥૧૯૪॥

**વિવેચનઃ**—જેને પ્રેમ ન હોય શ્રદ્ધા ન હોય તે આત્મા આત્મકલ્યાણ કરી શકતો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી એટલે તે નાશનેજ પામે છે. કહ્યું છે કે ॥ **अज्ञश्चाश्रद्दधानश्च संशयात्मा विनश्यति नायं लोकोऽस्ति न परो न सुखं संशयात्मानः ॥४०॥** (ગીતા) અર્થ–અજ્ઞાની, અશ્રદ્ધાળુ અને સંશયવાન આત્મા નાશનેજ પ્રાપ્ત કરે છે. એટલે જેઓને અદશ્ય ઇન્દ્રીઓથી નહીં દેખાતા સ્વર્ગ, નરક, પરમાત્મા વગેરેમાં શ્રદ્ધા ન હોય આ લોકમાં આત્માને ન માને અને પરલોકમાં સ્વર્ગાદિકને ન માને અને સંશયવાન્ બની ધર્મ કરણી કરતો નથી. અને જે કંઇ કરે તે પણ શ્રદ્ધા રહિત કરે તેથી તે સફળતા મેળવી શકતો નથી. તેથી તે આત્માનું તપ જપ પૂજા દાન વિગેરે નિષ્ફળ એટલે નાશજ પામે છે. આત્માની શકિત પણ નષ્ટ જ થાય છે. જેને શ્રદ્ધા હોય તેને ફળ પ્રાપ્તિ માટે આશા હોવાથી હિમ્મતથી શ્રદ્ધાવડે પ્રયત્ન કરતાં–પ્રેમશ્રદ્ધા કરતાં ઇષ્ટ સિદ્ધિને શ્રદ્ધાવંત અવશ્ય પામે છે. સંશયવાન નષ્ટ થાય છે સંસારમાં ભમે છે. દેવગુરૂ ધર્મ ઉપર દ્વેષ, ખેદ અરૂચિ થવાથી અનંત સંસારમાં દુઃખ પામતો છતો ભમે છે ॥૧૯૪॥

## પ્રેમથી જગતનું ઐક્ય સધાય છે

**प्रेमधर्मेण विश्वैक्यं, साध्यते नात्र संशयः ।**
**नान्योपायाः प्रवर्त्तन्ते, बाह्यभेदविनाशकाः ॥१९५॥**

**અર્થ:**—આખા જગતનું એકત્વ કરવું હોય તો તે એક માત્ર પ્રેમધર્મથીજ સાધી શકાય તેમ છે. તેમાં જરા પણ સંશય નથી. તેથી અન્ય બાહ્ય ભેદનો નાશ કરવાનો પ્રેમ સિવાય બીજો ઉપાય નથી. ॥ ૧૯૫ ॥

**વિવેચનઃ**—પ્રેમધર્મનું આરાધન કરવાવડે આખું વિશ્વ–જગત એકત્વ ભાવે પ્રેમ સ્વરૂપે અનુભવાય છે. આ શુદ્ધ નિર્વિકલ્પ વ્યાપક ભાવવાળા પ્રેમધર્મ સિવાય એકે ઉપાય એવો નથી કે જે વડે આખું જગત એકસ્વરૂપ અને એક રૂપ બને. માત્ર એક પ્રેમથી આત્માઓ અરસપરસ એક બીજાને ચાહે છે તેમને મળવા ઇચ્છે છે તે વાતમાં જરા પણ શંકા કે સંશય નથી, માટે આત્મહિતેચ્છુઓએ પ્રેમધર્મની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો. સર્વને પ્રેમથી ચાહવું તેઓના ભલા માટે યત્ન કરવો–પ્રેમ કરવો. તેઓનું ભલુ કરવામાં ઉંચ નીચનો ભેદ રાખવો જોઇએ નહિ બ્રાહ્મણ યા શુદ્ર બન્ને ઉપર સરખોજ પ્રેમ રાખવો જોઇએ. દરેક આત્મા આત્મધર્મથી સરખાજ છે. દરેક આત્માઓ મુકિતના અધિકારી છે. બ્રાહ્મણ પણ જો વિષયમોહમાં ફસાઇ ઇંદ્રિયોનો વશ ન કરે, અનાચાર સેવે તો તે પણ નરકગતિનો અધિકારી થાય છે. માટે સર્વ ઉપર પ્રેમથી વર્તીને સર્વને મોક્ષમાર્ગનું ગમન કરવાનું બનાવનાર તેજ પ્રેમ વિશ્વવ્યાપક થઇ એકસ્વરૂપ બનાવશે. ॥ ૧૯૫ ॥

## દેશોનું ઐક્ય પણ પ્રેમથી થાય છે

**सर्वदेशीयलोकेषु, शुद्धप्रेमप्रवर्त्तनात् ।**
**सर्वदेशेन विश्वैक्यं, जायते विश्वशान्तिदम् ॥१९६॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થઃ**—સર્વ દેશના લોકોમાં જ્યારે શુદ્ધ પ્રેમનું પ્રવર્તન થાય છે ત્યારે સર્વ દેશ વડે સર્વત્ર શાંતિ આપનાર વિશ્વનું ઐક્ય પ્રગટ થાય છે. ॥ ૧૯૬ ॥

**વિવેચનઃ**—સર્વ દેશ દેશના લોકોનો અરસપરસ પ્રેમ-વિશ્વાસ વધે મૈત્રીબંધુત્વ જામે તેવી પ્રેમયોગીની પ્રવૃત્તિ થતી હોવાથી સર્વ જગતના દેશોમાં પરસ્પર વ્યાપકભાવે વિશ્વપ્રેમ પ્રગટ થાય છે. તેથી પરસ્પર એક બીજાના ભયો નષ્ટ થાય છે. વિશ્વાસ બેસે છે. સહકાર સધાય છે. સર્વત્ર સર્વ દેશોમાં શાંતિની સ્થાપના થાય છે. તેમાં એક માત્ર ઉપાદાન કારણ પ્રેમજ છે. ॥ ૧૯૬ ॥

## હંમેશા આત્મમાં વિશ્વાસભાવથી પ્રેમ કરો

**नित्यात्मनि कुरु प्रेम, भव्यविश्वासभावतः ।**
**आत्मैव सर्वथा सेव्यः, स एव सर्वतो महान् ॥१९७॥**

**અર્થઃ**—ભવ્ય વિશ્વાસભાવથી આત્મામાં હંમેશા પ્રેમ કરો આત્માજ સર્વથા સેવવા યોગ્ય છે. કેમકે તે જ સર્વથી મહાન છે.

**વિવેચન**—જગતના સર્વ પદાર્થોમાં આત્મા અને પરમાત્મા પરમ મહાન છે અને સર્વ કરતાં મોટા છે કહ્યું છે કે, **॥ ज्ञान दर्शन सम्यक्त्वं चारित्रसुखवीर्यभूः । सर्वोत्तम-कलामयः ॥१॥**

જ્ઞાન દર્શન ચારિત્ર સમ્યકૂત્વ સુખ વીર્ય વિગેરેની ઉત્પત્તિ કારણ પરમાત્મ સ્વરૂપનો જે પ્રકાશ થાય તે છે સર્વ ઉતમ કલામય શરદઋતુના ચંદ્રમા સમાન પરમાત્મસ્વરૂપ પ્રકાશ તે જ આત્મગુણને પ્રગટ થવામાં ઉપાદાન કારણ છે. તેથી આત્મસ્વરૂપ પ્રગટ થાય માટે પરમાત્મા ઉપર પરમ શુદ્ધ પ્રેમ પ્રગટાવો. ॥૧૯૭॥

## આત્મામાં પ્રેમ કરવાથી ઘણા મુકિતને પામ્યા છે

**आत्मनि प्रेमयोगेन, मुक्तिं प्राप्ता जना भुवि ।**
**अतः सर्वात्मसु प्रेम, कुरुध्वं प्रेमयोगिनः ? ॥१९८॥**

**અર્થઃ**—આત્મામાં પ્રેમયોગ કરવાવડે ઘણા આત્માઓ મુકિતને પામ્યા છે તેથી હે પ્રેમયોગીઓ તમે સર્વઆત્મામાં પ્રેમ કરો. ॥૧૯૮॥

## પ્રેમ એજ જૈનધર્મ છે

**प्रेमैव जैनधर्मोऽस्ति, सद्धर्मरुच्यपेक्षया ।**
**प्रेमैव सद्गुरुं देवं, भजन्तु सर्वशक्तितः ॥१९९॥**

**અર્થ**—પ્રેમજ જૈનધર્મ છે કારણ કે સત્યધર્મમાં જે રૂચિ તેની અપેક્ષાથી, પ્રેમ તેજ ધર્મ છે. પ્રેમથી સુદેવ સુગુરુની સેવા ભકિત થાય છે. તું પણ સર્વ શકિતવડે પ્રેમથી દેવ ગુરૂને સેવ. ॥ ૧૯૯ ॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વિવેચનઃ**—જીનવર તથા ગુરૂઓ ઉપર તેમણે ઉપદેશેલા ધર્માનુષ્ટાન ઉપર રૂચિ થવી, બહુમાન-આદર થવો તે રૂપ સમ્યગદર્શન છે અને તે રૂપ જે પ્રેમ તેજ વસ્તુતઃ જૈન ધર્મ પ્રાપ્તિની આદિની અપેક્ષાએ ધર્મ છે કહ્યું છે કેઃ—**तुहवयणे तत्तरूइ, परमथ्थमजाणओ वि दव्वगय सम्मभावगयं पुण परमथ्थवियाणगो होइ.** ॥ ૧૦ ॥ ( સમ્યક્ત્વ સ્વરૂપ ).

અર્થ–હે ભગવાન તમારા ઉપદેશેલા વચનમાં જે પરમાર્થનું રહસ્ય રહેલું છે તેનો પણ જો કે અજાણ હોય તો પણ તમારા વચન સત્ય છે આદરવા યોગ્ય છે, મારે જાણવા યોગ્ય છે તેવી તત્વ સમજવાની જે રૂચિ રૂપ જે પ્રેમાદ તેજ સમ્યકૂત્વ દ્રવ્યસ્વરૂપે છે. તે પૂર્ણ રહસ્ય નથી જાણતો તો પણ જેમના રાગદ્વેષ મોહ કષાય અજ્ઞાન નાશ થયો છે તેવા વિતરાગ અસત્ય નથીજ કહેતા. તેમનું વચન સંપૂર્ણ: સત્ય છે. તેમ જાણે છે તે તત્વ રૂચિ દ્રવ્યરૂપ સમ્યક્ત્વ છે અને જે સાત નય સાત ભંગ ને જાણે છે તે વડે વસ્તુઓના પ્રમાણ પ્રમેયનો નિશ્ચય કરે છે તે ભાવ સમ્યકત્વ તત્વરૂચિમયજ હોય, તે તત્વરૂચિ તેજ પ્રેમમય ધર્મસ્વરૂપ છે. ॥ ૧૯૯ ॥

प्रेमार्पणं प्रेम हवि,–रात्माग्नौ प्रेमिणा हुतम् ।
आत्मैष तेन लब्धव्यः, प्रेमधर्मसमाधितः ॥२००॥

**અર્થ**:—પ્રેમીજનોએ આત્મ રૂપ અગ્નિમાં પ્રેમરૂપ દ્રવ્યને પ્રેમથી અર્પણ કરવું-હોમવું જોઇએ, તેના યોગથી જે પ્રેમધર્મની સમાધિ થાય છે તે વડે આ પરમ શુદ્ધ આત્માનું સ્વરૂપ પ્રાપ્ત થાય તેમ છે. ॥ ૨૦૦ ॥

**વિવેચનઃ**—શુદ્ધ પ્રેમયોગીઓએ પરમ બ્રહ્મરૂપ આત્મપ્રેમની ઉપાસના કરવા પ્રેમયજ્ઞ કરવો જોઇએ. તે કેવીરીતે થાય તે જણાવે છેઃ–

**सुसंवुडा पंचहिं सवरेहिं इह जीवियं अणवकंखमाणा वोसट्ठकाया सुचइत्तदेहा महाजयं जयति जन्न सेट्ठं ॥१॥** પાંચ સંવરથી સંવરયોગવંત થએલા આ શરીરની આકાંક્ષાથી રહિત થએલા તથા કાયા ઉપરની મમતાને છોડી દેનારા સારીરીતે દેહનો અણુસણ પૂર્વક ત્યાગ કરનારા મહાન યતિવરો શ્રેષ્ઠ મહાયજ્ઞ કરે છે. ॥૨૦૦॥

**હે માણસો તમે શુદ્ધ પ્રેમમાં આવો**

आगच्छतु जनाः सर्वे, शुद्धप्रेमणि वेगतः ।
चिरं विहृत्य सत्प्रेम्णि, भवामः सुखिनः सदा ॥२०१॥

**અર્થ**:—હે સર્વ પ્રેમીજનો તમે એકદમ શુદ્ધપ્રેમમાં આવી જાવ. તે પ્રેમમાં ઘણા કાળસુધી વિચરી આપણે બધા પૂર્ણ થઈને સર્વદા આનંદનો અનુભવ કરીએ. ॥૨૦૧॥

**સાથે મળી પ્રેમમાં ગમન કરીએ અને ગાન કરીએ**

सार्द्धं संमील्य गच्छेम, स्वादेमैक्यस्वरूपतः ।
प्रेमगानानि गायेम, महावीरप्रभोर्मुदा ॥२०२॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ:**—આપણે બધા સાથે સમ્યગ્ રીતે મળીને પ્રેમમાં ગમન કરીએ, સ્વરૂપમાં એકત્વ થઇને પ્રેમરસનું પાન કરીએ, પ્રેમથી મહાવીર પ્રભુના ગુણગાન અવશ્ય ગાઇએ. ॥૨૦૨॥

**વિવેચન:**—આપણે સાથે મળીને સ્વસ્વરૂપમાં ગમન કરીએ, કહ્યુ છે કે,

"અમોને તમો સમજાતિ, અમોને તમો સમજ્ઞાતિ,
પશુ પંખી અમારાં છે, અમારા તે તમારા છે. ॥ ૧ ॥
નથી કોઈ કોઇનું વૈરી, નથી કોઈ કોઇનું ઝેરી,
સહુ જીવ મિત્ર મારા છે, મમત્વભાવ વિસાર્યા છે. ॥ ૨ ॥
જીવોને પ્રેમથી ભેટું, અમારે કાંઇ નહીં છેટું,
અમારે સર્વથી હળવું, અમારે સર્વથી મળવું. ॥ ૩ ॥
દયાગંગા હૃદય વહેતી, અમોને પ્રેમથી કહેતી,
અમારામાં જે સદા ઝીલે, અનંતા સુખને સહી લે. ॥ ૪ ॥
અમારી આંખમાં ચંદ્ર, અમારા નેત્રમાં ભદ્ર,
જગત આભાસનું મોટું, જગત આભાસનું ખોટું. ॥ ૫ ॥
અપેક્ષા જીવનની સાચી, એકાંતે વાત છે કાચી,
બુધ્ધ્યબ્ધિ જીનની સેવા, અમારે શુદ્ધ એ મેવા ॥ ૬ ॥

આમ આપણે બધા સહજભાવથી સમાન ગુણ ધર્મવંત હોવાથી સ્વરૂપથી અભેદ હોવાથી એકત્વ છીએ તેથી સત્યપ્રેમવડે એકત્વ કરવું જોઇએ. સર્વે લોકોએ પ્રેમથી એકત્વ ભાવે ભેગાં થઇને પરમ પ્રેમયોગીન્દ્ર પરમાત્મા મહાવીર જીનેશ્વરના જે આત્મસ્વરૂપ ગુણો છે કે જે સર્વ જગતને પરમ પંથ મોક્ષમાર્ગમાં પ્રેમથી પ્રવૃત્તિ કરાવે છે તેમના ગુણોનું સંગીતમય ગાયન કરવું. તેમાં એકતાર થઇને આત્મા પરમાત્માનું એકત્વભાવે–અભેદભાવે ધ્યાન કરવું તે પરમ સુખનું કારણ થાય છે. ॥ ૨૦૨ ॥

## બાહ્ય અને આંતરભાવના પ્રેમથી ભગવાન મહાવીરને જોવા જોઇએ.

**बहिरन्तर्महावीरं, पश्येम प्रेमभावतः ।**
**व्रजेम श्रीमहावीरं, बाह्याध्यासवियोगतः ॥२०३॥**

**અર્થ:**—બાહ્ય તથા અંતરભાવના પ્રેમ વડે ભગવાન મહાવીરને આપણે જોઇએ, બાહ્યભાવનો વિયોગ થવાથી આપણે ભગવાન શ્રી મહાવીરને પ્રાપ્ત કરીએ. ॥ ૨૦૩ ॥

**વિવેચન:**—પરમાત્મા ભગવાન મહાવીર દેવનાં દર્શન બાહ્યભાવે અને અંતર ભાવે પ્રેમથી કરવા તૈયાર થવું. તેમાં બાહ્યભાવે ભગવાનને પ્રેમભાવથી જોવાનો પ્રયત્ન કરતાં એમ વિચારવાનું થાય છે કે ભગવાન મહાવીરની માતા શ્રી ત્રીશલાદેવીની કુક્ષિમાં આવ્યા પછી માતાને જરાપણ દુઃખ ન થવું જાઇએ એમ વિચારી અંગોપાંગ સંકેલી પરમબ્રહ્મના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધ્યાનમાં લીન થયા હતા પણ તેથીં માતાને ગર્ભ ગળી ગયાનો ખોટો વિકલ્પ થયો તે કારણે શોકાતુર થયાં અને ખેદ કરવા લાગ્યાં જ્યારે ભગવાને જાણ્યું ત્યારે તેમના પ્રમોદ માટે હળવેથી જરા ભગવાને અંગોપાંગ હલાવ્યાં તેથી માતા પ્રમોદને ધરતાં ખુશી થયાં. આ સમયે માતા પિતાને અદૃશ્ય અવસ્થામાં પણ આટલો મોહ પ્રેમ થયો ત્યારે તે જો પ્રગટભાવે મને દેખશે ત્યારે કેટલો મોહ હશે તેમ વિચાર કરી ભગવાન શ્રી મહાવીર પરમાત્માએ માતાપિતાને દુઃખ થાય નહિ તે માટે માતાપિતા જીવંત હોય ત્યાં સુધી દીક્ષા લેવી નહીં તેવો અભિગ્રહ કર્યો. તેવી પ્રતિજ્ઞા માતાપિતાની પ્રેમભકિત માટે કરી છે. તેને આપણે વિચારીએ. બીજું બાલવયસ્યો સાથે આમલકી ક્રીડા કરતાં આમ્લીના મહાવૃક્ષે વીંટાઇને સર્વ બાળકુમારને ભયભીત કરનાર મહા ફણીધરને એકજ હાથે ક્ષણવારમાં પકડી દુર ઉછાળી દીધો ત્યાં તેમની નિર્ભયતા અને સર્વબાળ મિત્રો ઉપર પ્રેમભાવ તેને વિચારવો ત્યાર પછી તેમને ભણવા માટે ઉપાધ્યાયને સોંપવા વરઘોડા સહિત જ્યારે લાવવામાં આવ્યા અને તેમનું જ્ઞાન જગતમાં પ્રકાશ પામે તે માટે ઇંદ્રે તેમને ઉપાધ્યાયના આસન ઉપર બેસાડી ઉપાધ્યાયના મનની ન્યાય વ્યાકરણ વિગેરે શાસ્ત્રમાં શંકાઓ હતી તેના પ્રશ્નો ભગવાનને પુછયા. ભગવાન બાળપણમાં હોવા છતાં પણ તેમણે ગંભીરતાથી તે પ્રશ્નોના ઉત્તરો આપ્યા. ત્યારે ઇંદ્રે ઉપાધ્યાયને કહ્યું કે આ બાળ કુમારને પૂર્વભવથીજ જ્ઞાન થયેલું છે. તે તો, મહાનજ્ઞાની છે અને તીર્થંકર થશે તેઓ આપણા ઉદ્ધાર માટે પ્રેમથી અહીં આવેલા છે. તે પણ વિચારવું. અને તેમના પ્રેમમય ગાંભિર્યાદિક ગુણો પ્રગટાવવા પ્રવૃત્તિ કરવી. ત્યારપછી ભગવાને દીક્ષા લીધા પછી બાર વર્ષ સુધી કૈવલ્ય દશામાં તેમના ઉપર અનાર્ય ભૂમિમાં જે જે ઉપસર્ગો થયા તે ઉપસર્ગ કરનાર ઉપર પણ અપૂર્વ પ્રેમભાવ દર્શાવ્યો તે આપણે વિચારવો જોઇએ. આમ બાહ્ય સ્વરૂપે ભગવાનનો જગત ઉપર કેવો અપૂર્વ અને અથાગ પ્રેમ છે. તેવા પ્રેમપાત્ર આપણે કયારે બનીશું તે માટે આપણે કેટલી તૈયારી કરી છે. તેનો વિચાર કરવો જોઇએ.

હવે તેમનો આંતરિક પ્રેમ જોવા પ્રયત્ન કરીએ. ભગાવાન નિરંતર સર્વ જગત ઉપર પ્રેમને લીધે એજ વિચાર કરે છે કે કોઇ પણ આત્મા પાપ ન કરો અને તે પાપના ફળ ભોગવવા માટે નરક તિર્યંચ આદિ ગતિની પાપમય અવસ્થાને ન પામો. સર્વ જગત પાપ અને દુઃખથી મુકત થાઓ આવી ભાવના તેમના હૃદયમાં નિરંતર વહેતી હતી તે જણાવે છે **मा कार्षीत् कोऽपि पापानि, माऽभूत् कोऽपि दुःखितः ॥ मुच्यतां जगदप्येषा, मतिर्मैत्री निगद्यते ॥ ११८ ॥** **અર્થ**:—જગતના સર્વ પ્રાણીગણોમાંથી કોઈ પણ આત્મા પાપ ન કરો, કોઇ વૈર બંધ ન કરો. તેમજ તેવા પાપના ફળ ભોગવવા માટે નરક તિર્યંચ, દેવ, માનવ યોનિમાં જન્મ ધારણ કરી કર્મોના ફળ રૂપે દુઃખ ન ભોગવો, સર્વ આત્મા સુખી થાઓ. અને સર્વ કર્મમળનો ક્ષય કરી કર્મ અને પાપથી તથા જન્મ મરણ આધિવ્યાધિ અને ઉપાધિથી મુકત થઇ મોક્ષ સુખને પામો. આવી ભાવના તે મૈત્રીભાવના કહેવાય ભગવાન નિરંતર તે ભાવનાને ભાવતા તેથી ભગવાન મહાવીર પ્રેમસ્વરૂપજ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભગવાનને પ્રત્યક્ષ દેખવા આપણે કેવું ધ્યાન કરવું જોઇએ તે જણાવતાં શાસ્ત્રકારો જણાવે છે કે,

"પિંડસ્થાદિક ધ્યાનથી પ્રભુ દર્શન આપે, બુદ્ધિસાગર ભક્તિથી નિજરૂપમાં વ્યાપે"

તેથી પિંડસ્થ, પદસ્થાદિકધ્યાનવડે ભગવાન મહાવીરદેવને આપણે નિરખવા.

सप्तधातुविनाभूतं पूर्णेन्दुविशदद्युतिम् ।
सर्वज्ञकल्पमात्मानं शुद्धबुद्धिः स्मरेत्ततः ॥२३॥
ततः सिंहासनारूढं सर्वातिशयभासुरं ।
विध्वस्ताशेषकर्माणं कल्याणमहिम्नान्वितम् ॥२४॥
स्वांगगर्भे निराकारं संस्मरेदिति तत्त्वभूः ।
साभ्यास इति पिंडस्थे योगी शिवसुखं भजेत् ॥२५॥

ચાર ધારણા કરવા પછી શુદ્ધ બુદ્ધિવાળા યોગીએ સાત ધાતુ વિનાના, પૂર્ણચંદ્રની માફક નિર્મલ કાંતિવાળા અને સર્વજ્ઞ સરખા પોતાના આત્માને સ્મરવો (ચિંતવવો), પછી સિંહાસન ઉપર આરૂઢ થયેલા, સર્વ અતિશયોથી સુશોભિત, સર્વ કર્મોનો નાશ કરનારા અને ઉત્તમ મહિમાવાળા, પોતાના શરીર અંદર રહેલા, નિરાકાર આત્માને સ્મરવો. એ તત્ત્વભૂ નામની ધારણા જાણવી. આ પિંડસ્થ ધ્યાનનો સદા અભ્યાસ કરનાર યોગી મોક્ષ સુખ પામે છે. ૨૩, ૨૪, ૨૫.

## પદસ્થ ધ્યેય અને તેનું ધ્યાન

यत्पदानि पवित्राणि समालंब्य विधीयते ।
तत्पदस्थं समाख्यातं ध्यानं सिद्धांतपारगैः ॥१॥

પવિત્ર ( મંત્રાક્ષરાદિ ) પદોનું અવલંબન લઇને જે ધ્યાન કરવામાં આવે છે તેને, સિદ્ધાંતના પારગામિ પુરૂષોએ પદસ્થ ધ્યાન કહેલું છે. ૧.

तत्र षोडशपत्राढ्ये नाभिकंदगतेंबुजे ।
स्वरमालां यथापत्रं भ्रमंतीं परिचिंतयेत् ॥२॥
चतुर्विंशतिपत्रं च हृदि पद्मं सकर्णिकम् ।
वर्णान्यथाक्रमं तत्र चिंतयेत्पंचविंशतिम् ॥३॥
वक्त्राब्जेऽष्टदले वर्णाष्टकमन्यत्ततः स्मरेत् ।
संस्मरन् मातृकामेवं स्याच्छ्रुतज्ञानपारगः ॥४॥

નાભિકંદપર રહેલા, સોળ પાંખડીવાળા પ્રથમ કમળના દરેક પત્રપર સોળ સ્વરની પંક્તિ ( अ, आ, इ, ई, उ, ऊ, ऋ, ॠ, ऌ, ॡ, ए, ऐ, ओ, औ, अं, अः ) ભ્રમણ કરતી ચિંત-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વવી. હૃદયમાં રહેલા ચોવીસ પાંખડીવાળા કર્ણિકા સહિત કમળમાં, અનુક્રમે વ્યંજનો **क, ख, ग, घ, ङ, च, छ, ज, झ, ञ, ट, ठ, ड, ढ, ण, त, थ, द, ध, न, प, फ, ब, भ, म,** ચિંતવવા. તેમાં આદિની ચોવીસ પાંખડીઓમાં, અને પચીસમો ( મ ) કાર કર્ણિકામાં ચિંતવવો. તથા આઠ પાંખડીવાળા મુખ કમળમાં ( મોઢામાં આઠ પાંખડીવાળા ) કમળની કલ્પના કરવી. તેમાં બીજા બાકીના આઠ વર્ણો **य, र, ल, व, श, ष, स, ह.** સ્મરવા આ પ્રમાણે આ માતૃકાને સ્મરણ કરતો (ચિંતવતો) તેનું ધ્યાન કરતો શ્રુતજ્ઞાનનો પારગામિ થાય. ૨, ૩, ૪,

### હવે રૂપસ્થ ધ્યાન જણાવે છે

**रागद्वेषमहामोहविकारैरकलंकितम् ।**
**शांतं कांतं मनोहारि सर्वलक्षणलक्षितं ॥८॥**
**तीर्थिकैरपरिज्ञातयोगमुद्रामनोरमम् ।**
**अक्ष्णोरमंदमानंदनिस्पंदं ददद्दुतं ॥९॥**
**जिनेन्द्रप्रतिमारूपमपि निर्मलमानसः ।**
**निर्निमेषदृशा ध्यायन् रूपस्थध्यानवान् भवेत् ॥१०॥**
**त्रिभिर्विशेषकम्**

રાગ, દ્વેષ અને મહામોહ અજ્ઞાનાદિ વિકારોના કલંકરહિત, શાંત, કાંત, મનહર, સર્વ ઉત્તમ લક્ષણોથી ઓળખાયેલ, અન્યદર્શનકારોએ નહિ જાણેલ યોગમુદ્રા (ધ્યાન મુદ્રા) ની મનોહરતાને ધારણ કરનાર, આંખોને મહાન્ આનંદ અને અદ્ભુત અચપળતાને આપનાર,– જીનેશ્વર ભગવાન્‌ની પ્રતિમાનું, નિર્મલ મન કરી નિમેષોન્મેષ રહિત ( ખુલ્લી આંખ રાખી ) એક દૃષ્ટિએ ધ્યાન કરનાર, રૂપસ્થ ધ્યાનવાન્ કહેવાય છે. ૮, ૯, ૧૦.

### હવે રૂપાતીત ધ્યાન જણાવે છે.

**अमूर्तस्य चिदानंदरूपस्य परमात्मनः ।**
**निरंजनस्य सिद्धस्य ध्यानं स्याद्रूपवर्जितम् ॥१॥**

આકૃતિ રહિત, જ્ઞાનાનંદ સ્વરૂપ, નિરંજન (કર્મરહિત) સિદ્ધ પરમાત્માનું ધ્યાન, તે રૂપાતીત ધ્યાન કહેવાય છે. ૧.

**इत्यजस्रं स्मरन् योगी तत्स्वरूपावलंबनः ।**
**तन्मयत्वमवाप्नोति ग्राह्यग्राहकवर्जितम् ॥२॥**

તે નિરંજન સિદ્ધ સ્વરૂપનું અવલંબન લઇ નિરંતર તેનું ધ્યાન કરનાર યોગી, ગ્રાહ્ય, ગ્રાહક ( લેવું અને લેનાર ) ભાવ વિનાનું તન્મયપણું પામે છે. ૨.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अनन्यशरणीभूय, स तस्मिन् लीयते तथा ।
ध्यातृध्यानोभयाभावे, ध्येयेनैक्यं यथा व्रजेत् ॥३॥

યોગી જ્યારે ગ્રાહ્યગ્રાહકભાવ વિનાનું તન્મયપણું પામે છે ત્યારે, તેને કોઇપણ આલંબન રહેલું ન હોવાથી, તે યોગી તે સિદ્ધાત્મામાં તે પ્રકારે લય પામે છે કે, ધ્યાન કરનાર અને ધ્યાન એ બેના અભાવે, ધ્યેય જે સિદ્ધ તેની સાથે એકરૂપ થઇ જાય છે. ૩.

सोऽयं समरसीभावस्तदेकीकरणं मतम् ।
आत्मा यदपृथक्त्वेन लीयते परमात्मनि ॥४॥

યોગીના મનનું પરમાત્માની સાથે જે એકાકારપણું તે સમરસીભાવ છે, અને તે એકીકરણ માનેલું છે કે જેથી આત્મા અભિન્નપણે કરી, પરમાત્માને વિષે લીન થાય (લય પામે) ૪.

આવીરીતે બાહ્ય અને અભ્યંતરરૂપે ધ્યાન કરતાં જીવ શુદ્ધ પ્રેમયોગથી પરમાત્મા ભગવાન મહાવીરના સ્વરૂપને પ્રત્યક્ષભાવે અનુભવે છે. અને તેના અભ્યાસથી બાહ્યાધ્યાસ એટલે ઇન્દ્રિયભોગની લાલચ, યશ કીર્તિની લાલચ, દેશ, રાજ્ય, સત્તાની લાલચરૂપ બાહ્યભાવની રમણતાનો ત્યાગ જ્ઞાનપૂર્વક કરતાં પૂર્ણ અભ્યાસ યોગથી શુદ્ધ પ્રેમયોગી પ્રેમભાવમય યોગના બળથી પરમાત્મા મહાવીરના સત્ય અભ્યંતર સ્વરૂપ ધ્યાન અભ્યાસના બળથી અવશ્ય પ્રત્યક્ષ અનુભવ પામે છે. ॥૨૦૩॥

### મહાવીરનું વૃતાન્ત ધ્યાવવું અને ગાવું જોઇએ

महावीरस्य वृत्तान्तं, ध्येयं गेयं सुरागतः ।
सर्वतीर्थङ्करा गेया–स्तद्भक्ताश्च गुणाकराः ॥२०४॥

**અર્થઃ**—પ્રેમયોગી ભક્તોએ નિરંતર ભગવાન મહાવીરનું જીવન વૃતાંત સારા પ્રેમથી અને સારા સ્વરથી ગાવા યોગ્ય છે. તેમજ સર્વ તીર્થંકરોના ગુણો તે પરમાત્માના ભક્તોએ પ્રેમપૂર્વક સારા રાગથી એટલે સારા મધુર કંઠથી ગાવા જોઇએ. તેથી તે ભક્તિવંત આત્માઓને ગુણ કરનારા થાય છે. ॥૨૦૪॥

### ભવવાનની પૂજા અને મુનિના દર્શનમાં પ્રેમી પ્રાણીને હર્ષ થાય છે

पूजादिषु जिनेन्द्राणां, साधूनां दर्शने तथा ।
रोमाञ्चाश्रु महाहर्षो, जायते प्रेमिदेहिनाम् ॥२०५॥

**અર્થઃ**—જીનેશ્વર આદિની પૂજા કરતાં તથા સાધૂઓના દર્શન કરતાં પ્રેમયોગી દેહધારી આત્માઓને રોમરાજીનું ખીલવું, પ્રેમમય હર્ષના આંસુનું આવવું તથા પરમ શ્રેષ્ઠ હર્ષ અવશ્ય ઉત્પન્ન થાય છે. ॥૨૦૫॥

### પ્રેમીઓ તર્કવાદ અને વિવાદને છોડી દે છે.

तर्कवादविवादांस्तु, त्यजन्ति प्रेमयोगिनः ।
महावीरप्रभौ लीना, भवन्ति पूर्णभावतः ॥२०६॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**:—તર્કવાદ અને વિવાદો છે તેને પ્રેમયોગીઓ ત્યાગ કરે છે અને પરમાત્મા શ્રી મહાવીર પ્રભુના ધ્યાનમાં લીન થાય છે.

જ્ઞાનાષ્ટકમાં ભગવાન **યશોવિજય વાચક પ્રવર** જણાવે છે કે:– **॥ वादांश्च प्रतिवादांश्च वदन्तो निश्चितांस्तथा । तत्त्वान्तं नैव गच्छन्ति तिलपीलकवद् गतौ ॥४॥**

**અર્થ**:-વાદી પ્રતિવાદી તત્વના પારને પામી શકતા નથી જેમ ઘાંચીનો બળદ ઘાણીની આસપાસ ફરતો આંખ ઉઘાડે ત્યારે ઠેરનો ઠેર હોય છે. તેમ વાદ અને પ્રતિવાદમાં પણ સત્યની પ્રતીતિ થતી નથી.

## સાચા પ્રેમીની સુંદર ગતિ થાય છે

**भेदाऽभावेन भक्तेषु, रक्ताः प्रेमप्रकाशनम् ।**
**कुर्वन्ति सद्गतिं यान्ति, प्रेमिणामीदृशी गतिः ॥२०७॥**

**અર્થ**:—પ્રેમીજનો પ્રેમભકિતમાં ભકતજનો પ્રત્યે ભેદભાવનો ત્યાગ કરીને અભેદભાવથી સત્યપ્રેમનો અવશ્ય પ્રકાશ કરે છે, તેથી સદ્ગતિને ભજે છે, આવી સાચાપ્રેમીની સુંદર સદ્ગતિ થાય છે ॥૨૦૭॥

## પ્રેમ અગ્નિમાં વિકારોનો હોમ કરો

**कामदुष्टविकाराणां, वासनानां च सर्वथा ।**
**होमं कुरु विवेकेन, प्रेमाग्नौ भव्यमानव ? ॥२०८॥**

**અર્થ**:—હે ભવ્ય માનવ કામના વિકારો અને બીજા દુષ્ટ વિકારોનો અને વાસનાઓનો સંપૂર્ણગણે વિવેકપૂર્વક પ્રેમઅગ્નિમાં હોમ કરો. ॥૨૦૮॥

**વિવેચનઃ**—કહ્યું છે કે, **॥यः कर्म हुतवान् दीप्ते, ब्रह्माग्नौ ध्यानध्यायया । स निश्चितेन यागेन, नियागप्रतिपत्तिवान् ॥१॥** ( જ્ઞાનસારયાગાષ્ટકે ) અર્થ–જે મુનિ આત્મારૂપ બ્રહ્મમય દેદીપ્યમાન્ અગ્નિમાં પરમાત્મા અને અંતરાત્માનું એકત્વ કરવારૂપ ધ્યાનને ધ્યાવતાં આઠ કર્મ સમુહને હોમીને નાશ કરનાર હોતૃમુનિ અભ્યંતરભાવથી સમ્યગ્જ્ઞાન દર્શન ચારિત્ર વીર્યના બલથી યુકત થયેલ હોય તે નિયાગ–યજ્ઞને અંગીકાર કરનારો કહેવાય છે. અહિયા કર્મથી ઉપજતા કામાદિ વાસનાના વિકારોને આત્મારૂપ અગ્નિમાં વિવેકજ્ઞાનથી હોમનારો સત્યપ્રેમી પરમાત્માના સ્વરૂપ સાથે આત્માની એકતા કરી, પરમાનંદનો ભોકતા થાય છે. ॥૨૦૮॥

## એકાન્તિક દર્શનોમાં ભેદતા હોય છે

**सर्वैकान्तिकधर्मेषु, दर्शनेषु च भेदता ।**
**सविकल्पं मनो यत्र, तत्रानन्दो न विद्यते ॥२०९॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**:—જગતમાં જે જે એકાંત મતને ગ્રહણ કરનારા ધર્મરૂપ દર્શનો છે તેમાં પરસ્પર ભેદતા અવશ્ય હોયજ છે તેમાં પરસ્પર મનના સંકલ્પ વિકલ્પોની વિરૂદ્ધતા હોવાથી પરસ્પર પ્રેમનો અભાવ હોય છે તેથી આણંદનો અનુભવ નથી હોતો. ॥૨૦૯॥

**વિવેચન**:—જગતમાં વસતા સર્વ માનવગણ સુખશાંતિની ઇચ્છાથી જ્યાં જ્યાંથી જે જે ઉપદેશ મળે તેમાં શ્રદ્ધા રાખીને તપ, જપ, ક્રિયાનુષ્ઠાન પૂજા, ભક્તિ વગેરે કરે છે. અને પોતપોતાના માનેલા મત-પંથને સત્ય માનીને પ્રવૃત્તિ હોય છે; તે સર્વ ધર્મ દર્શનોમાં પ્રાયઃ એકજ દૃષ્ટિનું અવલંબન કરે છે પણ અન્ય દર્શન તેમાં શું માને છે તેનો વિચાર અપેક્ષાપૂર્વક નથી કરતા. શ્રીમાન આનંદઘનજી મહારાજ કહે છે કે,

મતવાલા તો મતે માતા, મઠવાલા મઠ રાતા,
જટા જટાધર, પટા પટાધર, છત્તા છત્તાધર તાતા, અવધુ રામનામ જગ ગાવે ॥૧॥

અર્થ–દર્શનમતવાલાઓમાં પોતાની પરંપરાગત જે માન્યતા છે તેજ માત્ર સત્ય છે તેથી અન્ય અસત્ય છે, ન્યાયવાદીઓ પંચ વિંશતિ પદાર્થના જ્ઞાનથીજ મુક્તિ કહે છે, વેદાંતી સર્વજગતને એક બ્રહ્મરૂપ માને છે. "**नित्यःसर्वगतःस्थास्नुरचलोऽयं सनातनः ॥** બૌદ્ધદર્શન ક્ષણિક કહે છે એટલે ક્ષણે ક્ષણે વિનાશ પામનારા આત્મા છે. આમ દરેક દર્શનો એક બીજાની કહેવાની અપેક્ષા નથી વિચારતા. તે એક બીજા દર્શનવાળાધર્મના આગેવાનો અરસપરસ પ્રેમથી મળી શકતા નથી. તેઓને મનમાં ભિન્નતા હોવાથી પ્રેમની પણ ભિન્નતાજ રહે છે તેથી પોતાના મતને સિદ્ધ કરવા અન્ય દર્શન ધર્મવિચારનું મૂળથી ખંડન કરવા પ્રવૃત્તિ કરે છે. : પણ પોતાની માન્યતા ક્યાં ખોટી છે. પોતાની દલીલ ક્યાં નબળી છે, તેનો વિચાર મનકદાગ્રહથી ગ્રહાયેલા તે પંડિતો વિચારતા નથી. બીજા વાદીને જીતવામાં એકરસિક થયેલા તેઓ પરસ્પર પ્રેમથી મળતા નથી અને પોતાની હકીકત સામા વાદીને ઠસાવી શકતા નથી. આમ ભેદભાવથી ખોટા સંકલ્પ વિકલ્પોના આર્ત્ત રૌદ્ર-ધ્યાનમાં રકત થયેલા બીજા દર્શનના પંડિતો સત્ય સુખનો આસ્વાદ કે આનંદને કયારેય પામી શકતા નથી. ॥ ૨૦૯ ॥

## શુદ્ધ પ્રેમધર્મમાં ભેદ નથી.

**शुद्धप्रेममये धर्मे, धर्मभेदो न विद्यते ।**
**दर्शनानां विकल्पोऽपि, तत्र किञ्चिन्न जायते ॥२१०॥**

**અર્થ**:—શુદ્ધ પ્રેમમય ધર્મ જ્યાં પ્રગટ થાય ત્યાં દર્શનમય ધર્મનો ભેદ નથીજ રહેતો તેમજ દર્શનોના પરસ્પર એકાંત ભેદમય વિકલ્પો પણ ત્યાં જરા પણ નથી રહેતા. ॥ ૨૧૦ ॥

**વિવેચન**:—જગતમાં આત્માઓને શુદ્ધ સત્ય નિર્વિકલ્પ નિર્વિષય એવો પ્રેમધર્મ જ્યારે આત્મસ્વરૂપ સાથે પ્રગટ થઇને પરિણામભાવને પામે છે ત્યારે અલ્પજ્ઞોએ સ્વબુદ્ધિથી કલ્પેલા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકાંતિક આગ્રહવાળા ધર્મના પરસ્પર વિરોધીભાવના ભેદો ધારણ કરે છે તે સત્ય પ્રેમયોગીઓમાં જરા પણ નથીજ રહેતા. શ્રીમાન્ યશોવિજયજી ઉપાધ્યાયજી જણાવે છે કે **"बुद्धो जिनो हृषीकेशः शम्भु र्ब्रह्मादिपुरूषः। इत्यादिनामभेदेऽपि नार्थतः स विभिद्यते ॥७॥** અર્થ—જગતના સર્વ પદાર્થોને સર્વ અપેક્ષાથી દ્રવ્ય ક્ષેત્રકાલ ભાવથી યથાર્થ સ્વરૂપે જે જાણનારા હોય, તેમજ તેજ પ્રમાણે સત્ય ઉપદેશ આપનારા હોય, તે ભગવાન બુદ્ધ કહેવાય (૧) સર્વ અભ્યંતર વૈરીઓ કે જે કામ, ક્રોધ, મોહ, માયા, રાગ, દ્વેષ, હર્ષ શોક દુઃગંચ્છાનો નાશ કરે તે જિનદેવ ભગવંત કહેવાય છે (૨) જે ઇંદ્રિયો તથા મનને વશ કરે તે હૃષીકેશ કહેવાય છે (૩) સર્વ જગત જંતુઓને નિત્ય સુખને આપનારા ભગવાન શંભુદેવ કહેવાય છે (૪) સર્વ પ્રકારે આત્મસ્વરૂપ બ્રહ્મસ્વરૂપને પ્રગટ કરે તે બ્રહ્મા કહેવાય (૫) જે પરમ પુરૂષાર્થ રૂપ મોક્ષને સિદ્ધ કરે તે પુરૂષ–પુરૂષોત્તમ કહેવાય છે. આમ નામના ભેદથી અજ્ઞાન ધર્માધિકારીઓ એક બીજાનું ભલે ખંડનમંડન કરે, પણ પરમાર્થભાવે વિચાર કરનારા સાચા પ્રેમયોગીઓ સર્વના મતને એક અર્થમાં જાણતા હોવાથી તેમના મનમાં દૃષ્ટિ ભેદ રહેતોજ નથી, તેમજ દર્શનકારોએ માનેલા તત્વોમાં જે ભેદ અને વિકલ્પો દેખાય છે, તે પણ સત્ય પ્રેમયોગીઓને નડતાજ નથી એટલે દર્શનમય એકાંતવાદના વિકલ્પો તેમને પ્રેમસ્વસ્વરૂપમાં નથીજ અનુભવાતા. ॥ ૨૧૦ ॥

**शुद्धप्रेममये धर्मे, महावीरस्य शासने ।**
**सर्वदर्शनधर्माणां, समावेशो भवेत्सदा ॥२११॥**

**અર્થ**:—શુદ્ધ પ્રેમમય એવા ભગવાન મહાવીર દેવના ધર્મ રૂપ શાસનમાં સર્વ દર્શનવાદોથી યુકત ધર્મો રહેલા છે તેનો સર્વદા સમાવેશ થાય છે. ॥ ૨૧૧ ॥

**વિવેચનઃ**—પ્રેમધર્મ છે તેજ ભગવાન મહાવીર પ્રભુનું શાસન છે. તે પ્રેમમય પ્રભુના શાસનમાં નયોની અપેક્ષાથી સર્વ દર્શનવાળા ધર્મ–પંથો પ્રવેશી જાય છે. **શ્રીમાન્ આનંદઘનજી યોગીરાજ જણાવે છે કે**

ષડ્–દરિશણ જીન–અંગ ભણીજે. ન્યાસ ષડંગ જે સાધે રે
નમિ–જિન–વરના ચરણ–ઉપાસક ષડ્ દરિશણ આરાધે રે

અર્થઃ—છ અંગોમાં છ દર્શનની સ્થાપના કરીને શ્રી જિનેશ્વરપ્રભુના શાસનના અંગરૂપે છયેય દર્શનો સ્થિર કરી શકાશે. અને એ રીતે છ અંગમાં મંત્રાક્ષરાદિકનો ન્યાસ સાધીને શ્રી નમિ જિનેશ્વરપ્રભુના ચરણોની ઉપાસના કરનાર છેવટે છયેય દર્શનનો આરાધક–ઉપાસક બની જાય છે.

નમિ એટલે નમનારા, ચરણ ઉપાસક. એમ નમિ નામમાં નમિ શબ્દની શ્લેષથી સાર્થકતા સૂચવી છે. તથા ષડંગ–ન્યાસની ધ્યાનની રીત પણ સૂચવી જણાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જિન–સુર–પાદ–પ–પાય વખાણું સાંખ્યઃ જોગઃ દોય ભેદે. રે
આતમ–સત્તા–વિવરણ કરતાં લહો દુગ–અંગ અ–ખેદે. રે ષ્ડ્૦ ૨

અર્થઃ—આત્માની વિદ્યમાનતા વિષે વિવરણ કરનારા, સાંખ્યદર્શનઃ અને યોગ દર્શનઃ દર્શનના એ બે ભેદને જિનેશ્વર રૂપી કલ્પવૃક્ષના બે પગ તરીકે વર્ણવાય છે. માટે એ બે અંગો ખેદ વિના સરળતાથી જિનેશ્વર પ્રભુને ઉભા રહેવાના મજબૂત પગ–ઝાડના મૂળિયાંની જેમ સમજી લ્યો. અથવા બીજા સૂત્રકૃતાંગ અંગમાં આત્મ સત્તા વિષે વિવેચન કરાયેલ છે. તે સાંખ્ય અને યોગ સાથે મળતું છે. તે ખેદ વિના સહેલાઈથી સમજી શકાશે.

ભેદઃ અ–ભેદઃ સુગતઃ મિમાંસકઃ જિન વર્–દોય–કર–ભારી. રે
લોકા––ડ–લોક અવલંબન ભજિયે ગુરૂ–ગમથી અવધારી. રે ષ્ડ્૦ ૩

અર્થઃ—ભેદવાદી **બૌદ્ધઃ** અને અભેદવાદી **મીમાંસક–ઉત્તર મીમાંસક વેદાંતઃ** એ બેના મત ગુરૂ ગમથી સમજશો, તો લોક અને અલોકના આધારભૂત હોવાથી તે બન્નેય દર્શનો શ્રી જીનેશ્વર દેવના મોટામાં મોટા બે હાથ છે, માટે તેને પણ તે રીતે સમજીને ભજવા જોઈએ જ. ૩

લોકાયતિકઃ કૂખ જિનવરની અંશ વિચાર જો કીજે. રે
તત્વ–વિચાર–સુધા–રસ–ધારા ગુરૂ–ગમ–વિણ કિમ પીજે ? રે ષ૦ ૪

અર્થઃ—અંશની–નયની દૃષ્ટિથી વિચાર કરીએ, તો **લોકાયતિક–ચાર્વાક દર્શન** પણ શ્રી જિનેશ્વર દેવનું કૂખ–પેટ ગણવું પડશે. ગુરૂમહારાજાએ કરાવેલા માર્ગ દર્શન વિના, તત્વ વિચાર કરવાની પ્રાપ્તિથી થતી અમૃત રસની ધારાનો પ્રવાહ કઈ રીતે પી શકાય ? "નાસ્તિક દર્શન પણ શ્રી જૈનદર્શનનું અંગ છે." એ વાત ગુરૂગમ વિના શી રીતે સમજી શકાય ? ૪

જૈનઃ જિનેશ્વર–વર–ઉત્તમ–અંગ અંતરંગઃ બહિરંગેઃ. રે
અક્ષર–ન્યાસ–ધરા આરાધક આરાધે ધરી સંગે. રે ષ૦ ૫

અર્થઃ—પ્રસિદ્ધ જૈન દર્શન તે શ્રી જિનેશ્વર પ્રભુનું બહારથી અને અંદરથી ઉત્તમાંગ છે. એટલે કે બહારથી મસ્તક છે અને અંદરથી ઉત્તમ શ્રેષ્ટ અંગ છે. એ દર્શનનો સંગ કરીને આરાધક એવા **અક્ષર ન્યાસ ધરા**–શરીરના જુદા જુદા અંગો ઉપર અક્ષરના ન્યાસ કરીને ધ્યાન કરનારા ચૌદ પૂર્વધર અને ગણધર ભગવંત જેવા યોગી પુરૂષો એ મહાધ્યાનની સાધના કરી શકે છે. એ મહાધ્યાન જૈન દર્શન વિના ક્યાંય નથી. ૫

જિન–વરમાં સઘળાં દરસણ છે. દરિસણમાં જિન–વર ભજના. રે
સાગરમાં સઘળી તટિની સહી. તટિનીમાં સાગર–ભજના. રે

**અર્થઃ—એ રીતે જેમ સમુદ્રમાં બધી નદીઓ સમાય જ છે, પણ નદીમાં સમુદ્ર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય કે ન પણ હોય તે પ્રમાણે શ્રી જિનવર (ભાષિત દર્શન) માં સઘળાંએ દર્શનો આવી જાય છે, અને બીજાં દર્શનોમાં જિનવર–જૈન દર્શન હોય, કે ન પણ હોય. ૬

જિન–સ્વરૂપ થઈ, જિન આરાધે, તે સહી જિન–વર હોવે. રે
ભૃંગી ઇલિકાને ચટકાવે, તે ભૃંગીઃ જગ જોવે. રે ષ૦ ૭

અર્થ:—જેમ પ્રાથમિક દશાના ભમરીના ઇયળ રૂપ બચ્ચાંને ભમરી પોતાના ડંખથી ચટકો મારે છે, ત્યારે તે ઈયળ તે ભમરીના ધ્યાનમાં લીન થઈને જેમ કાળાંતરે ભમરીરૂપે બહાર નીકળે છે, એટલે પછી "ઇયળ રૂપાંતર પામીને એકવીશ દિવસે ભમરી થઇ જાય છે." એમ લોકમાં કહેવામાં આવે છે, તે પ્રમાણે જે જિન સ્વરૂપ થઈને–તન્મય થઇને જિનેશ્વર દેવની આરાધના કરે, તે ચોક્કસ જિનેશ્વર થાય જ. ૭

આમ સર્વ દર્શનો જૈન દર્શનના નયવિચારની અપેક્ષાએ અંશ રૂપે છે. સર્વ દર્શનો-નો સમાવેશ ભગવાનના દર્શનમાં થાય છે. આ દર્શનો પરસ્પર એક બીજાનું ખંડન કરતાં ખેદ–દ્વેષને પામે છે. પણ જ્યારે પરમાત્મા મહાવીરના ઉપદેશેલ શાસનનું શરણ સ્વીકારે છે ત્યારે તેઓના ઝઘડાનો અંત આવે છે. અને સત્ય તત્વને અંગીકાર કરી સત્ય સુખના ભોકતા થાય છે. અને એક બીજાના કથનને અપેક્ષાથી સમજી સર્વ લોકો પરસ્પર સત્ય-પ્રેમી બને છે.

## પ્રેમીઓ પતંગની પેઠે પ્રેમમાં પડે છે

**शलभानां यथा वह्नौ, पातः स्वाभाविको भवेत् ।**
**प्रेमज्योतिषि भक्तानां, मनः पातस्तथा भवेत् ॥२१२॥**

**અર્થ**:—જેવીરીતે પતંગીઆનું અગ્નિમાં પતન સ્વાભાવિક છે. તેવી રીતે ભકતપ્રેમી આત્માઓનું પ્રેમરૂપ જ્યોતિમાં મનનું પડવું તે પણ સ્વાભાવિક રીતેજ થાય છે. ॥૨૧૨॥

## ભગવાન મારા હૃદયમાં પ્રેમ પ્રગટાવો

**ॐ ह्रीँ श्रीँ क्लीँ महावीर ! शुद्धप्रेमप्रकाशक ! ।**
**प्राकट्यं प्रेमधर्मस्य, मद्धृदि कुरु सत्वरम् ॥२१३॥**

**અર્થ**:—ઓ, હ્રીઁ, શ્રીઁ, કલીઁ એવા મંત્ર સ્વરૂપે રહેલા હે શુદ્ધ પ્રેમ પ્રકાશક ભગવાન મહાવીરપ્રભુ તમે મારા હૃદયમાં પ્રેમ ધર્મને પ્રગટાવો ॥૨૧૩॥

**વિવેચનઃ**—ॐ મંત્રથી પંચ પરમેષ્ઠીનું સ્મરણ થાય છે. જગતને પ્રેમમય કરવામાં આપ સર્વ પ્રકારે સમાન સમર્થ છો. તે હ્રીઁ પદથી સિદ્ધપરમાત્મા યાદ કરાય છે. શ્રીઁ પદથી હે ભગવાન તમે આત્મચૈતન્ય લક્ષ્મીના સ્વામિ છો. કલીઁ પદથી સર્વ જગતના અપાય નષ્ટ કરવા સમર્થ છો. તેવા હે ભગવાન વિલંબવિના તમે મારા હૃદય કમલમાં પ્રેમસ્વરૂપે પધારો સર્વ મારા સર્વ આવરણોને નષ્ટ કરી સત્ય પવિત્ર સનાતન એવા પૂજ્ય પ્રેમધર્મને પ્રગટ કરો. જગતમાં વ્યાપક કરો એ મારી અરજી આપના ચરણમાં છે. ॥૨૧૩॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ગુરુદેવ શુદ્ધ પ્રેમને મારા હૃદયમાં પ્રગટ કરો

ॐ ह्रीँ सद्गुरुदेवाय, नमोऽर्हं सत्यवादिने ।
मत्त्वत्तद्भेदनाशेन, द्रुतं प्रेमोद्भवं कुरु ॥२१४॥

**અર્થ**:—ૐ હ્રીઁ મંત્રમય વિશેષણ જેમને આપી શકાય છે તેવા સદ્‌ગુરૂ દેવ કે જે સત્ય ઉપદેશ આપનારા છે અને અર્હં નમસ્કારને યોગ્ય છે તેને નમસ્કાર થાઓ. હે! ગુરૂ દેવ મારા તારા રૂપ જે ભેદભાવ છે તેનો નાશ કરીને જલદી મારામાં પ્રેમને પ્રગટ કરો.

**વિવેચન**:—આપણને પૂજ્ય ગુરૂદેવ કે જે તેમના ગુણોવડે પૂજવા યોગ્ય છે. તેમજ નિરંતર સત્યવાદિ છે સર્વ ભવ્યાત્માઓનું કલ્યાણ કરી મોક્ષમાર્ગનો સત્ય હિતકર ઉપદેશ પારમાર્થિક પ્રેમવડે આપી રહ્યા છે. માયા, મમતા, ક્રોધ, કામ, લોભ, રૂપ, અંતર, શત્રુઓને જીતી રહ્યા છે એવા સદ્‌ગુરૂદેવને મારો ત્રિકરણ શુદ્ધિ પૂર્વક મન વચન કાયની પવિત્રતાથી યુકત નમસ્કાર થાઓ. તેવા પૂજ્યોને કરેલો નમસ્કાર પ્રમોદને પ્રગટ કરે છે. તેથી જે ભવ્યાત્માઓ છે. તેઓ તથા આપણે તે ગુરૂદેવને વિનંતિ કરીએ છીએ કે હે! ગુરૂદેવ મારા મોહ મમતાનો નાશ કરો. મારા અંતરમાંથી મારા તારાનો ભેદભાવ નાશ પામો. હું સર્વ જગતના આત્માઓને મારા આત્મબંધુસમાન શુદ્ધ પ્રેમથી જોઉં. તેમના દર્શનમાં તથા પૂજ્ય ગુરૂઓનાં દર્શન, પૂજા, ભકિત સેવા કરતાં મારૂં મન ઉલ્લાસ યુકત થાય, હું ગુણાનુરાગી પ્રમોદવાળો જલ્દી થાઉં ॥૨૧૪॥

### ષટચક્ર જાપ.

षट्चक्रेषु महामन्त्र– जापेन देवदर्शनम् ।
पूर्वजन्मादिबोधश्च, जायते प्रेमधारिणाम् ॥२१५॥
बालहत्यादिकं पापं, नश्यति मन्त्रजापतः ।
प्रेमयोग्यं महामन्त्र–मित्येवं हृदि धारय ॥२१६॥
षट्चक्राधिपदेवाय, शुद्धप्रेमस्वरूपिणे ।
महाज्योतिःस्वरूपाय, नमः प्रेम्णेऽस्तु सर्वदा ॥२१७॥

**અર્થ**:—શુદ્ધપ્રેમને ધારણ કરનારા જે પ્રેમયોગીઓ છે તેમને શરીરમાં આત્મપ્રદેશના યોગવડે છ ચક્રોની રચના થાય છે, તે ઉપર રચાતા મંત્રોના જાપથી પરમાત્માના દર્શન અને પૂર્વજન્મનો બોધ થાય છે તેમજ તે મંત્રોના જાપથી બાળહત્યાદિ પાપો પણ નષ્ટ થાય છે. તે માટે હે??? ભવ્યાત્મા તે છ ચક્રોનું હૃદય રૂપ હૃદયરૂપ કમલમાં ધ્યાન કરો તેનો જાપ કરતાં સર્વ જગતના આત્માઓ પ્રત્યે મૈત્રીભાવમય-પ્રેમ પ્રગટે છે. તેથી તે છ ચક્રોના અંગમાં સ્થાપિત થયેલા મંત્રને હૃદયમાં ધારણ કરો. વળી છ ચક્રોમાં મંત્રના અધિષ્ઠિત દેવો કે જે શુદ્ધ પ્રેમસ્વરૂપી મહાન જયોતિઃમય છે તેમને સર્વદા મારો નમસ્કાર થાવ. ॥ ૨૧૫–૨૧૬–૨૧૭ ॥ ત્રણનો શ્લોક સમુહ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વિવેચનઃ**—આત્મામાં સહજભાવે ચૈતન્ય રૂપ પ્રેમ પરિણમેલો હોવા છતાં બાહ્ય ભાવથી અનેક જીવાત્માઓમાં ઝેરવેર, મારામારી, એક બીજાથી રીસમણા વગેરે વિપરિત ભાવો જોવામાં આવે છે તેનું કારણ શું હોવું જોઇએ ? ઉત્તર–અનાદિ કાલથી મોહનીયકર્મ મલનું ગાઢ આવરણ પડેલું છે તે છે. તેનો જેટલા અંશે વિલય (નાશ) થાય તેટલા અંશે પ્રેમસ્વરૂપનું પ્રાગટયપણું થાય છે. એટલે પ્રથમ સંજ્ઞીભાવમય પંચેંદ્રિયતા પ્રગટે છે ત્યારે મોહ મમતારૂપ પુત્ર સ્ત્રી ધન આદિમાં અશુદ્ધ સ્વાર્થમય પ્રેમ દેખાવ દે છે. પરંતુ સદ્‌ગુરૂના સહવાસમાં આવતા તેમનો સદુપદેશ સાંભળતાં વિવેકમય સદાચારનો જેટલા અંશે પ્રકાશ થાય તેટલા અંશે શુદ્ધ પ્રેમ ભવ્યાત્માઓમાં પુત્ર પુત્રી સ્ત્રી સ્વજન આપણી પાડોશમાં રહેતા સજ્જનો વિગેરે ઉપર પ્રગટ થાય છે. એટલે મોહનિય કર્મનું આવરણ જેટલું નષ્ટ થાય તેટલા અંશે શુદ્ધ પ્રેમ પ્રગટ થાય છે. તેમજ સદ્‌ગુરૂના ઉપદેશથી આત્માની પૂર્ણ ઉન્નતિના ઇચ્છનારા ઇચ્છાયોગીઓને આ આત્માથી સ્વકર્મના યોગે માનવ શરીરની પ્રાપ્તિ થાય છે. તેવા પ્રેમયોગીઓ સ્વશરીરમાં છ ચક્રની અવસ્થિતિની જ્ઞપ્તિ પ્રાપ્ત કરે છે તેના નામ (૧) મૂલાધાર ચક્ર, (૨) સ્વાધિષ્ઠાન ચક્ર (૩) મણિપૂર ચક્ર (૫) વિશુદ્ધ ચક્ર (૬) આજ્ઞા ચક્ર આ છ ચક્રોના મંત્રોના જાપ કરવાથી મોહનીયકર્મનું પ્રધાન આવરણ-દર્શન મોહનો નાશ--ક્ષયોપરામ થાય છે તેના યોગે વીતરાગદેવના ભાવમય દર્શન થાય છે. તેમજ મતિજ્ઞાનાવરણનો નાશ–ક્ષયોપશમ થતાં જાતિ સ્મૃતિજ્ઞાન--પૂર્વ જન્મનો બોધ થાય છે.

मूलाधारे त्रिकोणाख्ये, इच्छाज्ञानक्रियाऽत्मके ।
मध्ये स्वयम्भूलिङ्गं तु, कोटिसूर्यसमप्रभम् ॥२॥
तियग्लोकसमं ध्यायेत्, क्षीराब्धिं तत्र चांबुजं ।
सहस्रपत्रं स्वर्णाभं, जम्बुद्वीपसमं स्मरेत ॥३॥
तत्केसरततेरन्तः, स्फुरत्पिङ्गप्रभाश्चिताम् ।
स्वर्णाचलप्रमाणां च, कर्णिकां परिचिन्तयेत् ॥४॥
श्वेतसिंहासनाऽसीनं, कर्मनिर्मूलनोद्यतं ।
आत्मानं चिन्तयेत्तत्र, पार्थिवीधारणेत्यसौ ॥५॥

**અર્થઃ**—પ્રથમ મૂલાધારચક્રમાં ત્રણ ખૂણામાં ઇચ્છા જ્ઞાન અને ક્રિયાસ્વરૂપમાં તત્વની સ્થાપના કરાય છે અને મધ્યમાં સ્વયંભૂ પૂર્ણ આત્મસ્વરૂપને પ્રગટાવવામાં ઉપાદાન કારણ રૂપ પરમાત્મા અર્હંતોની મૂર્તિ કરોડો સૂર્ય સમાન તેજસ્વિ ચિંતવવી.

શ્રી હેમચંદ્રસુરીશ્વર જણાવે છે કે મૂલાધાર ચક્રને પ્રાર્થિવી ધારણા પ્રમાણે તિયગ્લોકના પ્રમાણે એક ક્ષીરસમુદ્ર નાભિપ્રદેશની નીચે સંકલ્પો, તેમાં એક હજાર પત્રમય જંબુદ્વીપ પ્રમાણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગોળ કમળ સંકલ્પવું તેની મધ્યમાં દેદીપ્યમાન કાંતિથી શોભતી સુવર્ણ સમાન પીલા વર્ણમય કેશરાની પંકિત સમાન મેરૂ સંકલ્પવો તે ઉપર સ્ફાટિક સમાન અત્યંત ઉજ્વલ સિંહાસન ઉપર પદ્માસન આસને બીરાજેલા વિશ્વના કર્મમળને ઉખાડવાની પ્રવૃત્તિ કરનાર મૈત્રીભાવ યુકત આત્મસ્વરૂપ પરમાત્માને બેઠેલા સંકલ્પવા. આ પ્રાર્થિવ ધારણા રૂપે મૂલાધાર કમલમય ચક્રનો સંકલ્પ કરવો, તેના અધિષ્ઠાતા સ્વસત્તાથી પરમાત્મા રૂપ સ્વયંભૂદેવ છે તેમ સમજવું. તેમાં રહેલા મંત્રને હવે જણાવતા કહે છે કે મૂલાધાર પદ્મ રૂપ ચક્રમાં ત્રણ ખુણા છે ત્યાં ૐ હ્રીંશ્રીં રૂપ મંત્ર વડે દર્શન (મોક્ષની પરમ ઇચ્છા) જ્ઞાન (હેય, જ્ઞેય ઉપાદેય વિષયોનો યથાર્થ અનુભવ) અને ક્રિયારૂપ સમ્યક્ચારિત્રની પ્રવૃત્તિ રૂપ ત્રણ તત્વમય મંત્રોનો સંકલ્પ કરવો. આ મંત્રના જાપથી માયા મોહનું આવરણ નબળું પડતું હોવાથી દેવ ગુરૂ ધર્મની ઉપર પ્રીતિ જામતાં ક્રિયાનુષ્ઠાનો કરવામાં આગળ વધતો આત્મા જગતજંતુ ઉપર પ્રેમ કેળવવા માંડે છે. ઇતિ મૂલાધાર ચક્રનું વિવેચન સમજવું.

હવે સ્વાધિષ્ઠાન ચક્રની વાત કહે છે.

तदुर्ध्वे कामबीजं तु, कलशान्तीन्दुनामकम् ।
तदुर्ध्वेऽतु शिखाकारा, कुण्डलीब्रह्मविग्रहा ॥१॥
तद्बाह्ये हेमवर्णाभं, वसड्वर्णचतुर्दलम् ।
उर्ध्वेऽग्निसमप्रख्यातं, षड्दलं च हीरप्रभम् ॥२॥
षड्दलहीरानुप्रभ, वादिलान्तषड्वर्णेन ।
मुक्तास्वाधिष्ठानसंज्ञकम्, नाभ्यधोभागे ज्ञेयम् ॥३॥

**અર્થ**:—મૂલાધાર ચક્ર ઉપર નાભિની નીચે સ્વાધિષ્ઠાન ચક્ર છે તે કામ એટલે ઇચ્છા અથવા જીવાત્માની વૃત્તિઓને ઉપજવાનું બીજ છે. તેને બીજરૂપ મંત્ર કલીં કે જે કલસ્ અક્ષરો સાથે જોડાયેલા છે તે અંતે ઈ અને તેની ઉપર ઇંદુના આકારે બીજનો ચંદ્ર મુકવો અને તેની ઉપર બીંદુ મુકવાથી કલીં બીજ મંત્ર પ્રગટે છે તે બીંદુ ઉપર બ્રહ્મસ્વરૂપ ધરનારી કુંડલી વર્તે છે તેની ઉપર હેમવર્ણસમાન સુંદર રજ ઉપરના ચાર દલ એટલે પાંખડીઓ હીરસમાન મુખ્ય વર્ણયુકત વાદલી રંગથી મિશ્ર છે. એ વર્ણવડે શોભતા મુકતાફલ સમાન વર્તે છે. તે સ્વાધિષ્ઠાન નામનું બીજુ ચક્ર સમજવું. અહિંયાં પરમ પૂજ્ય શ્રી હેમચંદ્રસૂરીશ્વરદેવ જે કહે છે તે આ પ્રમાણે છે.

अथवानाभिकन्दाधः, पद्ममष्टदलं स्मरेत् ।
स्वरालिकेसरं रम्यं वर्गाष्टकसंयुतैर्दलैः ॥१॥
दलसन्धिषु सर्वेषु सिद्धस्तुतिविराजितम् ।
दलाग्रेषु समग्रेषु, मायाप्रणवपावितम् ॥२॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तस्यान्तरंतिमं वर्ण–माद्यवर्णपुरस्कृतम् ।
रेफाक्रान्तं कलाबिन्दु–रम्यं प्रालेयनिर्मलम् ॥३॥
अर्हमित्यक्षरं प्राणप्रान्तसंस्पर्शिपावनम् ।
ह्रस्वं दीर्घं प्लुतं सूक्ष्ममतिसूक्ष्मं ततः परम् ॥४॥

**અર્થ**:—નાભિકંદની નીચે આઠ પાંખડીવાળું કમલ છે એમ સમજવું તેનું બીજું નામ સ્વાધિષ્ઠાનચક્ર સમજવું. તે કમલમાં રમણીક કેસરાઓ વર્તે છે. હવે તે કેસરાઓમાં સોલ સ્વરો **अ आ इ ई उ ऊ ऋ ॠ ऌ ॡ ए ऐ ओ औ अं अः** એ મંત્ર સ્વરૂપે સમજવા, અને આઠ દલોની પાંખડીમાં વ્યંજનના આઠ વર્ગો **क ख ग घ ङ** (૧) **च छ ज झ ञ** (૨) **ट ठ ड ढ ण** (૩) **त थ द ध न** (૪) **प फ ब भ म** (૫) **य र ल व** (૬) **श ष स ह** (૭) **अ आ इ ई उ ऊ ऋ ॠ ऌ ॡ ए ऐ ओ औ अं अः** (૮) એમ આઠ દલોમાં મંત્રરૂપે સ્થાપન કરવા, દલોની સંધીઓમાં માયા પ્રણય મંત્રયુકત સિદ્ધ પરમાત્માની સ્તુતિ રૂપ હ્રીઁ મંત્રને મુકવો. તથા પાંખડીની ઉપર ૐ હ્રીઁ મંત્ર મુકવો. હવે એ કમલમાં પ્રથમ વર્ણ અ અને છેલ્લો વર્ણ હ આવે છે. હ રેફ કલા અને બીંદુ યુકત કરતા અર્હ પંચ પરમેષ્ઠીમાં મંત્રનું બીજ પ્રગટે છે. અર્હ મંત્ર સ્વયં સ્ફાટિકસમાન પૂર્ણ ઉજ્જવલ હોવાથી તેનું સ્મરણ કરનારા આત્માને સર્વપાપથી મુકત કરે છે. તેનો નાદ હ્રસ્વ પછી દીર્ઘ પછી પ્લુત અને પછી અતિ સૂક્ષ્મ સૂક્ષ્મતર કરતા માનસ જાપમય થાય છે. તે આત્માના કલુષિત કર્મ તથા પરિણામનો વિનાશ કરીને જગતના સર્વ પ્રાણી પ્રત્યે એક પ્રેમ સ્વરૂપમયને અભેદભાવે બનાવે છે. આ સ્વાધિષ્ઠાન ચક્રનું વર્ણન પૂર્ણ થયું.

## મૂલાધાર ચક્ર,

"मूलधारषड्कोणां मूलाधार ततो विदुः ।
स्वशब्देन न परं लिङ्गःस्वाधिष्ठानं ततो विदुः ॥"

અર્થ:—જે મૂલાધાર ચક્ર છે તે સર્વ ચક્રોમાં મૂલરૂપે મેરૂના મૂલરૂપે વિદ્યમાન છે તેથી મૂલાધાર તથા ગણેશચક્રપણ તેને કહેવાય છે. અને સ્વશબ્દથી અન્ય સ્વરૂપવાલું નહિ હોવા છતાં પરાધિન ન હોવાના કારણે સ્વાધિષ્ઠાન નામને ધારણ કરે છે એમ યોગ-વિશારદ પંડિતો કહે છે. એમ બે ચક્રનો વિચાર કર્યો ત્રીજા મણિપૂરની વ્યાખ્યા કહેવાય છે.

तदूर्ध्वे नाभिदेशेषु, मणिपुरं महाप्रभम् ।
मेघाम्भविद्युताभ्मं, बहुतेजोमयं ततः ॥१॥
मणिवदभिन्नतत्पद्म, मणिपुरं ततो उच्यते ।
अष्टभिश्चदलैर्युक्तं, डादिमकान्ताऽक्षरान्वितम् ॥२॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



शिवेनाधिष्ठितं पद्मं, विश्वावलोकैककारणम् ।

**અર્થ:**—તે સ્વાધિષ્ઠાન ચક્રની ઉપર નાભિદેશમાં મણિ સમાન સુંદર મહાપ્રભાને ધરતું શરદઋતુના મેઘ તથા વિજલીથી અત્યંત શોભતી જલધારા સમાન બહુ તેજમય હોવાથી તથા મણિની પેઠે તેજથી દેદિપ્યમાન હોવાના કારણે તે પદ્મરૂપ ચક્રનો મણિપુર કહેવાય છે, તે દશદલ–પાંખડીવાલું છે. તે પાંખડીઓમાં **ड ढ ण त थ द ध न प फ** એમ દશ મંત્રાક્ષરો આવેલા છે, આ મણિપુર પદ્મરૂપ ચક્રના અધિષ્ડાતા શિવ કહેવાય છે અહિં શિવ એટલે જે સિદ્ધ છે તે શિવ દેવ સમજવા. આવા શિવ જ્યારે કર્મ દલરૂપ મલોને નષ્ટ કરે છે ત્યારે તે સર્વ વિશ્વને પરમ પૂજનિય દર્શનીય બને છે, જીવમાત્રને આઠ આત્મ-પ્રદેશ જે નાભિ કમલમાં છે, તે પૂર્ણ શુદ્ધ હોવાથી સંગ્રહનયની સત્તાસ્વભાવથી શિવ સ્વરૂપે બીરાજે છે. તે કોઇપણ કાળે આત્માને સ્વસ્વરૂપના દર્શન કરાવવામાં કારણરૂપ પ્રેમયોગીઓને અવશ્ય થશે જ. અહિ પૂજ્ય હેમચંદ્રપ્રભુ યોગશાસ્ત્રમાં જે જણાવે છે તે આ પ્રમાણે છે:–

विचिन्तयेत्तथा नाभौ, कमलं षोडशच्छदम् ।
कर्णिकायां महामन्त्रं, प्रतिपत्रं स्वरावलीम् ॥१॥
रेफबिन्दुकलाक्रन्तं, महामन्त्रे यदऽक्षरम् ।
तस्य रेफाद्विनिर्यान्तीं, शनैर्धूमशिखां स्मरेत् ॥२॥

અર્થ:—તે નાભિ કમલમાં સોલ પાંખડીવાળું કમલ છે તેની મધ્યમાં આઠ નિર્મલ આત્મપ્રદેશમય જે શિવ સ્વરૂપ મહાદેવ બીરાજે છે અને તેની કર્ણિકામાં સોલ સ્વરમય **अ आ इ ई उ ऊ ऋ ॠ ऌ ॡ ए ऐ ओ औ अं अः** રૂપ સોલ અક્ષરો દેદીપ્યમાન બીરાજે છે. કર્ણિકાની મધ્યમાં **अर्हं** રૂપ મહાદેવ છે તેનું સ્મરણ–જાપ કરતા તે **अर्हं**ના રેફમાં અત્યંત ધીમી ધુમ્ર રેખા પ્રગટે છે. તેમાંથી શરૂઆતમાં કણિયા પછી જવાલા પ્રગટે છે તે જ્વાલા હૃદય કમલ નીચે રહેલા આઠ કર્મરૂપ પાંખડીવાલા ઉંધા લટકતા કમલને બાળે છે. તેમાં ત્રાટકરૂપે પ્રેમપૂર્વક ધ્યાન કરતો ભવ્યાત્મા પ્રેમ યોગમાં પ્રાય:પૂર્ણતા લગભગની દશાને પામે છે. ઇતિ મણિપૂર ચક્ર વિચાર.

कादिठान्ताऽक्षरैरर्क–पत्रैश्च समधिष्ठितम् ।
तन्मध्ये बाणलिङ्गं तु सूर्यपूतं समप्रभम् ॥१॥
शब्दब्रह्ममयशब्दो, तेनाऽनाहतस्तत्र दृश्यते ।
तेनाऽनाहताख्यपद्मं, मुनिभिः परिकीर्तितं ॥२॥
आनन्दसदनं तन्तु, पुरुषोत्तमाधिष्ठितम् ।

**અર્થ**—હૃદયકમલમાં રહેલું અનાહત ચક્ર ક ખ ગ ઙ ચ છ જ ઝ ટ ઠ ડ ઢ સુધી મંત્રમય અક્ષરોથી પ્રતિપ્રત્રે એકેક એમ ચૌદ મંત્રોમાં ચઉદ અક્ષરોથી શોભે છે. તેની

૧૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મધ્યમાં બાણુના આકારે-ઉભા ચંદ્રના આકારે મૂર્તિમાન અનાહતદેવ બીરાજે છે. તે અનાહત ચક્ર તથા દેવ સૂર્ય સમાન સુંદર પ્રભા-કાંતિ વડે શોભે છે. તે હૃદયકમલમાં સ્થિત અનાહત ચક્ર શબ્દ બ્રહ્મ એટલે સર્વ જગતના પદાર્થોના ગુણધર્મ સ્વભાવે શબ્દરૂપે-વાચક સ્વરૂપ પ્રગટાવે છે. તે કારણે તે, હૃદયપદ્મનું અનાહત નામ પ્રસિદ્ધ થયેલું છે તેમજ અનાહત દેવ કે જે 'પરા પશ્યંતિ મધ્યમા વૈખરી વાણી તે અનાહત એટલે અપ્રતિહત જેમની દેશના છે તેવા અરિહંતો અનાહતદેવ પ્રેમયોગીઓને દેખાય છે. તેથી તે પદ્મનું અનાહત નામ પરમ મુનિવર્યોએ પ્રગટ કરેલું છે, સર્વ અલૌકિક આનંદ ધામ પરમ પુરૂષોત્તમ પરત્માનું તે હૃદયકમલમાં અધિષ્ઠાન છે તે ધ્યાન કરનારા પ્રેમયોગીઓ જાણે છે. શ્રીમાન્ હેમચંદ્રસૂરિ ભગવાન અનાહત ચક્રરૂપ પદ્મનું વિવેચન આ પ્રમાણે કરે છે—

तथा हृत्पद्ममध्यस्थं, शब्दब्रह्मैककारणम् ।
स्वरव्यञ्जनसंवीतं, वाचकपरमेष्ठिनः ॥१॥
यद्वा मन्त्राधिपं धीमान् ऊर्ध्वाऽधोरेफसंयुनम् ।
कलाबिन्दुसमाक्रान्त–मनाहतयुतं तथा ॥२॥
कनकाम्भोजगर्भस्थं, सान्द्रचन्द्रांशुनिर्मलम् ।
गगने सञ्चरंतं च, व्याप्नुवंतं दिशः स्मरेत् ॥३॥
निशाकरकलाकारं, सूक्ष्मं भास्करभास्वरम् ।
अनाहताभिधं देवं, विस्फुरंतं विचिन्तयेत् ॥४॥

**અર્થ**:—તથા હૃદયપદ્મમાં અનાહત ચક્ર સર્વ શબ્દ બ્રહ્મનું એકજ કારણ સ્વર વ્યંજનથી યુકત પંચ પરમેષ્ઠિનું વાચક-પ્રગટ કરનાર છે. તેમજ આ ચક્રમાં મંત્રોના અધિપતિ અનંત જ્ઞાનદર્શન ચારિત્રવંત અનાહત દેવ-વીતરાગ જીનેશ્વર બીરાજે છે તેની ઉપર તથા નીચે રેફ કલા તથા બિંદુથી યુકત અનાહત સહિત અર્હં પદ સુવર્ણ કમલમાં રહેલું છે તે ભારે ચંદ્રની સમાન વ્યાપ્ત થયેલા કિરણોથી આકાશની સર્વ દીશા ને પ્રકાશવાન કરતો એ મહામંત્ર પ્રવર્તે છે તેની મધ્યમાં રહેલા અનાહત દેવ નિશાકરની કલા-કિરણોથી જાણે નાના નાના સૂર્યની જેમ અત્યંત શોભે છે તેમ પ્રેમયોગી ચિંતવતો તો આખા જગતને અજ્ઞાન અંધકારમાંથી ઉદ્ધારવાનો નિશ્ચય કરતો પરમાત્મ સ્વરૂપમાં અનાહતભાવે લીન થાય છે. ॥ ઇતિ અનાહત ચક્રનું વિવેચન પૂર્ણ થયું. હવે વિશુદ્ધિ ચક્રનો વિચાર થાય છે.

तदूर्ध्वे तु विशुद्धाख्यं, दलषोडशपङ्कजम् ।
स्वरैः षोडशकैर्युक्तं,धूम्रवर्णैर्महाप्रभम् ॥१॥
विशुद्धं तनुते यस्माज्जीवस्य हंसलोकनात् ।
विशुद्धपद्ममाख्यात–माकाशाख्यमहाद्भूतम् ॥२॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**:—અનાહતચક્રની ઉપર વિશુદ્ધચક્ર નામનું સોળ પાંખડીનું કમલ છે તેના પ્રત્યેક પત્રોમાં **अ थी** માંડી **अः** સુધીના સોળ સ્વરો મંત્રરૂપે આવેલા છે તે ધુમડાના જેવા વર્ણવાળા છતાં મહાન કાંતિનો પ્રકાશ કરનારા છે. આ કમળનું ધ્યાન આત્માને પરમ શુદ્ધ કરતું હોવાથી જીવરૂપ આત્મા અનંતાનુબંધક ચોકડીનો નાશ કરતો હોવાથી આત્માને હંસ સમાન વિશુદ્ધતાવાળો કરે છે. એમ જાણતો હોવાથી તે પદ્મને વિશુદ્ધપદ્મ અથવા સર્વ વસ્તુના લોભને છોડવાની વૃત્તિ યોગી એ ધ્યાનયોગથી કરતો હોવાથી આકાશપદ્મ કહેવાય છે અથવા આત્માને મહાન ઉંચા પદને પ્રાપ્ત કરતું હોવાથી મહદ્દભૂત પણ એ કમળને કહે છે અહિંયાંશ્રી હેમચંદ્રપ્રભુ વિશુદ્ધચક્રનું સ્વરૂપ આ પ્રમાણે જણાવે છે–

**ध्यायेत् शिताब्जं वक्त्रांतरष्टवर्गी दलाष्टके।**
**ॐनमोअरिहंताणमिति वर्णानपि क्रमात् ॥१॥**
**केसरालीं स्वरमयीं सुधाबिन्दुविभूषिताम् ।**
**कर्णिकां कर्णिकायां च, चद्रबिम्बात्समापतत ॥२॥**

**અર્થ**:—મુખકમલમાં આ પાંખડીનું ઉજ્વલ કમલ કલ્પવું તેની પાંખડીઓમાં **अ क च ट त प य श** તે મંત્રઅક્ષરો સ્થાપવા અને પાંખડીની મધ્યમાં **ॐ न मो अ रि हं ता णं** એ મંત્રના એકેક અક્ષરો એકેક પત્ર ઉપર મુકવાં, એ કેસરાની ચારે તરફ 'અ'થી માંડી 'અઃ' સુધી સ્વરની પંકિત કરવી તે દરેક કર્ણિકામાં ચંદ્રબિંબથી ઝરતા અમૃતથી સિંચાયેલી છતાં અત્યંત દેદીપ્યમાન થતી કલ્પવી ॥ ઇતિ વિશુદ્ધસ્થાન ચક્રનો વિચાર કહ્યો. હવે આજ્ઞાચક્રનો વિચાર કહેવાય છેઃ—

**आज्ञाचक्रं तदूर्ध्वं तु, आत्मनाऽधिष्ठितं परम् ।**
**आज्ञासंक्रमणं तत्र, गुरोराज्ञेति कीर्तिता ॥१॥**

અર્થ:—સ્વાધિષ્ઠાન ચક્રની ઉપર બ્રહ્મરંધ્રમાં આત્મા જેમાં અધિષ્ઠિત છે ત્યાંથી સર્વ આત્મપ્રદેશમાં આ કાર્ય કરવું અને આ ન કરવું એવી રીતે તે સર્વ આત્મપ્રદેશમાં ફેલાવે છે તેથી તે પદ્મરૂપ ચક્રને ગુરૂઆજ્ઞા રૂપે પણ મનાય છે એમ પરમ મહર્ષિ મહાપુરૂષા કહે છે. અહિઆં પરમપૂજ્ય શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી આજ્ઞાચક્રનો વિચાર જણાવે છે તે કહે છેઃ-

**मूर्द्धसंस्थिशीतांशुकलामृतरसप्लुतम् ।**
**कुम्भकेन महामन्त्रं प्रणवं परिचिन्तयेत् ॥१॥**
**अथाऽस्य मन्त्रराजस्या-भिधेयं परमेष्ठिनम् ।**
**अर्हन्तं मूर्द्धनि ध्यायेत्, शुद्धस्फटिकनिर्मलम् ॥२॥**

**અર્થ**:—મસ્તકને વિષે રહેલી ચંદ્રની કળાથી ઝરતા અમૃતની ધારાથી સીંચાતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રણવ રૂપ ૐકારનો જાપ (ધ્યાન) કુંભક પ્રાણાયામથી કરવો તથા આ સર્વ મહામંત્રોમાં મંત્ર રાજ સમાન પંચ પરમેષ્ઠિનું ધ્યાન મસ્તકમાં પ્રાણાયામનું કુંભક કરીને શુદ્ધ સ્ફટિક વર્ણવંત ૐ અર્હંતે નમઃ પ્રતિષ્ઠાપન કરવું. ॥ ૧–૨ ॥

**सद्ध्यानावेशतः सोहं सोऽहमित्यालपन्मुहुः ।**
**निःशङ्कमेकतां विद्यादात्मनः परमात्मनः ॥३॥**

**અર્થ**:—તે આજ્ઞાચક્રરૂપ બ્રહ્મસ્થાનમાં પ્રાણાયામ ને કુંભક કરી સ્થિરતા પૂર્વક સારા ધ્યાનના યોગથી આત્મા અને પરમાત્માના અભેદ રૂપ ઐકય ભાવ બનતાં શંકારહિત તે પરમાત્મા હું છું એમ સોહં સોહંનો અશબ્દમય માનસ જાપ પ્રગટે છે. રાગદ્વેષ મમતા રૂપ મિથ્યાત્વ મોહનો વિનાશ થતાં આત્મ દર્શન તે ભવ્યાત્માને થાય છે. જગતના સર્વ જીવો પણ આવા સ્વરૂપવાળા છે એમ શંકા વિના નિર્ણય થવાથી શુદ્ધપ્રેમનું પ્રાગટ્ય થાય છે.

શુદ્ધપ્રેમસ્વરૂપી અનંત શુદ્ધ જ્યોતિસ્વરૂપ છ ચક્રમાં નિશ્ચયથી અધિષ્ઠિત દેવ શ્રી વીતરાગ પરમાત્માને વારંવાર ત્રિકરણ ત્રિયોગ પૂર્વક નમસ્કાર થાઓ ??? અને આત્મા પણ શુદ્ધપ્રેમ સ્વરૂપ બનો ??? જગત આખું એક પ્રેમરસમય ભાસો ॥ ૨૧૫–૨૧૬–૨૧૭ ॥ ત્રણ શ્લોકનો સમુહ છે.

### ઉપર પ્રમાણેના મંત્રજાપથી પ્રેમની સિદ્ધિ થાય છે

**इत्येवं मन्त्रजापेन, प्रेम्णः सिद्धिर्भवेद्धृदि ।**
**सद्गुरोर्गमयोगेन, चात्मज्ञानिमनीषिणाम् ॥२१८॥**

**અર્થ**:—ઉપર પ્રમાણેના છ ચક્રોના અધિપતિમય મંત્રજાપથી હૃદયમાં પ્રેમની સિદ્ધિ સદ્‌ગુરૂની ઉપાસના વડે થયેલા અનુભવથી આત્મજ્ઞાની ડાહ્યા મનુષ્યોને થાય છે ॥૨૧૮॥

### પ્રેમીભક્તોને પ્રેમગીતા આપવી

**सद्गुरुप्रेमभक्ताय, कामभोगविरागिणे ।**
**प्रेमगीता शुभा देया, प्रेमगीतार्थयोगिभिः ॥२१९॥**

**અર્થ**:—પ્રેમગીતાર્થ યોગીઓએ કામભોગથી વિરાગવાળા સદ્‌ગુરૂ–સારા પ્રકારે શુભ ગુણો (ગુણ વડે ગુરૂતાને પામેલા) પ્રેમી ભકતોને આશુભ પ્રેમગીતા આપવી.

### પ્રેમગીતાના અનધિકારી કોણ હોય તે જણાવે છે

**नास्तिकाय न देया सा, श्रद्धाहीनाय नो कदा ।**
**न च देया विधर्मिभ्यः, प्रेमगीता सनातना ॥२२०॥**

**અર્થ**:—આ પ્રેમગીતા જે પરમ સનાતની છે તે નાસ્તિક શ્રદ્ધાહિન, તેમજ વિધર્મિઓને આપવા યોગ્ય નથી ॥૨૨૦॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વિવેચનઃ**—આ સનાતની પૂર્ણ પવિત્ર જગતનો ઉદ્ધાર કરનારી પરમબ્રહ્મ પરમેશ્વર પૂર્ણ પ્રેમયોગીંદ્ર પ્રણીત જે પ્રેમગીતા અપાત્રને ન આપવી જોઇએ. અપાત્રને ઉપદેશ કરેલી આ ગીતા અપાત્ર મનુષ્યનું હિત કરી શકતી નથી. રોગીને જેમ ઘેબર રોગ વધારાનો હેતુ થાય છે તેમ અપાત્રમાં પ્રેમયોગની વિદ્યા વિકારભાવને પામી ભયંકર અનર્થનું કારણ થાય છે તેથી આ પ્રેમયોગની વિદ્યા જે 'જીવ અજીવ પુણ્ય પાપ ધર્મ અધર્મ રૂપતત્વને માનતો નથી. સ્વર્ગ, નરક, મનુષ્ય તિર્યંચગતિને માનતો નથી. પરભવના જન્મને માનતો નથી, જે "આ ભવ મીઠા પરભવ કોણે દીઠા" આવું માનનારો હોય, દેવ, ગુરૂને, ઠગનારો હોય, તેમજ હિંસા, ચોરી, અસત્ય, વ્યભિચાર વગેરે પ્રવૃત્તિમાં રસિક હોય તે આ પ્રેમવિદ્યા માટે સર્વદા અપાત્ર સમજવા. તેમજ જેને દેવ, ગુરૂ, ધર્મ વિગેરે પૂજ્ય ગુરુઓના ઉપદેશમાં શ્રદ્ધા, પ્રીતિ કે આદર નથી, તેઓ પણ પ્રેમવિદ્યામાટે અપાત્ર છે. તેમજ જે વિધર્મિ હોય તે પણ અયોગ્ય છે કારણકે તેઓ આત્મસ્વરૂપ તથા પરસ્વરૂપને જાણતા નથી. તેમજ દેવ ગુરૂધર્મની સત્યપરીક્ષા તેઓ કરી શકતા ન હોવાથી તેઓપણ પ્રેમતત્વનું સ્વરૂપ સમજવાયોગ્ય બની શકતા નથી. તેથી તેવા ઉપર જણાવ્યા તે લોકો સનાતન પવિત્ર એવી પ્રેમગીતાનું સ્વરૂપ સમજવા અયોગ્ય હોવાથી તેઓને તેનો ઉપદેશ આપવો નહિં. ॥૨૨૦॥

## અયોગ્યને પ્રેમગીતા આપવાથી આપનારને દોષ લાગે છે.

दत्तायां प्रेमगीताया-मयोग्याय पदे पदे ।
बालहत्यादि दोषाः स्यु-र्दातॄणां नैव संशयः ॥२२१॥

**અર્થઃ**—અયોગ્ય મનુષ્યને જો પ્રેમગીતાનો ઉપદેશ અપાય તો પગલે પગલે બાળહત્યાદિ અનેક દોષો તે પ્રેમગીતાના ઉપદેશકને લાગે છે તેમાં જરાપણ સંશય નથી ॥૨૨૧॥

**વિવેચનઃ**—આ અત્યંત પવિત્ર અને સનાતન એવી પ્રેમગીતા જો અભવ્ય, નાસ્તિક, ધર્મદ્વેષી એવા જે અયોગ્ય અને અપાત્ર હોય તેવાને જો ગુરૂદેવો આપે તો તે બહુ અનર્થકારી થાય છે. એટલે તેઓ તેનો પરમાર્થ ભાવથી ઉલટો અર્થ કરીને હિંસા અસત્ય ચોરી વ્યભિચાર, લોભ, માયા, દ્વેષ વિગેરેને વધારતો ભયંકર અનર્થ ઉભા કરે છે. પ્રેમસ્વરૂપને વ્યભિચાર સ્વરૂપે વ્યાપક કરે છે. માટે આપણા પૂજ્યપાદ આચાર્યવર્યોએ અપાત્રમાં એવી વિદ્યા આપવાનો નિષેધ કરેલો છે. તેથી તેવાને આ પ્રેમગીતાની વિદ્યાનો ઉપદેશ કરવાથી બાળહત્યાદિ વગેરે દોષો ગુરૂઓને પગલે પગલે લાગે છે. કેમકે આ વિદ્યાને પામી તે વિદ્યાવડે કુપાત્ર આત્મા અનેક મહાપાપમય અનર્થ કરે છે માટેજ તે અનેક દોષોનો હેતુ પ્રેમ રહસ્યનો ઉપદેશ બને છે આમાં જરાપણ સંશય નથી એમ નિશ્ચયથી માનવું. ॥૨૨૧॥

## શિષ્યને શુદ્ધશ્રદ્ધાવાન બનાવીને પ્રેમધર્મનો ઉપદેશ આપવો.

कृत्वा शिष्यश्च सद्भक्तं, सद्गुरुभिः प्रतिज्ञया ।
प्रेमधर्मः प्रदातव्यः, सर्वधर्मस्वरूपकः ॥२२२॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**:—સદ્‌ગુરૂએ શિષ્યને સદ્‌ભકત બનાવ્યા પછીજ પ્રતિજ્ઞાપૂર્વક સર્વધર્મના સ્વરૂપવાળો પ્રેમધર્મનો ઉપદેશ આપવો. ॥૨૨૨॥

## શ્રદ્ધાયુકત માણસો પ્રેમના અધિકારી બની શકે છે.

**श्रद्धायुक्ता जनाः सर्वे, प्रेमधर्माधिकारिणः ।**
**मातृगुर्वादिसद्‌भक्ता–नीतिमार्गाऽनुयायिनः ॥२२३॥**

**અર્થ**:—જે આત્મા શ્રદ્ધાયુકત છે તેઓજ સર્વે પ્રેમધર્મના અધિકારિપણાને પ્રાપ્ત થાય છે. તેમજ જે માતાપિતા, ગુરૂ આદિના ભકતો છે અને નીતિમાર્ગના અનુયાયી થએલા છે તેઓ પ્રેમધર્મના અનુયાયી થવા યોગ્ય છે ॥૨૨૩॥

**વિવેચનઃ**—જે ભવ્યાત્માઓ પરમાત્મા દેવ, ગુરૂ, ધર્મમાં સંપૂર્ણ અડગશ્રદ્ધા–વિશ્વાસ ધરાવતા હોય, દેવગુરૂ ધર્મ અને ધર્મિજનો ઉપર ભકિત ધરતા હોય, જેમને ધર્મના સદ્ અનુષ્ઠાની ઉપર પૂર્ણ રૂચિ હોય, ગુરૂઆજ્ઞાને સદ્‌ભાવપૂર્વક મસ્તકે ચઢાવતા હોય તેવા ભવ્યાત્માને સત્ય પ્રેમધર્મ સ્વરૂપનો બોધ કરવા યોગ્ય છે. તેમજ જે માતા પિતા વિગેરે કુટુંબ સ્વજન સંબંધિની સેવાભકિત કરતા હોય તેવા સદ્‌ભકતો પણ પ્રેમધર્મના અનુયાયી થવા યોગ્ય છે. તેમજ જે ભવ્યાત્મા ન્યાય નીતિથી વ્યાપાર વ્યવહાર ચલાવતા હોય. અન્યાય રૂપ હિંસા, અસત્ય, ચોરી, વ્યભિચાર, મદ્યપાન, માંસ ભક્ષણ ન કરતા હોય તેમજ નીતિ માર્ગને અનુસરનારા આત્માઓજ પ્રેમધર્મના અધિકારી જાણવા. પૂજ્ય ગુરૂઓ તેઓનેજ પ્રેમધર્મનો બોધ કહે છે. ॥૨૨૩॥

## શ્રીમહાવીરના ભકતોની ધર્મમાં પ્રવૃત્તિ થશે.

**महावीरस्य भक्तानां, प्रेमधर्मप्रवर्त्तनम् ।**
**भविष्यति कलौ हृद्यं, सर्वसंसारतारकम् ॥२२४॥**

**અર્થ**:—ભગવાન મહાવીરદેવના ભકતો હોય છે તે સર્વ સંસારમાંથી તારનાર પ્રેમ ધર્મની પ્રવૃત્તિ કલિયુગમાં સુંદર રીતે કરશે. ॥૨૨૪॥

**વિવેચનઃ**—આ જગતમાં સાચા પ્રેમધર્મનો સાચો હિતકારી ઉપદેશ જો કરવામાં કોઈ સંપૂર્ણ સમર્થ હોય તો તે ફકત મહાવીર ભગવાનના સાચા સંસારત્યાગી ભકતોજ છે. કારણકે અન્ય સર્વ એકાંતવાદીઓ પ્રેમધર્મના સત્યસ્વરૂપને સમજી શકેલા હોતા નથી. તેથી પોતાના મનથી કલ્પેલા સિદ્ધાંતોને અન્ય ઉપર લાદવા માટે છળ પ્રપંચ, ઝઘડા, કરે છે. જેમકે વેદાંતિઓએ પોતાનો સિદ્ધાંત ફેલાવવા લોહીની નદીઓ વહેવરાવી બૌધ્ધોનો નાશ કર્યો. ખ્રીસ્તીઓએ યહુદીઓનો તેવીજ રીતે નાશ કર્યો, મુસલમાનોએ હિંદુઓનો નાશ કરવા પ્રયત્ન કર્યો. જૈન ઉપર પણ હિંદુધર્મના ચૂસ્ત સનાતનીઓએ અનેક પ્રકારનો જુલ્મ ગુજાર્યો છે. તે શંકરદિગ્વિજયમાં જણાવેલો છે. એટલે જે જે એકાંતવાદિઓ છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓ અન્ય ધર્મશાસ્ત્રને સાંભળી પોતાની ગળતીઓને સુધારવા-દૂર કરવા પ્રવૃત્તિ કરતા નથી પણ કુયુક્તિથી પ્રતિવાદિની સત્ય અપેક્ષિત વાતને ઉડાવીને પોતાની વાત એકાંત સત્ય છે એમ સિદ્ધ કરવા કુયુક્તિઓ કરે છે. તેમાં ન ફાવે તો પશુવૃત્તિ કરીને ભયંકર ખુના મરકી કરવા પ્રવૃત્તિ કરે છે. ॥૨૨૪॥

## ગુરુપરંપરાએ પ્રેમધર્મ ચાલશે

**गुरुपरंपरा प्रेम-धर्मः कलौ चलिष्यति ।**
**शीघ्रं कर्मादिमार्गेभ्यो-मुक्तिदः सर्वदेहिनाम् ॥२२५॥**

**અર્થ**:—આ કલિકાલમાં ગુરૂની પરંપરાએ પ્રેમતત્વમય ધર્મ ચાલશે અને ભવ્યાત્માઓને તે પ્રેમધર્મ શુભ કર્મના સદ્અનુષ્ઠાનથી યુક્ત થઇને મુક્તિ આપવામાં સમર્થ થાય છે. ॥૨૨૫॥

## પ્રેમગીતાનું પ્રવચન કોણ કરે ?

**सद्गुरोः प्रेमिभक्तानां, प्रेमगीताप्रवाचनम् ।**
**श्रवणं च फलेच्छीघ्रं, यथानुक्रमशिक्षणात् ॥२२६॥**

**અર્થ**:—સદ્ગુરૂના જે પ્રેમીભકતો હોય તેઓ આ પ્રેમગીતાનું પ્રવચન કરવામાં સમર્થ થાય છે. તેમજ ગુરૂની પાસે તે પ્રેમગીતાનું સ્વરૂપ જે સાંભળવાનું થાય તે તેઓને શિઘ્રફલ આપનારૂં થાય છે. આમ શિષ્યપરંપરાએ યથાક્રમે તેનું શિક્ષણ ભવ્યાત્માઓને મોક્ષમાં હેતુ થશે. ॥૨૨૬॥

## સાચા પ્રેમીઓને વિયોગ મૂર્ચ્છા લાવે છે

**भव्यौत्सुक्यं भवेद्दिव्यं, सत्प्रेमिणां परस्परम् ।**
**अत्यसह्यवियोगोऽस्ति, मूर्च्छना चोन्मनीदशा ॥२२७॥**

**અર્થ**:—સત્યપ્રેમીઓને પરસ્પર દિવ્ય અને ભવ્ય એવી ઉત્સુકતા થાય છે કે તેઓને પરસ્પર એકબીજાનો વિયોગ અત્યંત અસહ્ય થાય છે. તેથી મૂર્ચ્છા અને ઉન્મનીદશાને પણ પામે છે ॥૨૨૭॥

**વિવેચન**:—આ બ્રહ્માંડમાં જે સત્યપ્રેમિ મનુષ્યો હોય છે તેઓ પરસ્પર એકબીજાને શુદ્ધ નિર્વિષય ભાવથી મળવા ચાહે છે, તેઓમાં દિવ્ય એટલે અત્યંત સુંદરતાવાલો સ્વાર્થના વિકલ્પ સંકલ્પરહિત પ્રેમ હોય છે તેના યોગે પરસ્પર મિલન માટે એટલી બધી ઉત્કટ ઉત્સુકતા-તાલાવેલી હોય છે કે જો કોઇ એવા સંયોગો ઉપજે કે એ લોકોને પરસ્પર મેલાપ નજ થાય તો તે પ્રેમિજનોનો એ વિયોગ બન્ને પક્ષને અત્યંત અસહ્ય થાય છે એકબીજાનો એ વિયોગ મૂર્ચ્છા ભાવને અને ઉન્મની ભાવને ઉપજાવે છે કે મરણ દશાને લાવે છે. જેમકે શ્રીમાન્ લક્ષ્મણને એવું કોઇક કુતુહલીએ જણાવ્યું કે મહારાજા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી રામચંદ્રદેવ દિવંગત થયા, આ શબ્દ સાંભળતા અત્યંત પ્રેમિ એવા લક્ષ્મણદેવના શરીરમાંથી આત્મચૈતન્ય 'હેં શુ મારા ભાઈ મરણ પામ્યા ?' એવા શબ્દ સાથે શરીરનો ત્યાગ કરી પરલોક ગમન થયું.' એટલે પ્રેમીભાઈનો વિયોગ જાણવામાં આવતાં લક્ષ્મણના પ્રાણનો ત્યાગ થયો એ વાત રામાયણમાં છે તે જોઇ લેવી. તેમજ શ્રીમાન્ રામચંદ્ર ભાઇની આવી મરણદશા જોઇને પ્રથમ તો મૂર્ચ્છા એટલે ચૈતન્યની શૂન્યતા પામ્યા. તે મૂર્ચ્છા વળી એટલે ભાઇના શરીરને ફરીફરી જોતાં ઉન્મનીદશારૂપ ઉન્માદ–ગાંડપણને પામ્યા. છ માસે તેમને વાસ્તિવિક વિવેક પ્રાપ્ત થયો. પ્રેમીઓની પરસ્પર આવી દશા થાય છે, તેથી તેમના પ્રેમની યથાર્થ પરીક્ષા થાય છે. બાકી વિષય જન્ય જે મોહમય પ્રેમ છે તે તો બાહ્ય લોકોને દેખાડવા પુરતો હોય છે વ્યવહારમાં અમે પ્રેમીજનો છીએ તેવું આચરણ કેટલોક સમય દેખાડીને તેઓ ભૂલી જાય છે. ॥૨૨૭॥

**परस्परेषु चित्ताना–मान्तरत्राटको भवेत् ।**
**बाह्यश्च दर्शनोत्कंठ–प्रेमिणां बाह्यचक्षुषाम् ॥२२८॥**

**અર્થ**:—પ્રેમીઓમાં જે આંતર ચિત્તથી પ્રેમીઓ હોય તેઓને પરસ્પરના ચિત્તોનો આંતર ત્રાટકભાવે પ્રેમ પ્રગટ થાય છે, બાહ્ય ચક્ષુથી દેખાનારાં જે પ્રેમિઓ છે તેઓ તો બહારથી દેખવા માત્રની ઉત્કંઠા દેખાવ પુરતીજ રાખે છે ॥૨૨૮॥

**પ્રેમીઓ મળે ત્યારે પ્રેમાશ્રુ વહાવે છે**

**नेत्राश्रुरोदनं दिव्यं, विशुद्धप्रेमिणां खलु ।**
**महावीरप्रभौ त्यागः, सकाममनसो भवेत् ॥२२९॥**

**અર્થ**:—વિશુદ્ધ પ્રેમીજનોનો પ્રેમ મેલાપ થતાં નેત્રમાંથી દિવ્ય રૂદન પ્રગટાવે છે જેમકે ભગવાન શ્રી મહાવીરપ્રભુમાં જગત ઉપર જે વિશુદ્ધપ્રેમ જાગેલો છે તે ભોગ કુટુંબ રાજ્ય વિગેરેનો ત્યાગ સકામજ્ઞાનપૂર્વક મનથી થયો હતો તેમ આપણો પણ ત્યાગ તેવા પ્રકારના પ્રેમથી થાય ॥૨૨૯॥

**વિવેચનઃ**—હે આત્મા તને સમ્યગ્જ્ઞાન વિવેકપૂર્વક થયું હોય તો જગતના સર્વ પ્રાણિઓ ઉપર નિર્વિકારી પ્રેમને પ્રગટ કરીને ભગવાનની પેઠે વિષય વિકારમય સંસારભોગનો મોહ ત્યાગ કરી ભગવાન તીર્થંકરદેવ, સિદ્ધ અને મોક્ષના સુખમાં સત્યપ્રેમ પ્રગટાવીને મનથી અને કાયાથી પુદ્ગલ સંબંધનો ત્યાગ કરવા તૈયાર થઇ પ્રભુના પંથે ગમન કરવા કેડ બાંધીને સંયમયોગમાં શુદ્ધ પ્રેમથી પ્રવૃત્તિ કર. ॥ ૨૨૯ ॥

**સાચા પ્રેમીને ભગવાનનાં દર્શનમાં એક ક્ષણનો વિલંબ ક્રોડ વર્ષ જેવો લાગે છે.**

**महावीरजिनेंद्रस्य, दर्शनायाऽऽतुरं मनः ।**
**कोटिवर्षसमं तस्य, क्षणोऽपि जायते हृदि ॥२३०॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**:—શુદ્ધ પ્રેમીજનોને ભગવાન મહાવીર જીનેશ્વરના દર્શનની મનમાં એટલી બધી આતુરતા થાય છે કે એક ક્ષણનો પણ વિલંબ તેને હૃદયમાં કરોડ વર્ષ સમાન લાગે છે. ॥ ૨૩૦ ॥

**વિવેચન**:—જે ભવ્યાત્માનું મન પ્રેમયોગમાં પ્રાપ્ત થયું હોય, જેને સંસારમાં સર્વ આત્મા પરમાત્માના સમાન સ્વભાવ લક્ષણમય લાગેલા હોય તેવા શુદ્ધ પવિત્રપ્રેમી મહાનુભાવને પરમાત્મા ભગવાન મહાવીર જીનેંદ્રના દર્શન પૂજા ભકિતમાટે મનમાં એ-ટલી તો તાલાવેલી ઉપજેલી હોય છે કે જો તેમાં ક્ષણમાત્રનો વિલંબ પડે તો તે પણ એક કરોડ વર્ષના વિરહકાલ જેવો ભયંકર તેમના હૃદયમાં દુઃખદાયી લાગે છે, તેવા આત્માનો જે નિર્વિષયી પ્રેમ તેજ મોક્ષની પ્રાપ્તિમાં સત્ય ઉપાદાન કારણ થાય છે. તેથી તે પ્રેમસ્વરૂપ સમ્યગ્દર્શન સમજવું. ॥ ૨૩૦ ॥

## સાચા પ્રેમીનું ચિત્ત મહાવીર વિના બીજાને ઈચ્છતું નથી.

अन्यन्नेच्छति तच्चित्तं, महावीरप्रभुं विना ।
स्वप्नेऽपि दर्शनं कृत्वा, परमानन्दभाग्भवेत् ॥२३१॥

**અર્થ**:—સાચા પ્રેમીજનોને ભગવાન મહાવીર પ્રભુ વિના અન્ય કોઈ પણ વસ્તુની તેમના ચિત્તમાં ઇચ્છા પ્રગટતી નથી. સ્વપ્નામાં પણ પરમાત્માના દર્શનથી પરમાનંદને પામે છે. ॥ ૨૩૧ ॥

## પ્રેમભકતોને દેહાદિનો નાશ તૃણ સમાન લાગે છે

देहादीनां विनाशोऽपि, भक्तानां तृणवद्भवेत् ।
अग्निःशीतायते तेषां, शुद्धप्रेमप्रभावतः ॥२३२॥

**અર્થ**—જે શુદ્ધ પ્રેમ ભકતો છે તેઓને દેહાદિનો નાશ પણ તૃણ જેવોજ લાગે છે શુદ્ધપ્રેમના પ્રભાવથી તેઓને અગ્નિ શીતલતાનું આચરણ કરે છે. ॥ ૨૩૨ ॥

**વિવેચન**:—પ્રેમની ઉપાસના કરનાર જીવાત્માઓ ભગવાન મહાવીર દેવના સાચા ભકતો જાણવા, તેઓ સર્વ જીવોના પરમ કલ્યાણમાટે પોતાના શરીર–પ્રાણને તૃણ તર-ખલા સમાન ગણીને પ્રેમમય પરમાત્માને સર્વ સમર્પણ કરે છે મરણનો પણ ભય ગણતા નથી, જેમકે સુદર્શન શેઠે આત્મધર્મના પ્રેમની રક્ષા માટે દુરાચારિણી સ્રીએ આપેલા આરોપ વડે શુળી ઉપર ચડીને પ્રાણ આપવા તૈયાર થયા પણ કોઇનું અકલ્યાણ નહિં ઇચ્છયું. રાજાના કોપની પણ પરવા નહોતી રાખી. તે શેઠની સ્ત્રી પણ ધર્મ તથા પતિ ઉપર અનન્ય પ્રેમવડે પોતાના સ્વામિનું કલ્યાણ ઇચ્છતી છતી પતિ ઉપરનો ઉપસર્ગ દૂર ન થાય ત્યાં લગી પરમાત્માના ધ્યાનમાં એકચિત્તે સ્થિર રહીને શત્રુઓ ઉપર પણ કરૂણા ચિંતવતી હતી. આવા પ્રેમધર્મપૂર્ણભક્તોના પ્રેમનો જે અપૂર્વ પ્રભાવ છે તે વડે સુદર્શન

૧૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ને જે શુળી ઉપર ચડાવેલો હતો તે શુળી પ્રેમધર્મના પ્રભાવથી મહાન તેજોમય સુવર્ણ સિંહાસન થઇ ગયું. સીતાદેવી ઉપર અસતીપણાનું કલંક હતું તેને દૂર કરવા અગ્નિની જ્વાલામય ખાડીમાં ઝંપાપાત થતા તે અગ્નિ શિતળજલમય બની ગયો હતો. આ પ્રેમ ધર્મનું બળ જગતમાં અપૂર્વજ છે. ॥ ૨૩૨ ॥

### બુદ્ધિથી પણ પ્રેમીનું હૃદય મહાન છે.

**बुद्धितोऽपि स्वभावेन, प्रेमिणां हृदयं महत् ।**
**चञ्चला क्षणिका बुद्धिः, स्थिरं हृत्प्रेमभाजनम् ॥२३३॥**

**અર્થ**:—બુદ્ધિથી પણ પ્રેમીઓનું હૃદય સ્વભાવ વડે મહાન છે, કારણ કે બુદ્ધિ ચંચળ સ્વભાવવાળી હોવાથી ક્ષણિક છે ત્યારે પ્રેમિઓના હૃદયો સ્થિર પ્રેમના સાચા પાત્રો છે. ॥ ૨૩૩ ॥

### પ્રભુનો ભક્ત જીવનમુક્ત મહાત્મા કહેવાય છે

**सर्वविश्वस्वरूपश्री-महावीरस्य भक्तराट् ।**
**तन्मयो भवति प्रेम्णा, जीवन्मुक्तोऽभिधीयते ॥२३४॥**

**અર્થ**:—સર્વ વિશ્વસ્વરૂપ પ્રેમમૂર્તિ ભગવાન શ્રી મહાવીરદેવનો જે ભક્તરાજ થાય છે એટલે પ્રેમથી પ્રભુના પ્રેમમાં તન્મયભાવે બની જાય છે તે જીવનમુક્ત મહાત્મા કહેવાય છે. ॥ ૨૩૪ ॥

### પરમાત્માના સાચા ભક્તોને આ દેહમાંજ મુક્તિ છે.

**मुक्तिरत्रैव भक्तानां, सदेहेऽप्यनुभूयते ।**
**अत्र नैवाऽस्ति नाऽमुत्र, ज्ञातव्यं शुद्धधर्मिभिः ॥२३५॥**

**અર્થ**:—પરમાત્માના સાચા ભક્તોને પોતાના દેહમાં વર્તતા છતાં પણ મુક્તિનો અનુભવ થાય છે. જેને અહિયાં મુક્તિ નથી એટલે આ ભવમાં નથી તેને પરભવમાં પણ નથી. એમ શુદ્ધ ધર્મિઓવડે જાણવું. ॥૨૩૫॥

**વિવેચનઃ**—જેઓ પરમાત્માના સાચા ભક્તો છે, જેઓ પરમાત્મા સ્વરૂપ સિવાય અન્ય વસ્તુની આકાંક્ષા નથીજ કરતા, વિષયના વિકારો કે કષાયો જેની ઉપર બલ કરી શકતા નથી, જેઓ જગતના કલ્યાણમાટે મૈત્રી ભાવનામય પ્રેમતત્વનો અનુભવ કરે છે, શમ-સંવેગ નિર્વેદ ભાવમય સર્વત્ર અનુકંપાવડે કરૂણાભાવથી જગતને પરમાત્મા તરફનો માર્ગ બતાવી રહ્યા છે તેવા મહાનુભાવ પ્રેમયોગના ભક્તોને પોતાનાજ વિદ્યમાન શરીરમાં મુક્તિ સુખનો અનુભવ થાય છે. જો કે આ પાંચમાં આરારૂપ કલિકાલમાં મનોબલ નબલું હોય છે. શરીરબલ પણ તેવા પ્રકારના શુકલ ધ્યાનમાં ચડાવવા સમર્થ નથી, આ ભરતક્ષેત્રમાં રહેલા ભવ્યાત્માઓને આ ભવે જોકે પૂર્ણભાવે મુકિત ન પ્રાપ્ત થાય તોપણ શુદ્ધ ચારિત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રૂપયોગ બલથી ઘણા ભવ ભોગવવાયોગ્ય એવા કર્મસમુહનો તો ક્ષય થાયજ છે અને વિષયવાસના રૂપ ઇંદ્રિય વિકારો અને મનના વિકારોનો શુદ્ધચારિત્રમાં અપ્રમાદભાવે ક્ષય કરે છે તેથી આ ભવમાં સ્વશરિરમાં પણ મુકત ન હોવા છતાં વિરાગભાવથી મોક્ષનો આનંદ અનુભવે જ છે કહ્યું છે કેઃ– "निर्विकारं निराबाधं ज्ञानसारमुपेयुषाम् । विनिवृत्तपराशानां, मोक्षोऽत्रैव महात्मनाम् ॥६॥ અર્થઃ—જેઓને આત્મમાંથી વિકાર નાશ પામ્યા છે, તેથી અનુકુલ કે પ્રતિકૂલભાવે થતી બાધા–પીડાનો જેઓને અભાવ છે, તેમજ સમ્યગ્ વિવેકથી યુક્ત આત્મસ્વરૂપ જ્ઞાનનો જે સાર પરમાર્થ પ્રાપ્ત થાય છે તેવા અને પર–પુદ્ગલ ભોગની આશા જેઓની નાશ પામી ગઈ છે તેવા મુનિરાજો અહિયાંજ આ દેહે મોક્ષનો આણંદ અનુભવે છે ॥૧॥ જોકે આ શરીરે સર્વકર્મનો ક્ષય કરી મોક્ષે જવાનું નથી પણ અનેક કર્મનો નાશ થવાથી નવા સંસારમાં હેતુ થાય તેવા કર્મનો જો બંધ ન પડે તો આવતા ભવે મહા વિદેહમાં જન્મ ધારણ કરી અવશ્ય મોક્ષને પ્રેમયોગીઓ પ્રાપ્ત કરે છે એમ શુદ્ધ-પ્રેમધર્મીઓએ જાણવું. ॥૨૩૫॥

## ગુરુની આજ્ઞા તેજ સદ્ધર્મ

सद्गुरोराज्ञयाप्रेमि–भक्तानां वर्त्तनं शुभम् ।
गुरोराज्ञैवसद्धर्मः, प्रेमिणां मतिरीदृशी ॥२३६॥

**અર્થઃ**—પ્રેમી એવા ભકતોને સદ્ગુરૂની આજ્ઞા પ્રમાણે વર્તન થાય તે શુભ વર્તન જાણવું. જે સાચા પ્રેમીજનો હોય છે તેઓને ગુરૂની જે આજ્ઞા તેજ સાચો ધર્મ છે એવી બુદ્ધિ હોય છે ॥૨૩૬॥

**વિવેચનઃ**—જે મહાનુભાવ પ્રેમિભકતજનો છે તેઓની સર્વ પ્રવૃત્તિ સંસારની કે ધર્મની પ્રવૃત્તિ પૂજ્યગુરૂદેવની આજ્ઞાને અનુસારે જ હોય છે તેથી તે સદ્ધર્મની પ્રવૃત્તિ પુણ્યાનુબંધિ પુણ્યરૂપ ધર્મને પ્રગટ કરનારી થાય છે, તેથી તે ભવ્યાત્મા પ્રેમી મહાનુભાવ ભકતની પ્રવૃત્તિ શુભ જણાવી છે. તેમજ કદાચિત્ કોઈ ભવ્યાત્માને ધર્મના સૂક્ષ્મ વિચારો અને કર્તવ્યા–કર્તવ્યનો વિશેષ બોધ ન હોય તોપણ જે પૂજ્યગુરૂઓજ ઉપદેશ આપે જે આજ્ઞા ફરમાવે તેજ સત્યધર્મ છે તેમ સમજીને સર્વ ધર્મકાર્યોમાં પ્રવૃત્તિ કરતાં અનંત અવ્યાબાધ સુખના ભોકતા પ્રેમિજનો થાય છે. તે અવશ્ય વખાણવા યોગ્ય છે કહ્યું છે કેઃ– "धन्यास्ते ये विरक्ता गुरुवचनरतास्त्यक्तसंसारभोगाः, योगाभ्यासे विलीना गिरिवनगहने यौवनं ये नयन्ति तेभ्यो धन्या विशिष्टाः प्रबलवरवधूसंगपंचाग्नियुक्ताः, नैवाक्षौघे प्रमत्ताः परमनिजरसं तत्त्वभावं श्रयन्ति ॥३॥ અર્થઃ—જે સત્યપ્રેમથી યુકત થઇને સંસારના વિષયોની ભોગવાસનાથી વિરકત થયા છે, સદ્ગુરૂદેવના ઉપદેશમય આજ્ઞારૂપ વચનમાં શુદ્ધપ્રેમથી રકત થયા છે, અને સંસારના ભોગોને તૃણની પેઠે ત્યાગકરીને આત્મસ્વરૂપની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાપ્તિમય જે યોગ તેના અભ્યાસમાં લીન થયેલા છે. તેમજ વસતિના પરિચયનો ત્યાગ કરીને ગિરિની ગુફામાં કે ગહનવનમાં વાસ કરીને યૌવન અવસ્થાને જે ગાળે છે તેઓ ધન્યછે. તેઓની સદ્પ્રવૃત્તિ વખાણવા યોગ્ય છે, તેથી પણ અત્યંત ધન્યવાદને જેઓ પાત્ર છે તે જણાવે છે જેઓ અત્યંત સુંદર રૂપલાવણ્યવંતી સુંદર કંઠ તથા યુવાનીના મદથી ભરેલી સ્ત્રીઓ નજરે સન્મુખ હોવા છતાં તેના ભોગની લીલાના અનુભવી હોવા છતાં તેના ભોગોમાં આશકિત ધરતા નથી તેમજ પાંચ ઇંદ્રિયોના ભોગરૂપ પંચાગ્નિના દુઃસહ તાપથી મુંઝાતા નથી ભોગની ઇચ્છા નથી કરતા તે તરફ દ્રષ્ટિ પણ નથી કરતા તેમજ નિજ આત્મસ્વરૂપની જ્ઞાનદર્શન ચારિત્ર વીર્યની વિચારણામાં ઉપયોગી બનીને તે અધ્યાત્મરસમાં લીન બની ગુરૂના ચરણમાં મનવચન કાયાનું પ્રેમપૂર્વક સમર્પણ કરી સત્યતત્વ ભાવનોજ આશ્રય કરે છે તે સર્વ ધન્યવાદથી પણ અધિક ધન્યવાદને પાત્ર છે. કારણકે ગુરૂદેવની આજ્ઞાવડે પ્રેમથી સર્વધર્મ ક્રિયામાં પ્રવૃત્તિ કરતાં સંકલ્પ–વિકલ્પની મિથ્યા ભ્રમણા નષ્ટ થતાં ગુરૂ ચરણનો પ્રેમિભકત પરમાત્મદશાનો ભોકતા થાય છે ॥૨૩૬॥

## પ્રેમ એજ દિવ્ય જીવન છે

**प्रेमैव जीवनं दीव्यं, स्वर्गश्च स्वर्गिणासिदम् ।**
**व्यापकः सूक्ष्मरूपेण, प्रेमाऽस्ति सर्वदेहिषु ॥२३७॥**

**અર્થ**:—પ્રેમિ આત્માઓને પ્રેમજ એજ એક દિવ્યજીવન સ્વરૂપ છે. જેમ સ્વર્ગલોક દેવોનું દિવ્યજીવન છે તેમ સમજવું. તે પ્રેમ સૂક્ષ્મભાવે સર્વત્ર વ્યાપકરૂપે સર્વ દેહધારી જીવોમાં રહેલો છે ॥૨૩૭॥

## સાચા પ્રેમીઓ સંસારમાં સામે તરનારા છે

**उन्मनीभावमापन्नाः, संसारोत्पथवर्त्तिनः ।**
**मुक्तये सन्तु सद्भक्ताः, शुद्धात्मप्रेमजीवनाः ॥२३८॥**

**અર્થ**:—શુદ્ધપ્રેમવાળા સાચા ભકતો ઉન્મનીભાવને પામ્યા છતાં સંસારના માર્ગથી ઉલટી દિશામાં વર્તનારા હોઇ છે અને શુદ્ધ આત્મપ્રેમરૂપે જીવન જીવતા હોવાથી તે ભકતોને તે જીવનમુકિતમાટે થાય છે. ॥૨૩૮॥

**વિવેચનઃ**—કરૂણાભાવ ધરનારા સાચા પ્રેમભકતો સંસારની વૃદ્ધિના કારણોથી ઉલટા ચાલનારા હોય છે કહ્યું છે કે "**लोकसंज्ञामहा नद्यामनुश्रोतोऽनुगा न के? प्रतिस्रोतोऽनुगस्त्वेको राजहंसो महामुनिः ॥१॥** તે સંસારની વૃદ્ધિમાં ઉપાદાન કારણ રૂપ વિષયકષાય રૂપ લોકસંજ્ઞા રૂપ મહા નદીના પ્રવાહમાં અનુસરનાર જગતમાં માછલા જેવા કોણ નથી? પ્રાયઃ સર્વ જીવો લોકસંજ્ઞાને અનુસરે છે, પરંતુ તેમાં એક પૂજ્ય મુનિવરો રૂપ રાજહંસો પ્રવાહના ગમન કરાતા પુરની સામે ગમન કરનારા હોય છે. ॥૧॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજહંસ સમાન સત્ય શુદ્ધ પ્રેમયોગીંદ્રો લોક પ્રવાહ રૂપ સંસારથી ઉલટા ચાલતાં છતાં સર્વ જગત ઉપર પરમ હિતસ્વરૂપ મૈત્રીભાવનામય પ્રેમસ્વરૂપમાં સ્વજીવન જીવતા છતાં તે પ્રેમયોગી ભક્તોનું જીવન વ્યાપાર સંસારથી છુટીને મોક્ષપંથમાં પ્રવૃત્તિ કરનારૂં થાય છે કારણ કે તે પ્રેમયોગીપુરૂષ ઉન્મનીભાવવડે બાહ્ય અને અભ્યંતર શરીર અને મનની પ્રવૃત્તિનો રોધ કરી ઉન્મનીભાવને પામે છે તે આ પ્રમાણે "**बहिरन्तश्च समन्ताच्चिन्ताच्चेष्टादि परिच्युतो योगी । तन मयभावं प्राप्तः, कलयति भृशमुन्मनीभावम् ॥१॥** અર્થ:—બાહ્ય શરીરની ચેષ્ટા અને અભ્યંતર મનની ચેષ્ટાઓનો સર્વથા પરિત્યાગ કરીને યોગી–પ્રેમયોગી આત્મસ્વરૂપમાં–પરમાત્માના સ્વરૂપમાં અભેદભાવે તન્મય થઈને ધ્યાતા અને ધ્યાનને પરમાત્મામાં અભેદભાવે એકત્વ કરવાથી પ્રેમયોગીઓ ઉન્મનીભાવને પ્રાપ્ત થાય છે, ત્યારે સર્વ આશ્રવનો રોધ કરીને સત્તામાં રહેલા અને ઉદયમાં ભોગવાતા સર્વ ઘાતીકર્મનો ક્ષય કરીને મોક્ષપદની યોગ્યતા પામે છે. ॥ ૨૩૮ ॥

## સર્વ સમર્પણ કરીને પણ પ્રેમયોગને પ્રાપ્ત કરવો.

**प्रेमाविर्भावकृत्याय, शुद्धात्मप्रेमयोगिनाम् ।**
**कर्त्तव्या सङ्गतिः सर्व–स्वार्पणेन तदर्थिभिः ॥२३९॥**

**અર્થ**—પ્રેમયોગધર્મને પ્રગટ કરવા માટે તે પ્રેમના અર્થિજનોએ સર્વ સમર્પણ કરી ને પણ શુદ્ધ પ્રેમયોગીઓની સંગતિ કરવી. ॥ ૨૩૯ ॥

**વિવેચન:**—સત્ય શુદ્ધ પ્રેમને જેમને પ્રગટ કરવો છે તેણે તો આપણને જે સર્વથા અત્યંત પ્રિય હોય તેવા બધા પદાર્થો પ્રેમયોગીશ્વર પરમાત્માને સમર્પણ કરવા જોઈએ એટલે સર્વ વસ્તુઓનો મોહ મમતા છોડવી જોઈએ કહ્યું છે કે–

"પ્રીતિ અનંતિ પરથકી, જે તોડે હો તે જોડે એહ,
પરમ પુરૂષથી રાગતા એકતત્વતા હો દાખી ગુણગેહ કે ઋષભજિર્ણંદ શું પ્રીતડી ॥"

એટલે પરમપૂજ્ય પરમ ગુરૂ ઋષભજિનેશ્વર જે પૂર્ણ શુદ્ધ પ્રેમયોગીશ્વર પરમાત્મા છે તેમની સાથે આપણે પ્રેમ કરવો હોય તો અનાદિ કાલથી પરદ્રવ્યાદિક એટલે પુદ્‌ગલ દ્રવ્યમાં પ્રેમ લાગેલો છે તેને અવસ્થ તોડવોજ જોઇએ. એટલે પરમાત્માને આત્માનું સર્વસ્વ સમર્પણ કરવું જોઈએ તેમજ પ્રેમના અર્થીએ પ્રેમયોગીને–પ્રેમયોગી ગુરૂદેવોને સર્વવસ્તુ સમર્પણ કરીને તેમની સંગતિ કરવી અને તેમની આજ્ઞામાં વર્તિને પ્રેમયોગનો અભ્યાસ કરવો. ॥૨૩૯॥

## ગુરૂ શિષ્યની એકતામાં આત્માની જ્યોત્ જણાય છે

**स्वार्पणेन सदा सेव्यः, शुद्धात्मप्रेमिसद्‌गुरुः ।**
**सद्‌गुरुशिष्ययोरैक्यं, प्रेमैव ज्योतिरात्मनाम् ॥२४०॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**:—શિષ્યોએ તો શુદ્ધઆત્મ પ્રેમી એવા પૂજ્ય સદ્‌ગુરૂને સ્વાર્પણ ભાવથી યુકત થઈ સદાકાળ સેવવા યોગ્યજ છે, જ્યારે પૂજ્ય સદ્‌ગુરૂ અને શિષ્યનો એકીભાવ થશે ત્યારે પ્રેમ એજ આત્માની જ્યોતિઃ છે તેમજ જણાશે ॥૨૪૦॥

**વિવેચનઃ**—સાચા શુદ્ધપ્રેમના અભિલાષી એવા શિષ્યોએ ગુરૂની ઉપાસના અવશ્ય કરવી જોઇએ પણ તે કેવા ગુરૂની ઉપાસના કરવી તો કહે છે કે શુદ્ધ સત્યપ્રેમી અહિંસા શુદ્ધ પાંચ મહાવ્રતને ધરનારા, આઠ પ્રવચન માતાને પાલનારા, સર્વજ્ઞ પ્રણિત શાસ્ત્રાનુસારે ભવ્યાત્માઓને મોક્ષના નિમિત્તિક ધર્મ ક્રિયા અનુષ્ઠાનનો સદ્‌ઉપદેશ આપનારા, સર્વ જીવાત્માઓ ઉપર કરૂણાભાવ રાખનારા, તપજપ ધ્યાન સમાધિવડે આત્મસ્વરૂપની ભાવનાભાવનારા, સદ્‌ગુણી ઉપર સત્યપ્રેમ રાખનારા તેવા સદ્‌ગુરૂ શુદ્ધ જાણવા. ॥૨૪૦॥

## સાચાભકત શિષ્ય આગળ કામબળ નાશ પામે છે.

**यस्याग्रे कामदेवस्य, बलं नश्यति तत्क्षणम् ।**
**आविर्भवतु तत्प्रेम, येन स्यात् प्रभुदर्शनम् ॥२४१॥**

**અર્થ**—જે શિષ્યે ગુરૂની સેવાભકિતમાં સર્વસ્વ અર્પણ કર્યું છે તેવાની સામે કામદેવનું મહાન બલ જલ્દી નાશ પામે છે. આવો પ્રેમ જલદી શિષ્યના મનમાં પ્રગટો કે જેથી પરમાત્માનું તેને દર્શન થાય. ॥૨૪૧॥

## શુદ્ધ પ્રેમ એ વિશ્વનો શાસક છે

**शुद्धप्रेम महाज्योतिः, परब्रह्मैव केवलम् ।**
**तेजस्तु तन्महातेज-एकं विश्वस्य शासकम् ॥२४२॥**

**અર્થ**:—શુદ્ધપ્રેમરૂપ મહાજ્યોતિ તેજ પરમબ્રહ્મ સ્વરૂપમય છે, તે સર્વ તેજથી પણ મહાન તેજ છે. એજ એકલું સર્વ વિશ્વનું શાસક છે. ॥૨૪૨॥

**વિવેચનઃ**—શુદ્ધ પ્રેમમય મહાજ્યોતિ સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર કરતા અનંતગણી પ્રકાશમાન છે.

કહ્યું છે કે— “ **प्रभाचन्द्रार्कभादीनां मितक्षेत्रप्रकाशिका ॥ आत्मनस्तु परं ज्योति र्लोकालोकप्रकाशकम् ॥१॥** અર્થ:—સૂર્ય ચંદ્ર અને ગ્રહો નક્ષેત્રોનો પ્રકાશ અમુક મર્યાદા વાલા ક્ષેત્ર સુધી હોય છે ત્યારે આ પરમ બ્રહ્મ પરમાત્માની પ્રેમમય જે જ્યોતિ તેનો પ્રકાશ તો લોકાલોકક્ષેત્રમાં સંપૂર્ણ વ્યાપક હોય છે. તેમજ તે પરમાત્માના પ્રેમપ્રકારનું શાસન પણ વિશ્વબ્રહ્માંડ વ્યાપક છે ॥૨૪૨॥

## કામીને કામથી દૂર રાખવામાં આવે તો પણ કામનો ક્ષય થતો નથી

**कायनाशोऽस्ति सत् ग्मा, पूर्णसत्यं वदाम्यहम् ।**
**काम्येभ्यो दूरवासेन, नास्ति कामस्य संक्षयः ॥२४३॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**:—પરસ્પરના પ્રેમવડે એકના અભાવે અન્યની પણ કાયાનો નાશ થાય છે. આ વાત હું પૂર્ણ સત્ય છે તેમ નિશ્ચયથી કહું છું, કામિઓને કામ્ય વસ્તુથી બહુ દૂર રાખવામાં આવે તો પણ કામિના કામનો ક્ષય નથી જણાતો. ॥ ૨૪૩ ॥

**વિવેચનઃ**—એક પ્રેમીના નાશથી અન્ય પ્રેમી પણ કાયાનો અવશ્ય નાશ કરે જ છે. એક અભાવે બીજો જીવન જીવી શકતો નથી, આ વાત પૂર્ણ સત્યજ છે એમ હું ( આ. શ્રીબુદ્ધિસાગરસૂરીશ્વરજી ) કહું છું. જેમ તરંગવતીના પૂર્વ ભવમાં માનસરોવરમાં તે અને તેનો પતિ ચાસ યુગલપણે હતાં ત્યાં એક શિકારીના હાથે ચાસ પુરૂષ વિંધાવાથી મરણ પામીને ભોંય ઉપર પડયો. તેને શિકારી લાકડાંથી બાળતો હતો ત્યારે તે ચાસ પુરૂષ ઉપરના પ્રેમથી આકુળવ્યાકુળ થયેલી એવી ચાસણીએ પણ તે અગ્નિમાં પોતાના દેહને નાખીને કાયાનો નાશ કર્યો પણ સત્ય પ્રેમનો નાશ ન કર્યો. આથી એ સમજાય છે કે કામીજનોથી કામ્ય વસ્તુ સ્ત્રી આદિ દુર હોય તો પણ કામી પુરૂષ કે સ્ત્રી કામવાસનાનો ત્યાગ નથીજ કરી શકતા એમ નિશ્ચય માનવું.

હવે બીજીરીતે શુદ્ધ સત્યપ્રેમી યોગિજનને સંસારના કારણરૂપ જે કાયા તેનો નવા કર્મ બંધનોનો અભાવ થતાં અને પ્રાચીનકર્મ સમુહનો સર્વથા ક્ષય થતાં કાયાનો નાશ અવશ્ય થાય છે. આ વાત સંપૂર્ણ સત્યજ છે એમ હું કહું છું એટલે જે પ્રેમયોગીના હૃદયમાં મોક્ષ રૂપ કામ્ય દૂર હોવા છતાં તેની પ્રાપ્તિની જે ઇચ્છારૂપ કામ તેનો સંક્ષય નાશ નથી જ થતો. એટલે પ્રેમયોગી તપ સંયમ ધ્યાનવડે કામ્યરૂપ મોક્ષ અર્થે દેહનો નાશ, ઇંદ્રિયબલનો નાશ, મનની ચંચલતાનો નાશ થવા દે છે. પણ કામ એટલે મોક્ષની જે ઇચ્છા તેનો ક્ષય નથી કરતો, અવશ્ય તે ઇષ્ટ મોક્ષને મેળવે જ છે. ॥૨૪૩॥

## બ્રહ્મ પ્રેમને જુએ છે અને કામ દેહ અને રૂપ લાવણ્યને જુએ છે.

**ब्रह्म पश्यति सत्प्रेम, कामस्तु देहरूपताम् ।**

**सत्प्रेम्णा वर्तते शान्तिः, कामात्तु दुःखराशयः ॥२४४॥**

**અર્થ**:—બ્રહ્મ સત્યપ્રેમને જુવે છે ત્યારે કામ દેહ રૂપ લાવણ્યને જુએ છે, સત્ય પ્રેમવડે આત્મા શાન્તિમાં પ્રવર્તે છે. અને કામવાસનાઓ દુઃખની રાશિમાં કારણ થાય છે. ॥૨૪૪॥

**વિવેચનઃ**—સત્યપ્રેમ જગતમાં સર્વત્ર સર્વ જીવાત્માને પ્રેમબ્રહ્મરૂપેજ જુવે છે અને પ્રમોદભાવને પામે છે. ત્યારે મોહ વાસનાથી ઉપજતો કામ શરીરના રૂપ, ગૌરવતા સ્થુલતા વિગેરે શૃંગારભાવને જોવાની પ્રવૃત્તિ કરે છે, સત્ય પરમાત્મ સ્વરૂપ આત્મ-પ્રેમિઓ શાંતિને પ્રેમવડે અનુભવે છે. અને કામીઓ કામવાસનાવંડે મૃગજલ સમાન સુખની બ્રાંતિથી સર્વ વિષયોમાં ફાંફાં મારતા અનંતદુઃખની રાશિના કારણરૂપ અસાતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વેદનીયથી યુક્ત ભયંકર કર્મ બાંધી સંસારચક્રમાં ઘેરાયેલા અવાચ્ય દુ:ખસમુહને પામે છે. કહ્યું છે કે **"विसयविसं हलाहलं, विसयविसं उक्कडं पीयतानं विसयविसाइन्नंविव, विसय विसुइया होइ"** ॥ વિષય વાસના રૂપ જે વિષ છે તે ભયંકર હલાહલ ભાવ વિષરૂપ હોવાથી આત્મના સંયમ શાંતિરૂપ જીવનનો નાશ કરે છે, કંડરીક સાધુ એક પૂર્વકાલ સુધી ચારિત્રને પાલ્યું છતાં વિષયવાસનારૂપ ભોગની ઇચ્છા કરવાથી સાતમી નરકનો અતિથી થયો હતો, કારણ કે તેનું પાન કરનારો જીવાત્મા અતિભોગની તૃષ્ણાથી અજીરણની જેમ શરીરમાં વિક્રિયાદિથી ભયંકર મરણ લાવનારા રોગોનો ભોક્તા થાય છે. વિષના પાનથી ઝાડા ઉલટી થાય છે. તેમ વિષયભોગનું અજીરણ પણ ક્ષય દમ વિગેરે રોગોનો ભોક્તા બનાવે છે અને બ્રહ્મદત્તની પેઠે નરકનો ભોક્તા થાય છે. ॥૨૪૪॥

## આત્મામાં પ્રેમનું સામ્રાજ્ય અને દેહમાં કામની સત્તા છે

**आंत्मसु प्रेमसाम्राज्यं, देहे कामस्य च स्फुटम् ।**
**आत्मप्रेम्णा रसानन्दः, कामेन दुःखकोटयः ॥२४५॥**

**અર્થ**—આત્મામાં પ્રેમનું સામ્રાજ્ય–સત્તા રહેલી છે, દેહમાં કામની સત્તા સામ્રાજ્ય પ્રગટ દેખાયજ છે આત્મા પ્રેમથી શાંતરસનો આનંદ અનુભવે છે. કામથી દેહદુઃખની કોટિનો અનુભવ કરે છે. ॥૨૪૫॥

**વિવેચન**:—પ્રેમરસના અભ્યાસકો વડે આત્મામાં પ્રેમરસ પ્રગટે છે તેનો અપૂર્વ આનંદ આત્મા અપેભવે છે કહ્યું છે **"यस्य ज्ञानसुधासिंधौ परब्रह्मणिमग्नता । विषायान्तर संचारस्तस्य हलाहलोपमः ॥२॥** શ્રીમાન પરમપૂજ્ય યોગીંદ્રવર્ય **યશોવિજય વાચકેંદ્ર** જણાવે છે કે જે આત્મપ્રેમીયોગિને જ્ઞાન રૂપ અમૃતમય સમુદ્રમાં મગ્નતા પ્રાપ્ત થઇ છે તેમાં જે પ્રેમમય પરમાનંદનો રસાસ્વાદ અનુભવે છે તેવા જ્ઞાનમય પ્રેમયોગીને આત્માથી અન્ય પુદ્ગલ વિષયમાં રૂપ, રસ, ગંધ, શબ્દ સ્પર્શાદિ વિષયોમાં પ્રવૃત્તિ કરવી તે હલાલ ઝેરમય લાગે છે, કારણ કે કામ ભોગાદિ જે વિષયો છે તે ભયંકર ઝેરમય છે કિંપાપાક ફળ જેવા આપાતમધુર છે અને પછી અનંતમરણના હેતુ થાય છે. માટે અનંતકોટિ દુઃખનું તે કારણ છે **"कामभोगो ग्रहो दुष्टः कालकूटविषोपमः । तद्व्यामोहनिवृत्यार्थमात्मभावो,ऽमृतोपमः ॥** અર્થ:—કામભોગની વૃત્તિ તે દુષ્ટ ગ્રહ છે તે ભયંકર કાલકુટ સર્પની જેમ ભયંકર છે, તેથી તેવા પ્રકારની વૃત્તિરૂપ મોહને દુર કરવા આત્મસ્વરૂપના સત્ય પ્રેમનું જ્ઞાન જેમાં રહેલું છે તેવો આત્મભાવરૂપ રૂપસ્થ ધ્યાન પરમ શ્રેષ્ઠ અમૃત સમાન છે. તેનું સેવન પ્રેમયોગીઓ અવશ્ય કરે છે. ॥ ૨૪૫ ॥

## કામી આત્મા પશુ સમાન છે.

**कामात्मा तु पशुर्ज्ञेयः, प्रेमात्मा तु पशोः पतिः ।**
**पशुपतिर्महादेवः, केवलज्ञानलिङ्गवान् ॥२४६॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**—કામરૂપ જેનું આત્મસ્વરૂપ છે. તે પશુરૂપજ જાણવું અને પ્રેમ રૂપ આત્મ સ્વરૂપ છે તે પશુપતિરૂપે જાણવું. અહિંયાં પશુપતિપણું તે મહાદેવનું સ્વરૂપ કેવલજ્ઞાનરૂપ ચિન્હથી યુક્ત છે તે જાણવું. ॥ ૨૪૬ ॥

**વિવેચન:**—જે આત્માઓ પાંચ ઇંદ્રિયોના વિષયભોગ રૂપ કામવાસનામાં અત્યંત આસક્ત હોવાથી કામીજનો કહેવાય છે, અને તે પશુસમાન આચરણાવાળા બને છે તેથી પરિણામથી પશુજ સમજવા જોઈએ. તેવા જીવાત્મા ચારગતિમાં ભ્રમણ કરનારા જાણવા. અને જે આત્મા પ્રેમના સ્વરૂપને પ્રાપ્ત કરે છે તે પશુપતિ સમાન છે, પશુપતિ ગાય વગેરે પશુને વશમાં રાખીને તેનું રક્ષણ કરે છે તેમ ચૈતન્યવાન્ આત્મા પણ ઇંદ્રિય મન અને શરીર રૂપ પશુને સ્વાધીન કરવાથી પશુપતિ કહેવાય છે, પ્રેમસ્વરૂપવંત આત્મા સર્વ ઇંદ્રિય મન વચન કાયા રૂપ પશુને વશ કરી નિયમમાં રાખે છે તેથી પ્રેમાત્મસ્વરૂપ યોગીને પશુપતિ કહેવાય છે. શ્રીકૃષ્ણ ગોસ્વામિ કહેવાય છે અને શંકરદેવ પશુઓનું રક્ષણ કરતા હોવાથી પશુપતિ કહેવાય છે. ત્યારે અહિંયાં પારમાર્થિકભાવે ઇંદ્રિય આદિ કર્મરૂપ પશુને વશ કરીને કર્મનો સમૂલક્ષય કરી કેવલજ્ઞાન રૂપ લિંગને પ્રગટ કર્યું છે તે પૂર્ણ પ્રેમયોગિ પશુપતિ–મહાદેવ, શિવ, શંકર વગેરે નામાભિધાનથી પ્રેમયોગિ પરમાત્મા કેવલજ્ઞાનવાન કેવળી ભગવંતોજ સમજવા. ॥ ૨૪૬ ॥

## કામરાગ સમાન કોઇ દુઃખ નથી

**कामरागसमं दुःखं, नैव भूतं भविष्यति ।**
**चिन्तनाद्धरते चित्तं, कामभोगस्य का कथा ॥२४७॥**
**कामभोगस्य चिन्तातः, कामिनां दुःखकोटयः ।**
**देहादीनां च नाशोऽस्ति, मनुष्याणां परस्परम् ॥२४८॥**

**અર્થ:**—કામભોગના રાગ સમાન બીજું કોઇ દુઃખ ભૂતકાળમાં હતું નહીં અને ભવિષ્યકાળમાં હશે પણ નહીં. કારણકે કામની વિચારણા કરતાં તે પ્રથમ ચિત્તને–મનને હરણ કરે છે. પણ જો ભોગ ભોગવાય તો કેવું દુઃખ થાય તેની તો વાતજ કરી શકાય તેમ નથી. કામિલોકોના ચિત્તમાં કામભોગની જે વિચારણા થાય છે તેવડે કોટાકોટિ દુઃખને ઉપજાવે છે અને તેથી મનુષ્યોના દેહ આદિનો પરસ્પર નાશ થાય છે. ॥ ૨૪૭–૨૪૮ ॥

**વિવેચન:**—કામરાગ–એટલે વિષયભોગ, રૂપ, રસ, ગંધ, શબ્દ સ્પર્શ વગેરે કામના ભોગવાળા વિષયોમાં જે રાગ–પ્રિતિ ઉપજે છે તે. તેના સમાન બીજું એકે દુઃખ નથી. કામરાગીને ભોગનો અભાવ છતાં ખાવાપીવામાં, ઉંઘવામાં, વનવિહારમાં, મિત્રના મેળાપમાં પણ કામરાગી સુખ શાંતિ અનુભવી શકતો નથી. જે પ્રાણિના મનમાં કામભોગનો રાગ ઉદય પામે છે તેના ચિત્તમાંથી વિવેક વિનયનો નાશ થાય છે. કામિનું મન કુગ્રહથી હણાયેલું બને છે એટલે કામરાગથી ઉન્માદ ઉપજે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"वृद्धास्तृष्णा जलापूर्णैरालवालैः किलेन्द्रियैः । मूर्च्छमतुच्छां यच्छन्ति, विकारविषपादपाः"॥१॥

અર્થ:—કામભોગના રાગની તૃષ્ણા વધતી છતી ઇંદ્રિયો રૂપ કયારામાં કામભોગાભિલાષરૂપ વિષવૃક્ષો અત્યંત કઠણ ભયંકર મૂર્છા રૂપ મોહને આપે છે, તેથી પીડાતો મનુષ્ય અવાચ્ય એવું દુ:ખ ભોગવે છે કે જે દુ:ખ પૂર્વકાળમાં બીજું થયું નહિ હોય અને ભવિષ્યમાં પણ બીજાથી ન થાય એવું દુ:ખ કામવાસનાથી જીવોને ભોગવવું પડે છે. કારણ કે તે કામવાસનાના હેતુરૂપ સ્ત્રી વા પુરૂષના રૂપને જે આત્મા ચિત્તમાં ધરે છે તે ગાંડો થઇ જાય છે. વિવેક વિનય કે પૂજ્યોની પણ મર્યાદા પણ પાળી શકતો નથી. ઉત્તરાધ્યનસૂત્રમાં જણાવ્યું છે કે " **सल्लं कामा विसं कामा कामा आसीविसोवमा । कामे पथ्थेमाणा, अकामा जंति दुग्गइं ॥** ખરેખર કહિએ તો કામની મનોવૃત્તિઓ આત્માને જ્ઞાન દર્શન ચારિત્ર રૂપ પ્રાણને દુ:ખ આપનારી શલ્ય-શૂળી સમાનજ છે તેમજ વિષ સમાન છે એટલે મરણનું કારણ પણ કામવાસનાજ છે. તે વિષયભોગમાં અત્યંત વૃદ્ધિભાવ ધરનારાને આશિવિષ રૂપ જે ભયંકર ઝેરને ધરનારા સર્પ સમાન અનંત મરણનો હેતુ થાય છે, આથી કામભોગની પ્રાર્થના કરનારા જે ધર્મ અનુષ્ઠાનમાં ભોગફલની વાંચ્છા રાખીને નિયાણું કરે છે તે સુભૂમ રાજાધિરાજની પેઠે નરકમાં ગમન કરી અવાચ્ય દુ:ખ બહુ કાળ ભોગવે છે, માટે જેના હૃદયમાં કામભોગની અવસ્થિતિ હોય છે તે કામી પુરૂષો કોટાકોટી અસંખ્ય કાળ સુધી અનેક પ્રકારના દુ:ખો ચાર ગતિમાં ભ્રમણ કરતાં ભોગવે છે. તેમજ કામિપુરૂષો પરસ્પર કામરાગથી પાંચ ઇંદ્રિયોના ભોગમાં લયલીન બની આત્માનો સત્યધર્મ ભુલીને દેહ ઇંદ્રિય, બળ, મનની સ્થિરતા, વિનય, વિવેક, વિદ્યાનો નાશ કરનારા થાય છે તેમજ એક સ્ત્રી માટે બન્ને સગા બંધુઓ હોવા છતાં તે મનુષ્યો માનવતા ભૂલીને બંધુપ્રેમને ભુલીને એક બીજાનો ઘાત કરે છે. ॥ ૨૪૭-૨૪૮ ॥

## કામ એજ મહામૃત્યુ છે

काम एव महामृत्युः, सत्यप्रेमैवास्ति जीवनम् ।
मेरुसर्षपयोस्तुल्य-मन्तरं प्रेमकामयोः ॥२४९॥

**અર્થ**:—કામવાસના તેજ એક મહાન મૃત્યુ છે અને સત્યપ્રેમ એજ આમાનું સાચુ જીવન છે, આમ કામવાસના અને, સત્યપ્રેમને પરસ્પર મેરૂપર્વત અને સરસવ જેટલું અંતર છે ॥૨૪૯॥

## સત્યપ્રેમ તે જ પરમાત્મા છે

सर्वान्तर्यामि सत्प्रेम, प्रभुरेव हृदि स्थितम् ।
परब्रह्म परं पूज्यं, क्षायिकं सच्चिदात्मकम् ॥२५०॥

**અર્થ**:—જે સત્યશુદ્ધપ્રેમ છે તે સર્વ ભવ્યાત્માઓના હૃદયમાં રહેલા સર્વ આત્મા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓના અંતરમાં રહેલા ભાવના જ્ઞાતા પરમાત્માજ છે તેજ પરમબ્રહ્મ છે, પરમપૂજ્ય છે તેજ ક્ષયિકભાવે થનારૂં સચ્ચિદાત્મક સ્વરૂપ છે. ॥૨૫૦॥

## સત્યપ્રેમ તે શુદ્ધ નિશ્ચય છે

**शुद्धनिश्चयसत्प्रेम, शुद्धात्मैव न भेदता ।**
**वीतरागो रसेन्द्रं तं, याति निश्चयबुद्धितः ॥२५१॥**

**અર્થ**:—શુદ્ધનિશ્ચય સત્યપ્રેમ તે જ શુદ્ધ આત્મ સ્વરૂપ છે આ બેમાં ભેદ નથી. તે પ્રેમ વીતરાગતારૂપ છે. તેજ પ્રેમ સર્વ રસોમાં ઇંદ્રરૂપે છે તે નિશ્ચયતાવાળી બુદ્ધિથી અનુભવાય છે. ॥૨૫૧॥

**વિવેચન**:—ભવ્યાત્માઓમાં મોહના આવરણ ક્ષય થવાથી શ્રદ્ધાપ્રીતિવડે શુદ્ધ અને નિશ્ચય ભાવવાળો સત્યપ્રેમ અપૂર્વકરણથી મોહની ગાંઠ ભેદાય છે ત્યારે શુદ્ધ સમ્યક્ત્વરૂપે પ્રગટે છે. તેજ વસ્તુ સ્વરૂપે આત્માનું શુદ્ધ સ્વરૂપ થવામાં પ્રથમ ભુમિકા રૂપ છે, તેથી તે સત્યપ્રેમ અને સમ્યગ્દર્શનમાં ભેદતા નથી. જે સત્યપ્રેમ છે તેજ શુદ્ધાત્મભાવરૂપ સમ્યક્ત્વ છે, તેમજ પ્રેમમય આત્મસ્વરૂપ તે ભાવી વીતરાગતારૂપ છે તેજ સત્ય પ્રેમ નવ રસોનો ચક્રવર્તિ ઇંદ્રજ છે, કારણ કે શ્રંગારાદિ રસોમાં છેવટે બિભત્સતા આવે છે ત્યારે સત્યપ્રેમ રસેન્દ્રથી પરમશાંત રસનો પૂર્ણ આનંદ અનુભવાય છે. તે નિશ્ચયભાવવાળી બુદ્ધિના યોગે અનુભવી પ્રેમયોગીઓને થાય છે ॥૨૫૧॥

## બ્રહ્મા વિષ્ણુ મહેશાદિ દેવો પણ સત્યપ્રેમને વાંછે છે

**ब्रह्मविष्णुमहेशाद्याः, कर्मप्रकृतिसंश्रिताः ।**
**शुद्धात्मदिव्यसत्प्रेम, वाञ्छन्ति पूर्णभावतः ॥२५२॥**

**અર્થ**—બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર આદિ દેવો કર્મપ્રકૃતિથી આશ્રય કરાયેલા છે તેથી તેઓ પણ શુદ્ધ આત્મસ્વરૂપ સત્યપ્રેમની પૂર્ણ ભાવથી વાંચ્છના કરે છે. ॥૨૫૨॥

**વિવેચન**:—આ જગત્માં લૌકિકદૃષ્ટિએ બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર દેવો સમર્થ શકિતશાળી કહેવાય છે. શ્રી બ્રહ્મા જગતના ઉત્પન્ન કરનારા પદ્મજ અને પ્રજાપતિ દેવેશ કહેવાય છે, ત્યારે શ્રીમાન વિષ્ણુદેવ જગતનું પાલણ–રક્ષણ કરનાર પ્રજાની સર્વ પીડા ઉપાધિને દૂર કરનારા દેવેશ ગણાય છે ત્યારે શ્રી મહેશ્વર–શંકર જગતના સંહારક (નાશ કરનારા) દેવેશ કહેવાય છે, તે દેવો સત્વ રજસ્ અને તામસ્ પ્રકૃતિવાળા કહેવાય છે. તેઓ કર્મરૂપ પ્રકૃતિનો આશ્રય કરીને વર્તે છે, એટલે સ્વોપાર્જિત કર્મની પ્રકૃતિના યોગે–સંસારના યોગે સંસારના ચક્રમાં ભ્રમણ કરી રહેલા છે, તેથી મુકત થવામાટે શુદ્ધ અને દિવ્ય એવા સાચા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ પરમાનંદના હેતુભૂત પ્રેમને પ્રાપ્ત કરવા ઇચ્છા કરી રહ્યા છે ॥૨૫૨॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શુદ્ધ પ્રેમને પૂર્ણ રીતે પામનારાજ કર્માતીત અને શુદ્ધાત્મભાવને પામે છે

शुद्धप्रेममयं पूर्णं, कर्मातीतं रसं परम् ।
प्रकृतेः पारगन्तारो यान्ति, शुद्धात्मभावतः ॥२५३॥

**અર્થ**—જે આત્મા શુદ્ધપ્રેમમય ભાવથી પૂર્ણતાને પામ્યા હોય તેઓજ સર્વ કર્મથી અતીત-રહિત થાય છે અને પ્રકૃતિના સમુદ્રથી પેલીપાર ગમન કરે છે અને શુદ્ધાત્મક ભાવને પામે છે ॥૨૫૩॥

**વિવેચનઃ**—જે ભવ્ય પ્રેમી આત્મા છે તેઓ શુદ્ધ આત્મસ્વરૂપ પ્રેમયોગનો નિરંતર અભ્યાસ કરતા સંસાર ભ્રમણમાં હેતુભૂત કર્મને પ્રગટ કરનારી તામસ્ રાજસ્ પ્રકૃતિઓ કે જે મિથ્યાત્વ અવિરત કષાય યોગરૂપે છે અને જે જીવાત્માને જ્ઞાનાવરણ મોહ, અંતરાય વિગેરે અશુભ કર્મના દલનો મહાસંગ્રહ કરાવી આત્માને ચોરાસી લાખ યોનિમાં ભ્રમણ કરાવે છે તેવા ઉપર વિજય મેળવે છે. તેમજ તે પ્રેમી આત્માઓ દાન શિયળ તપ ભાવ સંયમ ધ્યાન સમાધિમય અભ્યાસરૂપ સાત્વિકપ્રકૃતિની ઉપાસના કરતા યથાપ્રવૃત્તિકરણ તથા અપૂર્વકરણરૂપ આત્મા અધ્યવસાયવડે કર્મને સંહારતા આત્મસ્વરૂપની ગવેષણા કરતા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રયોગમાં ગમન કરીને સાત્વિકભાવની પ્રકૃતિના કાર્યને પૂર્ણ કરીને સર્વ પ્રકૃતિના સ્વયંભૂસમૂદ્રને ધ્યાનયોગવડે ઓળંગીને અને શુદ્ધસ્વરૂપમય સચ્ચિદાનંદમય આત્મસ્વરૂપ પરમ નિર્વાણભાવને પ્રેમયોગીઓ પામે છે ગીતામાં કહ્યું છે કેઃ—

"गुणानेतानतीत्य त्रीन्देही समुद्भवान् । जन्ममृत्युजरादुःखैर्विमुक्तोऽमृतमश्नुते ॥२०॥

અર્થઃ- એ બધા દેહની ઉત્પત્તિમાં પ્રકૃતિના રાજસ તામસ સત્વરૂપ ગુણો છે તેને જીતીને પ્રેમયોગી ભવ્યાત્મા તે ગુણગણોને ઓળંગીને જન્મ જરા મૃત્યું સબંધી સર્વ દુઃખોનો ક્ષય કરીને મુકત થયલો અમૃતરસનો પરમાનંદ-અનુભવ કરે છે ॥૨૫૩॥

## આંખ અને કાનમાં પણ પ્રેમનું ઉદ્બોધન.

प्रेमिणां चक्षुषि प्रेमी, तथा निद्रा न चक्षुषि ।
जाग्रद्धृत्कर्णयोः प्रेम, तेषां सर्वमलौकिकम् ॥२५४॥

**અર્થઃ**—પ્રેમિજનોના ચક્ષુઓમાં પ્રેમી આત્માને જેવો આવકાર મલે છે તેવો નિંદ્રાને નથીજ મળતો. સર્વદા જાગૃતઅવસ્થાવાલા શુદ્ધ સત્યપ્રેમિજનોના હૃદય અને બે કાનમાં પ્રેમનું સર્વથી અધિક અલૌકિકપણું રહેલું છે ॥૨૫૪॥

**વિવેચનઃ**—અહો ? એક આશ્ચર્યની વાત છે કે શુદ્ધ સાચા પ્રેમિજનો પ્રેમિના દર્શન માટે પોતાની બન્ને આંખો (ચક્ષુઓ) ઉઘાડીજ રાખે છે, તેઓની આંખોમાં ભગવાન પ્રેમ-સ્થાન કરીને સ્થિરતાને ધરે છે, કારણકે પ્રેમિઓ કે જે સાચા શુદ્ધપ્રેમવંત છે તેઓની બન્ને ચક્ષુમાં પ્રેમિ ઉપરના પ્રેમનો જે આદર છે તેટલો નિંદ્રા માટે આદર પ્રેમિઓ નથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાખતા. આશ્ચર્ય એ છે કે થાકેલી આંખ કે જે નિંદ્રાવડે આરામ મેળવે છે ત્યારે પ્રેમિજન માટે તે નિદ્રા અને આરામનો પ્રેમિઓ ત્યાગ કરે છે. આ સામાન્ય જનથી ઉલટી રીત પ્રેમિઓમાં હોય છે. તેની સાથે તે પ્રેમિજનોના કાનો પણ પ્રેમિજનના ગુણ સ્વભાવના શ્રવણ કરવા પ્રમાદનો ત્યાગ કરી ધીરજથી સ્થિર થઇ રહ્યા હોય છે. જગતની સર્વ વસ્તુઓ કરતાં પ્રેમતત્વ અત્યંત અલૌકિકભાવને ધરે છે, તે પૂજ્ય ગુરૂદેવ જણાવે છે કેઃ–

એકતાન પ્રભુ સાથે જો જાગે, મનડું વર્તે પ્રભુના રાગે;
શ્રદ્ધા પ્રીતિ લય જો લાગે, મનડું વર્તે ભવ વૈરાગ્યે, જગ (૨)
પ્રભુ જ્ઞેય સ્વભાવે ઘટ આવે, કર્તવ્ય સકલ યોગે થાવે,
આતમ નિર્લેપપણું ભાવે આતમ પરમાતમ થૈ જાવે જગ (૩)

આમ પ્રેમના અભ્યાસી યોગીઓ જગતના સર્વ પદાર્થોની ઇચ્છાનો ત્યાગ કરી પરમાત્મા તથા ગુણીજનો પ્રત્યે જ અપૂર્વ પ્રેમ કરે છે તેમને હૃદયથી ચાહે છે તેમના દર્શન સેવાભકિત કરતા ધ્યાન સમાધિયોગથી અભેદભાવે ધ્યેયરૂપ પરમાત્મામાં અભેદભાવ પામીને પરમાનંદનો અનુભવ કરે છે. ॥૨૫૪॥

**ध्येयरूपप्रभुं प्रेमी, सोऽहं सोऽहं भजेद्धृदि ।**
**श्वासोच्छ्वासैः सदा हंसो, जप्यते तेजसां निधिः ॥२५५॥**

**અર્થ**:—સાચા પ્રેમીજનો સર્વદા ધ્યેયરૂપ પ્રેમમય પ્રભુને હૃદયમાં સોઽહં સોઽહં ભાવે ભજે છે. તેથી પ્રેમિના શ્વાસોચ્છવાસોવડે સર્વદા ઽહંસો ઽહંસો એવો મંત્રમય સર્વ તેજનો નિધિ પરમાત્મા છે તેનો અંતરમાં જાપ પ્રગટ થાય છે. ॥૨૫૫॥

**વિવેચનઃ**—ધ્યાતા ધ્યેય અને ધ્યાન એ ત્રણ વિકલ્પને છોડી દઈને **सोऽहं सोऽहं** શબ્દવડે 'તે જ હું છું' 'તે જ હું છું' એટલે પ્રગટ સ્વરૂપે જે પરમાત્મા છે તેવા **સાધર્મ્ય**ભાવવાળો હું પણ તીરોભાવે પરમાત્માજ છું તેની ભજના પ્રેમીજનના હૃદયમાં થાય છે,

**अमूर्तस्य चिदानंदरूपस्य ध्यानस्य परमात्मनः । निरंजनस्य सिद्धस्य ध्यानं स्याद्रुपवर्जितम् ॥१॥**
**इत्यजस्रं स्मरन् योगी तत्स्वरूपावलम्बनः । तन्मयत्वमवाप्नोति, ग्राह्यग्राहकवर्जितम् ॥२॥**

અર્થઃ–અમૂર્ત ચિદાનંદ સ્વરૂપ તથા નિરંજન એવા અરિહંતભગવંતો તથા સિદ્ધ ભગવંતો સંબંધી રૂપાતીત ધ્યાન કે જે રૂપ એટલે શરીરાદિનું રૂપસ્થ ધ્યાન છોડીને રૂપાતીત ધ્યાન કરતાં નિરંતર તે પરમાત્માનું સ્મરણ કરતાં યોગી તે સ્વરૂપનું અવલંબન કરીને ધ્યાતારૂપે પોતાનો અને ધ્યાનરૂપ વકીલને છોડીદઇને ધ્યેયરૂપ પરમાત્માને અવલંબીને તેમાંજ તન્મયભાવે થાય છે. ગ્રાહ્ય ગ્રાહકભાવને છોડીને અભેદભાવે એકત્વ પામે છે. ત્યારે શુદ્ધપ્રેમીજન સોહં–સોહં શબ્દથી તે પરમાત્મા સિદ્ધ છે તેવોજ હું તીરોભાવે છું તે છે તે જ હું છું. એવા શુદ્ધાત્મભાવે ધ્યાન કરતાં શ્વોન્સોશ્વાસમાં સોહં સોહં સો....હંસો....હંસો રૂપ મહાન્ મંત્ર ઉપજે છે કે જેથી આશિવિષ જેવું ભયંકર ઝેર–વિષ પણ નાશ પામેછે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમજ હંસો શબ્દથી પુદ્ગલ ભાવમય અનાદિની વાસનાથી આત્મા અને પુદ્ગલનો અભેદ જે બાહ્યાત્માઓ અજ્ઞાનતાયોગે જાણે છે તેનો સમ્યગજ્ઞાનવાલો હંસો બનીને ખીર અને પાણી-વિવેકરૂપ હંસ ભેદ કરે છે તેમ હું પણ આત્મહંસ છું ॥૨૫૫॥

**પ્રેમિથી પ્રેમીને અપાતું સર્વ કાંઈ પ્રિયજ હોય છે.**

**प्रेमिणां प्रेमिभिर्दत्तं,, प्रियं भवति सर्वथा ।**
**प्रेमिणां जन्मवासादि, प्रियं भवति स्वात्मवद् ॥२५६॥**

**અર્થ**:—પ્રેમિજનોને જે કાંઇ દાનમાં અપાય છે તે પ્રેમિઓને સર્વથા પ્રિયજ થાય છે. પ્રેમિજનોના જન્મસ્થાન વિગેરે પ્રેમિઓને પોતાના આત્મા જેટલાંજ પ્રિય થાયછે ॥૨૫૬॥

**પ્રેમ તે મહાઅગ્નિ અને મહાજળ છે**

**अग्नेरपि महाग्निर्यद्—जलादपि महाजलम् ।**
**पृथ्व्या अपि महापृथ्वी, वायुर्वायोर्महानपि ॥२५७॥**

**आकाशतो महाकाशं, प्रेमिषु प्रेम बोधत ।**
**यस्य सत्ताप्रभावेण, सर्वं विश्वं प्रवर्त्तते ॥२५८॥**

**અર્થ**:—પ્રેમતત્વ તો સર્વ અગ્નિઓમાં શ્રેષ્ઠ અગ્નિરૂપે છે, સર્વજલ-પાણીઓમાં મહાન જલ છે, સર્વ પૃથ્વીમાં મહાનપૃથ્વી છે સર્વવાયુમાં મહાનવાયુ છે. સર્વ આકાશથી મહાન આકાશ છે એમ પ્રેમીજનોમાં પ્રેમ તે સર્વ જગતની વસ્તુઓથી મહાન શ્રેષ્ઠ છે. તેમ સમ્યગજ્ઞાનવડે જાણવું. કારણ કે જે પ્રેમના પ્રભાવથી સર્વ વિશ્વની યથાયોગ્ય પ્રવૃતિ થાય છે. ॥૨૫૮॥

**વિવેચન**:—પ્રેમઝલ મહાનજલ છે, જલ તાપ, દાહનો નાશ કરે છે તેમજ પ્રેમ જલ પણ પ્રેમિના વિરહરૂપ દાવાનલને પ્રેમરૂપજલથી પ્રેમિજનોને સુખી બનાવે છે, પ્રેમ પૃથ્વી કરતાં પણ મહાન છે પૃથ્વી અનેક તાપ વર્ષાદના ઝાપટા વજ્રના ઘાતો પણ સહે છે તેમ પ્રેમને ધારણ કરનારા પ્રેમિજનો પણ જગતના સર્વ પરિસહો, કલંકો આરોપો, વિઘ્ન કરનારા ઝેરી મનુષ્યોની તાડના, તર્જના, મારપીટ, મસ્તકછેદ વિગેરેને પણ સહે છે, તેથી પ્રેમિઓ પૃથ્વીથી પણ અનેકગણા વધારે પરિસહો ઉપસર્ગો સહે છે માટે પ્રેમ પૃથ્વીથી પણ મહાન સમર્થ છે, વાયુથી પણ પ્રેમ મહાન છે. વાયુનો સંચાર કે તાંડવ જગતના પ્રાણીઓને કલેશનો હેતુ પણ કદાચિત્ થાય છે અને માનવલોકમાંજ તેની સત્તા વર્તે છે ત્યારે પ્રેમ સર્વને આહ્લાદ આપે છે સર્વનો હિતકાર્યમાં પ્રવેશ કરાવે છે, જગત આખાને અભયપદનું સમર્પણ કરે છે, માટે પ્રેમ સર્વના મનોરાજ્ય ઉપર સામ્રાજ્ય ચલાવી શકે છે, અને પવન-વાયુ ક્ષણિકવાર ઉથલ પાથલ કરી નષ્ટ થાય છે. તેથી જગતના પવન કરતાં પ્રેમ મહાન પવન છે. આકાશ સર્વવ્યાપક છે છતાંપણ લોકોને સુખનું કારણ કે દુઃખનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કારણ થઇ શકતું નથી. ત્યારે પ્રેમ સર્વ જીવાત્માને પૂર્ણ આહ્લાદ આપવા સમર્થ છે અને પારિણામિકભાવે સર્વ આત્માઓમાં વ્યાપકભાવે વર્તે છે. તેથી પ્રેમ એ મહાકાશ છે. ।।૨૫૭।। ।।૨૫૮।।

### પ્રેમિઓને ચારે ભાવના સિદ્ધ હોય છે

मैत्रीप्रमोदमाध्यस्थ्य–कारुण्यभावनाः शुभाः ।
प्रेमिणां प्रेमसिद्धास्ता–वर्त्तन्ते विश्वशांतिदाः ॥२५९॥

**અર્થ**:—મૈત્રી પ્રમોદ માધ્યસ્થ્ય કારૂણ્યરૂપ શુભભાવનાઓ પ્રેમિજનોના પ્રેમની સિદ્ધિ કરનારી છે. અને તે પ્રેમવડે સર્વજગતમાં સંપૂર્ણ શાંતિને આપનારી થાય છે ।।૨૫૯।।

**વિવેચન**:—સાચા શુદ્ધપ્રેમીજનોના હૃદયમાં જે શુદ્ધ સાત્વિકભાવનામય પ્રેમનો પ્રાગટ્ય ભાવ બતાવનાર ચાર મૈત્રી પ્રમોદ માધ્યસ્થ્ય અને કરૂણારૂપ શુભભાવના પ્રેમની સિદ્ધિ કરે છે. તે ભાવનાઓ આ પ્રમાણે છે.

माकार्षीत्कोऽपि पापानि, मा च भूत् कोऽपि दुःखितः ।
मुच्यतां जगदप्येषा मतिर्मैत्री निगद्यते ॥१॥
अपास्ताशेषदोषाणां, वस्तुतत्त्वावलोकिनाम् ।
गुणेषु पक्षपातो यः स प्रमोदः प्रकीर्तितः ॥२॥
दीनेष्वार्त्तेषु भीतेषु, याचमानेषु जीवितम् ।
प्रतिकारपरा बुद्धिः, कारुण्यमभिधीयते ॥३॥
क्रूरकर्मसु निःशङ्कं देवतागुरुनिन्दषु ।
आत्मशंसिषु योपेक्षा तन्माध्यस्थ्यमुदीरितम् ॥४॥

**અર્થ**:—જગતમાં કોઇપણ જીવાત્મા પાપ ન કરો, અને કોઇ આત્મા દુઃખી ન થાવ, સર્વ જગતના જીવાત્માઓ કર્મબંધનથી અને દુઃખથી સર્વદા સર્વરીતે મુકત થાવ એવી જે શુભ બુદ્ધિ હોય તે મૈત્રીભાવના કહેવાય છે ।।૧।। સર્વ દોષો જેઓના નાશ પામ્યા છે અને સર્વવસ્તુ–પદાર્થોના સ્વરૂપનું જેમને પૂર્ણ યથાર્થભાવે જ્ઞાનદર્શન છે તેવા પરમાત્મા વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરો કેવલીઓ ગણધરો ગીતાર્થો આચાર્ય ઉપાધ્યાય અને સર્વસાધુ પુરૂષોના ગુણ માટેનો જે પક્ષપાત, તેમના પ્રત્યે આદરપ્રેમ, બહુમાન થવું, તેમના દર્શનથી આત્માને આહ્લાદ થવો તે પ્રમોદભાવના કહેવાય છે ।।૨।। કરૂણા એટલે જે જીવાત્મા કર્મના યોગે દીન અનાથ દરિદ્રી હોય, શારિરિક કે માનસિક દુઃખી હોય, તેમજ પોતાના જીવન માટે રક્ષણની યાચના કરતો હોય, રોગી હોય તેવા મનુષ્યોની પીડા–દુઃખ દૂરકરવા જે બુદ્ધિ એટલે વિચાર થાય તે કરૂણાભાવના જાણવી ।।૩।। પરભવના ભયવિના શંકા રહિત નિર્દય પરિણામપૂર્વક જીવોને મારવા, વધ કરવો, અંગ ઉપાંગ છેદવા, તાપ ટાઢમાં દુઃખી કરવા, ભુખ્યા રાખવા, વિગેરે ક્રુર પાપના કાર્યો કરવામાં તત્પર હોય, દેવગુરૂ ધર્મ ધર્મિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જનોની નિંદા કરવી, તેઓ ઉપર જુઠા કલંક ચડાવવા, પોતાના દોષને ગુણોરૂપે ગણાવીને આત્મ પ્રસંસા કરવી, આવા ઉલંઠો ઉપર પણ ઉપેક્ષા કરવી તે માધ્યસ્થ્ય ભાવના સાચા શુદ્ધ પ્રેમયોગીજનોમાં વર્તે છે, તે ભાવનાનો જેમાં અભાવ હોય તેમાં પ્રેમતત્વ નથી હોતું માટે સત્યશુદ્ધ પ્રેમની આ ચાર ભાવના પ્રગટ ચિન્હ છે. ॥૨૫૯॥

## પ્રેમી પ્રેમી વિના રહી શકતો નથી

प्रेमिणमन्तरा नैव, स्थीयते प्रेमिणा कदा ।
प्रेमिणमन्तरा नैव, जीव्यते प्रेमिणा कदा ॥२६०॥

**અર્થ**:—પ્રેમી પ્રેમી વગર કદાપિ રહી શકતો નથી અને પ્રેમી પ્રેમવગર કદાપિ જીવી શકતો નથી ॥૨૬૦॥

प्रेमिणां विरहो नैवं, सह्यते प्रेमिभिः कदा ।
यत्र प्रेम भवेत् तत्र, प्रेमिणामात्मजीवनम् ॥२६१॥

**અર્થ**:—જે શુદ્ધ સાચા આત્મભાવથી પ્રેમિઓ છે તે પ્રેમિજનોનો વિરહ કદાપિ પણ નથી જ સહિ શકતા કારણ કે જ્યાં પ્રેમ હોય છે ત્યાંજ પ્રેમિજીવોનું આત્મ જીવન છે. ॥૨૬૧॥

**વિવેચન**—શુદ્ધપ્રેમિ એવા આત્માઓ પૂર્ણ પ્રેમયોગી તીર્થંકરનો વિરહ પણ કદાપિ સહન નથીજ કરી શકતા. કહ્યું છે કે "નાથવિહુણું સૈન્ય જ્યુંરે, વીર વિહુણોરેસંઘ, સાધે કોણ આધારથીરે, પરમાનંદ અભંગોરે વીરપ્રભુ સિદ્ધથયા (૧)

માત વિહૂણું બાલજ્યુંરે અરહો પરહો અથડાય,
વીર વિહુણા જીવડારે આકુલવ્યાકુળ થાયરે વીરપ્રભુ સિદ્ધ થયા (૨)

પ્રેમિજનોના પ્રાણ સમાન આત્મશ્રેય રૂપ વીરજિનેશ્વરજ છે તેથી તેઓનો વિયોગ તેઓ નથી સહિ શકતા. કહ્યું છે કે "તે પરમેશ્વર વિણ મિલેરે, કેમ વાધે ઉચ્છાહોરે " પ્રેમિને પ્રેમિજનોના અભાવમાં ઉલ્લાસ નથી જ થતો જ્યારે તે ઇષ્ટપ્રભુનો મેળાપ થાય, ત્યારે આનંદ ઉલ્લાસ વધે. પ્રેમિની સાથે એકત્વભાવે આત્મ સમર્પણ થાય તેવો પ્રેમ ગૌતમ સ્વામિની પેઠે મોક્ષની સિદ્ધિ પ્રાપ્ત કરાવે છે. ॥ ૨૬૧ ॥

## પ્રેમિના સંગમાં પ્રેમાદ્વૈતપણું થાય છે.

प्रेमाद्वैतं भवेत्सर्वं, प्रेमिणां संगमे सदा ।
प्रेमाद्वैतमये जीवे, द्वैतं नास्तीति सम्मतम् ॥२६२॥

**અર્થ**:—પ્રેમિઓને પ્રેમિઓનો સંગમ થયે છતે સર્વદા સર્વપ્રકારે પ્રેમાદ્વૈતની ઉત્પત્તિ થાય છે, જ્યારે જીવાત્મા પ્રેમમાં અદ્વૈતભાવે થાય છે ત્યારે મારા તારાના દ્વૈત ભાવના ભેદ નથી રહેતા. આ વાત સર્વ જ્ઞાનીઓને સમ્મતજ છે. ॥ ૨૬૨ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## બ્રહ્માદ્વૈત પ્રેમાદ્વૈતથી જુદું નથી.

**प्रेमाद्वैतं विना सर्वं, द्वैताद्वैतं च कल्पितम् ।**
**ब्रह्माद्वैतमपि प्रेमा–द्वैताद्भिन्नं न भासते ॥२६३॥**

**અર્થ**–પ્રેમરૂપ અદ્વૈતતત્વ વિના જગતના સર્વે દ્વૈત અને અદ્વૈતભાવ કલ્પિત કહેવાય છે વસ્તુતઃ બ્રહ્માદ્વૈતની સિદ્ધિ જો થતી હોય તો પ્રેમથીજ થાય છે. પ્રેમાદ્વૈતથી ભિન્ન કાંઇ પણ વસ્તુ જણાતી નથી. ॥ ૨૬૩ ॥

**વિવેચનઃ**—પ્રેમતત્વ છે તે બ્રહ્માદ્વૈત રૂપજ છે તેમ સમજવું, કારણ એ છે કે પ્રેમાદ્વૈત વિના જગતમાં બીજું કોઇ સુખ કે આનંદનો હેતુ નથી. જે સુખના હેતુ ન હોય તે મિથ્યા નિષ્ફલજ છે. તેથી પ્રેમયોગીજનો પ્રેમાદ્વૈત વિના અન્ય તત્વ કે જે દ્વૈતરૂપે "**पुरुष प्रकृतिरूपं जगत्**" જડ અને ચૈતન્ય સ્વરૂપ જગત મનાય છે તે તથા "**ब्रह्मैव सद् जगन्मिथ्या**" એવું બ્રહ્મ તે જ સત્ય છે તેથી અન્ય સર્વ જગતના તત્વ રૂપ, રસ, સ્પર્શ શબ્દ, ગંધ આદિ ગુણોવાળા હોય તે સર્વ મિથ્યા છે આવું જે લોકો માને છે તે કલ્પના થી કલ્પેલુંજ મિથ્યા સ્વરૂપજ છે, તેથી એમજ નિશ્ચય થાય છે કે બ્રહ્માદ્વૈત રૂપ જે તત્વ અદ્વૈત મત માને છે તે પ્રેમબ્રહ્મ વિના આત્મા અનુભવી શકતો નથી. એટલે પ્રેમથીજ બ્રહ્મની સિદ્ધિ બ્રહ્માદ્વૈતવાદી કરી શકે છે માટે પ્રેમાદ્વૈતથી અભિન્ન બ્રહ્માદ્વૈત છે એમ સમજવું. **प्रेमाद्वैतैव ब्रह्माद्वैतं** જે જે પ્રેમભાવે અદ્વૈત–અભેદ અનુભવાય છે તેજ બ્રહ્માદ્વૈત એક ચૈતન્ય રૂપે અભેદભાવે અનુભવાય છે. ॥ ૨૬૩ ॥

## વિશિષ્ટાદ્વૈત અને શુદ્ધાદ્વૈત પ્રેમાદ્વૈતમાં સમાય છે.

**विशिष्टाद्वैतं ब्रह्मापि, शुद्धाद्वैतं तथा स्वयम् ।**
**प्रेमाद्वैते लयं यान्ति, साक्षात् स्वेनानुभूयते ॥२६४॥**

**અર્થ**:—બ્રહ્મવાદમાં વિભાગો પડતાં એકવિશિષ્ટાદ્વૈત બ્રહ્મવાદ બીજો શુદ્ધાદ્વૈત બ્રહ્મ વાદ અને અન્ય જે જે બ્રહ્મવાદો છે તે બધા પ્રેમાદ્વૈતવાદમાં લય થાય છે એવું પ્રત્યક્ષભાવે અનુભવાય છે. ॥ ૨૬૪ ॥

**વિવેચનઃ**—આ જગતમાં સર્વ પ્રાણિઓ પરસ્પર પ્રેમભાવથી જ જીવન જીવી શકે છે. એટલે જે જેને જે વસ્તુ ઉપર પ્રેમ–મોહ–કે રાગ થાય છે તે આત્મા તેથી અન્ય સર્વને અસાર–અસત્ય માને છે. આમ દ્વૈત, અદ્વૈત, કેવલાદ્વૈત, શુદ્ધાદ્વૈત, વિશિષ્ટાદ્વૈત વગેરે વાદો છે તે એક પ્રેમાદ્વૈતમાં લય થઇ જાય છે. તે આવી રીતે–જે વિશિષ્ટાદ્વૈત બ્રહ્મ તથા શુદ્ધાદ્વૈત અને કેવળાદ્વૈત બ્રહ્મમાં "**ब्रह्म सज्जगन्मिथ्या**" બ્રહ્મ સત્ એટલે વિદ્યમાન છે અને જગત માયાસ્વરૂપ હોવાથી નષ્ટ થાય છે, વિશિષ્ટાદ્વૈત મતમાં '**द्वे ब्रह्मणि वेदितव्ये**' બે બ્રહ્મ જાણવા પરબ્રહ્મ અને અપરબ્રહ્મ, પરબ્રહ્મ શુદ્ધ પરમાત્માનું સ્વરૂપ અને અપર-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બ્રહ્મ સર્વ સંસારી જીવાત્માનું સ્વરૂપ, અપરબ્રહ્મસ્વરૂપવાન જીવાત્મા વિશેષ સ્વરૂપવાલા બ્રહ્મનું શુદ્ધપ્રેમપૂર્વક ધ્યાન કરતાં તે બ્રહ્મમાં લય થાય છે, શુદ્ધાદ્વૈતમાં બ્રહ્મ એકજ વસ્તુ સ્વરૂપે મનાય છે જગત કે જે પ્રપંચ રૂપે છે તે મિથ્યા છે અસત્ છે. તે પ્રપંચ–માયાને છોડીને બ્રહ્મસ્વરૂપ ઉપર પ્રેમથી ધ્યાન કરતાં આત્મા બ્રહ્મમાં લય થાય છે, તેમજ કેવલાદ્વૈતમાં એક વિષ્ણુદેવ કેવળ બ્રહ્મ છે અન્ય સંસારમાં જીવોમાં તે કેવલબ્રહ્મના અંશો પડે છે, વિષ્ણુ બ્રહ્મસ્વરૂપે એક કેવલ હોવાથી જ્યારે ભકતાત્મા તે વિષ્ણુનું પ્રેમથી: ભક્તિપૂર્વક ધ્યાન કરતાં તેમાં લય પામે છે તેમજ દ્વૈતભાવથી પ્રેય એવા પરમાત્મામાં પ્રેમથી ભક્તિ પૂજા કરતાં ધ્યાન સમાધિ કરતાં આત્મા પરમાત્મા થાય છે **"जीवो वै शिवो जायते"** "જીવાત્મા છે તે પ્રેમથી ઉપાસના કરતાં શિવ એટલે કલ્યાણ સ્વરૂપને પામે છે. આથી સર્વ અદ્વૈતભાવો એક પ્રેમાદ્વૈતમાં સમાય છે. જે પ્રેમથી પરમાત્માના સ્વરૂપને દેખે છે માને છે તે ધ્યાન સમાધિમાં એકત્વભાવને પામે છે. ॥ ૨૬૪ ॥

## પ્રેમમય જૈનશાસન છે

**आविर्भावस्तिरोभाव–प्रेमैव जैनशासनम् ।**
**अद्वैतं केवलब्रह्म, प्रेमाद्वैतमनादितः ॥२६५॥**

**અર્થ**:—સત્યપ્રેમમય જૈનશાસન છે તેમાં આવિર્ભાવ અને તિરોભાવ થાય છે તોપણ અદ્વૈત કેવલબ્રહ્મ પ્રેમાદ્વૈત ભાવે જૈનશાસન સર્વદા અનાદિ સ્વભાવવાલુંજ રહેલું છે ॥૨૬૫॥

**વિવેચન**:—જગતમાં સર્વ પદાર્થો દ્રવ્યત્વભાવે અનાદિ અનંત ભાવે વર્તે છે તેજ પ્રમાણે જીવ, અજીવ-આકાશ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, કાળ વિગેરે સર્વ પદાર્થો દ્રવ્યસ્વરૂપે અનાદિ અનંતભાવે શાશ્વતા છે, પ્રેમાદ્વૈત બ્રહ્મ કે જે આત્માની એક પારિણામિક ભાવમય જ્ઞાનાદિક શક્તિ આત્મમાં સહજ ધર્મ સ્વરૂપે રહેલી છે તે આત્માથી અભિન્ન કેવલ અદ્વિતિય–અદ્વૈતભાવે આત્મામાંજ રહેલી છે પણ આત્માની અવ્યક્ત અવસ્થામાં અપ્રાગટ્યભાવે રહેલી છે તેથી પ્રગટ નથી દેખાતી, પરંતુ જ્યારે યથાપ્રવૃત્તિ કરણે કરી મોહની ભયંકર ગ્રંથિનો અપૂર્વકરણરૂપ શુભ અધ્યવસાયવડે ભેદ કરે છે ત્યારે આત્મા સમ્યગ્દર્શનરૂપ પ્રેમમય જીનાજ્ઞારૂચિરૂપ જૈનશાસનને પ્રેમાદ્વૈતરૂપે કેવલ શુદ્ધપ્રેમ બ્રહ્મભાવે કર્મના ક્ષયોપશમ આદિથી આવિર્ભાવ એટલે પ્રગટરૂપે પ્રત્યક્ષ કરે છે. ॥૨૬૫॥

**दिव्यं, नैसर्गिकं प्रेम–साम्राज्यं सर्वतो महत् ।**
**यद्विना चक्रवर्त्याद्या, दुःखिनः सन्ति भूतले ॥२६६॥**

**અર્થ**:—દિવ્ય અને સ્વાભાવિક જે પ્રેમ છે તે જગતના સર્વ સામ્રાજ્યથી પણ અધિક સુખકારક છે કારણ કે સત્યપ્રેમ વિનાની ચક્રવર્તિની ઋદ્ધિ હોય તોપણ આત્મસુખને આ ભૂતલમાં કોઈપણ સ્થાને આપી શકતી નથી. ॥૨૬૬॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વિવેચનઃ**—સાચો શુદ્ધ સહજભાવે પ્રેમ પ્રેમયોગીન્દ્રમહામુનિઓમાં હોવાથી તેઓ જે અનંતસુખનો અનુભવ કરે છે તેવા સુખનો અનુભવ ઇંદ્રના સામ્રાજ્યથી નથી થતો માટે સહજભાવે દેવગુરૂધર્મ અને સાધર્મિક બંધુ ઉપર જે પ્રેમ ઉપજે, તેના દર્શનથી કે ભક્તિ કરવાથી જે આનંદ થાય છે તેવો આનંદ સર્વ જગત્‌ના સામ્રાજ્ય કે રાજ્યસત્તા ભોગવતાં નથી આવતો. તેથી સર્વ કરતાં પ્રેમનું સામ્રાજ્ય મહાન સુખકર અને મ્હોટું છે. કહ્યું છે કેઃ—
"**सुखिनो विषया तृप्ता, नेन्द्रोपेन्द्रादयोप्यहो । भिक्षुरेकः सुखी लोके, ज्ञानतृप्तो निरञ्जनः** ॥૧॥ અર્થઃ-ઇંદ્રો અને ઉપેંદ્રો ચક્રવર્તિ તથા રાજા મહારાજા વિગેરે વિષયભોગની સર્વ સામગ્રીવાળા હોવા છતાં આ લોકમાં જરાપણ સુખશાંતિને પામતાજ નથી. વિષયની સામગ્રીઓથી તેઓ તૃપ્ત પણ થઇ શકતાજ નથી કારણકે "**जहा लाहो तहा लोहो, लाहा लोहो विवड्ढइ ।**" વિષયોમાં અસક્તિવંતોને જેમજેમ દ્રવ્યાદિકનો લાભ થાય છે તેમ તેમ લોભ થાય છે એટલે તેમ તેમ લોભપણ વધતોજ જાય છે. આમ લાભ કરતા લોભ અનંતગણો વધતો હોવાથી ઇંદ્રાદિક ચક્રવર્ત્યાદિક વાસુદેવાદિ મ્હોટા સામ્રાજ્યવાલા હોવા છતાં સંતોષ કે સુખશાંતિનો જરાપણ અનુભવ નથી કરી શકતા. ત્યારે જેઓ પુદ્‌ગલનો મોહ, વિષયનો રાગ, સ્ત્રી, ધન કુટુંબનો ત્યાગ કરી મહારાજા સનત્કુમારની પેઠે ભિક્ષુકભાવને ધરનારા, મહાવ્રત-પાલનારા, જગતના સર્વ જીવો પ્રત્યે પ્રેમ ધરનારા મહામુનિઓ સાચા સુખનો અનુભવ કરે છે. તેમજ સર્વ રાજા કે રંક કોઇપણ જે સત્યપ્રેમયોગને નથી ધરતા, સર્વત્ર મૈત્રિભાવ નથી ધરતા તેવા આ જગતમાં કોઈપણ આત્માના સુખના ભોકતા નથી. પણ એક માત્ર દુઃખનેજ ભોગવે છે ॥૨૬૬॥

## પ્રેમવિના બાહ્ય સામ્રાજ્યમાં સુખ નથી

**बाह्यसाम्राज्यमात्रेण, सुखं नास्ति मनीषिणाम् ।**
**आन्तरप्रेमसाम्राज्या,-दानंदः प्रेमदेहिनाम् ॥२६७॥**

**અર્થઃ**—બાહ્ય સામ્રાજ્યની પ્રાપ્તિ માત્રથી મનીષિ–ડાહ્યા મનુષ્યોને જરાપણ સુખ નથી. પરંતુ અંતરમાં જો પ્રેમભાવનું સામ્રાજ્ય પ્રાપ્ત થાય તોજ પ્રાણિઓ આનંદનો અનુભવ કરે છે. ॥૨૬૬॥

**વિવેચનઃ**—જગતના ધન, માલ, મિલકત, રાજ્ય, ઋદ્ધિ, સ્ત્રી, કુટુંબ, હીરા માણેક મોતી વિગેરે પુદ્‌ગલરૂપ હોવાથી ક્ષણિક–નશ્વર હોવાથી બાહ્ય છે. આત્માના સ્વરૂપથી અન્ય છે, તેની પ્રાપ્તિથી પુણ્યશાલી જીવાત્મા નરેંદ્ર થાય, ચક્રવર્તિ થાય, વાસુદેવ થાય, મંડલિક થાય કે શ્રીમંત્ થાય તોપણ તે વડે ડાહ્યા આત્માઓને સુખનો અનુભવ જરાપણ નથીજ થતો પણ અનેક દુખનો ચિંતાનો અનુભવ અવશ્ય થાય છે. પ્રેમયોગના સાચા અભ્યાસી પરમ મુનીશ્વરો આત્માના સ્વરૂપમાં જગત્ ઉપર પ્રેમનું સમસામ્રાજ્ય સ્થાપન કરતા રાજા, મહારાજા, કુબેર, ચક્રિ, વાસુદેવ, ઇંદ્ર વિગેરે ભોગીંદ્રોથી પણ અનંતગણું સુખ-આનંદ ભોગવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહ્યું છે કે–" भूशय्या भैक्षमशनं, जीर्णं वासो गृहं वनम् । तथाऽपि निःस्पृहस्याऽहो चक्रिणोऽप्यधिकं सुखम् ॥१॥ પૃથ્વી તેજ શય્યા–પથારી જેને છે, ભિક્ષામાં આવેલું લુંખુ સુકુ અન્ન ભોજનરૂપે છે, જુના જીર્ણ થયેલા વસ્ત્ર શરીર ઉપર છે ઘર તે વન છે તેવા અકિંચન તેમજ જગતના પદાર્થોમાં નિસ્પૃહાવાલા હોવાથી શુદ્ધ પ્રેમયોગી મુનિવરો ચક્રવર્તિ અને ઇંદ્રોથી વધારે સુખ એટલે આરામ--આનંદનો અનુભવ શુદ્ધધર્મધ્યાનવડે પરમાત્માના સ્વરૂપમાં લીન થતાં અનુભવી શકે છે, તથા અંતરમાં–મનમાં જો રાગ–દ્વેષની પ્રવૃતિ ન હોય ઇંદ્રિય ભોગની પશુવૃત્તિ ન હોય અને બાહ્ય લૌકિક લાલચ જો નજ હોય તો મનુષ્યોને અંતરનો શુદ્ધપ્રેમ આખી દુનિયાના રાજ્યની પ્રાપ્તિ કરતાં પણ અનંતગણો આનંદ પારમાનંદ આપે છે ॥૨૬૭॥

### શુદ્ધ પ્રેમ વિના લક્ષ્મી વિદ્યા અને રાજ્ય નકામા છે.

किं लक्ष्म्या किं च राज्येन, किं भवेद् बाह्यविद्यया ।
शुद्धात्मप्रेमसाम्राज्यं, विना सर्वं हि निष्फलम् ॥२६८॥

**અર્થ**:—લક્ષ્મીથી શું આનંદ આવે ? રાજ્ય લીલાથી શું આનંદ આવે ? બાહ્ય લૌકિક વિદ્યાથી શું આનંદ પ્રાપ્ત થાય ? શુદ્ધ આત્મસ્વરૂપના પ્રેમમય સામ્રાજ્ય વિના ઉપરના સર્વ નિષ્ફળજ છે. ॥ ૨૬૮ ॥

**વિવેચન**:—માનવી લોભથી ઘેરાયો છતો અત્યંત વિહ્વળ બનીને અનેક છળ પ્રપંચ કરીને લક્ષ્મી વગેરે માટે હાયવરાળ કરે છે પરંતુ તે "तरंगतरलां लक्ष्मी–मायुर्वायुवदस्थिरम् । अदभ्रधीरनुध्याये--दभ्रवद् भंगुरं वपुः ॥१॥ લક્ષ્મી નદીના તરંગ જેવી ચપળ છે, આયુષ્ય વાયુની પેઠે સ્થિર રહી શકતું નથી, શરીર પણ શરદઋતુના વાદળા સમાન ક્ષણે ક્ષણે ભંગત્વ સ્વભાવથી યુકત નાશને પામનાર છે. એવું સ્થિર બુદ્ધિવંતો અવશ્ય વિચારે છે. ॥૧॥ આવો લક્ષ્મી, રાજ્ય ને બાહ્ય વિદ્યાનો સ્વભાવ હોવાથી તે ઉપરનો પ્રેમ બાહ્ય પુદ્ગલમય હોવાથી દુઃખનુંજ કારણ થાય છે. પરંતુ આત્મસ્વરૂપનો જે શુધ્ધ નિર્વિકલ્પ પ્રેમ છે તે રૂપ સામ્રાજ્ય જો આત્માને પ્રાપ્ત થાય તો ઉપર જણાવ્યા તેવા લક્ષ્મી આદિથી અનંતગુણો આનંદ પ્રાપ્ત થાય છે, તે પ્રેમનું સ્વરૂપ સામ્રાજ્ય જો આત્માને ન મળ્યું તો આખી દુનિયાનું રાજ્ય, કુબેરની લક્ષ્મી અને વિશ્વકર્માનું કૌશલ્ય મળે તો પણ આત્માને સત્ય આનંદનો અભાવ હોવાથી બધું નકામુંજ છે–નિષ્ફળજ છે. ॥૨૬૮॥

### શુધ્ધ પ્રેમ ન હોય ત્યાં રહેવાથી શું ફળ ?

शुद्धप्रेम न यत्राऽस्ति, तत्र वासेन किं फलम् ।
शुद्धप्रेम विना सर्वं, श्मशानं दृश्यमात्रकम् ॥२६९॥

**અર્થ**—જે આત્માઓમાં શુદ્ધપ્રેમ નથી હોતો તેઓની સાથે એક આવાસમાં વાસ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવામાં શુ ફલ પ્રાપ્ત થાય ? વસ્તુતઃ શુદ્ધપ્રેમનો અભાવ જ્યાં હોય ત્યાં વાસ કરવાથી શ્મશાન જેવું શૂન્યકાર આપણને લાગે છે ॥૨૬૯॥

## પ્રેમવિના શાસ્ત્ર શસ્ત્રરૂપ બને છે

**शुद्धप्रेम विना धर्म–शास्त्रं शस्त्रायते भुवि ।**
**शुद्धप्रेममयो धर्मो, जैनधर्मः स उच्यते ॥२७०॥**

**અર્થ**:—શુદ્ધપ્રેમ વિનાના ધર્મશાસ્ત્ર ભણેલા હોય તે જગત્‌માં શસ્ત્રની આચરણા કરે છે પરંતુ શુધ્ધપ્રેમથી યુકત જ ધર્મ સત્યધર્મ છે તેથી પ્રેમયુકત ધર્મ તેજ જૈન-ધર્મ છે એમ પૂજ્યો જણાવે છે ॥૨૭૦॥

**વિવેચનઃ**—જેનામાં ગુરૂ, દેવ અને ધર્મ ઉપર શુધ્ધપ્રેમ ન હોય તેનું ધર્મશાસ્ત્ર શસ્ત્રરૂપે તેને પરિણામ પામે છે એટલે **આત્મઘાત** કરાવનારૂંજ થાય છે કહ્યું છે કેઃ—

**"सदसद्विसेसाओ भवहेउजहट्ठिओवलंभाओ । नाणफलाभावाओ, मिच्छादिट्ठिस्स अन्नाणं॥१॥**

**અર્થ**—જગતના દેખાતા પદાર્થોમાં સત્ય કે અસત્યના સ્વરૂપમય વિશેષજ્ઞાનનો અભાવ હોવાથી અવિવેકવડે સંસારના હેતુને નહિ જાણતો હોવાથી અને જ્ઞાનનું ફલ નહિ હોવાથી મિથ્યાદૃષ્ટિને અજ્ઞાન હોય છે. ॥૨૭૦॥

## શુદ્ધપ્રેમ એ વૈરાગ્ય છે

**शुद्धप्रेमैव वैराग्य–रंगो यस्य भवेद्धृदि ।**
**तस्य सत्यं भवेत्सर्वं, मनोवाक्कायमात्रजम् ॥२७१॥**

**અર્થ**:—શુધ્ધપ્રેમ તેજ વૈરાગ્ય છે તે વૈરાગ્યનો રંગ જેના હૃદયમાં પ્રગટ થયો છે. તેના મન વચન અને કાયારૂપયોગો સત્યપ્રેમમાં પ્રવૃત્તિ કરનારા થાય છે ॥૨૭૧॥

## પ્રેમ વિનાની ક્રિયાઓ નકામી છે

**किमाहारविहारेण, किं क्रीडाभिः परस्परम् ।**
**पुरुषाणां स्त्रियां सत्य–प्रेम यत्र न हार्दिकम् ॥२७२॥**

**અર્થ**:—પુરૂષો અને સ્ત્રીઓમાં પરસ્પર સત્ય અંતરનો હાર્દિક પ્રેમ ન હોય તો આહાર વિહારની પરસ્પર સર્વ ક્રિયા નિષ્ફળજ સમજવી. ॥ ૨૭૨ ॥

**વિવેચનઃ**—અનેક પુરૂષો અને સ્ત્રીઓ પોતપોતાના સ્વભાવને અનુકુળ સર્વ પ્રવૃત્તિઓ કરે છે. મિત્રો મિત્રની સાથે, કુટુંબીઓ કુટુંબીની સાથે, સ્ત્રીઓ અન્ય સ્ત્રીઓની સાથે, પુરૂષ પોતાની પરણીત સ્ત્રી સાથે એકજભાણે ભેગા બેસીને આહાર કરે, મિત્રો મિત્રોની સાથે આહાર કરે, સાથે દેશપરદેશમાં વિચરે, વ્યાપાર રોજગાર કરે, બાગબગીચાઓમાં અનેક કામ કિડાની લીલા ખેલે, સર્વ સંસાર વિષયભોગની ક્રિયાઓ કરે પરંતુ જો પરસ્પર હૃદયનો શુદ્ધ અભેદપ્રેમ ન હોય તો સત્ય આનંદ આવતોજ નથી, એકબીજાને મનમાં તિરસ્કાર હોય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો ભેગાં મળવાથી કાંઇપણ લાભ કે કલ્યાણ થતુંજ નથી. માયામય પશુવૃત્તિને બ્હેકાવે છે. અને અંતે ખેદ ઝેર વેરનેજ ઉપજાવે છે. માટે સત્ય શુદ્ધ પ્રેમવિના સર્વ બાહ્ય–બહારથી થતી ક્રિયા અંતરના માયામય પડલો દુર નથીજ કરી શકતાં. સત્ય પ્રેમ વિના બધું નક્કામું જ છે. ॥૨૭૨॥

**પ્રેમ વિના કલા કે કથાઓથી પણ શું લાભ ?**

**किं कलाभिः कथाभिः किं, यौवनेन च किं फलम् ।**
**किं फलं भोगसामग्र्या ? शुद्धप्रेमोद्भवं विना ॥२७३॥**

**અર્થ**:—જો શુદ્ધપ્રેમનો ઉદય આત્મામાં નજ થાય તો અનેક કલાવડે કે કથાઓ શું લાભ અને યુવાન અવસ્થા મલે અને ભોગની સર્વ સામગ્રીઓ હોય તો પણ શું લાભ મલે છે ? કાંઇ નહિ. ॥૨૭૩॥

**વિવેચનઃ**—જો કોઇપણ મનુષ્ય શાસ્ત્ર અભ્યાસ કરી અનેક સાયન્સની કલાઓ ભણે, અનેક ઇતિહાસિક કથાઓને જાણે, અનેકદર્શન શાસ્ત્રોને જાણે, તર્ક વિદ્યા જાણે નવરસની શૃંગારકથા જાણે, વૈદ્યકનો અભ્યાસ કરીને શરીરના અવયવો તેના રોગો તેની ચિકિત્સા જાણે, છ દર્શનોના સર્વ શાસ્ત્રનો વિશારદ્ થાય, યુવાન અવસ્થામાં શરીરને પુષ્ટ કરીને ખાદ્યા ખાદ્યનો વિવેક ભુલે, ગમ્યાગમ્યનો વિવેક ભુલે પણ તે આત્મામાં જો સત્યપ્રેમનો શુદ્ધાશય પૂર્વક ગ્રાહક નજ થાય તો સર્વ મેલવેલી ભોગની–સામગ્રીનો તેને વાસ્તવિક કાંઇપણ લાભ થતોજ નથી. માત્ર પશુ જેવુંજ તેનું જીવન વ્યય થાય છે. ॥૨૩૭॥

**સત્યપ્રેમવિના હવેલી પણ જંગલ સમાન છે**

**वधूभिश्च वरैः किं स्यात् ? हर्म्यवासेन किं फलम् ? ।**
**सत्यप्रेम न यत्राऽस्ति, श्मशानं तत्र चिन्तया ॥२७४॥**

**અર્થ**:—જ્યાં પરસ્પર સત્યપ્રેમ નથી ત્યાં સારા રૂપગુણ સુભાગ્યવંત સુંદર પતિ સ્ત્રીઓને મળે પુરૂષને સુંદર પત્નીઓ મળે, સુંદર હવેલીઓનો વસવાટ મળે, તોપણ શું લાભ મળ્યો ? વિચાર કરતા તો શ્મશાનતુલ્ય શૂન્યકારજ ભાસે છે. ॥૨૭૪॥

**વિવેચનઃ**—જ્યાં આત્માઓમાં સત્યપ્રેમ નથી જાગ્યો તેવા જીવોને કદાચિત્ પુણ્ય યોગે યુવાન અવસ્થાવાલી સુંદરીઓનો લાભ થાય, અને અનેક બાગબગીચા હવા ઉજાસવાળું અનેક આરામની સર્વ સામગ્રીવાળું મહાવિશાલ રાજ્ય હવેલી જેવું વસવા માટે ઘર મળે. છતાં સર્વ લોક અને કુટુંબીજન સાથે શુદ્ધ નીતિયુકત સ્નેહ ન હોય તો શ્મશાન જેવું શુન્યકાર લાગે છે. કાંઇ આનંદ આવતોજ નથી ॥૨૭૪॥

**નીતિ માર્ગમાં પ્રવૃત્તિ કરવાથી શુદ્ધપ્રેમ થાય છે**

**सर्वकर्त्तव्यकार्याणां, प्रवृत्तेः प्रेमशुद्धता ।**
**नीतिमार्गप्रवृत्तेश्च, शुद्धप्रेमोद्भवो भवेत् ॥२७५॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**:—સર્વ વ્યવહારના કરવા યોગ્ય કાર્યોની પ્રવૃત્તિ કરતાં પ્રેમની શુદ્ધતા થાય છે તેમજ નીતિમાર્ગમાં પ્રવૃત્તિ કરવાથી શુદ્ધ સત્યપ્રેમનો ઉદ્ભવ થાય છે ॥૨૭૫॥

**વિવેચન**:—ભવ્યાત્માઓને મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ થતાં દેવસંબંધી ગુરૂસંબંધી ધર્મ સંબંધી સાધર્મિબંધુ સંબંધી સંસારના સંબંધને લગતા દેશ, કાલ, સ્થિતિ વગેરેની યોગ્યતા અનુસારે જે જે કાર્યો કરવાયોગ્ય હોય તેના માટે પ્રવૃત્તિ કરતાં મન વચન કાયાની સ્થિરતા થતાં શુદ્ધ આત્મભાવ ઉપર પ્રેમની શુદ્ધતા થાય છે એટલે શુદ્ધપ્રેમ પ્રગટે છે. તેમજ નીતિ ન્યાયવાળા માર્ગવડે હિંસા અસત્ય ચોરી વ્યભિચારનો ત્યાગ કરીને મહાજનરૂપ જે શિષ્ટ પુરૂષની આજ્ઞા અનુસારે પ્રવૃત્તિ કરતાં શુદ્ધ પ્રેમનો પ્રગટભાવ અવશ્ય થાય જ છે "**महाजनो येन गतः स पंथा** જે માર્ગે મહાજન પુરૂષો પ્રવૃત્તિ કરે તે સદ્ધર્મ પંથ જાણવો અને તે વડે પ્રેમની પ્રગટતા થાય છે ॥૨૭૫॥

## પ્રેમીઓ આત્માભિમુખ બનતાં પરમાત્મા થાય છે

**पुण्यपापादितत्त्वानां, मन्तारः प्रेमदेहिनः ।**
**आत्माभिमुखभावेन, परात्मानो भवन्ति ते ॥२७६॥**

**અર્થ**:—પ્રેમી આત્માઓ પુણ્ય પાપ આદિ તત્ત્વોને માનનારા તે પ્રેમથી આત્મતત્વની ગવેષણા તરફ ગમન કરતા પરમાત્માઓ થાય છે ॥૨૭૬॥

**વિવેચન**:—જે ભવ્યાત્માઓ જીવ અજીવ પુણ્ય પાપ આશ્રવ સંવર નિર્જરા બંધ અને મોક્ષ વિગેરે તત્વોને જાણનારા, માનનારા તેમજ પુનર્જન્મ, પરભવ, નરક, તિર્યંચ, દેવ, મનુષ્યરૂપ ચારગતિને માનનારા આત્માઓ પ્રેમયોગના અભ્યાસને શ્રદ્ધાપૂર્વક કરી શકે છે કારણ કે તે સમ્યક્ત્વરૂપથી આત્માઓ "**ते धन्ना सुकयथ्था जेसिं नियतत्तबोहरूईजाया । जे तत्तबोहभोई ते पूज्जा सव्वभव्वाणं ॥ जेसिं निम्मलनाणं, जायं जायं तत्तसहावभोगित्तं** — — — — — તેઓજ ધન્ય છે, તેઓજ કૃતાર્થ છે, તેઓજ કૃતપુણ્ય છે કે જેઓ આત્મતત્વ જ્ઞાનની રૂચિવાલા છે. તેઓજ તત્વના આત્મ સ્વરૂપના ભોગી છે તેથી તેવા પૂજ્યગુરૂઓ સર્વ મોક્ષમાર્ગમાં ગમન કરવાની ઇચ્છાવાલા ભવ્યાત્માઓથી પૂજા સેવાભક્તિ કરવાયોગ્ય છે. ॥ જેઓને નિર્મલ કેવલ જ્ઞાનદર્શન પ્રગટ થયેલું છે અને નિજતત્વ સ્વરૂપના પરમાનંદના ભોકતા છે તેઓજ પરમતત્વમય પરમાત્મા પરમ પ્રેમયોગી સર્વ જીવોને કલ્યાણમય માર્ગના દેખાડનારા છે તે તેમના નામનું પ્રેમથી રટનારા, તેમના નામનો જાપ કરનારાઓનું કલ્યાણ કરનારા છે. એટલે જે આત્માઓ પરમાત્માને પ્રેમપૂર્વક જપે છે, હૃદયમાં સ્થાપન કરે છે તે આત્માઓ પોતાના સ્વરૂપને પ્રાપ્ત કરવામાં સમર્થ થાય છે, એથી આત્માના દર્શનની સન્મુખ થયેલા આત્માઓ પ્રેમયોગના બલથી સર્વ આવરણનો ક્ષય કરી પરમાત્મા થાય છે ॥૨૭૬॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**महावीरस्य भक्ताः स्यु–र्मार्गानुसारिदेहिनः ।**
**आत्मान आन्तरास्ते स्युः, सम्यक्त्वप्रेमजीवनाः ॥२७७॥**

**અર્થ:**—જે માર્ગાનુસારી જીવાત્માઓ છે તે ભગવાન્ મહાવીરદેવના ભકતો છે તે તો આત્માના અંતર :પ્રેમવાલાજ હોય છે તેથી સમ્યક્દર્શનથી યુકત પ્રેમજીવનથી જીવનારા જ હોય છે ॥૨૭૭॥

**વિવેચન:**—જે ભવ્યાત્માઓ પરમાત્મા ભગવાન્ મહાવીરદેવના ભકત થયા હોય તેઓ માં વ્યવહારથી માર્ગાનુસારિત્વ આવેલું હોયજ છે. અહિં માર્ગાનુસારિના પાંત્રીસ બોલ વિચારવા. ॥૨૭૭॥

## અજ્ઞાન અને મોહના નાશથી પરમેશ્વર બને છે

**सदेहा अपि निर्देहा–आत्मानः सन्ति सत्तया ।**
**अज्ञानमोहनाशेन, भवन्ति परमेश्वराः ॥२७८॥**

**અર્થ:**—સર્વ ભવ્યાત્માઓ જો કે દેહને ધારણ કરી રહ્યા હોય છે તોપણ અપેક્ષાએ આત્મસ્વરૂપની શુદ્ધ સત્તાની અપેક્ષાએ નિર્દેહ છે, તેમનો મોહ અને અજ્ઞાન આદિ નાશ થયે છતે પરમેશ્વરો થાય છે ॥૨૭૮॥

**વિવેચન:**—સર્વ આત્મસ્વરૂપમાં અપ્રગટભાવે સચ્ચિદાનંદ સ્વરૂપતા હોવાથી સંગ્રહનયની સત્તાની અપેક્ષાએ સર્વજીવો સિદ્ધ સનાતન ભગવંતો છે કહ્યું છે કે– "**आया नाणसहावी, दंसणसीलो विशुद्धसुहरुवो । सो संसारे भमई, दोसो खलु मोहस्स ॥१॥** અર્થ:– આત્મા જ્ઞાનરૂપ ચૈતન્ય સ્વભાવવંતો છે અને દર્શન સ્વભાવવાલો પણ છે નિશ્ચયથી વિશેષ શુદ્ધ સ્વરૂપવાલો પણ છે, આમ તે અમૂર્ત, અકર્તા, અસંગી, સ્વાભાવથી નિર્મલ આત્મપર્યાયનો પરિણામિ હોવા છતાં સંસારમાં ભમે છે તે દોષ માત્ર મોહકર્મનોજ છે. તે કર્મ બંધનથી બંધાયેલો, દીનદુ:ખી થયો છતો નાનાપ્રકારની યોનિઓમાં જન્મમરણ કરતો ભમે છે. સ્વસ્વરૂપની યોગ્યતાવાલો સત્તાથી શુદ્ધ દેહ ઇંદ્રિય કર્મ વિગેરેથી ભિન્ન છે છતાં કર્મ અને મોહમાયાવડે બંધાયેલો હોવાથી દુ:ખી છે, અજ્ઞાનતાના યોગે આત્મા પરમાત્મા સાથેના પ્રેમને ભુલી ગયો છે, તે જ્યારે અજ્ઞાન મોહ:રાગ દ્વેષરૂપ અઢાર દોષનો ક્ષય કરીને નિર્મલ થાશે ત્યારે તેને પૂર્ણપ્રેમયોગીંદ્ર પરમપૂજ્ય પરમાત્મા વીતરાગ પરમેશ્વરરૂપે પ્રગટ થશે. ॥૨૭૮॥

## મોહથીજ વ્યભિચાર આદિ થાય છે

**व्यभिचारादि दुष्कर्म, भवेत् कामातिरेकतः ।**
**शुद्धप्रेमणि तद्‌गंधः, कदापि नैव वर्त्तते ॥२७९॥**

**અર્થ:**—વ્યભિચાર આદિ દુ:ષ્ટકર્મ જીવો કરે છે તે મોહના અતિશય ઉન્માદિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યાગે બને છે સુદ્ધપ્રેમ જ્યાં હોય ત્યાં વ્યભિચાર બલાત્કાર કે ઉન્માદભાવની ગંધપણ નથી જ હોતી ॥૨૭૯॥

कुत्र कामोदयो मुख्यः, कदा मोहोऽविवेकतः ।
कुत्र सत्प्रेमयोगस्य, मुख्यता वर्त्तते कदा ॥२८०॥

**અર્થ**:—મુખ્ય કામનો ઉદય ક્યાં થાય ? અવિવેકથી મોહનો ઉદય ક્યારે થાય ? અને ક્યાં અને ક્યારે સત્પ્રેમ યોગની મુખ્યતા રહે ? ॥ ૨૮૦ ॥

### જિનાગમના સદ્બોધથી સત્પ્રેમ થાય છે.

जिनेन्द्रागमसद्बोधात्, सत्यप्रेम प्रजायते ।
मनुष्यत्वं भवेत्प्रेम्णा, पशुत्वमन्यथा स्मृतम् ॥२८१॥

**અર્થ**—વીતરાગજીનેશ્વરે ઉપદેશ કરેલા આગમ શાસ્ત્રોના સદ્બોધથી સત્ય પ્રેમ આત્માઓમાં પ્રગટ થાય છે તેથી એમ સમજવાનું કે પ્રેમથી મનુષ્ય મનુષ્યત્વ પામે છે અને પ્રેમ વિનાનો મનુષ્ય પશુપણાની ગણત્રીમાં આવે છે. ॥ ૨૮૧ ॥

**વિવેચન**:—જે ભવ્યાત્માઓ મનુષ્ય શરીર સંબંધી ભોગો ભોગવતા છતાં તેમને સદ્ગતિનો અભાવ હોય તો તેઓમાં પશુત્વ સમજવું. કહ્યું છે કે **शास्त्रोक्ताचारकर्ता च, शास्त्रज्ञः शास्त्रदेशकः । शास्त्रैकदृग् महायोगी, प्राप्नोति परमं पदम् ॥८॥** અર્થ:—વીતરાગોપદેશિત શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે સદાચારને પાળનાર શાસ્ત્રજ્ઞ પ્રેમયોગી ઉપદેશ કરે છે, સર્વદા શંકાકંખા દુર કરવામાટે અને આત્મકલ્યાણમાટે સદ્માર્ગ એક શાસ્ત્ર—પરમાત્મા પ્રણિત આગમ જ દેખાડે છે. તેથી આગમ એજ પ્રેમયોગી મુનિવરોને ચક્ષુ સ્વરૂપે છે. ચામડીવાળી ચક્ષુ તો બહારનાજ પદાર્થોને દેખાડે છે ત્યારે આગમશાસ્ત્ર ચક્ષુ તો અદૃશ્ય એવા મોક્ષમાર્ગ રૂપ-આત્મધર્મ રૂપ માર્ગને દેખાડે છે. આવી અવિચલિત શ્રદ્ધા—પ્રેમવાળો મહાન યોગી સર્વ ઉત્કૃષ્ટ ભાવ રૂપ આત્મચારિત્રને પ્રાપ્ત કરી અંતરંગારિનો પરાજય કરી કેવલજ્ઞાન અને કેવળ દર્શનને પ્રાપ્ત કરી પરમપદનો ભોક્તા થાય છે. ॥ ૨૮૧ ॥

### સત્ય પ્રેમથી પરોપકાર અને સહાય્ય થાય છે.

परोपकारबुद्धित्वं, साहाय्यं च परस्परम् ।
जायते सत्यरागेण, विश्वसेवाविचारणा ॥२८२॥

**અર્થ**—પ્રેમયોગીજનો પરસ્પર પરોપકાર કરવાની બુદ્ધિવાળા હોય છે અને એક બીજાને પરસ્પર સહાય કરનારા થાય છે, આવા સત્યપ્રેમરાગથી આત્માઓ જગતની સેવા કરવાની વિચારણુ કરનારા પણ અવશ્ય થાય છે. ॥ ૨૮૨ ॥

### પ્રેમથી પ્રેમીનું હૃદય ભીંજાયેલું છે.

प्रेमार्दितमनुष्याणा—मास्यनेत्रप्रसन्नता ।
वाग्माधुर्यं च सत्कारो, जायते हि परस्परम् ॥२८३॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**:—પ્રેમથી જ પ્રેમીનું હૃદય ભીંજાયેલું હોય છે તેવા પ્રેમીમનુષ્યોના મુખ તથા આંખોમાં સર્વદા પ્રસન્નતા રહેલી હોય છે. તેમજ વાણીમાં પણ મધુરતા અને પ્રેમીને દેખતાં પરસ્પર સત્કાર–સન્માન કરવા તૈયાર થાય છે. ॥ ૨૮૩ ॥

## સંકટમાં પ્રેમી પ્રાણ આપે છે.

प्रेमिणां संकटप्राप्तौ, प्राणार्पणं परस्परम् ।
कीर्त्तीहा न भवेन्नृणा–मात्मारामनिवासिनाम् ॥२८४॥

**અર્થ**:—પ્રેમીઆત્માઓમાં કોઇને કાંઇ પણ પ્રકારનું સંકટ આવ્યું હોય તો પ્રેમિ આત્મમિત્રો તે સંકટને દુર કરવા સ્વપ્રાણોને અર્પણ કરવા તત્પર બને છે; તેમાં પણ કીર્તિની ઇચ્છા તેઓને નથી હોતી કારણ કે આત્મસ્વરૂપમાં રહીને તેઓ તેમાંજ રમણતા કરનારા હોય છે. ॥ ૨૮૪ ॥

## મૃત્યુ પ્રાપ્ત થાય તો પણ પ્રેમીમાં હૃદયભેદ થતો નથી.

हृद्भेदो न भवेन्नृणां, मृत्युप्राप्तावपि स्फुटम् ।
प्रेमिणामीदृशीरीतिः, सुखे दुःखे च सर्वदा ॥२८५॥

**અર્થ**:—પ્રેમીઓ પ્રેમીઆત્માઓ પ્રત્યે હૃદયનો ભેદ કદાપિ પણ નથીજ રાખતા. મૃત્યુઅવસ્થા પ્રાપ્ત થાય છતાં પણ તેઓમાં પ્રેમ પ્રત્યક્ષભાવે પ્રગટ થાય છે. પ્રેમીઓને સુખ દુઃખના સર્વ પ્રસંગો આવ્યા હોય તો પણ સર્વકાલ પ્રેમની આવી એકધારી દશા તેઓની વર્તે છે. ॥ ૨૮૫ ॥

**વિવેચન**:—જગતમાં જે સાચા શુદ્ધપ્રેમીજનો હોય છે તેઓ પરસ્પર એક બીજા પ્રત્યે સર્વદા શુદ્ધ નિર્વિકલ્પ પ્રેમથી રહે છે, તે પ્રેમીઓને ગમે તેવા કપરા પ્રસંગો આવે તો પણ હૃદય–મનથી જુદા થતા નથી એટલે તેઓને મનનો પરસ્પર ભેદ પડતોજ નથી. જીવન મૃત્યુના કપરા સમયમાં પણ પ્રેમ પ્રગટભાવે પ્રત્યક્ષથી અનુભવાય છે. એકના મરણે અન્ય મરણને માંગે છે. એકના ઉદયમાં અન્ય હર્ષપ્રમોદને ધરે છે, આમ સાચા પ્રેમિ-આત્માઓ સર્વકાળ એકજ સરખા પ્રેમને ધારણ કરે છે. સુખ કે દુઃખના પ્રસંગે પણ તે પ્રેમધારાનો પલટો નથીજ ખાતા. આવી રીતે પ્રેમીજનોની દશા કાયમજ વર્તે છે. ॥૨૮૫॥

## પ્રેમીઓ પરસ્પર એક બીજાનું અવલંબન લે છે

आलंबनं स्वभावेन, प्रेमिणां हि परस्परम् ।
जायते सत्यमाधुर्यं, प्रेमरूपं च हृद्गतम् ॥२८६॥

**અર્થ**:—પ્રેમી આત્માઓ પરસ્પર સ્વભાવથી એક બીજાના અવલંબનને ચાહે છે, તેઓમાં હૃદયગત સત્ય પ્રેમ પ્રગટ થયેલો હોવાથી સત્યતા અને વચનમાં મધુરતા આવે છે અને હૃદય પ્રેમસ્વરૂપજ બને છે. ॥ ૨૮૬ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## આત્મતીર્થ સનાતન તીર્થ છે.

**तीर्थं प्रेममयं चित्तं, तीर्थं प्रेममयं वचः ।**
**तीर्थं प्रेममयो देहः-आत्मातीर्थं सनातनम् ॥२८७॥**

**અર્થ**:—પ્રેમમય જે ચિત્ત તે તીર્થ છે તેમ જાણવું પ્રેમમય વચન પણ તીર્થ સ્વરૂપ જાણવું. પ્રેમમય જે શરીર તે પણ તીર્થ રૂપે સમજવું. આ ત્રણ જેમાં હોય તેવો આત્મા અનાદિ શુદ્ધ તીર્થસ્વરૂપે સનાતન સમજવો. ॥ ૨૮૭ ॥

**વિવેચનઃ**—શુદ્ધપ્રેમતત્વ રૂપ જે આત્માનો પરિણામમય ભાવ આત્મસ્વરૂપને શુદ્ધ-નિર્મળ બનાવે છે. તે પ્રેમભાવથી સુદેવગુરૂ અને ધર્મ અને ધર્મારાધકની ભક્તિ પૂજા વાત્સલ્ય ભાવને પ્રગટાવે છે. સારા સારા વ્રત નિયમ કરાવે છે. તેથી પ્રેમ આત્માનો કર્મમલ ધોઇ આત્માને પવિત્ર કરતો હોવાથી તીર્થ સ્વરૂપજ છે. લૌકિક દૃષ્ટિથી ગંગા, વરદામ, યમુના, નર્મદા, ગોદાવરી, માગધ વિગેરે તીર્થ કહેવાય છે, લોકોત્તર દૃષ્ટિથી શત્રુંજયી નદી, સૂર્યકુંડ, ગજપદકુંડ વિગેરે જલ ક્ષેત્ર તીર્થ જાણવાં ત્યાં દેહસ્નાનથી દેહની પવિત્રતા થાય છે, ત્યારે સિદ્ધાચલ, ગિરનાર, સમેતશિખર, અષ્ટાપદ, શ્રી શૈલ, આબુ, પાવાપુરી, ભદ્દિલપુરી, ચંપાપુરી વગેરે જ્યાં જ્યાં તીર્થંકર ભગવંતના ચ્યવન થયા હોય, જન્મ, દીક્ષા, કેવલજ્ઞાન કે નિર્વાણ થયા હોય, તેમજ ભગવંતો જ્યાં જ્યાં વિચરીને ભવ્યાત્માને ઉપદેશવડે મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ કરાવી હોય તે સ્થળો શુભ કાર્યમાં નિમિત્ત થયેલાં હોવાથી તીર્થ સ્વરૂપ સમજવાં. તેથી તે સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, ભાવમય તીર્થની ઉપર પૂજ્યભાવે પ્રેમ પ્રગટ કરવાથી ચિત્ત-મનની શુધ્ધતા થાય છે. તે મોક્ષમાં હેતુ બને છે. તેવીજરીતે શુધ્ધપ્રેમ યુક્ત જે મન નિર્વિકલ્પ-વિકાર વાસના રહિત હોય તે અવશ્ય મોક્ષમાર્ગમાં હેતુ હોવાથી તે પ્રેમરૂપ તીર્થ સ્વરૂપજ જાણવું. તેમજ પરમપૂજ્ય તીર્થંકર ગણધર વિગેરે આપ્તપુરૂષોની વાણી પણ આત્મશુદ્ધિમાં હેતુ હોવાથી તીર્થરૂપે સમજવી. ॥૨૮૭॥

## મૂર્તિપૂજામાં પણ પ્રેમજ છે.

**मूर्तिपूजाप्रचारस्य, मूलं सत्प्रेम बोधत ।**
**जडेष्वपि प्रभुः साक्षात्-कारस्तस्माद्भवेद्ध्रुवम् ॥२८८॥**

**અર્થ**:—મૂર્તિપૂજાનો જગતમાં જે પ્રચાર થયેલો છે તેનું મૂળ કારણ તે દેવગુરૂની ઉપર ઉપજેલા સત્ય પ્રેમથી યુક્ત સમ્યગ્જ્ઞાનજ છે. તે પ્રેમથી જડ વસ્તુમાં પણ પરમાત્માનું સાક્ષાત્ દર્શન નિશ્ચયથી ભક્તોને અવશ્ય થાયજ છે. ॥ ૨૮૮ ॥

**વિવેચનઃ**—પૂર્વકાળમાં જીતારિ નામના રાજાએ સિદ્ધાચલની યાત્રા થાય ત્યારે અન્ન પાણી લેવા એવો અભિગ્રહ કરી તે યાત્રાળુ સંઘ સાથે ગમન કરતાં પૂર્ણ ભક્તિભાવથી મન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વચનકાયાની એકાગ્રતા થતાં ગોમુખયક્ષે તે રાજાને સિદ્ધાચલ પર્વત અને તેમાં રહેલ પરમાત્મા ઋષભદેવની કાંચનમય પૂર્ણ દેદીપ્યમાન પ્રતિમા વગેરેના સાક્ષાત દર્શન કરાવ્યાં હતાં, તે પણ શુદ્ધપ્રેમના યોગે બને છે. જડમાં વિશુદ્ધભાવમય પ્રેમથી પરમાત્માના દર્શન પ્રત્યક્ષ ભાવે અવશ્ય થાયજ છે. ॥ ૨૮૮ ॥

## મૂર્તિના દર્શનમાં દેવનું દર્શન થાય છે.

शुद्धप्रेमातिवेगेन, मूर्तौ देवस्य दर्शनम् ।
जायते प्रेमिभक्तानां, श्रूयते सत्यदेशना ॥२८९॥

**અર્થ**:—શુદ્ધપ્રેમ વડે મૂર્તિમાં પરમાત્માના દર્શન અત્યંત વેગથી થાય છે અને સાચા ભક્તો પરમાત્માના મુખની સત્યદેશના પણ પ્રેમથીજ સાંભળે છે, આ બન્નેમાં પ્રેમ એકજ સર્વ બાજુનું કારણ છે. ॥ ૨૮૯ ॥

सत्यप्रेमाश्रये देहे, मानसे चात्मदेहिनाम् ।
व्यक्तप्रेमोद्भवो नित्यो, जायते नैव संशयः ॥२९०॥

**અર્થ**:—સત્ય પ્રેમ જ્યાં રહેલો છે તે દેહમાં અને મનમાં આત્મપ્રેમી મનુષ્યોને પ્રગટ રીતે નિરંતર પ્રેમનો આનંદ ઉભરાતો અનુભવાય છે. તેમાં જરા પણ સંશય નથી જ. ॥ ૨૯૦ ॥

**વિવેચન**:—જે દુર્ભવ્ય કે અભવ્ય આત્માઓ હોય તેને આત્મસ્વરૂપનો પ્રેમ કદાપિ પ્રગટ થતોજ નથી, કહ્યું છે કે "પાપી અભવ્ય નજરે ન દેખે" જે ભયંકર નિર્દય પાપી આત્મા હોય તેમજ જે છળપ્રપંચોમાં કે માયામાં રચીપચી રહેલા હોય તેવા દીર્ઘસંસારી અને અભવ્યાત્માઓ આત્મપ્રેમ વિનાના હોવાથી શત્રુંજય તીર્થને હૃદયથી નિહાળી શકતા નથી. ॥ ૨૯૦ ॥

## પ્રેમથી પાપો નાશ થાય છે

कृतकोट्यपराधास्तु, मनुष्यैर्द्वेषमोहतः ।
सत्यप्रेमणि संजाते, उपशाम्यति वेगतः ॥२९१॥

**અર્થ**:—જે આત્માઓએ દ્વેષ અને મોહથી કરોડો ગમે તેવાં પાપ કર્યા હોય તો પણ જ્યારે તેમના આત્મામાં સત્ય પ્રેમનો પ્રગટભાવ થાય છે ત્યારે સર્વે પાપો એકદમ સમાઇ જાય છે—નષ્ટ થઇ જાય છે. ॥ ૨૯૧ ॥

**વિવેચન**:—શ્રદ્ધારૂચિપૂર્વક ધર્મનો શુદ્ધપ્રેમ પ્રગટ થાય છે ત્યારે રાગદ્વેષના મૂળ-કારણ મિથ્યાત્વ, અવિરતિ, કષાય વગેરેનો ઉદય નષ્ટ થતાં સર્વ પાપો ઉપશમભાવ પામે છે—દબાઇ જાય છે. એટલે એકદમ હતાં ન હતાં થઇ જાય છે. જેમકે જેઠમાસમાં તાપની ઉત્કૃષ્ટતાથી દાહજ્વર લોકોમાં ઉપજે છે તેથી પીડાતા જીવોને આશાડ માસમાં આકાશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રદેશમાં ચડી આવેલો વર્ષાદ પોતાના જળનું જગતને દાન કરવા સાથે તાપ અને દાહજ્વર વગેરે સર્વનો નાશ કરે છે તેમ સત્ય પ્રેમ આત્મામાં પ્રગટ થયે છતે સર્વ પાપ અને પીડા વર્તમાન અને ભાવિની હોય તે પણ નાશ પામે છે. ॥૨૯૧॥

यस्योपरि भवेत्पूर्ण–सत्यप्रेमस्वभावतः ।
तदर्थं नामरूपादि–स्वार्पणं जायते रयात् ॥२९२॥

**અર્થ:**—જે આત્માની ઉપર આપણો સ્વભાવથીજ પૂર્ણ અને સત્યપ્રેમ પ્રગટ થાય છે તે આત્માને પ્રાપ્ત કરવા માટે પ્રેમી આત્મા પોતાના નામ રૂપ વગેરે જે કાંઇ હોય તે સર્વસ્વ તે પ્રેમીઆત્માને જલદીથી સમર્પણ કરી દે છે. ॥ ૨૯૨ ॥

**વિવેચન:**—નામ તથા રૂપ વિગેરેની મમતાનો ત્યાગ પ્રેમીઓ પ્રેયને માટે કરવામાં જરાપણ પાછા પડતાજ નથી. તેમજ સંસારભાવમાં સ્ત્રી અને પુરૂષ પણ પરસ્પરના અભેદ-ભાવે એકબીજાને પ્રેમથી ઇચ્છતા હોય તો પરસ્પર નામ, રૂપ જાતિ, વિગેરે જે કાંઇ ઉંચ નીચરૂપે ભેદ ગણાતો હોય તેનો પણ ત્યાગ કરી પ્રેયને માટે સર્વસ્વનો હોમ જલદી કરે છે. ત્યાં લોકનિંદા કે સ્તુતિની દરકાર પ્રેમીઓ રાખતા નથી. તે માટે **ઇલાચી પુત્રનું** દષ્ટાંત છે.

એલાવર્ધન નગરમાં ધનદત્ત શેઠનો ઇલાચી પુત્ર યૌવનવયમાં આવે છે તે વખતે ત્યાં ગામમા નટ લોકો રમવા આવેલા. તેમાં એક નટપુત્રી ઉપર પૂર્વકાલના સંબંધ યોગે ઇલાચીને રાગ બંધાણો. નટના મુખી પાસે નટડીની માગણી કરતાં નટમુખીએ કહ્યું: 'આ પુત્રી જે અમારી જ્ઞાતિમાં ભળીને નટવિદ્યા શિખે અને તેની કમાઇમાંથી અમારી જ્ઞાતિને ભોજન કરાવે ત્યારે આ કન્યાનો વિવાહ તેની સાથે થાય બીજીરીતે નહી.' આ વાતનો ઇલાચીએ સ્વીકાર કર્યો. માતાપિતાનો અત્યંત આગ્રહ મમતા છતાં તે ઇલાચીએ માતા, પિતા, કુટુંબ, જ્ઞાતિનો ત્યાગ કરી નટની સાથે ચાલી નીકળ્યો. ક્રમે ક્રમે સર્વ નટકલાનો જ્ઞાતા થઇને તેના બધા ખેલ સારીરીતે કરીને લોકને ચમત્કાર થાય તેવી સર્વ કલાનો પૂર્ણ વિશારદ થયો. પછી અનુક્રમે એક રાજાના નગરમાં તે બધા રમવામાટે ગયા, રાજા, અમાત્ય અને નગરના સર્વ કોઇ આ નટલોકના ખેલ જોવા માટે એકઠા થયા છે, નટડી કે જે યુવાન રૂપવંત કંઠથી કોકિલા હોય તેમ સુંદર રાગથી દેવોના મન ડોલાવે તેવા મધુર-કંઠથી ગાતી, પગમાં ઝાંઝરને સ્થાને ઘુઘરાની માળાને રણુકારતી છતી ઢોલ વગાડી રહી છે. તેનું ચિત્ત પોતાના વહાલા ઇલાચીપુત્ર ઉપર હોવાથી તેની કુશળતા વાંચ્છતી રમતમાં પ્રેરણા અને ઉત્સાહ આપી રહી છે ઇલાચી ઉંચા બે વાંસ ઉપર દોરડાના આધારે તાંડવ–નાચ કરતો ઉંધે મસ્તકે દોરડા ઉપર દોડતો કુદતો અનેક ચમત્કારી ખેલ કરીને સર્વલોકનું મન રંજન કરી રહ્યો છે. રાજા આ સર્વ જુવે છે. પણ તેનું મન ઇલાચી જેના ઉપર પ્રેમ ધરે છે તે નટકુમારી ઉપર મોહ પામ્યું છે, તેથી નટ જો ઉપરથી પડીને મરણ પામે તો રાજસત્તાવડે બલાત્કારે નટકુમારીને પકડીને જનાનામાં પુરી દઉં અને તેની સાથે મારી મનોભિલાષાને તૃપ્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરૂં. આવા રૌદ્રધ્યાનભાવથી નટની માંગણી છતાં દાન નથી આપતો, અને કહે છે કે મેં બરાબર તમારા ખેલો જોયા નથી માટે ફરીથી રમો. આમ બે ત્રણ વખત રાજાએ ખોટા ઉત્તર આપ્યા તેથી ઇલાચીના મનમાં રાજાના કુવિચારો જાણવામાં આવી ગયા. પણ રાજા જ્યાંસુધી કાંઇ ન આપે ત્યાંસુધી અન્ય પણ નજ આપી શકે, તેથી ઇલાચી ચોથીવાર વાંસ ઉપર ચડીને ખેલવા લાગ્યો છે. તેવામાં ત્યાંથી નજદીક રહેલા એક શેઠના ઘરના બારણે મહા તપસ્વીમુનિ યુગલ અહાર વહોરવા માટે ઉભેલા છે અને ઘરના બારણા વચ્ચે સુંદર રૂપ ગુણ સૌભાગ્યાદિ શિલગુણથી શોભતી પદ્મિની બાઇ હાથમાં સોનાના થાળમાં જે સિંહકેશરી મોદકથી ભરેલ છે તે લઇ સર્વગ્રહણ કરો તેમ કહે છે. મુનિ એક **કકડો વહોરાવો** વધારે નહિ તેમ કહી રહ્યા છે. **તે** દશ્ય જોતાં ઇલાચી વિચારે છે કે 'અહો! અહો! જુવો તો ખરા એ ત્યાગી મહાપુરૂષ કેટલા સંયમી અને લોભ લાલચ વિનાના છે, તે દાની શેઠાણીનો દાન પરિણામ કેવો મહાન છે, ધન્ય છે તેમના આત્માના શુદ્ધ પરિણામોને, અને હું વિષયમાં લંપટ થઇને જ્ઞાતિ, જાતિ, કુળ, માત-પિતાના પૂર્ણ વાત્સલ્યભાવનો તિરસ્કાર કરી આવી લોભ લાલચની વૃદ્ધિ કરનારી વિષયવાસનામાં પડયો છું. એની પ્રાપ્તિમાટે જીવના જોખમકારક ખેલ કરી રહ્યો છું. જેની ઉપર હું રાગ ધરૂં છું તેની પ્રાપ્તિમાટે રાજા મારૂં મરણ વાંચ્છે છે, હું રાજા પાસેથી ધનની વાંચ્છા કરૂં છું. ધિક્કાર છે મને. આવી મોહ-મમતાનો ત્યાગ કરી પૂજ્ય સાધુદશાને કયારે પામીશ.' આમ વિચારની શ્રેણિએ ચડતાં પૂર્વની જાતિસ્મૃતિ જાગતાં આત્માની ઉજ્જવલ પરિણામની ધારાએ ચડતાં ઘાતિકર્મનો સમૂલક્ષય કરી કેવલજ્ઞાનદર્શનની પ્રાપ્તિ કરી. દેવએ કેવલીનો જ્ઞાન મહોત્સવ કર્યો અને સર્વ લોકો નાટકને સ્થાને ધર્મનો ઉપદેશ સાંભળી વૈરાગ્યને પામી પોતપોતાની શકિત અનુસારે વ્રત પચ્ચક્ખાણ કરીને સ્વસ્થાનકે ગયા. અહીંયાં એજ સમજવાનું કે પૂર્વકાલિન બંધાયેલા સંસ્કારવડે પ્રેમી આત્માને પ્રિયના દર્શન થતાં પ્રેમનો પ્રાગટયભાવ થાય છે ત્યારે સર્વસાર વસ્તુનો ત્યાગ પ્રેમી માટે તે અવશ્ય જલદીથી કરે છે. ॥૨૯૨॥

## શુદ્ધ પ્રેમવિના મૂર્તિમાં પરમાત્માનું દર્શન નથી થતું.

**शुद्धप्रेम विना मूर्त्तौ, शास्त्रस्य ज्ञानमात्रतः ।**
**नीरसशुष्कता योगा-दिष्टदेवो न दृश्यते ॥२९३॥**

**અર્થ**:—જો હૃદયમાં શુદ્ધપ્રેમ ન હોય, માત્ર શાસ્ત્રનું સુકું જ્ઞાન હોય તો પરમાત્માનું દર્શન મૂર્તિમાં નથી થતું. કારણ કે આત્મપ્રેમના રસવિના નીરસ શુષ્ક-સુકાપણામાં ઇષ્ટદેવનો ભાવ નથી અનુભવાતો. ॥૨૯૩॥

## ભગવાનની મૂર્તિ ઉપર દેહ કરતાં અધિકપ્રેમ થવો જોઇએ

**सद्देहेषु भवेत्प्रेम, तत्राश्चर्यं न जायते ।**
**ज्ञानिनां मूर्त्तिषु प्रेम, जायते तत्र चित्रता ॥२९४॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**:--સદેહી ઉપર અગર સ્વ શરીર ઉપર પ્રેમજીવોને અવશ્ય થાયજ છે તેમાં કાંઈપણ આશ્ચર્ય નથીજ પણ કેવળજ્ઞાનિ પરમાત્માની મૂર્તિ ઉપર જો પ્રેમ થાય તેમાંજ આશ્ચર્ય છે. ॥૨૯૪॥

## સાચો પ્રેમી સરળ હોય છે

**निर्दोषं बालवद्वृत्तं, प्रेमिणः सरलाशयात् ।**
**आर्द्रतामयसर्वांगं, तस्य पूर्णं विराजते ॥२९५॥**

**અર્થ**:—સાચા પ્રેમીજનો સરળ આશયવાળા હોવાથી તેઓની પ્રવૃત્તિ નિર્દોષ બાળકના જેવી હોય છે, તેમના સર્વ અંગોમાં સ્નેહ રૂપ આર્દ્રતા પૂર્ણરૂપે શોભી રહેલી હોય છે. ॥ ૨૯૫ ॥

**વિવેચન**:—તે પ્રેમીઆત્માઓના હૃદયમાં સર્વ અંગ ઉપાંગોમાં પૂર્ણભાવે આર્દ્રતા સ્નેહ-પ્રેમરસની ભિનાશતા વિરાજમાન થયેલી હોય છે. સર્વ આત્માઓ પ્રત્યે પ્રેમ-મૈત્રીભાવ પ્રગટ થયેલો અનુભવાય છે તેથી તે પ્રેમયોગી પરમાનંદનો અનુભવ કરે છે. તે માટે કહેવાય છે કે "**बालोऽपि किं न निजबाहुयुगं वितत्य, विस्तीर्णतां कथयति स्वधियांबुराशेः**

અર્થ—જેમ બાળક સરળ આશયવાળો હોવાથી પોતાની બુદ્ધિથી સમુદ્રના પાણીનો વિસ્તાર તેણે જે કલ્પેલો હોય છે તે પોતાના બે બાહુને પહોળા કરી પોતાનાથી થતા માનને કરે છે તેમાં હું જુઠો પડીશ કે મારી હાંસી મશ્કરી થશે તેવો ભય તેને નથી થતો તેમ પ્રેમયોગીઓને પણ પ્રેમની શુદ્ધતા હોવાથી છલકપટ વિના સરળતા વડે નિર્દોષ બાળકની જેમ સત્ય શુદ્ધ આત્મભાવમય સર્વત્ર પ્રેમનીજ પ્રવૃત્તિ હોય છે. ॥ ૨૯૫ ॥

## લગ્નવિચાર.

**प्रेमप्रकृतितस्तुल्यं, धर्म्यलग्नं विवेकिनाम् ।**
**कल्पते स्त्रीपुरुषाणां, समाचारविचारिणाम् ॥२९६॥**

**અર્થ**:--જે જગતમાં સત્ય વિવેકવંતો છે તેઓ તો ધર્મ્ય લગ્ન એનેજ કહે છે કે જેઓને પરસ્પર સરખો પ્રેમ હોય સરખી પ્રકૃતિ હોય તેઓના સંબંધને જ કહે છે એટલે સમાન આચાર અને સમાન વિચારવાળા સ્ત્રી અને પુરૂષોના લગ્ન સંબંધ થતા હોય તેને ધર્મલગ્ન કહે છે ॥૨૯૬॥

**વિવેચન**:--એક કુટુંબના પુરૂષ સ્ત્રી હોય તો તે ભાઈબેન ગણાય તે વિવાહ યોગ્ય ન ગણાય. ધર્મની સમાનતા, વિદ્યાની સમાનતા, કુળ શીલની સમાનતા હોય તો પ્રેમ પરસ્પર જામે છે. તેથી સુખ શાંતિથી આ જીવન જીવાય છે. ધર્મમાં પરસ્પર સહકાર થવાથી સદ્ગતિનો પણ લાભ મેળવે છે ॥૨૯૬॥

**राजसानां समं लग्नं, राजसं परिकीर्त्तितम् ।**
**तामसानां समं लग्नं, तामसं परिकीर्त्तितम् ॥२९७॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**:—રાજસ્ પ્રકૃતિવાળા સાથેના લગ્નને રાજસ્ લગ્ન કહેવાય છે અને તામસ્ પ્રકૃતિવાળા સાથે જે લગ્ન થાય તે તામસ્ લગ્ન કહેવાય છે. ॥૨૯૭॥

**વિવેચનઃ**—આ જગતમાં ત્રણ પ્રકૃતિ જીવોમાં રહેલી છે. રાજસ્ તામસ્ અને સાત્વિક. તેમાં રાજસ્ પ્રકૃતિવાળા એટલે પુદ્‌ગલના ભોગમાં રાગવાળા તેમજ લોભવાળા, જે મળે તેથી સંતોષ નહિ પામનારા એવા રાજસ્ પ્રકૃતિવાળા આત્માઓ રજોગુણી કહેવાય છે. કહ્યું છે કેઃ **रजो रागात्मकं विद्धि तृष्णासंगसमुद्भवम् ॥** અર્થઃ રાજસ્ પ્રકૃતિ–રજોગુણી જીવો વિષય-ભોગના જે જડ વા ચેતનરૂપ પદાર્થો હોય તેમાં રાગ–પ્રિતિ અર્થાત્ મોહવાળા હોય તેવા તેવા પદાર્થોનો સંગ્રહ કરવા તેઓને લોભ તૃષ્ણા થાય છે. ॥૨૯૭॥

**सात्विकेन समं सग्नं, सात्विकस्य सुखाप्तये ।**
**गुणकर्मानुसारेण, वर्णानां लग्नमिष्यते ॥२९८॥**

**અર્થ**:–સાત્વિક પ્રકૃતિવંતોની સાથે સાત્વિક પ્રકૃતિવાલાના લગ્નસંબંધ સુખની પ્રાપ્તિમાં નિમિત્તકારણ થાય છે આમ સરખા ગુણવાલા અને સરખા કાર્યકરનારા વર્ણોમાં પરસ્પર લગ્ન સંબંધ કરવો તેજ યોગ્ય છે ॥૨૯૮॥

**लग्नं समानवर्णानां, वयः साम्यादितः स्मृतम् ।**
**देहलग्नं च दंपत्यो–रध्यात्मं ेमयोगतः ॥२९९॥**

**અર્થ**:—સમાન વર્ણોવાળા મનુષ્યોમાં સમાન વયઃ આદિથી દેહના લગ્ન સ્ત્રીપુરૂષોમાં થાય તે અવશ્ય યોગ્ય છે. અધ્યાત્મ લગ્ન તો પ્રેમથીજ થાય છે. ॥ ૨૯૯ ॥

**વિવેચનઃ**—સંસારમાં રહેલા સર્વ મનુષ્યોને ચાર પુરૂષાર્થની સિદ્ધિ કરવી જોઈએ. તેમાંથી સર્વ શ્રેષ્ઠ ધર્મની સિદ્ધિ છે. તે ધર્મથી આત્મા મોક્ષની સિદ્ધિ કરી શકે છે. પરંતુ સર્વ આત્મા કાંઈ એકલો ધર્મ કરવા તૈયાર હોઈ શકતા નથી. પુદ્‌ગલ સુખની ઇચ્છા જેઓને હોય છે તેઓનો વ્યવહાર કેવી રીતનો હોવો જોઇએ તે માટે જણાવે છે કે ચાર વર્ણો આ ભારતદેશમાં ઘણા પ્રાચિનકાળથી ચાલ્યા આવે છે. તેઓમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર એ વર્ણોના સ્ત્રીપુરૂષો સમાન વર્ણ, સમાન જાતિ, જ્ઞાતિમાં એકબીજા પરસ્પર યોગ્ય રીતે સમાન વયવાળા એટલે તેર વર્ષની ઉંમરથી કન્યાકાલ પૂર્ણ થાય છે અને વીશ વર્ષ પછી પુરૂષમાં કુમારકાળ પૂર્ણ થાય છે તેટલા અંતરયુક્ત સ્ત્રી પુરૂષની વયઃ સમાન પ્રમાણતા ગણાય. વર્ણ, જ્ઞાતિ, જાતિ પણ ગુણકર્મના યોગે થયેલી હોવાથી તેવા કર્મ અને ગુણની સમાનતામાં પ્રમાણતા યુકત જે જ્ઞાતિપરંપરાએ માતાપિતા કુટુંબની હોય તેજ સમજવી. કારણ કે તેવા સંસ્કારો તે વંશપરંપરામાં ચાલ્યા આવેલા હોય છે. તેવા સમાન–એક જ્ઞાતિજાતિવાળી સ્ત્રીઓ અને પુરૂષો સમાન ઉમ્મરવાળા હોય, સમાન સ્વભાવ, સમાન વિદ્યા હોય તેવા સ્ત્રીપુરૂષોના પરસ્પર માતાપિતા કુળના વડેરાઓએ જેમાં સંમત્તિ આપી હોય તેવાં ન્યાય યુકત છે. જે સ્ત્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને પુરૂષના લગ્નો પરસ્પર પ્રેમસ્નેહને વધારનાર થાય છે તેમાં અંતરનો આત્મિકભાવનો પરસ્પર પ્રેમ જાગતો હોવાથી ધર્મ્યલગ્ન કહેવાય છે એટલે સ્ત્રી પુરૂષ એક ધર્મ; આચાર, અનુષ્ઠાનવાળા હોવાથી ધર્મની વૃદ્ધિવડે મોક્ષમાર્ગના અનુષ્ઠાનોમાં સંસ્કાર જામવાથી આત્માની શુદ્ધિ તેઓને પ્રાપ્ત થાય છે. ॥ ૨૯૯ ॥

**आहारेण विचारेण, राजसादिकसाम्यतः ।**
**लग्नमाध्यात्मिकं बाह्यं, दंपत्योः सर्वशक्तये ॥३००॥**

**અર્થઃ**—જે સ્ત્રીઓ અને પુરૂષો વિગેરે રાજસ પ્રકૃત્તિથી આહાર અને વિચારમાં સરખા હોય તો તેમનું બાહ્ય દાંપત્યજીવન ઉત્તમ ગણાય છે પરંતુ તેજ જો પ્રેમથી આધ્યાત્મિક દામ્પત્યને પામે તો સર્વ શકિતને મેળવે છે. ॥ ૩૦૦ ॥

**लग्नं प्रेम विना नैव, घटते नरयोषिताम् ।**
**भूमिकां पञ्चमीं यावद्, दंपत्योर्लग्नमिष्यते ॥३०१॥**

**અર્થ**—મનુષ્યોમાં જ્યાંસુધી પ્રેમ ન હોય ત્યાંસુધી લગ્નની ઇચ્છા પુરૂષ અને સ્ત્રીઓને થતી નથીજ તેમજ તેવી લગ્નની ઇચ્છા પાંચમી ધર્મ ભૂમિકા સુધી સ્ત્રી પુરૂષો ઇચ્છે છે ॥૩૦૧॥

**વિવેચનઃ**—જગતમાં જે જે સંબંધો જોડાય છે તે તેવા પ્રકારના સ્વ સ્વભાવને અનુકુળ પરસ્પર પ્રેમીઓ વિના નથી જ બનતા. અનુકુલ સ્વભાવેજ પ્રેમ જામે છે એટલે રાજસ્‌ના રાજસ્ સાથે, તામસ્‌ના તામસ્ સાથે, સાત્વિકના સાત્વિકોસાથે પ્રેમસંબંધ જોડાય છે અને નભે પણ છે, પણ સ્વભાવની વિરૂધ્ધતા હોય તો બંધાયેલો પ્રેમ પણ તુટી જાય છે. તેવીજ રીતે સ્ત્રીઓ અને પુરુષ સાથેનો લગ્ન સંબંધો તેવા પ્રકારના પ્રેમવાલા પ્રેમીઓ પરસ્પર હોય ત્યારેજ ઘટે છે—જોડાય છે, તેથી વિરૂધ્ધતા થતાં પ્રેમ અને લગ્નસંબંધો પણ છુટે છે. આવા પ્રકારનો પ્રેમ સંબંધ અને લગ્નસંબંધ સંજ્ઞી પંચેંદ્રિયોમાં માત્ર મનુષ્યોમાંજ સંભવે છે. દેવોને પ્રેમસંબંધ પૂર્વના સંસ્કારથી સંભવે છે. નારકને પ્રેમ કરવાનો અવસર મલતોજ નથી તિર્યંચો પશુ હોવાથી તેમને વિષયભોગનો પ્રેમ અવિવેકથી યુકત હોય છે. ત્યારે મનુષ્યોને માર્ગાનુસારીભાવમાં આવવાથી સાત્વિક પ્રેમપરસ્પર થાય છે. તે સમ્યગ્દર્શન અને દેશવિરતિરૂપ ગુણની ભૂમિકા કે જે ચોથી—પાંચમી ભૂમિ કહેવાય છે ત્યાંસુધી વૈષયિક પ્રેમ સાત્વિકતાવાલો હોવા છતાં રહે છે, એટલે પ્રથમ મિથ્યાત્વગુણરૂપ માર્ગાનુસારિતારૂપ ભૂમિકામાં તામસ્ અને રાજસ્ પ્રકૃતિનો સંભવ હોય છે. બીજી ભૂમિકા સાસ્વાદાન—પૂર્વે સમ્યગ્દર્શનની ભૂમિએ ચડેલો પાછો પડતાં સાસ્વાદાનમાં આવે છે ત્યાંપણ રાજસ્ તામસ્ ભાવનો સ્ત્રી પુરૂષોને પ્રેમ અવશ્ય હોયજ છે, ત્રીજીભૂમિકા મિશ્રભાવની છે ત્યાંપણ રાજસ્ સામત અને સાત્વિકના ગુણનો સંભવ સ્ત્રી અને પુરૂષોને હોયજ છે તેથી ત્યાંપણ પ્રેમ

૨૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંબંધ ત્રણે પ્રકારે ઘટે છે તેમજ ચોથાગુણસ્થાનકમાં પણ કાયિક તેમજ માનસિક શુદ્ધપ્રેમ હોયજ છે, તથા પાંચમી ભૂમિકા કે દેશવિરતિ ભાવવાલી છે ત્યાં સમ્યક્ત્વથી યુક્ત ભવ્યાત્મા શ્રાવકના બારવ્રત–અહિંસા, સત્યવ્રત, અચૌર્ય, બ્રહ્મચર્ય, પરિગ્રહનો ત્યાગ વિગેરે અંશથી કરે છે તેઓ સ્વદારા સંતોષ અને પરસ્ત્રીના ત્યાગરૂપ બ્રહ્મચર્યવ્રત અંગીકાર કરે છે. ત્યાંસુધી સ્ત્રી–પુરૂષને સાત્વિક શુદ્ધપ્રેમની અવસ્થિતિ રહે છે ॥૩૦૧॥

**रोगदोषाद्यभावेन, पक्ववीर्यादितस्तथा ।**
**प्रेमादिगुणयोगेन, लग्नं हि नरयोषिताम् ॥३०२॥**

**અર્થ**:—સ્ત્રી અને પુરૂષોના શરીરમાં રોગાદિનો અભાવ હોય તેમજ યોગ્ય ઉંમર થયે છતે વીર્ય શક્તિઆદિ તેમજ ધારણ શક્તિ પરિપૂર્ણ પકવ થઈ હોય તેમજ પરસ્પર પ્રેમ અને બીજા ગુણોની સમાનતા હોય તો લગ્ન કરવાની યોગ્યતા જાણવી ॥૩૦૨॥

**धर्मदेशप्रगत्यर्थ–मित्थं लग्नं समानकम् ।**
**कल्पते नरनारीणां, धर्मप्रेमविधायकम् ॥३०३॥**

**અર્થ**:—આવા પ્રકારના પ્રેમયુક્ત લગ્ન ધર્મ, અને દેશની ઉન્નતિમાટે થાય છે. તેથી સ્ત્રી અને પુરૂષની જાતિ, જ્ઞાતિ, સ્વભાવ પ્રકૃતિ વય અને જ્ઞાનની સમાનતા કલ્પવામાં આવી છે તે ધર્મપ્રેમની સ્થાપના જગતમાં કરે છે ॥૩૦૩॥

**दुष्टविक्रयलग्नेन, पुरुषाणां च योषिताम् ।**
**धर्मसंघबलादीनां, नाशः स्यान्नैव संशयः ॥३०४॥**

અર્થ:—પુરૂષોના તથા સ્ત્રીઓના લગ્ન માટે જે વરવહુના પક્ષ દુષ્ટભાવથી પૈસા ધન લઈને આપ લે કરે છે, તો તેથી ધર્મસંઘ અને બળ આદિનો નાશ થાય છે તેમાં જરાપણ શંકા નથી. ॥ ૩૦૪ ॥

**વિવેચન**:—જે દેશમાં અગર જે ક્ષેત્રમાં લોકો દ્રવ્ય, પૈસા કે આભૂષણોના લોભથી પોતાની વહાલી પુત્રીને વરવાલા પાસેથી ધન લઈને કન્યા આપે છે, ત્યારે કેટલાક ઉંચકુલના નબીરા ગણાતા લોકો પોતાના પુત્રને કન્યાવાળા જો અમુક રકમ પૈસા આભૂષણો આપે તો તે કન્યાના લગ્નનો સ્વીકાર કરે છે. આવા અધમ અને દુષ્ટ વ્યાપારથી સ્ત્રી અને પુરૂષને કોઈ કારણયોગે વિખવાદ પણ થાય છે, સાચો હૃદયનો પ્રેમ પરસ્પર જામતો નથી તેમજ વરકન્યાના પક્ષકારો પરસ્પર વેર, ઝેર અને તિરસ્કારવાળા થાય છે, તેથી આત્મધર્મ અને વ્યવહારની હાની થાય છે. સંઘબળની હાનિ થાય છે, તેથી સંઘનું બળ નષ્ટ થતાં ધર્મબળનો નાશ થાય છે, તેમાં જરા પણ સંશય નથી. ॥ ૩૦૪ ॥

**लग्नमावश्यकं ज्ञेयं, प्रजोत्पत्त्यादिहेतुभिः ।**
**अन्यथा देहलग्नं तु, कल्पते नैव देहिनाम् ॥३०५॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ:—પ્રજાની ઉત્પત્તિ માટેજ લગ્નની આવશ્યકતા હોઈ શકે છે તે વિના દેહના લગ્ન કરવા તે મનુષ્યોને યોગ્ય નથી. ॥ ૩૦૫ ॥

**कल्पते प्रेमिलोकाना–मात्मलग्नं परस्परम् ।**
**देहभोगो न तत्रास्ति, सद्गुणानां प्रचारता ॥३०६॥**

**અર્થ**:—જ્યાં પ્રેમિલોકોના આત્માઓ પરસ્પર આત્મપ્રેમ–ભાવરૂપ લગ્ન કરે છે ત્યાં દેહનો ભોગ નથી હોતો ત્યાં સદ્ગુણોનો પ્રચાર માત્ર હોય છે. ॥ ૩૦૬ ॥

**आत्मप्रेमैव लग्नाय, कल्पते नरयोषिताम् ।**
**आत्मलग्नं तु सर्वेषां, कल्पते प्रेमदेहिनाम् ॥३०७॥**

**અર્થ**—આત્માનો જે પ્રેમ છે તેજ સ્ત્રી અને પુરૂષોના લગ્નમાં મુખ્ય કારણ મનાય છે તેથી જે પ્રેમી આત્માઓ છે તેઓ સર્વને આત્મભાવવાળા લગ્નો હોયજ છે. ॥ ૩૦૭ ॥

**देवलग्नं गुरोर्लग्नं, शुद्धप्रेम्णा प्रकल्पते ।**
**भक्तानां नरनारीणां, मुक्तये धर्मभावतः ॥३०८॥**

**અર્થ**:—દેવ સાથે તથા ગુરૂઓ સાથે શુદ્ધ પ્રેમવડે લગ્ન કરવાં સર્વ જાતિ, જ્ઞાતિ-વર્ણ કુળવાળા સ્ત્રીઓ અને પુરૂષોને અવશ્ય કલ્પે છે કારણ કે તેવાં લગ્નો જે સ્ત્રીઓ હોય કે પુરૂષો હોય તેઓની મુક્તિમાટે ધર્મભાવથી થાય છે. ॥ ૩૦૮ ॥

**વિવેચન**:—લોકમાં શ્રીમતી મીરાં દેવીએ શ્રીકૃષ્ણદેવ સાથે આત્મસમર્પણ ભાવનારૂપ લગ્ન કર્યાં હતાં. તેથી શુદ્ધપ્રેમયોગથી કુભરાણાએ આપેલ ઝેરના પ્યાલા પીતાં અમૃત ઓ-ડકાર તેમને આવ્યા હતા. તેવીરીતે જો શુદ્ધ નિર્વિકલ્પપ્રેમથી આત્માને પરમાત્મદેવને સમર્પણ કરતાં તે દેવને આત્માના સ્વામિરૂપે સ્વીકાર કરતાં ભવ્યાત્માઓ પરમાત્મભાવને પામે છે કહ્યું છે કે " **राजुल नारी रे सारी मति धरी, अवलंब्या अरिहंतो जी । उत्तम संगेरे उत्तमता वधे, साथे आनंद अनंतोजी ॥** જેવી રીતે રાજીમતિએ નિર્વિકારી શુદ્ધબુદ્ધિ વડે અરિહંત શ્રી નેમિનાથનું અવલંબન કરીને દેહના લગ્નનો ત્યાગ કરી આત્મભાવ સમર્પણ રૂપ આત્મપ્રેમ રૂપ લગ્ન કર્યાં, તેથી તેવા પુરૂષોત્તમની સંગત કરવાથી રાજેમતિ પૂર્ણ શુદ્ધતામય કેવલીત્વદશાને પામી અને અનંત પરમાનંદની પ્રાપ્તિ કરી. આવા લગ્નને દેવલગ્ન જાણવા. ગુરૂને શિષ્યો આત્મ સમર્પણ કરે તે ગુરૂલગ્ન કહેવાય. આ લગ્ન ધર્મના સાચા પ્રેમ વિના નથી બનતાં. જે શિષ્ય મન, વચન કાયાનો સંકલ્પ વિકલ્પ છોડીને ગુરૂ-વચન શિરોવંદ્ય કરે તે આત્મસમર્પણ કરવા રૂપ ભાવથી ગુરૂલગ્ન કરી શકે છે, જેમ ચંડ-રૂદ્રનામના આચાર્યદેવની પાસે નવપરણિત શિષ્યે દિક્ષા મશ્કરીમાં માગી. ગુરૂએ માથે લોચ કરી સાધુવેશ આપ્યો. શિષ્યે મુખથી જે બોલ્યા તે અવશ્ય સિદ્ધ કરવું તે યોગ્ય છે, માટે હવે સત્યભાવે ગુરૂને આત્મસમર્પણ કરી સંસારસંબંધ તોડવો એમ નિશ્ચય કરીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુરૂને વિનંતિ કરી કે 'મારા કુટુંબીઓ આપને હેરાન ન કરે માટે અહિંથી આપ વિહાર કરો.' શિષ્યના ખભા ઉપર ગુરૂને બેસાડીને રાત્રિ આખી ચાલ્યો. રસ્તાના ખાડાખૈયાથી અથડાવાથી ગુરૂએ ક્રોધથી શિષ્યના માથા ઉપર દંડનો ઘા કર્યો તો પણ શિષ્યે ગુરૂ ઉપર અપ્રીતિ ન કરતાં આત્મસમર્પણ ભાવથી સહન કર્યું અને આત્મતત્વનું ચિંતવન કરતાં કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું. આમ ગુરૂ ઉપર પૂજ્ય પૂજકભાવે આત્મસમર્પણ રૂપ લગ્ન તે ગુરૂ લગ્ન છે. ॥૩૦૮॥

**समाख्यं शुद्धचारित्रं, धर्मलग्नं मनीषिणाम् ।**
**मोक्षार्थं जायते नूनं, शुद्धप्रेमनिवासिनाम् ॥३०९॥**

**અર્થ**:—ડાહ્યા મનુષ્યોને તો શુદ્ધચારિત્ર રૂપ ધર્મ લગ્ન કરવા તેજ યોગ્ય છે કે જે લગ્ન શુદ્ધપ્રેમમાં વસનારા ભવ્યાત્માઓને નિશ્ચયથી મોક્ષની પ્રાપ્તિ માટે જ થાય છે તેમ કહેલું છે. ॥ ૩૦૯ ॥

## પ્રેમ વૃદ્ધિ અને પ્રેમ આશીર્વાદ.

**ॐ ह्रीँ श्रीँ क्लीँ परप्रेम, प्रियेषु मम वर्धताम् ।**
**वैरिणामुपरि प्रेम, वर्धतां मम शक्तितः ॥३१०॥**

**અર્થ**:—મારો ॐ ह्रीँ श्रीँ क्लीँ રૂપ સત્ય શ્રેષ્ઠપ્રેમ સર્વ પ્રિયજનો ઉપર વધતો જાય તેમજ મારી આત્મભાવની શકિત વડે સર્વ વૈરી લોક ઉપર પણ શુદ્ધ પ્રેમ વધતો જાય. ॥ ૩૧૦ ॥

**વિવેચન**—ॐ મંત્રરૂપ પ્રેમ પરમેષ્ઠિમય પ્રેમ સમજવો, હ્રીઁ મંત્રરૂપ પ્રેમ સર્વ તીર્થંકરના ભાવમય સમજવો, શ્રીઁ મંત્રરૂપ પ્રેમ લક્ષ્મીરૂપ સમજવો અને ક્લીઁ મંત્રરૂપ પ્રેમ સર્વ વિઘ્નહર શુદ્ધપ્રેમ સમજવો. આ સર્વ પ્રેમ સર્વ જીવો ઉપર જામો.

**वर्धतां मम मित्रेषु, शत्रुषु प्रेम वेगतः ।**
**सर्वदेशेषु खंडेषु, शुद्धप्रेम प्रवर्धताम् ॥३११॥**

**અર્થ**:—મારા જે મિત્રો છે તેમજ શત્રુઓ છે માધ્યસ્થ્ય ભાવવાલા લોકો છે તે ઉપર મારો પ્રેમ વેગપૂર્વક વધતો જાવ. સર્વ ખંડમાં જે લોકો રહેલા છે તે ઉપર પણ પ્રેમ વધો ॥૩૧૧॥

**शुद्धप्रेम्णा परा शान्ति-र्भूयात् सर्वत्र सात्विकी ।**
**द्रव्येष्वपि परप्रेम, वर्धतां मम भावतः ॥३१२॥**

**અર્થ**:—શુદ્ધપ્રેમથી આત્મા સર્વ જગ્યાંએ સાત્વિક ભાવવાલી શ્રેષ્ઠ શાંતિને પામે છે. તેમજ જડ પદાર્થો જે દૃષ્યરૂપે નજરે પડે છે તેઓ ઉપર પણ શ્રેષ્ઠ પ્રેમ મારો ભાવપૂર્વક નિરંતર વધો ॥૩૧૨॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**परप्रेममयं विश्वं, भूयात् संकल्पशक्तितः ।**
**प्रादुर्भवतु सत्प्रेम, मयि सर्वेषु सर्वथा ॥३१३॥**

**અર્થ:**—મારી સંકલ્પ શકિતથી આખું જગત શ્રેષ્ઠ પ્રેમમય થાવ, મારામાં સર્વ જગતના સર્વ ચેતન અચેતન પદાર્થો પ્રત્યે સત્યપ્રેમ પ્રગટ થાવ ॥૩૧૩॥

**વિવેચન:**—પરસ્પરના વૈર વિરોધભાવ નષ્ટ થાવ. તેવા પ્રકારનો પરમશ્રેષ્ઠ શુદ્ધપ્રેમ સર્વ જગતના સર્વ પ્રાણિઓ અને જડ પદાર્થો પ્રત્યે સર્વથા સર્વકાલ સ્થાયિ રહે તેવો મારા અંતરમાં અને વ્યવહારમાં પ્રગટ થાવ. **शत्रौ मित्रौ तृणे स्त्रैणे स्वर्णेऽश्मनि मणौ मृदि। मोक्षे भवे भविष्यामि निर्विशेषमतिः कदा ॥१॥** અર્થ–કયારે મારામાં જગતમાં માનેલા શત્રુઓ ઉપર અને મિત્રો ઉપર સરખો પ્રેમભાવ પ્રગટ થશે. તૃણ–કાંટા જેનો સ્પર્શ અનિષ્ટ લાગે છે તેવા પદાર્થો અને જેનો સ્પર્શ આનંદ ઉપજાવે છે, જેના દર્શનથી ઇંદ્રિયો ઉન્માદ અનુભવે છે તેવા ઇષ્ટ ભોગો, સ્ત્રી, શય્યા વિગેરે ઉપર કયારે સમાનતા આવશે? અને અનિષ્ટ પદાર્થોમાં રતિ અરતિનો અભાવ થવારૂપ સમભાવ કયારે પ્રગટ થશે? કયારે સુવર્ણ અને પથ્થરમાં સમાનતા લાગશે? મણિ અને માટીના ઢેફાને સમાનભાવે કયારે જોવાશે? મોક્ષ કે જે અનંતસુખના ધામમય છે અને સંસાર જે અનંત દુઃખના સ્થાનરૂપે છે તે બન્નેમાં સમભાવ કયારે અનુભવાશે? આત્મ અનુકુલ પદાર્થોમાં વિશેષતા વિના સામાન્યભાવે સમાનતા જોવાય તેવી બુદ્ધિ મને કયારે પ્રગટ થશે? સર્વ પદાર્થોમાં સમાનભાવે શુદ્ધપ્રેમ યુકત મૈત્રી ભાવમય દૃષ્ટિ મને સર્વથા સર્વકાલ માટે જલદી પ્રગટ થાવ? જેથી ઇષ્ટ અને અનિષ્ટતા રૂપ સંકલ્પ વિકલ્પરૂપ જાલથી મુકત સ્વસ્વભાવમાં હું આવું અને પરમાત્માનો વીતરાગભાવ મને પ્રગટે. ॥૩૧૩॥

**शुद्धप्रेमसमावेग–दृढसंकल्पभावनाः ।**
**जनोपरि प्रकुर्वन्तः, कुर्वन्ति प्रेमिणो जनान् ॥३१४॥**

**અર્થ:**—શુદ્ધપ્રેમનું સારી રીતે આગમન થવાથી તે વિષયમાં દૃઢ સંકલ્પ યુકત ભાવના પ્રગટ થાય છે, તેવો પ્રેમ સર્વ માણસો ઉપર સર્વ પ્રેમિજનો કરે છે અને તમે સર્વે તેમ કરો ॥૩૧૪॥

**नृणां शीर्षोपरि प्रेम–मंत्रजापकयोगिनः ।**
**वशीकुर्वन्ति सत्प्रेम्णा, सर्वलोकान् विवेकतः ॥३१५॥**

**અર્થ:**—સર્વ મનુષ્યોના માથા ઉપર પ્રેમ મંત્રનો જાપ કરનારા યોગિઓ સર્વ જગતના લોકોને પ્રેમથી વિવેકપૂર્વક પોતાને વશ કરે છે ॥૩૧૫॥

**मदीयप्रेमदार्ढ्येन, मद्रूपाः सन्तु देहिनः ।**
**दूरं यातु महावैरो–मत्तश्च सर्वविश्वतः ॥३१६॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**—મારા સાચાપ્રેમની દૃઢતાવડે સર્વ પ્રાણિગણો મારાસમાન સ્વરૂપવાલા થાવ, તેમજ તેમના અંતરમાં રહેલો મહાન વૈરભાવ અને ઉન્માદભાવ વિશ્વમાંથી સર્વથા દૂર ચાલ્યો જાવ. ॥૩૧૬॥

**વિવેચનઃ**—જગતના સર્વ સ્થાવરજંગમ પ્રાણિગણો કર્મયોગથી સંસારમાં જન્મમરણ કરતા આધિવ્યાધિ અને ઉપાધિથી પીડા પામે છે. તે પીડાથી બધા જલદી એકદમ મુક્ત થાવ ? અને સત્તાએ મારા આત્મગુણ સ્વભાવ સમાન તેઓ પણ છે તેથી મારા સમાન આનંદ સ્વરૂપમાં રમનારા પ્રગટભાવે થાવ. તેમના દોષો, પાપો, રાગ–દ્વેષ, વૈર, વિરોધ, ઝેર, વેર, કુવાસનારૂપ અવગુણો ચારે બાજુથી સમૂલ દૂર થાવ, તેમના સર્વે પાપો ક્ષય થાવ? **शिवमस्तु सर्व जगतः परहितनिरता भवन्तु भूतगणाः ॥ दोषाः प्रयान्तु नाशं, सर्वत्र सुखीभवन्तु लोकाः॥१॥** સર્વ જગતના પ્રાણિઓનું સર્વ પ્રકારે શિવ–કલ્યાણ થાવ, સર્વ પ્રાણિરૂપ ભૂતગણો સર્વ સ્વપરના હિતમય કાર્ય કરનારા પરોપકાર કરનારા થાવ, તેઓના સર્વ દોષો સર્વ દુઃખો સર્વથા નાશ પામો સર્વ જીવલોકો સર્વથા પૂર્ણ સુખી થાવ. તેવી ભાવના પૂર્ણ પ્રેમ યોગીઓને સર્વદા નિરંતર વર્તેજ છે ॥૩૧૬॥

**शुद्धप्रेम विना जीवः, पशुरेव न संशयः ।**
**शुद्धप्रेमात्मनां नृणां, देवत्वं परिकथ्यते ॥३१७॥**

**અર્થઃ**—જે જીવાત્મામાં શુદ્ધપ્રેમ નથી પ્રગટયો તેઓને પશુજ કહેવાય તેમાં જરા પણ સંશય નથી. જે આત્મામાં શુદ્ધપ્રેમ આત્મસ્વરૂપે પ્રગટ થયો છે તે આત્માઓને દેવ પણું પ્રાપ્ત થયું છે એમ અવશ્ય સમજવું. ॥૩૧૭॥

**प्रेम्णा सर्वात्मनामेको–विश्वात्मा परमेश्वरः ।**
**आत्माऽद्वैतस्वरूपेण, कथ्यते नययुक्तितः ॥३१८॥**

**અર્થઃ**—પ્રેમથી સર્વ આત્માનું એકાત્મક રૂપે દેખાય છે સર્વ વિશ્વના આત્માનું જે એકત્વ તે રૂપ જે પ્રેમ તે પરમેશ્વર સમજવા, આવું આત્માનું અદ્વૈતસ્વરૂપ જ્ઞાનની નય યુકિતથી ઘટે છે તેમ જ્ઞાનીઓ કહે છે. ॥ ૩૧૮ ॥

**વવેચનઃ**—જ્યારે જગતમાં સર્વ આત્માઓ પરસ્પર સત્ય પ્રેમવડે એક બીજાને સ્નેહભાવથી જોવાને તૈયાર થાય છે ત્યારે તેવા શુદ્ધ સત્યપ્રેમથી સર્વ આત્માઓને એક આત્મારૂપે એટલે **"एक प्रेमात्मा"** કહેવાય છે તેમજ સર્વ વિશ્વાત્માઓનું પ્રેમથી એકત્વ બને તે પ્રેમધર્મ રૂપ સ્વભાવવડે વિશ્વાત્માનું જે એકત્વ તેજ પ્રેમરૂપ પરમેશ્વર સમજવો, તેવીજ રીતે સર્વ આત્માનું જે એકત્વભાવે જોવું તે પ્રેમાત્માડદ્વૈત પરબ્રહ્માદ્વૈત કહેવાય છે. વિચારતાં એકત્વનો પણ બોધ થાય છે જેમકે બાજરીના એક મણમાં વ્યકિત ગણના કરતાં કરોડની સંખ્યા ગણાય પણ સંગ્રહની અપેક્ષાએ એક માત્ર બાજરી લાવ્યા છીએ તેમ લોકો કહે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. તેવીજ રીતે અનંત આત્માઓમાં સ્વભાવ ગુણની સમાનતા હોવાથી " **एगे आया** " એક આત્મા છે તેમ કહેવાય છે તેમજ સર્વ આત્મા પ્રત્યે પ્રેમસ્વરૂપે વિચારતાં આત્માનું અદ્વૈત તે સંગ્રહનયની સમાનભાવવળી યુક્તિથી કહેવાય છે. ॥ ૩૧૮ ॥

### અદ્વૈત પ્રેમમાં રહેવાને વિકલ્પ નથી હોતા.

**सत्यद्वैतमपि व्यक्त–मात्माऽद्वैते लयं व्रजेत् ।**
**ज्ञाने ज्ञेयस्य भास्यत्वमात्माद्वैतमनादिकम् ॥३१९॥**

**અર્થ:**—આત્મા અને પરમાત્માનું દ્વૈતભાવપણું વ્યકત હોવા છતાં જ્ઞાનમાં જ્ઞેયનું દેખાવાપણું રહેલું છે તેના વડે આત્મા અદ્વૈતમાં લય થાય છે આમ દ્વૈતભાવ અનાદિનો પરસ્પર રહેલો છે ॥૩૧૯॥

### દ્વૈતભાવ અનાદિનો છે

**सोऽहं नैवभवेत् साऽह–मद्वैतप्रेम्णि संस्थिते ।**
**जन्ममृत्युर्जरानैव, निर्विकल्पकयोगिनाम् ॥३२०॥**

**અર્થ:**—નિર્વિકલ્પ દશાવાળા પ્રેમયોગીઓને તે જે પરમાત્મા છે તેજ હું છું એવો સોહંભાવ પ્રેમયોગમાં સદા અનુભવાતો હોય જન્મજરામૃત્યુનો અભાવ અનુભવાતો હોય તેને તે અને હું એક કે જુદા હોય તેનો વિકલ્પ નથી આવતો. ॥ ૩૨૦ ॥

### વિકલ્પપ્રેમ.

**साऽहं साऽहं भवेत् सोऽहं, भवेत् तत्त्वमसि स्वयम् ।**
**त्वमेवाऽहं विकल्पेन, विकल्पप्रेम जायते ॥३२१॥**

**અર્થ:**—'તે હું છુ, તે હું છુ' તેવા જાપથી સોહં તે પરમતત્વ હુંજ છું એમ સિદ્ધ થાય છે, આવીરીતે તુંજ તે પરમતત્વરૂપ છે, એમ સ્વયંબોધ થાય છે, તું તેજ હું આવા વિકલ્પવડે આત્મપ્રેમ વિકલ્પનાવાળો થાય છે. ॥૩૨૧॥

**વિવેચન:**—આ જગતમાં સજ્ઞિપંચેંદ્રિય પ્રાણીગણ એટલે વિશેષે કરીને મનુષ્યો અને સામાન્ય કોટીના દેવો, વ્યંતર, ભૂત, પિશાચ વગેરે જેઓએ પોતાના મગજ ઉપર સંયમ નથી કર્યો તેવાઓ પોતાને જેવા થવા ઇચ્છા રાખતા હોય તેના શબ્દ જાપ કરતાં મન અને ઇંદ્રિયોને તેવા વિકલ્પથી જોડતાં તે શબ્દમાં લય થઇ જતાં પોતાને તેવા આકારે અનુભવે છે, એવું આ સભ્ય જગતમાં આપણને ઘણી વખત માણસોમાં તેવા વિકારથી પરિણત થયેલા જોવા મળે છે, તેવીજ રીતે **सोहं**=સ–તે પરમાત્મા રૂપ વ્યકિત તે જ હું છુ એટલે પરમાત્માથી જુદી વ્યકિત રૂપે હું નથી આવા પ્રકારના સંકલ્પમય જાપ કરતો પ્રેમીઆત્મા પરમાત્મામાં તદાકારભાવે લીન થઇ જાય છે ત્યાં તો 'સોહં' તે પરમાત્મા તેજ હું છુ એમ એકત્વભાવે અદ્વૈતરૂપે પોતાને માની લે છે. એટલે મનને જણાવે છે કે 'તત્વમસિ'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે પરમાત્મા તુંજ છે. તારાથી અન્ય તે નથી એવો વિકલ્પ પ્રેમી આત્મા પોતાની મેળે કરે છે. પોતાના આત્માને પરમાત્માથી અભેદ એક વ્યકિતરૂપે જુવે છે, દૃષ્ટાદૃષ્ટને એકરુપે અભેદ જાણે છે. પણ સાક્ષિરૂપે પોતાને પ્રભુથી અન્ય નથીજ માનતો, પરંતુ 'त्वं एव अहं' હે પરમાત્મા જે તમે છો તેજ હું છું. એવા પ્રેમમય અભેદભાવમય વિકલ્પવડે પ્રેમી આત્મા વિકલ્પ પ્રેમિ થાય છે. ॥૩૨૧॥

### વ્યક્તાવ્યક્ત પ્રેમ.

व्यक्ताव्यक्तं भवेत्प्रेम, व्यक्ताव्यक्तात्मभावतः ।
शुद्धप्रेमात्मचारित्रं, सत्यभक्तस्य लभ्यते ॥३२२॥

**અર્થ**—આત્મ સ્વરૂપની વ્યક્ત અવસ્થામાં પ્રેમભાવ વ્યક્ત પ્રગટે છે અને વ્યક્ત આત્મભાવમાં પ્રેમ પણ વ્યક્તજ રહે છે. એટલે શુદ્ધપ્રેમ સ્વરૂપ આત્મ ચારિત્ર સત્ય ભક્તોને પ્રાપ્ત થાયજ છે ॥૩૨૨॥

**વિવેચનઃ**—આત્મામાં સામાન્યભાવે સહજ પરિણામિકતારૂપ અવ્યક્તપ્રેમ સત્તાથી રહેલોજ છે જેમ ચૈતન્ય આત્મ સ્વરૂપ છે તેમ પ્રેમ પણ આત્માનુંજ સ્વરૂપ છે. દરેક આત્માને ઇષ્ટ સંયોગ સુખ માટેજ થાય છે, અનિષ્ટ સંયોગ દુઃખમાં હેતુ બને છે, તેથી સુખમાટે જે કારણો તે સમજે છે તે ઉપર પ્રેમભાવ રાખે છે. જો કે આ પ્રેમ અશુદ્ધ છે–માયામય છે. એટલે અનિષ્ટ સંબાધોને છોડવા અને ઇષ્ટ સંબંધોને મેળવવા પ્રયત્ન કરતો ઇષ્ટ સંબંધોની ચાહના કરે છે. તે આત્મા પરમાત્માના સ્વરૂપને મોહના ઉદયથી જાણતો ન હોવાથી તેને પ્રેમ ઇષ્ટ આનંદ હોવા છતાં પરમાત્મા પ્રત્યે અવ્યક્તભાવે પ્રેમનું અસ્તિત્વ છે. પણ વ્યક્તરૂપે નથી તે અજ્ઞાન મોહ મિથ્યાત્વનો નાશ થતાં અપૂર્વકરણ રૂપ યોગથી મોહની ગાંઠ ભેદવાથી આત્મા ઉપરના અજ્ઞાનાદિ અવરણ દૂર થતાં આત્માનું અને પરમાત્માનું જ્ઞાન પ્રગટ થતાં તેની ઉપર આદર અને પ્રેમ વ્યક્ત થાય છે. તે અપૂર્વ વ્યક્ત પ્રેમથી આત્મવીર્ય પણ પ્રગટભાવે ઉલ્લાસ પામતું છતું પ્રગટરૂપે વ્યક્ત થાય છે અને તેથી શુદ્ધ પ્રેમમય ભાવ ચારિત્ર દ્રવ્ય ચારિત્ર સાથે પ્રગટભાવે સાચા પ્રેમ યોગના પૂર્ણ ભક્તોને પ્રગટ થાય છે. ॥૩૨૨॥

प्रेमी प्रेमैव जानाति यत्र तत्र यदा तदा ।
साक्षि परस्परं चित्तं, प्रेमिणां जायते स्वतः ॥३२३॥

**અર્થઃ**—પ્રેમી જ્યાં જ્યારે હોય ત્યાં ત્યારે પ્રેમને જાણી અને જોઇ શકે છે તેમાં તે વાતમાં પ્રમાણભૂત સાક્ષી તરીકે પ્રેમીઓના ચિત્તો સ્વયં સ્વભાવથી થાય છે. ॥૩૨૩॥

शुद्धोपयोगप्रेमैव, कर्त्तव्यो भक्तयोगिभिः ।
आत्मशुद्धोपयोगस्तु शुद्धप्रेमैव बोधत ॥३२४॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ:**—પ્રેમિભક્ત યોગીઓએ શુદ્ધાત્મયોગમાં પ્રેમ અવશ્ય કરવો જોઇએ કારણ કે તે શુદ્ધ ઉપયોગથી આત્મશુદ્ધ પ્રેમને અવશ્ય સમ્યગ્બોધથી જાણી શકે છે ।।૩૨૪।।

**शुद्धप्रेमाग्निपक्कानां, मालिन्यं नैव जायते ।**
**निपातो न भवेत्तेषां, यादृक् तादृक् प्रवृत्तितः ॥३२५॥**

**અર્થ:**—જે પ્રેમિ આત્માઓ શુદ્ધ પ્રેમરૂપ અગ્નિની ભઠ્ઠીમાં પાકીને શુદ્ધ પ્રેમ-કંચનમયતાને પામેલા છે, તેઓને મલિનતા કદાપિ આવતીજ નથી. તેમજ તેઓનો સંસારમાં પાત–પતન જેવી તેવી પ્રવૃત્તિથી કદાપિ નથીજ થતો. ।।૩૨૫।।

### શુદ્ધપ્રેમ સાચું જીવન છે

**शुद्धप्रेमैव संबोध्यं, स्वात्मलालनजीवनम् ।**
**भक्तसंगेन संप्राप्यं, पूर्णानन्दस्वरूपकम् ॥३२६॥**

**અર્થ:**—જે શુદ્ધપ્રેમ છે તે જ આત્મસ્વરૂપને આનંદ કરાવનારૂં સાચું જીવન છે તેમજ પરમાત્માના સાચા પ્રેમિભક્તોનો સંસર્ગ કરવાથી પૂર્ણાનંદ સ્વરૂપને, તેવો પ્રેમ પ્રાપ્ત થાય છે. તેમ અવશ્ય સમજવું. ।।૩૨૬।।

**વિવેચન:**—પૂર્ણપ્રેમયોગીજનોજ સાચા આત્મભક્તો સમજવા. તેમનો સંસર્ગ કરવા વડે અને તેમના ચરણની ઉપાસનાથી અધ્યાત્મ સ્વરૂપ સમજાય છે અને અનુભવમાં આવે છે. તેથી આત્મા ઉપર સાચો પ્રેમ જામે છે. **भवाब्धेः पारमेत्येव, भव्यो भव्यत्वभावतः अहं भव्योऽथवाऽभव्यो, भव्यस्यैतादृशी मतिः ॥१॥** અર્થ–જો હું સાચો ભવ્ય સ્વભાવવાલો એટલે સુંદર સ્વભાવનો હોઇશ તો કોઇપણ કાળે આ સંસારસમુદ્રનો પાર પામવામાં સમર્થ થઇશ પણ હું ભવ્ય સ્વભાવનો છું કે અભવ્ય સ્વભાવનો છું આવો તર્કરૂપ ઉહા ભવ્યાત્માને આત્મપ્રેમ યોગેજ ઉઠે છે. પણ અભવ્યને તેવા આત્મપ્રેમનો અભાવ હોવાથી આવી ભાવના ઉઠતીજ નથી. ।।૩૨૬।।

### દેહાધ્યાસના વિસ્મરણવિના શુદ્ધપ્રેમ થતો નથી

**शुद्धप्रेम न संप्राप्यं, देहाध्यासविस्मृतिं विना ।**
**नामरूपादिमोहस्य, नाशेन लभ्यते जनैः ॥३२७॥**

**અર્થ:**—દેહાધ્યાસ–દેહની મમતાનું વિસર્જન કર્યાવિના શુદ્ધપ્રેમની પ્રાપ્તિ નથીજ સંભવતી, તેમજ નામરૂપ આદિનો મોહ નાશ થવાથી મનુષ્યોને અંતરાત્મભાવે શુદ્ધપ્રેમ પ્રાપ્ત થાય છે. ।।૩૨૭।।

### પ્રેમી આત્મા સર્વ કાર્યો કર્યા છતાં લેપાતો નથી.

**संत्यक्तसर्वसंकल्पो, देहाध्यासविवर्जितः ।**
**सर्वकर्माणि कुर्वन्सन्, प्रेमात्मा नैव लिप्यते ॥३२८॥**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ:**—દેહાધ્યાસથી રહિત થયેલ પ્રેમાત્માને સંકલ્પ વિકલ્પનો પણ ત્યાગજ થાય છે. આવો પ્રેમયોગી સર્વ કર્મને કરવા છતાં પણ કર્મથી લેપાતો નથી. ॥૩૨૮॥

**વિવેચનઃ**—પ્રેમયોગીઓ દેહાધ્યાસના સર્વથા ત્યાગીજ હોય છે, તેઓને શરીર, ઇંદ્રિય અને મન ઉપર હું અને મારૂં વિગેરે પ્રાચીન સંસ્કારનો ત્યાગ થયેલજ હોય છે, પુદ્દગલ ભોગની લાલચ મનમાં જરા છાયારૂપે પણ નથી રહેતી. તેથી ધન માલ મિલકતનું શું થશે? સ્ત્રી કુટુંબનું શું થશે અથવા શિષ્ય પરિવારનું શું કરવું? તેવા ચિંતામય સંકલ્પ વિકલ્પનો પણ સંપૂર્ણ ત્યાગ થયેલ હોવાથી ભય શોક હાસ્ય રતિ અરતિ તે પ્રેમ-યોગીઓને નથીજ હોતી. તેના યોગે શરીર સંબંધી, પૂજ્યો કે જે ગુરૂજનો હોય તેમના માટે, તથા બાલ મુર્ખાદિકો આપણા આશ્રયે રહ્યા હોય તેના હિત માટે જે જે કર્તવ્યો કરવા પડે તેવા હોય તે કરતા છતાં પણ શુદ્ધ પ્રેમયોગીંદ્રો લેપાતા નથી. કહ્યું છે કેઃ—

**योगयुक्तो विशुद्धात्मा, विजितात्मा जितेंद्रियः ॥ सर्वभूतात्मभूतात्मा कूर्वन्नपि न लिप्यते ॥**

અર્થઃ—જે પ્રેમયોગથી યુકત અને વિશુદ્ધ થયેલું છે આત્મસ્વરૂપ જેનું તેવો વિજિતાત્મા વિશેષ પ્રકારે આત્મને સંયમમાં રાખનારો તથા ઇંદ્રિય અને મનની ચંચલતાને જિતનારો પ્રેમયોગી આત્મા સર્વ જગતના જીવાત્માઓને પ્રેમથી પોતાની સમાન જાણનારો હોય છે. તેમજ પરમાત્માના સ્વરૂપને ધ્યાનયોગથી આત્મસ્વરૂપે અભેદ કરનારો પ્રેમયોગવાલો યોગી સંસારમાં શરીરવંત હોવાથી દેહનાં તથાં સંબંધીના કાર્યોને કરતા છતાં પાપ કર્મથી લેપાતો નથી. ॥૪૨૮॥

## શુદ્ધપ્રેમી કોને કહેવો ?

**यदा कर्मस्वनासक्त–इन्द्रियार्थेषु सर्वथा ।**
**अहं ममत्वसंत्यागी, शुद्धप्रेमी तदोच्यते ॥३२९॥**

**અર્થઃ**—જ્યારે આત્મા ઇંદ્રિય વિષયોમાં તથા અર્થ આદિ વિષયમાં થતા કર્મ (ક્રિયામાં) આસકત ન હોય ત્યારે 'અહં મમ' 'હું અને મારૂં' એવા વિકલ્પને છોડનારો આત્મા શુદ્ધપ્રેમી કહેવાય છે. ॥૩૨૯॥

**વિવેચનઃ**—પ્રેમયોગી ઇંદ્રિયભોગ કર્મમાં, અર્થાર્જન કર્મમાં આસકિત ધરતોજ નથી તેમજ હું રાજા શેઠ એવા અહંકાર ભાવનાનો ત્યાગ કરે છે, તેમજ આ બધા અર્થ ધન જમીન, બંગલા, બાગ, રાજ્ય, સ્ત્રીકુટુંબ ભાવને પણ સમ્યગ્ રીતે ત્યાગીને શુદ્ધાત્મભાવે સહજાનંદમાં રમનારો હોય છે તેજ સાચો–શુદ્ધ પ્રેમયોગી કહેવાય છે. ॥૩૨૯॥

## કર્તવ્યમાં અધિકારી પ્રેમી છે

**कर्त्तव्येष्वधिकारोऽस्ति, प्रेमात्मनां स्वभावतः ।**
**अप्रेमात्मा न निर्लेपो–भवत्येव मभोर्मतः ॥३३०॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થઃ**—જે શુદ્ધ પ્રેમવાલો આત્મા છે તેને તો સ્વભાવથીજ તેવા તેવા કાર્યો કરવાનો અધિકાર પ્રાપ્ત થયેલોજ છે, પણ જે આત્મા પ્રેમવાલો નથી તે નિર્લેપ ન હોવાથી તેવા કાર્યોમાં અધિકારી નથી એમ પરમાત્મા મહાવીરદેવનો ઉપદેશ છે. ॥૩૩૦॥

## પ્રેમથી કર્ત્તવ્યમાં સામર્થ્ય ઉત્પન્ન થાય છે.

**प्रेमतः सर्वकर्त्तव्य–सामर्थ्यं जायते हृदि ।**
**अनन्तवीर्यसद्रूपं, प्रेमकर्मकरं मतम् ॥३३१॥**

**અર્થઃ**—આત્માઓમાં સાચાપ્રેમના બળથી સર્વ કાર્યો કરવાનું હૃદયમાં સામર્થ્ય પ્રગટ થાય છે. તેથી આત્મા અનંતવીર્ય અને સત્યસ્વરૂપ છે તેમજ પ્રેમકર્મને કરનારો છે. તેવો શાસ્ત્રોનો મત છે. ॥૩૩૧॥

**વિવેચનઃ**—આત્મામાં સહજભાવે ચૈતન્ય સ્વભાવરૂપ જ્ઞાનાદિગુણો પ્રેમાદિપરિણામો શાશ્વતા વર્તે છે, તે આત્મામાં તાદાત્મ્યભાવે ગુણપર્યાયો પરિણમી રહ્યા છે, કહ્યું છે કેઃ—

**"नाणं च दंसणं चेव चरित्तं च तवो तहा वीरियं उवओगो अ एअं जीवस्स लक्खणं ॥१॥**

અર્થઃ-જ્ઞાન-વસ્તુને વિશેષરૂપે જાણવાની શકિત, દર્શન-વસ્તુનો સામાન્ય બોધ કરવાની શકિત, ચારિત્ર-તત્વસ્વરૂપને પ્રાપ્ત કરવા માટે સત્પ્રવૃતિ, તપ-કર્મ દહન કરવાની શકિત, વીર્ય-આત્માને સ્વરૂપ પ્રાપ્ત થવાનું સહજ સામર્થ્ય અને ઉપયોગ-તત્વ માટે ધ્યાન કરવું તત્વની ગવેસણા માટે મિમાંસા કરવી તે ઉપયોગ, આ સર્વ આત્મામાં ગુણો બહારથી કે કોઈની કૃપાથી મળતા નથી પણ આત્માના સહજ સ્વરૂપ છે. તેમાં દર્શનરૂપ અથવા તત્વ-રૂચિરૂપ જે પ્રેમ છે તે પ્રેમનો જેને પ્રગટભાવ થયો છે તે આત્મા હૃદયમાં પ્રેમમય સામર્થ્યના બલથી સર્વ સંસારનો વિનાશ કરી પરમશુદ્ધ બને છે.

આત્મા સદ્રૂપ પ્રેમમય શ્રદ્ધાથી ભાવચારિત્રમાં રમણ કરતાં પરમાનંદનો ભોકતા બને છે, જગતમાં સર્વ પ્રાણિઓને પ્રેમથી મોક્ષમાર્ગમાં પ્રયાણ કરે-કરાવે છે. આવો મત પરમાત્મા વીતરાગ સર્વજ્ઞ ભગવંતોનો છે, એટલે પ્રેમ કરનારો પ્રેમયોગી આત્મસ્વરૂપને પ્રગટ કરે છે. તેમ સર્વ સંસારીઓને પણ મોક્ષમાર્ગમાં ગમન કરાવીને તેઓને સાચા સ્વરૂપના દર્શન કરાવવામાં અનંતુ સામર્થ્ય ધરાવે છે. ॥૩૧૧॥

## પ્રેમયજ્ઞ સર્વ યજ્ઞમય છે

**सर्वयज्ञस्वरूपोऽस्ति, प्रेमयज्ञः सतां मतः ।**
**प्रेमयज्ञे निमग्नाना–मन्ययज्ञो न विद्यते ॥३३२॥**

**અર્થઃ**—સર્વયજ્ઞસ્વરૂપ પ્રેમયજ્ઞ છે એમ સંતપુરુષોનો મત છે તેથી જણાવે છે કે જે યોગી પ્રેમયજ્ઞ ક્રિયામાં મગ્ન થાય છે તેઓ સર્વ વાંચ્છિત પ્રાપ્ત કરે છે તેથી તેઓને અન્ય યજ્ઞો કરવાના નથી જ હોતા. ॥૨૩૨॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વિવેચનઃ**—આત્મા સ્વકલ્યાણ માટે અનેક યજ્ઞો કરે છે. તેમાં અજ્ઞાનીઓ પશુ પક્ષી મનુષ્યાદિના પણ યજ્ઞો કરે છે. "**स्वर्गकामो यजेत्**" સ્વર્ગની ઇચ્છાવાળાયે યજ્ઞો કરવો જોઈએ એમ જૈમિનિ ઋષિ કહે છે, એટલે સ્વર્ગના ભોગની લાલચથી યજ્ઞ કરાય છે પણ વસ્તુ સ્વરૂપ વિચારતાં પુણ્યથીજ સ્વર્ગની પ્રાપ્તિ થાય તેવો સંભવ છે. યજ્ઞો હિંસામય હોવાથી માત્ર પાપનાજ કારણ થાય છે, જૈમિની ઋષિ કહે છે કે, "**यज्ञार्थं पशवः सृष्टाः स्वयमेव स्वयंभूवा । यज्ञोऽस्य भूत्ये, सर्वस्य तस्माद् यज्ञे वधोऽवधः ॥** અર્થઃ–સ્વયંભૂ ભગવંતે પોતાની મેળેજ યજ્ઞ માટે પશુઓની સૃષ્ટિ રચી છે, માટે આપણા સર્વના કલ્યાણ માટે યજ્ઞ કરવો. જો કે તેમાં પશુ આદિ જીવોનો વધ તો થાય છે પણ પશુઓ પોતાનો વધ થતાં સ્વર્ગમાં પહોંચી જાય છે. તેથી તે વધ અહિંસા કહેવાય છે. આવું તે કહે છે તેનો યોગ્ય વિચાર નહિ કરનારા મૂર્ખજનો સ્વર્ગની ઇચ્છા પોનાની આબાદિની ઇચ્છા મનમાં રાખીને ગોમેધ, અશ્વમેધ, નરમેધ વિગેરે યજ્ઞો કરે છે. પણ તેવી ક્રિયાથી એકાંત હિંસા થવાથી ભયંકર પાપને પ્રાપ્ત કરી તેઓને નરક કે તિર્યગ્યોનિમાં અવતરવું પડે છે, તો યજ્ઞથી લાભ ઈચ્છનારે કેવો યજ્ઞ કરવો તે જણાવે છે, "**यः कर्म हुतवान् दीप्ते ब्रह्माग्नौ ध्यानधाय्यया । स निश्चितेन योगेन नियागप्रतिपत्तिमान् ॥** જે બ્રહ્મયોગી જવાજ્વલ્યમાન બ્રહ્માગ્નિ એટલે આત્મસ્વરૂપ અગ્નિમાં અજ્ઞાન મોહ, મિથ્યાત્વ, કામ, ક્રોધ, માન, ઈર્ષા, ઝેર, વેર રૂપ અશુભ કર્મના હેતુઓ રૂપ સમિધો–લાકડાઓનો પ્રેક્ષેપ વેદની ઋચાવડે મંત્ર ભણીને કરે તે નિશ્ચયથી ભાવ યજ્ઞને પામે છે. એટલે પ્રેમયુકત ગુરુભકિત અને વીતરાગની ઉપાસના કરતાં આત્મા પોતેજ વીતરાગ સર્વજ્ઞ બને છે. જૈમિનિ ઋષિએ યજ્ઞના જે ફલ કહેલાં છે તે શુદ્ધ પ્રેમરૂપ યજ્ઞ કરવાથી થાય. એટલે સર્વ જીવાત્માઓને તમારા બંધુ માની તેમના ભલા માટે પ્રયત્ન કરવા રૂપે જે પ્રેમયજ્ઞમાં તમારા અંતરના મલિન કામ ક્રોધ, માન, માયા, લોભ, ઈર્ષા વિગેરે કુકર્મને બાળવા હોમ કરવો તેથી કંચનસ્વરૂપ આત્મપ્રેમ આ પ્રેમયજ્ઞવડે પૂર્ણ પ્રગટ થશે. માત્ર પ્રેમયોગમાં સર્વ પુદ્ગલભાવની વાસનાને હોમી દઈને તે પ્રેમયોગમાં મગ્ન થાવું તેજ યોગ્ય હિતકર છે. અન્ય બીજા યજ્ઞોનું કાંઇ પ્રયોજન નથી.

## જ્ઞાનરૂપ અગ્નિમાં નામ રૂપ વિગેરેનો નાશ કરવો

**शुद्धप्रेममहायज्ञे, ज्ञानाग्निदीपिते शुभे ।**
**नामरूपादिमोहस्य, होमः कार्यो मनीषिभिः ॥३३३॥**

**અર્થઃ**—શુભ જ્ઞાનરૂપ અગ્નિ જેમાં પ્રદીપ્ત છે તેવા પ્રેમસ્વરૂપ મહાન્ યજ્ઞમાં જે મહાબુદ્ધિવંત યોગીંદ્રો પોતાના નામરૂપ આદિના મોહનો હોમ કરે છે તે પ્રેમયોગીઓ પરમાત્મભાવને પામે છે ॥૩૩૩॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### સ્વાર્થ વિગેરેનો હોમ કરવાથી શુદ્ધપ્રેમી થવાય

**स्वार्थकीर्त्यादि होमेन, शुद्धप्रेमी भवेज्जनः ।**
**सर्वकर्माणि कर्तुं स–ईश्वरो भवति स्वयम् ॥३३४॥**

**અર્થઃ**—સાચા પ્રેમીજનો પોતાના સ્વાર્થમય કીર્તિઆદિ ભાવોનો હોમ કરવાથી સાચા પ્રેમીજનો બની શકે છે, તેવા પ્રેમીઓ સર્વકર્મો કરવામાં સમર્થ થઈને સ્વભાવેજ ઈશ્વરો પોતેજ બને છે. ॥૩૩૪॥

### પ્રેમમય યજ્ઞમાં આત્માના શુભ ગુણો થાય છે.

**शुद्धप्रेममये यज्ञे, भस्मीभूतमनीषिणाम् ।**
**दिव्यतेजोमयाश्चित्रा–आत्मनः स्युर्गुणैः शुभाः ॥३३५॥**

**અર્થ**:—શુદ્ધ પ્રેમમય યજ્ઞમાં સાચા અને જ્ઞાની વિચક્ષણ મનુષ્યોના પૂર્વદોષો ભસ્મિભૂત થયેલા હોવાથી આત્માના શુભ ગુણો દીવ્યતેજથી યુકત થયા છતાં આત્માને આશ્ચર્યકારી શોભામય બનાવે છે. ॥૩૩૫॥

**વિવેચનઃ**—જે તત્વાતત્વની વિચારણારૂપ સૂક્ષ્મ બુદ્ધિવાલા ડાહ્યા મનુષ્યો છે તે સ્વપર આત્મસ્વરૂપ અને પુદ્ગલ સ્વરૂપનો પૂર્ણ વિવેક સમ્યગ્ જ્ઞાનથી કરીને પરમાત્મ સ્વરૂપ પરમબ્રહ્મની પ્રાપ્તિની ઇચ્છાવાળા થયા છતાં શુદ્ધપ્રેમરૂપ યજ્ઞ કરવાને શક્તિશાલી થાય છે એટલે પ્રેમયજ્ઞમાં પરમબ્રહ્મ સ્વરૂપાવબોધમય જ્ઞાનરૂપ પવિત્ર ઘીના સંયોગથી શુકલધ્યાન વા ધર્મધ્યાનરૂપ તપમય પવિત્ર અગ્નિને પ્રગટકરીને તેમાં મોહ, કામ, ક્રોધ, માયા, લોભ, ઈર્ષા, રાગ–દ્વેષ વિગેરે છે આઠ કર્મરૂપ અશુભ પુદ્ગલદલોને હોમીને ભસ્મરૂપે બનાવે છે, "**आत्मीयध्यानधाराभिर्धौतकर्मरजःकणः । आत्मनः स्वच्छतां लब्ध्वा भूंक्तेऽनन्तं सुखं सदा ॥१॥** અર્થઃ–જીવાત્માઓ આત્મસ્વરૂપની પરમાત્મસ્વરૂપની ધ્યાનમય ધારાવડે આત્માને લાગેલા કર્મદલોની રજ જે અનાદિકાળની પરંપરાએ આવેલી છે તેને ધર્મધ્યાન અને શુકલધ્યાનરૂપ ધારા–શ્રેણિવડે ધોઇને દુર કરે છે અને તે વડે આત્માને સ્વચ્છ બનાવીને દિવ્ય સ્વરૂપવંત પરમાત્મભાવના જ્ઞાનદર્શન ચારિત્રમય સહજાનંદના અનંત સુખોને સર્વદા ભોગવે છે ॥૩૩૬॥

### શુદ્ધપ્રેમમાં સ્નાન કરેલો ખરો સ્નાતક છે

**शुद्धप्रेमणि संस्नातः, स्नातको योगिभिर्मतः ।**
**स्वतंत्रः सर्वथा कर्त्तु–मकर्तुं विश्वरूपवान् ॥३३६॥**

**અર્થઃ**—જે શુદ્ધપ્રેમમાં સંપૂર્ણ પાર પામેલા હોય તેઓને પ્રેમયોગીંદ્રો સ્નાતકો કહે છે. તે સ્નાતકો વિશ્વસ્વરૂપ પ્રેમવાલા હોવાથી કરાવા યોગ્ય અને ન કરવા યોગ્ય કાર્યોના નિશ્ચયમાં સ્વતંત્ર હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## નિર્લેપ સ્નાતક પ્રેમી કર્મનો બંધ કરતો નથી

**सदाचारविचारेषु, प्रवृत्तोऽपि स्वभावतः ।**
**निर्लेपः स्नातकः प्रेमी, तेन कर्म न बध्यते ॥३३७॥**

**અર્થ:**—સ્નાતકપ્રેમયોગી સદાચાર વિચારોમાં પ્રવૃત્તિ કરતો હોવાથી તેમજ સ્વભાવથી નિર્લેપ હોવાથી શુભાશુભ કર્મના બંધથી બંધાતો નથી ॥૩૩૭॥

## સત્યપ્રેમી પ્રેમથી શું નથી પામતો ?

**करोति किं न सत्प्रेमी, व्यक्तप्रेमप्रभावतः ।**
**जननीभूमिसत्प्रीत्या, निर्वीर्यो वीर्यवान् भवेत् ॥३३८॥**

**અર્થ:**—સત્યપ્રેમિજનો વ્યક્તપ્રેમના પ્રભાવથી શું કરવાની શક્તિ નથી ધરાવતો ? સર્વ કામ કરવાની શક્તિ તેઓમાં હોય છે સત્યપ્રેમી આત્મા માતા તથા જન્મભૂમિના સાચા પ્રેમથીજ નિર્વીર્ય પણ મહા બળવાન થાય છે ॥૩૩૮॥

## ગુરૂપ્રેમી વિઘ્નોથી ડરતો નથી

**गुरुप्रेमी स बोद्धव्यः, कोटिविघ्नैर्न भिद्यते ।**
**अन्तश्चक्षुर्भवेत्तस्य, गुरुश्रद्धा न जीवितुः ॥३३९॥**

**અર્થ:**—તેનેજ સાચો ગુરૂનો પ્રેમી આત્મા જાણવો કે જે કરોડો વિઘ્નો આવે તો પણ તેનું મન જરાપણ ભેદાય નહિ. આવા ગુરૂપ્રેમીને અંતશ્ચક્ષુ પ્રગટેલા હોવાથી જીવન કાલ સુધી તેની ગુરૂશ્રદ્ધા નથીજ ભેદાતી. ॥૩૩૯॥

**વિવેચન:**—ગુરૂઓના જે સાચા પ્રેમી શિષ્યો હોય છે તેઓ તો ગુરૂ ઉપર સર્વસ્વ સમર્પણ કરીને તેમનીજ ઉપર એકત્વભાવે અભેદ પ્રેમ ધરતા હોય છે. તેઓ કદાપિ પણ પલટાતા નથી. લોકપ્રચારથી ગુરૂ ઉપર દોષો સ્થાપન કરાય કે બીજી રીતે ગુરૂની વગોવણી કરાય તો તે સાચા ગુરૂને શિષ્યોએ ઓળખ્યા હોય, તેમના સ્વભાવ ચારિત્રશક્તિ ને યથાસ્વરૂપે જાણતા હોય, ગુરૂના જ્ઞાન, બલ અને ચારિત્ર પ્રભાવને જાણીને આત્મ સમર્પણ કર્યું હોય તેવા પાકા સુશિષ્યો ગુરૂના પૂર્ણ પ્રેમી થયેલાજ હોય છે. તેઓને લોકો તરફથી અનેક અડચણો વિઘ્નો ભક્તિ પ્રેમમાં નાખવામાં આવે, મનોભેદ કરવા તરકટો રચાય તો પણ સાચા સુવર્ણને તપાવતાં જેમ કાળાશ મલીનતા રૂપે નથી આવતી તેમ શુદ્ધ પ્રેમી શિષ્યોને પ્રેમમાં કોઇ કરોડો વિઘ્નો નાખે તો પણ ભેદ પડતોજ નથી, કારણ કે તેવા શિષ્યોને વિવેક રૂપ અંતઃકરણ નિરાવરણ રૂપે શુદ્ધ હોય છે. તેથી ગુરૂના યથાર્થ સ્વરૂપને અવશ્ય જાણેજ છે. તેથી યવત્ જીવન સુધી ગુરૂઉપરની પ્રેમ શ્રદ્ધા પ્રીતિનો ભેદ નથીજ પડતો. ॥ ૩૩૯ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ગુરૂપ્રેમી કેવળી બને છે.

एक एव गुरोः प्रेमी, सर्वज्ञो जायते भुवि ।
स्ववर्त्मानुगतः सर्वो, जायते व्यक्तशक्तिमान् ॥३४०॥

**અર્થઃ**—આ પૃથ્વીમાં એક માત્ર ગુરૂ ઉપરજ સત્યપ્રેમ ધરનારો કેવલજ્ઞાનને પામે છે. જે આત્માઓ સ્વયોગ્ય સન્માર્ગમાં અનુસરનારા હોય તે પ્રેમવડે વ્યકતશકિતમાન–સર્વજ્ઞ થાય છે ॥૩૪૦॥

## પ્રેમના વિકાસની સાત ભૂમિકા

सप्तैव भूमिका बोध्याः प्रेम्णोऽनुक्रमभावत ।
गुर्वाज्ञातो जनैर्धार्याः, स्वाधिकारविशेषतः ॥३४१॥

**અર્થઃ**—પ્રેમના વિકાસમાં અનુક્રમે સાત ભૂમિકા કહેલી છે તે અવશ્ય જાણવી જોઇએ. તેમજ ગુરૂઓની આજ્ઞાથી સર્વ લોકોએ તે ધારવી અને વિશેષથી પોતાના અધિકાર પ્રમાણે આદરવી જોઇએ. ॥ ૩૪૧ ॥

**વિવેચનઃ**—મોક્ષસ્વરૂપની પ્રાપ્તિમાં જેમ ચૌદ ગુણસ્થાનકની ભૂમિકા વર્તે છે, તેવી રીતે પ્રેમયોગના અભ્યાસમાં પારંગત થવામાં સાત વિભાગી ભૂમિકા જણાવી છે. તેની પ્રાપ્તિ અભ્યાસના યથાયોગ્ય ક્રમથી થાય છે, તેમજ પ્રેમયોગના અર્થિઓએ ગુરૂની સેવા-ભકિત કરતાં ઉપદેશમય આજ્ઞા વડે પ્રેમની સપ્ત ભૂમિકાનું જ્ઞાન પ્રાપ્ત કરવું અને પો-તાની યોગ્યતાના અધિકાર પ્રમાણે પ્રેમભૂમિમાં આગળ વધવા માટે હૃદયમાં ધારણ કરવી. કે જેથી સ્નાતકયોગી થવા માટેની આપણામાં યોગ્યતા આવે. ॥ ૩૪૧ ॥

## પ્રથમ ભૂમિકા

आद्यायां भेदरूपेण, स्वार्थदोषेण मिश्रितम् ।
काम्यं च भवति प्रेम, सद्दोषद्वेषसंगकृत् ॥३४२॥

**અર્થઃ**—પ્રથમ ભૂમિકામાં જે પ્રેમ થાય છે તે ભેદરૂપવડે વ્યકત હોવાથી સ્વાર્થદોષ થી મિશ્રિત છે, તેમજ કામ્યભાવ યુક્ત પ્રેમ હોય છે. તે પ્રેમ ચાહનાવાળો હોવાથી દોષ ના સંગવાળોજ આત્માને કરે છે. ॥ ૩૪૨ ॥

**વિવેચનઃ**—પ્રેમયોગના અભ્યાસકોને માટે જે સાત વિભાગ રૂપ ભૂમિકાનો ઉપદેશ કરાયો છે. તેમાં પ્રથમ ભૂમિકામાં પ્રેમ કેવો હોય તે જણાવતાં કહે છે કે–પ્રથમભૂમિકાનો પ્રેમ સ્વાર્થદોષથી મિશ્રિત હોય છે, એટલે લોક વ્યવહારમાં આપણા વ્યાપારીઓ વ્યાપારી ની સાથે સંબંધ કરે છે, સ્ત્રી અને પુરૂષો પરસ્પર સંબંધ કરે છે, શેઠ નોકરની સાથે સંબંધ કરે છે, કામિજનો કામીની સાથે સંબંધ કરે છે, રાજા રાજાઓની સાથે અને એક દેશની પ્રજા અન્ય દેશની પ્રજા સાથે પરસ્પર પ્રેમમૈત્રી બાંધે છે, પ્રેમના કરારો લખે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, તેમાં સહિઓ પણ થાય છે, તે બધા પ્રેમો માત્ર સ્વાર્થની સિદ્ધિઓ માટેજ કરાયેલા હોય છે. તેથી જો સ્વાર્થ ન સરે તો એ પ્રેમના કરારોને કાગળના ટુકડાની માફક ફેંકી દેતાં અચકાતા નથી. તે કારણે પ્રથમ ભૂમિકાનો પ્રેમાભ્યાસ સ્વાર્થ માત્રતાવાળો હોય છે તેથી દોષયુક્ત સમજવો. તેવા પ્રેમમાં પરસ્પર ઉપકારની ભાવના પ્રાયઃ નથીજ હોતી, આવો ભોગ લાલચથી યુક્ત પ્રેમ સ્ત્રીપુરૂષોને કામ્યભાવે થાય છે. આ પ્રથમ ભૂમિકાનો પ્રેમ સ્વાર્થ પૂરતો હોવાથી કાયમ ટકતો નથી. હૃદયની શુદ્ધતા લાવતો નથી. તેથી દોષિત જ સમજવો. ॥ ૩૪૨ ॥

**नामरूपादिषु व्यक्त–काम्यबुद्धिर्भवेत् खलु ।**
**जैनधर्मोपरि प्रेम, यमादौ प्रेमता भवेत् ॥३४३॥**

**અર્થઃ**—નામ રૂપાદિમાં જે પ્રેમ વ્યકત થાય છે તે કામ્યબુદ્ધિવાળોજ નિશ્ચયે હોય છે, તેમજ જૈનધર્મની ઉપર પણ પ્રથમભૂમિકાનો પ્રેમ યમ નિયમાદિની પ્રેમતાથીજ–રાગથીજ થાય છે. ॥ ૩૪૩ ॥

**વિવેચનઃ**—જગતમાં સર્વ પ્રાણીઓ પ્રાયઃ ઘણુ કરીને કામ્યતા એટલે ભોગના સાધનની પ્રાપ્તિ માટે જે જે વિષયો પોતાને અનુકુળ જણાય, જ્યાં પોતાના નામની પ્રતિષ્ઠા થાય, પોતાના રૂપગુણ, દાનગુણ, બલગુણ, દક્ષતા, સામર્થ્ય પંકાતા હોય, પોતાના કહેવા પ્રમાણે ધાર્યાં કાર્યો થતાં હોય તેવા આત્માઓ ઉપર પ્રથમ કોટિનો કામ્યબુદ્ધિવાળો પ્રેમ વ્યક્ત કરે છે. પોતાના પક્ષવાળા ઉપર પ્રેમ વ્યક્ત કરાય છે તે બધો કામ્ય સ્વાર્થ બુદ્ધિવાળોજ પ્રેમ સમજવો, તેમજ પ્રથમ ભૂમિકામાં આવેલો પ્રેમીજન જૈનધર્મના શાસ્ત્રોને દેખીને જિનેશ્વર દેવની વિશિષ્ટતા સમજે, તેમજ સાધુ વિગેરેની ક્રિયા અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ જોઇ તેઓ ઉપર પ્રેમ કરે, તેમના મહાવ્રત તથા શ્રાવકના અનુવ્રત, નિયમ દેવપૂજા, ગુરૂભકિત, સાધાર્મિક ભકિત, દાન સન્માન આદિ નિયમોની ઉપર પ્રેમ પ્રગટ કરે તેમાં કામ્યભાવ–ધર્મના ફળ રૂપે સંસાર સુખની વાસના હોય છે. જોકે અહિં દેવગુરૂ ધર્મની આરાધના પુદ્ગલ ભોગની હોવા છતાં પ્રથમ પગથિયારૂપે કામ્યભાવવાળી પ્રેમદષ્ટિ યોગ્ય જ ગણાય છે. જેમ માબાપો બાળકોને પ્રથમ નિશાળે લઇ જવા માટે મિઠાઇ, ફટાકડા વિગેરેની લાલચ આપે છે તે યોગ્ય છે. તેમ અજ્ઞાનીઓને માર્ગમાં લાવવા માટે કામ્યપ્રેમ યોગ્ય કાર્યકર થાય છે. ॥ ૩૪૩ ॥

**પ્રથમભૂમિકાનો પ્રેમ ફળાશા પૂર્વકનો હોય છે.**

**फलाशापूर्वकं यत्र, प्रेमिणां प्रेम जायते ।**
**द्विष्टेषु वैरबुद्धिश्च, रागस्य क्रयविक्रयम् ॥३४४॥**

**અર્થઃ**—જ્યાં ફળની આશા રાખવા પૂર્વક પ્રેમીજનો પરસ્પર પ્રેમવાલા થાય છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમજ દ્વેષી ઉપર વૈરભાવની બુદ્ધિ રૂપ દ્વેષનો ક્રય વિક્રય રૂપ વ્યાપાર પણ પ્રથમ ભૂમિકામાંજ સંભવે છે. ॥૩૪૪॥

**વિવેચન**:—આ પ્રથમ પ્રેમની ભૂમિકામાં જીવાત્માઓ મિથ્યાત્વ, અજ્ઞાન, રાગ, અને અવિરતિ ભાવથી યુક્ત હોવાથી તેઓનો પ્રેમ અને દ્વેષ, રાગ અને શત્રુતા આદિના ફલની અપેક્ષાવાળાજ હોય છે, એટલે જ્યાં જ્યાં પરસ્પર સમાન સ્વાર્થપણાની સિદ્ધિઓ જણાય ત્યાં પરસ્પર પ્રેમનો સંબંધ બંધાય છે. સ્ત્રીઓ અને પુરૂષોને વિષયાભિલાષથી પ્રેમસંબંધ થાય છે. મિત્રામિત્રોમાં એક બીજાને પરસ્પર પોતપોતાના સ્વાર્થની અભિલાષાથી પ્રેમ બંધાય છે. પિતા માતાનો પુત્રપુત્રીઓ ઉપર પ્રેમ ભાવિકાળમાં અમારી સેવા ભકિત કરશે એવા ફળની આશાથી પ્રેમ બંધાય છે, રાજા પ્રજાને પરસ્પર પ્રેમ કર અને રક્ષણની અપેક્ષાથી બંધાય છે. વ્યાપારી વ્યાપારીનો પ્રેમ દ્રવ્યાર્થ લાભની અપેક્ષાથી બંધાય છે, પણ તેમાં જો ઇષ્ટ ફળની આશા નાશ પામે તો તે પ્રેમને ઠેકાણે દ્વેષબુદ્ધિથી તે તે વ્યકિતઓને શત્રુરૂપે જાણે છે. તેમજ જે પોતાના ઇષ્ટકામોર્માં વિઘ્ન નાખે છે તેઓને શત્રુ માની તેઓ ઉપર વૈર-બુદ્ધિ કરે છે આમ પ્રેમનો ક્રય વિક્રય: લેવડદેવડ પ્રેમરાગથી થાય છે અને દ્વેષનો ક્રય વિક્રય–દ્વેષ શત્રુતાથી થાય છે. એટલે પ્રેમનું ફળ એકબીજાને પરસ્પર સહાયતા કરવામાં થાય છે અને વૈરનું ફળ એક બીજાના ઘાત હિંસામાં પરિણામ પામે છે. ॥ ૩૪૪ ॥

**कामस्य मुख्यता यत्र, युद्धं च दुष्टवैरिषु ।**
**देहेन्द्रियादिभोगानां, सौख्यं प्रकृतिधर्मतः ॥३४५॥**

**અર્થ**:—જ્યાં જ્યાં પ્રેમ જણાય ત્યાં ત્યાં કામની મુખ્યતા વ્યવહારમાં સમજવી તેમજ દ્વેષની મુખ્યતાએ દુષ્ટ વૈરીઓની સાથે યુદ્ધ કરવાનું સમજવું. તેમાપણ અંતરમાં દેહ ઇન્દ્રિયના ભોગની પ્રીતિ અંતરથી રહેલી છે તેમ સમજી ભોગના સુખ માંટે પ્રેમ અને યુદ્ધ કરાય છે. તે બાલ પદ્ધતિનો સહજ ધર્મ છે. ॥૩૪૫॥

**વિવેચન**:—આ ચાલુ પ્રેમની પ્રથમ ભૂમિકામાં રહેલા જીવાત્માઓને જે પ્રેમનો ઉદ્-ભવ દેખાય છે તે મુખ્યતાએ કામ્ય–કામભોગની અભિલાષાથી યુકત હોવાથી અશુદ્ધ સ્વાર્થ-મય અને પ્રાયઃ ક્ષણિક હોય છે એટલે જે ઇંદ્રિય, દેહ, મન અને કામભોગની અભિલાષા સિદ્ધ થવામાં અનુકુળ, સાધન પૂર્ણ કરવામાં મદદગાર થાય તેના પ્રત્યે પ્રેમરૂપ રાગ ઉપજે છે, અને તેમાં જે વિરોધ કરીને અંતરાય કરે તે દુષ્ટ વૈરી ગણાય છે. તેથી તેઓની સાથે ઘાત્ય ઘાતક ભાવે ઝેર વૈર વર્ષાવતાં યુદ્ધો ખેલાય છે. ॥૩૪૫॥

**हिंसालीकादिदोषाणां, प्रवृत्तिर्मुख्यभावतः ।**
**यमादीनामभावेन, देवगुर्वादिपूजनम् ॥३४६॥**

**અર્થ**:—જે હિંસા અસત્ય આદિ દોષોની પ્રવૃત્તિ મુખ્યપણે જણાય છે તે પ્રવૃત્તિ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અધર્મથી ઉપજેલા પ્રેમથી સમજવી અને જ્યાં યમ નિયમ શૌચ આદિના નામથી યુક્ત ભાવવડે દેવગુરુ આદિના પૂજનરૂપે પ્રવૃત્તિ થાય છે તેમાં કામ્યભાવ હોવાથી પ્રથમપ્રેમની ભૂમિકા સમજવી ॥૩૪૬॥

**વિવેચન:**—જીવાત્માઓ વિષયભોગની અપેક્ષા રાખીને તેની પ્રાપ્તિ માટે જે મોજ કરવાની ઇચ્છાથી હિંસા કરે, અસત્ય બોલે, ચોરી કરે, વ્યભિચાર મૈથુન કરે વિગેરે પશુ-વૃતિરૂપ અઢાર પાપસ્થાનકરૂપ દોષની પ્રવૃત્તિ કરે, યુદ્ધ વગેરે ખેલે તે બધામાં મુખ્ય ભાવથી પ્રથમ ભૂમિકારૂપ અશુદ્ધ પ્રેમભાવના હૈયાની વર્તે છે. આ પ્રવૃત્તિ તામસ પ્રકૃતિવંતને મુખ્યતાએ વર્તે છે. તેમજ રાજસ પ્રકૃતિવાલા યમ નિયમ શૌચ આદિ કરે છે, જીવદયા કરે, સત્ય બોલે, ચોરીનો ત્યાગ કરે, પરદારા વેશ્યા કુમારિ અપરિગ્રહીત વા ગુલામ સ્ત્રીના ભોગનો ત્યાગ કરી સ્વદારામાં સંતોષભાવ ધરે, ભયંકર કર્માદાનરૂપ મહારંભનો ત્યાગ કરે, દારૂ માંસ માંખણ મધનો ત્યાગ કરે, તપ ઉપવાસ આદિ કરે, શૌચ–પવિત્રતા રાખે, દેવ ગુરૂની ભકિત પૂજા કરે, સંઘ સાધર્મિકની ભક્તિ વાત્સલ્ય કરે, વ્યાપાર રોજગાર ન્યાયથી કરે, અનીતિનું દ્રવ્ય ન લે, અનિતિનો ઉપદેશ ન આપે. આ બધામાં જો આ લોક પર-લોકના સુખના અભિલાષાથી કરે તો ત્યાં પ્રથમ ભુમિકારૂપ સુખપ્રેમની સ્થિતિ સમજવી. ॥૩૪૬॥

**स्वार्थार्थं सर्व कर्माणि, कर्त्तव्यानि सुखाप्तये ।**
**अज्ञानमोहदोषाद्यै-र्जीवनं यत्र देहिनाम् ॥३४७॥**

**અર્થ:**—જ્યાં જીવાત્માઓ માત્ર સુખ અને સ્વાર્થ માટેજ સર્વ કર્મબંધના કાર્યો કરે છે ત્યાં અજ્ઞાન મોહ આદિ દોષોથી યુક્ત પ્રેમજીવન ચલાવાતું હોવાથી પ્રાણીઓની તે પ્રેમની પ્રથમ ભૂમિકા સમજવી. ॥૩૪૭॥

## પ્રેમની બીજી ભૂમિકા

**द्वितीयायां फलाशाया–मुख्यता कामभोगता ।**
**साधूनां संगतेरिच्छा, योगः किंचित्प्रजायते ॥३४८॥**

**અર્થ:**—બીજી ભૂમિકાની પ્રેમની પ્રવૃત્તિમાં ફલની આશા મુખ્ય રીતે તો કામ-ભોગથી યુક્ત હોય છે. સાથે સાથે સાધુ પુરુષોના દર્શન અને તેમની સાથે સંગતિ કર-વાની ઇચ્છા કાંઇક ઉપજે છે ॥૩૪૮॥

**વિવેચન:**—બીજી પ્રેમયોગ ભૂમિકામાં આવેલો ભવ્ય જીવાત્મા પ્રેમીજનો સાથે જે પ્રેમ સંબંધ કરવા પ્રેરાય છે, ત્યાં મુખ્યતાએ કામભોગરૂપ પાંચ ઇંદ્રિયોના વિષયના ફલની ઇચ્છાથી પ્રેમ સંબંધ કરવા પ્રેરિત થાય છે, તે અંશ અશુદ્ધ હોવા છતાં પ્રથમથી આ ભુમિકા એટલા માટે સારી ગણાય છે કે ત્યાં સદ્‌ગુણ સંપન્ન સદાચારી પૂજ્ય સાધુજનોની સંગત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવાની પ્રેમભાવનારૂપ ઇચ્છા થાય છે. તેમજ તેઓના વંદન, પૂજા, ઉપદેશ શ્રવણરૂપ ગુણાનુરાગમય પ્રેમ જીવમાં જાગે છે. આ ભૂમિકામાં પ્રેમયોગ બીજરૂપે પ્રગટ થાય છે, તે જો કે અશુદ્ધતાવાળો છે, તોપણ મોક્ષમાર્ગમાં લાવનાર હોવાથી ધર્મપ્રેમનો અંશ ગણાય છે. ॥૩૪૮॥

**देहप्राणादितो भिन्न–आत्माऽस्ति देहसंस्थितः ।**
**इत्येवं ज्ञायते किंचित्, तत्त्वानां गुरुसंनिधौ ॥३४९॥**

**અર્થ**:—દેહ પ્રાણ આદિથી ભિન્ન છતાં આત્મા દેહમાં રહેલો છે, એવું સમ્યગ્જ્ઞાન પ્રેમવંત આત્માઓને પૂજ્યગુરૂની પાસે પ્રેમથી રહેનારા ભવ્યાત્માઓને કાંઇક અંશે થાય છે. ॥૩૪૯॥

**વિવેચન**:—બીજી ભૂમિકામાંના પ્રેમવાલા આત્માને જ્ઞાનાવરણ કર્મ, દર્શનાવરણકર્મ મોહનીય કર્મ, અંતરાય કર્મ, રૂપ કર્મનો કાંઇક અંશે ક્ષયોપક્ષમ થવાથી વિશેષ પ્રકારનો વિવેક ગુરૂની ઉપાસના કરતાં પ્રાપ્ત થાય છે. તેથી દેહ, શરીર, ઇંદ્રિય, પ્રાણ અને મન વિગેરેને અને આત્માના સ્વરૂપને ઉપદેશથી જાણે છે. આત્મા અને દેહાદિ લક્ષણ સ્વભાવ જુદા છે. આત્મા ચૈતન્ય સ્વરૂપ છે અને દેહ પ્રાણ મન ઇંદ્રિયો પુદ્ગલરૂપ હોવાથી જુદાં છે. **लक्षणस्य भिन्नत्वाद् भेदः** જ્યાં લક્ષણનું ભિન્નત્વ આવતું હોય તેમાં ભેદ હોયજ છે માટે, દેહ ઇંદ્રિય મન પ્રાણોથી આત્મા ભિન્ન છે–જુદોજ છે, પરંતુ દેહ અને આત્માનો વિવેક કરોડો ભવે થઇ શકવો અત્યંત દુર્લભ હોય છે, આમ છતાં પણ પૂજ્ય ગુરૂની ઉપાસના કરનારો પ્રેમી આત્મા બીજી ભૂમિકામાં આવેલો હોય તો કાંઈક દેહ અને આત્મા આદિનો ભેદ સમજે છે તેમજ અન્ય અધ્યાત્મભાવના તત્ત્વનો પણ યથા-યોગ્ય ક્ષયોપશમભાવે જ્ઞાનાનુભવ મેળવે છે. ૩૪૯॥

**स्वार्थार्थं सर्वकार्याणां, प्रवृत्तिर्भेदबुद्धितः ।**
**पतिपत्न्यादिसम्बन्धाः, कामरागादिपूर्वकाः ॥३५०॥**

**અર્થ**:—પોતાના લાભ માટે સર્વ કાર્યો કરવા છતાં પ્રેમની પ્રવૃત્તિ ભેદબુદ્ધિવાળી વર્તે છે. તેમજ પતિ પત્નીના સંબંધો શુદ્ધ પ્રેમયુકત નથી હોતા પણ કામ રાગ આદિથી યુકત હોય છે. ॥ ૩૫૦ ॥

**વિવેચન**:—પ્રેમયોગની બીજી ભૂમિકામાં પણ જીવો પ્રથમની પેઠે સ્વાર્થ માટે સર્વ કાર્યો કરે છે તો પણ તે પ્રવૃત્તિમાં પોતાના અંગત સ્વાર્થોનું ધ્યાન રાખીને પોતાને ગેરલાભ ન થાય તેવી ભેદબુદ્ધિપૂર્વક લોકોના કાર્યોમાં પરમાર્થભાવનો દેખાવ કરવા પૂર્વક કાર્યો કરવામાં પ્રવૃત્ત રહે છે. ॥ ૩૫૦ ॥

**आत्मज्ञानाद्यभावेन, देहादीनां प्ररक्षणम् ।**
**बाह्यदेहेन सम्बन्धो, न च रागेण रागिणाम् ॥३५१॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**:—આત્મજ્ઞાન આદિ તત્વના બોધનો અભાવ હોવાથી દેહ ઇંદ્રિય આદિનું જ રક્ષણ કરવું તેવા બાહ્યદેહવડે સંબંધિત પ્રેમ હોય છે પણ રાગીજનો ઉપર રાગથી સંબંધ નથી હોતો. ॥ ૩૫૧ ॥

**लौकिकाचारनीतीनां, सुखाय पालनं भवेत् ।**
**दयादाक्षिण्यसञ्चारः, किञ्चित्किञ्चित्प्रजायते ॥३५२॥**

**અર્થ**:—આ ભૂમિમાં પ્રેમથી લૌકિક આચાર નીતિના પાલનો પોતની સુખશાંતિને અર્થે નિરંતર પળાય છે તેમજ દયા દાક્ષિણ્યતાનો પણ મનમાં કાંઇક કાંઇક સંચાર થાય છે. ॥ ૩૫૨ ॥

**વિવેચનઃ**—હવે આ બીજી પ્રેમયોગની ભૂમિમાં વર્તતો જીવાત્મા લૌકિક આચારો કે જેમ શરીર શુદ્ધ રાખવું, રાજા શેઠ પટેલનું તથા રાજકર્મચારિઓનું બહુમાન કરવું, રાજા અને રાજ્યને પ્રામાણિકભાવે વફાદાર રહેવું. લોકથી વિરૂદ્ધ આચરણ ન કરવું, રાજકથા દેશકથાનો ત્યાગ કરવો, આ બધું વ્યવહારમાં જીવોને સુખ આપનારૂં થાય છે. એટલે તેઓ તરફથી અપ્રેમ–દ્વેષ ન થાય. આપણા તથા કુટુંબ ઉપર લોકનો તિરસ્કાર ન થાય તે માટે લોકાચારની આચરણા કે જે આપણા ઇષ્ટ ધર્મથી વિરૂદ્ધ ન હોય તે કરવી તેમજ ન્યાયનીતિએ દ્રવ્યાર્જન કરવું, તેને યોગ્ય વેષ વિગેરે રાખવો. તેમજ સર્વ જીવો ઉપર દયા રાખવી, દીન અનાથનું ભરણપોષણ કરવું. તથા તે લોકોની સાથે પ્રેમસંબંધ ગાઢ જામે તેવી દાક્ષિણ્યતા રાખવી. માનમરતબા સાચવવા, તથા દયા દાક્ષિણ્ય તેનો સંચાર પણ કાંઈક કાંઈક બીજી ભૂમિકામાં થાય છે. ॥ ૩૫૨ ॥

આ બીજી ભૂમિકા પ્રેમધર્મમાર્ગમાં માર્ગાનુસરણ કરવામાં ઉપયોગિતા પ્રાપ્ત કરાવે છે. હવે ત્રીજી ભૂમિકાનું સ્વરૂપ જણાવતાં પૂજ્ય જણાવે છે કે–

**तृतीयायां भवेदन्त–श्चित्तरागप्रसन्नता ।**
**प्रेमिणां गौणभावेन, सम्बन्धः प्रेमिदेहिषु ॥३५३॥**

**અર્થ**—ત્રીજી પ્રેમ ભૂમિકામાં ચિત્તમાં અંતરંગ રાગ અને પરસ્પર ચિત્તની પ્રસન્નતા ઉપજે છે. આમ પ્રેમી આત્માઓને પ્રેમીઓ ઉપર શુદ્ધ પ્રેમ સંબંધ ગૌણભાવે થાય છે. ॥ ૩૫૩ ॥

**વિવેચનઃ**—પ્રેમયોગની બે ભૂમિકાનું વિવરણ કરાયું હવે ત્રીજી પ્રેમભુમિકામાં પ્રેમ કેવો હોય તે જણાવતાં કહે છે કે, ત્રીજી પ્રેમભૂમિમાં પ્રેમીજનો પરસ્પર અંતરંગ ચિત્તની પ્રસન્નતા યુકત સ્નેહ–પ્રેમ ધરનારા હોય છે. એટલે એક બીજાનાં દર્શન કરતાં, સ્મરણ કરતાં, વાર્તા કરતાં અંતઃકરણ રૂપ ચિત્તમાં આનંદ ઉભરાય છે. મન પ્રસન્ન થાય છે. આવો પરસ્પર પ્રેમ તેઓને હોય છે, તેમજ ધર્મપ્રેમ પણ આ ભૂમિકામાં બીજરૂપે હોય તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિકસિત થાય છે. એટલે દેવપૂજા, ગુરૂભકિત, સાધર્મિક ભકિત, સર્વ સજ્જનોની સત્કારપૂજા, સામાન્યજન ઉપર પ્રેમ, દીન દુઃખીની દયા અને તેઓનો ઉદ્ધાર કરવા ભાવના જાગે છે. તપ નિયમ શૌચ વિગેરે ધર્માનુષ્ઠાનમાં પ્રેમ કાંઈક વિશેષભાવે થાય છે. ધર્મ શ્રવણ કરવાને અને આત્મા પરમાત્મા તથા પુદ્દગલ રૂપ દ્રવ્યોનો વિવેક થાય તેવું જ્ઞાન પણ કાંઈક કાંઈક ત્રીજી ભૂમિકામાં પ્રગટે છે, તેમજ દેહ–શરીર ઇંદ્રિઓ અને તેને અનુકુળ વિષયભોગો, યશોવાદ, કીર્તિ તેમજ દ્રવ્યમય હીરારત્ન, માણિકય, સુવર્ણ, રૂપું વિગેરે ઉપર અગૌણ–મૂખ્યભાવે પ્રેમ હોય છે. સંસારના ધર્મ, અર્થ, કામ વિગેરે મધ્યમભાવે સેવાય છે. પ્રેમીઓ પ્રત્યે ધર્મિઓ પ્રત્યે પણ મધ્યમભાવે પ્રેમ હોય છે, એટલે આ ભૂમિકામાં ધર્મમાં ગૌણતા મય પ્રેમ હોય છે અને વિષય પ્રવૃત્તિમાં પ્રાયઃ મુખ્યતા રહે છે. ॥ ૩૫૩ ॥

**मुख्यभावेन देहस्य, भोगसौख्यप्रवृत्तयः ।**
**आत्मनो जडवस्तूनां, सुखे मिश्रप्रवृत्तयः ॥३५४॥**

**અર્થ:**—મુખ્યતાએ દેહના સુખ અર્થે ભોગસુખની પ્રાપ્તિ માટે જીવોને તે પ્રવૃત્તિઓમાં પ્રેમ હોય છે. ત્યારે આત્માના તથા જડવસ્તુઓના સુખ અર્થે મિશ્રભાવવાળી પ્રવૃત્તિ હોય છે. ॥૩૫૪॥

**વિવેચનઃ**—ત્રીજી પ્રેમ ભૂમિકામાં જીવાત્માઓને પ્રેમની પ્રવૃત્તિઓ પૂર્ણ શુદ્ધ નથી જ હોતી પણ કાંઈક શુદ્ધ કાંઇક અશુદ્ધ એમ મિશ્રભાવવાળી હોય છે, એટલે મુખ્યરીતે તે ત્રીજી ભૂમિકાવાલા પ્રેમીઓ દેહ–શરીરના સુખભાવના અધ્યવસાયથી યુકત ઇંદ્રિયોના વિષયોને અનુકુલ થતાં ભોગોમાં પ્રેમવાળા હોવાથી તેવા વિષયોની પ્રાપ્તિ અર્થે દેવપૂજા, ગુરૂ ભકિત, સાધર્મિક વાત્સલ્ય, તપ જપ સામાયિક પૌષધ વિગેરે ધર્માનુષ્ઠાનો કરે છે. તો પણ મુખ્યધ્યેય શરીરના પુદ્દગલરૂપ જડ વસ્તુના ભોગ સિદ્ધિ માટે પ્રાયઃ હોય છે. તેમ છતાં મોક્ષમાર્ગ ઉપર આવવાના કાંઇક મનોરથો પણ રચાય છે, તે પ્રાયઃ ગૌણતાવાલા હોય છે. આત્મસુખ માટે તેઓની મિશ્ર પ્રવૃત્તિ હોય છે. એટલે તેમનો પ્રેમ વિષયોમાં મુખ્યતાએ રહે છે. અને ગૌણતાએ ધર્માનુષ્ઠાનમાં રહે છે તેમ સમજવું. ॥૨૫૪॥

**प्रकृतीनां बलेनैव, यत्र बाह्यप्रवृत्तयः ।**
**देवादिषु भवेत्प्रेम, गौणभावेन रागिणाम् ॥३५५॥**

**અર્થ:**—જ્યાં બહારની પ્રવૃત્તિઓ સર્વ પ્રવૃતિના બળવડેજ થતી હોય ત્યા દેવ ગુરૂ ધર્મની પ્રવૃત્તિઓ ઉપર પ્રેમ ગૌણ ભાવથીજ હોય છે. તેમજ બાહ્યપ્રેમી રાગીઓને ધર્મ પ્રેમ ગૌણ હોય છે. ॥૩૫૫॥

**વિવેચનઃ**—ત્રીજી પ્રેમયોગની ભૂમિકામાં આવેલા જે પ્રેમીજનો હોય તેઓને બાહ્ય ભાવની પ્રવૃત્તિઓ એટલે પુદ્દગલના અનુકુલ ભોગોમાં મુખ્યભાવે પ્રેમ હોવાથી તેવા સાધનો આપનારા રાજા સ્ત્રી આદિ ઉપર ભાવની મુખ્યતા હોવાથી પ્રેમની પ્રવૃત્તિ પણ ત્યાં મુખ્ય-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તાએ સમજવી અને દેવગુરૂની પૂજા ભકિત, દયા, તપ, જપ, સ્વાધ્યાય રૂપ ધર્માનુષ્ઠાનમાં પ્રેમની પ્રવૃત્તિઓ ગૌણ ભાવથી હોય છે. ॥૩૫૫॥

**मिश्रबुद्धिर्भवेद् यत्र, ब्रह्मज्ञानं न जायते ।**
**तथापि जैनशास्त्राणां, स्वाध्यायादिप्रवृत्तयः ॥३५६॥**

**અર્થ:**—જ્યાં પ્રેમયોગીમાં મિશ્રભાવની બુદ્ધિ હોય ત્યાં સત્ય બ્રહ્મજ્ઞાન નથીજ સંભવતું. તો પણ જૈનાદિશાસ્ત્રોના અધ્યયન અને સ્વાધ્યાય વિગેરે પ્રવૃત્તિઓ હોયજ છે. ॥૩૫૬॥

**વિવેચન:**—આ ભૂમિકામાં શાસ્ત્રોનો અભ્યાસ અને મનન હોવા છતાં, તેવી પ્રવૃત્તિ પણ હોવા છતાં, ત્રીજી ભૂમિકામાં વર્તતો પ્રેમયોગી બ્રહ્મજ્ઞાન આત્મત્વના ભાવને નથીજ પામતો. ॥૩૫૬॥

**लग्नादि सर्वसम्बन्धा, भवन्ति स्वार्थमिश्रिताः ।**
**नो पारमार्थिकी बुद्धि-रेकैव तत्र विद्यते ॥३५७॥**

**અર્થ:**—લગ્ન આદિ સર્વ પ્રેમ સંબંધો સ્વાર્થથી મિશ્રિત હોય છે. પણ પારમાર્થિક ભાવે વર્તતી એક પણ બુદ્ધિ આ ભૂમિકામાં પ્રાય: હોતી નથી. ॥૩૫૭॥

**વિવેચન:**—પ્રથમની બે ભૂમિ કરતાં આ ત્રીજી ભૂમિમાં પ્રેમની વિશેષ શુદ્ધતા હોય છે. તોપણ ત્યાં જે જે પ્રેમીઓમાં મિત્ર સંબંધો થાય, સગાવહાલાના સંબંધો થાય છે, પુરૂષોના આખી જીંદગીના એકબીજાના એકાંગભાવે લગ્નાદિ સંબંધો થાય છે તેમાં પણ પાંચ ઈંદ્રિયોના વિષયભોગની અનુકુળતા આપનારા પ્રત્યે પ્રેમ અને વિરોધ ભાવવાળા માટે શત્રુભાવ થાય છે. એટલે તે પ્રેમમાં પણ દ્રવ્યાદિકનો અર્થ લાભ થાય તેવી સ્વાર્થમય ભાવનાવાલો પ્રેમ સંભવે છે પણ પારમાર્થિક શુદ્ધબુદ્ધિવાળો પ્રેમસંબંધ નથી હોતો. આ ભૂમિકાવાળા જીવનાં ધર્મક્રિયા અનુષ્ઠાનો પણ પુદ્‌ગલ ભોગની લાલચથી મિશ્ર હોવાથી એક પરમાર્થ ભાવનો તે પ્રેમમાં અભાવ આવે છે. તેથી તપ જપ સંયમ, પ્રભુપૂજા, ગુરુભકિત વિગેરે સ્વાર્થપૂર્વક થતાં હોવાથી પારમાર્થિક પ્રેમનો લાભ તેઓને નથી મલતો.

તપ કરો, સંયમ ધરો ગાળો નિજ દેહ,
આત્મ સ્વરૂપ પામ્યા વિના નહિ હોય દુ:ખનો છેહ. ॥૧॥

આત્મતત્ત્વની પ્રાપ્તિ સત્યપ્રેમ વિના નથીજ સંભવતી. આમ ત્રીજી ભૂમિકાના પ્રેમનો વિચાર કહ્યો ॥૩૫૭॥ હવે ચોથી પ્રેમ ભૂમિકાને જણાવે છે.

## ચોથી પ્રેમભૂમિકા.

**चतुर्थ्यां भेदबोधेन, प्राकट्यमात्मनः स्फुटम् ।**
**जायते सत्यरागस्य, मुख्यता प्रेमयोगिनाम् ॥३५८॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**:—ચોથી પ્રેમભુમિકામાં પ્રેમયોગી આત્માઓને ભેદજ્ઞાનવડે આત્માનું પ્રગટભાવે જ્ઞાન થાય છે, તેમાં સત્ય પ્રેમરાગને મુખ્ય કારણ સમજવું. ॥૩૫૮॥

**વિવેચનઃ**—પૂર્વપ્રેમયોગની ત્રણ ભૂમિકાનું સ્વરૂપ પૂજ્ય ગુરૂદેવે જણાવ્યું છે તેમાં પહેલીમાં બાહ્ય આત્મભવનો એકાંત પ્રેમ હોય છે, તેમાં પરમાત્મા કે આત્માનો પ્રેમ સંભવતો જ નથી. બીજીમાં બાહ્યાત્મા ઉપર પ્રેમ હોવા છતાં તપ જપ આદિ પુણ્ય ક્રિયા થાય છે. પણ મુખ્યતા બાહ્યાત્મભાવનીજ હોય છે. ત્યારે ત્રીજીમાં આત્માનો પણ થોડો થોડો રાગ હોય છે. તોપણ પુદ્ગલભોગ ઉપર કાંઇક વધારે પક્ષપાત રહે છે. ધર્મપ્રેમ કાંઇક ગૌણ ભાવે–ઓછા આદર–વાલો તેઓને લાગે છે.*હવે ચોથી ભૂમિકામાં આવેલો પ્રેમયોગી આત્મા ગુરૂની ઉપાસનાના યોગે કે સહજ ભાવે મોહરૂપ આવરણનો ક્ષય થવાથી અપૂર્વ કરણ કરી બાહ્યાત્મભાવના કારણરૂપ મિથ્યાત્વના બીજમય મોહનીય કર્મની ગાઢ ગાંઠને વિવેકરૂપ કુહાડાવડે ભેદે છે અને આત્મા અને પુદ્ગલના સ્વભાવનો ભેદ જાણે છે. તેના યોગે આત્મા અને પરમાત્માના ઉપર ગુણ સ્વભાવના પ્રેમયોગે સત્યપ્રેમ મુખ્યભાવે પ્રેમયોગીઓને આત્મા પરમાત્મા અને પુદ્ગલ કર્મ આદિનો પ્રગટ પ્રત્યક્ષ ભેદ ગુરૂની કૃપા યોગે થાય છે, એટલે અપુનર્બંધક સમ્યગ્દર્શનવાળા આત્માઓ આ ચોથી ભૂમિકામાં હોય છે. ॥૩૫૮॥

**महावीरोपरि प्रेम, जायते सद्गुरौ तथा ।**
**जैनधर्मोपरि प्रेम, जायते तत्त्वबोधतः ॥३५९॥**

અર્થ:—મહાવીર પરમાત્મા ઉપર તથા સદ્‌ગુરૂઓ ઉપર અને જૈનધર્મની ઉપર તત્વબોધવડે સત્યપ્રેમ ભવ્યાત્માઓને અવશ્ય થાય છે. ॥ ૩૫૯ ॥

**વિવેચનઃ**—ભગવાન મહાવીર દેવ પરમાત્મા અને તે પૂર્વે અનંત તીર્થંકર થયા તે તેમજ સિદ્ધ પરમાત્મા તથા સામાન્ય કેવલી સર્વજ્ઞો ઉપર જે પ્રેમ થાય છે તે રૂપ ગુણ કે ચમત્કાર માત્રનો ક્ષણિક પ્રેમ નથી પણ પરમાત્મ સ્વરૂપનો યથાર્થ બોધ તેમાં કારણ છે. આ ભૂમિકા આત્માને પ્રગટ સ્વરૂપે પ્રાપ્ત થાય છે તેમજ તેમાં તત્વબોધનો મુખ્ય હેતુ રહેલો છે. **"यथार्थवस्तुरुपोपलब्धि परभावारमणं स्वरूपरमणं तदा स्यादनैकत्वानुभवः"** વસ્તુસ્વરૂપના યથાર્થ જ્ઞાનમય અનુભવની જે ઉપલબ્ધિ થઇ હોય તેના યોગે પુદ્ગલ રૂપ પરભાવમાં રમણતાનો ત્યાગ કરીને આત્મસ્વરૂપમાં રમણતા કરતાં તેના આનંદમય રસના આસ્વાદમાં જે તલ્લીનતા થવા રૂપે એકત્વનો અભેદભાવનો પ્રેમમય અનુભવ થાય તેમાં જ્ઞાનની મુખ્ય ઉપાદાન સ્વરૂપે હેતુતા રહેલી છે. અજ્ઞાનીને તેવો પ્રેમ કે અનુભવ નથીજ આવતો, આથી એમ સમજવાનું કે ચોથી ભુમિકામાં આવેલો પ્રેમયોગી સત્યજ્ઞાનના અનુભવ બળથી દેવગુરૂ ધર્મમાં અનન્ય ભાવથી શુદ્ધ પૂર્ણ પ્રેમને ભજે છે. ॥ ૩૫૯ ॥

**धर्म्ययुद्धादिकार्याणां, स्वाधिकारप्रवृत्तयः ।**
**देवगुर्वादिसंपूजा, सत्यप्रेमप्रवाहतः ॥३६०॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**—ધર્મના રક્ષણ અર્થે યુદ્ધ આદિ જે જે કાર્યો કરવાના હોય તે તે પોતપોતાના યોગ્ય અધિકારને અનુસારે સત્યપ્રેમી આત્માઓ કરે છે. તેમજ દેવપૂજા, ગુરૂપૂજા વિગેરે પણ સત્યપ્રેમના પ્રવાહથીજ ઘટે છે. ॥૩૬૦॥

**जैनेन्द्रश्रीमहावीर–धर्मचिह्नस्य धारणम् ।**
**मिथ्यात्वकुप्रवृत्तिनां, वारणं प्रेमभावतः ॥३६१॥**

**અર્થઃ**—જૈનેન્દ્ર મહાવીર પરમાત્માએ ઉપદેશ કરેલા ધર્મના ચિન્હને ધારણ કરવું. તેમજ મિથ્યાત્વ આદિ કુપ્રવૃત્તિઓનું વારણ કરવું વગેરે પ્રેમથી ચોથી ભૂમિકામાં થાય છે.

**વિવેચનઃ**—ચોથી પ્રેમ ભૂમિકામાં આવેલા પ્રેમયોગીઓ શુદ્ધ પવિત્ર પ્રેમના પ્રભાવિક ભાવથી પરમાત્મા મહાવીર પ્રભુ આદિ તીર્થંકરોથી ઉપદેશ કરાયેલા સમ્યગ્જ્ઞાન, ચારિત્ર, યોગમય ધર્મના ચિન્હોને ધારણ કરે છે. તેમજ હિંસા, અસત્ય, ચોરી, વ્યભિચાર, લડાઇ, ટંટા વગેરે અધર્મ પ્રવૃત્તિઓનું વારણ કરે છે. ॥ ૩૬૧ ॥

**देहात्मनोर्भवेद्भेदो–ज्ञानेन तत्र निश्चयः ।**
**आत्मज्ञानी भवेत्प्रेमी, देहादिभोग्यपि स्वतः ॥३६२॥**

**અર્થઃ**—આ ભૂમિકામાં જ્ઞાનવડે દેહ આત્માના ભેદનો નિશ્ચય પ્રેમયોગી આત્માને થાય છે. આવો આત્મજ્ઞાની સાચો પ્રેમયોગી થાય છે. જો કે દેહ ઇંદ્રિયોનો ભોકતા છે તો પણ સ્વતઃ ભેદજ્ઞાની થાય છે. ॥ ૩૬૨ ॥

**વિવેચનઃ**—આ ચોથી ભૂમિકામાં આવેલો પ્રેમયોગી દેહ–શરીર ઈન્દ્રિયોનો સારી રીતે ભોગવનારો હોય છે. તો પણ ગુરૂના સદ્દુપદેશ વડે સ્વપરવસ્તુનો જ્ઞાતા થાય છે, તેથી શરીર ઇંદ્રિયો, મન, પ્રાણ, કર્મ વગેરે પુદ્‌ગલના સ્વરૂપથી આત્મસ્વરૂપ ભિન્ન છે, ભિન્ન સ્વભાવવાળું છે તેમ સમજે છે. ॥ ૩૬૨ ॥

**अल्पदोषमहालाभ–पूर्वकमात्मबुद्धितः ।**
**सर्वकर्त्तव्यकार्याणां, कर्त्ता भवति निश्चयी ॥३६३॥**

**અર્થઃ**—જે પ્રેમયોગી આત્મલાભની બુદ્ધિ વડે સર્વ કરવા યોગ્ય કાર્યો કરતાં અલ્પ દોષો હોવા છતાં મહાન લાભોને જાણીને કરનારો હોવાથી તે કામમાં અવશ્ય નિશ્ચિયતાવાળો હોય છે. ॥૩૬૩॥

**વિવેચનઃ**—જે સાચા વિવેકવંત પ્રેમયોગી પુરૂષો હોય છે, તેઓ સમય, દેશ, લોક સ્વભાવને સમજનારા હોવાથી તે તે કાળને યોગ્ય હોય તેવા કાર્યોમાં જો કે આરંભને કારણે હિંસા થાતી હોય અપવાદ લાગતા હોય, વ્યવહાર ચારિત્રમાં અતિચાર લાગતા હોય તો પણ જ્યાં જે કાર્ય કરવામાં ઘણો લાભ જોવાતો હોય એટલે અલ્પદોષ અને મહાન લાભ થાય છે તેવું પોતાને વિચાર કરતાં પોતાની જ્ઞાનાનુભવ પૂર્વક બુદ્ધિમાં નિશ્ચય થતો હોય તેવાં સર્વ કર્તવ્યો–કાર્યો ધર્મશાસનની ઉન્નતિ માટે કાલિકાચાર્યની પેઠે પ્રેમયોગી મહા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુરૂષો કરે છે તેમાં શરીરનો નાશ થતો હોય અનેક વિઘ્નો દેખાતા હોય તોપણ પાછા પડતાજ નથી. ॥૩૬૩॥

**इच्छायोगस्य मुख्यत्वं, शास्त्रयोगस्य मुख्यता ।**
**आन्तराः सर्वसम्बन्धा–मुख्यभावेन रागिणाम् ॥३६४॥**

**અર્થ**:—આ ચોથી પ્રેમયોગની ભૂમિકામાં ઇચ્છાયોગ તથા શાસ્ત્રયોગની મુખ્યતા વર્તે છે તેમજ તે બે યોગની મધ્યમાં રહેલ સર્વ અનુષ્ઠાન ભાવના સંબંધો પણ પ્રેમ-યોગીઓને મુખ્યત્વે હોય છે. ॥૩૬૪॥

**વિવેચન**:—ચોથી પ્રેમયોગ ભૂમિકામાં આત્માને પરમાત્મા વીતરાગના ઉપદેશિત ધર્મ તત્વનું સમ્યગ્જ્ઞાન થયેલું હોવાથી દેવપૂજા, ગુરૂભકિત, સાધર્મિક–વાત્સલ્ય, સામાયિક, પૌષધ, અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહતા વિગેરે વ્રતો, તપ સંબંધી અનુષ્ઠાનો, ક્રોધ, માન, માયા, લોભ વિગેરેનો ત્યાગ કરવાની ભાવના, સંયમની ઇચ્છા વિગેરેની ભાવના થાય છે. તેમજ અનુભવજ્ઞાન પ્રાપ્ત કરવાની તીવ્ર અભિલાષા પણ પ્રગટ થાય છે. પણ તે કરવા પ્રવૃત્તિ કરી શકતા નથી. તેને શાસ્ત્રકારો ઇચ્છાયોગ કહે છે. પ્રેમયોગની ચોથી ભૂમિકામાં અવિરતિ સમ્યગ્દૃષ્ટિ પ્રેમયોગીને ઉપર કહ્યો તે ઇચ્છાયોગ અવશ્ય હોયજ છે. તેમજ સર્વ ઉપાદેય ભાવમય મોક્ષમાર્ગના અનુષ્ઠાનો ઉપર પ્રાપ્ત કરવાનો જે પ્રેમ તે ઇચ્છાયોગ કહેવાય છે "**कर्तुमिच्छा श्रुतार्थस्य, ज्ञानतोऽपि प्रमादतः विकलो धर्मयोगो य स इच्छायोग उच्यते ॥१॥** અર્થ:-શાસ્ત્ર કે જે વીતરાગ પ્રણિત છે તેનો જ્ઞાતા હોવા છતાં તેમજ તે ધર્માનુષ્ઠાન કરવાની ભાવના (ઇચ્છા) હોવા છતાં સંસાર ભોગની આસકિતને કારણે તપક્રિયામાં પ્રમાદને કારણે અનુષ્ઠાનમય ચારિત્ર ધર્મયોગથી વિકલ–રહિત હોય એટલે પૂર્ણરીતે ન કરતા હોય, તપ, જપ, ધ્યાન, સ્વાધ્યાય વિગેરે વંદનામાં પ્રમાદી થઇને યથાર્થ ન કરતા હોય, મનમાં ધ્યાનની સ્થિરતા ન પ્રાપ્ત કરતા હોય તેવા યોગને ઇચ્છા-યોગ જ્ઞાનીઓ કહે છે, તેનો યોગ ચોથીભૂમિવાલા પ્રેમયોગીઓને મૂખ્યતાએ વર્તે છે. આ ઇચ્છાયોગમાં સંસારના વિષયો અહિત કરનારા જાણે છે. તો પણ મોહ કે પ્રમાદના યોગે છોડી શકતો નથી, તેમજ શાસ્ત્રયોગ પણ ચોથી ભુમિમાં મુખ્યતાએ વર્તે છે. એટલે પરમાત્મા વીતરાગ સર્વજ્ઞ ભગવંતો પ્રણિત જે આગમ શાસ્ત્રો અંગ ઉપાંગ મૂલ પ્રકરણો વિગેરે દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણકરણાનુયોગ ધર્મકથાનુયોગરૂપ જે શાસ્ત્રગ્રંથોને શકિત અનુસારે ધર્માનુષ્ઠાનમાં ઉદ્યમ કરાવે, અને પ્રભુની આજ્ઞાને અનુસરવામાં આગમના બોધનો સૂક્ષ્મ ઉપયોગ રાખવા પ્રવૃત્તિ કરાવે તે શાસ્ત્રયોગ કહેવાય છે "**शास्त्रयोगस्त्विह, ज्ञेयो यथा शक्त्याऽप्रमादिनः । श्राद्धस्य तीव्र बोधेन, न वचसा, विकलस्तथा ॥१॥** અર્થ:-પ્રેમયોગની ચોથી ભૂમિકામાં વર્તતા પ્રેમયોગીને ઇચ્છાયોગ હોય છે તેમજ બીજો શાસ્ત્રયોગ હોય છે શાસ્ત્રયોગ એનેજ કહેવાય છે -શાસ્ત્ર આગમ અંગ ઉપાંગ–આદિની આજ્ઞાને અનુસારે આત્મ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકિતવડે પ્રમાદના ત્યાગ કરવાપૂર્વક દયા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય પરિગ્રહનો નિગ્રહ વિગેરે અનુષ્ઠાનોમાં જરા દોષ લાવવા દેતો નથી. આવો સૂક્ષ્મ ઉપયોગ પ્રેમયોગી આત્મા રાખે છે એટલે વ્રતધારી શ્રાવક પુરૂષો કે જે પાંચમા ગુણસ્થાનમાં વર્તે છે તેવા મહાપુરૂષો પ્રેમ યોગની ચતુર્થ ભૂમિકામાં વર્તતા જાણવા. ॥૩૬૪॥

## પ્રેમયોગની પાચમી ભૂમિકા

पंचम्यां वर्त्तते प्रेमी, श्रुतचारित्रदेशतः ।
प्रवृत्तिधर्मसंसेवी, निर्वृत्तिर्गौणभावतः ॥३६५॥

**અર્થઃ**—પાંચમી યોગભૂમિમાં પ્રેમીઓને શ્રુત અને ચારિત્ર દેશથી વર્તે છે તેમજ ધર્મની પ્રવૃત્તિને મુખ્ય સેવે છે તથા નિવૃત્તિરૂપ ચારિત્રભાવ ગૌણભાવે લેવાય છે ॥૩૬૫॥

वैरिणां प्रतिकर्मत्वं, जायते प्रेमधर्मिणाम् ।
सर्वधर्मस्य रक्षार्थं, शुद्धप्रेमोपजायते ॥३६६॥

**અર્થ**—પ્રેમધર્મીઓ ઉપર વેર કરનારા વૈરીઓનો પ્રેમથી પ્રતીકાર કરવા માટે સર્વ ધર્મોનું રક્ષણ કરવા માટે શુદ્ધ પ્રેમજ એકજ ઉપકારક થાય છે. ॥૩૬૬॥

देहेन्द्रियादि भोगानां, सौख्यस्य गौणता भवेत् ।
मैत्र्यादि भावनाः सर्वा, जायन्ते यत्र बोधतः ॥३६७॥

**અર્થઃ**—શરીર ઇંદ્રિયો આદિ જે ભોગોનાં સુખો પ્રેમયોગીઓ આ ભૂમિકામાં ગૌણ ભાવને ધરે છે, સમ્યગ્બોધવડે મૈત્રી આદિ સર્વે ભાવનાઓ જયાં પ્રગટેલી હોય ત્યાં એમજ બને છે. ॥૩૬૭॥

जैनसंघस्य वात्सल्यं, सत्यप्रेम्णा विधीयते ।
साधूनां श्रावकाणां च, वैयावृत्यं स्वभावतः ॥३६८॥

**અર્થઃ**—જૈનસંઘનું વાત્સલ્ય સાચા પ્રેમથીજ કરાય છે. તેમજ સર્વ સાધુ સાધ્વીઓનું તથા શ્રાવક શ્રાવિકાઓનું વાત્સલ્ય અને વૈયાવચ્ચ પ્રેમમય સ્વભાવથી નિત્ય થાય છે. ॥૩૬૮॥

देहिनां सर्वदोषाणां, दर्शनं च प्रकाशनम् ।
प्राणान्ते विद्यते नैव, गुणानां वर्णनं तथा ॥३६९॥

**અર્થઃ**—પ્રાણિઓના સર્વ દોષોનું દર્શન અને પ્રગટ કરવાનું પ્રેમયોગીઓને પ્રાણોનો નાશ થવાનો પ્રસંગ આવે તો પણ નથી બનતું પણ ગુણોનું વર્ણન થાય છે ॥૩૬૯॥

**વિવેચનઃ**—જે સાચા પ્રેમયોગીઓ હોય છે તેઓને એવું અનુભવજ્ઞાન પ્રગટે છે કેઃ—
“ परपरिभवपरिवादादात्मोत्कर्षाच्च, बध्यते कर्म्म नीचैर्गोत्रं प्रतिभवमनेकभवकोटिदुर्मो-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**यम् ॥१॥** અર્થઃ-અન્ય ગુણવંત કે દોષવંત ગમે તે હોય પણ તેની નિંદા કરવી અને પોતે અનેકગુણ સંપન્ન હોય તેવા ગુણોની સ્તુતિ કરવી તેથી પ્રાયઃ નીચગોત્ર કર્મ બંધાય છે અનેકભવમાં તે કર્મ ભોગવતાં દુઃખે મુકત થવાય એવા પરાભવનો હેતુ થાય છે. તેથી સાચા પ્રેમયોગી મહાપુરૂષો પ્રાણનો અંત આવવાનો પ્રસંગ દેખે તોપણ સુદર્શનશેઠની પેઠે પારકા અને શત્રુ બનેલા એવા નીચ મનુષ્યોના પણ દોષ કહેતા નથી તેમ પોતાના ગુણો અને શકિતની પ્રશંસા નથીજ કરતા પણ, " **परगुणपरमाणुपर्वतीकृत्य नित्यं** " પારકાના નાના ગુણો કે ઉપકારને મહાન માને છે પરમાણું જેવા ગુણને પર્વતસમાન દેખે છે, પ્રેમયોગી આત્મપ્રશંસા કે પરદોષ નિંદાનો સર્વથા ત્યાગ કરે છે ॥૩૬૯॥

**प्रारब्धकर्मभोक्तृत्वं, यमादीनां प्रपालनम् ।**
**स्वार्पणं जैनधर्माय, देवाय गुरवे तथा ॥३७०॥**

**અર્થ**:—પ્રારબ્ધ-ઉદયમાં આવેલા કર્મને પ્રેમિ જીવાત્માઓને ભોક્તૃત્વ સમભાવે હોય છે તેમજ યમાદિનું પાલનપણું પણ સમભાવે હોય છે. જૈનધર્મમાટે આત્માનું સર્વસ્વઅર્પણ કરવાપણું તેમજ દેવગુરૂમાટે અર્પણપણું હોય છે. ॥૩૭૦॥

**जैनधर्मस्य स्वीकारः, स्वात्मभोगेन पालनम् ।**
**जैनधर्मप्रचाराय, कलौ प्राणादिदानता ॥३७१॥**

**અર્થ**:—જૈનધર્મનો સ્વીકાર કરવો અને તેનું યથાર્થરૂપે પાલન કરવું તે આત્માને સર્વસ્વનો ભોગ આપીને કરી શકાય છે, આ કલિકાલમાં પ્રાણાદિનું દાન કરીને જૈનધર્મનો પ્રચાર પ્રેમયોગીઓ કરી શકે છે ॥૩૭૧॥

**प्रशस्याचारनीत्यादि-पालनं शास्त्रयुक्तितः ।**
**देवगुर्वादिसंसेवा, वर्णधर्मादिपालनम् ॥३७२॥**

**અર્થ**—શાસ્ત્રની આજ્ઞાપ્રમાણે પ્રશસ્ય આચાર નીતિ ન્યાય આદિ વ્યવહારનું પાલન કરવું. દેવ ગુરૂ ધર્મ આદિની સારી રીતે સેવા કરવી અને વર્ણ ધર્મ આદિનું પાળવું તે પ્રેમયોગીનું કર્તવ્ય છે. ॥૩૭૨॥

**नामरूपादि संमोहो-धर्म्यकामोदयस्तथा ।**
**देहात्माध्यासताकिञ्चित्, कषायाणां समुद्भवः ॥३७३॥**

**અર્થ**:—નામરૂપ આદિનો મોહ પણ કાંઇક અહિંયાં હોય છે. ધર્મ્ય કામોદય પણ કાંઇક હોય છે તેમજ દેહનું મમત્વપણ કાંઇક હોય છે તેમજ કષાયોનો ઉદય પણ વર્તે છે. ॥૩૭૩॥

**વિવેચનઃ**—આ પાંચમી પ્રેમયોગની ભૂમિકામાં વર્તતો પ્રેમયોગી "**परार्थरसिको धीमान्, मार्गगामी महाशयः ॥ गुणरागी तथेत्यादि, सर्वं तुल्यं द्वयोरपि ॥१॥** તે પ્રેમયોગી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહાન બુદ્ધિવંત હોવા છતાં પારકા કામ કરવામાં-પરોપકારમાં રસવાલા હોય છે, મહાન પ્રભાવક હોવા છતાં ગુણાનુરાગવાલો ગુણોની પ્રશંસા કરનાર હોય છે. તેમજ સર્વ પ્રકારે બોધિસત્વ અને સમ્યગ્દૃષ્ટિરૂપ આત્મગુણોનો વિકાસ પણ સરખો હોય છે. ॥૩૭૩॥

**सत्यप्रेमोदयो यत्र, प्रेमिणां हि परस्परम् ।**
**भवेद् बुद्धिः स्थिरा शुद्धा, परात्माभिमुखा जनाः ॥३७४॥**

**અર્થ:**—જે પ્રેમની પાંચમી ભૂમિકામાં પ્રેમીઓને પરસ્પર સત્યપ્રેમનો ઉદય થાય છે, ત્યાં શુદ્ધતાયુક્ત સ્થિર એવી બુદ્ધિ પ્રગટે છે અને તે પ્રેમયોગીને બુદ્ધિવડે પરાબુદ્ધિ તરફ ગમન કરતી થાય છે. ॥૩૭૪॥

**व्यवहारिकसम्बन्धे, शुद्धप्रेम प्रजायते ।**
**काम्या भवन्ति निष्काम्याः, पदार्था यत्र वस्तुतः ॥३७५॥**

**અર્થ:**—પ્રેમયોગના અભ્યાસીઓને જે લૌકિક વ્યવહાર સંબંધથી પ્રેમ થાય છે તે પણ શુદ્ધપ્રેમસ્વરૂપે પ્રગટ થાય છે. કામ્ય પ્રેમપણ નિષ્કામ્ય પ્રેમમાં પરાવર્તન પામે છે, પદાર્થો પૂર્વે જે કામ્ય લાગે છે તે પણ નિષ્કામ્ય લાગે છે. ॥૩૭૫॥

**प्रेमाऽस्ति निन्दके नैव, न तथा दोषदर्शिषु ।**
**निर्दयेषु न वै प्रेम, तथा प्रेमविरोधिषु ॥३७६॥**

**અર્થ:**—પ્રેમરૂપ આત્મ પરિણામ નિંદા કરનારામાં નથીજ હોતો, તેમજ દોષ દેખવાના સ્વભાવવાળામાં પણ પ્રેમનો અભાવજ હોય છે નિર્દય મનુષ્યોમાં પણ નથી હોતો તેમજ પ્રેમના વિરોધિઓમાં પણ તેનો અભાવજ હોય છે. ॥૩૭૬॥

**गुरुशिष्यादिसम्बन्धाः, सत्यप्रेममयाः शुभाः ।**
**पितृपुत्रादिसम्बन्धाः, परस्परोपकारकाः ॥३७७॥**

**અર્થ:**—વ્યવહારમાં ગુરૂ શિષ્યાદિકોના જે સંબંધો બંધાયા હોય છે. તે સત્યપ્રેમમય હોય તોજ સુખને આપનારા થાય છે અને તે શુભ સમજવા. તેમજ પિતા પુત્રાદિના સંબંધો પણ પરસ્પર ઉપકારક થાય છે. ॥૩૭૭॥

**त्यागिनां गृहिणां धर्माः, सत्यप्रेममयाः सदा ।**
**सदाचारः स्वभावेन, दयादानप्रवृत्तयः ॥३७८॥**

**અર્થ:**—ત્યાગીસાધુઓ અને ગૃહી-ગૃહસ્થોના જે ધર્મો છે તે સર્વે સત્યપ્રેમથી યુક્ત હોય છે તેથી સદા સર્વદા સ્વાભાવિક રીતે સારા ઉંચકોટિના આચારો તેમજ દયાદાન આદિ વ્યવહાર પ્રવૃત્તિ પ્રેમમય સદા હોય છે. ॥ ૩૭૮ ॥

**आत्मवत्सर्वजीवेषु, सत्यप्रेमोद्भवो भवेत् ।**
**आत्मा विश्वमयः प्रेम्णा, भाति यत्र स्वभावतः ॥३७९॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**:—જ્યારે પોતાના આત્માના સમાન સર્વ જીવો પ્રત્યે સત્ય પ્રેમનો ઉદ્દભવ થાય છે ત્યારે આત્મા વિશ્વવ્યાપક પ્રેમી થઇને સ્વગુણમય સ્વભાવથી શોભે છે. ॥ ૩૭૯ ॥

**सोऽहं सोऽहं भवेत् साऽहं, प्रेमिणां च परस्परम् ।**
**सर्वभोगेषु निर्लेपः, सत्प्रेमी सर्वकर्मकृत् ॥३८०॥**

**અર્થ**:—સોડહં તેજ હું તેજ હું તેવા જાપવડે પ્રેમીજનોનું પરસ્પર એકત્વ–તે અને હું એક અભેદ છીએ એવું અનુભવવામાં આવે છે, આવો સત્ય પ્રેમિઆત્મા સર્વ ભોગમાં નિર્લેપ હોવાથી સર્વ કાર્ય કરવા સમર્થ બને છે. ॥ ૩૮૦ ॥

:**વિવેચનઃ**—**सोऽहं सोऽहं** એવા પ્રકારના મંત્રમય જાપથી તે પરમાત્મા હું જ છું એવો જેમ અનુભવ થાય છે તેવીજ રીતે સર્વ જગતમાં રહેલા જે જે આત્મા હોય તે પ્રત્યે પણ સોડહં તે અને હું અભેદભાવે છીએ તેનું અને મારૂં ચૈતન્ય સમાનભાવે કથંચિત્ અભેદભાવે એક રૂપજ છે એવો સર્વ પ્રેમીજનોને પરસ્પર પ્રત્યક્ષભાવે અભેદભાવનો અનુભવ પ્રેમબલથી થાય છે. આવો અનુભવ પાંચમીભૂમિમાં આવેલા સમ્યગ્દૃષ્ટિ આત્માનેજ થાય છે તે પૂર્વનીભૂમિકાના પ્રેમિઓને નથી હોતો.

## છઠ્ઠી પ્રેમભૂમિકા

**षष्ठ्यां पूर्णं भवेत् प्रेम, निर्दोषं च मनः सदा ।**
**शुद्धात्मबोधरूपं हि, शुद्धप्रेमैव गीयते ॥३८१॥**

**અર્થ**:—છઠ્ઠી પ્રેમભૂમિકામાં પૂર્ણ શુદ્ધપ્રેમ પ્રગટ થાય છે ત્યાં મનઃ સર્વદા–સદા શુદ્ધ નિર્દોષ રહે છે. તે પ્રેમ શુદ્ધ આત્મસ્વરૂપના બોધમય છે એમ પૂજ્યો જણાવે છે. ॥ ૩૮૧ ॥

**વિવેચનઃ**—હવે પ્રેમની પાંચમી ભૂમિકા સુધી પ્રેમ અશુદ્ધતા યુક્ત હોય છે કારણ કે ત્યાં લગી કામ્યભાવનો અંશ રહેલો હોવાથી સ્વાર્થતા કાંઇક અંતઃકરણમાં રહે છે. ત્યારે આ છઠ્ઠી પ્રેમયોગની ભૂમિકામાં જ્યારે પ્રેમયોગી અભ્યાસના બળથી આત્મતત્વની શુદ્ધિ કરતો કરતો આવે છે ત્યારે છઠ્ઠીમાં સર્વ વિષયવાસના લોકૈષણા વગેરે અશુદ્ધતાનો સર્વથા ક્ષય થવાથી પૂર્ણ શુદ્ધ અને દોષરહિત કપટ શલ્યરહિત પ્રેમ અભેદભાવે પ્રેમયોગીને પ્રગટ થાય છે, ત્યાં મન સંકલ્પ વિકલ્પ વિનાનું રાગદ્વેષના અભાવવાળું થાય છે, **रागादिभिरनाक्रान्तं, क्रोधादिरदूषितम् ॥ आत्मारामं मनःकुर्वन्निर्लेपः सर्वकर्मसु ॥४॥ विरतकामभोगेभ्यः स्वशरीरेऽपि निःस्पृहः । संवेगह्रदनिमग्नः समतां सर्वत्र श्रयन् ॥५॥** તે પ્રેમયોગી છઠ્ઠી ભૂમિકામાં આવેલ હોવાથી, રાગદ્વેષ આદિથી રહિત હોવાથી, ક્રોધાદિ કષાયોથી દુષિત નથી હોતો. તેનું મન માત્ર આત્માની રમણતામાં લાગેલું હોવાથી સર્વજગતના કર્મોથી સર્વથા શુભાશુભભાવોથી સંપૂર્ણ નિર્લેપ રહેલું હોય છે, સર્વ કામભોગની વાસનાથી અને શરીરની સ્પૃહાથી તેમનું મન સર્વથા વિરામ પામેલું હોય છે માત્ર એ સંવેગથી હૃદયવ્યાપક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોવાથી સર્વત્ર સર્વ જીવાજીવ પદાર્થ પ્રત્યે અનુકુળ પ્રતિકુળ વિષયો પ્રત્યે સમાનભાવવાળું રહેલ હોય છે, તેવા મહાન પ્રેમયોગીશ્વરોનો એક આત્મસ્વરૂપના શુદ્ધ બોધમાં રમણુસ્વરૂપ એવો જે સ્વભાવ તે જ આ છઠ્ઠી પ્રેમભૂમિકાનો શુદ્ધ પ્રેમજ છે એમ પરમપૂજ્ય તીર્થેશ્વરો કહે છે. ॥ ૩૮૧ ॥

**प्रेमरूपं जगत् सर्वं, शुद्धप्रेम्णा प्रभासते ।**
**यत्र वैरी न वैरं न, प्रेमिषु नैव भेदता ॥३८२॥**

**અર્થ:**—જ્યાં આત્માઓમાં પરસ્પર વૈરી નથી તેમજ અંતઃકરણમાં વૈર નથી તેવા પ્રેમીઓ વડે સર્વ જગત શુદ્ધ પ્રેમના પ્રભાવથી પ્રેમ સ્વરૂપે અનુભવાય છે પ્રેમીઓમાં ભેદતા નથી હોતી. ॥૩૮૨॥

**दोषा यत्र न भासन्ते, शुद्धप्रेमप्रवाहतः ।**
**अहिंसादिगुणा यत्र, पूर्णरूपाः स्वभावतः ॥३८३॥**

**અર્થ:**—જ્યાં જીવોમાં રહેલા દોષો શુદ્ધ પ્રેમના પ્રવાહને કારણે નથી દેખાતા ત્યાં અહિંસાદિ ગુણો પૂર્ણસ્વરૂપે સ્વસ્વભાવથી અનુભવાય છે ॥૩૮૩॥

**यत्रात्मा परमात्माऽस्ति, शक्तिव्यक्तिमयो महान् ।**
**निरञ्जनं निराकार–मात्मतत्त्वं प्रभासते ॥३८४॥**

**અર્થ:**—જ્યાં આત્મા તે પરમાત્મા છે તેવો અનુભવ થાય છે એટલે સ્વશકિત સ્વરૂપે અને આત્મવ્યકિત સ્વરૂપે મહાન આત્મસ્વરૂપનો અનુભવ થાય ત્યારે નિરંજન નિરાકાર એવું આત્મસ્વરૂપ પ્રત્યક્ષ અનુભવાય છે ॥૩૮૪॥

**आत्मदृष्टिर्भवेन्मुख्या, व्यापकप्रेमयोगिनाम् ।**
**धारणाध्यानलीनानामुन्मनीभावमुख्यता ॥३८५॥**

**અર્થ:**—વ્યાપક પ્રેમયોગીઓને મુખ્યતાએ જ્યારે સંપૂર્ણ શુદ્ધ આત્મભાવની દૃષ્ટિ પ્રગટે છે ત્યારે તે યોગીઓ ઉન્મનીભાવની મુખ્યતાવડે તેઓ ધ્યાનવડે ધ્યેયમાં ધારણા સાથે લીન બને છે.

**नरो नैव तथा नारी, जातिर्नैव च पौद्गली ।**
**अरूपोऽस्ति स्वयंशुद्धः, देहस्थोऽपि न देहवान् ॥३८६॥**

**અર્થ:**—આત્મા નરમાત્ર છે તેમ નથી, નારીમાત્ર પણ નથી, જાતિ રૂપ નથી, તેમજ પુદ્‌ગલ સ્વરૂપ પણ આત્મા નથી પણ આત્મા અરૂપી અને સ્વયંશુદ્ધ છે, દેહમાં વસે છે તોપણ દેહી (દેહનો સ્વામિ) નથી ॥૩૮૬॥

**વિવેચન:**—આત્મા એટલે જીવ તે એક નર–પુરૂષ સ્વરૂપ માત્ર છે એમ નથીજ, ત્યારે સ્ત્રી–નારી સ્વરૂપેજ છે એમ પણ નથી જો પુરૂષમાત્ર જીવાત્મા હોય તો નારી અજીવ કહેવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પડે. નારી માત્રજ જીવ હોય તો પુરૂષોને જીવાભાવવાલા માનવા પડે. નપુંસકપણું આત્માનું સ્વરૂપ નથી. આ ત્રણે વસ્તુ નિશ્ચયથી જોતાં આત્માના શુદ્ધ સ્વરૂપથી પર છે. નરત્વ, સ્રીત્વ, નપુંસકત્વ એ પુદ્દગલના વિકારી ભાવો છે આત્માના અશુદ્ધ ભાવમય કર્મ બંધનવડે ગ્રહણ કરાયેલા તેવા પ્રકારના શરીરના વિકારીભાવો છે. આત્મા તેથી અન્ય સ્વભાવવંત હોવાથી અન્યજ છે. પુદ્દગલ સ્વરૂપ ન હોવાથી પુદ્દગલ સ્વરૂપમય નરનારી નપુંસકરૂપ નથી, તેમજ તે આત્મા કુલ, જાતિ, જ્ઞાતિ, રૂપ પણ નથી, આત્માસ્વયંશુદ્ધ નિશ્ચયનયે સહજભાવે શુદ્ધ છે. **अहंमिक्को खलु सुद्धो निम्मओ नाणदंसणसम्मग्गओ तम्मि ठिओ तच्चित्तो सव्वे एए खयं नेमि** ॥१॥ અર્થ:–હું એક આત્મ સ્વરૂપે નિશ્ચયથી શુદ્ધ છું, નિર્મળ છું, જ્ઞાન, દર્શન–સમ્યક્ત્વયુક્ત ચારિત્ર અને આણંદમય છું, તે ભાવમાં સ્થિર થયો છતાં આ સર્વ બાહ્ય ભાવો કર્મસંયોગથી આવેલા છે તે અજ્ઞાન મિથ્યાત્વ કષાય અશુભયોગ વિગેરેનો ક્ષય કરીશ, તે કારણે જો કે હું શરીર–દેહમાં રહેલો હોવા છતાં સર્વદા અનાદિ અનંતભાવે દેહવાલો નથી. આત્મસ્વરૂપ જ્ઞાનદર્શન ચારિત્રયોગને ક્ષાયિકભાવે પ્રાપ્ત કરીને સર્વ બાહ્ય ભાવનો ત્યાગ કરનારો આ આત્મા શરીરમાં રહ્યો છતો પણ દેહી રૂપે નિત્ય નથી, તેમજ સર્વે ભવ્યાત્માઓ પણ એવાજ સ્વભાવવાળા હોવાથી તારા બંધુઓ છે. તેમ તારે પ્રેમભાવથી જાણવું. આવો આત્મભાવનો પ્રેમ સર્વ આત્માઓ સાથે છઠ્ઠી ભૂમિકાવાલા પ્રેમયોગીઓને હોય છે ॥૩૮૬॥

**कर्मबन्धो भवेन्नैव, कृतेषु सर्वकर्मसु ।**
**भवे मुक्तौ समा बुद्धिः, समप्रेमस्त्वभावतः ॥३८७॥**

**અર્થ:**—સાચા પ્રેમયોગીઓને આવશ્યક પ્રયોજન પડે પ્રાણિઓના હિતમાટે સર્વ કાર્યો કરવા છતાં કર્મ બંધ નથી જ થતો. કારણ કે સમભાવવાલા પ્રેમસ્વભાવથી ભવ અને મુકિતમાં સમાનવૃત્તિ તેઓને હોય છે તેથી કર્મ બંધ નથી લાગતો ॥૩૮૭॥

**अन्तर्बहिर्महावीरः, शुद्धप्रेम्णैव दृश्यते ।**
**महावीरमयं विश्वं, यत्र तत्र प्रदृश्यते ॥३८८॥**

**અર્થ:**—અંતર દૃષ્ટિ અને બાહ્યદૃષ્ટિથી ભગવાન મહાવીરપ્રભુને જે આત્મા શુદ્ધ પ્રેમ વડે જોઇ શકે છે તે પ્રેમયોગી મહાત્માઓ જ્યાં જ્યાં દૃષ્ટિ કરે ત્યાં ત્યાં સર્વ વિશ્વ તે મહાવીરમય જોઈ શકે છે. ॥ ૩૮૮ ॥

**વિવેચન:**—સાચા પ્રેમયોગી મહાનુભાવો પરમ વિશ્વોપકારી ભગવાન મહાવીર દેવ પરમાત્માને અંતર દૃષ્ટિથી તેમના આત્મસ્વરુપને બ્રહ્મસ્વભાવે જ્ઞાનદર્શન આનંદ (ચારિત્ર) વીર્ય ઉપયોગ રૂપે અનુભવ કરીને શુદ્ધપ્રેમથી જોઇ શકે છે. "**परमात्मा परंज्योतिः परमेष्ठिनिरंजनः अजः सनातनः शंभुः स्वयंभू जयताज्जिनः ॥ नित्यविज्ञानमानन्दं ब्रह्म यत्र प्रतिष्ठितं शुद्धबुद्धस्वभावाय नमः तस्मै परमात्मने** ॥२॥ પરમ શ્રેષ્ઠ આત્મા કે જે પરમ અ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂર્ણ જ્યોતમય છે, તેવા મુખ્ય પરમેષ્ઠી અને વર્ણ ગંધાદિપૂદ્ગલભાવથી રહિત, નિરંજન છે. તેમજ જન્મમૃત્યુથી રહિત અજન્મ-અજ છે. તેમજ પૂર્ણપવિત્ર અને સર્વ સુખકલ્યાણ ને આપનારા સ્વયંભુ છે. કોઈ પણ વ્યકિતથી ઉપજેલા નહિ એવા નાનાસ્વરૂપે સ્વશકિતથી પૂર્ણભાવે પ્રગટ થયેલા એવા વીતરાગ જીનેશ્વરો જયવંતા વર્તો તેમજ નિત્ય નિરંતર જ્ઞાનદર્શન રૂપ વિજ્ઞાનમય અને આત્મસ્વરૂપમાં રમણતા રૂપ ચારિત્રમય આનંદસ્વરૂપ શુદ્ધ પરબ્રહ્મ જ્યાં સ્વભાવે પ્રતિષ્ઠિત થયેલું છે તેવા અને શુદ્ધજ્ઞાન એટલે બોધસ્વભાવવાળા વીર પરમાત્માને નમસ્કાર થાવ, તેનું મને અંતરભાવે દર્શન થાઓ. તેથી હું જગતનો ગુણાનુરાગી થાઉં એટલે પૂર્ણ પ્રેમવાળો થાઉં, એમજ બાહ્યદષ્ટિથી જે સાત હાથ ઉંચા કંચનવાન શરીરને ધરનારા, ચોવીશ અતિશયવંત જેમના વચનો શ્રવણ કરતાં જગતના આધિ વ્યાધિ ઉપાધિ નાશ પામે છે તેવા વીર પરમાત્માની મૂર્તિને જેમણે શુદ્ધ પ્રેમવડે દર્શન કર્યાં છે. એવા પ્રેમભાવમય યોગીઓ સર્વ જગતને પરમબ્રહ્મ મહાવીરમય જુવે છે. જ્યાં જ્યાં દષ્ટિ કરે ત્યાં ત્યાં પરમાત્મા રૂપે પ્રત્યક્ષભાવે દેખે છે. ॥ ૩૮૮ ॥

**आत्मैव श्रीमहावीर, आत्मना परिवेद्यते ।**
**शुद्धात्ममग्नतायोगा-दानन्दो हृदि जायते ॥३८९॥**

**અર્થ:**—આત્મા તેજ શ્રીમહાવીર પરમાત્મા છે તેને આત્માવડે જાણી શકાય છે, એટલે શુદ્ધ આત્મભાવમાં મગ્ન થવાથી હૃદયમાં આનંદનો અનુભવ પ્રેમયોગીઓને થાય જ છે. ॥ ૩૮૯ ॥

**વિવેચનઃ**—આ પ્રેમયોગીની છઠ્ઠી ભૂમિકામાં પ્રાપ્ત થયેલો મહાનુભાવ પ્રેમયોગી આત્મામાં સત્તાએ જે ચૈતન્ય રૂપ જ્ઞાનાદિ ગુણો અપ્રગટ રહેલા છે, તેજ ગુણો પરમ-પુરૂષોત્તમ-મહાવીરદેવમાં ઘાતક આવરણો નષ્ટ થયેલાં હોવાથી પ્રગટભાવે અનુભવાય છે, તેથી આત્મા તેજ શ્રી મહાવીર પરમાત્મા છે. આત્મા પોતાનાજ યોગ્ય પ્રયત્નથી **जीवो वै शिवो जायते**" આત્મા તેજ પરમાત્મા થાય છે તેમ જે આત્મા અનુભવથી જાણે છે તે પરમ પ્રેમયોગીમહાશય શુદ્ધાત્મ સ્વરૂપમાં મગ્નતા પ્રાપ્ત થવાથી હૃદયમાં પરમાનંદનો પૂર્ણ લાભ મેળવે છે **"यस्य ज्ञानसुधासिंधौ परब्रह्मणि मग्नता । विषयान्तरसंचारो हलाहलोपमः ॥२॥** જે પ્રેમયોગી આત્મા સમ્યગ્જ્ઞાન રૂપ અમૃતસમુદ્રમાં મગ્ન થયો છતો પરબ્રહ્મના ગુણાસ્વાદનો અનુભવ કરતો છતો જે પરમાનંદનો અનુભવ કરે છે તેને છળપ્રપંચવાદ કે ઇંદ્રિયભોગોમાં ગમન કરવું તે ભયંકર વિષયનું પાન કરવા જેવું દુઃખ ઊપજાવે છે. આત્મરમણતા રૂપ પરમાત્મા મહાવીરદેવના સ્વરૂપને આત્મસ્વરૂપનો મુકાબલો કરતા પૂજ્ય ભાવે પરમાનંદનો અપૂર્વ આનંદ પ્રેમીને થાય છે. ॥ ૩૮૯ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**आत्मन आन्तरक्रीडा, बुद्ध्यादिवृत्तिभिः सह ।**
**यत्रानुभूयते प्रेम्णा, तत्र दुःखस्य नाम किम् ॥३९०॥**

**અર્થ**—જ્યાં આત્મા આત્માની અંતરવૃત્તિવાળી બુદ્ધિ અનુભવ વડે આંતરવૃત્તિવાળી આત્મક્રીડામાં રમી રહ્યા હોય છે ત્યાં દુઃખનું નામ કે નિશાન કેમ હોય ? ॥૩૯૦॥

**વિવેચન**—જ્યાં આત્મપ્રદેશમાં પ્રેમયોગીઓ આત્મસ્વભાવના અનુભવવાળી બુદ્ધિથી યુક્ત પરિણામભાવવાળી વૃત્તિઓ વડે સચ્ચિદાનંદસ્વરૂપ આત્મભાવની આંતરિક રમણતામાં રમતા-ક્રીડતા હોય તેને પુદ્‌ગલભાવના-ઇંદ્ર ચંદ્ર નાગેંદ્રના ક્રિડાભુવનો અને સ્ત્રીના ચંચલ-સ્વભાવવાલા વિષયના સુખોમાં સુખની વૃત્તિ કદાપિ જાગે ? તેમાં તો તેને કિંપાક ફળના આસ્વાદનો અનુભવ થયો છે તેથી આત્મરમણની ક્રીડામાં જ શુદ્ધ પ્રેમથી રમતા છતાં શુદ્ધાત્માનો એકાંત નિર્દ્વંદ્વ આનંદ અનુભવે છે, તેથી ત્યાં તે યોગીઓના આત્મપ્રદેશમાં એકાદ પ્રદેશે પણ શું દુઃખનો અનુભવ આવે છે ? નથી જ આવતો. દુઃખના નામની સ્મૃતિ પણ તેવા પ્રેમયોગીને પ્રાપ્ત નથીજ સંભવતી. **स्वभावसुखमग्नस्य, जगत्तत्वावलोकिनः कर्तृत्वं नान्यभावानां, साक्षित्वमवशिष्यते ॥१॥** જે આત્મા પોતાના જ્ઞાનદર્શન અને ચારિત્રાનંદ સ્વભાવમય સુખમાં મગ્ન થઇ રમણતા કરતાં જગત્‌ના તત્ત્વ સ્વરૂપને જ્ઞાનવડે અવલોકતા છતાં તેમાં પોતાનું કર્તૃત્વ ધરતા નથી. માત્ર શુભાશુભ અનુભવમાં સાક્ષિ માત્ર હોય છે, તેથી દુઃખનો અનુભવ તે પ્રેમયોગીને નથી હોતો શરીરમાં વેદના ભોગવાતી હોય તેમાં પણ પ્રત્યક્ષભાવે માત્ર સાક્ષિભાવને ભજે છે. પોતાનું તેમાં તેઓ માનતાજ નથી. ॥૩૯૦॥

**दोषत्वं नैव कुत्राऽपि, दृश्यतेऽत्र स्वभावतः ।**
**दोषत्वं च गुणत्वं च-आपेक्षिकं न वस्तुतः ॥३९१॥**

**અર્થ**—આવા પ્રેમયોગિજનો કોઇ પણ સ્થાને દોષત્વ નથી જોઇ શકતા, વસ્તુઓના સ્વભાવને કારણે તેવા રૂપે થાય છે તેથી દોષપણું કે ગુણપણું વસ્તુઓમાં અપેક્ષાએ મનાય છે તેજ વાસ્તવિક છે. ॥૩૯૧॥

**गुरुशिष्यादिभेदस्तु, किञ्चिन्नैवात्र विद्यते ।**
**शुद्धप्रेमपरब्रह्म, सर्वत्रैकं प्रकाशते ॥३९२॥**

**અર્થ**—ગુરૂ અને શિષ્યાદિનો ભેદ આ પ્રેમયોગની ઉંચી ભૂમિકામાં જરાપણ નથી હોતો. શુદ્ધ પ્રેમરૂપ પરમબ્રહ્મ સર્વત્ર એક સ્વરૂપતાનો પ્રકાશ કરે છે. ॥૩૯૨॥

**एक एव महावीरो-जिनेन्द्रः परमेश्वरः ।**
**महाभक्तस्य हृद्येव, भाति विश्वमयः प्रभुः ॥३९३॥**

**અર્થઃ**—એકજ મહાવીર પરમાત્મા જીનેશ્વર પરમેશ્વર મહાભક્તના હૃદયમાં વસતા હોવાથી તે પ્રેમયોગી ભક્ત પરમાત્માને આખા વિશ્વમાં વ્યાપેલ પ્રેમ બ્રહ્મરૂપે જુવે છે. ॥૩૯૩॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વિવેચનઃ**—છઠ્ઠી પ્રેમભૂમિકામાં વર્તતા સાચા શુદ્ધ પ્રેમયોગીઓને હૃદયમાં એકજ ભગવાન મહાવીરદેવ તીર્થંકર પરમેશ્વર વસેલા હોય છે. એટલે સંપૂર્ણ પૂર્ણ પ્રેમયોગીંદ્ર મહાવીર જેવા ભૂતકાળના સર્વ વીતરાગ પરમાત્મા સમજવા. "**जो जाणई अरिहंते दव्वगुण पज्जवेहिं, सो जाणई अप्पाणं, मोहो खलु जाइ तस्स लयं ॥१॥** જે યોગી પુરૂષ એક મહાવીર પરમાત્મા અરિહંત ને દ્રવ્યગુણ પર્યાયની વિવક્ષા વડે અનુભવથી જાણે છે. તે સર્વ ભૂત ભાવિ વર્તમાનમાં થયેલા અરિહંતોને પણ યથાસ્વરૂપે જાણે છે. આમ સર્વ પદાર્થોને પણ તેના દ્રવ્યગુણ પર્યાયથી યુક્ત યથાર્થ સ્વરૂપે જાણે છે, તેમજ આત્માના સ્વરૂપને પણ જાણે છે. "**जो एगं जाणई सो सव्वं जाणई**" એક મહાવીર પરમાત્માના સ્વરૂપને જાણ્યા પછી તે જીવ દ્રવ્ય સ્વરૂપની પારિણામિક ભાવની વૃત્તિથી આત્માને પણ જાણે છે. તેથી મહાવીર આદિ સર્વ તીર્થંકરો, ગણધરો, કેવલીઓ અને સિદ્ધ પરમાત્માઓના સ્વરૂપને જાણનારા તે મહાન ભક્તો થાય છે. તેવા આત્મસમર્પણ કરનારા ભક્તોના હૃદયમાં ભગવંતોના સ્વરૂપો પ્રતિબિંબિત થયેલા હોય છે. તેથીજ સર્વ જગતના આત્માઓ પ્રત્યે તે ભક્તોને સ્વાત્મવત્ પ્રેમ પ્રકાશમાન થાય છે. તેમજ રાગ, દ્વેષ, કામ, ક્રોધ, માન, માયા, લોભ, ઈર્ષા વિગેરે મોહાદિક દોષો તે ભક્તોના લય–નાશ પામે છે અને તેઓ સર્વ વિશ્વને પરમાત્મા સમાન જાણે છે. અભેદભાવે તેમની આત્મદૃષ્ટિ થયેલ હોવાથી અદ્વૈતભાવે પ્રેમમય જગતને જાણે છે. ॥૩૯૩॥

**शुद्धप्रेम्णा महावीरः, शुद्धात्मैव स्वयं भवेत् ।**
**अप्रमत्तः सदा जाग्रत्, ज्योतिषां द्युतिभास्करः ॥३९४॥**

**અર્થઃ**—જેમ શુદ્ધપ્રેમથી ભગવાન્ મહાવીર શુદ્ધાત્મસ્વરૂપને પ્રાપ્ત થયા છે. તેમ સર્વ પ્રેમયોગીઓ શુદ્ધપ્રેમના બળવડે પોતાના સહજભાવે મહાવીર બને છે અને અપ્રમત્ત ભાવે સર્વદા જાગતા છતાં જ્યોતિષોમાં સૂર્ય સમાન પરમશોભાને પ્રાપ્ત થાય છે. ॥૩૯૪॥

**વિવેચનઃ**—જેવી રીતે સર્વ વીતરાગ ભગવંતો અને ભગવાન્ મહાવીર દેવ શુદ્ધ નિર્વિકારી પ્રેમયોગના બળથી સર્વ જગતને પરમ સુખી કરવાની મૈત્રી ભાવમય ધ્યાનબલે શુદ્ધાત્મ સ્વરૂપ એવંભૂત નયની અપેક્ષાથી ભાવપૂર્ણ મહાવીર થયા. તેમ સાચા પ્રેમ યોગીઓ અપ્રમત્તભાવે સર્વદા જાગતા છતાં કામક્રોધાદિ બાહ્ય અભ્યંતર આત્મવૈરીઓનો નાશ કરી શુદ્ધાત્મ ભાવમય પૂર્ણ પ્રેમને પોતાના સ્વયં વીર્યના ઉલ્લાસથી પ્રાપ્ત કરે છે. **आत्मानमात्मना वेत्ति मोहत्यागान् यदात्मनि । तदेव तस्य चारित्रं तज्ज्ञानं तच्च दर्शनम् ॥१॥** મોહનો ત્યાગ કરવાથી આત્મા સ્વયં પોતાની શક્તિથીજ પોતાના સ્વરૂપને જાણે છે. જેમ કે જગતના સર્વ પદાર્થોને જાણવામાં બીજા પ્રકાશની જરૂર પડે છે, પણ સૂર્યાદિક જ્યોતિઓ સ્વયં પ્રકાશક હોવાથી તેમને અન્ય પ્રકાશની જરૂર પડતી નથી. તેવીજ રીતે જ્યાં સુધી મોહાદિ કર્મનો અવરણરૂપ પડદો હોય ત્યાં લગી આત્મા પોતાને જાણતો નથી–જોઇ શકતો નથી. તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે ગુરૂરૂપ દીપકનું આલંબન લેવું પડે છે. તેમજ ગુરૂની ઉપાસના કરતાં ને સમ્યગ્જ્ઞાન દર્શન ચારિત્રની આરાધના કરતાં વીતરાગ પરમાત્માના સ્વરૂપનો સાચો બોધ થાય છે. તેમનું ધ્યાન કરતા મોહાદિક કર્મનો ક્ષય થવાથી પૂર્ણ પ્રેમયોગના બલથી શુદ્ધાત્મવીર્યોલ્લાસ વડે આત્મા પોતે શુદ્ધાત્મ સ્વરૂપ મહાવીર થાય છે અને કોટિ સૂર્ય સમાન પ્રભાપૂર્ણ પરમાત્મા રૂપે દીપે છે. ॥૩૯૪॥

आचाराणां विचाराणां, नैयत्यं नैव वर्तते ।
सर्वं कर्त्तुमकर्त्तुं यः, समर्थो जिनरागवान् ॥३९५॥

**અર્થઃ**—જે પ્રેમયોગી વીતરાગ પરમાત્મા પ્રત્યે પૂર્ણ પ્રેમવાન હોય, તેઓને આચાર તથા વિચારોનું એક ધારૂં પ્રવર્તન નથીજ હોતું કારણ કે તે સર્વ કાર્યો કરવા કે ન કરવામાં સ્વયં સમર્થ છે. ॥૩૯૫॥

**વિવેચનઃ**—જે પ્રેમયોગી મુનીશ્વરો છે. તે જીનેશ્વર પરમાત્મામાં અનન્ય શ્રદ્ધા, વિશ્વાસ, પ્રેમ, ભક્તિયુક્ત ગુણાનુરાગ ધરાવે છે. આવા શુદ્ધ પ્રેમયોગીઓ પ્રેમયોગની છઠ્ઠી ભૂમિકામાં પૂર્ણ રીતે આવેલા જાણવા. તેઓ સર્વ ઇંદ્રિયો મન અને શરીરના વિકારી ભાવોને સર્વથા દુર કરી કષાયો ઉપર પૂર્ણ વિજય મેળવે છે અને પ્રાયઃ વીતરાગ જેવી અવસ્થા ભોગવે છે તેઓ દેશ, ક્ષેત્ર, કાલ, લોક, ભાવના પરિણામોની અપેક્ષાને જાણતા હોવાથી આ પ્રકારેજ આચારમય દ્રવ્યચારિત્ર અને ભાવચારિત્ર પાળવું. એવા એકાંત નિશ્ચયરૂપ નથી હોતા. જો કે ભાવચારિત્ર તેઓનું પૂર્ણ નિર્દોષ હોય છે તો પણ દ્રવ્યચારિત્રનો વ્યવહાર અનિશ્ચિત આકારવાળો હોય છે, જે જે સમયે જે જે કરવા યોગ્ય કે ન કરવા યોગ્ય કાર્યોના તે પૂર્ણ ગીતાર્થ મહા પ્રેમયોગી જાણકાર અને કરવામાં સમર્થ છે. ॥૩૯૫॥

निर्गतः शास्त्रसंज्ञातो, लोकसंज्ञाविनिर्गतः ।
देहसंज्ञाद्यभावेन, शुद्धप्रेमी प्रभुः स्वयम् ॥३९६॥

**અર્થઃ**—જે યોગીઓ શાસ્ત્ર સંજ્ઞાથી નિકળી ગયા હોય. લોક સંજ્ઞાથી પણ નિકળી હોય તેમજ દેહાદિકની સંજ્ઞાનો પણ અભાવ થયો હોય તેજ શુદ્ધપ્રેમી સ્વયં પ્રભુ બની શકે છે. ॥૩૯૬॥

साकारश्च निराकारः, शुद्धात्मा हृदि भासते ।
शुद्धात्मैव परप्रेम, पूर्णशक्तिमयः प्रभुः ॥३९७॥

**અર્થ**—શુદ્ધ આત્મસ્વરૂપવંત યોગીઓને પરમપ્રેમથી પરમાત્માનું સાકાર સ્વરૂપ તથા નિરાકાર સ્વરૂપ હૃદયમાં પ્રગટ થાય છે એટલે આત્માનું શુદ્ધાત્મ જે સ્વરૂપ તેજ પરમ પ્રેમ અને તેજ પૂર્ણ શક્તિવંત પ્રભુ છે તેમ જાણવું. ॥૩૯૭॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



जीवन्मुक्तो भवेच्छुद्ध-प्रेमी सर्वत्र सर्वदा ।
नामरूपादिमोहस्य, नाशो भवति सर्वथा ॥३९८॥

**અર્થ**—તેવો પ્રેમયોગી સર્વ જગ્યાએ સર્વ કાળમાં નામ રૂપ આદિ મોહનો સર્વથા વિનાશ કરનાર હોવાથી સર્વત્ર સર્વથા જીવન્મુકત થાય છે. ॥૩૯૮॥

**વિવેચન**—છઠ્ઠી પ્રેમયોગની ભૂમિકામાં રહેલા શુદ્ધ સાચા પ્રેમયોગીને નામરૂપ આદિ-એટલે હું રાજા, શેઠ, મુસદ્દી વિગેરે નામની કીર્તિ, મારૂં સનત્કુમાર જેવું સુંદર સૌંદર્ય છે, મારૂં મોટું કુટુંબ છે હું નિરોગી છું, હું ભોગી છું વિગેરેનો જે મમત્વભાવ રૂપ મોહ છે તેવા મોહનો જે મહાપુરૂષોએ તે મારૂં નથી, ઈંદ્રિય શરીર મન તે હું નથી તે જડ છે. હું જ્ઞાનદર્શન ચારિત્રવીર્ય ઉપયોગ ગુણલક્ષણવાળો છું તેવા આત્મભાવના ઉપયોગથી મોહનો સર્વથા જે પ્રેમયોગી નાશ કરે છે તે પ્રેમયોગી બાહ્ય અને અભ્યંતરભાવે પૂર્ણશુદ્ધ નિર્વિકારી થઈ રૂપાતીત પરમાત્માનું ધ્યાન કરી શુકલધ્યાન વડે સર્વ ઘાતિકર્મનો ક્ષય કરીને જીવન્મુકત મહાત્મા શુદ્ધપૂર્ણ પ્રેમયોગી થાય છે અને તે શુદ્ધ પ્રેમયોગી જીવનમુકત દશામાં જીવોના ઉપકાર માટે અઘાતિ કર્મસમુહ હોય ત્યાં લગી વિચરીને તેઓને આત્મા તથા પરમાત્માના સ્વરૂપનો ઉપદેશ કરીને પ્રમોદ માધ્યસ્થ અને મૈત્રીભાવનાવાલા પ્રેમયોગના અભ્યાસી બનાવે છે, તેવા જીવનમુકત યોગી સાચા પ્રેમીજનો બની શકે છે. ॥૩૯૮॥

अभेदप्रेमसामर्थ्यं, सर्वत्र व्यापकं खलु ।
सविकल्पपरप्रेम, पूर्णानन्दमयं सदा ॥३९९॥

**અર્થ**—અભેદભાવવાલા પ્રેમનું સામર્થ્ય નિશ્ચયથી સર્વ વ્યાપક જ હોય છે, તેમજ સવિકલ્પ ભાવવાલો પરમ પ્રેમ સદા પૂર્ણ આનંદને આપનારો થાય છે. ॥૩૯૯॥

यत्रैक्यं परमप्रेम-भावेन सर्वदेहिषु ।
निष्कामप्रेमशुद्धात्मा पूर्णानन्दोरसात्मकः ॥४००॥

**અર્થ**—જ્યાં પરમશ્રેષ્ઠ પ્રેમભાવથી સર્વ પ્રાણિઓ ઉપર ઐકયભાવ પ્રગટ થાય છે ત્યાં યોગીને નિષ્કામ પ્રેમયુકત શુદ્ધ આત્મસ્વરૂપ પ્રગટ થાય છે તેથી તે યોગીપૂર્ણ પ્રેમમય આનંદરૂપ રસમય બને છે. ॥૪૦૦॥

**વિવેચન**—આ ભૂમિકામાં પ્રેમયોગીઓને સર્વ જગતના પ્રાણિઓ ઉપર અભેદભાવે ઐકયતાવાલો સ્વાર્થ વિનાનો શુદ્ધ નિષ્કામ પ્રેમ પ્રગટ થાય છે તથા આત્માનું ઐકય અદ્વૈતરૂપે અનુભવાતું હોવાથી સર્વત્ર સ્વપરનો ભેદ નષ્ટ થાય છે. તેથી છઠ્ઠી ભૂમિનો યોગી શુદ્ધાત્મ ભાવ અને અકષાય ભાવયુકત બની પૂર્ણ પ્રેમરૂપ આનંદનો રસ કે જે ભાવમૃત સમાન છે તેને આસ્વાદે છે **अनिच्छन् कर्मवैषम्यं, ब्रह्मांशेन समं जगत् । आत्मा भेदेन, यः**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**पश्येदसौ, मोक्षगमी शमी ॥१॥** જીવોમાં કર્મની વિચિત્રતાથી જીવોમાં વિચિત્રતા હોવા છતાં તે કર્મભાવ રૂપ અંશોને મુખ્યભાવે નહિ માનતો શુદ્ધ પ્રેમયોગી બ્રહ્મસ્વરૂપ ભાવથી સર્વ આત્માને આનંદ ભાવે જોતો પ્રેમથી વર્તે છે. સમભાવપૂર્ણ પ્રેમભાવવાલો છઠ્ઠી ભૂમિકાનો પ્રેમયોગી અવશ્ય મોક્ષગમી–મોક્ષને પ્રાપ્ત કરનારો જ છે તેમ જાણવું. ॥૪૦૦॥

## પ્રેમની સાતમી ભૂમિકા.

**सूक्ष्मकामादिसंकल्पः, किञ्चिद् भवति नो कदा ।**
**सप्तम्यां भूमिकायां च, निर्वाच्यं प्रेमवस्तुतः ॥४०१॥**

**અર્થ**—સાતમી પ્રેમભૂમિકામાં સૂક્ષ્મ કામાદિક સંકલ્પો જરાપણ કોઇ વખત નથી જ થતા અને ત્યાં એક માત્ર નિર્વચનીય પ્રેમ વાસ્તવિકતાએ અનુભવાય છે. ॥૪૦૧॥

**सत्प्रेमैव कलौ मोक्षः, सत्प्रेमपरिभाषया ।**
**अप्रमत्तदशां यावत्, शुद्धात्मप्रेम योगिनाम् ॥४०२॥**

**અર્થ**—સત્ય પ્રેમ એજ આ કલિકાલમાં મોક્ષ રૂપ છે. તે સત્યપ્રેમની જે પરિભાષા છે તે વસ્તુતઃ આત્માનું શુદ્ધ ચારિત્ર છે અપ્રમત્ત ભાવની દશામાં જે વર્તે છે તેજ શુદ્ધ પ્રેમરૂપ હોવાથી શુદ્ધાત્મ પ્રેમયોગીને આનંદ આપનાર થાય છે. ॥૪૦૨॥

**अप्रमत्तदशा जीवन्–मुक्तिरेव कलौ शुभा ।**
**अप्रमत्तदशां यावत्, सत्प्रेम्णः सप्तभूमिकः ॥४०३॥**

**અર્થ**—આ કલિકાલમાં જે અપ્રમત્ત દશાએ આત્મજીવન તેજ વસ્તુતઃ શુભ ભાવવાલી મુક્તિ છે તેમ સમજવું. આ અપ્રમત્ત દશાનું આત્મચારિત્ર જીવન તેજ સત્ય પ્રેમનું સાતમી ભૂમિકાની પ્રાપ્ત સ્વરૂપ છે તેમ જાણવું ॥૪૦૩॥

**વિવેચન**—સાતમી પ્રેમભૂમિકામાં વર્તતા પ્રેમયોગીઓને અપ્રમત્ત ચારિત્ર યોગવાલું શુદ્ધ નિર્વિકલ્પભાવે ધર્મધ્યાનમય જીવન વર્તે છે. તેને લીધે તેઓને સંસાર અને મુક્તિ ઉપર સમાનતા હોય છે. **वंदिज्जमाणा न समुक्कसंति, हेलीज्जमाना न समुज्जलंति। दंतेण चित्तेण चरंति धीरा, मुणी समुग्घाइय रागदोसा ॥१॥** અપ્રમત્ત પ્રેમયોગી મુનિવરો વંદન પૂજન કરતા લોકોને જોઇને પોતાની ઉત્કૃષ્ટતાનો ઉલ્લાસ નથી સેવતા. તેમજ કોઈ જાતની તર્જના નિંદા આક્રોશ કરતા લોકો ઉપર ક્રોધ વડે અગ્નિની જેમ ધમમમતા નથી, તેમજ ચિત્ત એટલે મન અને કષાયોને દમતા છતાં રાગદ્વેષોનો ધીરતાએ નાશ કરે છે. તેવા ધીર વીર પુરૂષો–મુનિવરો પ્રેમયોગીઓને આ કલિકાલમાં શુદ્ધ પરિણામવાલી અપ્રમત્ત દશા તેજ વસ્તુતઃ મુક્તિ છે. આવી અપ્રમત્ત દશાથી સત્ય પ્રેમયોગીને મુનિવરો સાતમી પ્રેમભૂમિકા સુધી પહોંચે છે અને ત્યાં આત્મસ્વરૂપમાં રમતા સચ્ચિદાનંદ–આણુંદને અનુભવે છે. ॥૪૦૩॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**अप्रमत्तदशा शुद्ध–प्रेममुक्तिर्मनीषिभिः ।**
**अत्रैव वेद्यते साक्षात्, तत ऊर्ध्वं न वेद्यते ॥४०४॥**

**અર્થ**—અપ્રમત્ત દશારૂપ શુદ્ધ પ્રેમમય મુક્તિ અહિંયાં આ સમયમાં સાચા પંડિતો વડે સાક્ષાત્ અનુભવાય છે તેથી મુક્તિની શોધ માટે અન્ય ઉંચ સ્થાન નથી, ॥૪૦૪॥

**आत्मानुभवमोक्षोऽत्र, भाषितं परिभाषया ।**
**अप्रमत्तगुणस्थानं, यावत् भक्तिमहत्तया ॥४०५॥**

**અર્થ**:—અ: ક્ષેત્રમાં અપ્રમત્ત ગુણસ્થાનકની પ્રાપ્તિ સુધી જે દેવગુરૂની પૂર્ણ શુદ્ધપ્રેમમય ભક્તિ કરતાં જે શુદ્ધાત્મ ભાવનો અનુભવ થાય તે પરિણામે યોગની પરિભાષાવડે મોક્ષ કહેવાય છે. ॥૪૦૫॥

**अप्रमत्तदशाशुद्ध–प्रेमोर्ध्वं पूर्णशुद्धता ।**
**जायते तीर्थदेवानां, केवलज्ञानयोगतः ॥४०६॥**

**અર્થ**:—જ્યાં સુધી અપ્રમત્તદશાવાળું શુદ્ધ ચારિત્ર પ્રાપ્ત થાય ત્યાં લગી શુદ્ધ પ્રેમ વર્તે છે. તેની ઉપર અપૂર્વકરણ રૂપ પૂર્ણ આત્મિક શુદ્ધતા પ્રાપ્ત થતાં અને પરિણામે આત્મશુદ્ધતા જાગતાં આત્મા કેવલજ્ઞાન યોગને પ્રાપ્ત કરે છે. તેથી દેવ મનુષ્ય વિગેરેને પૂજ્ય તીર્થ સ્વરૂપ પ્રેમયોગી બને છે. ॥૪૦૬॥

## પ્રેમની આઠમી ભૂમિકા

**अष्टम्यां शुक्लयोगेन, शुद्धचारित्रयोगिनः ।**
**घातिकर्मक्षयान्मोक्षः, शुद्धपर्यायवान् भवेत् ॥४०७॥**

**અર્થ**:—આઠમી પ્રેમયોગ ભૂમિકામાં શુકલધ્યાનના યોગથી શુદ્ધચારિત્રવાન્ પૂર્ણ પ્રેમયોગીઓ ઘાતિ કર્મનો ક્ષય કરી કેવલજ્ઞાન અને કેવલદર્શનના શુદ્ધ પર્યાયને ઉપજાવનારા થઈને અંતે મોક્ષને પ્રાપ્ત થાય છે. ॥૪૦૭॥

**વિવેચનઃ**—સાત પ્રેમ ભૂમિકાના વિવેચનમાં આત્માના સ્વરૂપની જ્ઞાનદર્શન ચારિત્ર ગુણની પૂર્ણ શુદ્ધતા અપ્રમત્ત યોગની પ્રાપ્તિ અને ગુણ શ્રેણિમાં ક્ષાયિકભાવે આગળ ચડવું વિગેરે જણાવ્યું. હવે આઠમી પ્રેમયોગ ભૂમિકામાં આવેલો પ્રેમયોગી શુદ્ધચારિત્ર યોગ યુક્ત અપ્રમત્ત તથા અપૂર્વકરણ યોગમાં આવીને શુકલધ્યાનના પ્રથમ અને બીજા વિભાગનું સમાધિ યુક્ત ધ્યાન કરતાં સર્વ ઘાતિકર્મની સ્થિતિ વગેરેનો ઘાત કરે છે, તે માટે કહે છે કે: "**कर्मणां स्थितिघातादीनपूर्वानकुरुते यतः । तस्मादपूर्वकरणः क्षपकः शमकश्चसः ॥३५॥** અપ્રમત્ત શુદ્ધ ચારિત્રવાન્ પ્રેમ યોગીઓ અપૂર્વકરણ વડે સ્થિતિ ઘાત વિગેરે કરીને શ્રેણિમાં આગળ વધે છે, તેથી તેને અપૂર્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરણ કહેવામાં આવે છે. ત્યારપછી આગળ વધતો તે યોગી જો કર્મની સ્થિતિનો ઉપશમ કરે–દબાવીને સત્તામાં રાખે ઉદયમાં ન આવવા દે તો તેને ઉપશમભાવ કહેવાય છે અને જે કર્મદલનો સ્થિતિપૂર્વક ઘાત કરે તે ક્ષપક કહેવાય છે. એટલે અહિંયાં ગુણ શ્રેણિએ ચડનારા યોગીઓ બે પ્રકારના હોય છે. જે સર્વ ઘાતિ કર્મને ખપાવવાવાલા હોય તે ક્ષપક જાણવા અને જે તે કર્મને ઉદયમાં ન આવવા દેતાં દબાવી રાખે ક્ષય ન કરે તે શમક (ઉપશમ) કહેવાય છે તે જાણવું. આમ ક્ષપક શ્રેણિએ ચડી બારમા ગુણસ્થાનકે આવી શુક્લધ્યાનના પ્રથમ તથા બીજા પાયાનું ધ્યાન કરતાં કેવલજ્ઞાન–દર્શનને તે યથાખ્યાતચારિત્રયોગને પ્રાપ્ત કરી સયોગી કેવલી પ્રેમયોગી થાય છે. તેમજ જ્યારે તે મન વચન કાયરૂપ યોગને ચૌદમા ગુણસ્થાનકે રૂંધે ત્યારે અયોગી કેવલી થઇને મોક્ષના શાશ્વત સ્થાનકને પામે છે.

**अष्टम्यां तीर्थकृद्देवः, केवली विश्वदेशकः ।**
**परमात्मा जिनेन्द्रः स–जायते विश्वपावकः ॥४०८॥**

**અર્થ**:—આઠમી પ્રેમયોગની ભૂમિકામાં આવેલા પ્રેમયોગી તીર્થંકરદેવ કેવલી થઇને સર્વ જગતને મોક્ષ ભાવની દેશના આપે છે. તે પરમાત્મા જીનેંદ્ર ભગવાન સર્વ વિશ્વને પવિત્ર કરે છે. ॥૪૦૮॥

**વિવેચન**:—આઠમી પ્રેમયોગની ભૂમિકામાં આવેલા શુદ્ધ પૂર્ણ પ્રેમ યોગીશ્વરો સર્વ ઘાતિકર્મના ક્ષયથી ઉપર જણાવ્યા પ્રમાણે શુકલધ્યાનના યોગે કેવલજ્ઞાન કે જે વિશ્વને પૂર્ણ જાણવા સમર્થ છે. તેવા આત્મ સ્વરૂપને પૂર્ણ વીર્યોલ્લાસથી પ્રાપ્ત કરી જે સર્વ ચૈતન્યમય વિશ્વને ધર્મનો ઉપદેશ આપીને સર્વ જગતને પ્રેમ વડે પવિત્ર કરે છે.

તે આઠમી પ્રેમ ભૂમિકામાં આવેલા પૂર્ણ પ્રેમયોગી ભગવાન્ તીર્થંકર દેવ કેવલ-જ્ઞાન, દર્શન કે જે અન્યને દુર્લભ છે તેને પ્રાપ્ત કરીને તે પ્રેમ યોગીશ્વર લોકાલોકના સર્વ દ્રવ્ય ગુણ પર્યાયમય પદાર્થોને યથાસ્વરૂપે જાણતા દેખતા છતાં વિચરે છે. તેમજ પ્રેમયોગી ભગવાન્ અનંત ગુણોથી યુક્ત સર્વ જગતના પદાર્થોને યથાસ્વરૂપે ઉપદેશ કરતા દેવ અસુર મનુષ્યાદિ પ્રાણિગણથી નમસ્કાર કરતા પૃથ્વીને પવિત્ર કરતા વિચરે છે. અને જે મુખ રૂપ ચંદ્રમાંમાંથી પ્રવાહિત થયેલી પ્રકાશમાન જ્યોતિ સમાન વાણી વડે સર્વ કુમુદ વનના કમલ સમાન ભવ્યાત્માના હૃદયને વિકસ્વર કરતા દ્રવ્યથી અને ભાવથી મિથ્યાત્વરૂપ અંધકારને ક્ષણવારમાં ઉન્મૂલન કરે છે. તે પૂર્ણ પ્રેમયોગી તીર્થંકરદેવના પ્રેમયોગના મહાન્ પ્રભાવથી તે પરમાત્માના નામ ગ્રહણ માત્રથી વા દર્શન માત્રથી ભવ્યાત્માઓના અનાદિ સંસાર ભ્રમથી થનારા દુઃખનો એક ક્ષણમાં ક્ષય થાય છે. તેમજ ત્રણ ભુવનમાં એટલે સ્વર્ગ મૃત્યુ પાતાલમાં રહેનારા દેવ દાનવ વ્યંતર જ્યોતિષિક વિગેરે દેવો માનવો અને તિર્યંચો પણ પોતપોતાની ભાષામાં પરમાત્માના ઉપદેશને સાંભળીને પ્રતિબોધ પામીને સંસારનો ક્ષય કરવા પ્રયત્નશીલ થાય છે. તેમજ પૂજ્ય પ્રેમયોગીના પ્રેમ ભાવના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભાવથી જ્યાં તે પ્રેમયોગીશ્વરો વિચરતા હોય ત્યાંથી લગભગ સો યોજનના મંડળમાં ભયંકર રોગ મારામારી વિગેરે પરમાત્માના પ્રેમયોગના પ્રભાવથી ક્ષય થઈ જાય છે. સેંકડો કરોડો ગમે તે સંખ્યાથી યુક્ત દેવ.દિકો પણ પરમાત્માના ચરણુની ઉપાસના કરતા તે પરમાત્માના પ્રેમભાવથી એક યોજન માત્ર ક્ષેત્રમાંજ સમાઇ જાય છે. તેમજ મારિ દુર્ભિક્ષ અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, તીડ, વૈર, વિરોધ પણ સો યોજનમાં નથી થતા. હજારો કીરણુવાળો જ્વાજલ્યમાન સૂર્ય પોતાની પ્રભા પ્રગટ કરે ત્યારે અંધકાર નાશ પામે છે. તેમ પૂર્ણ પ્રેમયોગી ભગવંત વિચરે ત્યારે જગતના સર્વ પ્રાણીઓ પોતાના વૈર વિરોધ ઝેર વેર જન્મથી હોય તે પણ નથીજ રાખતા. પરમાત્મના પ્રેમયોગથી જગતના જીવોમાં પૂણ્ય યોગની પવિત્રતા આવે છે. આમ પરમાત્મા શ્રી જિનેંદ્ર દેવ મહાવીર પ્રભુ વિગેરેના વિહારથી જગત સંપૂર્ણ પવિત્ર બને છે. ॥૪૦૮॥

सर्वांशेन भवेद् जीवन्-मुक्तः सर्वज्ञ योगिराट् ।
अष्टमीं भूमिमुल्लंघ्य, भवेत् सिद्धो निरञ्जनः ॥४०९॥

**અર્થ**:—તે પૂર્ણ પ્રેમ યોગિરાજ સર્વજ્ઞ ભગવાન્ સર્વાંશ વડે પૂર્ણ જીવન મુક્ત થાય છે. તે આઠમી પ્રેમયોગ ભૂમિકાનું ઉલંઘન કરીને નિરંજન સિદ્ધ ભગવંત થાય છે ત્યારે બને છે. ॥૪૦૯॥

**વિવેચન**:—સર્વ ઘાતિ કર્મને ખપાવીને સર્વજ્ઞ થયેલા પ્રેમયોગીશ્વરોને જગતના કોઇપણ સચેતન અચેતન પદાર્થો પ્રત્યે રૂચિ કે અરૂચિ નથીજ હોતી. તેમને અમુક ઈષ્ટ અમુક અનિષ્ટ એવા ભેદવાળા અધ્યવસાયો નથીજ હોતા, તે કારણે સર્વ અંશોથી મનોવ્યાપરમાં મુક્ત હોવાથી શરીર ઇંદ્રિયો મન તથા કર્મના અંશો પણ અઘાતિ સ્વભાવવાળા હોવા છતાં તેનો વ્યાપાર કરવા આત્મ પ્રેરણાનો અભાવ હોવાથી દશ પ્રાણ વડે શરીરમાં જીવન વ્યાપાર હોવા છતાં આત્મ પ્રેરણાનો સર્વથા સર્વાંશે અભાવ હોવાથી તેવા સર્વજ્ઞ પરમાત્મા કેવલીરૂપ પરમ પ્રેમયોગી પૂર્ણ જીવન મુક્ત કહેવાય છે. આમ આઠમી પ્રેમયોગની છેલ્લી ભૂમિકામાં જ્યાંસુધી આયુષ્યાદિ ચાર કર્મના દળો બાકી ભોગવતા હોય ત્યાં લગી એ વિચરતા યોગી જગતને આત્મ સ્વરૂપના તત્ત્વભાવનો પ્રેમયોગમય સંદેશ આપીને જગતને પાવન–પવિત્ર કરે છે. તે કર્મના સર્વ અંશોનો સર્વથા ક્ષય થયે છતે શુકલધ્યાનના છેલ્લા બે અંશોને ધ્યાન વડે ધ્યાવતા છતાં સર્વાંશે પરમમુકત થાય છે. **तदनन्तरं समुत्पन्नक्रियमाविर्भवेदयोगस्य। अस्यान्ते क्षीयन्तेत्वघातिकर्माणि चत्वारि ॥५६॥** છેવટે શરીર મન વચન અને કાયાની જે ક્રિયાઓ છે તેને સર્વ અઘાતિ કર્મનો ક્ષય કરવા સાથે કાયા વચન યોગની ક્રિયાના સંબંધનો ક્ષય કરી ને પછી **लघुवर्णपञ्चकोद्गिरणतुल्यकालम वाप्य शैलेशीम् । क्षपयति युगपत् परितो वेद्यायुर्नामगोत्राणि ॥५७॥** અ ઇ ઉ ઋ લૃ રૂપ પાંચ લઘુ સ્વર ઉચ્ચારના કાલ પ્રમાણ સમયમાં મેરૂના સમાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દૃઢસ્થિરતાવાળું શૈલેશીકરણ કરીને સર્વ કર્મ કે જે અઘાતિ છે તે વેદનીય આયુષ્ય નામ અને ગોત્રકર્મરૂપ છે તેના સર્વ દળોને એકી સાથે ક્ષય કરીને પરમ મુક્ત થાય છે. એટલે રૂપ રસ ગંધ સ્પર્શ શબ્દાદિક જે પુદ્‌ગલ લેપમય છે તેનો ત્યાગ કરી પરમ નિરંજન સિદ્ધ ભગવંત સ્વરૂપે બને છે એટલે આઠમી પ્રેમયોગભૂમિને ઉલ્લંઘીને પરમમુક્ત થાય છે, ॥ ૪૦૯ ॥

**परब्रह्ममहावीरे, तन्मया प्रेमभावतः ।**
**पश्यन्ति ते द्वयोरैक्यं, मुक्ता भवन्ति सत्वरम् ॥४१०॥**

**અર્થ**—જે પ્રેમયોગી જ્યારે પરબ્રહ્મ મહાવીર પરમાત્મામાં તન્મયભાવે પ્રેમમય થાય છે ત્યારે તે યોગી અંતરાત્મા રૂપ સાધક અને સાધ્યરૂપ પરમાત્મા બેને અભેદ એક રૂપે જુવે છે. તે વડે જલદી તે પ્રેમયોગી મુક્તાત્મા થાય છે. ॥ ૪૧૦ ॥

**વિવેચન**—જ્યારે શુદ્ધાત્મ પ્રેમયોગને ઇચ્છનારો સાચો પ્રેમયોગી પૂર્ણ પ્રેમયોગીશ્વર પરમબ્રહ્મ આત્મસ્વરૂપ જેમનું પૂર્ણ ભાવે નિરાવરણ થયું છે તેવા તીર્થંકર મહાવીર ભગવંત આદિમાં શુદ્ધ પ્રેમભાવથી તન્મયતાએ લીન થાય છે ત્યારે તીર્થંકરોનો પરમાત્મ ભાવ અને આપણો અંતરાત્મ ભાવ રૂપ બે સ્વરૂપને ઐક્ય–એકત્વ–અદ્વૈત ભાવે ધ્યાતાધ્યેયને એકરસ રૂપે પ્રેમયોગી જુવે છે "**ध्याताध्येयं तथा ध्यानं, त्रयं यस्यैकतां गतम्। मुनेरनन्यचित्तस्य, तस्य दुःखं न विद्यते ॥१॥** ધ્યાન કરનારા અંતરાત્મા, ધ્યેયસ્વરૂપ પરમાત્મા મહાવીર વીતરાગ અને તેમનું ધ્યાન એ ત્રણ તત્ત્વનું એક રસ રૂપે થવું તે મુનીવરોનું અનન્ય ચિત્તરૂપ જે ધ્યાન થાય ત્યાં જરાપણ તન મન ધનનું દુઃખ નથીજ હોતું. ધ્યાનમાં પ્રેમીસ્વરૂપ ધ્યાતાધ્યેયની સમાપત્તિ થાય છે ત્યાં જો ક્ષાયિકભાવે ધ્યાન હોય તો કર્મબંધનનો મૂળથીજ અભાવ હોય છે. ॥ ૪૧૦ ॥

**धनपुष्पादिना नैव, प्रभुप्राप्तिः कदाचन ।**
**प्रभुप्राप्तिः परप्रेम्णा, प्रभुजीवनजीविनाम् ॥४११॥**

**અર્થ**—ધન પુષ્પાદિના સમર્પણથી કદાચિત્ પ્રભુની પ્રાપ્તિ નથીજ થતી પણ પ્રભુ ઉપર આપણા શુદ્ધ પ્રેમવડેજ પ્રભુના જીવન પ્રમાણે જીવન ચલાવનારાઓને અવશ્ય પ્રભુની પ્રાપ્તિ થાય જ છે. ॥ ૪૧૧ ॥

**महावीरस्य भक्तानां, प्रेमिणां शुद्धनिश्चयात् ।**
**नैव जातिस्तथालिङ्गं, नामरूपे न वेषता ॥४१२॥**

**અર્થ**—પ્રેમી એવા પરમાત્મા મહાવીર દેવના ભક્તોના શુદ્ધ પ્રેમમય નિશ્ચયથી પરમાત્માના દર્શન થાય છે પણ તે અમુક જાતિમાં, અમુક લિંગમાં–આકારમાં, કે નામરૂપ કે વેષમાં પ્રભુના દર્શન થાય તેમ નથી. ॥૪૧૨॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



गुरुरेव प्रभुः साक्षात्,प्रभुरेव गुरुः स्वयम् ।
प्रभुरूपं जगत् सर्व-मिति प्रेमी विलोकते ॥४१३॥

**અર્થ**—પૂજ્ય ગુરૂ તેજ સાક્ષાત્ પ્રભુ છે, તેમજ પ્રભુ પણ સ્વયં ગુરૂજ છે આવો જે પ્રેમયોગીએ નિશ્ચય કર્યો હોય તેને સર્વ જગત્ પ્રભુમય અનુભવાય છે તેમ જાણવું ॥ ૪૧૩ ॥

भक्तानां रोदने हास्ये दिव्यानन्दोद्भवः स्फुटः ।
पूज्यानामान्तरं बाह्य-मिष्टं स्यात् प्रेमदेहिनाम् ॥४१४॥

**અર્થ**—સાચા પ્રેમભકતોના રૂદનમાં અને હાસ્યમાં પણ દિવ્ય આનંદ પ્રત્યક્ષ ભાવે દેખાય છે એટલે પ્રેમીજનોને પૂજ્ય એવા ગુરૂજનો કે દેવાધિદેવનું બાહ્ય કે અભ્યંતર સ્વરૂપનું દર્શન પરમ ઇષ્ટજ હોય છે. ॥૪૧૪॥

सद्गुरोर्जन्म वृत्तान्तं, स्थानादिकं सदा प्रियम् ।
जायते प्रेमिभक्तानां, यत्र तत्र स्वभावतः ॥४१५॥

**અર્થ**—પૂજ્ય સદ્ગુરૂના જન્મ સંબંધી જે જે વૃત્તાંત હોય તથા જ્યાં જ્યાં તેમના જન્મ સ્થાનાદિ વસ્તુ હોય તે ત્યાં સહજ ભાવે પ્રેમભકતને સદા પ્રેમ ઉપજાવે છે તેવાં હોય છે. ॥ ૪૧૫ ॥

जीवने न स्पृहा किञ्चित्, मृत्योर्भीतिर्न जायते ।
भक्तानां वस्त्रवद्देह-धारणत्यजनं तथा ॥४१६॥

**અર્થ**—સાચા પૂર્ણ પ્રેમયોગીઓને જીવન જીવવાની જરાય ઇચ્છા નથીજ હોતી તેમજ મરણનો ભય પણ નથીજ હોતો, પ્રેમભકતોને આપેલા વસ્ત્રની જેમ દેહને ધારણ કરવું કે ત્યાગ કરવો તે પણ ઇચ્છા વિનાજ થાય છે. ॥૪૧૬॥

**વિવેચન**—સાચા પ્રેમયોગીઓ ધર્મના ઉદ્ધાર માટે લોકના કલ્યાણ માટે દેહને **વસ્ત્ર સમાન** આત્માથી જુદુ જાણી મમતા વિના ધારણ કરે છે. તેમજ ભકતોને માટે યોગ્ય લાભમાં કારણ જાણે તો દેહનો ત્યાગ પણ મમતા વિના કરી શકે છે, જેમ કે **"वासांसि जीर्णानि यथा विहाय, नवानि गृह्णाति नरोऽपराणि । तथा शरीराणि विहाय जीर्णान्यन्यानि संयाति नवानि देही ॥१॥** જેમ મનુષ્યો જીર્ણ થયેલાં વસ્ત્રોનો ત્યાગ કરીને નવા વસ્ત્રોને પહેરે છે તેમ આત્મા પણ કર્મ સંબંધ યોગે ધારણ કરેલા દેહને તે કર્મનો બંધાયેલો સંબંધ પૂર્ણ થાય ત્યાં લગી રાખીને ત્યાગ કરે છે અને નવા કર્મ સંબંધ યોગે મળેલા દેહાદિકને ધરે છે, પણ તેમાં જીવાત્માનું આત્મસ્વરૂપ નથી બદલાતું તેમજ મમત્વ પણ નથી થતો તેવી રીતે તે પ્રેમયોગીપણામાં હોવાથી તે કાર્ય લોકહિતનું હોય તો તે અર્થે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શરીર ધારે છે–રાખે છે તેમજ શરીરનો ત્યાગ કરવાથી કાર્ય થવા યોગ્ય જાણે તો શરીરનો પણ ત્યાગ કરી શકે છે તેમાં જરા પણ મમત્વ મોહ રાખતા નથી ॥૪૧૬॥

**विश्वोद्धाराय सत्प्रेम–प्रभुः स्यात् सर्वशक्तिमान् ।**
**खण्ड–देश–समाजाना–मैक्यं साधयति स्वयम् ॥४१७॥**

**અર્થ**—સર્વ વિશ્વનો ઉદ્ધાર કરવા માટે એક સત્ય પ્રેમમય પરમાત્માજ સર્વ શકિતવંત હોય છે. તે પ્રેમવડેજ સર્વ ખંડો, દેશો અને સમાજોનું ઐકય શુદ્ધ પ્રેમ-યોગી મહાત્મા પોતાના સ્વયં પ્રયાસથી સાધી શકે છે. ॥ ૪૧૭ ॥

**शुद्धप्रेम न यत्राऽस्ति, तत्र पापतमो महत् ।**
**शुद्धप्रेम न यत्राऽस्ति, तत्राऽधर्मप्रवृत्तयः ॥४१८॥**

**અર્થ**—જ્યાં શુદ્ધ પ્રેમ નથીજ હોતો ત્યાં પાપ અને અજ્ઞાનનું મહાન જોર હોય છે તેમજ જ્યાં શુદ્ધ પ્રેમનો અભાવજ છે ત્યાં માત્ર અધર્મનીજ પાપમય પ્રવૃત્તિઓ વર્તે છે. ॥ ૪૧૮ ॥

**शुद्धप्रेम भवेद् यत्र, तत्र व्यक्तः प्रभुः सदा ।**
**दया–सत्यादिधर्माणां, तत्र वासोऽस्ति सर्वदा ॥४१९॥**

**અર્થ**—જ્યાં શુદ્ધ પ્રેમ રહેલો હોય છે ત્યાં વ્યકત–પ્રત્યક્ષ પરમાત્માના દર્શન થાય છે કારણકે શુદ્ધ પ્રેમીને ત્યાં દયા, સત્ય આદિ ધર્મનો સર્વદા વાસ હોય છે, તેથી પરમાત્માનો વાસ પણ ત્યાંજ હોય છે. ॥ ૪૧૯ ॥

**शुद्धप्रेम विना शुष्कं, चित्तं सर्वमनीषिणाम् ।**
**शुद्धप्रेम्णा जगत् सर्व–मात्मरूपं प्रभासते ॥४२०॥**

**અર્થ**—જો ચિત્તમાં શુદ્ધ પ્રેમ ન હોય તો સર્વ મનુષ્યોનું ચિત્ત સુકું લાકડા જેવું સત્વહીન લાગે છે અને જો મનુષ્યના હ્રદયમાં શુદ્ધ પ્રેમ હોય તો સર્વ જગત્ આત્મા સમાન અનુભવાય છે. ॥ ૪૨૦ ॥

**सर्वेषां हृदयैः सार्द्धं, भक्तानामेकता भवेत् ।**
**भक्तानां हृत्सु व्यक्तोऽस्ति, महावीरः प्रभुः सदा ॥४२१॥**

**અર્થ**—સર્વ પ્રેમી ભકતોના હ્રદયોની સાથે પ્રભુની એકત્વતા જ્યારે થાય છે ત્યારેજ તે ભકતોના હ્રદય પ્રદેશમાં ભગવાન શ્રી મહાવીર દેવ સદા વ્યકત ભાવે અનુભવાય છે. ॥ ૪૨૧ ॥

**વિવેચન**—પ્રેમભકતોના પવિત્ર હ્રદય પ્રદેશમાં ભગવાન મહાવીર દેવ સદા વિરાજમાન થયેલા જ હોય છે, "**शास्त्रे पुरस्कृते तस्माद् वीतरागः पुरस्कृतः । पुरस्कृते पुनस्तस्मिन् नियमात्सर्वसिद्धयः ॥१॥** જે પ્રેમયોગી પરમાત્માના ધર્માજ્ઞામય શાસ્ત્રને મુખ્ય કરીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મકલ્યાણના માર્ગમાં ચાલે છે તેઓએ નિશ્ચયથી પરમાત્માને પોતાના હૃદયમાં મુખ્ય સ્થાન આપ્યું છે તેમ સમજવું ને તે શાસ્ત્રથી પરમાત્માના ભાવનું જુદાપણું નથીજ આવતું તેજ શાસ્ત્ર અને પરમાત્મત્વ ભાવથી એકત્વ ભાવે જ છે. ॥૪૨૧॥

पश्यन्तु प्रेमिहृत्स्वेवं, प्रभुवीरं जिनेश्वरम् ।
जाग्रत् प्रभुर्जैनैर्दृश्यो–भक्तानां देहमंदिरे ॥४२२॥

**અર્થ**—પરમાત્મા શ્રી મહાવીર જીનેશ્વરને સર્વ પ્રેમયોગીજનો પોતાના હૃદય કમલમાં જોઇ શકે છે. ભકત પ્રેમયોગીજનોને જાગતા પ્રભુ તમે સમજો કે જે ભક્તોના દેહમંદિરમાં પ્રભુ હોય છે. ॥૪૨૨॥

व्यक्त जाग्रत् परब्रह्म–जिनेन्द्रस्य सुभावतः ।
आरात्रिकं प्रकुर्वन्ति, प्रेमिण आन्तरं स्वतः ॥४२३॥

**અર્થ**—પ્રેમીજનો સારા ભાવથી પ્રગટ સ્વભાવે જાગતા પરમ બ્રહ્મ જીનેંદ્ર ભગવંતની આરાત્રિક અંતરંગ દૃષ્ટિથી પ્રત્યક્ષભાવે કરી રહ્યા છે. ॥૪૨૩॥

विश्वस्थाल्यां रविश्चंद्रौ–दीपकावेवस्ततः ।
केवलज्ञानदेवेन्द्र–मभितो गच्छतः सदा ॥४२४॥

**અર્થ**—વિશ્વરૂપ સ્થાલીમાં રવિ અને ચંદ્ર રૂપ બે દીપકોને સ્થાપન કરીને તે રૂપ દીપકપૂજાને વસ્તુ સ્વરૂપના જ્ઞાતા, કેવલજ્ઞાની, જીનેશ્વર અને સર્વ દેવોના મહાન દેવની ચારે બાજુએ સર્વદા આત્મપ્રેમી ફેરવે છે. ॥૪૨૪॥

विश्वस्थाल्यां महातेजः, शुद्धप्रेमैव बोधत ।
देहस्थाल्यां भवेत् दीप– आत्मैव प्रेमजीवनम् ॥४२५॥

**અર્થ**—જેમ વિશ્વરૂપ સ્થાલીમાં મહાન તેજમય શુદ્ધપ્રેમ પ્રકાશે છે. તેવીજ રીતે દેહરૂપ સ્થાલીમાં આત્મપ્રેમરૂપ દીપક તેજ પ્રેમમય આત્મજીવન છે. તેમ જાણવું. ॥૪૨૫॥

**જીવોનો શુદ્ધપ્રેમ મંગળ છે.**

परस्परं तु जीवानां, शुद्धप्रेमैव मंगलम् ।
भवेदतीव सन्धान–कारकं च मनीषिणाम् ॥४२६॥

**અર્થ**—જીવાત્માઓનો પરસ્પર જે શુદ્ધપ્રેમ જામે છે તેજ મંગલ સ્વરૂપ છે, કારણકે તે પ્રેમવડેજ ડાહ્યા મનુષ્યો પરસ્પર પ્રેમ સંબંધનું જોડાણ કરવામાં સમર્થ બને છે. ॥૪૨૬॥

**સદ્ભક્તોનાં દર્શન કરવાં જોઇએ.**

शुद्धप्रेमात्म सद्भक्ता, दृश्या वीरस्य भावतः ।
तेषां पुण्यप्रवाहेण, सुवृष्टिर्भुविमङ्गला ॥४२७॥

**અર્થ**—શુદ્ધપ્રેમરૂપ સારી ભક્તિવડે સારા ભાવયુક્ત થઇને ભગવાન મહાવીરના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે ભક્તો છે તેનાં દર્શન કરવાં જોઈએ. તેઓના દર્શનથી પુણ્યનો જે પ્રવાહ પ્રગટે છે તે યોગે સારી વૃષ્ટિ થાય છે અને જગતમાં દુઃકાલ મહામારી તથા પર ચક્રના ભયનો નાશ થાય છે અને મહામંગલ વર્તે છે. ॥૪૨૭॥

## પ્રભુ મહાવીરમાં સદા મન રાખનાર સાચો પ્રેમભક્ત છે.

**संसारे वर्त्तमानस्य, महावीरे मनः सदा ।**
**यस्य स प्रेमभक्तोऽस्ति, निर्लेपः सर्ववस्तुषु ॥४२८॥**

**અર્થ**—સંસારમાં વર્તમાન કાળે વર્તતા જે પ્રેમભક્તોનું ભગવાન મહાવીરદેવમાં મન સદા વર્તે છે તે પ્રેમ ભક્ત કહેવાય છે તેમજ તે પ્રેમભક્તો સદા સર્વ યોગ્ય વસ્તુઓ પ્રત્યે નિર્લેપ જ હોય છે. ॥૪૨૮॥

**વિવેચન**—સંસારમાં વસતા પ્રાણી સમુહમાં જે ભવ્યાત્મા આત્મ ભાવમય પ્રેમ પ્રગટ કરતો છતો પરમાત્મા ભગવાન શ્રી મહાવીર દેવ ઉપર જે પરમભક્તિનો વિશુદ્ધ નિર્વિકલ્પ–નિર્વિષય પ્રેમ સદા જેના મનમાં પૂર્ણભાવે પ્રગટ થયેલો હોય છે. તેવા સાચા પ્રેમભક્તોને સંસારની સર્વ વાસનાનો વિનાશ થાતા સર્વ કષાય ઈંદ્રિયો અને મનનો સર્વ પ્રકારે નિગ્રહ થાય છે. તેથી તે પ્રેમભક્ત જગતની સર્વ વસ્તુઓ પ્રત્યે નિર્લેપ–ઇચ્છા વિનાનો બનીને પરમાત્મ સ્વરૂપમાં એકત્વભાવ કરવા સમર્થ બને છે, સર્વને તે પરમાત્માના માર્ગમાં પ્રવૃત્તિ કરાવે છે, કે **प्रीति अनंति परथकी जे तोडे हो ते जोडे अेह के, परम पुरुषथी रागता एकतत्त्वता हो दाखी गुणगेह के अजितजिणंदशुं प्रीतडी ॥** જે પુદ્ગલ ભોગની પર સ્વરૂપતાની પ્રીતિ તોડે છે તે જ પરમાત્મા વીતરાગની સાથે અનન્ય ભાવની એકત્વ રૂપ પ્રીતિ જોડી શકે છે એટલે જે નિર્લેપ થાય તે જ મહાવીર પરમાત્માનો શુદ્ધ સાચો ભક્ત બનીને મનથી તેમને ધ્યાતા છતાં પરમાનંદનો ભોક્તા બને છે. ॥૪૨૮॥

## ત્રણ જગત્નો રક્ષક પ્રેમ છે.

**शुद्धप्रेमैव जीवानां, रक्षकोऽस्ति जगत्त्रये ।**
**शुद्धप्रेम विना नाऽस्ति, दयादानादिसत्क्रिया ॥४२९॥**

**અર્થ**—શુદ્ધ પ્રેમ એક જ સર્વ જીવોનું સર્વથા રક્ષણ ત્રણે જગતમાં કરનાર છે. શુદ્ધપ્રેમ વિના દયાદાન આદિ સારી સર્વે ક્રિયા બનતી જ નથી. ॥૪૨૯॥

**दुष्कृतानां विनाशाय, धर्मिणां रक्षणाय च ।**
**शुद्धप्रेमपरिणामा, भवन्ति प्रेमयोगिनाम् ॥४३०॥**

**અર્થ**—દુષ્કૃત્યોના વિનાશ માટે અને ધર્મિઓના રક્ષણ માટે જગતના પ્રેમયોગીઓને શુદ્ધ પ્રેમમય પરિણામો–વિચારો પ્રગટ થાય છે. ॥૪૩૦॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શુદ્ધપ્રેમ પ્રભુ છે.

**शुद्धप्रेम प्रभुः साक्षा–दन्तर्यामी प्रवर्त्तते ।**
**भक्तानां हृदि संवेद्यो–जैनधर्मः स उच्यते ॥४३१॥**

**અર્થ**—જે શુદ્ધપ્રેમ છે તે સાક્ષાત્ પ્રેમીના અંતકરણમાં પરમાત્મા પ્રભુ રહેલા છે તેમ સમજવું વસ્તુતઃ તે જ પ્રેમભાવ ભક્તોના હૃદયમાં અનુભવાય છે, તે પ્રેમ જ સત્ય જૈનધર્મ કહેવાય છે. ॥૪૩૧॥

## મૃત્યુનો ભય હોય ત્યાં સુધી પ્રભુ પ્રેમ મળતો નથી.

**यावन्मृत्युभयं चित्ते, तावत् सत्प्रेम नो प्रभौ ।**
**बाह्यानां ममता यावत्, तावद्वीरे न रागता ॥४३२॥**

**અર્થ**—જીવોમાં જ્યાં સુધી મરણ આદિનો ભય ચિત્તમાં રમે છે ત્યાં સુધી સત્ય પ્રેમ પરમાત્મા ઉપર નથી જ જામતો એટલે જ્યાં સુધી બાહ્ય વસ્તુમાં મમતા હોય ત્યાં લગી વીર પરમાત્મામાં રાગ–પ્રેમ નથી આવતો. ॥૪૩૨॥

**વિવેચન**—જ્યાં સુધી આપણામાં એટલે સર્વ પ્રાણીઓમાં મરણ ભય, વ્યાધિ ભય આજીવિકા ભય, રોગ ભય, રાજ્ય ભય, ઇહલોક ભય, પરલોક ભય, ચૌર્ય ભય, અપયશ ભય વિગેરે ભયો આપણા ચિત્તમાં વર્તતા હોય છે, ત્યાં સુધી પરમાત્મા સદ્‌ગુરૂ ધર્મ વિગેરે આરાધ્ય તત્ત્વો ઉપર સાચો હૃદયનો પ્રેમ નથી જ પ્રગટતો. કહ્યું છે કે **दुःखेष्वनुद्विग्नमनः सुखेषु विगतस्पृहः । वीतरागभयक्रोधः स्थितधीर्मुनिरुच्यते ॥ गीता ॥** જે આત્મા દુઃખો પડતાં ઉદ્‌વેગ ધરતો નથી ભાવી દુઃખ માટે ભય રાખતો નથી સુખ પ્રાપ્ત થતાં હર્ષ પામતો નથી. અનુકુલ કે પ્રતિકુલતામાં ભય કે ઇચ્છા વિનાનો સાનુકુળતાની સ્પૃહા વિનાનો તેમજ રાગદ્વેષ ભય તથા ક્રોધ માન માયા લોભ વિગેરેથી રહિત થાય તે પ્રેમયોગી સ્થિર બુદ્ધિવાળો ગણાય છે. એટલે પરમાત્મા પરમ બ્રહ્મ ભગવાન મહાવીર ઉપર પ્રેમરાગ પ્રગટે છે અને તે રાગથી આત્મરાગ–પ્રેમ પ્રગટે છે. ॥૪૩૨॥

## મરણાંતે પણ જૈનધર્મનો ત્યાગ ન કરવો.

**जैनधर्मे वरं मृत्यु–र्मा तत् त्यागेन जीवनम् ।**
**शुद्धप्रेमी स विज्ञेयो–जैनधर्मार्थजीवकः ॥४३३॥**

**અર્થ**—જૈનધર્મમાં વર્તતા છતાં જો મરણ થાય તો તે કલ્યાણકારક છે જ પણ જો જૈન ધર્મનો ત્યાગ કરીને જીવવું તે શ્રેષ્ઠ જીવન નથી તેથી જે શુદ્ધ પ્રેમી હોય છે તે તો જૈન ધર્મ માટેજ જીવે છે અને જૈનધર્મ માટે જ મરે છે. ॥૪૩૩॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## કલિયુગમાં સાધુ કે શ્રાવકમાં સરાગ ધર્મ હોય છે.

**कलौ सरागधर्मोऽस्ति, त्यागिनां गृहिणां तथा ।**
**न्याय्यरागादिधर्मेण, भक्तानां मुक्तिमार्गता ॥४३४॥**

**અર્થ**—આ કલિયુગમાં ત્યાગી અને ગૃહસ્થોને ધર્મની આરાધના સરાગભાવે-પ્રેમભાવે જાગે છે ને ન્યાયનીતિ વિગેરે ઉપર પ્રેમ રાખવો ઇત્યાદિ રાગ વડે ધર્મની આરાધના કરતા ભક્તોને મુક્તિનો માર્ગ પ્રાપ્ત થાય છે.

## કલિયુગમાં વીતરાગતા સ્વાભાવિક આવતી નથી.

**वीतरागो भवेन्नैव, कलौ कोऽपि स्वभावतः ।**
**अतो देवादिसेवायां शुभ रागादयः स्मृताः ॥४३५॥**

**અર્થ**—આ કલિકાલમાં કોઈપણ સ્વભાવથી વીતરાગ નથી જ બનતા તેથી દેવાદિની સેવા કરવામાં શુભ રાગાદિ અવશ્ય હોવા જોઈએ એમ ગીતાર્થો પાસે સાંભળ્યું છે. ॥૪૩૫॥

**भक्तानां स्थूलबुद्धीनां, साकारस्यावलंबनम् ।**
**भक्तानां सूक्ष्मबुद्धीनां, शुद्धात्मालंबनं शुभम् ॥४३६॥**

**અર્થ**—સ્થૂલબુદ્ધિવાળા પ્રેમભક્તોને માટે સાકારપણાવાળું આલંબન હિતકર છે, અને સૂક્ષ્મ બુદ્ધિવંત ભક્તાત્માઓને માટે શુદ્ધાત્મભાવનું આલંબન ઉત્તમ છે તેમ સમજવું. ॥૪૩૬॥

**भक्तानां नैव भेदोऽस्ति, वर्णादिर्बाह्यकल्पितः ।**
**महावीरमयाः सर्वे, शुद्धप्रेमाधिकारिणः ॥४३७॥**

**અર્થ**—સાચા પ્રેમયોગી ભક્તોને પરસ્પર પ્રેમમાં જરાપણ ભેદભાવ નથી હોતો, વર્ણ-જાતિનો ભેદ પણ નથી જ હોતો. વર્ણ-જાતિ ભેદ બાહ્ય લગ્નાદિક વ્યવહારમાં કલ્પવા યોગ્ય છે પણ ભગવાન મહાવીરના ભક્તો શુદ્ધપ્રેમ યોગીને મહાવીરમય જ લાગે છે. ॥૪૩૭॥

**मनोवशीकृतं येन शुद्धप्रेमी सभक्तराट् ।**
**जीवन्मूर्त्तिः प्रभुर्बोध्य-स्तत्सेवाऽर्हत्पदप्रदा ॥४३८॥**

**અર્થ**—જે પ્રેમયોગીએ મનને વશ કર્યું હોય તે જ સાચા શુદ્ધ પ્રેમ પ્રભુભકતો છે તેમજ તે જ શરીરથી જીવન મૂર્તિમય પ્રભુ જાણવા અને તેવા પ્રેમીની સેવા અર્હત્પદને આપનારી થાય છે. ॥૪૩૮॥

**दया दानं दमः सत्यं, श्रद्धौदार्यं च शुद्धता ।**
**क्षमा साम्यं च निर्लोभो- माध्यस्थ्यं लघुता तथा ॥४३९॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**सौजन्यं च तपोधैर्यं, साक्षित्वं सर्ववस्तुषु ।**
**शुद्धप्रेम्णा प्रजायन्ते, गुणा एते मनीषिणाम् ॥४४०॥**

**અર્થ**—દયા, દાન, દમન, સત્ય, શ્રદ્ધા, ઉદારતા, શુદ્ધતા, ક્ષમા, સામ્યતા, નિર્લોભિપણું, માધ્યસ્થ્યતા, લઘુતા તેમજ સુજજનપણું, તપઃ, ધૈર્ય, સર્વ પદાર્થોમાં સાક્ષિતા સ્થિરતા એ સર્વ ગુણો પ્રેમવડે મનુષ્યોમાં પ્રગટ થાય છે. તેમાં મુખ્ય પ્રેમનીજ કારણતા છે. ॥૪૩૯–૪૪૦॥

**शुद्धात्मप्रेमसामर्थ्यात्, क्षणिकेषु न रागता ।**
**तथात्मनो महावीरे, समाधिर्जायते स्वयम् ॥४४१॥**

**અર્થ**—શુદ્ધ પ્રેમના સામર્થ્યથી ક્ષણિક પદાર્થોમાં રાગપણું નથી જ થતું. અને ભગવાન મહાવીર દેવમાં આત્મ સ્વરૂપે સહજભાવે સમાધિ પ્રગટે છે. ॥૪૪૧॥

**लयं यान्ति महावीरे, मनांसि शुद्धरागिणाम् ।**
**स्वयं भूत्वा महावीरा–गच्छन्ति परमंपदम् ॥४४२॥**

**અર્થ**—જે શુદ્ધપ્રેમ યોગીજનોના મન ભગવાન મહાવીરના સ્વરૂપમાં લય પામ્યા હોય તે યોગીઓ સ્વયં મહાવીર સ્વરૂપને સ્વભાવે પામીને પરમપદને મેળવનારા થાય છે. ॥૪૪૨॥

**त्यजन्तु स्वार्थसंबंधान्, भजन्तु भक्तयोगिनः ।**
**आत्मशुद्धिं प्रकुर्वन्तु, शुद्धात्मप्रेमयोगिनः ॥४४३॥**

**અર્થ**—શુદ્ધ આત્મ સ્વરૂપ જેમને પ્રગટ થયું છે તેવા પ્રેમયોગીજનો સ્વાર્થમય સર્વ સંબંધોનો ત્યાગ કરો અને પરમાત્માના ભક્ત એવા હે! યોગીઓ! તે પરમાત્માની ભક્તિ કરો તેમજ આત્મ સ્વરૂપની પૂર્ણ શુદ્ધિ કરો. ॥૪૪૩॥

**शुभाशुभं न दृश्येषु यदा किञ्चिद् भविष्यति ।**
**तदा शुद्धात्मसत्प्रेमी, कर्मयोगी भविष्यसि ॥४४४॥**

**અર્થ**—જ્યારે દેખાતા સર્વ પદાર્થોમાં આ શુભ અને આ અશુભ રૂપ વિકલ્પો જરા પણ નહિ ઉઠે ત્યારે હે! સત્યપ્રેમી આત્મા તું કર્મયોગી બની શકીશ.॥ ૪૪૪॥

**संप्रति विपरीतं त्वं, पश्यसि मोहचक्षुषा ।**
**शुद्धप्रेमणि संजाते, सत्यं द्रक्ष्यसि सर्वथा ॥४४५॥**

**અર્થ**—વર્તમાન કાલમાં તું મોહથી ઘેરાયેલી આંખોથી જે ભાવો વીતરાગ કથિત સ્વરૂપથી વિપરીત ભાવે જુવે છે, પણ જ્યારે તને વસ્તુ શુદ્ધ પ્રેમ પ્રગટ થશે, ત્યારે સર્વ ભાવોને સત્ય સ્વરૂપે બરાબર જોઇ શકીશ. ॥૪૪૫॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



प्रेम्णस्तु वैखरीभाषा, नास्ति सर्वत्र बोधत ।
तथापि प्रेमभाषाऽस्ति, सर्वत्रैका परात्मिका ॥४४६॥

**અર્થ**—પ્રેમનો બોધ વૈખરી-ભાષા નથી કરી શકતી પ્રેમ સર્વત્ર વ્યાપક હોવાથી તેનો પરસ્પર બોધ થાય છે, તે વૈખરીથી નહિ પણ પ્રેમના ભાવને પ્રગટ કરનારી સર્વત્ર આત્મામાં એક પરા સ્વરૂપે ભાષા વર્તે છે. તેનાથી જ થાય છે. ॥૪૪૬॥

अन्तर्विशुद्धभक्तानां, जैनानां संगतिं कुरु ।
नास्तिकाऽधर्मिपापानां, सर्वथा संगतिं त्यज ॥४४७॥

**અર્થ**—અંતઃકરણમાં પરમ શુદ્ધ પ્રેમવંત જૈન ભકતો હોય તેઓની તું સંગતિ કર અને જે નાસ્તિક અને અધર્મિ પાપાચારવંતો હોય તેની સોબતનો ત્યાગ કર. ॥૪૪૭॥

## પ્રેમના વિક્ષેપનો ત્યાગ-

शुद्धप्रेमणि विक्षेपं, कर्तृणां संगतिं त्यज ।
शुद्धप्रेमविहीनानां, ग्रन्थानां वाचनां त्यज ॥४४८॥

**અર્થ**—જેઓનો શુદ્ધ પ્રેમમાં વિક્ષેપ કરવાનો સ્વભાવ હોય તેવા મનુષ્યાદિની સંગતિનો ત્યાગ કરવો. અને જે ગ્રંથમાં શુદ્ધ પ્રેમ પ્રગટાવવાની શક્તિ નથી તેવા ગ્રંથોનું વાંચન મનન પણ ત્યાગ કરવું જોઇએ. ॥ ૪૪૮ ॥

## મહાવીરનો જાપ જપો,

कुरु सर्वत्र सत्प्रेम, स्वार्थमोहं निवारय ।
शुद्धप्रेम्णा महावीर–जापं कुरु प्रतिक्षणम् ॥४४९॥

**અર્થ**—હે! આત્મા તું સર્વત્ર સત્યપ્રેમ કર, અને સ્વાર્થમય મોહને દૂર કર. તેમજ શુદ્ધ પ્રેમવડે ભગવાન મહાવીર દેવના નામનો જાપ દરેક ક્ષણે નિરંતર કર. ॥૪૪૯॥

## ગુરૂને સર્વ સમર્પણ કરો.

गुर्वाज्ञां मस्तके धृत्वा, सर्वं तस्मै समर्पय ।
सद्गुरुदेवसेवायां, निःशङ्को भव सर्वथा ॥४५०॥

**અર્થ**—હે પ્રેમયોગી તું સદ્ગુરૂની આજ્ઞા મસ્તકે ધારણ કરીને સર્વસ્વ તેમને તું સમર્પણ કરી દે. કારણ કે સદ્ગુરૂ દેવની સેવામાં સમર્પણ કરવાથી સર્વત્ર તું નિઃશંક થઇ જઇશ. ॥ ૪૫૦ ॥

## શુદ્ધ પ્રેમીને સંસાર અને મુકિતમાં સમાનતા હોય છે.

भवे मुक्तौ च सर्वत्र, समत्वं यस्य जायते ।
पूर्णशुद्धात्मसत्प्रेमी, कुत्राऽपि नैव लिप्यते ॥४५१॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**—સંસાર અને મુક્તિમાં જેને સર્વ પ્રકારે સમત્વ પ્રગટે છે તેવા પૂર્ણયોગી સત્ય શુદ્ધપ્રેમી આત્માઓ કોઈ પણ વસ્તુઓમાં કદાપિ પણ નથીજ લેપાતા. ॥ ૪૫૧ ॥

**વિવેચન**—જે અપુનર્બંધક ભવ્યાત્મા વસ્તુસ્વરૂપના યથાર્થ બોધવડે સમ્યગ્દર્શન જ્ઞાનને પ્રાપ્ત કરીને સર્વ જગત્‌ના પદાર્થોમાં સર્વથા સમાન દૃષ્ટિવાલા થયા હોય છે તેવા પૂર્ણભાવ ચારિત્રયોગીંદ્રો સત્યપ્રેમી મહાત્માઓને સંસારના સર્વ અનુકુલ કે પ્રતિકુલ પદાર્થોમાં પણ રાગદ્વેષના અભાવયુક્ત સમભાવ પ્રગટેલો હોય છે એટલુંજ નહિ પણ પરમાનંદના સ્થાનરૂપ મુક્તિમાં પણ અસક્તિ નથી હોતી એટલે સમભાવજ હોય છે.

**ફલ માટે વ્યાકરણ ન્યાયના અભ્યાસ કરતાં મહાવીરને નમો.**

**शाब्दिकतार्किकग्रन्थ–कोटिपाठेन किं फलम् ? ।**
**किं तत्त्वशास्त्रपाठेन ? महावीरं सदा भज ॥४५२॥**

**અર્થ**—શાબ્દિક અને તાર્કિક ગ્રંથોના ક્રોડો શ્લોકો ભણ્યાથી શું ફલ પ્રાપ્ત થાય? અથવા તત્ત્વશાસ્ત્રના પાઠો ભણી જવાથી પણ શું લાભ થાય? માટે મહાવીર દેવનુંજ સદા ભજન કર. ॥ ૪૫૨ ॥

**ક્રિયાકાંડ યજ્ઞ કે વિવાદ કર્યા વિના ભગવાન મહાવીરને સેવો.**

**कर्मणा किं च यज्ञेन, किं विवादेन बाह्यतः ? ।**
**परब्रह्ममहावीरं, प्रेम्णा भजत मानवाः ! ॥४५३॥**

**અર્થ**—બાહ્ય કર્મ–ક્રિયા માત્રથી શું લાભ? બાહ્ય યજ્ઞથી પણ શું લાભ? બાહ્ય વિવાદથી પણ શું લાભ થાય તેમ છે? તેથી હે ભવ્ય! તું પરમ બ્રહ્મ મહાવીરને પ્રેમ વડે ભજ. ॥ ૪૫૩ ॥

**વિવેચન**—અંતરના શુદ્ધ ઉપયોગ વિના બાહ્ય દૃષ્ટિથી જે કર્મકાંડ કરાય, જે ક્રિયાઓ કરાય, તપ જપ કરાય, અગ્નિહોત્રી બનીને અનેક પ્રકારના યજ્ઞ કરાય તેમાં ગરીબ રાંક પશુ હોમાય તેથી પણ શું લાભ પ્રાપ્ત થાય છે? તેમાં કાંઇ આત્મહિતનો લાભ નથીજ મળતો. તે માટે બૃહત્કલ્પમાં જણાવે છે કે '**आयहियमजाणंतो मुज्झइ मूढो समादियति कम्मं । कम्मेण तेण जंतू परिंति भवसागरमणंतं ॥** જે આત્મહિતને જ્ઞાન વિના નથી જાણી શકતો તેવો મૂઢ–મૂર્ખ મનુષ્ય પ્રાણિ અજ્ઞાન ભાવે જે જે ક્રિયા કરે છે તેમાં શુભ ભાવ ન હોવાથી તેના વડે અશુભ કર્મને ભેગા કરીને જીવાત્મા ભવસાગરમાં અનંતભવ અનંત કાલ સુધી ભમે છે. ॥ ૪૫૩ ॥

**સર્વમાં ઐક્યભાવના રાખો.**

**जैनधर्मं महावीरं, गुरुं च पूर्णरागतः ।**
**भज श्रद्धाबलेनैव, सर्वेष्वैक्यं विभावय ॥४५४॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**—જૈનધર્મ ઉપર તથા ભગવાન મહાવીર ઉપર તેમજ ગુરૂ ઉપર પૂર્ણ રાગથી શ્રદ્ધાના બલથી યુકત થઇને સેવા કર અને સર્વ આત્મા પ્રત્યે એકતાને કર. ॥ ૪૫૪ ॥

## અપેક્ષાએ જે ભવના હેતુ તે મોક્ષના હેતુ બને છે.

भवस्य हेतवो ये ये, ते ते मोक्षस्य हेतवः ।
भवन्त्यपेक्षया सत्य–प्रेमयुक्तमनीषिणाम् ॥४५५॥

**અર્થ**—જગત્‌ના પ્રાણિઓને સંસારની વૃદ્ધિમાં જે જે ક્રિયાહેતુ બની શકે છે તે ક્રિયાઓ પ્રેમયોગના અભ્યાસક મનુષ્યોને સત્યભાવમય પ્રેમની અપેક્ષાએ મોક્ષ પ્રાપ્તિના હેતુપણે થાય છે. ॥ ૪૫૫ ॥

## પ્રેમથી સમાધિ થાય છે,

शुद्धप्रेमात्मनो ध्यानं, भवत्येव न संशयः ।
शुद्धात्मप्रेमलीनस्य, समाधिः सततं भवेत् ॥४५६॥

**અર્થ**—જે શુદ્ધ આત્મપ્રેમમાં લીન થયેલા પ્રેમાત્મયોગીને શુદ્ધ પ્રેમમય મરમાત્માના ધ્યાનમાં સતત અભ્યાસથી અસંશય સમાધિની સિદ્ધિ અવશ્ય થાય છે. ॥૪૫૬॥

महावीरोपरि प्रेम्णा, लीनानां हि समाधयः ।
अहर्निशं भवन्त्येव, यत्रतत्र यदा तदा ॥४५७॥

**અર્થ**—ભગવાન્ મહાવીર દેવ ઉપર પ્રેમવડે લીન થયેલા ભવ્યાત્માને અહર્નિશ જ્યાં તે હોય ત્યાં જ્યારે લીન હોય ત્યારે તેને સમાધિઓ પ્રાપ્ત થાયછે. ॥ ૪૫૭ ॥

## પ્રેમ વિના ઉંચ નીચના ભેદો છે.

उच्चनीचादिभेदास्तु, प्रेमौदार्यं विना भुवि ।
प्रेमौदार्यं विना विश्वे, कदापि नैव शान्तिता ॥४५८॥

**અર્થ**—જ્યાં આત્માઓમાં પરસ્પર પ્રેમ અને ઉદારતા નથીજ હોતી ત્યાં આ ઉંચ છે આ નીચ છે તેવા પરસ્પર ભેદની કલ્પના કરાય છે. તેવા પ્રેમ અને ઉદારતાની ભાવના વિશ્વમાં જ્યાં સુધી વ્યાપક ન બને ત્યાં સુધી કદાપિ પણ જગત્‌માં સાચી શાંતિ પ્રાપ્ત થવાની નથીજ. ॥ ૪૫૮ ॥

**વિવેચન**—જગતમાં પ્રાણિમાત્રને તેવા તેવા શુભાશુભ કર્મ સંબંધના યોગે ઉંચ ગોત્ર વા નીચગોત્ર, યશ અપયશ, સાતા અસાતા વિગેરે શુભ અને અશુભ ભાવને ભોગવવા પડે છે, પરંતુ આત્માનું સ્વરૂપ વિચાર કરતાં મહાન્ ઇંદ્ર અને વિષ્ટાના કીડામાં સમાન સ્વભાવેજ અનુભવાય છે. સર્વ જીવોમાં ચૈતન્ય સ્વભાવ સમાન જ છે. તેથી નિશ્ચય નયથી જોતાં કોઇ પણ ઉંચ નથી કે કોઇ નીચ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમો ને તમો સમાજાતિ, અમો ને તમો સમા જ્ઞાતિ,
પશુ પંખી અમારા છે, અમારા તે તમારા છે. ૧
નહિ કોઇ કોઇનું વૈરી, નહિ કોઇ કોઇનું ઝેરી,
સહુ જીવ મિત્ર અમારા છે, મમત્વભાવ વિસાર્યા છે. ૨

એટલે સર્વ પ્રાણી ચોરાસી લાખ જીવાયોનિમાં ભ્રમણ કરે છે ત્યાં કોઇવાર ઉંચ જાતિમાં બ્રાહ્મણ રૂપે જન્મે છે અને કોઇ વખત નીચ ચંડાલ જાતિમાં પણ જન્મે છે એટલે સમાન અને અસમાન જાતિ અને કુલ સર્વને સમાન ભાવે પ્રાપ્ત થાય છે કોઇને ઉંચત્વનો અભિમાન કરવા યોગ્યજ નથી. અન્ય કોઇને સર્વથા નીચો હલકો માનવો તે પણ યોગ્ય નથી. તે માત્ર કર્મવિપાકની વિચિત્રતાજ છે. તેથી પ્રેમયોગીજનો સર્વત્ર આત્મસ્વરૂપની અપેક્ષાએ ઉંચ નીચના ભેદને ઉદાર ભાવથી દુર કરીને પ્રેમથી મૈત્રીયોગવડે સમાન ભાવે **'एगे आया'** એકત્વ ભાવે જુવે છે. ॥ ૪૫૮ ॥

**પ્રેમ એજ દાન તપ ભક્તિ અને આનંદ છે.**

प्रेमौदार्यं महादानं, प्रेमौदार्यं महत्तपः ।
प्रेमौदार्यं महाभक्तिः, प्रेमौदार्यं शुभार्जवम् ॥४५९॥

**અર્થ**—પ્રેમ અને ઉદારતા તેજ મહા દાન, મહાન્ તપ, મહાન્ ભક્તિ અને મહાન્ શુભ સરલતા છે તેમ જાણવું. ॥ ૪૫૯ ॥

**સત્પ્રેમથી હ્રદયમાં ભગવાન પ્રગટે છે.**

ज्ञानादिसर्वयोगेषु, रसः सत्प्रेम वर्त्तते ।
अतः सत्प्रेमयोगेन, हृदि व्यक्तः प्रभुर्भवेत् ॥४६०॥

**અર્થ**—જ્ઞાન દર્શન ચારિત્ર આદિ યોગોમાં જે રસ વર્તે છે. તે સત્યપ્રેમ છે. આ સત્યપ્રેમ યોગથી હ્રદયમાં પ્રગટપણે પરમાત્માનો અનુભવ થાય છે. ॥૪૬૦॥

**વાણીથી પ્રેમ વર્ણવી શકાતો નથી.**

मधुरं प्रियं हृद्यं यत् तत्प्रेमैवानुभूयते ।
ज्ञानिना व्यक्तभावेन, वैखर्या नैव वर्ण्यते ॥४६१॥

**અર્થ**—જે જે વસ્તુ આત્માને મધુર પ્રિય અને મનગમતી જણાય ત્યાંજ પ્રેમનો અનુભવ થાય છે. આ પ્રેમને જ્ઞાનીઓ જાણતા છતાં તેનું પૂરેપૂરૂં વૈખરી-વાણીથી વર્ણન કરી શકતા નથી. ॥૪૬૧॥

**કીર્તિ વિગેરેની વાસના વિનાનો શુદ્ધપ્રેમી કહેવાય.**

आनन्दोल्लसितं चित्तं, रागादौ यस्य विद्यते ।
कीर्त्यादिवासनातीतः, शुद्धप्रेमी स उच्यते ॥४६२॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**—જેનું ચિત્ત આનંદથી ઉલ્લસિત હોય, પ્રેમ ભક્તિથી યુક્ત હોયઅને કીર્તિ વિગેરે વાસનાથી રહિત હોય તે શુદ્ધપ્રેમી ગણાય છે. ॥૪૬૨॥

**રોષ અને ભયને જીતનારો મહાપ્રેમી કહેવાય.**

गालीदानादितो रोषो, यस्य चित्ते न जायते ।
भयदुःखादिवृत्तीनां, जेता प्रेमी महान् स्मृतः ॥४६३॥

**અર્થ**—પ્રેમયોગીને કોઇ ગાલી દાન કરે તો તેથી તેના મનમાં રોષ–ક્રોધ ન પ્રગટે તેમજ ભય આદિ દુઃખાદિની વૃત્તિઓને તે જીતનારો હોય છે. તેથી તેજ મહાન્ પ્રેમી છે, તેમ સમજવું. ॥૪૬૩॥

प्रेमाग्नौ स्वार्थहोमस्तु, यत्र नृणां परस्परम् ।
जायते तत्र शुद्धात्म–व्यक्तीभावो मनीषिणाम् ॥४६४॥

**અર્થ**—પ્રેમરૂપ અગ્નિમાં જ્યારે સર્વસ્વાર્થનો હોમ કરવામાં આવે છે. ત્યારે જ મનુષ્યોનો પરસ્પર શુદ્ધ આત્મ સ્વરૂપનો પ્રેમ પ્રગટ થાય છે. ॥૪૬૪॥

**શુદ્ધપ્રેમીએ કૃત્રિમ પ્રેમથી સાવધ રહેવું**

कृत्रिमप्रेमचेष्टाभि–र्धूर्तैर्विश्वं प्रवंचितम् ।
सावधानतया भाव्यं, शुद्धात्मप्रेमधारकैः ॥४६५॥

**અર્થ**—કૃત્રિમ પ્રેમ ચેષ્ટાઓવડે ધૂર્ત લોકો જગત્‌ને છેતરે છે તેથી શુદ્ધાત્મ-ભાવના સાચા પ્રેમયોગીઓએ નિરંતર સાવધાન–જાગૃત્ રહીને સત્યપ્રેમમાં પ્રવૃત્તિ કરવી. ॥૪૬૫॥

**પ્રેમ એ શીતલ અને મધુર છે.**

शीताच्छीततरं प्रेम–मिष्टनिद्रा समं शुभम् ।
प्रेमाग्नौ पतनं याति, प्रेमी शलभवद् स्यात् ॥४६६॥

**અર્થ**—પ્રેમતત્ત્વ પ્રેમીઓને શીતલ દ્રવ્યથી પણ અધિક શીતલ લાગે છે, તેમજ પ્રેમ મિષ્ટ નિદ્રાના જેવો મધુર લાગે છે. પ્રેમરૂપ અગ્નિમાં પ્રેમી શલભ–પતંગની પેઠે જલદી પડે છે. ॥૪૬૬॥

**જેના હૃદયમાં પ્રેમ છે તેને બાહ્ય શૌચની જરૂર નથી.**

संज्वलत्परमप्रेम, हृदि यस्य निरंतरम् ।
तस्य किं कर्मकाण्डेन, बाह्यशौचेनं तस्य किम् ॥४६७॥

**અર્થ**—જે ભવ્યાત્માના હૃદયમાં નિરંતર પરમ પ્રેમ સમ્યગ્ રીતે જળહળતો હોય તેવા પ્રેમીઓને બાહ્ય કર્મકાંડ કે બાહ્ય શૌચ આદિનું શું પ્રયોજન હોય ? ॥૪૬૭॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### ભગવાન મહાવીર પ્રેમી ભક્તાની સર્વત્ર રક્ષા કરે છે.

जलेऽरण्ये स्थले द्वीपे, दिने रात्रौ च देहिनाम् ।
भक्त्या रक्षेन् महावीरो, जैनेन्द्रः परमेश्वरः ॥४६८॥

**અર્થ**—જલમાં, અરણ્યમાં, દ્વીપમાં, દિવસ અને રાત્રિમાં જે ભવ્યાત્મા પરમાત્માની સર્વદા ભક્તિ કરી રહ્યા છે, તેની ભગવાન મહાવીર જીનેંદ્ર પરમેશ્વર રક્ષા કરે જ છે. ॥૪૬૮॥

**વિવેચન**—સર્વ જગતના ભવ્યાત્માઓનું પ્રેમથી ભગવાન રક્ષણ કરે છે. તે માટે શ્રીમાનતુંગસૂરિ પ્રવર જણાવે છે કે " **मत्तद्विपेंद्रमृगराजदवानलाहि, संग्रामवारिधिमहोदरबन्धनोत्थम् । तस्याशु नाशमुपयाति भयं भियेव, यस्तावकं स्तवमिमं मतिमानधीते ॥१॥** અર્થ-જે ભવ્યાત્મા પ્રેમયોગી છે તે પરમ કૃપાળુ હે ભગવાન મહાવીર દેવ ! તમારા ગુણોનું સ્તવન કરતાં તમારૂં નામ સ્મરણ કરતાં મદોન્મત્ત હાથી સામો આવ્યો હોય તો તેના ભયથી બીતો નથી, મૃગરાજ સિંહથી પણ ભય પામતો નથી. ભયંકર દાવાનળની વચ્ચે આવી ગયા છતાં નિર્ભય જ રહે છે. સંગ્રામમાં પણ ભયંકર શત્રુની સામે કે ભિલ્લાદિઓ સામે પણ નિર્ભય જ રહે છે. તેમજ ભયંકર તોફાને ચડેલા સમુદ્રમાં પણ તેને ભય નથીજ લાગતો, તેમજ નાગપાશાદિના બંધનથી પણ તે નિર્ભય હોય છે કારણકે સર્વ ભયંકર વિઘ્નોનો નાશ કરનારા એવા હે પ્રભુ ! આપના નામનું સ્મરણ કરતાં, આપના ગુણોનું સ્તવન કરતાં સર્વ ભયો જ ભય પામીને નાસી જાય છે. તેથી સર્વ પ્રેમયોગીઓ જે ભગવંત જીનેંદ્ર વીતરાગના પૂર્ણપ્રેમભકતો છે તેઓનું આપ જ રક્ષણ કરનારા છો. ॥૪૬૮॥

### ભગવાનના પ્રેમીના દોષો ગુણરૂપ બને છે.

दोषाः सर्वे गुणायन्ते, वीरस्य प्रेमिणां स्वयम् ।
दुष्टवृत्तिविजेतारो–जैना भक्ताः सुरागिणः ॥४६९॥

**અર્થ**—મહાવીર પરમાત્માના પ્રેમભકતોના સર્વે દોષો ગુણરૂપ બને છે. કારણકે તે જૈનભકતો દુષ્ટવૃત્તિ જીતનારા અને સારા ગુણોની પ્રાપ્તિના રાગવાળા હોય છે. ॥૪૬૯॥

### શુદ્ધપ્રેમીની સરળ ભાવે થતી સર્વ ક્રિયા મોક્ષ માટે હોય છે.

शुद्धात्मप्रेमिजैनानां, जन्ममृत्युर्न विद्यते ।
तेषां कर्माणि मोक्षाय, भवन्ति शुद्धबुद्धितः ॥४७०॥

**અર્થ**—શુદ્ધ આત્મ સ્વરૂપના પ્રેમીજનોને જન્મ મૃત્યુ હોતાં નથી. તેઓની જે ધર્માચરણરૂપ ક્રિયાઓ હોય છે, તે શુદ્ધ બુદ્ધિથી થતી હોવાથી કર્મ મલનો ક્ષય કરીને મોક્ષના હેતુરૂપ થાય છે. ॥૪૭૦॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## નામ રૂપમાં આસક્તિવાળો પ્રેમ તે નામ માત્ર છે.

नपुंसकसमास्ते स्युः, प्रेमिणो नाममात्रत ।
नामरूपादिके सक्ता-धैर्यशौर्यपराङ्मुखाः ॥४७१॥

**અર્થ**—નામ અને રૂપ વિગેરેમાં આસકત બનેલા અને ધૈર્ય શૌર્ય પ્રસંગે ગુણથી પરાઙ્મુખ રહેનારા પુદ્‌ગલભોગ એટલે નામ રૂપાદિ બાહ્ય વસ્તુના પ્રેમીઓ નામ માત્રથીજ પ્રેમી છે. ખરી રીતે તે નપુંસક પ્રેમી સમજવા. ॥૪૭૧॥

वीरप्रेमावधूतानां, प्रारब्धकर्मवेदिनाम् ।
साक्षिणां सुखदुःखेषु, मुक्तिः साक्षात् प्रभासते ॥४७२॥

**અર્થ**—વીર પ્રભુના પ્રેમમાં અવધુત થયેલા અને ઉદયમાં આવેલા કર્મને વેદતાં જે સુખ દુઃખ થાય તેમાં પોતાને સાક્ષિરૂપે જાણતા આત્માને પ્રત્યક્ષ મુક્તિ દેખાય છે. ॥૪૭૨॥

**વિવેચન**—જે ભવ્યાત્માઓ ભગવાનના પ્રેમમાં આત્મભાવને સમર્પણ કરતાં પ્રેમ યોગી બનેલા છે એટલે સર્વ પ્રકારના ભોગની તૃષ્ણાનો ત્યાગ કરીને અવધૂત થયા છે શરીર ઇંદ્રિયની મમતા છોડીને સાનુકુલ કે પ્રતિકુલ દેશકાલના સંયોગોમાં માધ્યસ્થ્યભાવને ધરતા આનંદ અને ખેદનો ત્યાગ કરીને પૂર્વકાલિન શુભ વા અશુભ કર્મનો જે સાતાએ કે અસાતાએ વેદાય તેવા બન્ને પ્રકારના વિપાકોમાં મધ્યસ્થ રહેતા નવા કર્મના બંધને નથીજ બાંધતા એવા અવધૂત મોક્ષ સ્વરૂપને પ્રત્યક્ષભાવે અનુભવે છે. "**नाऽहं पुद्‌गलभावानां, कर्ता कारयिताऽपि च । नानुमन्ताऽपि चेत्यात्मज्ञानवान् लिप्यते कथम् ॥१॥ लिप्यते पुद्‌गल स्कन्धो, न लिप्ये पुद्‌गलैरहम् ॥** હું પુદ્‌ગલ ભાવનો કર્તા, કરાવનાર કે અનુમોદનાર નથી આવો આત્મજ્ઞાની કેમ લેપાય ? તેમજ પુદ્‌ગલસ્કંધ લેપાય પણ હું પુદ્‌ગલથી ન લેપાઉં આ રીતે સાચા ભક્તો લેપાતા નથી. ॥ ૪૭૨ ॥

आत्मा साक्षितया यस्य, सर्वदृश्यादि कर्मसु ।
शुद्धप्रेम्णा भवेत्तस्य, सिद्धता मुक्तिरूपिणी ॥४७३॥

**અર્થ**—જગતમાં જોવાતા પદાર્થો અને કર્મના ભોગોમાં જેઓનો આત્મા માત્ર સાક્ષિરૂપ હોય છે. તેઓ મુક્તિરૂપી સ્ત્રીની પ્રાપ્તિ કરી શકે છે. ॥૪૭૩॥

## વીરનો જાપ સર્વ જાપમાં શિરોમણિ છે.

वीरवीरेति सज्जापः, सर्वजापशिरोमणिः ।
महावीरेति मंत्रेषु, मंत्रः सर्वार्थसाधकः ॥४७४॥

**અર્થ**—વીર વીર એવો સ્વાધ્યાયમય જાપ સર્વ જાપમાં મુગુટ સમાન જાપ છે. સર્વ મંત્રોમાં 'મહાવીર' એ પ્રમાણેનો મંત્ર સર્વ અર્થનો સાધક છે. ॥૪૭૪॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## મરણકાળે મહાવીર ભગવાનનો જાપ મુક્તિ આપે છે.

मृत्युकाले महावीर–जापो मुक्तिप्रदः शुभः ।
घोरातिघोरकर्माणि, नाशयेत् प्रेमयोगिनाम् ॥४७५॥

**અર્થ**—મૃત્યુ અવસ્થામાં મહાવીર ભગવાનનો શુદ્ધ જાપ મુકિતને આપનાર છે. આ જાપ પ્રેમયોગીઓના ભયંકરમાં ભયંકર કર્મોના નાશ કરનાર છે. ।૪૭૫।।

शुद्धप्रेम्णा महावीर–मयः प्रेमी भवेद् ध्रुवम् ।
बहिरन्तर्महावीरं, विना किञ्चिन्न पश्यति ॥४७६॥

**અર્થ**—જે આત્મા શુદ્ધ પ્રેમથી એક ભગવાન મહાવીરનું ધ્યાન કરે છે, તે પ્રેમી આત્મા નિશ્ચયથી મહાવીર પ્રભુમય અવશ્ય થાય છે કેમકે બહારથી કે અંતરમાં જોતાં તે પ્રેમીને સર્વત્ર ભગવાન મહાવીર જ દેખાય છે તે વિના કાંઇ તેની દૃષ્ટિમાં આવતું જ નથી. ॥૪૭૬॥

**વિવેચન**—જે શુદ્ધપ્રેમી આત્માઓ નિરંતર ભગવાન શ્રી મહાવીરને એક શુદ્ધ પ્રેમવડે જુવે છે. પ્રેમથી ધ્યાન કરે છે અને તે ભગવાન સિવાય અન્ય જગતના સર્વ પદાર્થોમાં ઇચ્છા પ્રેમ કે ભોગની વૃત્તિ નથી હોતી. જગત જંતુ ઉપર પ્રેમ–મૈત્રીભાવને ધરે છે. તેવા પ્રેમયોગીઓ તે સદા ભગવાન મહાવીરમય જ બની જાય છે. કહ્યું છે કે **श्रयते सुवर्णभावं, सिद्धरसस्पर्शतो यथा लोहम् । आत्मध्यानादात्मा परमात्मत्वं तथाऽऽप्नोति ।१।** જડ એવું લોહ પણ સિદ્ધરસના સ્પર્શ થવા માત્રથી સુવર્ણભાવને પામે છે. તેમ આત્મા પણ પરમાત્માના ધ્યાનમાં પરમાત્મદશાને પ્રાપ્ત થાય છે. ॥૪૭૬॥

## પ્રેમી હર્ષશોક કરતો નથી.

कृतकर्म्मानुसारेण, सुखं दुःखं भवेत् सदा ।
ज्ञात्वैवं प्रेमिणो वीर–वीरेति जापका जनाः ॥४७७॥

शुभार्थं जायते यत्तद्, जानन्ति प्रेमयोगिनः ।
हर्षशोकं न कुर्वन्ति, कर्मसिद्धांतवेदिनः ॥४७८॥

**અર્થ**—કરેલા કર્મને અનુસારે જીવોને સુખનો દુઃખનો ક્રમ સદા ચાલે છે, એવું જાણીને પ્રેમી આત્માઓ વીર વીરનો જાપ કરનારા થઇને હર્ષ કે શોક નથીજ કરતા. કારણ કે કર્મના સિદ્ધાંતનો પૂર્ણ અભ્યાસ થવાથી હર્ષ કે શોક દુર કરીને જે કાંઇ શુભ અર્થે થાય તેને પ્રેમયોગીઓ જાણીને સમત્વભાવે ભજે છે. ॥૪૭૭–૪૭૮॥

**વિવેચન**—સર્વ જીવોને જે સુખ મળે છે તે પુણ્યનો યોગ અને દુઃખની પ્રાપ્તિ થાય તે અશુભ (પાપ) કર્મનો યોગ છે, એટલે જે કાંઇ સુખ કે દુઃખ જીવાત્માને થાય તે શુભાશુભ કર્મ કે જે પૂર્વકાલમાં કરેલા હોય તેના અનુસારે વિપાકકાલે ભોગવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહ્યું છે કે "कृतकर्मक्षयं नास्ति, पूर्वकोटिशतैरपि। अवश्यमेव भोक्तव्यं कृतं कर्म शुभाशुभम्।१। કરેલા કર્મોને કરોડો લાખો હજારો પૂર્વો સાગરો કલ્પો કે વર્ષો વચમાં આવી જાય તો પણ જ્યારે તે સત્તામાં રહેલાં કર્મ ઉદયમાં આવે અને ભોગવાય ત્યારેજ નષ્ટ થાય છે.

**સમતા મુકિતને આપનાર અને કર્મનો નાશ કરનાર છે.**

**महावीरे प्रलीनस्य, समत्वं सर्ववस्तुषु ।**
**जायते मुक्तिदं नित्यं, नाशकं सर्वकर्मणाम् ॥४७९॥**

**અર્થ**—જે આત્મા ભગવાન મહાવીરના સ્વરૂપમાં પ્રકૃષ્ટભાવે લીન થાય છે. તેને સર્વ વસ્તુઓમાં સમત્વ પ્રગટે છે. તે સમત્વ સર્વકર્મનો નાશ કરીને નિત્યાનંદમય મુક્તિને આપે છે. ॥૪૭૯॥

**દેવ, ગુરૂ અને ધર્મની દૃઢતામાં મુકિત છે.**

**ममत्वं जायते यस्य, महावीरप्रभौ दृढम् ।**
**सुगुरौ जैनधर्मे च, तस्य मुक्तिर्ध्रुवं भवेत् ॥४८०॥**

**અર્થ**—જે પ્રેમયોગીને ભગવાન્ મહાવીર પ્રભુમાં દૃઢ મમત્વ આવે તેમજ સદ્ગુરૂમાં અને તેમણે ઉપદેશ કરેલા જૈનધર્મમાં દૃઢ મમત્વ આવે તેની અવશ્ય મુક્તિ થાય છે. ॥૪૮૦॥

**घोरातिघोरपापानां, महावीरस्य रागतः ।**
**मृत्युप्रान्ते भवेन्मुक्ति-र्मुह्यन्ति तत्र नास्तिकाः ॥४८१॥**

**અર્થ**—મરણ વખતે ભયંકરમાં ભયંકર મહા પાપીઓ પ્રેમથી ભગવાન મહાવીરનું શરણ સ્વીકારે તો તેઓ મુકિતના ગામી છે. પરન્તુ આ બાબતમાં નાસ્તિકો અવશ્ય મુઝાય છે. ॥૪૮૧॥

**વિવેચન**—દૃઢપ્રહારી અર્જુનમાલી અને ચંદ્રશેખર વિગેરે મહા હત્યારાઓ ભગવાનનું શરણ સ્વીકારી મુક્તિને પામ્યા છે. ॥૪૮૧॥

**जैनधर्मोपरि द्वेषो, यस्य वीरे गुरौ तथा ।**
**नास्तिकेषु महापापी, स याति दुर्गतिं सदा ॥४८२॥**

**અર્થ**—જૈન ધર્મ ઉપર ભગવાન મહાવીર ઉપર અને ગુરૂ મહારાજ ઉપર જેને દ્વેષ છે તે નાસ્તિકોમાં મહા પાપી છે. અને તે દુર્ગતિમાં રખડે છે. ॥૪૮૨॥

**વિવેચન**—અભવ્ય દુર્ભવ્ય અને દીર્ઘ સંસારીને દેવગુરૂ ધર્મ ઉપર હમેશાં દ્વેષ હોય છે. અને આ દ્વેષને લઈ તે લાંબો વખત સંસારમાં રખડે છે. ॥૪૮૨॥

**नास्तिकानां प्रतीकारात्, महावीरस्य रागिणः ।**
**स्वर्गादिसद्गतिं यान्ति, व्रताद्यै रहिता अपि ॥४८३॥**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**—નાસ્તિકાદિ અધર્મિઓના વિચારોનો વિરોધ કરનારા અને મહાવીર પ્રભુ ઉપર પ્રેમરાગ ધરનારા વ્રતાદિક વિના પણ સ્વર્ગાદિકની સંપદા મેળવે છે. ॥૪૮૩॥

**વિવેચન**—નાસ્તિકો કે જે ભયંકર પાપોનો ઉપદેશ કરે છે, યજ્ઞયાગાદિમાં પશુઓનો પક્ષીઓનો તથા મનુષ્યાદિક પ્રાણીઓનો વધ કરવા ઉપદેશ કરી રહ્યા છે તેવા નરાધમો નાસ્તિકોના પાપમય ઉપદેશોની સામે પ્રતીકાર એટલે ન્યાયનીતિની તર્કમય યુક્તિઓ વડે તેઓની પ્રવૃત્તિને રોકનારા અને સમ્યગ્ ધર્મમય અહિંસા સંયમ તપ દાન શિયલ તપ ભાવમય સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રનો યથાર્થ ઉપદેશ કરનારા જે પરમાત્મા વીતરાગ તીર્થંકરોના જે સાચા પૂર્ણ પ્રેમરાગયુક્ત ભક્તો છે તેઓ પરમાત્મા મહાવીર ભગવંતના પૂર્ણ પ્રેમરાગી હોયજ છે, તેઓ અવશ્ય અધાર્મિક પ્રવૃત્તિઓ કે જે નાસ્તિકાદિ પાપીઓએ ચલાવી હોય તેનો નિષેધ કરે છે. ॥૪૮૩॥

धर्मोद्धाराय जायन्ते, शुद्धप्रेमावतारिणः ।
दुष्टानां सर्वथा नाशं, कुर्वन्ति सर्वशक्तितः ॥४८४॥

**અર્થ**—જે શુદ્ધ પ્રેમના અવતારને ધારણ કરનારા પ્રેમયોગીઓ છે તેઓ ધર્મનો ઉદ્ધાર કરવા અને અધર્મનો નાશ કરવા સર્વશક્તિવડે સમર્થ બને છે. ॥૪૮૪॥

**વિવેચન**—જગત્માં અનાદિ કાલથી ધર્મનો પ્રવાહ ચાલે છે, તેના કરતાં અધર્મના ઉત્પાદકો વધારે પ્રમાણમાં પ્રગટે છે, કોઇ કોઇ વખત તો અધર્મજ ધર્મને નામે જગતમાં જોરશોરથી ચાલે છે. હિંસા પણ ધર્મ તરીકે મનાય છે. આમ અધર્મનું જ્યારે જોર હોય ત્યારે એવી અંધાધુંધી ચાલે તેમાં નવાઇજ નથી. એવા અવસરે ધર્મનું રક્ષણ કરવા સાચા પરમ પ્રેમયોગીઓનો અવતાર પ્રગટ થાય છે. ગીતામાં જણાવ્યું છે. કે 'यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारते । अभ्युत्थानमधर्मस्य, तदाऽत्मानं सृजाम्यहम् ।१। परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् । धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥२॥ જ્યારે જ્યારે ધર્મનું બલ નષ્ટ થાય છે અને અધર્મનું બલ વધે છે ત્યારે હે અર્જુન હું ધર્મનું બલ પ્રગટ કરવા અધર્મ અનાચારના જુલમનો નાશ કરવા માટે પ્રેમાવતારને પ્રગટ કરવા હું અવતાર ધારણ કરૂં છું એટલે જાહેરમાં મારા આત્મસ્વરૂપને મુકું છું તેથી સાધુ ધર્મ કે જે પરમપદની પ્રાપ્તિમાં કારણ થાય છે તેનો પ્રકાશક બનીને સાધુ સંતોનું રક્ષણ કરૂં છું અને સત્યધર્મની સ્થાપના કરૂં છું. ॥૪૮૪॥

### શ્રદ્ધાપૂર્વક પ્રેમ સમજવો.

पूर्णश्रद्धा सदा कार्या, वीरगुर्वादिके जनैः ।
श्रद्धामूलं भवेत् प्रेम, जैनधर्मे मनीषिणाम् ॥४८५॥

**અર્થ**—મનુષ્યોએ પરમાત્મા, વીર તથા ગુરૂઓ ઉપર પૂર્ણ સમ્યગ્ શ્રદ્ધા કરવી જોઈએ. કારણકે જૈનધર્મમાં ડાહ્યા માણસોનો પ્રેમ શ્રદ્ધારૂપ મૂલથીજ પ્રગટ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### ભગવાનના કહેલા તત્ત્વ પર શંકા ન કરવી.

**तर्कादिकं न कर्त्तव्यं, महावीरप्रभौ कदा ।**
**महावीरोक्ततत्त्वेषु, शङ्का कार्या न रागिभिः ॥४८६॥**

**અર્થ**—ભગવાન્ શ્રી મહાવીરના અસ્તિત્વમાં કદાંપિ તર્કવિતર્કાદિક ન કરવા તેમજ ભગવંતે કહેલા લૌકિક લોકોત્તર તત્ત્વોમાં પ્રેમીઓએ કદાપિ પણ શંકા ન કરવી જોઇએ. ॥૪૮૬॥

**વિવેચન**—પરમાત્માના ગુણાનુરાગી સમ્યક્ત્વવંત જ્ઞાન ચારિત્રવંત પ્રેમયોગીઓ વચનોમાં કદાપિ પણ શંકા કરતા જ નથી, '**अरिहंतो महद्देवो जावज्जीवं सुसाहुणो । गुरूणो जिनपन्नत्तं तत्तं, इय सम्मत्तं मये गहियं ॥१॥** અરિહંત વીતરાગ પરમાત્મા તેજ મહાન મોક્ષનો માર્ગ દેખાડનારા મહાન્ દેવાધિ દેવ પરમેશ્વર માટે દેવરૂપ સદા પૂજ્ય છે. સદાચાર પાળનારા સર્વજીવોનું રક્ષણ કરનારા મન, વચન, કાયાથી કોઇને પણ પીડા થાય તેવા વ્યાપારનો સર્વથા ત્યાગ કરનારા પૂજ્યો મારે ગુરૂરૂપે પૂજ્ય છે અને જીનેશ્વરોએ પ્રરૂપેલા તત્ત્વોને હું સમ્યગ્ રીતે સાચા માનું છું એવું સમ્યગ્દર્શન શ્રદ્ધા રૂચિરૂપ સદ્દર્શન મેં મન, વચન, કાયા વડે ગ્રહણ કર્યું છે. એવો હૃદયમાં નિશ્ચય કરી કોઈપણ શંકા ન કરવી ॥૪૮૬॥

### તર્ક અને શંકાથી પ્રેમનો નાશ થાય છે.

**तर्कशङ्कादितः श्रद्धा; प्रेमनाशो भवेत् खलु ।**
**विवादोऽपि न कर्त्तव्यः, कदापि जैनधर्मिभिः ॥४८७॥**

**અર્થ**—ભવ્યાત્માઓએ તર્ક શંકાદિ ન કરવા તેથી શ્રદ્ધા અને પ્રેમનો અવશ્ય નાશ થાય છે. તેમજ વિવાદ પણ ન કરવો કેમકે તે કદાપિ જૈનધર્મિઓને યોગ્ય નથી. ॥૪૮૭॥

### તર્ક કે કુયુક્તિથી તત્ત્વ પામી શકાતું નથી.

**श्रद्धाप्रेमविनाशाय, कुयुक्तितर्ककोटयः ।**
**तत्पारं याति नो कोऽपि, तत्त्वस्य तर्ककोटिभिः ॥४८८॥**

**અર્થ**—કુતર્ક અને કુયુક્તિની કોટીઓ તો શ્રદ્ધા અને પ્રેમના નાશને માટે જ થાય છે. કારણકે ગમે તેવા મગજનો માણસ પણ સત્યતત્ત્વને તર્કકોટિથી નિશ્ચય કરી શકતો નથી. ॥૪૮૮॥

### ભગવાન મહાવીર સત્ય ભાષક હોવાથી તેમના ઉપરની શ્રદ્ધા સુખ આપનાર છે.

**सर्वज्ञः श्रीमहावीरः, सर्वथा सत्यभाषकः ।**
**पूर्णश्रद्धाबलेनैव, तस्मिन् प्रेम सुखावहम् ॥४८९॥**

**અર્થ**—સર્વજ્ઞ શ્રી મહાવીર પરમાત્મા સર્વથા સત્યભાષક છે તેથી તેમની ઉપર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂર્ણ શ્રદ્ધાના બલનું જેણે અવલંબન કર્યું હોય તેને પરમાત્મા ઉપરનો પૂર્ણ પ્રેમ સુખ અપાવનારો થાય છે. ॥૪૮૯॥

### જૈનધર્મ સમાન બીજો ધર્મ નથી.

जैनधर्मसमो धर्मो, नैव भूतो भविष्यति ।
वेदादनादिकः सत्य–स्तस्य श्रद्धा महाफला ॥४९०॥

**અર્થ**—જૈનધર્મ સમાન અન્ય કોઇ ધર્મ ભૂતકાલમાં થયો નથી અને થવાનો પણ નથી. કારણકે વેદથી પણ જૈનધર્મ અનાદિ છે એવી સાચી શ્રદ્ધા પ્રેમયોગીને મહાન્ ફલ આપનારી થાય છે. ॥૪૯૦॥

### જૈનધર્મની શ્રદ્ધાના બલથી પ્રેમ અને તેથી સદ્ગતિ થાય છે.

तस्य श्रद्धाबलेनैव, पूर्णप्रेम प्रजायते ।
पूर्णप्रेमबलेनैव, प्रेमी याति परां गतिम् ॥४९१॥

**અર્થ**—તે ધર્મની શ્રદ્ધાના બલથી આત્મામાં પૂર્ણ પ્રેમનો ભાવ પ્રગટ થાય છે તે પૂર્ણ પ્રેમના બલથી પ્રેમી આત્મા શ્રેષ્ઠ ગતિને પ્રાપ્ત કરે છે. ॥૪૯૧॥

### જીનવાણીની શ્રદ્ધા મુકિત આપનાર છે.

सर्वज्ञ श्री महावीर–देवेन सत्यभाषितम् ।
तद्वाच एव सद्वेदा–स्तस्य श्रद्धैव मुक्तिदा ॥४९२॥

**અર્થ**—સર્વજ્ઞ શ્રી મહાવીર દેવ ભગવંતો વડે સત્ય જ કહેવાય છે. તેથી તેમની વાણી તે અવશ્ય સાચા પ્રમાણિક વેદો છે તેમ સમજવું. જીનવાણીની શ્રદ્ધા એજ મુકિત આપનાર છે. ॥૪૯૨॥

**વિવેચન**—ભગવાન શ્રી મહાવીરદેવે સાડા બાર વર્ષ ઘોર તપ કરી દેવ અને અસુરોએ કરેલા તેમજ અનાર્ય મનુષ્યોએ તથા તિર્યંચોએ કરેલા ભયંકર ઉપસર્ગોને સમભાવે સહી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય કર્મનો સર્વથા ઘાત કરીને કેવલજ્ઞાન અને કેવળદર્શનને પ્રગટ કરી સર્વજ્ઞ થયા, ત્યારપછી ભગવાને જે જે ભવ્યાત્માઓને આત્મભાન કરાવવા ઉપદેશ કર્યો છે, તે વચનો પૂર્ણ સત્ય વેદો જ છે. કહ્યું છે કે **'शासनात् त्राणशक्तेश्च बुधैः शास्त्रं निरुच्यते । वचनं वीतरागस्य तत्तु नान्यस्य कस्यचित् ॥** વેદવું એટલે વસ્તુ સ્વરૂપને જેના અવલંબનથી જાણવું તે વેદ એટલે જ્ઞાન તેવાં વચનો વડે વસ્તુ સ્વરૂપનો બોધ થવામાં જે નિમિત્ત કારણ થાય તે શાસ્ત્રવેદ સમજવા. તે દુર્ગતિમાં પડતા જીવોને હિતોપદેશ આપી બચાવવાની પૂર્ણ શકિત ધરાવતાં હોવાથી બુદ્ધિવંતો પ્રભુના વચન સમુહને શાસ્ત્ર–વેદ કહે છે. આવી યોગ્ય વ્યુત્પત્તિવાળા અર્થયુક્ત વેદશાસ્ત્ર ભગવાન વીતરાગ સર્વજ્ઞના વચનોમાં જ ઘટે છે, બીજા અસર્વજ્ઞના વચનોમાં કે અપૌરૂષેય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગ્રંથોમાં પ્રમાણિકતા ઘટતી જ નથી તેવાં શાસ્ત્રો વેદો શ્રી મહાવીરદેવે ઉપદેશેલ છે. તેજ સાચા વેદો છે એવી શ્રદ્ધા પ્રેમયુકત હોવાથી જ્ઞાનદર્શન ચારિત્રના બલની વૃદ્ધિ કરાવીને આત્માને મોક્ષ માર્ગમાં ગમન કરાવી મોક્ષનો પરમાનંદ આપે છે. ॥૪૯૨॥

## વીર ભગવાનનું શરણ સ્વીકારો.

महावीरागमेष्वेव, श्रद्धाप्रेम सुखप्रदम् ।
सर्वधर्मान् परित्यज्य, वीरस्य शरणं व्रज ॥४९३॥

**અર્થ**—ભગવાન મહાવીરના આગમોમાં જ એક શ્રદ્ધા યુકત પ્રેમ જ સત્ય સુખ આપનાર છે. માટે સર્વ અન્ય ધર્મોનો સર્વથા ત્યાગ કરી ભગવાન વીર પરમાત્માના શરણને પ્રાપ્ત કર. ॥૪૯૩॥

## જૈનાગમની રક્ષા કરો.

वीरागमेषु सत्प्रेम, कलौ मुक्तिप्रदायकम् ।
मुक्तिप्रयुक्तिभिर्भक्तै-रक्ष्या जैनागमाः सदा ॥४९४॥

**અર્થ**—પ્રેમીજનોએ વીર પરમાત્માએ ઉપદેશ કરેલા આગમ શાસ્ત્રો ઉપર સત્યપ્રેમ રાખવો તેજ આ કલિકાલમાં મુકિત માર્ગની પ્રાપ્તિ કરાવનાર છે તેથી મુકિત પ્રાપ્તિ કરાવનારા સર્વ જૈનાગમોની સદા રક્ષા કરવી. ॥૪૯૪॥

## જૈન સંઘ અને આગમ ઉપર પ્રેમ રાખનાર ભકતને નમસ્કાર.

जैनसंघोपरि प्रेम, तथा जैनागमोपरि ।
यस्य स सर्वभक्तेषु, श्रेष्ठस्तस्मै नमोऽस्तु नः ॥४९५॥

**અર્થ**—જૈન સંઘ તથા જૈનાગમો ઉપર પ્રેમ રાખવો જોઇએ. જેનો એવો પ્રેમ વર્તે છે તે સર્વ પ્રભુ ભક્તો શ્રેષ્ઠ છે. તેવા ઉત્તમ પુરૂષોત્તમોને મારો સદા નમસ્કાર હો. ॥૪૯૫॥

## અન્તઃ-પ્રેમ અને બાહ્ય પ્રેમથી આત્મા વ્યાપક થાય છે.

अन्तःप्रेम बहिःप्रेम, यस्य प्रेममयं जगत् ।
तस्यात्मा व्यापको भूयात्, केवलज्ञानतः स्वयम् ॥४९६॥

**અર્થ**—જેનામાં અન્તરનો પ્રેમ છે તેમજ બાહ્યથી પણ પ્રેમ છે તેથી સર્વ જગત્ પ્રેમ સ્વરૂપ છે. એમ જે જાણે છે. તે આત્મા કેવલજ્ઞાનથી સ્વયં સર્વત્ર વ્યાપક થાય છે.

## ક્ષમાદિ ધર્મવાળામાં દુષ્ટતા નથી હોતી.

धर्मक्षमा भवेद्यस्य, दुष्टता नैव विद्यते ।
तस्य भक्तिर्भवेत् सत्या, परमात्मप्रदर्शिका ॥४९७॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**—ક્ષમાદિક દશ ધર્મ જેમાં વિદ્યમાન હોય, ત્યાં કોઇપણ પ્રકારની દુષ્ટતા નથી જ હોતી. તેઓની પરમાત્મા ઉપર જે ભકિત થાય છે તે સત્ય જ હોય છે. અને તે ભકિત પરમાત્માના સ્વરૂપને દર્શન કરાવનારી થાય છે. ॥૪૯૭॥

**વિવેચન**—જે પરમાત્મા મહાવીરના પરમ ભકત પ્રેમયોગીઓ છે તેઓને ક્ષમા, આર્જવ માર્દવ, મુકતતા, તપાચરણુ, સંયમ, શૌચ. સત્ય, અકિંચન, બ્રહ્મચર્ય વિગેરે દશ ગુણુ ધર્મની પાલણા અવશ્ય હોય છે. કહ્યું છે કે "**तत्तसद्धाए जायाए तत्तबोहो सुदुल्लहो जं आसण्णसिवा केई, तत्तं बुज्झंति जंतुणो ॥१०८५॥ तत्तं दसविहो धम्मो, खंती मद्दव अज्जवं । मुत्ती तवो दया सच्च सोयंबंभमकिंचणं ॥१०८६॥** અર્થ– જીવોને પુણ્યોદયથી તત્ત્વની શ્રદ્ધા થાય પણુ જ્ઞાનાવરણીયના તેવા પ્રકારના ક્ષયોપશમના અભાવે તત્ત્વ સ્વરૂપનો પૂર્ણુ બોધ જીવોને નથી પ્રાપ્ત થતો, કોઇક નજીકમાં મોક્ષ પામવા યોગ્ય આત્માને તત્ત્વ સ્વરૂપનો બોધ થાય છે. તે તત્વનો બોધ ચારિત્ર ગુણુ રૂપે દશ પ્રકારનો છે (૧) ક્ષમા એટલે ક્રોધનો નાશ કરવો તે અપરાધીને માફી આપવી તે ક્ષમા લોકપ્રસિદ્ધ છે. (૨) મૃદુતા માનનું-અભિમાનનું દમન કરવું તે મદ્દવ, (૩) આર્જવ સરલતા કપટનો નાશ કરવો તે (૪) મુકિત પરિગ્રહરૂપ ગ્રંથીનો ત્યાગ કરવો તે બે પ્રકારે છે. દ્રવ્યથી ધન ધાન્યાદિ નવ પ્રકારે અને ભાવથી કષાયાદિનો ત્યાગ કરવો તે. (૫) તપઃ એટલે ભોગોપભોગની ઇચ્છાનો રોધ કરવો તે પણુ બે પ્રકારે છે. દ્રવ્યથી અણુસણુ ઉપવાસાદિ છ પ્રકારે ભાવથી મન વચન કાયાના વ્યાપારનો ભોગની ઇચ્છાનો રોધ કરવો તે સ્વાધ્યાય ધ્યાન કાયોત્સર્ગ કરી દેહનો મમત્વ છોડવો તે. (૬) દયા સર્વ જીવો ઉપર કરૂણા રાખવી, (૭) સત્ય બોલવું. (૮) શૌચતા એટલે પવિત્રતા (૯) બ્રહ્મચર્ય અઢાર પ્રકારના ભેદથી યુક્ત દ્રવ્ય ભાવમય મૈથુન નો સર્વથા ત્યાગ કરવો તે. (૧૦) અકિંચન એટલે જગત્માં જે જડ પદાર્થો છે તેમાં પણુ મારૂં કોઇપણુ પ્રકારનું સ્વામિત્વપણું નથી. આ દશ ધર્મમાં ક્ષમા મુખ્ય ધર્મ છે. ॥૪૯૭॥

### ભકિતમાર્ગથી વિનિપાત થતો નથી.

**पूर्णप्रामाण्ययोगेन, प्रेमभक्तिः प्रजायते ।**
**भक्तिमार्गाधिरोहेण, विनिपातो न जायते ॥४९८॥**

**અર્થ**—પૂર્ણ પ્રામાણ્યતાના યોગ વડે સાચી પ્રેમભક્તિ પ્રગટે છે, એવી ભક્તિથી ધર્મમાર્ગમાં ચાલતા પ્રેમયોગીને પડવાનો પ્રસંગ નથી આવતો. ॥૪૯૮॥

### ધર્મકાર્યમાં ભકતને મુશ્કેલી નડતી નથી.

**प्रत्यवायो न जायेत, भक्तानां धर्मकर्मसु ।**
**जैनधर्मबलेनैव, प्रान्ते मुक्तिर्न संशयः ॥४९९॥**

**અર્થ**—સાચા પ્રેમભક્તોને ધર્મના કાર્યો કરતા કદાપિ પણુ પ્રત્યવાય-અડચણો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી આવતી પણ જૈન ધર્મના બલથી ભકતોને અવશ્ય મુક્તિની પ્રાપ્તિજ થાય છે તેમાં જરાપણ સંશય નથી. ॥૪૯૯॥

### જૈત્ર શકિત વિના ભકિતજ્ઞાન આવતું નથી.

पूर्णप्रेम महाभक्ति–जैनानां नान्यदेहिनाम् ।
जैत्रशक्तिविहीनानां, भक्तिर्ज्ञानं न जायते ॥५००॥

**અર્થ**—પૂર્ણ પ્રેમ યુકત જે મહા ભકિત છે તે સાચા જૈન ભકતોને જ પ્રાપ્ત થાય છે તે અન્ય પ્રાણીઓને નથી મળતી. જ્યાં જૈત્ર–જીતવાની શક્તિ નથી ત્યાં ભક્તિયોગનું જ્ઞાન નથી જ ઉપજતું. ॥૫૦૦॥

जैत्रशक्तिर्भवेद्यत्र, तत्राऽस्ति जैनशासनम् ।
जैत्रशक्तिप्रतापेन, शुद्धप्रेम प्रजायते ॥५०१॥

**અર્થ**—જીતવાની શકિત જેમાં હોય તેમાં જ જૈનશાસનનું અસ્તિત્વ રહેલું છે કારણ કે જીતવાની શકિતના પ્રતાપે જ શુદ્ધપ્રેમ આત્મામાં પ્રગટ થાય છે. ॥૫૦૧॥

### ભકતો સદા નિર્દોષ હોય છે.

भक्तानां परिणामेषु, कृत्येषु नैव दोषता ।
भक्ताः सर्वत्र निर्दोषा, धर्म्यैकर्तव्यकारकाः ॥५०२॥

**અર્થ**—સાચા ભક્તોના પરિણામોમાં કે કર્તવ્યોમાં કયાં પણ દોષતા હોતી જ નથી; પરમાત્માના ભકતો સદા સર્વત્ર નિર્દોષ હોવાથી ધર્મ સંબંધી કાર્યોને જ કરનારા હોય છે. ॥૫૦૨॥

### ભકતો જ શુદ્ધપ્રેમના પાત્ર છે.

अब्धिवत् पूर्णगंभीराः, क्षुद्रादिदोषवर्जिताः ।
भक्ता भवन्ति सत्पात्रं, शुद्धप्रेमाधिकारिणः ॥५०३॥

**અર્થ**—સમુદ્રની પેઠે ગંભીર હૃદયવાળા ક્ષુદ્રતાદિ દોષ વિનાના એવા પરમાત્માના ભકતો જ શુદ્ધપ્રેમની પ્રાપ્તિ માટે અધિકારના પાત્ર છે. ॥૫૦૩॥

### ભકિત યોગની સાધનામાં સર્વયોગની સાધના છે.

हठादिसर्वयोगानां, लयो भक्तौ प्रजायते ।
साधिते भक्तियोगे तु, सर्वयोगाः प्रसाधिताः ॥५०४॥

**અર્થ**—હઠયોગ, રાજયોગ, જ્ઞાનયોગ, ક્રિયાયોગ, ભક્તિયોગ વિગેરે યોગોનો લય એક ભકિત યોગમાં સમાઈ જાય છે. કારણકે ભક્તિયોગ સાધતાં સર્વ યોગોનું ફલ સ્વયં પ્રાપ્ત થાય છે. ॥૫૦૪॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વિવેચન**—હઠયોગ એટલે બલાત્કારથી મન, ઇંદ્રિય અને શરીર ઉપર ક્રિયાઓ કરવાની ફરજ પાડવી તેને હઠયોગ કહે છે જેમકે યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર એ સર્વ હઠયોગ કહેવાય છે. તે એટલા માટે કે યમ એટલે અહિંસા સત્ય અચૌર્ય બ્રહ્મચર્ય અકિંચન વ્રત પાલવા માટે મન વચન કાયા ઉપર કેટલો સંયમ મુકવો પડે છે? તે સર્વ સુવિદિત છે, રાજયોગ અને જ્ઞાનયોગ મનના નિગ્રહથી ફલિત થાય છે. ક્રિયાયોગ સામાયિક પ્રતિક્રમણ પૂજા વિગેરે નિયમો તે પણ મન ઉપર સંયમ કરાવે છે. તે સર્વે અભ્યાસથી સિદ્ધ થાય છે. ભકિતયોગ જે પ્રેમી આત્માઓએ સિદ્ધ કર્યો છે તેવા ભકતોને સર્વયોગો સહજભાવે સિદ્ધ થાય છે. ભકિત–વિનય વડે ગુરૂદેવનું ચિત્ત પ્રસન્ન થવાથી સમ્યગ્જ્ઞાન મળે તેથી આત્મા હિતાહિત જાણે તેના વિષય વિકારો નષ્ટ થાય એટલે જ્ઞાનયોગ, ચારિત્રયોગ અને ધ્યાનસમાધિયોગ તે સર્વ ભક્તિથી સિદ્ધ થાય છે. ॥૫૦૪॥

## મહાવીર ભગવાનના જાપથી સર્વ શકિત ઉત્પન્ન થાય છે.

सर्वजातीयमंत्राणां, लयोऽस्ति वीरनामनि ।
सर्वशक्तिसमुत्पत्ति–र्महावीरस्य जापतः ॥५०५॥

**અર્થ**—સર્વ જાતોના કલ્યાણકારી મંત્રોનો લય વીર નામના મંત્રમાં જ લય થઇ જાય છે, કારણકે ભગવાન મહાવીરના નામનો જાપ કરવાથી સર્વ પ્રકારની શક્તિ આત્મા પ્રગટ કરી શકે છે. ॥૫૦૪॥

**વિવેચન**—આ જગત્માં અનેક દેવ દેવીઓને પ્રસન્ન કરવા માટે અનેક મંત્રો ઉભા કરાયા છે. તે દેવો પાસે સંસારી સુખની ચાહના કરનારા અનેક જીવાત્માઓ તે તે દેવદેવી-ઓના જાપ, તપ અનુષ્ઠાનો કરે છે. તેમાં કોઇથી કાંઇક સિદ્ધિ થયેલી કોઇને જણાતી હશે અને કોઇને ઇષ્ટ સિદ્ધિ નહિ પણ થતી હોય તેમાં કર્મનું કારણ અવશ્ય હોય છે. જેને લાભોદય હોય તેને મંત્ર જાપ કરતાં ઇષ્ટ વસ્તુ મળે એટલે બાળકો રમત કરતાં ઢેખાળો ઉડાડતાં કોઇનો ભીંતમાં રહેલા ગોખલામાં પેસી જાય ત્યારે તેને આપણે તાકોડુ માની લઇએ છીએ. તેમજ તે દેવની પ્રસન્નતાથી ઇષ્ટ વસ્તુ મળી તેમ માની શુભ કર્મના ઉદ-યને ભુલી જઇએ છીએ, અને જો જાપ કરતા છતાં ઇષ્ટ વસ્તુનો લાભ ન થાય તો તે દેવને બલહીન કે અપ્રસન્ન માનીએ છીએ. પણ કર્મના અંતરાયથી વસ્તુ ન બની તે વાતને નથી સ્વીકારતા. આવા મંત્રોથી કાર્ય સિદ્ધિ થાય કે ન થાય પણ પરમાત્મા મહાવીરદેવનું નામ સ્મરણ કરતાં અનંતભવના પાપોનો નાશ થાય છે. તે માટે પૂજ્ય ગુરૂદેવ જણાવે છે કે,

'त्वन्नामस्मरणाद् देव ! फलतु मे वांच्छितं सदा । दूरीभवन्तु पापानि, मोहनाशयवेगतः ॥५॥
ॐ ह्रीँ अर्हं महावीर मंत्र जापेन सर्वदा । बुद्धिसागरशक्तिनां प्रादुर्भावो भवेद् ध्रुवम् ॥६॥

ભગવંતનું નામ સ્મરણ કરતાં મન, વચન, કાયાની એકાગ્રતાથી ધ્યાતા ધ્યેયમાં એકત્વ અભેદભાવે થઇ જતાં આત્મા સર્વ શકિતનો પ્રાગટ્ય ભાવ અવશ્ય કરી શકે છે. સર્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાર્યોને પ્રાપ્ત કરી શકે છે, કહ્યું છે કે **इक्कोवि न मुक्कारो जिणवरवसहस्स वद्धमाणस्स । संसारसागराओ तारेइ नरं व नारीं व ॥** ભગવંત મહાવીરદેવ જીનવરના એકનામ માત્રના જાપ વડે નમસ્કાર કરતા નરનારીઓને સંસાર સમુદ્રથી તારે છે. તેથી ભગવાનનું નામ પણ કાર્ય સિદ્ધિ કરતું હોવાથી મહાન્ મંત્ર છે. ॥૫૦૫॥

**सर्वकर्मविनाशोऽस्ति, महावीरेति जापतः ।**
**महावीरप्रभोर्जापे, बुद्धिलक्ष्मीसमृद्धयः ॥५०६॥**

**અર્થ**—ભગવાન મહાવીર એવા નામના જાપ કરતાં સર્વ કર્મનો વિનાશ થાય છે, તેમજ મહાવીર પ્રભુનો જાપ કરતાં આત્મા, બુદ્ધિ, લક્ષ્મી અને સમૃદ્ધિઓને પ્રાપ્ત કરે છે. ॥૫૦૬॥

## ભક્તોને દેવદેવીની સહાયતા

**महावीरस्य भक्तानां, देवदेवीसहायता ।**
**यत्र तत्र भवेद् गुप्त–रूपेण सत्यनिश्चयः ॥५०७॥**

**અર્થ**—ભગવાન્ શ્રી મહાવીર દેવના ભક્તોને દેવદેવીની સહાયતા અવશ્ય હોય છે. તેઓ ભક્તો જ્યાં વિચરતા હોય ત્યાં ગુપ્ત–અદૃશ્ય રૂપ વડે નિશ્ચયતાથી સારી રીતે સત્ય સહાયતા કરે છે. ॥૫૦૭॥

**વિવેચન**—ભગવાન્ વીતરાગ પરમાત્માના જે સાચા શુદ્ધપ્રેમ યુકત ભકતો હોય છે. તેને તો જૈનશાસનના રક્ષણ કરનારા યક્ષયક્ષિણી દેવદેવી અવશ્ય સહાય–મદદ કરનારા થાય છે. કહ્યું છે કે **"शक्ति अनंती आतममांहि भूली क्यां भूला भमो, आतमश्रद्धा राखो भव्यो दुष्टवृत्तिओ दमो ॥ सत्य शर्म छे आतममांहे, जडमां सुख आशा त्यजो सिद्धायिका सहाय करंति उद्यमथी मुक्ति सजो ॥४॥** આપણે જ્યાં હોઇએ ત્યાં શાસનનું રક્ષણ કરનારા દેવદેવીઓ આપણને પરમાત્માની ભક્તિના બળથી ગુપ્ત રીતે પણ સહાયક થાય છે. ॥૫૦૭॥

**दर्शनं देवदेवीनां, वीरभक्तस्य जायते ।**
**स्वप्नेऽपि तस्य बोधस्य, प्रदाता सद्गुरुर्भवेत् ॥५०८॥**

**અર્થ**—પરમાત્મા મહાવીરદેવના ભકતોને દેવદેવીઓનાં દર્શન સ્વપ્નામાં થાય છે. અને તે ધર્મનો બોધ આપવાથી સદ્ગુરૂ રૂપે બને છે. ॥૫૦૮॥

## શ્રી મહાવીરના ભક્તો મહાવીરની ગર્જના કરે છે.

**महावीरप्रभोर्भक्ता–महावीरेतिगर्जनाम् ।**
**कुर्वन्ति पूर्णभावेन, वीरकल्याणकोत्सवे ॥५०९॥**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**—ભગવાન્ શ્રી મહાવીર પ્રભુના જે પૂર્ણ સત્ય ભકતો છે તે તો પૂર્ણ શુદ્ધ-ભાવથી તે પ્રભુના કલ્યાણકોના મહોત્સવમાં મહાવીર નામની ગર્જના કરે છે. ॥૫૦૯॥

**जिनेन्द्रश्रीमहावीरे, सद्गुरौ जैनशासने ।**
**नामरूपलयं कृत्वा, वर्त्तितव्यं सुरागिभिः ॥५१०॥**

**અર્થ**—જીનેશ્વર શ્રી મહાવીર ઉપર તથા સદ્ગુરૂ અને જૈનશાસન ઉપર સુંદર રાગ વાળા આત્માએ પોતાના નામરૂપ આદિનો લય કરીને નામ રૂપ, કીર્તિ આદિના લોભનો ત્યાગ કરીને વર્તવું જોઇએ. ॥૫૧૦॥

**મમત્વ ત્યાગીને કાર્ય કરવું.**

**पूर्णविश्वाससत्प्रेम्णा, प्रत्यक्षसद्गुरौ जनैः ।**
**ममत्वस्य लयं कृत्वा, कर्त्तव्यं कर्म सर्वदा ॥५११॥**

**અર્થ**—મનુષ્યોએ સાચા પ્રેમથી પ્રત્યક્ષ રહેલા સદ્ગુરૂ ઉપર પૂર્ણ વિશ્વાસ કરવો અને મારા તારાની મમતાનો ત્યાગ કરી સર્વદા કરવા યોગ્ય કર્મ કરવાં. ॥૫૧૧॥

**જ્યાં પ્રેમ ત્યાં ચિત્તની એકાગ્રતા થાય છે.**

**सत्कर्तव्योपरि प्रेम, कर्त्तव्यं शुद्धरागिभिः ।**
**यत्र प्रेम भवेत् तत्र, चित्तैकाग्र्यं प्रजायते ॥५१२॥**

**અર્થ**—પરમાત્માના શુદ્ધરાગીઓએ સારા કાર્યો ઉપર અવશ્ય પ્રેમ કરવો જ જોઇએ કારણકે જ્યાં પ્રેમ હોય ત્યાં એકાગ્રતા આત્માની પ્રગટ થાય છે. ॥૫૧૨॥

**આત્મા જ કૃષ્ણ, વાસુદેવ અને મહાવીર છે.**

**धर्माऽकर्षणयोगेन, आत्मा कृष्णो भवेत् स्वयम् ।**
**निजात्मा वासुदेवोऽस्ति, महावीरः स्ववीर्यतः ॥५१३॥**

**અર્થ**—આત્મા ધર્મ સ્વરૂપનું આકર્ષણ કરનારો હોવાથી તે કૃષ્ણ કહેવાય છે અને સ્વરૂપમાં વસતો હોવાથી વાસુદેવ પણ કહેવાય છે. આત્મા વીર્યના સામર્થ્યથી મહાવીર પણ તેજ બને છે. ॥૫૧૩॥

**गोप्यस्तु वृत्तयः सर्वा–स्तासामन्तःप्रपालकः ।**
**गोपालः सर्वथात्मैव, न च देहो विनश्वरः ॥५१४॥**

**અર્થ**—આત્માને તેની સર્વ અંતરની વૃત્તિઓનું રક્ષણ કરવાનું રહે છે તે વૃત્તિઓનો પાલક હોવાથી આત્માજ ગોવાલ છે. પણ વિનાશ સ્વભાવવાળો દેહ ગોપાલ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પ્રેમશક્તિથી વજ્રથી કઠણ હૃદયો પણ ફુલથી કોમલ હૃદયો થાય છે.

वज्रादपि कठोराणि, हृदयानि मनीषिणाम् ।
मृदूनि पुष्पवच्छीघ्रं, भवन्ति प्रेमशक्तितः ॥५१५॥

**અર્થ**—જે મનુષ્યોના હૃદયો વજ્રથી પણ અત્યંત કઠોર હોય છે તેઓને પણ શુદ્ધ પ્રેમ શક્તિવાલા યોગીઓ પુષ્પથી પણ કોમલ હૃદયવાલા જલદી બનાવી શકે છે. ॥૫૧૫॥

**વિવેચન**—સંસારમાં અનેક વિચિત્ર પ્રકારના માણસો અને પશુઓ હોય છે. કેટલાક ભયંકર રાક્ષસ વૃત્તિના હોય છે. કેટલાક માયાવી હોય છે અને કેટલાક હિંસક વૃત્તિઓ-વાળા હોય છે, કેટલાક પરસ્પર જન્મથી વૈર ધરનાર પણ હોય છે, કેટલાક તેથી વિપરિત વૃત્તિવાળા પણ પ્રાણીઓ હોય છે. તેમાંથી બીજાની વાત બાજુએ મુકીએ જે ભયંકર ક્રુર અને વજ્રની પેઠે કઠોર મનના પણ હોય છે. તેઓ બીજાને માટે સારો કે ખોટો નિશ્ચય કર્યો હોય તે કોઇપણ પ્રકારે પાર પાડવો અન્યને તેમાં કેવાં દુઃખ પડશે. તેનો વિચાર નથી કરી શકતા. આવા કઠોર હૃદયવાળા અને ભયંકર કાર્યો કરવા તૈયાર થયેલા મનુષ્ય કે પશુઓને જે પૂર્ણ પ્રેમયોગીઓ હોય છે તેઓ પ્રેમવડે તેવા ભયંકર વજ્ર જેવા કઠણ હૃદયના માણસોને પ્રેમદૃષ્ટિથી નિહાલતાં પ્રેમથી ઉપદેશ કરતાં તે કઠોર માણસના હૃદયનો પલટો કરે છે. ભગવાનના દર્શનથી ચંડકૌશિકના હૃદયનો પલટો થયો હતો, તેમ શુદ્ધ પરમાત્મા સમાન પ્રેમયોગના પૂર્ણ સ્નાતક એવા યોગીઓના દર્શનથી ભવ્યાત્માઓના મિથ્યાત્વ અવિરતિ કષાય અને અશુભ યોગોનો પલટો થાય છે. તેઓના મન પુષ્પ જેવા કોમલ થઇ જાય છે. તે માત્ર એક પ્રેમશક્તિનો જ પ્રભાવ છે. ॥૫૧૫॥

## પ્રેમામૃતનું ફલ.

निष्ठुरस्यापि कारुण्य-मज्ञस्यापि प्रकाशता ।
सर्वात्मसु च सौन्दर्यं, शुद्धप्रेमामृताद् भवेत् ॥५१६॥

**અર્થ**—શુદ્ધપ્રેમરૂપ અમૃત નિર્દય કઠોર મનવાળાના હૃદયમાં કરૂણાભાવ પ્રગટાવે છે અને અજ્ઞાનીને પ્રકાશ પ્રગટાવે છે અને સર્વ આત્મામાં સુંદરતા દેખાડે છે. ॥૫૧૬॥

आस्तिक्यं नास्तिकस्यापि, शुष्काणामार्द्रता हृदि ।
शुद्धप्रेमामृतस्वादाद्, जायते स्वीयभक्तितः ॥५१७॥

**અર્થ**—પ્રેમયોગીઓ શુદ્ધ પ્રેમરૂપ અમૃતના આસ્વાદથી અને સર્વત્ર પોતાની પ્રેમ ભક્તિ વડે નાસ્તિકોને પણ આસ્તિક બનાવે છે અને સુકા લુખા પ્રેમ વિનાના માણસમાં પણ હૃદયની સ્નેહતા-પ્રેમાળતા પ્રગટાવે છે. ॥૫૧૭॥

## પ્રેમીને જગત્ પ્રેમમય લાગે છે.

यस्यात्मा प्रेमरूपोऽस्ति, तस्य प्रेममयं जगत् ।
प्रेमात्मा यः स्वयं नास्ति, तस्य शून्यं जगद् भवेत् ॥५१८॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**—જેનો આત્મસ્વભાવ પ્રેમસ્વરૂપ છે તેને સર્વ જગત્ પ્રેમરૂપેજ જણાય છે. અને જ્યાં આત્મામાં સ્વયં પ્રેમ વસતો નથી તેને સર્વ જગત્ શૂન્યરૂપે ભાસે છે. ॥૫૧૮॥

**શુદ્ધ પ્રેમ વિના રાજાઓ અને ઇન્દ્રો રાંક જેવા છે.**

**मानवेन्द्राः सुरेन्द्राश्च, दानवाश्चक्रवर्तिनः ।**
**वराका इव विज्ञेयाः, शुद्धप्रेमामृतं विना ॥५१९॥**

**અર્થ**—રાજાઓ દેવોના ઇન્દ્રો દાનવો અને ચક્રવર્તિઓ પણ જો તેઓમાં પ્રેમ ભાવનાનું અમૃતપાન ન થયું હોય તો બીચારા ગરીબડાજ જાણવા. ॥૫૧૯॥

**જેના જીવનમાં સાત્વિક પ્રેમ હોય ત્યાં દોષ રહેતા નથી.**

**सात्त्विकप्रेमसाम्राज्यं, यस्य जीवनताभृतम् ।**
**तस्याग्रे निष्ठुर स्वार्थ-दोषा जीवन्ति नो कदा ॥५२०॥**

**અર્થ**—જેના જીવનમાં સાત્વિક પ્રેમનું સામ્રાજ્ય ભરેલું છે. તેની પાસે નિષ્ઠુરતા અને સ્વાર્થતાના દોષો કદાપિ જીવતા રહેતા નથી અર્થાત્ સત્ય શુદ્ધપ્રેમ પ્રગટ થવાથી સર્વે દુર્ગુણ-દોષો વિનાશ પામે છે. ॥૫૨૦॥

**આત્મપ્રેમ અને જડપ્રેમ**

**आत्मप्रेम भवेन्नित्य-मानन्दाद्वैतरूपकम् ।**
**जडप्रेम भवेद्देह-वित्तादिसंभवं तथा ॥५२१॥**

**અર્થ**—આત્મા ઉપરનો શુદ્ધ પ્રેમ તે શાશ્વત અદ્વૈત આનંદરૂપ છે. અને દેહ અને ધનવૈભાદિ ઉપરનો રાગ તે ક્ષણમાં વિનાશ થનારો જડપ્રેમ છે. ॥૫૨૧॥

**आत्मप्रेम्णा भवेन्मुक्ति-र्जडप्रीत्या तु संसृतिः ।**
**ईश्वरोपासको ह्यात्म-प्रेमी चाऽन्यो भवेज्जडः ॥५२२॥**

**અર્થ**—આત્મા ઉપરનો જે પ્રેમ તે મુક્તિ આપનારો થાય છે અને જડની પ્રીતિ તે સંસાર ભ્રમણ આપે છે. તેમાં જે ઇશ્વરનો ઉપાસક હોય તેજ આત્મા ઉપરનો પ્રેમી જાણવો અન્ય તો જડ મુર્ખ છે તેમ જાણવું. ॥૫૨૨॥

**देहस्य भोगिनो नैव, किन्तु सौन्दर्यभोगिनः ।**
**आत्मनां मनसां चैव, ज्ञानाग्निपक्वरागिणः ॥५२३॥**

**અર્થ**—જે દેહના ભોગમાં પ્રેમવાલા હોય છે તે મુકિતની યોગ્યતાવાલા નથીજ હોતા પણ આત્મસૌંદર્યના જે પ્રેમી હોય છે તેજ મોક્ષની યોગ્યતાવાળા હોય છે કારણ કે જ્ઞાન રૂપ અગ્નિ વડે પૂર્ણ પકવ રાગ તેમને જાગે છે. ॥૫૨૩॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પ્રેમનો પ્રભાવ

एजते प्रेमतो विश्वं, गुप्तभेदं प्रकाशते ।
प्रेम्णा विश्वं वशीभूतं, जायते भक्तियोगिनाम् ॥५२४॥

**અર્થ**—પ્રેમથી સર્વ વિશ્વ–જગત્ ડોલે છે. પ્રેમથી જગતના ગુપ્ત ભેદ પ્રગટ થાય છે. પ્રેમવડે આખું જગત વશ કરી શકાય છે. આ બધી શક્તિ ભક્તિયોગીઓના બલમાં હોય છે. ॥ ૫૨૪ ॥

**વિવેચન**—ભક્તિ પ્રેમયોગી શુદ્ધ પ્રેમના બલથી સર્વ વિશ્વને પ્રેમરાગમાં ગાંડા બનાવીને ડોલાવે છે, નચાવે છે, "**स्निह्यन्ति जन्तवो नित्यं वैरिणोऽपि परस्परम् । अपि स्वार्थकृते साम्य-भाजः साधोः प्रभावतः ॥** અર્થ–પ્રેમયોગી સાધુઓના પ્રેમચારિત્રના પ્રભાવથી સ્વાર્થ માટે પરસ્પર વૈર કરતા લડતા એવા જંતુઓ પણ પ્રેમી બનીને સ્નેહી-પ્રેમી બને છે. ॥ ૪૨૪ ॥

शुद्धप्रेम जगत्स्वामी, कोऽपि नास्ति च तत्समः ।
प्रिय आत्मा प्रभुर्देवः, प्रिय एव जगत् प्रभुः ॥५२५॥

**અર્થ**—શુદ્ધ પ્રેમ છે તેજ એક જગત્નો સ્વામિ છે તેના સમાન જગત્માં કોઈ નથી, તેથી સર્વને આત્મા પ્રથમ પ્રિય છે પછી પરમાત્મા પ્રિય છે દેવો પણ પ્રિય છે તેમજ જગત્પ્રભુ પણ પ્રિય છે. ॥૫૨૫॥

आत्माग्नौ प्रेमिणो भक्ता, पतन्ति शलभा इव ।
कुर्वन्ति भस्मसात् देहान्, गच्छन्ति परमां गतिम् ॥५२६॥

**અર્થ**—જેમ પતંગીઆઓ અગ્નિમાં પડીને દેહને ભસ્મ કરે છે તેમ પ્રેમમય જીવાત્માઓ આત્મપ્રેમરૂપ અગ્નિમાં પડીને દેહનો વિલય કરી પરમ મોક્ષગતિ પામે છે. ॥૫૨૬॥

यत्र तत्राऽपि सत्प्रेम्णा, प्रभुं मत्वा विवेकिभिः ।
कर्त्तव्यं तन्मयं चित्तं, ततो व्यक्तः प्रभुर्भवेत् ॥५२७॥

**અર્થ**—જ્યાં સત્ય પ્રેમવડે વિવેકી આત્માઓ સર્વત્ર પ્રભુ છે એમ માનીને ચિત્તને પ્રભુમય કરે છે ત્યાં તે આત્માને પ્રત્યક્ષ પ્રભુનાં દર્શન થાયછે.

शुद्धप्रेम महायोगो–यस्य वीरोपरि स्फुटः ।
समाधिस्तस्य भक्तस्य, यत्र तत्र निरन्तरम् ॥५२८॥

शुद्धप्रेम महायोगो, यस्य शुद्धात्मनः सदा ।
वर्त्तते तस्य भक्तस्य, समाधिः स्यादहर्निशम् ॥५२९॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**—જે આત્માને ભગવાન વીર પરમાત્મા ઉપર પ્રગટભાવે શુદ્ધપ્રેમરૂમ મહાયોગ પ્રગટ થયો છે. તે ભક્તાત્માને જ્યાં હોય ત્યાં નિરંતર સમાધિ વર્તે છે, આ રીતે જે શુદ્ધાત્માને શુદ્ધમહાપ્રેમયોગ હોય તે પ્રેમભક્તને અહર્નિશ સમાધિ હોય છે.

**सर्वेषां धर्मिणां धर्मः, सत्प्रेमैव महीतले ।**
**सर्वधार्मिकलोकाना–मैक्यं सत्प्रेमतो भवेत् ॥५३०॥**

**અર્થ**—આ સર્વ પૃથ્વીમાં સત્ય પ્રેમ જ સર્વ ધર્માત્માઓનો મુખ્ય ધર્મ છે. તે સત્યપ્રેમથી સર્વ ધર્મવાળાઓનું એકત્વભાવે મિલન થાય છે. ॥૫૩૦॥

**શુદ્ધપ્રેમ રસથી જાતિ લિંગ આદિનો નાશ થાય છે.**

**जातिलिङ्गादि भेदानां, नाशः प्रेम्णा प्रजायते ।**
**सर्वात्मनां भवेदैक्यं शुद्धप्रेमरसाद् ध्रुवम् ॥५३१॥**

**અર્થ**—જાતિ લિંગ આદિના ભેદોનો નાશ પ્રેમથી જ થાય છે. અને તે પ્રેમથી સર્વ જીવાત્માઓનું અભેદભાવે શુદ્ધપ્રેમરૂપ અમૃતરસથી નિશ્ચયભાવે એકત્વ થાય છે. ॥૫૩૧॥

**અનેકાન્ત પ્રેમ.**

**अनेकान्तनये ज्ञाते, शाश्वते, जैनशासने ।**
**अनेकान्तमहाप्रेम, जायते भेदनाशकम् ॥५३२॥**

**અર્થ**—અનેકાંતનયના સ્વરૂપમય શાશ્વતા જૈનશાસનને જ્યારે આત્મા જાણે છે. ત્યારે પ્રેમમય પ્રવૃત્તિમાં કયાંય ભેદ નથી રહેતો કારણકે અનેકાંત સર્વ વ્યાપક મહાન પ્રેમ ખરેખર ભેદનો નાશક છે. ॥૫૩૨॥

**વિવેચન**—અનેકાંત ન્યાયને જાણનારા પ્રેમયોગીઓ શાશ્વતા જૈનશાસનને જાણે છે. એટલે જે સ્યાદ્વાદ ન્યાયથી જગતના સર્વ પદાર્થોને અનેક દૃષ્ટિએ વિચારે ત્યારે તે પદાર્થોનો સત્ય અનુભવ થાય છે. તે અનેકાંત સિદ્ધાંતમય જે ન્યાયને સમ્યગ્ભાવે સમજે છે. તેજ સર્વ તીર્થંકરના ઉપદેશેલા જૈનશાસનરૂપ આગમને જાણે છે. **जे एगं जाणइ से सव्वं जाणइ, जे सव्वं जाणइ से एगं जाणइ** જે આત્મા એક આત્માદિક કોઇ દ્રવ્યને દ્રવ્યત્વરૂપ વા ગુણત્વ રૂપ વા પર્યાયરૂપે જાણે છે. તે આત્મા જગતના સર્વ પદાર્થોને પણ યથાસ્વરૂપે જાણે છે. ॥૫૩૨॥

**आत्मरूपमहावीर–प्रियस्य पूर्णरागतः ।**
**गेयानि सर्वगानानि, सर्ववाद्यैर्जनैः खलु ॥५३३॥**

**અર્થ**—આત્મ સ્વરૂપ એવા ભગવાન્ મહાવીર કે જે આપણને પૂર્ણ પ્રિય છે. તેમના ગુણોનું ગાયન પૂર્ણ રાગથી મહોત્સવપૂર્વક વાજીંત્રાદિ સહિત કરવું. ॥૫૩૩॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



आत्मतानस्य गानेन, तन्मयो गायको भवेत् ।
हर्षोल्लासस्ततो वीर-दर्शनं जायते स्फुटम् ॥५३४॥

**અર્થ**—આવી રીતે આત્મા ઉપરના રાગમય તાનથી તેના ગુણુમાં એકત્વભાવે મસ્ત બનેલ પ્રેમયોગી હર્ષના પૂર્ણ ઉલ્લાસમાં જ્યારે આવે છે ત્યારે પ્રગટભાવે ભગવાન્ મહાવીરના દર્શન કરે છે. ॥૫૩૪॥

### પ્રેમયોગના ભગવાન્ સ્વામી છે.

परिणीतपतिर्नार्या-व्यवहारनयात्मतः ।
परब्रह्म महावीरः, सर्वेषामान्तरः पतिः ॥५३५॥

**અર્થ**—જે વ્યવહારથી પરણેલા પતિપત્નીમાં નારીનો સ્વામિ પતિ ગણાય છે તેમ નિશ્ચયભાવે સર્વ પ્રેમયોગીઓના ભગવાન મહાવીર અંતરાત્મભાવે પતિ રૂપે જ સમજવા.

### પ્રેમના પાઠથી પ્રેમ પ્રગટ થતો નથી.

प्रेमशास्त्रस्य पाठेन, शुद्धप्रेम न जायते ।
प्रेमिणां संगतेः प्रेम, जायते पूर्णनिश्चयः ॥५३६॥

**અર્થ**—પ્રેમશાસ્ત્રોના પાઠ કરવાથી કદાપિ પણ સત્યપ્રેમ પ્રગટ થતો નથી. પરંતુ પ્રેમી આત્માઓની સંગત કરવાથી જ માયા, લોભ, ઈર્ષા, વિગેરે દુર થવાથી સત્યપ્રેમ નિશ્ચયથી પ્રગટ થાય છે. ॥૪૩૬॥

### શુદ્ધ સત્પ્રીતિ હોય ત્યાં નય નિક્ષેપ વિગેરેનું પ્રયોજન નથી.

शुद्धानुभवसत्प्रीत्यां, नास्ति किञ्चित् प्रयोजनम् ।
नयप्रमाणनिक्षेप-बुद्धिवादस्य वस्तुतः ॥५३७॥

**અર્થ**—શુદ્ધ સત્ય અનુભવથી ઉપજેલી સત્યપ્રીતિ જ્યાં હોય ત્યાં નય, પ્રમાણુ, ભંગ, નિક્ષેપ અને સંકલ્પ વિકલ્પમય બુદ્ધિ અને તર્કવાદ વિગેરેનું કાંઈ પ્રયોજન નથી. ॥૫૩૭॥

### તર્કવાદના લયથી શુદ્ધ પ્રેમ જાગે છે.

न च तर्कादिभिः प्रेम, जायते भक्तदेहिनाम् ।
तर्कवादलयेनैव, शुद्धप्रेम प्रजायते ॥५३८॥

**અર્થા**—તર્કઆદિ વાદોથી ભકતાત્માઓમાં પ્રેમનો પ્રગટ ભાવ નથીજ થતો પણુ તર્કવાદના લય-નાશથીજ શુદ્ધ પ્રેમ પ્રગટ થાય છે. ॥૫૩૮॥

### શુદ્ધ પ્રેમીને કોઈ જાતનો ભય કષાય કે મિથ્યાત્વ નથી રહેતું,

सर्वजातिभयं नास्ति, शुद्धप्रेमणि योगिनाम् ।
संति नैव कषायाश्च, मिथ्याबुद्धिर्न वर्त्तते ॥५३९॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**—યોગીઓને શુદ્ધ પ્રેમમાં પ્રવૃત્તિ કરતા કોઇપણ પ્રકારના ભયો રહેતા નથી તેમજ કષાયો પણ નથીજ રહેતા તથા મિથ્યાત્વમય બુદ્ધિ પણ નાશ પામે છે. ।।૫૩૯।।

**निर्विकल्पात्मरूपस्य, दर्शनं प्रेमभक्तितः ।**
**जायते पूर्णभक्तानां, तद्दशा नैव गुप्यते ।।५४०।।**

**અર્થ**—પરમાત્માના પૂર્ણ પ્રેમભક્તોને પ્રેમભકિતના બળથી નિર્વિકલ્પ શુદ્ધાત્મ સ્વરૂપનું દર્શન થાય છે અને તે દશા કોઇ પણ રીતે છાની રહેતી નથી. ।।૫૪૦।।

### શુદ્ધ પ્રેમ સરખી જગત્માં બીજી કોઈ શકિત નથી.

**शुद्धप्रेमसमा शक्ति-र्विद्यते न जगत्त्रये ।**
**यस्य शक्त्या भवेत् सेवा, विश्वस्य सर्वहोमतः ।।५४१।।**

**અર્થ**—શુદ્ધ પ્રેમમાં જે શકિત રહેલી છે તેવી ત્રણે જગત્માં કોઈની પણ શકિત નથી જે શકિત વડે સર્વ જગતની દૃષ્ટિમાં ઇષ્ટ ગણાતું હોય તેવા માન, હોદ્દા, આબરૂ, કીર્તિ તથા ભોગના સર્વ સાધનો હોય તેનો હોમ કરી સર્વ વિશ્વની સેવા કરાય છે. ।।૫૪૧।।

### શુદ્ધ પ્રેમ સરખો કોઇ મંત્ર તંત્ર કે યંત્ર નથી,

**शुद्धप्रेमसमं मंत्रं, यंत्रतंत्रं न विद्यते ।**
**व्यापकं विश्वसत्प्रेम, ब्रह्मप्रेमैव कथ्यते ।।५४२।।**

**અર્થ**—શુદ્ધ પ્રેમ સમાન જગત્માં કોઇ મંત્ર યંત્ર કે તંત્ર નથી. જે સત્ય પ્રેમ જગત્ પ્રત્યે વ્યાપક ભાવે વર્તે છે તેજ સત્ય પ્રેમ બ્રહ્મપ્રેમ કહેવાય છે. ।।૫૪૨।।

**जीवाजीवादितत्त्वज्ञः आन्तरप्रेमयोगतः ।**
**मृत्युकालेऽपि वीरस्य, स्मृतेर्भक्तः शिवं व्रजेत् ।।५४३।।**

**અર્થ**—આંતરના પ્રેમયોગથી જીવાજીવ આદિ સર્વ તત્ત્વના જ્ઞાતા ભકત મૃત્યુના સમયે ભગવાન્ શ્રી વીરનું સ્મરણ કરતાં કાલ કરે તો શિવભાવને પરમ મોક્ષભાવને પામે છે. ।।૫૪૩।।

### પ્રેમીના સમાગમમાં શુદ્ધ પ્રેમ પ્રગટ કરો.

**शुद्धात्मप्रेम कुर्वन्तु, भक्ताः प्रेमिसमागमात् ।**
**महावीरस्य भक्तानां, तत्प्रेमैव परंतपः ।।५४४।।**

**અર્થ**—સર્વે પ્રેમયોગીઓ પ્રેમીજનોના સમાગમમાં શુદ્ધ આત્મમય પ્રેમ પ્રગટ કરે છે શ્રી મહાવીર પરમાત્માના સર્વ પ્રેમીભકતોને સત્ય પ્રેમ એજ મહાન્ તપ છે. ।।૫૪૪।।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## મહાવીર ઉપરનો પ્રેમ યમ ધ્યાન સમાધિ યોગની ગરજ સારે છે.

महावीरोपरि प्रेम–मात्रं सर्वं यमादिकं ।
तद्ध्यानं तत्समाधिश्च, लययोगो भवेत्ततः ॥५४५॥

**અર્થ**—ભગવાન્ શ્રી મહાવીર પરમાત્માની ઉપર જે સાચો પ્રેમ તે એકજ હોય તોપણ તેમાં સર્વ યમ આદિ વ્રતો ધ્યાન તથા સમાધિ અને લય–યોગો તેનો પણ સમાવેશ થઈ જાય છે. ॥૪૪૫॥

**વિવેચન**—જો ભવ્યાત્માઓને તપ ન બનતો હોય, વ્રત નિયમ ન બનતા હોય, મન વચન, કાયાની શુદ્ધિ ન બનતી હોય. જ્ઞાનાભ્યાસ ન બનતો હોય, દાનાદિકની પ્રવૃત્તિ ન બનતી હોય, ધ્યાન, સમાધિ કે એકત્વભાવનો લય પણ ન થતો હોય તો કાંઇ હરકત નથી પણ એકજ વાત ધ્યાનમાં રાખવાની છે કે ભગવાન્ શ્રી મહાવીર દેવ વીતરાગ સર્વજ્ઞ ઉપર એક નિર્વિકલ્પ પ્રેમજ પ્રગટ કરવામાં આવે તો તેમાં સર્વ યોગનો સમાવેશ થાય છે. કહ્યું છે કે **"इक्कोवि नमुक्कारो जिनवरवसहस्स वद्धमाणस्स संसारसागराओ तारेइ नरं व नारीं वा"** એક માત્ર પરમાત્મા જીનવરોમાં વૃષભ સમાન શ્રી વર્દ્ધમાન સ્વામિને કરેલ નમસ્કાર સ્ત્રી હોય કે પુરૂષ હો તેને તારે છે. ॥૫૪૫॥

अभेदप्रेमयोगेन, मानवपशुपक्षिणाम् ।
देहोत्सर्गात्मिका सेवा, जायते दुःखनाशिका ॥५४६॥

**અર્થ**—અભેદભાવવાલા પ્રેમયોગથી પ્રેમયોગી મનુષ્ય પક્ષી પશુ આદિની સેવા દેહના મમત્વનો ત્યાગ કરીને પણ કરી શકે છે અને તે સેવા સર્વના દુઃખને નાશ કરનારી થાય છે. ॥૫૪૬॥

अभेदः सर्वजीवेषु, भवेन्निर्भेदरागतः ।
पश्चात् सर्वत्र शुद्धात्म–वीर एव प्रदृश्यते ॥५४७॥

**અર્થ**—નિર્ભેદ રાગ–પ્રેમથી સર્વ જીવો ઉપર અભેદભાવ પ્રગટ થાય છે. તેના બલથી સર્વત્ર શુદ્ધાત્મ સ્વરૂપ ભગવાન મહાવીરને પ્રેમયોગવાળો આત્મા પ્રત્યક્ષભાવે દેખે છે. ॥૫૪૭॥

**વિવેચન**—જ્યારે આત્મા સર્વ જીવોને પોતાના સમાન ચૈતન્યરૂપ જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, ઉપયોગરૂપ સ્વભાવના જાણે છે તેથી સર્વ મારા સમાન છે મારામાં અને તેમનમાં કોઇ ભેદ નથી. જો કે જ્ઞાતિ, જાતિ, દેશ, કાલ, કર્મ અને તેના ઉદયિક ભાવે તથા કર્મના ક્ષયોપશમ ભાવે જીવોની રહેણી કરણી સ્વભાવની પ્રકૃતિઓમાં ભેદ દેખાય છે તો પણ સામાન્ય મૂલ ધર્મથી સર્વ જીવોના સરખાજ સ્વભાવે હોય છે. **'पाषाणेषु यथा हेम दुग्धमध्ये यथा घृतम्। तिलमध्ये यथा तैलं, देहमध्ये यथा शिवः ॥१॥ काष्टमध्ये यथा वह्निः, शक्तिरूपेण तिष्ठति ।**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**अयमात्मा शरीरेषु यो जानाति स पण्डितः ॥२॥** પાષાણુમાં જેમ સોનું, દુધમાં જેમ ઘી, તલમાં જેમ તેલ રહેલું છે તેમ દેહમાં શિવ રહેલો છે. કાષ્ઠમાં જેમ અગ્નિ શકિતરૂપે અદૃશ્ય રહેલ છે તેમ શરીરમાં ચૈતન્યગુણવાળો આત્મા રહેલો છે. આમ સર્વે શરીરધારી આપણા સમાન શિવ થવા યોગ્ય ગુણવાળા હોવાથી અભેદભાવે આપણા બંધુ સમજવા, અને તેઓ ઉપર અભેદ આત્મભાવનો પ્રેમ પ્રગટ કરવો, તેથી અનુક્રમે તે પ્રેમ સર્વ જગતમાં વ્યાપક થવાથી પ્રેમયોગી સર્વ આત્માઓને ભગવાન્ મહાવીરના પ્રતિનિધિ માની સર્વમાં શુદ્ધ આત્મસ્વરૂપ યુકત મહાવીર દેવને દેખે છે. ॥૫૪૭॥

**ब्रह्मज्ञानान्महत्प्रेम, जायते दिव्यदेहिनाम् ।**
**आन्तरिकसमुत्क्रान्ति-र्जायते च प्रतिक्षणम् ।।५४८।।**

**અર્થ**—બ્રહ્મજ્ઞાનથી દિવ્ય દેહધારિ-મનુષ્યોને મહાન પ્રેમ પ્રગટ થાય છે, અને તે પ્રેમથી દરેક ક્ષણે અંતરમાં ઉત્તમ પ્રકારના ભાવોની પ્રવૃત્તિની સુમુત્ક્રાન્તિ થાય છે. ॥૫૪૮॥

## પ્રેમના દિવ્ય સુખના આસ્વાદથી માણસ અવધુત બને છે.

**आत्मिकं मानसं प्रेम, जायते ज्ञानचक्षुषाम् ।**
**ततो दिव्यसुखास्वादा-दवधूतो भवेज्जनः ॥५४९॥**

**અર્થ**—જ્ઞાનચક્ષુવાળા શુદ્ધ પ્રેમીઓને આત્મિક અને માનસિક પ્રેમ પ્રગટ થાય છે તેથી તે મનુષ્ય દિવ્ય સુખનો આસ્વાદ કરવાથી સહજ અવધુતયોગી બને છે. ॥૫૪૯॥

**વિવેચન**—કહ્યું છે કે **'नैवास्ति राजराज्यस्य, यत्सुखं नैव देवराजस्य । तत्सुखमिहैव-साधोर्लोकव्यापाररहितस्य"** રાજાઓના રાજા ચક્રવૃત્તિઓને જે સુખ નથી. જે સુખ દેવ-રાજ ઇંદ્રોને નથી, તેવું અપૂર્વ દિવ્ય સુખ લોકસમ્મત પ્રવૃત્તિવિનાના પ્રેમયોગી સાધુઓને અવશ્ય હોય છે. ॥૫૪૯॥

## સત્ય પ્રેમ એજ સ્વર્ગ અને સત્ય પ્રેમ વિના નરક સમજવી

**स्वर्ग एवाऽस्ति सत्प्रेम, यत्र तत्र मनीषिणाम् ।**
**सत्प्रेमतो विहीनानां, श्वभ्रमेव गृहं वनम् ॥५५०॥**

**અર્થ**—સત્ય પ્રેમ એજ મનુષ્યોને જ્યાં હોય ત્યાં સ્વર્ગ સમજવું અને તે સત્ય પ્રેમ જેમાં ન હોય તેને ઘર હોય કે વન હોય તો પણ તે નરકગૃહ સમજવું. ॥૫૫૦॥

**વિવેચન**—મનુષ્યોમાં જો સાચો પવિત્ર પ્રેમ પરસ્પર કુટુંબમાં હોય તો સુખ દુઃખના સમયમાં પરસ્પર સહાયક થાય છે, એક બીજાને સર્વ કામકાજમાં મદદ કરે છે, એક બીજાના સુખને પ્રેમથી જોતાં હર્ષ પામે છે. તે ગુરૂશિષ્ય હોય, માતા પુત્ર, પિતા પુત્ર, સાસુ પુત્રવધુ, ભાઇ બેન હોય, સ્ત્રી પુરૂષ હોય, ભાઈઓ ભાઇઓ હોય, તેઓ એક કુટુંબના હોય, એકજ ભાણાની પંક્તિમાં જમતા હોય, કે સ્નેહથી રહેતા કામકાજ કરતા હોય, તે ઘર સ્વર્ગનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આનંદ અનુભવે છે. જ્યાં રાજા અમાત્ય પ્રજા સર્વ સંપ પ્રેમથી રહેતા હોય, અનુકુલ સદાચારથી ચાલતા હોય તે દેશ સુખી છે.

'હળીમળી સંપીને સહુએ ચાલવું, ઘરમાં નહિ કરવો ખટપટથી ખાર જો'
સમજુ નરને શિખામણ છે સાનમાં. ॥૧॥
હળીમલીને ચાલો સહુની સાથમાં, કદિ ન કરવો કે ક્રોધ કડવો કલેશ જો,
સગાસ્નેહિ મિત્રાદિકની સાથમાં, રીંસાવાની ટેવ ન રાખે લેશ જો.

કારણ કે જ્યાં સ્નેહથી એકબીજાનો આનંદ વધતો હોય તે ઘર તે ગામ તે નગર તે દેશ સ્વર્ગનું ધામ સમજવું અને જ્યાં તે નથી તે નરકસમું જાણવું. ॥૫૫૦॥

## શુદ્ધ પ્રેમ વિનાના મનોરાજ્યવાળાને ક્યાંય શાંતિ નથી.

**शुद्धप्रेम विना यस्य, मनोराज्यं प्रवर्त्तते ।**
**विश्वराज्यस्य संप्राप्तौ, तस्य शान्तिर्न जायते ॥५५१॥**

**અર્થ**—કદાચિત્ શુદ્ધ પ્રેમ વિના જેમનું મનોરાજ્ય કામકાજ કરતું હોય તેવા પુરૂષોને જો સમગ્ર વિશ્વનું એક છત્ર રાજ્ય પ્રાપ્ત થાય તો પણ અંતરમાં શાંતિ મળતી નથી. ॥ ૫૫૧ ॥

## ભૌતિકભાવમાં રાગ હોય ત્યાં સુધી શુદ્ધાત્મ પ્રેમનો અધિકાર નથી.

**यावद् भौतिकभावेषु, दृढरागोऽभिजायते ।**
**तावत् शुद्धात्मसत्प्रीते-रधिकारो न संभवेत् ॥५५२॥**

**અર્થ**—જ્યાં સુધી જીવાત્માને ભૌતિક પદાર્થોમાં ગાઢ રાગ-પ્રેમ વર્તે છે ત્યાં લગી તેને શુદ્ધાત્મ ભાવમાં પ્રેમી બનવાનો અધિકાર નથી સંભવતો. ॥૫૫૨॥

## ક્ષમા એ પૃથ્વી રૂપ છે તેમ પ્રેમ પણ પૃથ્વી રૂપ છે.

**क्षमा पृथ्वीस्वरूपास्ति, सत्यप्रेम विभावय ।**
**जलं शान्तिस्वरूपं तत्, सत्यप्रेम हृदि स्मर ॥५५३॥**

**અર્થ**—ક્ષમા તે પૃથ્વી સ્વરૂપ છે તેમ સત્યપ્રેમ પણ ક્ષમા રૂપ હોવાથી પૃથ્વીરૂપ જાણો તેમજ જલ પણ શાંતિનું કારણ હોવાથી શાંતિને જલરૂપે જાણીને સત્યપ્રેમનું હૃદયમાં સ્મરણ કરો. ॥૫૫૩॥

**વિવેચન**—દશ યતિધર્મમાં ક્ષમા મુખ્ય છે એ ક્ષમા એટલે અપરાધિઓને તેના અપરાધની માફી આપવી તે ક્ષમા કહેવાય છે તેમ પૃથ્વીને પણ ક્ષમા કહેવાય છે તે પૃથ્વી અસંખ્યાતા સર્વ જીવાજીવોનો ભાર સહન કરે છે. પ્રેમયોગીને તે ક્ષમા ગુણ મુખ્ય જ હોય છે. તેથી ક્ષમા તે પૃથ્વીસ્વરૂપ જણાવે છે. તે ક્ષમા પ્રેમ વિનાના લોકથી નથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બનતી તેથી સાચા પ્રેમરૂપ તમે ક્ષમાને માનો તેમજ જલ–પાણી રૂપ શાંતિ અંતરના અગ્નિને શાંત કરે છે. ॥૫૫૩॥

### સત્ય પ્રેમરૂપ અગ્નિ કર્મને ભસ્મીભૂત કરે છે.

ज्ञानं वह्निस्वरूपं तत्, सत्यप्रेम जगत् प्रभुः ।
रागादिकर्मणां भस्म–सात् करोति मनीषिणाम् ॥५५४॥

**અર્થ**—જ્ઞાન તે અગ્નિ સ્વરૂપેજ છે અને તેજ સત્યપ્રેમરૂપ મહાન પ્રભુરૂપ પણ છે કારણ કે તે પ્રેમરૂપ સમ્યગ્ જ્ઞાનવડે સર્વ રાગાદિ કર્મને મનુષ્યો ક્ષણવારમાં ભસ્મરૂપ કરી નાખે છે. ॥૫૫૪॥

**વિવેચન**—આત્મામાં જ્યાં સમ્યગ્ વિવેક યુક્ત જ્ઞાન પ્રગટ થાય છે તે સત્ય શુદ્ધ આત્મસ્વરૂપ પ્રેમ રૂપ મહાન પરમપ્રભુને પ્રગટ થવામાં પૂર્ણ ઉપાદાન કારણ છે તેથી સત્ય જ્ઞાન તે પણ મહાન્ પ્રેમરૂપ પરમાત્મભાવ છે. તે જ્ઞાનરૂપ વહ્નિ અંતરના સર્વ કર્મનો રાગાદિ કષાયોનો અને વિષયના મોહને ભસ્મરૂપે કરે છે "**यथैधांसि समिधोऽग्निर्भस्मसात्कुरुतेऽर्जुनः। तथाज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुते तथा ॥३७॥** ગીતા "હે અર્જુન જેમ લાકડાથી સળગાવેલો અગ્નિ તે લાકડાને તથા હોમવા યોગ્ય સર્વ દ્રવ્યોને ભસ્મરૂપે કરે છે તેમ જ્ઞાનરૂપ અગ્નિ અનાદિ કાળના લાગેલા કર્મના સમુહને ભસ્મરૂપે કરીને આત્માને પૂર્ણ શુદ્ધ પ્રેમયોગી કરે છે તે માટે ભવ્ય મનુષ્યો તમે પણ સમ્યગ્ જ્ઞાનને-પ્રેમરૂપ જ્ઞાનને ગુરૂ પાસેથી ગ્રહણ કરીને પૂર્ણ પ્રેમયોગી બનો. ॥૫૫૪॥

### સત્યપ્રેમ પ્રાણવાયુ છે જેના વિના જીવ જીવી શકતો નથી.

ध्यानं वायुस्वरूपं तत्, सत्यप्रेम महाविभुः ।
जीवति नैव जीवोऽपि, यं विनात्मस्वभावतः । ५५५॥

**અર્થ**—ધ્યાનરૂપ એક વાયુ છે તેજ સત્ય પ્રેમરૂપ મહાન્ પ્રભુ છે તેમ જાણો. તે પ્રાણવાયુ વિના જીવ જીવી શકતો નથી તેમ ધ્યાન રૂપ સત્યપ્રેમ પ્રભુ વિના આત્મચૈતન્ય જીવતું નથી તેવો તેનો સ્વભાવ અનાદિનો છે. તે આત્મપ્રેમ સર્વવ્યાપક હોવાથી વિભુ છે. ॥ ૫૫૫ ॥

### આકાશની પેઠે પ્રેમ વ્યાપકછે.

आत्माकाशस्वरूपोऽस्ति, व्यापकप्रेम बोधत ।
भूतरूपकसत्प्रेम, तत्प्रतीकं जगत् सदा ॥५५६॥

**અર્થ**—આત્મા વ્યાપકભાવે સર્વત્ર પ્રેમ ધારણ કરતો હોવાથી આકાશરૂપે છે તેમ સમજવું ભૂતરૂપ પણ પ્રેમ છે. કારણ કે તે ભુતના પ્રતીકોમાં પ્રેમથી આત્મા ખેંચાય છે તેથી પ્રેમ તે જગતરૂપ છે. ॥૫૫૬॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(**વિવેચન**—આત્મા આકાશરૂપ સર્વત્ર નિર્લેપભાવે વ્યાપક છે જેમ આકાશ સર્વત્ર લોકમાં વ્યાપક છે સર્વ અન્ય દ્રવ્યોને ધારણ કરવામાં આધારક છે તેમ આત્મા પણ અંતરંગ ભાવના પ્રેમથી સર્વ જગતના જીવો પ્રત્યે મારા બંધુઓ છે **'मित्ति मे सव्वभूयेसु'** સર્વની સાથે મારે મૈત્રી છે **'वेरं न मज्झ केणई'** મારે કોઈની સાથે વૈર વિરોધ નથી. આમ મૈત્રીરૂપ પ્રેમથી આકાશની જેમ સર્વત્ર વ્યાપક ભાવે આત્મપ્રેમ હોવાથી આત્મગુણ વડે આત્માપણાની અપેક્ષાએ વ્યાપક છે તેમ અવબોધવું. તેમજ સગ્ય પ્રેમ ભુતરૂપે હોવાનું પણ સમજવું. જેમ પાંચ ભૂત સર્વત્ર વ્યાપક છે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, આકાશરૂપ ભૂતનું પ્રતીક–પ્રતિબિંબ સર્વ જગતમાં વ્યાપક છે તેમ મહાન પ્રેમયોગી પરમાત્માનો પરમ વિશુદ્ધ નિર્વિકલ્પ પ્રેમ છે તેનું પ્રતિબિંબ સર્વ ભૂતોમાં સર્વ જીવાત્માઓમાં સર્વ ભૂતકાર્યોમા પડે છે પરમાણુથી માંડીને મેરૂ પર્યંતમાં પણ માધ્યસ્થ્ય ભાવનો પ્રેમ સર્વદા વર્તે છે. ા૫૫૬ા

## પ્રેમ સૂર્ય ચંદ્ર અને તારારૂપે છે.

आत्मभास्करसत्प्रेम, तथात्मचंद्ररूपकम् ।
तारकासंख्यरूपेण, सत्प्रेमात्मा स्वयं सदा ॥५५७॥

**અર્થ**—આત્માનો પ્રેમ ભાસ્કર–સૂર્યની પેઠે તેજસ્વિતા ધરે છે તેમજ ચંદ્રરૂપે પણ પ્રેમ છે કેમકે તેમાં શિતલતા હોવાથી તેમજ પ્રેમ તારકરૂપ અસંખ્ય રૂપને પણ ધારણ કરે છે તે સત્ય પ્રેમ સ્વયં સર્વદા વ્યાપક છે. ા૫૫૭ા

## શુદ્ધપ્રેમથી આત્માનું અનંત સામર્થ્ય પ્રકાશે છે.

सह्यन्तेऽनन्तदुःखानि, सत्यप्रेमबलाज्जनैः ।
आत्मनोऽनन्तसामर्थ्यं, शुद्धप्रेम्णा प्रकाशते ॥५५८॥

**અર્થ**—સત્યપ્રેમના બલ વડે મનુષ્યો અનંત દુઃખોને સુખથી સહે છે, કારણકે આત્મામાં અનંત સામર્થ્ય એટલે બલ રહેલું છે. તે શુદ્ધપ્રેમથી પ્રકાશ પામે છે. ા૫૫૮ા

## સર્વ વિદ્યાઓને પ્રગટ કરનાર અને સ્વતંત્રતાની રક્ષા કરનાર પ્રેમ છે.

सर्वजातीयविद्यायाः, प्रेमशक्तिप्रदर्शकम् ।
स्वातन्त्र्यरक्षकं प्रेम, तदभावे हि शून्यता ॥५५९॥

**અર્થ**—સર્વ પ્રકારની વિદ્યાઓને પ્રેમશક્તિ પ્રગટપણે દેખાડનાર છે. સ્વાતંત્ર્યની રક્ષા કરનાર એકમાત્ર પ્રેમ જ છે. તે વિના સર્વથા શૂન્યતા સમજવી. ા૫૫૯ા

## સર્વ આશાનું જીવન એ પ્રેમ છે.

यत्र प्रेम भवेत्तत्र, मरणं जीवनं समम् ।
सर्वाशाजीवनं प्रेम, यत्र तत्र प्रयत्नता ॥५६०॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**—જ્યાં પ્રેમ હોય છે ત્યાં મરણ પણ જીવન સમાન આનંદદાયિ થાય છે. પ્રેમ સર્વત્ર જીવનની આશા પ્રગટ કરાવે છે માટે જ્યાં ત્યાં પ્રેમ પ્રગટાવવા પ્રયત્ન કરવો.

**પ્રેમથી જ જગતનું સામ્રાજ્ય ચાલે છે.**

**सर्वविश्वैकसाम्राज्यं, शुद्धप्रेम्णा प्रवर्त्तते ।**
**यस्याग्रे कालचक्रस्य, भयं किञ्चिन्न वर्त्तते ॥५६१॥**

**અર્થ**—આખા વિશ્વનું સામ્રાજ્ય શુદ્ધ પ્રેમવડે જ ચાલે છે કે જેની પાસે કાલ-ચક્રનો ભય પણ નથી પ્રગટતો. ॥૫૬૧॥

**પ્રેમી પોતાની માન્યતામાં પરાભવ પામતો નથી.**

**शुद्धप्रेमी स्वमंतव्ये, प्राप्नोति न पराभवम् ।**
**प्रेमसंस्कारसामर्थ्यात्, कार्यसिद्धिकरो भवेत् ॥५६२॥**

**અર્થ**—જે શુદ્ધપ્રેમી આત્મા છે તે પોતાના મંતવ્યોમાં કદાપિ પણ પરાભવ નથી પામતો કારણ પ્રેમના જે સંસ્કારો તેને પ્રાપ્ત થયા છે તેના સામર્થ્યથી કાર્યસિદ્ધિ જ થાય છે. ॥૫૬૨॥

**અશકય વસ્તુને પ્રેમી શકય બનાવે છે.**

**प्रेमाग्रे हि गिरीन्द्रोऽपि, कम्पते नास्ति संशयः ।**
**अशक्यमपि सत्प्रेमी, करोति सर्वथा भुवि ॥५६३॥**

**અર્થ**—પ્રેમની પાસે ગિરીંદ્રો પણ કંપાયમાન થાય છે તેમાં સંશય નથી જ. સર્વથા અશકય હોય તે પ્રેમી પૃથ્વીમાં કરી શકે છે. ॥૫૬૩॥

**મહાવીર ભગવાનના પ્રેમી લોકો સર્વ સિદ્ધિઓ મેળવી શકે છે.**

**महावीरोपरि प्रेमि-लोकानां सर्वसिद्धयः ।**
**शीघ्रं भवन्ति सर्वेषां, तत्र किञ्चिन्न संशयः ॥५६४॥**

**અર્થ**—ભગવાન શ્રી મહાવીરદેવ ઉપર જે આત્મા પ્રેમી થયા છે. તેને લોકની સર્વે ઇષ્ટ સિદ્ધિઓ શિઘ્ર અવશ્ય થાય છે તેમાં જરાપણ સંશય નથી. ॥૫૬૪॥

**શુરવીરો જ પ્રેમ મેળવી શકે છે, નિર્બળનું તેમાં કામ નથી.**

**शूरैरवाप्यते प्रेम, निर्बलैर्नैव लभ्यते ।**
**धर्म्यकामस्यभोगोऽपि. शुद्धप्रेम्णालयं व्रजेत् ॥५६५॥**

**અર્થ**—પ્રેમ તો જે શૂરવીર હોય તેજ પ્રાપ્ત કરી શકે છે પણ બલહીન પ્રાપ્ત નથી જ કરી શકતા. પ્રેમશક્તિમાં ધર્મ સંબંધી કાર્યો બીજા વ્યવહારના કાર્યો અને ભોગોનો લય થઇ જાય છે. ॥૫૬૫॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વિવેચન**—જગત્માં સાચો શુદ્ધપ્રેમ પ્રાપ્ત થવો કઠણ છે, સામાન્ય જીવાત્માઓ તે પ્રેમ પામી શકતા નથી. પરંતુ જે શૂરવીર હોય છે તેજ પ્રેમને પ્રાપ્ત કરવાનું સામર્થ્ય ધરાવે છે, કહ્યું છે કે **"जे कम्मे शूरा ते धम्मे शूरा"** જે કર્મ કરવામાં શૂરવીર હોય છે તે ધર્મમાં પણ શૂરવીર હોય છે, તેવી રીતે જે શૂરવીરો શૂરવીરની સાથે વૈર પણ કરે છે અને તેના કારણ નષ્ટ થતાં અનન્યભાવે પ્રેમ પણ ધારણ કરે છે, એમ શૂરા પુરૂષો કાર્ય કરવામાં પાછા નથી જ પડતા. ॥૫૬૫॥

**જ્યાં સ્વાર્થ ત્યાગ અને પ્રમાણિકતા હોય ત્યાં દિવ્ય પ્રેમ પ્રગટ થાય છે.**

**सत्यप्रामाण्यसद्भाव–स्वार्थत्यागपरार्थतः ।**
**विशुद्धप्रेमदिव्यात्मा, प्राप्यते भव्यमानवैः ॥५६६॥**

**અર્થ**—જ્યાં સત્યતાનું અને પ્રમાણિકતાનું સ્થાન હોય, સ્વાર્થતાનો ત્યાગ હોય, પરમાર્થના કાર્ય કરવાની પ્રવૃત્તિ હોય, ત્યાં ભવ્ય મનુષ્યો વિશુદ્ધ દિવ્યાત્મ સ્વરૂપ પ્રેમને પ્રાપ્ત કરી શકે છે. ॥૫૬૬॥

**आगतस्वागतं प्रेम्णा, सत्कारात्मनिवेदनम् ।**
**प्रणिपातादिकं दिव्य, जायते भक्तयोगिनाम् ॥५६७॥**

**અર્થ**—પ્રેમથી સન્મુખ આવેલા આત્માઓનું આગતા સ્વાગતા, સત્કાર સન્માન. થાય છે. પોતાની સ્થિતિનું નિવેદન કરાય છે, પ્રણિપાતરૂપ નમસ્કારાદિક થાય છે. આમ ભક્તયોગીઓને દિવ્યપ્રેમ પ્રગટ થાય છે. ॥૫૬૭॥

**अन्तर्यामिप्रभुं साक्षात्, दृष्ट्वा सर्वत्र देहिषु ।**
**तेषां पूजा च सत्सेवा, प्रेमभक्तैर्विधीयते ॥५६८॥**

**અર્થ**—સર્વ પ્રાણીઓમાં અંતર્યામિ સાક્ષાત્ પ્રભુને નિરખીને પ્રેમભક્તો સર્વ પ્રાણીઓની પૂજા અને સેવા દ્વારા અંતર્યામિ ભગવાનની સેવા–પૂજા કરે છે. ॥૫૬૮॥

**सत्यप्रेम विना लग्नं, कल्पते न द्वयोः कदा ।**
**कायलग्नमपि प्रेम, विना न नरयोषिताम् ॥५६९॥**

**અર્થ**—સત્યપ્રેમ વિના સ્ત્રી પુરૂષનાં કદાપિ કાયાલગ્ન પણ કરવાં ન જોઇએ, કેમકે સત્યપ્રેમ વિના કદાપિ કાયા લગ્ન પણ સાચું સંભવતું જ નથી. ॥૫૬૯॥

**आर्याणां प्रेमशुद्धत्वं, प्रामाण्यं तद्बलाद्भवेत् ।**
**आत्मनां गुप्त सज्ज्ञानं, शुद्धप्रेम्णा प्रकाशते ॥५७०॥**

**અર્થ**—આર્ય લોકોના પ્રેમની શુદ્ધતારૂપ પ્રામાણ્ય પ્રેમના બલથી જ છે અને તેમનું ગુપ્ત સુંદર જ્ઞાન પણ પ્રેમથી જ પ્રકાશે છે. ॥૫૭૦॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વિવેચન**—આ ભારતવર્ષના વાસી શુદ્ધાચાર વિચારવંત લોકો સદ્ધર્મ, દયા, દાન. દાક્ષિણ્યતા વિગેરે સદ્દગુણોવાળા હોવાથી આર્ય ગણાય છે. તે આર્ય લોકોમાં શુદ્ધપ્રેમ સર્વ જગતના પ્રાણી માત્ર પર વ્યાપકભાવે હોય છે. તેઓના ગૃહાંગણે આવેલા અજાણ્યા અતિથિનું પણ તેઓ સત્કાર સન્માન કરી પ્રેમથી બહુ માન કરી તેમને જમાડીને જમે છે, તેમનું જે કાર્ય પોતાથી બને તેવું હોય તે કરી આપે છે તે વડે તેમનામાં રહેલું પ્રેમનું પ્રમાણુપણું આત્મામાં જે ગુપ્ત જ્ઞાન રહેલું છે તેથી સિદ્ધ કરી શકાય છે, જ્યાં નજરે પડતા ગમે તે મનુષ્ય હોય તેનું સન્માન કરવાથી તેમાં પ્રેમ છે તે સિદ્ધ કરે છે જ એટલે પ્રેમ છે કે નહિ તે આત્મામાં રહેલા બહાર નહિ કહેવાયેલા જ્ઞાન વડે આત્માઓ જાણી શકે છે એ આ શુદ્ધ સત્ય પ્રેમ છે કે નકલી છે તે પણ અનુભવરૂપ ગુપ્ત જ્ઞાનથી પ્રગટ થાય જ છે. ॥૫૭૦॥

## સૂર્યોદય વખતે કમલ ખીલે તેમ પ્રેમીના સમાગમમાં ચિત્ત ખીલે છે.

सूर्योदयन पद्मानां, विकासोऽस्ति यथा भुवि ।
तथाचित्तविकासस्तु, नृणां प्रेमिसमागमात् ॥५७१॥

**અર્થ**—સૂર્યનો ઉદય થવાથી પદ્મકમલો વિકાસને પામે છે, એ સર્વે પૃથ્વીવાસી જાણે છે તેમ ચિત્તનો વિકાસ મનુષ્યોને પ્રેમીઓના સમાગમથી પ્રગટ થાય છે.

अभेदप्रेमयोगेन, मनुष्याणां परस्परम् ।
अद्वैतं जायते पूर्णं, सापेक्षं निरपेक्षकम् ॥५७२॥

**અર્થ**—અભેદ પ્રેમયોગવડે મનુષ્યોને પરસ્પર અદ્વૈતભાવે પ્રેમ પૂર્ણપણે પ્રગટ થાય છે, તેમાં પરસ્પર અપેક્ષાભાવ પણ હોય છે. તેમ નિરપેક્ષભાવે શુદ્ધ પણ પ્રેમ હોય છે.

## આન્તર આદિ પ્રેમ સત્ય પ્રેમ છે.

आन्तरं मानसं प्रेम, तथात्मिकं चिदात्मकम् ।
कायाद्युपाधिभेदेन, बाह्यं हि क्षणिकं स्मृतम् ॥५७३॥

**અર્થ**—અંતરનો, માનસિક, આત્માનો, શુદ્ધજ્ઞાનનો, ચૈતન્યનો પ્રેમ સત્ય છે અને બાહ્યથી કાયાદિકનો પ્રેમ ઉપાધિજન્ય હોવાથી ભેદ જ્ઞાનથી સમજાય છે અને તે ક્ષણિક છે તેમ સમજવું. ॥૫૭૩॥

## શુભ પ્રેમ સ્વર્ગ માટે અને અશુભ પ્રેમ નરક માટે થાય છે.

अशुभं च शुभं ज्ञेयं, मानसं प्रेम मानवैः ।
शुभं स्वर्गादि सौख्याय, श्वभ्राय चाशुभं स्मृतम् ॥५७४॥

**અર્થ**—મનુષ્યોએ માનસિક પ્રેમ જે પ્રગટ કર્યો હોય તે બે પ્રકારનો હોય છે, એક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શુભ અને બીજો અશુભ, તેમાં શુભ પ્રેમ સ્વર્ગાદિના સુખ માટે અને અશુભ પ્રેમ નરકની વેદના માટે થાય છે. ॥૫૭૪॥

**આત્મિક પ્રેમ મોક્ષ માટે અને બાહ્ય પ્રેમ દુઃખ માટે થાય છે.**

**आत्मिकं प्रेम मोक्षाय, बाह्यं दुःखाय देहिनाम् ।**
**आत्मिकं मानसं बाह्यं, प्रेमसापेक्षबुद्धितः ॥५७५॥**

**અર્થ**—આત્મા ઉપરનો પ્રેમ મોક્ષ માટે થાય છે અને બાહ્ય પ્રેમ દુઃખને માટે જ પ્રાણીઓને થાય છે તે આત્મિક પ્રેમ, માનસ પ્રેમ અને બાહ્ય પ્રેમ અપેક્ષા બુદ્ધિથી થાય છે. ॥૫૭૫॥

**જૈનોના પરસ્પર સમાગમમાં ભક્તિયોગથી અપૂર્વ આનંદ આવે છે.**

**महावीरस्य जैनानां, परस्परसमागमे ।**
**अपूर्वानन्दसंप्राप्ति-र्जायते भक्तियोगतः ॥५७६॥**

**અર્થ**—ભગવાન્ મહાવીરના ભકતો જૈનો પરસ્પર એકબીજાને મલે છે ત્યારે તેઓને ભક્તિયોગના પ્રભાવથી અપૂર્વ આનંદ પરસ્પર પ્રગટ થાય છે. ॥૫૭૬॥

**महावीरोपरि प्रेमि-जैनानां हि परस्परम् ।**
**जीविकाव्यवहारेण, साहाय्यं सर्वथा भवेद् ॥५७७॥**

**અર્થ**—ભગવાન્ શ્રી મહાવીરદેવની ઉપર સર્વ પ્રેમ રાખનારા પ્રેમિજનો પરસ્પર આજીવિકાદિ વ્યવહારમાં નિત્ય સર્વથા સહાય કરનારા થાય છે. ॥૫૭૭॥

**शुद्धप्रेमामृतं पूर्णं, सच्चिदानन्दजीवनम् ।**
**अहमेव त्वमेवास्मि, मत्त्वद्भेदो न भासते ॥५७८॥**

**અર્થ**—જે પ્રેમયોગીએ શુદ્ધ પ્રેમરૂપ અમૃતનુ પાન કર્યું છે તેનું જીવન પૂર્ણ સચ્ચિદાનંદમય થતું હોવાથી પ્રેમીઓ પ્રત્યે તું તે હું રૂપ એકત્વ થાય છે. તેપને મારા તારાનો ભેદ નથી દેખાતો. ॥૫૭૮॥

**क्रोधक्लेशविनाशेन, मैत्रीभावस्य जीवनम् ।**
**सर्वधर्मस्य सन्मूलं, शुद्धप्रेम प्रजायते ॥५७९॥**

**અર્થ**—ક્રોધ આદિ કલેશનો વિનાશ થાય ત્યારે આત્મા મૈત્રીભાવનું જીવન પ્રાપ્ત કરે છે તે મૈત્રીભાવ સર્વ જગતના ધર્મોનું મૂળ છે અને તે શુદ્ધ પ્રેમ રૂપે પ્રગટ થાય છે. ॥ ૫૭૯ ॥

**પ્રેમવૃક્ષનું ફળ એ વિશ્વસેવા છે.**

**ज्ञानेनोत्पद्यते प्रेम, निःस्वार्थेन प्रवर्धते ।**
**विश्वसेवाफलं शिघ्रं, प्रेमवृक्षस्य जायते ॥५८०॥**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**—પ્રેમ જ્ઞાન વડે ઉત્પન્ન થાય છે અને નિઃસ્વાર્થભાવ રૂપ રસની પ્રાપ્તિથી વૃદ્ધિ પામે છે. આ પ્રેમરૂપ મહા વૃક્ષના વિશ્વ સેવારૂપ ફલને શુદ્ધ પ્રેમ થોડા કાળમાં પ્રાપ્ત કરે છે. ॥ ૫૮૦ ॥

**प्रेममेघेन सिञ्चन्तु, जीवा विश्वद्रुमावलिम् ।**
**प्रेमात्मवायवो वान्तु, विश्वोद्यानेषु सत्त्वरम् ॥५८१॥**

**અર્થ**—પ્રેમરૂપ મેઘ વડે જીવોરૂપ વિશ્વવૃક્ષના સમુહનું સિંચન થાવ. વિશ્વરૂપ ઉદ્યાનમાં એકદમ પ્રેમરૂપ વાયુઓ વાઓ. ॥૫૮૧॥

**विश्वविश्वासयोगेन, स्नानं कुर्वन्तु सज्जनाः ।**
**निमज्जन्तु च भावेन, शुद्धप्रेमात्मवारिधौ ॥५८२॥**

**અર્થ**—સજ્જનો વિશ્વમય વિશ્વાસવડે શુદ્ધ પ્રેમજળમાં સ્નાન કરો અને ભાવપૂર્વક પ્રેમરૂપ સ્વયંભૂરમણ સાગરમાં નિમગ્ન થઇ પરમાનંદનો અનુભવ કરો. ॥૫૮૨॥

**વિવેચન**—હે ભવ્યાત્મભાવી સજ્જનો ! તમે પ્રેમરૂપ જલથી સ્નાન કરીને પવિત્ર બનો તેથી તમારા આત્મા સાથે અનાદિકાલિન રહેલા ઝેર, વૈર, ઈર્ષા, ક્રોધ, માન, માયા, લોભ, કામ આદિ સર્વ અનાદિકાલિન ભયંકર રાજરોગો નષ્ટ થાય અને જગતના સર્વ આત્માઓ તમારા જેવા સ્વભાવ સત્તાએ રહ્યા છે તેથી બંધુસ્વરૂપે જણાય તેના યોગે જગતાત્માઓ પ્રત્યે તમને સર્વ આત્માઓ ઉપર વિશ્વાસ પ્રગટ થશે તેના બળથી પ્રેમજલમાં સ્નાન કરતા આત્માને સમતાભાવ રૂપ ઠંડક થવાથી આત્માના ક્રોધાદિક કષાયરૂપ મૂલથી રોગ નષ્ટ થઇ જશે અને અનુભવ ગુરૂજ્ઞાન પ્રાપ્ત થવાથી તમો શુદ્ધ નિર્વિકલ્પ પરમાનંદ દાતા વિશ્વવ્યાપક પ્રેમરૂપ સ્વયંભૂરમણ મહાસમુદ્રમાં નિમગ્ન થઇને સહજાનંદનાં ભોકતા બનો તેમ પૂજ્ય ગુરૂઓના આશીર્વાદ તમને છે. ॥૫૮૨॥

**आत्मपाथोधिरूपस्त्वं, शुद्धप्रेमाऽस्तु जीवनम् ।**
**त्वयि मृत्युर्न कस्याऽपि, मृत्युः पुद्गलपर्ययः ॥५८३॥**

**અર્થ**—આત્મા તું તે એક મહા સમુદ્રસ્વરૂપ છે શુદ્ધ પ્રેમ તે તારૂં જીવન સમજવું તારામાં મૃત્યુ કોઈથી આવવાનું નથી મૃત્યુ એક પુદ્ગલોના જથ્થાનો પર્યાયજ છે. ॥૫૮૩॥

**વિવેચન**—પ્રેમી આત્માનું મૃત્યુ કદાપિ થતુંજ નથી. મૃત્યુ તો શરીર ઈંદ્રિયો અને મનનું તથા પ્રાણોનુંજ થાય છે. શરીર, ઇંદ્રિયો, મન તથા તે બધાનું ઉપાદાન કારણ કર્મદ્રવ્ય સદાય નાશવંતજ છે **अन्तवन्त 'इमे देहा नित्यस्योक्ताशरीरिणः'** 'આ દેહો ઇંદ્રિયો વિગેરે નાશવંત છે અને નિત્યધર્મવાલા આત્માએ ઉપજાવેલા છે એમ અર્જુન તું અવશ્ય જાણ' આમ શરીરનેજ મૃત્યુનો સંબંધ છે તેમ જાણી તું અવિનાશી એવા આત્માનો પ્રેમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર તેનું સાચું જીવન સત્ય શુદ્ધ નિર્વિકારી પ્રેમ છે તેને તમારે પ્રગટ કરવો જોઇએ. ॥ ૫૮૩ ॥

विश्वं विकासते प्रेम–रसयोगेन सर्वदा ।
आत्मरूपं जगत् सर्वं, तस्य प्रेमविकासनम् ।।५८४।।

**અર્થ**—પ્રેમરસના યોગથી સર્વદા વિશ્વનો વિકાશ થાય છે સર્વ જગત આત્મસ્વરૂપ છે તેનો પ્રેમ એકજ સર્વ ધર્મમાં મુખ્ય ધર્મ છે તે પ્રેમનો વિકાશ કરવો જોઇએ. ।।૫૮૪।।

## સર્વત્ર પ્રેમજ્યોતિ પ્રકાશે છે.

पशुपक्षिगणेष्वेव, वनस्पत्यादिषु स्फुटम् ।
मानवदेवलोकेषु, प्रेमज्योतिः प्रकाशते ।।५८५।।

**અર્થ**—પશુ પક્ષિગણોમાં તેમજ વનસ્પતિ આદિમાં માનવ તથા દેવલોકમાં પણ પ્રગટ ભાવે પ્રેમની જ્યોતિઃ પ્રકાશમાન જણાય છે. ।।૫૮૫।।

## પ્રેમનું સામ્રાજ્ય સ્વર્ગીય સુખ છે.

पशुपक्ष्यादिगीतेषु, सत्प्रेमात्मा विलासते ।
प्रेममाधुर्यसाम्राज्यं, स्वर्गादिशर्मरूपकम् ।।५८६।।

**અર્થ**—પશુ પક્ષિ આદિના બોલાતા શબ્દની ગાયન જેવી વાણીમાં પણ પ્રેમસ્વરૂપતા વિલાસ પામે છે, આમ પ્રેમની મધુરતાનું સામ્રાજ્ય સ્વર્ગાદિકના સુખ સમાન જોવાય છે. ॥ ૫૮૬ ॥

## પ્રેમ દેવ કર્તા વિગેરે બધું છે.

सर्वजीवाधिदेवत्वं, प्रेम विश्वस्य जीवनम् ।
त्वयि विश्वस्य कर्तृत्वं, भासते त्वत्स्वभावतः ।।५८७।।

**અર્થ**—પ્રેમ તું સર્વ જીવોનો અધિદેવ છે. પ્રેમજ વિશ્વનું જીવન છે. હે પ્રેમ! તારામાં સર્વ વિશ્વનું કર્તાપણું રહેલું છે તેમ તારા સ્વભાવથી મને ભાસે છે. ।।૫૮૬।।

**વિવેચન**—હે પ્રેમ! તારૂ મહાત્મ્ય કેવું મહાન છે તે હું વિચારૂં છું તો તારામાંજ સર્વ જગત જીવોનું દેવાધિદેવત્વ સંભવે છે. ઇંદ્ર, ચંદ્ર, હરિ, હર, બ્રહ્મા, ભવાની વિગેરે દેવોને જગતમાં દેવ માનવામાં આવે છે પણ તે માનનારના હૃદયમાં તે દેવો પ્રત્યે પૂજ્ય ભાવનો પ્રેમ ન હોય તો તે દેવ ગમે તેવો બળવાન હોય તો પણ તેમાં જીવોને દેવત્વ નથી દેખાતું પણ તિરસ્કાર ઉપજાવે છે. માટે વસ્તુસ્વરૂપ જોતાં માનવાદિનો જે તેને દેવ દેવીઓ પ્રત્યેનો પ્રેમ હોય તેવા તે તે દેવને માને છે. કોઈ શંભુને, તો કોઇ વિષ્ણુને, તો કોઇ બ્રહ્માને, તો કોઇ ભવાનીને, ત્યારે કોઇ અંબિકાને વિશ્વનું કર્તાપણું આપે છે એટલે જે વ્યક્તિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર પ્રેમથી વિશ્વાસ બેઠો હોય તેને વિષે દેવાધિદેવની કલ્પના લોકો કરે છે. તેને વિષે જગતનું કર્ત્તાપણું કલ્પે છે. પરંતુ તેમાં એક પ્રેમભાવજ મુખ્ય કારણ સંભવે છે. માટે તે પ્રેમજ વિશ્વમાં મહાન છે, એમ મને અનુભવથી ભાસે છે. ।।૫૮૭।।

**જૈનધર્મને સર્વસ્વ સમર્પણ કર.**

परब्रह्म महावीर! त्रैलोक्यजीवजीवन ! ।
शुद्धप्रेमस्वरूपं श्री-जैनधर्मं समर्पय ।।५८८।।

**અર્થ**—પરમ બ્રહ્મસ્વરૂપ શ્રી મહાવીર દેવ કે જે ત્રણ લોકના જીવોને જીવનરૂપ છે તે રૂપમય શુદ્ધાત્મ પ્રેમસ્વરૂપ શ્રી જૈનધર્મ છે તેને તું સર્વસ્વ સમર્પણ કર. ।।૫૮૮।।

**પ્રેમરસના સાગર જીવ તું બધાને પ્રસન્ન કર.**

पूर्णानन्दरसोऽसि त्वं, सर्वजीवान् प्रफुल्लय ।
शुद्धप्रेमरसाब्धे ! त्वं, शुद्धप्रेम समर्पय ।।५८९।।

**અર્થ**—હે આત્મા તું પૂર્ણાનંદ રૂપ રસમય છે. હે શુદ્ધ પ્રેમરસના મહાસમુદ્ર તું સર્વ જીવોને પ્રફુલ્લિત કર અને સર્વાત્માઓને શુદ્ધ પ્રેમરસનું સમર્પણ કર. ।।૫૮૯।।

**જૈનશાસન શુદ્ધ પ્રેમરસાદ્વૈતવાળું છે.**

शुद्धप्रेम रसाद्वैतं, वर्त्तते जैनशासनम् ।
एकोऽप्यनेकधारूप-स्त्वमेवैकजगत्प्रभो ! ।।५९०।।

**અર્થ**—જૈનશાસન શુદ્ધ પ્રેમરસાદ્વૈત છે અને હે જગત્પ્રભુ પ્રેમ તું એક છતાં અનેક રૂપે ભાસે છે. ।।૫૯૦।।

**ક્ષણિક પદાર્થો પ્રેમના આધાર નથી.**

यद्यत् क्षणिकरूपं तत्, प्रेमाधारो न विद्यते ।
नित्यात्मा शुद्धबोधादि-प्रेमाधारो निगद्यते ।।५९१।।

**અર્થ**—જગતમાં જે જે ક્ષણિક પદાર્થો છે તે કદાપિ પ્રેમના આધાર નથીજ બનતા પરંતુ જે નિત્ય છે તેવો આત્મા અને તેનામાં રહેલ શુદ્ધ બોધ આદિ પ્રેમને ધારણ કરનારા આધાર છે તેમ કહેવાય છે. ।।૫૯૧।।

सदेवात्माऽस्ति विश्वस्य, ज्ञायकश्च प्रशासकः ।
आत्मभिन्नमसद्द्रव्यं, जडमेवास्ति सर्वथा ।।५९२।।

**અર્થ**—આત્મા તેજ વિશ્વનો દેવ છે, જ્ઞાયક છે અને પ્રકાશક છે, આત્માથી અન્ય સર્વ દ્રવ્યો અસદ્ અને સર્વથા જડ છે. ।।૫૯૨।।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### આત્મા પ્રેમસાગર છે.

सदात्मा प्रेमपाथोधि-रनन्तज्ञानवान्महान् ।
यत्र प्रेम भवेत्तत्र, रसः सज्ज्योतिषां सदा ॥५९३॥

**અર્થ**—આત્મા સદા સર્વદા પ્રેમનો મહાન સમુદ્ર છે. અનંત જ્ઞાનવાલો હોવાથી મહાન્ છે. જ્યાં જ્યાં પ્રેમ પ્રગટ થાય તે સ્થાને પ્રેમની જ્યોતિ સદા પ્રગટ રહે છે. ॥૫૯૩

### પ્રેમી પૂર્ણતાને પામે છે.

सत्प्रेमी पूर्णतामेति, पूर्णः पूर्णेन पूर्यते ।
शुद्धात्मनि सदा सन्ति, पूर्णस्य कारकाणि षट् ॥५९४॥

**અર્થ**—જે સાચો પ્રેમી આત્મા છે તે પૂર્ણતાને પામે છે, જે પૂર્ણ તેજ પૂર્ણતા વડે પૂરાય છે તે શુદ્ધાત્મામાં સદા પૂર્ણ સ્વરૂપના છએ કારકો સદા રહે છે. ॥૫૯૪॥

**વિવેચન**—જે આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્ર,વીર્ય, ઉપયોગ યુક્ત પ્રેમથી પૂર્ણ હોય છે તે આનંદથી પણ પૂર્ણજ હોય છે. તેમજ સર્વ આત્માઓ પ્રત્યે પ્રેમરસથી નિરંતર પૂર્ણતાને પામતો છતો આત્માજ પ્રેમથી પૂર્ણ થાય છે એટલે પૂર્ણ આત્મા પૂર્ણપ્રેમને પ્રેમ વડે પ્રેમ માટે પ્રેમથી પ્રેમનો પ્રેમમાં એમ છએ કારકોથી આત્મા પૂર્ણ હોય છે, તે પ્રેમી શુદ્ધાત્મામાં પ્રેમના છએ કારકો સદા ઘટી શકે છે. ॥૫૯૪॥

### શુદ્ધ પ્રેમ એજ શુદ્ધાત્મા છે.

प्रेमशब्देन वाच्योऽस्ति, सदात्मा विश्वपर्ययी ।
शुद्धप्रेमैव शुद्धात्मा, ज्ञानज्ञेयस्वरूपवान् ॥५९५॥

**અર્થ**—સત્ય આત્મા કે જે વિશ્વમય પ્રેમના પર્યાયોવાલો છે તે પ્રેમ શબ્દથી વાચ્ય બને છે આથી એજ પરમાર્થ આવે છે કે શુદ્ધ પ્રેમ તેજ શુદ્ધાત્મા અને તે જ્ઞાન અને જ્ઞેય સ્વરૂપને પામેલો હોય તેજ સમજવો. ॥૫૯૫॥

### જેને કીર્તિ આદિનો ભય નથી તેનેજ સાચો પ્રેમ મળે છે.

प्रतिष्ठाया भयं नास्ति, यस्य कीर्त्तेर्भयं तथा ।
तस्य प्रेमरसावाप्ति-र्भवेत्तत्र न संशयः ॥५९६॥

**અર્થ**—જે પ્રેમયોગીને પ્રતિષ્ઠાનો ભય નથી, કીર્તિનો પણ ભય નથી, તેવા પ્રેમ-યોગીઓને શુદ્ધ પ્રેમરસની પ્રાપ્તિ અવશ્ય થાયજ છે તેમાં સંશય નથીજ ॥૫૯૬॥

### પ્રેમની વિશુદ્ધતા નિર્ભયાવસ્થામાં સમજવી.

सर्वभयप्रसंगेषु, महावीरस्य जापतः ।
यस्यात्मा निर्भयो भाति, तस्य प्रेमविशुद्धता ॥५९७॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**—સર્વ પ્રકારના ભયના પ્રસંગે પ્રાપ્ત થયે છતાં જે આત્મા ભગવાન મહાવીર પ્રભુને જાપ કરતાં જો નિર્ભય થાય તો તે આત્માને વિષે પ્રેમની વિશુદ્ધતા આવી છે એમ માનવું. ॥ ૫૯૭ ॥

**भीतिरूपं न यस्याऽस्ति, किञ्चिदपि जगत्त्रये ।**
**कामादिवासनामुक्तो–वीरः स एव वीर्यवान् ॥५९८॥**

**અર્થ**—જેના આત્મામાં ભયનું સ્વરૂપ ત્રણે જગતમાં જરાપણ રહ્યું નથી, જે કામાદિક વાસનાથી મુકત થયેલો છે તે આત્મા વીર અને વીર્યવાન્ સમજવો. ॥૫૯૮॥

### વીરના રાગી બની વીર બનો.

**आत्मा वीरोऽस्ति लोकानां, सर्वपापाऽपहारकः ।**
**अतो जीवाः प्रयत्नेन भवन्तु वीररागिणः ॥५९८॥**

**અર્થ**—આત્મા એજ વીર છે કારણ કે સર્વ લોકના પપાચારનો તે નાશ કરે છે, તેથી હે જીવાત્માઓ પ્રયત્ન વડે પરમાત્મા વીર ઉપર પૂર્ણ પ્રેમ ધરનારા થાવ. ॥૫૯૯॥

### ભગવાન મહાવીરનું શરણું સ્વીકારો.

**महावीरस्य शरणं, व्रजन्तु सर्वदेहिनः ।**
**वीरवीरेति जापेन, जीवन्तु रसयोगतः ॥६००॥**

**અર્થ**—સર્વ આત્માઓ ભગવાન શ્રી મહાવીરદેવના શરણમાં જાવ ? વીર વીર એવા મહાવીર પરમાત્માના જાપ વડે જે પ્રેમરસ પ્રગટ થાય તે રૂપ પ્રાણ વડે સદા પ્રેમમય જીવન જીવો. ॥૬૦૦॥

### ભગવાન વીરના જાપથી શુદ્ધ પ્રેમસ્વરૂપ આત્મા બને છે.

**विचाराचारलालित्यं, शुद्धप्रेमरसात्मकम् ।**
**शुद्धप्रेमात्मनां स्वच्छं, जायते वीरजापतः ॥६०१॥**

**અર્થ**—વિચાર અને આચારનું સુંદરત્વ શુદ્ધ પ્રેમરસ સ્વરૂપજ છે, તે વીર પરમાત્માના નામનો જાપ કરવાથી સ્વચ્છ–નિર્મલ શુદ્ધ પ્રેમાત્મક આત્મા બને છે. ॥૬૦૧॥

### ભગવાનનું સાકાર અને નિરાકાર ધ્યાન ધરવું.

**साकारो देहयोगेन, निराकारः स्वरूपतः ।**
**महावीरो हृदि ध्येयः, शुद्धप्रेममयैर्जनैः ॥६०२॥**

**અર્થ**—ભગવાન મહાવીરદેવને સાકાર ભાવે દેહના યોગે જાણવા અને નિરાકાર સહજ સ્વરૂપથી જાણવા, એવી રીતે જાણી શુદ્ધ પ્રેમવડે મનુષ્યોએ તેમનું ધ્યાન ધરવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



निराकारादपि श्रेष्ठो, वीरः साकाररूपवान् ।
प्रभोः साकाररूपेण, विश्वोद्धारो भवेद्द्रुयात् ॥६०३॥

**અર્થ**—ભગવાન વીર પરમાત્મા નિરાકાર સ્વરૂપ કરતાં સાકાર રૂપવાન વધારે શ્રેષ્ઠ સમજવા. કારણકે સાકાર એવા શરીરથી તેઓ સર્વ વિશ્વનો ઉપકાર અને ઉદ્ધાર જલદી કરી શકે છે. ॥૬૦૩॥

पूर्णोऽनन्तोपकारस्तु, देशनाद्यैर्भवेद्यतः ।
अतः साकारवीरस्य, श्रेयस्ता चोपकारता ॥६०४॥

**અર્થ**—ભગવાન્ તો દેશના દર્શન આદિ વડે પૂર્ણ અનંત ઉપકાર કરનારા થાય છે, તેથી સાકાર વીર પરમાત્માની સાકારતા શ્રેયસ્કર છે અને ઉપકારતા પૂર્ણ છે. ॥૫૦૪॥

आकारः पुद्गलैर्योगात्, स तु प्रकृतिरुच्यते ।
प्रकृतिमन्तरा कोऽपि, नास्ति विश्वोपकारकः ॥६०५॥

**અર્થ**—આત્માને આકારતા પુદ્ગલોના સંબંધ યોગથી થાય છે તે પુદ્ગલને પ્રકૃતિ કહેવાય છે આવી પ્રકૃતિ વિના જગતમાં કોઇ પણ વિશ્વને પૂર્ણ ઉપકારક થતા નથી. ॥૬૦૫॥

प्रकृतिमन्तरा कोऽपि, प्रकृत्या न विमुच्यते ।
परस्परोपकारस्तु, साकारात् सर्वदेहिनाम् ॥६०६॥

**અર્થ**—પ્રકૃતિની સહાયતા વિના કોઇ પણ યોગી પ્રકૃતિથી મુક્ત થઇ શકતો નથી, પરસ્પર પરોપકાર તો સાકાર શરીરથીજ સર્વદેહિને માટે થાય છે. ॥૬૦૬॥

अतोऽनन्तगुणश्रेष्ठो-वीरः साकाररूपवान् ।
गेयः पूज्यः सदा ध्येयः, प्रेमिभिरात्मरूपकः ॥६०७॥

**અર્થ**—આ કારણથી અનંત ગુણ વડે સર્વ કરતાં શ્રેષ્ઠ વીર પરમાત્મા સાકાર રૂપવાન્ છે તે ગુણ સ્તવન વડે ગાવા યોગ્ય અને પૂજ્યોમાં પણ પૂજ્ય છે તેમજ પ્રેમીઓ વડે સદા ધ્યેય છે. ॥૬૦૭॥

निराकारो महावीरः पूर्णशुद्धोपयोगिभिः ।
देहस्थ आन्तरः पूर्णः, प्राप्यते व्यापको महान् ॥६०८॥

**અર્થ**—પૂર્ણ પ્રેમયોગીઓ કે જે શુદ્ધ ઉપયોગવંત છે તેનેજ નિરાકાર મહાવીર ભગવંત પ્રાપ્ત થાય છે તેથી દેહમાં અંતરભાગે રહેલા મહાન્, પૂર્ણ, વ્યાપક ભગવંતને પ્રેમયોગીઓ પ્રત્યક્ષ કરે છે. ॥૬૦૮॥

अन्तरात्ममहावीर-साकारस्य कलौ सदा ।
जापः स्मृतिश्च सत्पूजा, कर्त्तव्या प्रेमतानतः ॥६०९॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**—આ કલિકાલમાં સદા અંતરાત્માને ધ્યાનમાં રાખીને સાકાર સ્વરૂપે ભગવાન્ મહાવીર દેવના જાપ, સ્મરણ અને પૂજન સારી રીતે પ્રેમતાનપૂર્વક કરવાં જોઈએ. ॥૬૦૯॥

**વિવેચન**—આ ભયંકર કલિકાલમાં જીવાત્માઓને રાગ દ્વેષ મોહ માયા વિષયની પિપાસા રૂપ ભયંકર ઝેરનું પાન થઈ રહ્યું છે તેનો વિનાશ કરવા માટે સાકાર શરીર સ્વરૂપ પરમાત્મા મહાવીરની મૂર્તિને અંતરાત્મામાં ધ્યેય રૂપે રાખીને **ॐ अर्हं महावीराय** રૂપ મંત્રમય જાપ કરતાં તથા સમ્યગ્ પ્રકારે અષ્ટવિધ પૂજા વિગેરે વિધિપૂર્વક બહુમાન સહિત હૃદયમાં અનન્ય પ્રેમસહ કરનો આત્મા પૂર્ણ પ્રેમયોગી બને છે. અજાતશત્રુ પણ પરમાત્માના શુદ્ધ ભાવમય ધ્યાનથી આત્મા બને છે. માટે પ્રેમ અને તાન એટલે તન્મય ભાવે પ્રભુપૂજા ભવ્ય પ્રેમાત્મા યોગીઓએ કરવી જોઈએ. ॥૬૦૯॥

**सर्वजीवैः सहाऽभेद–आत्मनः सर्वथा यदा ।**
**तदा स्वयं महावीरो–भक्त्यात्मा जायते खलु ॥६१०॥**

**અર્થ**—સર્વ જીવાત્માઓની સાથે આત્માનો સદા સર્વથા અભેદ ભાવ જ્યારે આત્મા પ્રગટ કરે છે ત્યારે તે પોતેજ સ્વયં પરમ ભક્તિ વડે મહાવીરજ બને છે તેમાં સંશય નથીજ. ॥૬૧૦॥

### સત્યભાવમાં પરમાત્માનો વાસ છે.

**भावेषु विद्यते वीरो, नाभावेषु कदाचन ।**
**आत्मभावानुसारेण, भवेद् वीरः फलप्रदः ॥६११॥**

**અર્થ**—જે આત્મામાં સત્ય ભાવ હોય ત્યાં વીર પરમાત્માનો વાસ હોય છે પણ તેવા ભાવનો અભાવ હોય ત્યારે કદાપિ તે નથી રહેતા, આત્માના ભાવને અનુસારે વીરત્વ ફલ આપે છે. ॥૬૧૧॥

**વિવેચન**—જ્યારે આત્મામાં સમ્યગ્ જ્ઞાન, દર્શન, ચારિત્રમય ભક્તિપૂજાથી યુકત આત્મભાવનો વિશુદ્ધ પ્રેમભાવ પ્રગટ થયો હોય ત્યારે ભગવાન શ્રી મહાવીર દેવ હૃદયમાં વાસ કરીને રહેલા છેજ તેમ સમજવું પણ જ્યાં તેવા વિશુદ્ધ ભાવનો સર્વથા અભાવ હોય, બાહ્યથી ગમે તેટલો મહાન આડંબર હોય, દેખાતી સખાવતો થતી હોય પણ હૃદયમાં પ્રેમની શૂન્યતા હોય તો જ્યાં ત્યાં પરમાત્માનો વાસ નથીજ સંભવતો જ્યાં જ્યાં જેવા જેવા ભાવપરિણામો વર્તતા હોય તેને અનુસારે તે આત્માઓને તેવા તેવા ફલના લાભ પ્રાપ્ત થાય છે. ॥૬૧૧॥

### મહાવીર ઉપરનો પ્રેમ સર્વ સંપત્તિ આપે છે.

**महावीरोपरि प्रेमि–लोकानां सर्वसंपदः ।**
**जायन्ते पुत्रपौत्राद्या–स्तत्र किञ्चिन्न संशयः ॥६१२॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**—ભગવાન શ્રી મહાવીર દેવ ઉપર જે પૂર્ણ પ્રેમી લોકો છે તેઓને સર્વ સંપદા પ્રાપ્ત થાય છે પુત્ર પૌત્ર આદિ જે ઇચ્છા હોય તે મળે છે તેમાં જરા પણ સંશય નથી. ॥૬૧૨॥

## મહાવીર ઉપરના પૂર્ણ પ્રેમથી સમુત્ક્રાન્તિ થાય છે.

**महावीरोपरि प्रेमि–लोकानां पूर्णभक्तितः ।**
**विद्यासत्तादितः पूर्णा, समुत्क्रान्तिर्भवेत्सदा ॥६१३॥**

**અર્થ**—ભગવાન મહાવીર પ્રભુ ઉપર પ્રેમીલોકની પૂર્ણ ભક્તિથી વિદ્યાસત્તાદિથી પૂર્ણ ભાવે સારા પ્રકારની ઉત્ક્રાંતિ રૂપ ઉન્નતિ સદા વૃદ્ધિ પામે છે. ॥૬૧૩॥

**વિવેચન**—જે ભવ્ય લોકો પરમાત્મા મહાવીર દેવની પૂર્ણ શુદ્ધ ભાવે મન વચન કાયાની એકાગ્રતાપૂર્વક ભક્તિ પૂજા વિગેરે અનેક પ્રકારે ઉપાસના કરે છે તેઓને અનેક પ્રકારની સારી વિદ્યાઓ પ્રાપ્ત થાય છે. જ્ઞાનાવરણીય કર્મના શુભ ક્ષયોપશમથી જગત્માં રહેલા હેય જ્ઞેય ઉપાદેય પદાર્થોનો સમ્યગ્ બોધ પણ થાય છે તેમજ દેશ પરદેશના સર્વ રાજ્યો ઉપર સહજભાવે પ્રભાવ પડવાથી તે દેશ રાજ્યાદિ ઉપર સાચા પ્રભુભકતોની પૂર્ણ સત્તા પણ ચાલે છે. આમ પરમાત્મા ઉપર પૂર્ણ ભક્તિ પ્રગટાવનારા સાચા પ્રેમભકતો આખીયે દુનિયામાં સંપૂર્ણ ઉદયવાળી ઉન્નતિમય ઉત્ક્રાંતિ સદા પ્રેમબલથી કરી શકે છે એ વાતમાં જરાપણ અવિશ્વાસ કે સંશય રાખવાનો નથીજ. ॥૬૧૩॥

**महावीरोपरि प्रेम, यस्य पूर्णं भवेत् खलु ।**
**तस्योपरि महावीर–कृपा पूर्णा सदा भवेत् ॥६१४॥**

**અર્થ**—જેઓનો ભગવાન શ્રી મહાવીર દેવ ઉપર પૂર્ણ પ્રેમ નિશ્ચયથી હોય છે તેની ઉપર અવશ્ય ભગવંત શ્રી મહાવીરદેવની પૂર્ણ કૃપા સદા હોયજ છે. ॥૬૧૪॥

**महावीरोपरि प्रेम–जैनानां पशुपक्षिषु ।**
**समाजे च भवेत्सेवा, वित्तादिस्वार्पणात् सदा ॥६१५॥**

**અર્થ**—મહાવીર પરમાત્મા ઉપર જૈનોને સદા પ્રેમ હોય છે, તેમજ પશુપક્ષી આદિ ઉપર પણ પ્રેમ હોયજ છે. સમાજની સેવા વિત્તાદિનું સ્વાર્પણ–દાન કરવા વડે સદા થાયજ છે. ॥૬૧૫॥

## પરસ્પરની સહાયથી મુક્તિ મળે છે.

**जैनानामुपरिव्यक्त–प्रेमिजैना भवन्ति ये ।**
**महावीरपदं यान्ति, परस्परसहायतः ॥६१६॥**

**અર્થ**—જૈનોની ઉપર જે જૈન ભવ્યાત્માઓ પ્રેમ ધરે છે તે જૈનો અવશ્ય મહા-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વીરના પરમ પદને પ્રાપ્ત થાય છે. એમ પરસ્પર સહાયતા કરવાથી પ્રેમી બનેલાઓ પણ તેવા પદની યોગ્યતાને પામે છે. ॥૬૧૬॥

### જૈનધર્મ વિના જગત્‌નો ઉદ્ધાર નથી.

उद्धारो नास्ति विश्वस्य, जैनधर्माश्रयं विना ।
महावीरसदाज्ञैवं, प्रेम्णा सर्वत्र गर्जति ॥६१७॥

**અર્થ**—સર્વ વિશ્વનો ઉદ્ધાર જૈન ધર્મનો આશ્રય જ્યાં સુધી વિશ્વ ન કરે ત્યાં સુધી કદાપિ બનવાનો નથી, આવી પ્રભુ શ્રી મહાવીર દેવની સાચી આજ્ઞા સર્વ ઠેકાણેથી પ્રેમથી ગર્જે છે. ॥૬૧૭॥

महावीरोपरि प्रेमि-जैनाः शौर्यादिसंयुताः ।
प्राणादिसर्वनाशेऽपि, भ्रष्टा भवन्ति नो कदा ॥६१८॥

**અર્થ**—મહાવીર ભગવંત ઉપર પ્રેમ રાખનારા પ્રેમી જૈનો અવશ્ય શુરવીર આદિ ગુણથી યુક્ત હોયજ છે તેઓ પ્રાણાદિ સર્વનો નાશ થાય તેવા પ્રસંગે પણ ન્યાયથી ભ્રષ્ટ કદાપિ થતા નથી. ॥૬૧૮॥

### સાચો જૈન કદી ચલિત થતો નથી.

अन्य धर्मोपदेशेऽपि, मिथ्यागुरुसमागमात् ।
महावीरस्य विश्वासात्, चलन्ति कर्हिचिन्न ते ॥६१९॥

**અર્થ**—સાચા જૈનો અન્ય મિથ્યાધર્મનો ઉપદેશ મિથ્યા ગુરૂઓના સમાગમથી સાંભલે તો પણ પરમાત્મા શ્રી મહાવીરનો વિશ્વાસ નિશ્ચયથી હોવાથી તેઓ કદાપિ પણ ચલિત થતા નથી. ॥૬૧૯॥

### સત્યપ્રેમી કોઈ પ્રલોભનથી દેવગુરૂને છોડતો નથી.

महावीरस्य सत्प्रेमा, कन्यावित्तादिलोभतः ।
तथान्यरागयोगेन, न जैनेन्द्रं गुरुं त्यजेत् ॥६२०॥

**અર્થ**—મહાવીર ભગવાનના સત્યપ્રેમીઓ કન્યાવિત્તાદિક લોભથી અથવા અન્ય વિષયોના કે ગુરૂ આદિ ઉપરના રાગથી જીનવર દેવ અને પૂજ્ય ગુરૂનો ત્યાગ કરતા નથી. ॥૬૨૦॥

भावना प्रेमसामर्थ्ये, बीजरूपं प्रबोध्यते ।
सर्वसेवाप्रवृत्त्या तु, फलरूपं प्रजायते ॥६२१॥

**અર્થ**—ભાવના તે પ્રેમનું સામર્થ્ય પ્રગટાવવામાં બીજરૂપે સમજવું અને સર્વત્ર વ્યાપક સેવા કરવા રૂપ જે પ્રવૃત્તિ તે તો ફલ રૂપે પ્રગટ થાય છે. ॥૬૨૧॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



वार्त्तारूपं तु यत्प्रेम, तत्तु भावस्य कारणम् ।
भावनाप्रेमपाकेन, कार्यप्रेम प्रजायते ॥६२२॥

**અર્થ**—વાર્તા કરવા રૂપ જે પ્રેમ છે તે ભાવપ્રેમને પ્રગટાવવામાં કારણ થાય છે, અને જે ઉપર ભાવના કહેવાઇ છે તે પ્રેમનો પૂર્ણ પાક તૈયાર કરે છે. તેથી જગત્ સેવા રૂપ કાર્યમય પ્રેમ પ્રગટ થાય છે. ॥૬૨૨॥

सर्वकर्त्तव्यकार्येषु, यस्य प्रेम भवेद् दृढम् ।
तस्य कार्यस्वरूपेण, सत्यप्रेम निगद्यते ॥६२३॥

**અર્થ**—સર્વ કરવા યોગ્ય કાર્યોમાં જેનો પ્રેમ અત્યંત દૃઢ હોય છે તેને તેના કાર્યોના સ્વરૂપમાં સત્યપ્રેમ અવશ્ય હોય છે તેમ કહેવાય છે. ॥૬૨૩॥

### કાર્યોમાં પ્રેમીને અધિકાર છે.

अधिकारोऽस्ति कार्येषु, दिव्यप्रेमात्मनां सदा ।
कामस्वार्थादियुक्तानां-तत्रास्ति नैव योग्यता ॥६२४॥

**અર્થ**—જેઓ દિવ્ય પ્રેમાત્મક ભાવવાલા હોય છે, તેઓને તે તે કાર્યો કરવાનો અધિકાર તેમની યોગ્યતાથી સદા પ્રાપ્ત થયેલો જ હોય છે પણ જે કામ વાસના આદિક સ્વાર્થથી યુક્ત હોય તેમને તેમની અયોગ્યતા હોવાથી તેવો અધિકાર પ્રાપ્ત થતો નથી.

दिव्यप्रेमी भवेज्जैनो-धर्म्यलग्नादिकर्मठः ।
आत्मनां पूजकः पूर्णो, जडस्य न च पूजकः ॥६२५॥

**અર્થ**—દિવ્ય પ્રેમી જૈનધર્મથી યુક્ત લગ્નાદિક કાર્યો કરવામાં સમર્થ હોય છે. કારણકે તે સદા આત્મ સ્વરૂપનો પૂર્ણ પૂજક હોય છે પણ જડ ભાવનો જરાપણ પૂજક નથી હોતો. ॥૬૨૫॥

### આત્મા સિવાય બીજું કોઇ પ્રેમીરૂપ નથી.

आत्मानमन्तरा कोऽपि, प्रेमरूपो न बोध्यते ।
ज्ञानिना ज्ञानयोगेन, ज्ञायते सर्वदा खलु ॥६२६॥

**અર્થ**—આત્માથી અન્ય કોઈપણ પ્રેમ સ્વરૂપ હોય તેવું જણાતું નથી, જ્ઞાનીઓને જ્ઞાનયોગથી સર્વદા નિશ્ચયપૂર્વક આ સત્ય જણાયું છે. ॥૬૨૬॥

पिण्डब्रह्मांडकार्येषु, दिव्यप्रेम विलोकते ।
आत्मभावेन दिव्यात्मा, यत्र तत्र यदा तदा ॥६२७॥

**અર્થ**—આત્મા દિવ્ય આત્મભાવે જ્યાં અને જ્યારે દૃષ્ટિ કરે છે ત્યાં અને ત્યારે સર્વ બ્રહ્માંડમાં તથા પોતાના શરીરરૂપ પિંડમાં સર્વત્ર અભેદ દિવ્યપ્રેમ પૂર્ણભાવે જુવે છે. ॥૬૨૭॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**खण्डनं मण्डनं नैव, न च तर्कविवादता ।**
**शुद्धप्रेमणि भक्तानां, दृश्यो वीरो जिनेश्वरः ॥६२८॥**

**અર્થ**—પ્રેમયોગીઓને સ્વતત્ત્વ માન્યતાની સ્થાપના માટે ખંડન કે મંડન કરવાનું તેમજ તર્કવિવાદ કરવાનું નથી જ હોતું પણ, શુદ્ધપ્રેમિભક્તોને પ્રેમસ્વરૂપમાં ભગવાન્ વીર જીનેશ્વરને જોવાના હોય છે. ॥૬૨૮॥

## મહાવીર ભગવાન જ પ્રેમીને આધારરૂપ છે.

**परब्रह्म महावीर–एक एव महाप्रभुः ।**
**प्रेमिणां सर्वथाऽऽधारः, कलौ प्रेम्णैव तारकः ॥६२९॥**

**અર્થ**—પરબ્રહ્મ એવા મહાવીર પ્રભુ એક જ મહાન પરમેશ્વર છે, તે આ કલિકાલમાં સર્વ પ્રેમિઓને સર્વથા આધાર છે અને તે એક જ પ્રેમવડે આપણા તારક છે. ॥૬૨૯॥

**सर्वविश्वमयं वीरं, जानाति तस्य वीरता ।**
**वीरस्य प्रेममात्रेण, कलौ मोक्षोऽस्ति देहिनाम् ॥६३०॥**

**અર્થ**—સર્વ વિશ્વમય વીરને જાણે તેની જ ખરેખર વીરતા છે. વીરના–વીર ભગવાન્ ઉપરના પ્રેમ માત્રથી કલિયુગમાં પ્રાણીઓને મોક્ષ મળે છે. અર્થાત્ ભગવાનની વીરતા જગત્માં પ્રસિદ્ધ છે. ॥૬૩૦॥

**વિવેચન**—પરમાત્મા શ્રી વીર પ્રભુ જીનેંદ્રની વીરતા સર્વ જગત્માં પ્રસિદ્ધ છે.

જગત્ના સર્વ યોદ્ધામાં પ્રભુ મહાવીર તું મોટો.
હઠાવ્યો મોહને જલદી મને હો વીરનું શરણું ॥૧॥

આમ અનેક પ્રકારે લોકોત્તર વીરતા પરમાત્મામાં છે. તેમનું શરણ લેતાં અને તેમની ઉપર આત્મ ભાવમય પ્રેમ પ્રગટાવતાં એ પ્રેમ માત્રથી પણ આ કલિકાલમાં જીવાત્માઓ અનાદિના દોષોને અને કર્મને ક્ષય કરવા સમર્થ બને છે. તે માટે શ્રી દેવચંદ્ર વાચક કહે છે કે:

વર્દ્ધમાન જિનવર તણું શાસન અતિ સુખકારોજી,
ચૌવીહ સંઘ વિરાજતો દુઃષમ કાલ આધારોજી.

## ભગવાનના ઉપર પ્રેમ રાખવાથી મોક્ષ થાય છે.

**परब्रह्म महावीरे, प्रेमधारणमात्रतः ।**
**कृत्स्नकर्मक्षयो मोक्षो, भवेत् तत्र न संशयः ॥६३१॥**

**અર્થ**—પરમબ્રહ્મ શ્રી મહાવીરદેવ ઉપર જે આત્મા શુદ્ધપ્રેમ ધારણ કરે છે, તે પ્રેમ માત્રથી પણ સર્વ કર્મનો ક્ષય કરીને મોક્ષને પ્રાપ્ત કરે છે તેમાં જરાપણ સંશય નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## કલિયુગમાં પણ ભગવાન ઉપરના પ્રેમથી નિષ્કર્મી જીવ થાય છે.

सम्यक्त्वस्य रुचिः प्रेम, भाषितं तीर्थनायकैः ।
कलौ वीरस्य प्रेम्णैव, निष्कर्मो जायते जनः ॥६३२॥

**અર્થ**—સમક્તિરૂપ જે દર્શનની રૂચિ તે પ્રેમ કહેવાય એમ તીર્થના નાયકો કહે છે, આ કલિકાલમાં વીર પરમાત્મા ઉપર જેને સત્યપ્રેમ છે તેથી તે આત્મા નિષ્કર્મ અવશ્ય થાય છે. ॥૬૩૨॥

महावीरस्य भक्तानां, नराणां योषितां शिवम् ।
भवत्येव कलौ प्रान्ते, तत्र किञ्चिन्न संशयः ॥६३३॥

**અર્થ**—ભગવાન્ શ્રી મહાવીરના ભક્તો કે જે પુરૂષો હોય કે સ્ત્રીઓ હોય તેઓ અવશ્ય મોક્ષને પામે છે. કલિયુગમાં અને તેના અંત ભાગમાં પણ શિવ ભાવને પામે છે તેમાં જરા સંશય નથી. ॥૬૩૩॥

**વિવેચન**—આ કલિકાલ દુષમ સમયમાં પણ જે પરમાત્મા મહાવીર ઉપર અદ્વૈત રૂપ અભેદભાવનો પ્રેમ ધરે છે તેઓ સાચા મહાવીર ભક્તો છે. કારણકે તે પરમાત્માના સ્વરૂપને યથાસ્વરૂપે જાણે છે તેથી તેઓ કદાપિ પણ સ્વનિશ્ચયથી ચલાયમાન થતા નથી, સુલસા, રેવતી, ચંદનબાલા, મૃગાવતી, સુનંદા, ધારણી વિગેરે સ્ત્રીઓ અને આનંદ, કામદેવ. અભયકુમાર, ધન્યકુમાર, મેઘકુમાર વિગેરેનો પ્રભુ મહાવીરદેવ પ્રત્યે જે અનન્ય પ્રેમ છે તેમાં તેઓ સ્થિર–અચલ રહેવાથી શિવરૂપ મોક્ષની પ્રાપ્તિ કરનારા થાય છે, તેમજ આ કલિકાલમાં પાંચમાં આરામાં પણ કુમારપાલ, તેજપાલ, વસ્તુપાલ આદિ પ્રભુ ભક્તો અને અનુપમાદિક સ્ત્રીઓ પણ મોક્ષપદની યોગ્યતા સ્વઆત્મબલથી મેળવે છે, તેથી કલિકાલને અંતે શિવપદને પ્રાપ્ત કરશે તેમાં જરાપણ સંશય નથી. ॥૬૩૩।

## ભગવાન મહાવીરની ભકિત નવ પ્રકારે કરવી.

महावीरस्य वृत्तान्त–गीतस्तुत्यादिभिर्जनैः ।
कर्त्तव्या नवधा भक्ति–र्निश्चयव्यवहारतः ॥६३४॥

**અર્થ**—ભગવાન શ્રી મહાવીર દેવના ચરિત્રો, ગીત, તથા સ્તુતિઓ વડે ભક્તજનોએ નવ પ્રકારની ભગવાનની ભક્તિ નિશ્ચય–ભાવથી અને વ્યવહારની ક્રિયાવડે કરવી જોઈએ.

**વિવેચન**—પ્રેમયોગના અભ્યાસીઓ મહાવીર પરમાત્માની નવધા ભક્તિ નિશ્ચય નયથી અને વ્યવહાર નયથી કરતાં આત્મદર્શન અવશ્ય કરે છે તે નવધા ક્રિયા ભક્તિ આ પ્રમાણે છે. (૧) શ્રવણ ક્રિયાભક્તિ. (૨) કીર્તન ક્રિયાભક્તિ. (૩) સેવન ક્રિયાભક્તિ. (૪) વચન ક્રિયાભક્તિ. (૫) વંદન ક્રિયાભકિત. (૬) ધ્યાન ક્રિયાભકિત. (૭) લઘુતા ક્રિયાભકિત. (૮) એકતા ક્રિયાભકિત (૯) સમતા ક્રિયાભકિત. એમ નવ પ્રકારે પરમાત્માની ભકિત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરતો આત્મા પરમાત્મા પ્રત્યે અદ્વૈત પ્રેમમાં એકત્વ ભાવે થઇ સર્વ શત્રુ મિત્રમાં સમતા ભાવે સ્થિર થતાં પરમાનંદનો ભોકતા બને છે. ॥૬૩૪॥

महावीरप्रभुः सेव्य, एक एव सनातनः ।
महापापात्मनां मुक्तिं, ददात्येव स्वभावतः ॥६३५॥

**અર્થ**—મહાવીર પ્રભુ એકજ નિશ્ચયથી પૂર્ણ પવિત્ર હોવાથી સેવવા યોગ્ય છે કારણ કે તેમની સેવા મહા પાપાત્માઓને પણ મુકિત સહજ ભાવે આપે છે. ॥૬૩૫॥

आत्मनः श्रीमहावीराः, सर्वेषां सत्तया सदा ।
शुद्धात्मप्रेमतस्ते स्यु–र्व्यक्तितः परमेश्वराः ॥६३६॥

**અર્થ**—સર્વ જનના આત્માઓની સમાન સત્તા હોવાથી સર્વ આત્માઓ મહાવીરજ છે અને શુદ્ધાત્મ ભાવમય પ્રેમ પ્રગટ થવાથી વ્યકિતભાવે પરમેશ્વરો બને છે. ॥૬૩૬॥

**વિવેચન**—જગતમાં જે જે આત્માઓ છે તે સર્વ સહજ ચૈતન્યરૂપ જ્ઞાનદર્શન ચારિત્રવીર્ય ગુણો વડે પરમાત્મા મહાવીર સમાન સત્તાએ-અવ્યકત ભાવે મહાવીરોજ છે. ।૬૩૬।

महावीरोपरि प्रेम–कारिणां भक्तदेहिनाम् ।
नैव विघ्नादिसंपातो–भवत्येव सुभक्तितः ॥६३७॥

**અર્થ**—ભગવાન શ્રી મહાવીર દેવ ઉપર પ્રેમ કરનારા ભકત જીવાત્માઓને વિઘ્નોનો સમુહ સારી ભકિતને લઇ કદાપિ નડતો નથી. ॥૬૩૭॥

महावीरस्य नामादि–प्रेमिणां भक्तदेहिनाम् ।
अतिशीघ्रतया मुक्ति–र्जायते नान्यथा कदा ॥६३८॥

**અર્થ**—ભગવાન મહાવીર દેવના નામાદિ પણ પ્રેમી ભકત મનુષ્યોને અત્યંત શિઘ્રતાથી મુકિત આપવા સમર્થ થાય છે આ શિવાય બીજી રીતે કદાપિ મુક્તિ મળે તેમ નથી.

प्रेमामृतमयं विश्वं, दृश्यते प्रेमदृष्टितः ।
प्रेमज्योतिर्मयं विश्वं, प्रेमदृष्ट्या विलोक्यते ॥६३९॥

**અર્થ**—સર્વવિશ્વ પ્રેમરૂપ અમૃતથી વ્યાપક છે અને તે પ્રેમદૃષ્ટિથી જોનારનેજ દેખાય છે, જેણે આત્મામાં પ્રેમજ્યોત પ્રગટ કરી હોય તે આત્મા વિશ્વને પ્રેમદૃષ્ટિથી જોઇ શકે છે. ॥૬૩૯॥

**વિવેચન**—જો કે સર્વ વિશ્વના જીવો સ્વભાવથી પ્રેમરૂપ અમૃતથી સર્વદા ભરેલાજ છે, તે પ્રેમયોગીઓ શુદ્ધ પ્રેમમય દૃષ્ટિ વડે જુવે છે. અન્ય જોઇ શકતા નથી. ॥૬૩૯॥

जैनधर्मे रुचिर्यस्य, तस्मै किं रोचतेऽपरम् ।
तृषितः स्वर्णदीतीरे, कूपं वांच्छति कः सुधीः ? ॥६४०॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**—જૈન ધર્મમાં જેની રૂચિ-પ્રેમ પ્રગટ થયો હોય તેને શું બીજા પુદ્ગલરૂપ પરમાં પ્રીતિ થશે? ન થાય, જેમકે સ્વર્ણ નદીના તીરે તૃષાવાલો થયેલો અન્ય કુવાની વાંચ્છા ડાહ્યો માણસ કરે? ન કરે. ॥૬૪૦॥

**यस्य जैनोपरि प्रेम, जैनधर्मे च सर्वथा ।**
**वर्त्तते स्वात्मभोगेन, तस्य मुक्तिर्न संशयः ॥६४१॥**

**અર્થ**—જેઓને જૈન ઉપર પ્રેમ છે અને જૈન ધર્મ ઉપર સર્વથા ઉત્તમ પ્રેમ છે તે આત્મા પોતાના ધન માલ મિલકતના ભોગે પણ તે પ્રેમ ત્યજતો નથી તે આત્માની અવશ્ય અસંશય મુકિત થાય છેજ. ॥૬૪૧॥

**वीरभक्तिर्जनैः साध्या, सर्वकल्याणकोत्सवैः ।**
**महावीरस्चरित्रस्य, श्रवणात् प्रेमवान् भवेत् ॥६४२॥**

**અર્થ**—સર્વે જીવોએ સર્વ કલ્યાણકના ઉત્સવો વડે ભગવાન મહાવીરની નવ પ્રકારે ભક્તિ કરવી. આ ભકિતમાં વીર ભગવાનના ચારિત્ર શ્રવણથી જીવ સાચો પ્રેમી બને છે. ।૬૪૨।

### ભગવાન ઉપરના વિશ્વાસથી શુદ્ધ પ્રેમ થાય છે.

**परब्रह्म महावीरः, सर्वज्ञपरमेश्वरः ।**
**तस्मिन् विश्वासयोगेन, शुद्धप्रेम प्रजायते ॥६४३॥**

**અર્થ**—ભગવાન શ્રી મહાવીરદેવ પરમ બ્રહ્મ સર્વજ્ઞ પરમેશ્વર છે, તેમની ઉપર પૂર્ણ વિશ્વાસના યોગથી આત્મા શુદ્ધપ્રેમને પ્રાપ્ત કરી શકે છે. ॥૬૪૩॥

### ભગવાન વીર જેના હૃદયમાં હોય તે સાચો પ્રેમી જાણવો.

**सर्वद्रव्यजगच्छ्रेष्ठ–कर्त्ता हर्त्ता प्रभुः स्वयम् ।**
**वीरो यस्य हृदि व्यक्तः, शुद्धप्रेमी स उच्यते ॥६४४॥**

**અર્થ**—ભગવાન શ્રી મહાવીર જગતના સર્વ દ્રવ્યોમાં શ્રેષ્ઠ છે, સર્વ આત્માઓ પોતાના કર્તા હર્તા છે જેમના હૃદયમાં ભગવાન વ્યક્તપણે વસે છે તે શુદ્ધપ્રેમી કહેવાય છે. ॥૬૪૪॥

### દેવ ગુરૂ ધર્મ ઉપરનો પ્રેમ પરમપદને આપે છે.

**देवप्रेम गुरोः प्रेम, धर्मप्रेम च मुक्तिदम् ।**
**विज्ञायते महावीर–भक्तो याति परं पदम् ॥६४५॥**

**અર્થ**—દેવ ઉપર ગુરૂ ઉપર અને ધર્મ ઉપર જે ભવ્યાત્માને પ્રેમ થાય છે તે મુકિત આપનારો થાય છે, તેથી ભગવાન મહાવીરના ભકતો પરમપદને પામે છે તેમ પ્રત્યક્ષ અનુભવાય છે. ॥૬૪૫॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सर्वात्मानो महावीराः, संग्रहसत्तया स्फुटम् ।
तेषामुपरि सत्प्रेम, सेवा मोक्षाय देहिनाम् ॥६४६॥

**અર્થ**—સર્વે આત્માઓ સંગ્રહ નયની અપેક્ષાએ પ્રગટ મહાવીરો છે તેમ સમજવું તેઓ ઉપર શુદ્ધપ્રેમ અને તેમની સેવા મોક્ષ માટે થાય છે તેમ માનવું. ॥૬૪૬॥

## દેવ ગુરૂની પૂજા કરનાર મુક્તિ પામે છે.

प्रतिघस्रं महावोर-मूर्तिपूजाविधायकः ।
गुरोः पूजाविधाता च, भक्तो मोक्षाय कल्पते ॥६४७॥

**અર્થ**—જે આત્મા પ્રેમપૂર્વક દરેક દિવસે ભગવાન મહાવીરદેવની મૂર્તિની પૂજા કરે છે, તેમજ ગુરૂની પૂજા કરે છે, તે પ્રેમીભકત મોક્ષ માટેની યોગ્યતાવાળો કલ્પાય છે. ॥૬૪૭॥

**વિવેચન**—જે ભવ્યાત્મા દેવ, ગુરૂ, ધર્મના સત્યસ્વરૂપને યથાર્થ જાણી તે તત્ત્વ પ્રત્યે અનન્ય પ્રેમને ધરતો છતો. દરેક દિવસે ત્રણ વખત પરમાત્મા શ્રી મહાવીરદેવ આદિ તીર્થંકરોની પૂજા ભક્તિ વિધિ સહિત મનના ઉલ્લાસપૂર્વક શુદ્ધભાવથી કરે છે તે અવશ્ય મોક્ષની યોગ્યતાવાલો છે તેમ પંડિતો કલ્પે છે. ॥૬૪૭॥

व्यापकप्रेमसद्भक्त्या, सर्वविश्वस्य देहिनाम् ।
उपकाराय जीवेद्यो-वीरभक्तः स सर्वथा ॥६४८॥

**અર્થ**—જે ભવ્યાત્મા જગત્ વ્યાપક પ્રેમરૂપ સુંદર ભકિત વડે જગતના સર્વ જીવાત્માની ઉપર ઉપકાર કરવા અર્થેજ જીવન ધરે છે તેજ સર્વથા વીર પ્રભુનો ભકત સમજવો. ॥૬૪૮॥

प्रेमयोगं समाश्रित्य, अनन्ताः परमं पदम् ।
याता यान्ति च यास्यन्ति, जीवा आन्तरजीवनाः ॥६४९॥

**અર્થ**—પ્રેમયોગનો આશ્રય કરી આંતરજીવનવાળા અનંતા જીવો પરમપદને પામ્યા છે પામે છે અને પામશે. ॥૬૪૯॥

असंख्यदृष्टिभिर्मोक्षो-महावीरेण दर्शितः ।
तत्र सत्प्रेमतो मुक्ति-र्जायते सर्वदेहिनाम् ॥६५०॥

**અર્થ**—અસંખ્ય દૃષ્ટિરૂપ ક્રિયા વડે મોક્ષ થાય છે, તેમ ભગવાન મહાવીરે ઉપદેશ કર્યો છે તેમાં સત્ય પ્રેમથી સર્વ પ્રાણિઓ મુકિત પામેજ છે.

**વિવેચન**—આત્માઓને મુકિતની ઇચ્છા કાયમજ હોય છે પણ સત્ય ઉપાય વિના તેની પ્રાપ્તિ થતી નથી તેથી મુકિતની પ્રાપ્તિ માટે કયો ઉપાય છે. તે વિચારવો જોઇએ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાસ્ત્રોમાં મોક્ષની પ્રાપ્તિ માટે અનેક નિમિત્ત કારણો તથા ઉપાદાન કારણો વર્ણવ્યાં છે એ કારણમાં જે જે ભવ્યાત્માને જે જે કારણનું અવલંબન લેતાં પ્રેમ જાગે તે તે અવલંબનરૂપ દૃષ્ટિ તે ભવ્યાત્માને નિમિત્તરૂપે પુષ્ટાલંબન કારણ થાય છે ॥૬૫૦॥

**कलौ तु प्रेमयोगेण, मुक्तिमार्गः प्रवर्त्स्यते ।**
**सर्वभव्यात्मनां शान्ति–दायकः पापरोधकः ॥६५१॥**

**અર્થ**—આ કલિકાલમાં તો માત્ર પ્રેમયોગવડે જ સર્વ ભવ્યાત્માઓને માટે મુક્તિમાર્ગ પ્રવૃત્તિ કરાવવા સમર્થ છે, કારણકે તે પ્રેમયોગ શાંતિનો દાતા અને પાપોનો રોધ કરનારો છે. ॥૬૫૧॥

### સેંકડો કુયુક્તિથી જૈનધર્મને બાધ નથી આવવાનો.

**मिथ्यायुक्तिशतेनाऽपि, जैनधर्मान्न यश्चलेत् ।**
**जैनधर्मः स विज्ञेयः सत्यप्रेमा स्थिराशयः ॥६५२॥**

**અર્થ**—હજારો મિથ્યા યુક્તિથી પણ જે જૈનધર્મથી સ્થિર આશયવાળો સત્યપ્રેમી ચલિત થતો નથી તેજ જૈનધર્મમાં સ્થિર આશયવાળો અને સત્યપ્રેમવાળો જાણવો. ॥૬૫૨॥

**વિવેચન**—જગતમાં અનેક ધર્મ પંથદર્શનો હાલમાં વર્તે છે, દરેકના સિદ્ધાંતો અને માન્યતાઓ પ્રાયઃ એકબીજાથી ભિન્ન પ્રકારની હોય છે, જેમકે **‘ब्रह्म सज्जगन् मिथ्या एव’** બ્રહ્માદ્વૈત કહે છે કે એક માત્ર બ્રહ્મરૂપ સામાન્ય ચૈતન્ય જ સત્ય છે, તે વિના વ્યક્તિમય સર્વ જે દૃશ્યાદૃશ્ય જગત માત્ર મિથ્યા જ છે, વેદાંત કહે છે કે **“ब्रह्म एकैव नित्यम्”** બ્રહ્મ એક નિત્ય જ છે. **“अव्यक्तोऽयमचिन्त्योऽयमविकार्योऽयमुच्यते । तस्मादेवं विदित्वैनं, नानुशोचितुमर्हसि ।** આત્માને તું ઇંદ્રિયથી અગ્રાહ્ય અવ્યક્ત મનથી પણ અચિંત્ય કામાદિક વિકારોથી રહિત છે તેમ તું જાણ, આમ એકાંત નિત્ય સાંખ્ય દર્શન માને છે, કહે છે કે **“न कर्त्ता नापि भोक्ता कालानां तु दर्शने । जन्यधर्माश्रयो नाऽयं, प्रकृतिः परिणामिनी ॥** શ્રી કપિળદેવના શિષ્યો કહે છે કે આત્મા કર્માદિકનો કર્તા કે ભોક્તા નથી, તેમજ જન્ય જનક ધર્મનો આધાર પણ નથી. ફક્ત માયારૂપ જે પ્રકૃતિ તેજ પરિણામનું કામ કરે છે નાસ્તિકવાદીએ આત્માનો નિષેધ કરે છે, તે કહે છે કે **“नास्त्येवात्मेति चार्वाकः, प्रत्यक्षानुपलम्भतः । अहंता व्यपदेशस्य, शरीरेणोपपत्तितः ॥** આત્મા નથી એમ જે ચાર્વાકો કહે છે તેમાં તે કારણ બતાવે છે કે જે હું અને મારૂં એ જે બોલાય છે, તે તો શરીરથી બોલાય છે, આત્મા કોઇએ (આંખો વડે પ્રત્યક્ષ) જોયો નથી, હવે બૌદ્ધો કહે છે કે **“ज्ञानक्षणावलीरूपो, नित्यो नात्मेति सौगताः । क्रमाक्रमाभ्यां नित्यत्वे युज्यतेऽर्थक्रिया न हि ॥८९॥** જ્ઞાન ક્ષણની પરંપરારૂપ આત્મા હોવાથી તે નિત્ય નથી કદાચિત્ નિત્ય કહીયે તો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમાં ક્રમવડે કે ક્રમ વિના અર્થક્રિયા સંભવી શકતી નથી અને અર્થક્રિયારૂપ સ્વધર્મ ન હોય તો તે અવસ્તુ જ થાય છે, માટે આત્મા ક્ષણિક પરંપરારૂપ છે. આવા પ્રકારની અનેક મિથ્યાદર્શનના પંડિતોની કુયુક્તિઓવડે પણ જૈનદર્શન ચલિત થતું નથી તે સર્વ એકાંતવાદની યુક્તિઓ હોવાથી સ્યાદ્‌વાદથી સર્વને યથાવસ્થિત ઉત્તર આપે છે કે **"यः कर्त्ता कर्म भेदानां, भोक्ता कर्म फलस्य च । संसृता परिनिर्वाता, सह्यात्मा नान्यलक्षणम् ॥** જે સ્વ-સ્વકર્મનો કર્ત્તા છે અને તે કર્મના ફલોનો ભોક્તા છે, એટલે શુભ અશુભ પરીણતિવડે શુભાશુભ કર્મનો તે પોતે જ કર્તા છે, અન્ય કોઇ તેને તેમાં પ્રેરણા કરનારો નથી, તેમજ તે કર્મના ફલોનો તે પોતે જ પોતાની મેળે જ સ્વભાવથી ભોગવે છે. કોઇપણ ઇશ્વરાદિ તેને સુખ કે દુઃખ આપવાને સમર્થ નથી. આત્મા જ્યાંસુધી મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ કષાય અને અશુભ યોગની ક્રિયામાં રહે છે, ત્યાંસુધી સંસારમાં ભ્રમણ કરે છે પણ જ્યારે એ મિથ્યાત્વાદિકનો ત્યાગ કરી સમ્યગ્‌દર્શન જ્ઞાનયુક્ત બની ઇંદ્રિય મનનો સંયમ કરીને અપ્રમત્ત ચારિત્ર યોગ તથા તપ યોગવડે સર્વ શુભાશુભ કર્મનો નાશ કરે છે, ત્યારે તેજ સંસારી આત્મા પરિનિર્વાણ–મોક્ષ પ્રાપ્ત કરે છે. તેજ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય, ઉપયોગવંત આત્મા છે, તેજ તેનું સર્વ વ્યાપક લક્ષણ છે, તેથી અન્ય બીજા કોઇ લક્ષણ તેમાં નથી. આ લક્ષણથી તે સ્યાદ્ કથંચિત્ દ્રવ્યત્વરૂપે નિત્ય છે અને જ્ઞાનદર્શનના પરિણામોથી કથંચિત અનિત્ય પણ છે. કર્મનો સંબંધ લય થતાં પૂર્ણ નિર્વાણ પદને પ્રાપ્ત કરી સચ્ચિદાનંદનો તેજ આત્મા ભોક્તા થાય છે. આમ સદ્‌યુક્તિવડે સ્યાદ્‌વાદ સિદ્ધાંતરૂપ જેને પૂર્ણ શુદ્ધતત્ત્વ પ્રાપ્ત થયેલું છે તે જૈનધર્મ અન્ય મિથ્યાત્વમય દર્શનોથી ચલિત કે નષ્ટ કરી શકાય તેમ નથી, તે ધર્મ ઉપર આત્માપ્રેમ પ્રગટ કરી તેનું શરણ સ્વીકારીને મન, વચન કાયાથી યુક્ત આત્મસ્વરૂપને જૈનધર્મ અને વીતરાગ પરમાત્મા વીર પ્રભુ તથા તેમની આજ્ઞાથી વર્તતા સાધુરૂપ ગુરૂઓને જે સમર્પણ કરે છે, તે પ્રેમયોગી આત્મા મોક્ષમાર્ગમાં પ્રયાણ કરનારો સમજવો. ॥૬૫૨॥

## મહાવીર વિના બીજા કોઈ ખરા દેવ નથી.

**परब्रह्म महावीरं, विना देवा न विद्यते ।**
**इत्येवं निश्चयो यस्य, तस्यैव भक्तियोग्यता ॥६५३॥**

**અર્થ**—પરમ બ્રહ્મ સ્વરૂપ ભગવાન્ મહાવીરદેવ વિના અન્ય કોઈ મહાન્ દેવ નથી, આવો જેના આત્મભાવમાં અવિચલિત નિશ્ચય હોય તેમાં જ ભક્તિની યોગ્યતા છે.॥ ૬૫૩॥

**વિવેચન**—આ જગતમાં અનેક દેવો છે, તેઓ બલથી જગતને ધ્રુજાવનારા છે. પ્રસન્ન થતાં કોઇને કાંઇક શક્તિ વિગેરે પણ આપે છે, કોઇ જગત્ કર્ત્તાનું નામ પણ ધરે છે, કોઈ સંહારકતાનું બિરૂદ લઇને આનંદ પામે છે. પરંતુ વસ્તુ સ્વરૂપે તે દેવો કોઇ કોઇનું કલ્યાણ કરનારા કે ઉદ્ધાર કરનારા બની શક્તા જ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कोइ देव हाथे असिचक्रधारा, कोइ देव गले घालेरुंडमाला ॥
कोइ देव उत्संगे राखे छे वामा, कोइ देव साथे रमे वृंदरामा ॥
कोइ देव जपे लेइ जापमाला, कोइ मांसभक्षि महाविकराला ॥

એટલે જે પરમ બ્રહ્મ સ્વરૂપને પ્રગટ કર્યું હોય તેજ પરમાત્મા કહેવાય છે. ॥૬૫૩॥

## આગમ અને સાધુ ઉપરની શ્રદ્ધામાં પ્રેમપાત્રતા સમાયેલી છે,

संप्रति विद्यमानाना–मागमानां तथा कलौ ।
सूरिवाचकसाधूनां, श्रद्धया प्रेमपात्रता ॥६५४॥

**અર્થ**—આ કલિકાલમાં હાલમાં વિદ્યમાન આગમોની ઉપર તથા સૂરિવાચક અને સાધુઓ ઉપર જે પૂર્ણ શ્રદ્ધા રાખીને તેમના ઉપદેશને અનુસરવું તેજ પ્રેમયોગની પાત્રતા છે. ॥૬૫૪॥

**વિવેચન**—આ પાંચમાં આરામાં વિચરતા સર્વજ્ઞ કેવલિ પરમાત્મા તીર્થંકરોનો આ ભરતમાં અભાવ છે તેમજ પૂર્ણ દ્વાદશાંગી પણ નથી અને મનઃપર્યવ જ્ઞાન પણ નથી, તેમજ કાલબળથી સ્મરણ શક્તિ પણ તેવી નથી તેથી આત્મગુણોમાં સચ્ચારિત્રની પ્રાપ્તિ માટે આપણે જે જે સાધનોનું અવલંબન જોઇએ તે માત્ર કેવલી પરમાત્માએ ઉપદેશે કરાયેલા જે આગમો હાલમાં વિદ્યમાન છે તે તેમજ પૂજ્ય આગમધર અપ્રમત્ત ચારિત્રવંત આચાર્યવરો તથા ઉપાધ્યાયો કે જે ચતુર્વિધ સંઘને ધર્માનુષ્ઠાન ક્રિયા વડે દેવગુરૂ ધર્મની પ્રવૃત્તિઓ પૂજા, સામાયિક, પ્રતિક્રમણ, કાઉસગ્ગ, ધ્યાન સમાધિનો પ્રેમથી ઉપદેશ કરે છે અને સાધુસાધ્વીઓ તેમની આજ્ઞાથી તપ જપ ક્રિયાવડે ઉત્તમ સચ્ચારિત્રને પાલે છે તેમની ઉપર શ્રદ્ધા રાખી તેમને ધર્મકાર્યમાં જોઇતી સહાય કરવી, જ્ઞાન ધ્યાનમાં વધારવા યોગ્ય અનુકુલતા કરી આપવી વિગેરેથી ભવ્યાત્માઓ શુદ્ધ પ્રેમની યોગ્યતા પ્રાપ્ત કરે છે. ॥૬૫૪॥

## મહાવીરના ભક્તનું ગાંભીર્ય સાગર જેવું હોય,

वीरभक्तस्य गांभीर्यं, पूर्णसागरवद् भवेत् ।
चाल्यते नैव देवेन्द्रै–र्देहादिनाशतः कदा ॥६५५॥

**અર્થ**—ભગવાન શ્રીમાન્ વીર પ્રભુના ભક્તોમાં પૂર્ણ ગંભીરતા સ્વયંભૂ રમણ જેવીજ હોય છે. ઇંદ્રાદિક દેવોના પ્રયત્નથી કે દેહાદિકના નાશથી પણ ચલિત થતા નથી. ॥૬૫૫॥

महावीरस्य सत्प्रेम, भक्तानां शरणं सदा ।
सर्वधर्मान् परित्यज्य, वीरस्य शरणं व्रज ॥६५६॥

**અર્થ**—ભગવાન શ્રી મહાવીર દેવના સત્ય પ્રેમભક્તોને તો સદાય પરમાત્માનું શરણુજ હોયજ છે તું પણ અન્ય સર્વ ધર્મોનો ત્યાગ કરીને વીર પ્રભુના શરણને સ્વીકાર. ॥૬૫૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વિવેચન**—પરમાત્મા શ્રી મહાવીર સ્વામિની ઉપર અનન્ય પ્રેમ રાખનારા તેમની આજ્ઞાને શિરોવંદ્ય માનનારા સ્વાત્મસ્વરૂપ પરમાત્માસ્વરૂપ અને અન્ય આત્મસ્વરૂપના યથાર્થ બોધવાલા હોવાથી પુદ્ગલના ક્ષણક્ષણ વિનાશી સ્વરૂપને પણ જાણે છે તેથી વિષયમોહનો ત્યાગ કરીને આત્માને પરમાત્માના ચરણમાં પૂર્ણ પ્રેમથી સમર્પણ કરીને તેમનાજ એક શરણનો સ્વિકાર કરે છે, તેથી પરમાનંદના ભોકતા થાય છે. તેમ હે આત્મા તને સંસારમાં કોઇ શરણ આપનાર નથી એક માત્ર પરમાત્માનો ધર્મજ શરણે રાખનાર છે, "संसारे दुःखदावाग्निर्ज्वलज्ज्वालाकरालिते वनमृगार्भकस्येव शरणं नास्ति देहिनः ॥" સંસારમાં દુઃખમય ભયંકર દાવાગ્નિની જ્વાલામાં પડેલા મૃગલાના બાલકની જેમ પીડાતા જીવને કોઈ પણ શરણે રાખનાર નથી એક પરમાત્માનો કહેલો ધર્મજ શરણ આપે છે. ॥૬૫૬

**પ્રાણાન્તે પણ જૈનધર્મને ન મુકે તે પ્રેમયોગિ જાણવા.**

प्राणान्तेऽपि न मुञ्चन्ति, महावीरं च सद्गुरुम् ।
जैनधर्मं न मुञ्चन्ति, लोकास्ते प्रेमयोगिनः ॥६५७॥

**અર્થા**—જે ભવ્યાત્માઓ પ્રાણના અંત સમયે પણ મહાવીર ભગવંત અને સદ્ગુરૂ તથા જૈનધર્મને છોડતા નથી તે લોકોને પ્રેમયોગીઓ જાણવા. ॥૬૫૭॥

**મન, વચન અને કાયાથી ભગવાન વીરનું પ્રેમથી પૂજન કરવું.**

चित्तेन क्रियते यद्यत्, क्रियते यच्च वाचया ।
देहेन क्रियते तत्स्यात्, वीरस्य प्रेमपूजनम् ॥६५८॥

**અર્થ**—ચિત્તથી જે જે કરાતું હોય, વાણીથી જે જે બોલાતું હોય અને દેહથી જે ક્રિયા વડે કરાતું હોય તે સર્વ પ્રકારે શુદ્ધપ્રેમથી ભગવાન મહાવીરદેવની પૂજા થાય છે. ॥૬૫૮॥

**વિવેચન**—ચિત્ત મનના શુભ યા શુદ્ધ પરિણામોવડે દેવતત્ત્વ સંબંધી, ગુરૂતત્ત્વ સંબંધી, ધર્મતત્ત્વ સંબંધી વિચારો થાય, મનન કરાય, અભ્યાસ કરતાં પૂર્ણ ચિત્તની સ્થિરતા થાય, મનની ચંચલતા અને વિષયમાં પ્રવૃત્તિબંધ થાય, તે પણ ભગવાન વીર પ્રભુની પૂજા છે, કહ્યું છે કે "दयाम्भसा कृतस्नानः, संतोषशुभवस्त्रभृत् । विवेकशुभ तिलकभ्राजी, भावनापावनाशयः ॥३॥ દયારૂપ પવિત્ર જળવડે જેણે સ્નાન કર્યું હોય અને સંતોષરૂપ પવિત્ર ઉજવલ વસ્ત્રને પહેરનારો, વિવેકરૂપ શુભ તિલક કપાલમાં શોભાવનાર અને ભાવના મૈત્રી આદિથી પવિત્ર પરમાત્મા મહાવીર આદિ દેવની દ્રવ્ય પૂજા કરાય છે, વચન વ્યાપાર વડે પ્રભુના ગુણ સ્તવન કરાય છે, તે પ્રભુના સ્વરૂપનું ધ્યાન કરવાથી ભાવપૂજા થાય છે. આવી રીતે મન, વચન, કાયાની શુદ્ધતા પૂર્વક પરમાત્મા મહાવીરદેવનું પ્રેમયોગવડે ભાવ અને દ્રવ્ય પૂજન પ્રેમયોગીએ કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## મારા મન, વચન, કાયા મહાવીરમય થાઓ.

महावीरमयं चित्तं, महावीरमयं वचः ।
महावीरमयो देहो–भूयान्मे सर्वथा सदा ।।६५९।।

**અર્થ**—મારૂં ચિત્ત હંમેશાં મહાવીરમય બનો, મારા વચનનો વ્યાપાર પણ મહાવીરમય થાવ અને આ દેહ તે પણ ભગવાન મહાવીરરૂપે સદા સર્વથા બનો એવું પ્રેમ યોગી નિરંતર ભાવે છે. ।।૬૫૯।।

**વિવેચન**—સાચો પૂર્ણ ભગવાન મહાવીરદેવનો ભક્ત એકજ પ્રકારનો નિરંતર વિચાર કરે છે કે હું પરમાત્મા સ્વરૂપમાં કયારે સમાઈ જાઉં. કયારે મારા મનને જગતના સર્વ પુદ્ગલના ભોગથી નિવારૂં અને કયારે મારૂં ચિત્ત પ્રભુના ગુણો પ્રભુના ઉપકારોને વિચારતાં મહાવીર પ્રભુના સ્વરૂપમાં એકાકારભાવને પામે ? તે ભાવનાથી કહે છે, કે **"प्रभु ना मे प्रभु घटमां** (મનમાં) **पधार्या** (પ્રકાશ્યા) **प्रगटी सुखनी खुमारी रे, बुद्धिसागर महावीर लगनी प्रगटी न उतरे उतारी रे, ॐ अर्ह महावीर जिनेश्वर ॥**

## મેં સારૂં કર્યું હોય, કરતો હોઉં કે કરવાનો હોઉં તે સર્વનું વીરચરણમાં સમર્પણ

कृतं करोमि यत्सर्वं, करिष्यामि च भावतः ।
तत्सर्वं प्रेमयोगेन, भूयाद् वीरार्पणं सदा ।।६६०।।

**અર્થ**—મેં જે પૂર્વે કર્યું હોય, હાલમાં કરૂં છું તે અને ભવિષ્યમાં જે કરીશ તે સર્વે ભાવપૂર્વક થનારૂં પ્રેમયોગવડે સદા ભગવાન વીર પ્રભુના ચરણમાં અર્પણ થાવ. ।।૬૬૦।।

विश्वं प्रेममयं भूयात्, तथा श्रीजैनशासनम् ।
सर्वसंघस्य मांगल्यं, भूयात्सर्वत्र सर्वदा ।।६६१।।

**અર્થ**—સર્વ વિશ્વ–જગત્ સદા સર્વદા પ્રેમમય બનો શ્રી જૈનશાસનના પ્રેમથી સર્વ વ્યાપક થાવ, સર્વ ચતુર્વિધ સંઘનું સદા સર્વદા સર્વત્ર મંગલ થાવ. ।।૬૬૧।।

श्रीमहावीरगीतायां, भक्तियोगः प्रदर्शितः ।
तत्र सत्प्रेमतो मुक्ति–र्महावीरेण दर्शिता ।।६६२।।

**અર્થ**—શ્રી મહાવીર ગીતા નામના અધ્યાત્મયોગ ગ્રંથમાં ભક્તિયોગ પ્રકરણ પ્રગટ થયું છે તેમાં સત્ય પ્રેમથી આત્મા મુકિતને મેળવે છે તેમ ભગવંતે ઉપદેશ્યું છે. ।।૬૬૨

**વિવેચન**—પ્રભુશ્રી મહાવીર વીતરાગ ભગવંતે ચતુર્વિધ સંઘને આત્મસ્વરૂપની પ્રાપ્તિનો માર્ગ દેખાડવા માટે જે શુદ્ધ તત્વસ્વરૂપનો ઉપદેશ કર્યો છે તેના સૂકતોના સંગ્રહ રૂપ આપણા પરમપૂજ્ય મહર્ષિ મુનિવરોએ મહાવીર ગીતા રૂપ મહા ગ્રંથરત્ન રચ્યો છે, તેમાં ભકિતયોગ એટલે પરમાત્મ સ્વરૂપની પ્રાપ્તિ પરમાત્માની તથા દેવગુરૂ ધર્મના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંગોની ભક્તિ કેવી રીતે કરવી એટલે કે મન વચન કાયાની ભક્તિનું તન્મયપણું કેવી રીતે પ્રગટ થાય તે સર્વ તેમાં પ્રગટ કર્યું છે સત્ય અનન્ય ભાવમય પ્રેમયોગની પ્રાપ્તિથી ભવ્યાત્મા મોક્ષ પ્રાપ્ત કરી શકે છે તેમ પરમગુરૂ જગતતારક મહાવીર ભગવંતે જણાવ્યું છે "चतुर्वर्गेऽग्रणी मोक्षो, योगस्तस्य कारणम् । ज्ञानश्रद्धानचारित्र,–रूपरत्नत्रयं च सः ॥१॥ જગતના સર્વ પ્રાણિવર્ગ ચાર સાધ્યો સિદ્ધ કરવાની પ્રવૃત્તિવાલા હોય છે કોઇ અર્થને, કોઇ કામને, કોઇ ધર્મને અને કોઇ મોક્ષને સાધ્ય માને છે. કોઇ એ ચારમાંથી કામ કે અર્થને માને, તો કોઇ અર્થ અને ધર્મને માને છે, કોઈ ધર્મને અને મોક્ષને માને છે તો કોઇ ચારેને માને છે કોઇ ત્રણને માને છે એમ જેને જે રૂચે તેમ માને છે. એક મોક્ષ સર્વ પુરૂષાર્થમાં મુખ્ય પુરૂષાર્થ છે તેની પ્રાપ્તિથી સર્વ સુખ પ્રાપ્ત થાય છે માટે ચારમાં મોક્ષ માત્ર એકજ મુખ્ય છે. તે મોક્ષની પ્રાપ્તિ માટે મોક્ષનું ધ્યેય રાખીને ધર્મપુરૂષાર્થ સાધ્ય કરાય છે. ॥૬૬૨॥

## ઉપસંહાર

**मया तदनुसारेण, प्रेमगीता प्रदर्शिता ।**
**महावीरप्रभोः पत्नी–यशोदा प्रेमरूपिणी ॥६६३॥**

**અર્થ**—આ પ્રેમગીતા મેં પૂર્વ પુરૂષના કરેલા ભક્તિયોગને અનુસારે દેખાડી છે તેમાં ભગવાન મહાવીર પરમાત્મા પ્રેમસ્વરૂપ છે તેમની પત્ની યશોદાદેવી પ્રેમરૂપિણી આત્મ પરિણતિ રૂપે જાણવી. ॥૬૬૩॥

**વિવેચન**—પૂ. સદ્ગુરૂ શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી જણાવે છે કે આ પ્રેમગીતા મેં પૂજ્ય પૂર્વ પુરૂષ મહર્ષિઓએ જે ભક્તિયોગ પ્રદર્શિત કર્યો છે તેના અર્થને અનુસારે કરી છે તેમાં આત્મા રૂપ તત્વ પરમાત્મા મહાવીર દેવ સમજવા અને આત્મપરિણતિ રૂપ પરમાત્મ મહાવીર દેવની ધર્મપત્ની શ્રી યશોદાદેવી પ્રેમરૂપિણી સમજવી. જે પ્રેમ ગૃહસ્થ ધર્મરૂપ અને ત્યાગ ધર્મરૂપને પ્રગટભાવે દેખાડવામાં સમર્થ થાય છો ॥૬૬૩॥

**गृहादर्शस्तु लोकाना–मादेयो द्रव्यभावतः ।**
**महावीरस्य मे भूयात्, तथा प्रेमप्रवर्धकः ॥६६४॥**

**અર્થ**—ભગવાન મહાવીર દેવનો ગૃહસ્થ જીવનનો આદર્શ સર્વ લોકોને ગ્રહણ કરવા યોગ્ય દ્રવ્ય અને ભાવથી થાવ અને તેવો શુદ્ધ પ્રેમ મારા માટે પ્રેમનો અત્યંત વધારો કરનારો થાવ. ॥૬૬૪॥

**વિવેચન**—પરમાત્મા શ્રી મહાવીર દેવનું ગૃહસ્થ જીવન બધું કર્મયોગથી શુદ્ધપ્રેમમય પૂર્ણ પવિત્ર હોવાથી જગતના સર્વ સામાન્ય અને વિશેષ ભિન્નભિન્ન પ્રકૃતિના લોકોને પોતાનું સુંદર જીવન ઘડવા માટે આદર્શરૂપ થાય તેમ છે. દ્રવ્યથી બાહ્ય આચારની સુંદર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તાને જીવન આદર્શ પૂર્ણ કરે છે. ભાવથી આત્મપરિણામોની ભક્તિપ્રેમની શુદ્ધતા પરમાત્માના ગૃહસ્થાઇનું ચરિત્ર પણ સારી રીતે પૂર્ણ કરે છે તેથી ભગવાન મહાવીરના દ્રવ્ય ભાવમય ગાર્હસ્થ્ય આદર્શો મારા અંતરપ્રેમની પ્રવૃદ્ધિ કરનારા થાય છે.

**त्यागादर्शमहावीरः, त्यागिनां मोक्षहेतवे ।**
**भूयात् सत्प्रेमयुक्तानां, सर्वकल्याणकारकः ॥६६५॥**

**અર્થ**—ભગવાનને। ત્યાગરૂપ આદર્શ સર્વ ત્યાગીઓને મોક્ષની પ્રાપ્તિમાં પુષ્ટાલંબન હેતુ માટે થાય છે તેમજ સત્ય પ્રેમ યુકત સર્વ ભવ્યાત્માઓના કલ્યાણને। કરનારે। થાય છે. ॥૬૬૫॥

**त्थागादर्शे महावीरे, गौतमस्वामिनश्च मे ।**
**शुद्धप्रेमास्तु लोकानां, सात्विकं शरणं महद् ॥६६६॥**

**અર્થ**—ભગવાન શ્રી મહાવીર દેવના ત્યાગમય આદર્શમાં શ્રી ગૌતમસ્વામિને મને અને સર્વ જગતના લોકોને ઉપજેલો શુદ્ધ પ્રેમ તેજ એક સાત્વિક મહાન શરણ આપે છે. ॥૬૬૬

**जैनानां जैनशास्त्राणां, सद्गुरूणां विशेषतः ।**
**सत्प्रेम पूर्णमोक्षाय, जायते पञ्चमाऽरके ॥६६७॥**

**અર્થ**—સર્વ જૈનો અને જૈન શાસ્ત્રો તથા સદ્‌ગુણવાલા સદ્‌ગુરૂઓ ઉપર સત્ય શુદ્ધ પ્રેમ આ પાચમા આરામાં પણ પૂર્ણ મોક્ષના સુખમય લાભને માટે થાય છે. ॥૬૬૭॥

**तपोभिः संयमैर्जापैः किं फलं जायते कलौ ? ।**
**महावीरप्रभुप्रेम्णा, मोक्षो भवति देहिनाम् ॥६६८॥**

**અર્થ**—તપથી સંયમથી અને જાપથી શું ફલ થાય છે! આ કલિકાલમાં તો એક ભગવાન મહાવીર ભગવંત ઉપર શુદ્ધ પ્રેમ વડેજ મનુષ્યો મોક્ષને પ્રાપ્ત કરે છે. ॥૬૬૮॥

**ॐतत्सत् परमप्रेमिन्! महावीर महाप्रभो! ।**
**सर्वविश्वोपकाराय, भवतु त्वत्पदाम्बुजम् ॥६६९॥**

**અર્થ**—હે પરમસત્ય પરમેશ્વર મહાવીર પ્રભો? તમેજ "ॐ तत् सत्" એ પદને પ્રાપ્ત થયા છો કારણ કે તમારા ચરણ કમલ સર્વ વિશ્વને પરમ ઉપકારક થયેલા છે અને થાય છે. ॥૬૬૯॥

**शमस्तु सर्वलोकानां, जैननशासनरागिणाम् ।**
**कलौ प्रेममयं जैन-शासनं जयतात्सदा ॥६७०॥**

**અર્થ**—સર્વ જગતના લોકો શમ-સમભાવવાલા થાવ, જૈનશાસનના પ્રેમીઓને સમભાવ પ્રગટ થાવ, આ કલિકાલમાં તો આ એકત્વ પ્રેમમય જૈનશાસન સદા જયવંતુ વર્તો. ॥ ૬૭૦ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પ્રેમ ગીતા શામાંથી ઉદ્ભવી.

परंपराप्रवाहेण, प्रेमगीता प्रवर्त्तिता ।
उद्धृता भक्तियोगेन, यशोभद्रेण सूरिणा ॥६७१॥

**અર્થ**—આ પ્રેમગીતા પરંપરાના પ્રવાહથી ચાલતી આવેલી છે તેનો શ્રી યશોભદ્રસૂરીશ્વરજીએ ભક્તિયોગ વડે ઉદ્ધાર કરેલો છે. ॥ ૬૭૧ ॥

**વિવેચન**—આપણા સન્મુખ જે પ્રેમગીતાનું વિવેચન કરાય છે તે પ્રેમગીતા આજકાલની ઉપજી છે એમ માનવાનું નથી એ તો ભગવાન શ્રી મહાવીર દેવના શ્રીમુખે ભવ્યાત્માના ઉદ્ધાર માટે ઉપદેશ કરાયેલી છે તેના સૂક્તો સર્વ આગમોમાં ગુંથાયેલાં છે તે પરંપરાએ એટલે સુધર્મ સ્વામિના શિષ્ય પ્રશિષ્યની પરંપરાએ ગવાતી આવેલી છે તેનો ઉદ્ધાર શ્રીમાન જૈનાચાર્ય સર્વ શાસ્ત્ર સમુદ્રપારંગત ભગવાન્ શ્રી યશોભદ્રસૂરીશ્વરજીએ ભક્તિયોગમાં પ્રેમભક્તિ પ્રકરણ રૂપે ઉદ્ધાર કર્યો હતો તે અર્થરૂપે છે. ॥૬૭૧॥

परंपरोद्धृता भूयात्, सर्वत्र पञ्चमाऽरके ।
भक्तियोगस्य सद्बोध-दायिनी मुक्तिवाहिनी ॥६७२॥

**અર્થ**—ભક્તિયોગનો બોધ કરનારી, મુક્તિની વહન કરનારી, પરોપકારથી ઉદ્ધાર પામેલી આ પ્રેમગીતા પાંચમા આરામાં સર્વત્ર વિજયવંતી વર્તો. ॥૬૭૨॥

गृहत्यागदशापूर्ण-महावीरयशोदयोः ।
निष्कामप्रेमयोगोऽस्तु, लोकानां शरणं सदा ॥६७३॥

**અર્થ**—ભગવાન શ્રી મહાવીર તથા યશોદા દેવીનો ગૃહ સંસાર અને ત્યાગ દશાપૂર્ણ જે નિષ્કામ પ્રેમયોગ સર્વ જગતના લોકોને આદર્શ રૂપે શરણ આપનારો સદા થાવ. ॥ ૬૭૩ ॥

नेत्र द्वीप रस क्षोणी- १९७२ प्रमिते वैक्रमे शुभे ।
वत्सरे श्रावणे शुक्र-पञ्चम्यां भृगुवासरे ॥६७४॥

विद्यापुरीयसंघेन, प्रार्थितेन महर्षिणा ।
चतुर्मासस्थितिं तत्र-विधाय सुसमाधिना ॥६७५॥

प्रेमगीता सुगीतेयं, बुद्धिसागरसूरिणा ।
लोकत्रयी पठित्वेमां, नन्दतात्सुचिरं भुवि ॥६७६॥

**અર્થ**—ઓગણીસસો બ્હોંતેરના વિક્રમ સંવચ્છરે શ્રાવણ માસના શુકલ પક્ષમાં પાંચમ અને મંગલવારે વિજાપુરના શ્રી સંઘના અત્યંત આગ્રહપૂર્વક પ્રાર્થના કરવાથી અનેક મહર્ષિ મુનિવરોની સાથે ચોમાસાની સ્થિરતા કરીને સારી રીતે સમાધિ વડે ધર્મ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધ્યાન કરીને વસતા છતા સર્વ વિજાપુરના શ્રાવક શ્રાવિકારૂપ સંઘને ધર્મપ્રવૃત્તિ કરાવતાં આનંદ પ્રવર્તાવ્યો અને આ પ્રેમગીતા સારી રીતે ગાવા યોગ્ય ભણવા યોગ્ય શ્રીમાન્ જૈનાચાર્ય સર્વ શાસ્ત્રવિશારદ યોગનિષ્ઠ અધ્યાત્મજ્ઞાનદિવાકર શ્રીમાન્ બુદ્ધિસાગરસૂરિશ્વરે રચી તેના વડે ત્રણુ જગતના ભવ્ય આત્માઓ ઘણા કાલ સુધી આ પ્રેમયોગ ભૂમિમાં–આત્મસમાધિમાં આવીને સર્વ લોકો આનંદનો અનુભવ કરો. ॥૬૭૪–૬૭૫–૬૭૬॥

यावद्भूमण्डलं धत्ते, यावच्चन्द्रदिवाकरौ ।
तावदुल्लासतामेतु, प्रेमगीतेयमुत्कटा ॥६७७॥

**અર્થ**—જ્યાં સુધી આ ભૂમંડલ ધારણ કરાયું છે જ્યાં સુધી ચંદ્ર અને દિવાકર પ્રકાશ કરી રહ્યા છે ત્યાં સુધી આ પ્રેમગીતા સર્વ લોકોને ઉત્કૃષ્ટ ઉલ્લાસ આપનારી થાવ. ॥ ૬૭૭ ॥

अध्यात्मरसनिर्भिन्ना, प्रेमगीतेयमद्भुता ।
प्रेमिणां प्रेमतो धेया, यादृक्तादृक् जनस्य नो ॥६७८॥

**અર્થ**—આ પ્રેમગીતા અધ્યાત્મ રસથી ભરપુર અને અત્યંત અદ્ભૂતતાવાલી છે તે પ્રેમીજનોને અવશ્ય પ્રેમથી આપવા યોગ્ય છે. પરંતુ જેવા તેવા માણસોને તો આપવા યોગ્ય નથીજ. ॥૬૭૮॥

छद्मस्थत्वात्प्रमादाद्वा, काऽपि दोषस्य संगतिः ।
दृश्यते मतिमद्भिश्चेत्–क्षन्तव्यं कृपया मयि ॥६७९॥

**અર્થ**—આ પ્રેમગીતામાં છદ્મસ્થપણાને લઇને કે પ્રમાદને લઇને જે કાંઇપણ દોષનો સંભવ રહ્યો હોય તેને બુદ્ધિમાન વિદ્વાનોએ મારા ઉપર કૃપા લાવીને ક્ષમા કરવી. ॥૬૭૯॥

**વિવેચન**—ગ્રન્થકાર પ. પૂ. ગુરૂદેવ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ જણાવે છે કે આ પ્રેમગીતા મેં શાસ્ત્રો અને અનુભવ બન્ને દ્વારા તૈયાર કરી છે. આમ છતાં હું છદ્મસ્થ જીવ છું તેથી મતિદોષથી મારી સ્ખલના થાય તે સ્વાભાવિક છે તેમજ પ્રમાદને લઇને પણ કેટલીક ભૂલો રહેવા પામી હોય તેને વિદ્વાનો ઉદાર દીલ રાખી ક્ષમા કરશે. તેની શુદ્ધિ કરશો. ॥૬૭૯॥

मङ्गलं भगवान् वीरो–मङ्गलं गौतमप्रभुः ।
नैगमाद्यैर्नयैः सर्वै–र्जैनधर्मोऽस्तु मङ्गलम् ॥६८०॥

**અર્થ**—ભગવાન મહાવીર પરમાત્મા મંગળરૂપ છે, લબ્ધિનિધાન ગૌતમસ્વામી મહારાજ મંગલરૂપ છે, નૈગમ સંગ્રહ વિગેરે નયો પ્રમાણોથી યુક્તિયુક્ત જૈનધર્મ મંગલરૂપ હો. ॥૬૮૦॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सर्वमङ्गलमाङ्गल्यं, सर्वकल्याणकारणम् ।
प्रधानं सर्वधर्माणां, जैनं जयतु शासनम् ॥६८१॥

**અર્થ**—સર્વ મંગલમાં માંગલિક સર્વ કલ્યાણનું કારણ સર્વ ધર્મોમાં પ્રધાન શાસન જૈનશાસન જયવંતુ વર્તો. ॥६८१॥

## प्रशस्तिः

श्रीमच्छासनमद्भूतं, समभवच्छ्रीमन् महावीरतः ।
तस्मिन् पादप इष्टसिद्धिफलदः, श्रीमान् तपागच्छकः ॥
यः शाखाभिरतीव शान्तिजनकः ख्यातोऽस्ति विख्यातिभि-
र्यस्य स्वादुफलान्यतीव सुभगान्यास्वाद्य धर्मप्रियः ॥ १ ॥

तदीयसच्छासनभारवोढा, श्रीहीरसूरिः क्रमतः प्रभावी ।
प्रबोधितो येन महाधिराजा, श्रीजैनधर्मार्थनिरूपणेन ॥ २ ॥

तदीयपट्टे च परंपरातो, वैराग्यसंगी मुनिनेमसागरः ।
योऽनेकजीवान्प्रतिबोध्य भव्यानाचारचंचुर्व्यचरज्जनेषु ॥ ३ ॥

तत्पट्टपूर्वाचलभानुभास्वरः, सम्यक्क्रियाज्ञानप्रचारलक्षः ।
कक्षीकृतात्मोन्नतिमुख्यमार्गो, जीतान्तरारी रविसागरोऽभूत् ॥ ४ ॥

तत्पट्टपंकेरुहषट्पदश्रियं, बभार भव्यां सुखसागरसुधीः ।
चारित्रचूडामणिः शुद्धभावतः, सम्यक्त्वबोधप्रथनैकतत्परः ॥ ५ ॥

तदीयपट्टाम्बरभानुमाली, परः शतग्रन्थविधानदक्षः ।
योगिप्रधानः श्रुतधर्मनिष्ठः कृतावधानः शुभतत्त्वराशौ ॥ ६ ॥

विशुद्धभावोऽजनि बुद्धिसागरः, सूरीश्वरो बुद्धिनिधानमुख्यः ।
पीयूषतुल्यानि वचांसि यस्य, निपीय सन्तोषमियाय भव्यः ॥ ७ ॥

तत्पट्टलक्ष्मीं रुचिरां द्वितीयो, बुद्धयब्धिसूरीन्द्रपदाब्जसेवी ।
दधाति शिष्यस्वयमृद्धिसागरः, सूरीश्वरः शास्त्रविदां वरेण्यः ॥ ८ ॥

श्री प्रेमगीताख्ये शास्त्रे, आत्मबोधकृते मुदा ।
प्रणीता विवृतिर्बुद्धिप्रकाशाख्या सतां मुदे ॥ ९ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શુદ્ધિપત્રક.

| અશુદ્ધિ | શુદ્ધિ | પૃષ્ઠ | લીંટી |
|---|---|---|---|
| सर्वभाव व | सर्वभावा व | १ | ६ |
| पार्श्वे | पार्श्वेऽपि | ५ | २२ |
| જ્ઞાનાદિ | અનાદિ | ૫ | ૨૩ |
| સુર્વ | સર્વ | ૬ | ૧ |
| આ-મભાવનું | આત્મભાવનું | ૬ | ૧૮ |
| સયમ | સંયમ | ૭ | ૧૯ |
| વિતરાગ | વીતરાગ | ૭ | ૨૦ |
| અનંદમય | આનંદમય | ૧૦ | ૨૧ |
| થાય | થાય? | ૧૨ | ૨૭ |
| પ્રેમ | શુદ્ધપ્રેમ | ૧૪ | ૨૪ |
| એકત્વભીવે | એકત્વભાવે | ૧૫ | ૨૫ |
| ચેતનના | ચેતનાના | ૧૬ | ૯ |
| ધર્મ | ધર્મસ્વરૂપ | ૧૬ | ૨૩ |
| शुद्धात्मा | शुद्धात्माहि | १६ | २९ |
| પુર્વન | પૂર્વકાલિન | ૧૮ | ૩૦ |
| ધ્યાના | ધ્યાતા | ૨૪ | ૬ |
| આપી | પામી | ૨૪ | ૧૬ |
| आचरमाग्र | आचरणमा | २८ | १७ |
| शिखागाय | शिखाग्रा | २८ | १७ |
| "बुबुज्झज्झ | "बुज्झ बुज्झ | ३२ | २५ |
| આત્મ | આત્મા | ૩૬ | ૧ |
| અકલ્પ | સંકલ્પ | ૩૬ | ૫ |
| ભવ્યાત્માઓના | ભવ્યાત્માઓને | ૪૧ | ૨૦ |
| માડે | માટે | ૪૧ | ૨૫ |
| પ્રમથી | પ્રેમથી | ૪૧ | ૨૭ |
| મત | મન | ૪૫ | ૯ |
| નમી | નથી | ૪૬ | ૨૨ |
| વાસના | વાસના છે | ૫૨ | ૭ |
| શમૃદ્ધિ | સમૃદ્ધિ | ૫૨ | ૨૧ |
| ભાહ્યભોગમાં | બાહ્યભોગમાં | ૫૨ | ૨૮ |
| જંતરંગ | જલતરંગ | ૫૩ | ૨૭ |
| પરમાત્મામાં | પર આત્મામાં | ૫૪ | ૧૧ |
| રહેલા | રહેલા દોષોને | ૫૫ | ૨૭ |
| નિમિત્તા | નિમિત્ત–કારણો | ૬૫ | ૧૨ |
| એક | એક પ્રકારની | ૬૫ | ૧૭ |
| ભાવતા | ભાવના વંદન માટે | ૭૦ | ૩૧ |
| ાવભાવિક | વિભાવિક | ૭૧ | ૨૧ |
| તરતમ્ય | તારતમ્ય | ૭૬ | ૩૧ |
| સુચનો | સુખનો | ૭૯ | ૨૨ |
| ધર્યનું | ધર્મનું | ૮૦ | ૧૨ |
| આત્મરમણ | આત્મસમર્પણ | ૮૦ | ૨૩ |
| વાસલ્યતાથી | વાત્સલ્યતાથી | ૯૧ | ૫ |
| પ્રમથી | પ્રેમથી | ૯૧ | ૧૪ |
| મૈત્રીભાય | મૈત્રીભાવ | ૯૪ | ૨૩ |
| રોગદ્વેષ | રાગદ્વેષ | ૯૫ | ૫ |
| નિર્દોષ | નિર્દોષભાસે | ૯૬ | ૨૬ |
| હ્રદયકલમાં | નાભિકમળમાં | ૯૭ | ૨૧ |
| ધ્યાન | ધ્યેય | ૧૦૮ | ૧૨ |
| અભાવ | અભેદ | ૧૦૮ | ૧૪ |
| पुनर्ममहाप्रेम्णा | पुनर्महाप्रेम्णा | ११० | २ |
| પ્રત્યેક્ષ | પ્રત્યક્ષ | ૧૧૦ | ૩૦ |
| વિતરાગ | વીતરાગ | ૧૧૪ | ૯ |
| सवरेहिं | संवरेहिं | ११४ | २० |
| એકત્વ | એકત્વભાવે | ૧૧૫ | ૧૭ |
| સન્ય | સત્ય | ૧૨૧ | ૬ |
| પ્રાપ્તિથી | શક્તિથી | ૧૨૩ | ૧૮ |
| ક્ષયોપશમ | ક્ષયોપશમભાવે | ૧૨૬ | ૧૫ |
| મનકદાગ્ર | મતકદાગ્ર | ૧૨૮ | ૨૦ |

For Private And Personal Use Only

| અશુદ્ધિ | શુદ્ધિ | પૃષ્ઠ | લીંટી |
|---|---|---|---|
| જે | જે છ ખુણાવાળું | ૧૨૮ | ૨૨ |
| એકરસિક | એકાંતરસિક | ૧૨૮ | ૨૩ |
| ल, ट, | झ, ञ. ट, | १२९ | २९ |
| અવશ્થ | અવશ્ય | ૧૪૧ | ૨૪ |
| सत्े म्णा | सत्प्रेम्णा | १४२ | ३८ |
| બ્રહ્મપ્રમમે | બ્રહ્મપ્રેમને | ૧૪૩ | ૨૦ |
| पीयतनं | पीयंताणं | १४४ | २ |
| અપેભવે | આભવે અનુભવે | ૧૪૪ | ૧૭ |
| વૃદ્ધિભાવ | ગૃદ્ધિભાવ | ૧૪૬ | ૧૧ |
| સર્પ | સર્પના ડંશ | ૧૪૬ | ૧૨ |
| श्रीन्देही | श्रीन्देहिदेह | १४८ | १७ |
| વિવેચનુ | વિવેચન | ૧૪૯ | ૧૯ |
| શ્વોન્સ્સોશ્વાસમાં | શ્વાસોશ્વાસમાં | ૧૪૯ | ૨૮ |
| સમ્યગજ્ઞાન | સમ્યગ્જ્ઞાન | ૧૫૦ | ૧૭ |
| निन्दषु | निन्दिषु | १५१ | १८ |
| सह्मते | सह्यते | १५२ | १० |
| અદ્રૈતભાથે | અદ્વૈતભાવે | ૧૫૨ | ૨૯ |
| કેવળબ્રહ્મ | કેવલબ્રહ્મ | ૧૫૪ | ૧૬ |
| અને | અનેકંસાયંસાદિ | ૧૫૭ | ૧૩ |
| भवेन्नदि | भवेद्हृदि | १५७ | १६ |
| યાગે | યોગે | ૧૬૧ | ૧ |
| वागू | वाग् | १६१ | ३१ |
| बोघत | बोधतः | १६३ | २४ |
| सग्नं | लग्नं | १६८ | ९ |
| ेमयोगतः | प्रेमयोगतः | १६८ | १५ |
| રાજશ | રાજસાદિક | ૧૬૯ | ૭ |
| આમત | તામસ | ૧૬૯ | ૩૦ |
| વિથરે | વિગેરે | ૧૭૦ | ૩ |

| અશુદ્ધિ | શુદ્ધિ | પૃષ્ઠ | લીંટી |
|---|---|---|---|
| અત્મ | આત્મ | ૧૭૧ | ૨૫ |
| તત્વમસિ | તત્ત્વમસિ | ૧૭૫ | ૩૦ |
| વ્યક્ત અવસ્થામાં પ્રેમ વ્યક્ત પ્રગટે છે. | અવ્યક્ત અવસ્થામાં અવ્યક્ત પ્રેમ પ્રગટે છે. | ૧૭૬ | ૯ |
| યવત્ | યાવત્ | ૧૮૨ | ૨૯ |
| જાઇ | જોઇ | ૧૮૪ | ૨૦ |
| ઇષ્ટ કામોર્મા | ઇષ્ટ કામોમાં | ૧૮૫ | ૧૨ |
| તેને | તેવો | ૧૯૩ | ૨૨ |
| કરાવે | કરે અને કરાવે | ૧૯૩ | ૨૪ |
| सवदोषाणां | सर्वदोषाणा | १९४ | २४ |
| दुर्भोचम् | दुर्मोचम् | १९४ | २९ |
| લાગે છે | ભોગ્ય લાગતા હતા | ૧૯૬ | ૧૩ |
| ચોવિસ | ચોંત્રિસ | ૨૦૦ | ૯ |
| અવરણરૂપ | આવરણરૂપ | ૨૦૨ | ૩૧ |
| ભાવમૃત | ભાવામૃત | ૨૦૪ | ૨૮ |
| यस्वैकता | यस्यैकतां | २०९ | १५ |
| दीपकावेवस्तत: | जीपकवेववस्तुत: | २१२ | २३ |
| दन्तर्यांभी | दन्तयामी | २१४ | २ |
| बोन्नत | बोधतः | २१७ | १ |
| અશક્તિ | આસક્તિ | ૨૧૮ | ૮ |
| મરમાત્માના | પરમાત્માના | ૨૧૯ | ૧૨ |
| જીતવાની | અંતરંગ શત્રુને જીતવાનો | ૨૩૧ | ૧૧ |
| જેનશાસનરૂપ | જૈનશાસનરૂપ | ૨૩૮ | ૨૨ |
| હોમ | હોમ–ત્યાગ | ૨૪૦ | ૧૨ |
| बिभ्रु | विभ्रुः | २४४ | १९ |
| સગ્ય | સત્ય | ૨૪૫ | ૬ |
| સુખથી | સહેલાઇથી | ૨૪૫ | ૧૦ |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## પરમપૂજ્ય આચાર્યદેવ ઋદ્ધિસાગરસૂરિપ્રણીત

## પ્રકાશિત ગ્રંથો

卐

યોગબિન્દુપ્રકરણ
[ બુદ્ધિસાગર વિવરણ સહિત ]
૫—૦—૦

સપ્તતિ શતસ્થાનક પ્રકરણ
[ ગુજરાતી વિવરણ સહિત ]
૧—૦—૦

યોગાનુભવ સુખસાગર
અને
યોગવિંશિકા
[ ગુજરાતી વિવરણ સહિત ]
૧—૪—૦

## પ્રાપ્તિસ્થાન

૧ વિજાપુર બુદ્ધિસાગર જૈન જ્ઞાન મંદિર
વિજાપુર

૨ પેથાપુર જૈન બુદ્ધિસાગર સમાજ
સ્ટે. રાંધેજા, પેથાપુર

૩ પં. મફતલાલ ઝવેરચંદ
ખેતરપાળની પોળ, અમદાવાદ

૪ સરસ્વતી પુસ્તક ભંડાર
રતનપોળ, હાથીખાના, અમદાવાદ

૫ માસ્તર નગીનદાસ નેમચંદ
ડોશીવાડાની પોળ, અમદાવાદ

For Private And Personal Use Only